માનવવિકાસ ચક્ર

(The Human Cycle)

શ્રી અરવિંદ

શ્રી અરવિન્દ આશ્રમ
પોંડિચેરી

અનુવાદક

સુન્દરમ્
હરસિદ્ધ જોશી

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૨—૧૯૭૨

પ્રથમ સંસ્કરણ ૧૯૭૨
ફરીથી છાપી: ઑગસ્ટ ૧૯૯૫

પ્રકાશક: શ્રી અરવિન્દ આશ્રમ પબ્લિકેશન ડિપાર્ટમેન્ટ, પૉંડિચેરી-૬૦૫૦૦૧
મુદ્રક: શ્રી અરવિન્દ આશ્રમ પ્રેસ, પૉંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકરણ		પૃષ્ઠ
૧	સમાજનું ચક્ર	૧
૨	તર્ક અને વ્યક્તિવાદી યુગ	૧૧
૩	આત્મલક્ષી યુગનું આગમન	૨૧
૪	રાષ્ટ્ર-આત્માની શોધ	૨૯
૫	યથાર્થ અને અયથાર્થ આત્મલક્ષીવાદ	૩૭
૬	જીવનનાં આત્મલક્ષી અને વસ્તુલક્ષી દૃષ્ટિબિંદુઓ	૪૮
૭	સામાજિક વિકાસનો આદર્શ નિયમ	૫૫
૮	સંસ્કૃતિ અને બર્બરતા	૬૯
૯	સંસ્કૃતિ અને સંસ્કારિતા	૮૧
૧૦	સંસ્કારિતા—આનંદલક્ષી અને નીતિપ્રધાન	૯૬
૧૧	જીવનના નિયામક તરીકે તર્ક	૧૧૦
૧૨	તર્કની મર્યાદાઓ અને તેનું પદસ્થાન	૧૨૨
૧૩	તર્ક અને ધર્મ	૧૩૨
૧૪	તર્કાતીત સૌન્દર્ય	૧૪૪
૧૫	તર્કાતીત શુભ	૧૫૪
૧૬	જીવનનું તર્કાતીત અંતિમ ધ્યેય	૧૬૪
૧૭	જીવનના નિયમ તરીકે ધર્મ	૧૮૨
૧૮	ચક્રનો નિમ્ન તાર્કિક યુગ	૧૯૨
૧૯	તાર્કિક યુગની રેખા	૨૦૨
૨૦	તાર્કિક રેખાનો અંત	૨૧૮
૨૧	આધ્યાત્મિક જીવન અને ધ્યેય	૨૩૨
૨૨	આધ્યાત્મિક રૂપાંતરની આવશ્યકતા	૨૪૨
૨૩	આધ્યાત્મિક યુગના આગમન માટેની શરતો	૨૬૩
૨૪	આધ્યાત્મિક યુગનું આગમન અને પ્રગતિ	૨૮૫

પરિશિષ્ટ

મનુષ્ય શું ગુલામ છે કે સ્વતંત્ર ?	૩૦૧
વ્યકિતની મહાનતા	૩૦૬
સમર્પણનો સિદ્ધાંત	૩૧૦
સત્તા જે ઉત્કર્ષ સાધે છે	૩૧૫
ફ્રેન્ચ ક્રાંતિ	૩૨૧
નેપોલીઅન	૩૨૭
કોઈ પણ વૈકલ્પિક સંયોગમાં	૩૩૩
આપણો આદર્શ	૩૩૭
સંરક્ષણ અને પ્રગતિ	૩૪૫
રૂઢિચુસ્ત મન અને પૂર્વીય પ્રગતિ	૩૫૧
આદર્શો વિષે	૩૫૮

લેખકની નોંધ

(૧૯૪૯ની અંગ્રેજી આવૃત્તિ)

આ ગ્રન્થનાં પ્રકરણો 'સામાજિક વિકાસનું મનોવિજ્ઞાન' (The Psychology of Social Development) શિર્ષક નીચે ઑગસ્ટ ૧૯૧૬થી જુલાઈ ૧૯૧૮ સુધી તત્ત્વજ્ઞાનના માસિક 'આર્ય' માટે પ્રતિમાસ લખાયાં હતાં અને એ પૃષ્ઠોમાં સામાજિક ઉત્ક્રાંતિનો સિદ્ધાંત સમજાવવા તે સમયના તાજા અને સમકાલીન પ્રસંગોનો તેમજ ભૂતકાળના ઇતિહાસમાંથી દૃષ્ટાંતોનો ઉપયોગ કર્યો હતો. આથી વાચકે જે વિચારશ્રેણી અને વાતાવરણમાં એનો વિકાસ થયો તે સમજવા માટે તે સમયના બનાવોનો અભ્યાસ કરવો જરૂરી છે. અને એક સમયે એ ભાગને, ખાસ કરીને નાઝી-જર્મનીમાં પાછળથી બનેલા બનાવો અને રશિયામાં વિકાસ પામેલી એકલક્ષ્ય સામ્યવાદી સત્તા વિષે કંઈક ઉલ્લેખ કરી, અદ્યતન કરવાની જરૂર જણાઈ હતી. પરંતુ પછીથી એમ લાગ્યું કે આ બનાવો અંગે પૂરતું પૂર્વ-જ્ઞાન હતું અને તેનો અપરોક્ષ ઉલ્લેખ થયો હતો અને વધુ વિગતવાર વર્ણનની કે મીમાંસાની આવશ્યકતા નહોતી; એ વિના પણ સામાજિક વિકાસચક્રનો આ સિદ્ધાંત સારી રીતે અને સ્પષ્ટતાપૂર્વક પ્રતિપાદિત થઈ જતો હતો.

નવેમ્બર · ૧૯૪૯

પ્રકાશકની નોંધ

આ ગ્રન્થ, 'માનવવિકાસ ચક્ર' (The Human Cycle)ના પરિશિષ્ટમાં શ્રી અરવિંદે 'કર્મયોગિન્' માટે, જૂન ૧૯૦૯થી માર્ચ ૧૯૧૦ સુધીમાં લખેલા કેટલાક પ્રગટ તથા અપ્રગટ લેખોનો તેમજ 'આર્ય' માસિકમાં ઑગસ્ટ ૧૯૧૫ થી ઑગસ્ટ ૧૯૧૬ સુધીમાં પ્રગટ કરેલા લેખોમાંથી ચારનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિષય સૂચિ પરિશિષ્ટમાં આપેલી છે.

માનવવિકાસ ચક્ર

પ્રકરણ પહેલું

સમાજનું ચક્ર

મન અને આત્મા વિષેના અભ્યાસમાં કે પછી માનવ અને પ્રાણી જગતમાં પ્રકૃતિમાં કાર્ય અંગેના અભ્યાસમાં સામાન્ય રીતે માનસશાસ્ત્રનું જ્ઞાન ભૌતિક-શાસ્ત્રના જ્ઞાન જેટલું જ અગત્ય ધરાવે છે. છતાં આધુનિક ભૌતિકશાસ્ત્ર પોતાની ભૌતિક સિદ્ધિઓથી એટલું અંજાઈ ગયું છે, અને આ જગત એ માત્ર જડ તત્ત્વમય જ છે એવા વિચારની તેના પર એવી પકડ છે કે તે આત્મા અને મન જેવા વિષયોમાં પણ ભૌતિક પ્રદત્તો પર જ પોતાના અભ્યાસને આધારિત કરવાનો લાંબા સમયથી પ્રયાસ આદર્યો છે. તેનું માનસશાસ્ત્ર જ શરીરશાસ્ત્ર, મગજ અને મજ્જાકીય સંસ્થાના વિચ્છેદન પર આશ્રિત છે. તેથી ઇતિહાસ અને સમાજશાસ્ત્રે બાહ્ય પ્રદત્તો, ધારાઓ, સંસ્થાઓ, ક્રિયાકાંડો, રૂઢિઓ, આર્થિક ઘટકો અને તેના વિકાસ પર ધ્યાન આપ્યું ત્યારે મનુષ્ય જેવા સંવેગ-શીલ, માનસિક અને વિચારણાની તત્ત્વની પ્રવૃત્તિઓમાં મહત્ત્વના એવા ઊંડા મનોવૈજ્ઞાનિક ઘટકોની ખૂબ જ અવગણના કરી છે એ આશ્ચર્ય પામવા જેવું નથી. આ પ્રકારનું વિજ્ઞાન આર્થિક જરૂરિયાતને તેના વ્યાપક સંદર્ભ અને અર્થમાં સમજીને ઇતિહાસ તથા સામાજિક વિકાસને આર્થિક જરૂરિયાત અને હેતુનાં પરિબળોની સહાયથી શક્ય એવું બધું સમજાવશે. અચૂકપણે એવા ઇતિહાસકારો છે જે માનવસંસ્થાઓના વિકાસમાં ચિંતકની અસર અને વિચારના કાર્યનું ગૌણ મૂલ્ય આંકે અથવા તદ્દન નકારી પણ કાઢે. અહુ અનુમાન કરાય છે કે ફ્રેંચ ક્રાંતિ એ રૂસો અને વોલ્ટાયરે કદી ન લખ્યું હોત અને વૈચારિક જગતમાં અઢારમી સદીની તાત્ત્વિક પ્રવૃત્તિએ નવીન અને નિર્ભીક ચિંતન ન કર્યું હોત તો પણ આર્થિક જરૂરિયાતોથી એ જે રીતે બનવા પામ્યા એમ થઈ શકી હોત

આમ છતાં તાજેતરમાં મન અને આત્માને સમજાવવા ભૌતિક તત્ત્વની સર્વો-પરિતા અંગે શંકા સેવાવા લાગી છે અને જો કે કેટલાક પ્રારંભિક અને વિષમ અવરોધોથી વધુ આગળ એ પ્રવૃત્તિ જઈ શકી નથી, છતાં ભૌતિકશાસ્ત્રના ઘેરા દબાણમાંથી તેની મુક્તિનો આરંભ થઈ ચૂક્યો છે. હજુ તો એવી એક સમજનો

આરંભ થયો છે કે સામાજિક, ઐતિહાસિક વિકાસ અને આર્થિક હેતુઓની પાછળ સૂક્ષ્મ મનોવૈજ્ઞાનિક અને ક્વચિત્ ચૈતસિક ઘટકો રહ્યા છે. અને પ્રથમ વિશ્વયુદ્ધનું જર્મની, જે ભૌતિકવાદ અને બુદ્ધિવાદનું કેન્દ્રસ્થાન જ નહિ પરંતુ દોઢ સદી સુધી કલ્યાણકારી અને વિનાશક, શુભ તથા અશુભ એવા અભિનવ ચિંતન અને મૌલિક વિચારસરણીઓના ઘરસમા દેશમાં સૌપ્રથમ ઇતિહાસનો મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત મૌલિક બુદ્ધિપ્રતિભા દ્વારા વિચારાયો અને રજૂ કરવામાં આવ્યો. નવા ક્ષેત્રમાં પ્રારંભિક પ્રયાસો ભાગ્યે જ પૂર્ણ રીતે સફળ થતા હોય છે; અને આ સિદ્ધાંતના પ્રણેતા જર્મન ઇતિહાસકારે તેજસ્વી વિચારને ગ્રહણ કર્યો પરંતુ તેનું ઊંડું ચિંતન કરી તેમાં વધુ ખેડાણ કરી શક્યા નહિ. એ હજુ આર્થિક ઘટકના વધુ પડતા અગત્યથી ઘેરાયેલા હતા અને તેમના સિદ્ધાંતે યુરોપના પ્રચલિત વિજ્ઞાનની જેમ બનાવોને સમજાવવા કરતાં તેમને વધુ સફળદાયક રીતે સંબંધિત, વ્યવસ્થિત અને વર્ગીકૃત કર્યા. આમ છતાં તેના મૂળભૂત વિચારે તેજસ્વી અને સૂચનક્ષમ સત્યની રચના કરી અને વિશેષ કરીને પૌર્વાત્ય વિચાર અને અનુભવના પ્રકાશમાં તે જે સૂચનોને પ્રગટ કરે છે તેને અનુસરવાલાયક છે.

સિદ્ધાંતકાર લેમ્પ્રેશ્ટ સામાન્ય રીતે યુરોપના અને વિશેષે જર્મનીના ઇતિહાસ પર પોતાના સિદ્ધાંતને આધારિત કરે છે. માનવસમાજ એ નિશ્ચિત મનોવૈજ્ઞાનિક તબક્કાઓ દ્વારા આગેકૂચ કરે છે એમ એ ધારે છે અને એ તેમને અનુક્રમે પ્રતીકાત્મક, સ્વભાવલક્ષી, રૂઢિગત, વ્યક્તિગત અને આત્મલક્ષી એવાં નામો અભિધેયિત કરે છે. આ વિકાસ મનોવૈજ્ઞાનિક ચક્ર જે દ્વારા રાષ્ટ્ર કે સંસ્કૃતિને આગળ ધપવું અવશ્ય જણાય છે તેનું આલેખન કરે છે. દેખીતી રીતે આવાં વર્ગીકરણો કુદરતના અટપટા વળાંકો અને વર્તુળોની જગ્યાએ માનસિક સીધી લીટીની ચુસ્તતા દર્શાવવામાં ભૂલ કરી નાખે એવો સંભવ છે. મનુષ્ય અને તેના સમાજનું મનોવિજ્ઞાન અને તેના આંતરમિશ્રિત વલણોનું વૈવિધ્ય એટલું જટિલ અને સંઘટ્ટિત છે કે તેનું સ્વરૂપલક્ષી અને ચુસ્ત પૃથક્કરણ સંતોષકારક માલૂમ પડે નહિ. મનોવૈજ્ઞાનિક ચક્રનો આ સિદ્ધાંત માનવસમાજ કયા ધ્યેય તરફ આગળ ધપી રહ્યો છે અથવા ઉત્તરોત્તર જણાતા તબક્કાઓનો ગર્ભિત અર્થ કે તેમના ક્રમિકપણાની આવશ્યકતા અંગે આપણને કશું જણાવતો નથી. પરંતુ મન કે જડ તત્ત્વના નૈસર્ગિક નિયમો સમજવા માટે તેમનાં સંશોધનક્ષમ ઘટકો, મુખ્ય પરિબળો અને પ્રધાનવર્તી અંગો વાસ્તવમાં એકાંગીપણે ન જોવાય છતાં તેમનાં કાર્યોનું પૃથક્કરણ કરવું જરૂરી છે. પાશ્ચાત્ય ચિંતકના પોતાના અર્થઘટનની યોગ્યતા કે અયોગ્યતા તેમના વિચાર પર છોડું છું. પરંતુ તેમણે જે સૂચક નામ આપણને આપ્યાં છે તેમનો ભાવાર્થ અને તેમનું મૂલ્ય તપાસીએ તો આપણી ઐતિહાસિક ઉત્ક્રાંતિના છૂપા રહસ્યના સ્થૂળ પડદા પર

થોડો પ્રકાશ પડશે અને આ દિશામાં શોધખોળ કરવી અત્યંત ઉપયોગી નીવડશે.

માનવસમાજના આપણને જણાતા પ્રથમ આરંભના તબક્કાઓને જ્યારે આપણે ઝડપીએ છીએ, પછી એ પ્રજા વધુ સુધરેલી હોય કે જંગલી, આર્થિક દૃષ્ટિએ વિકસિત કે પછાત હોય પરંતુ નિઃશંકપણે એમની રૂઢિઓ, સંસ્થાઓ અને એમના ખ્યાલને નિયંત્રિત કરતું કે છેક તેમાં પથરાયેલું પ્રબળ પ્રતીકાત્મક મનોવલણ જોઈ શકીએ છીએ. પ્રતીકાત્મક, પરંતુ કોનું? આપણને જણાય છે કે આ સામાજિક તબક્કો હમેશ ધાર્મિક છે અને તે એના ધર્મમાં સક્રિયપણે કાલ્પનિક છે. કારણ કે પ્રતીકવાદ અને વ્યાપક કાલ્પનિક કે સાહજિક ધાર્મિક લાગણીને નૈસર્ગિક સમીપતા રહી છે. અને ખાસ કરીને આદિ અને પ્રાચીન રચનાઓમાં એ હમેશ સાથે રહ્યાં છે. જ્યારે મનુષ્ય મુખ્યત્વે બૌદ્ધિક, સંશયાત્મક અને તાર્કિક બનવાની શરૂઆત કરે છે ત્યારે વ્યકિતપ્રધાન સમાજની એ તૈયારી કરે છે અને પ્રતીકોનો તથા પ્રણાલિકાઓનો યુગ લુપ્તપ્રાયઃ થાય છે અથવા તેમનું મૂલ્ય અદૃશ્ય થાય છે. ત્યારે પોતાનાં અંતરતમ તત્ત્વ, જીવન અને કાર્યની ભૂમિકારૂપે મનુષ્યને પ્રતીકનું ભાન થાય છે. દિવ્ય તત્ત્વ, દેવો, વ્યાપક તત્ત્વ, સૂક્ષ્મ અનાભિધેયિત, છુપાયેલું, વસ્તુઓનાં જીવંત અને અગમ્ય સ્વરૂપે એ જણાય છે. મનુષ્ય ગૂઢ રહસ્યમય અસરો તરીકે જેની કલ્પના કરે છે અને પોતાનાં જીવન અને તેની ગતિઓમાં પ્રવેશી તેને આકાર આપે છે તથા શાસન ચલાવે છે તેને ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં તેમ જ જીવનના તબક્કાઓ અને તેની પળોમાં તેને જણાતાં પ્રતીકો તરીકે અભિવ્યકત કરવા પ્રયાસ કરે છે.

ભારતીય સમાજના પ્રારંભકાળમાં આપણે નજર કરીએ અને સુદૂર વૈદિક યુગ જેને આપણે એ મનોવલણ ગુમાવ્યું છે તેથી સમજી શકતા નથી તે યુગમાં સઘળું પ્રતીકાત્મક જણાય છે. યજ્ઞની ધાર્મિક સંસ્થા, સમગ્ર સમાજ, તેની પળો અને કલાકો પર શાસન ચલાવે છે અને બ્રાહ્મણ ગ્રંથો તથા ઉપનિષદોના ઉપરછલ્લા અભ્યાસથી આપણે જાણવું જોઈએ કે યજ્ઞની ક્રિયા પ્રત્યેક અંગ તથા પાસામાં ગૂઢ રીતે પ્રતીકાત્મક છે. એવો એક અર્ધઘટિત સિદ્ધાંત છે કે યજ્ઞમાં સ્વર્ગ તથા દુન્યવી સમૃદ્ધિ પ્રાપ્ત કરવા પ્રકૃતિદેવોને સંતોષવા સિવાય કશું નહોતું. આ અર્થઘટન પછીના માનવસમુદાયની ગેરસમજૂતી હતી. જે માનવસમુદાય બૌદ્ધિક તથા વ્યવહારુ માનસવાળો હતો અને પોતાના ધર્મ, રહસ્યવાદ અને પ્રતીકવાદમાં પણ ઉપયોગિતાવાદી મનોવલણ ધરાવતો હતો અને તેથી પ્રાચીન આત્મામાં એ સમાજ પ્રવેશી શકયો નહિ. ખરેખર થતી ફકત ધાર્મિક પૂજા નહિ પરંતુ એ કાળની સામાજિક સંસ્થાઓ પણ પ્રતીકાત્મક આંતરશકિતથી અનુસ્યૂત હતા. ઋગ્વેદનું સૂકત જે લગ્ન અંગે છે અને માનવ વરવધૂના મિલનનો વિષય છે અને પછીના વૈદિક યુગોમાં તેનો એ રીતે અર્થ થતો. આમ છતાં સૂકતનો

અર્થ પછીથી સૂર્યાનાં જુદા જુદા દેવો સાથે લગ્ન પ્રસંગ તરીકે ઘટાવાય છે અને દિવ્ય તથા રહસ્યમય વ્યકિત દ્વારા મનુષ્યની લગ્નવિધિને ઓણ બનાવી દેવાઈ. અહીં એ નોંધવું જોઈએ કે પછીના પ્રાચીન પદ્યમાં સમજવામાં આવ્યું હતું તેમ દિવ્ય લગ્ન એ અહીં માનવ-મિલનને આભૂષિત કરવા કે પદ્યાત્મક આભૂષણ તરીકે યોજવામાં આવ્યું નથી. તેથી વિરુદ્ધ માનવ-પ્રતિમા અને વ્યકિત દિવ્ય-તત્ત્વથી ઊતરતાં છે. આ ભેદ પ્રાચીન મનોવલણ અને વસ્તુઓ અંગેના આપણા આધુનિક વલણ વચ્ચેનો વિરોધ દર્શાવે છે. લગ્ન અંગેના ભારતીય ખ્યાલો પર આ પ્રતીકવાદની લાંબા સમય સુધી અસર રહી અને હજુ પણ તેનો અર્થ સમજાતો નથી કે તેની અસર ચાલી ગઈ છે છતાં પ્રણાલીગત તેને યાદ કરાય છે.

આપણે એની નોંધ લઈએ કે સ્ત્રી અને પુરુષ વચ્ચેના સંબંધનો ભારતીય આદર્શ પુરુષ અને પ્રકૃતિ જે વિશ્વના નર અને નારીના દિવ્ય સિદ્ધાંતો છે એ સંબંધના પ્રતીકવાદથી હમેશ નિયંત્રિત થયો છે. આ ખ્યાલ તથા નારી જાતિના દરજ્જા વચ્ચે અમુક અંશે વ્યાવહારિક સહસંબંધ પણ રહ્યો છે. પ્રાચીન વૈદિક કાળમાં પ્રતીકાત્મક શાખામાં જ્યારે નારી જાતિનો સિદ્ધાંત નરની સાથે સમાન કક્ષાએ રહેતો, જો કે નર માટે અમુક અંશે તેમાં વર્ચસ્વ રહેતું છતાં સ્ત્રીને પુરુષના અંગ તેમજ તેની સહચારિણી તરીકે લેખવામાં આવતી હતી. પછીથી જ્યારે પ્રકૃતિનો સિદ્ધાંત પુરુષના સિદ્ધાંતની સરખામણીમાં નિમ્નવર્તી બન્યો, સ્ત્રી પણ પુરુષ પર પૂર્ણત: આધારિત બની અને પોતાનું અસ્તિત્વ તેના માટે જ સાર્થક થયું માને છે ત્યારે તેનું ભિન્ન આધ્યાત્મિક અસ્તિત્વ ભાગ્યે જ રહ્યું. તંત્રના શાકત ધર્મમાં સ્ત્રીને સર્વશ્રેષ્ઠ દરજ્જે મુકાય છે તેમાં આ પ્રયાસને સામાજિક વહેવારમાં મૂકી શકાયો નહિ અને તે સંપ્રદાય વેદાંતના ખ્યાલના અધ્યક્ષપણાને કદી ત્યજી શક્યું નહિ તેથી સ્ત્રીના દરજ્જાને ભકિત ઉત્તમ આદરભાવનો વિષય બનાવી શક્યું નહિ.

અથવા આપણે વૈદિક સંસ્થાની ચતુર્વર્ણ સંસ્થાનું દૃષ્ટાંત લઈએ કારણ કે તે આપણા હેતુને યોગ્ય આધાર આપશે. વર્ણને જ્ઞાતિ તરીકે ખોટો ઘટાવવામાં આવ્યો છે, કારણ કે જ્ઞાતિ એ રૂઢિગત સંસ્થા છે ત્યારે વર્ણ પ્રતીકાત્મક અને નિશ્ચિત કાર્યવાળી સંસ્થા છે. આપણને એમ કહેવામાં આવે છે કે સમાજમાં ચાર વર્ણવાળી સંસ્થા એ રાજકીય કારણોથી મિશ્રિત આર્થિક ઉત્ક્રાંતિનું પરિણામ છે. મહદ્ અંશે એમ હશે,* પરંતુ મહત્ત્વનો મુદ્દો એ છે કે તેનો એ રીતે વિચાર કરવામાં આવ્યો નહોતો, અને એ સમયના લોકો દ્વારા તેની

---

*એ છેક શંકાસ્પદ છે. આરંભમાં બ્રાહ્મણવર્ગ ફકત પુરોહિતના કાર્ય પૂરતો મર્યાદિત નહોતો પરંતુ આર્થિક કાર્યો પણ બજાવતો હતો.

એમ ગણના થઈ શકે નહિ. કારણ કે સામાજિક બનાવનાં વ્યાવહારિક તથા ભૌતિક કારણો શોધીને આપણે સંતુષ્ટ રહીએ છીએ અને વધુ આગળ વધવાની ઇચ્છા સેવતા નથી, ત્યારે વૈદિક ઋષિમુનિઓએ તેમનાં ભૌતિક કારણોને ગૌણ માન્યાં અથવા તેની નહિવત્ દરકાર કરી અને હમેશ પ્રથમ અને મુખ્ય મનોવૈજ્ઞાનિક, ધાર્મિક કે પ્રતીકાત્મક મહત્ત્વની શોધખોળ કરી. આ વેદના પુરુષ સૂક્તમાં જણાય છે જેમાં સર્જક દેવનાં શરીર, માથું, હાથ, જાંઘ અને પગમાંથી ચાર વર્ણો ઉત્પન્ન થતા વર્ણવાયા છે. આ આપણને પદ્યાત્મક પ્રતિમા માત્ર લાગે છે અને તેનો અર્થ એવો જણાય છે કે બ્રાહ્મણો જ્ઞાની હતા, ક્ષત્રીઓ શાસકો, વૈશ્યો સમાજના પોષક અને ઉત્પાદક તથા શૂદ્રો સેવકો હતા. એ સમયના લોકો બ્રહ્મના શરીર કે સૂર્યનાં લગ્નની ફક્ત કાવ્યાત્મક આકૃતિઓ પ્રત્યે અત્યંત આદર હોય અને એ સર્વસ્વ હોય તેમ તેમના પર આધારિત ક્રિયાકાંડની અને પુણ્યવિધિઓની વિસ્તૃત વ્યવસ્થા, લાંબાગાળાની સંસ્થાઓ સ્થાપી તથા સામાજિક વર્ગો અને નૈતિક શિસ્તના મુખ્ય ભેદોને દર્શાવ્યા. પ્રાચીન પૂર્વજોએ આ જે કંઈ કર્યું તેમાં આપણે હમેશ આપણી મનોવૃત્તિ પ્રક્ષેપિત કરી અને તેથી તેમનામાં આપણને કાલ્પનિક પ્રાકૃત માનવીઓ સિવાય કશું જણાયું નહિ. આપણને કાવ્ય એ બુદ્ધિની વિલાસિતા, શોખ, કલ્પના, રમતગમતનું સાધન, મોજમજાનો આપણો ખોરાક અને મનની નર્તિકા લાગે છે. પરંતુ પ્રાચીન માનવને મન કવિ એ ઋષિ, ગર્ભિત સત્યને પ્રગટ કરનાર જણાય છે. કલ્પના એ નૃત્ય કરનાર સ્ત્રી નથી પરંતુ કપોળકલ્પાની રચના વિરુદ્ધ ઈશ્વરના ગૃહની દેવી છે જે કઠીન અને ગર્ભિત સત્યો અંકિત કરવા નિયુક્ત થઈ છે. વૈદિક શૈલીમાં સાદૃશ્ય કે ઉપમા વિચારનું આનંદ કૌશલ્ય સૂચવવા નહિ પરંતુ વાસ્તવિક સત્તાને વ્યક્ત કરવાના ગંભીર હેતુથી વપરાઈ છે. અપ્રગટને પ્રગટ કરવા આ પ્રતિમા ઋષિઓને મન પ્રતીકરૂપ હતી અને નિશ્ચિત બૌદ્ધિક શબ્દ જે તાર્કિક તથા વ્યાવહારિક વિચારને અથવા ભૌતિક કે ઉપરછલ્લા તત્ત્વને વ્યક્ત કરવા યોગ્ય હોય પરંતુ આવિર્ભાવને માટે તદ્દન નિરર્થક એવા ખ્યાલને મનમાં તેજસ્વીપણે સૂચિત કરવા વપરાતી હતી. તેમના મનમાં આ સર્જકના શરીરનું પ્રતીક પ્રતિમા કરતાં અધિક છે તે તો દિવ્ય સત્તાને વ્યક્ત કરે છે. તેમને મન વૈશ્વિક પુરુષ જે બીજી દૃષ્ટિએ ભૌતિક અને અતિભૌતિક વિશ્વમાં અભિવ્યક્ત થાય છે તેને જીવનમાં વ્યક્ત કરવાનો પ્રયાસ થાય છે. મનુષ્ય અને વિશ્વ એ બંને એક જ ગર્ભિત સત્તાની અભિવ્યક્તિ અને તેનાં પ્રતીકો છે.

આ પ્રતીકાત્મક વલણમાંથી સમાજમાં સઘળાને વિધિરૂપ, ધાર્મિક અને પુણ્યશાળી પવિત્ર બનાવવાની વૃત્તિ ઊપજી. પરંતુ સ્વતંત્રતા હજુ તેનાં બધાં

સ્વરૂપોમાં વ્યાપક અને પ્રબળ હતી. એ સ્વતંત્રતા અસંસ્કૃત સમુદાયોની ચુસ્તતામાં આપણને જોવા મળતી નથી, કારણ કે આ સમુદાયો વૃદ્ધિના વળતા આલેખને બદલે ઊતરતો આલેખ દર્શાવતું હોવા છતાં એ પ્રતીકાત્મક તબક્કામાંથી રૂઢિગત તબક્કા પ્રતિ ક્યારનુંય પસાર થઈ ગયું છે. સર્વને આધ્યાત્મિક ખ્યાલ નિયંત્રિત કરે છે. તેને ટેકો આપતા સિદ્ધાંતમાં પ્રતીકાત્મક ધાર્મિક રૂપો સ્થિર થયેલા છે. સામાજિક રૂપો મીણ જેવા મુલાયમ અને અનંત વિકાસ માટે શક્તિશાળી છે. જો કે એક વસ્તુ નિશ્ચિતતા તરફ પ્રગતિનો આરંભ કરે છે, અને આ મનોવૈજ્ઞાનિક પ્રકાર છે. વૈદિક ચિંતકોએ જે અમૂર્ત આલંકારિક ભાષા નહિ ઉપયોગમાં લીધી હોય કે નહિ સમજી હોય પરંતુ અર્વાચીન સમજૂતીને તે વધુ સહાયરૂપ બને તેનો ઉપયોગ કરીએ તો મનુષ્યમાં રહેલું દિવ્ય તત્ત્વ એ શક્તિરૂપે ઉત્પત્તિ, સુખ અને પારસ્પરિક સંવેગ, શુશ્રૂષા, કાર્ય અને આજ્ઞાંકિતપણા તરીકે એમ ચાર વર્ણોનો પ્રતીકાત્મક ખ્યાલ આપણને મળે છે. આ વર્ણો ચાર વૈશ્વિક સિદ્ધાંતોના હેતુને પૂરા પાડે છે. તેમાં પ્રથમ પ્રજ્ઞા જે વસ્તુઓના સિદ્ધાંત અને તેની વ્યવસ્થાનો ખ્યાલ કરે છે; બીજું સામર્થ્ય જે તેને ટેકો આપે છે, મંજૂર કરે છે અને કાર્યક્ષમ બનાવે છે; ત્રીજું સંવાદિતા જે તેના ભાગોની વ્યવસ્થાને સર્જે છે; ચોથું બીજા જે આદેશો આપે છે તે મુજબ કાર્ય કરે છે અને પ્રવૃત્તિ સાધે છે. ત્યાર બાદ આ ખ્યાલમાંથી નૈતિક શિસ્તને અનુરૂપ, ચૈતસિક ગુણ અને સ્વભાવ પર મૂળભૂત રીતે આધ્રિત અને સામાજિક તથા આર્થિક કર્મો પર ગૌણપણે આધારિત એવી ચુસ્ત નહિ પરંતુ દૃઢ સામાજિક વ્યવસ્થા સ્થપાઈ પરંતુ શિસ્તને જે મદદરૂપ બને તથા વ્યક્તિત્વ પ્રકારને જે અનુકૂળ થાય એ દ્વારા ગુણ નિર્ધારિત થતો હતો. તે એકપક્ષી કે મૂળભૂત ઘટત નહોતું. પ્રથમ આ ઉત્ક્રાંતિનું પ્રતીકાત્મક પગથિયું મુખ્યત્વે ધાર્મિક અને આધ્યાત્મિક હતું. અન્ય તત્ત્વો જેવાં કે મનોવૈજ્ઞાનિક, નૈતિક, આર્થિક અને ભૌતિક રહ્યાં છે પરંતુ આ ધાર્મિક અને આધ્યાત્મિક ખ્યાલોને નિમ્નવર્તી હતા. બીજો તબક્કો જેને આપણે સ્વભાવલક્ષી કહીએ એ મુખ્યત્વે મનોવૈજ્ઞાનિક અને નૈતિક છે. અન્ય સઘળું, ધાર્મિક અને આધ્યાત્મિક એ આ મનોવૈજ્ઞાનિક ખ્યાલ અને નૈતિક આદર્શ જે તેમને અભિવ્યકત કરે છે તેના નિમ્નવર્તી અંશ તરીકે રહે છે. આમ જોતાં ધર્મ એ નૈતિક હેતુ અને શિસ્તનો રહસ્યમય અનુમન્તા છે. એ ધર્મની પ્રધાનવર્તી સામાજિક ઉપયોગિતા છે અને અન્ય માટે એનો વળાંક કોઈ બીજી દુનિયા માટે છે. મનુષ્યમાં રહેલા વૈશ્વિક સિદ્ધાંત કે દિવ્ય તત્ત્વની પ્રત્યક્ષ અભિવ્યકિતનો ખ્યાલ વર્ચસ્વ ગુમાવતો ગયો અને વિચારના અગ્રણી નેતા તરીકે એ લુપ્તપ્રાય: થયો. આવો ખ્યાલ પાછો વળે છે, પશ્ચાત્ ભૂમિકામાં રહે છે અને છેલ્લે વ્યવહારમાંથી

અને અંતે જીવનના સિદ્ધાંતમાંથી પણ અદૃશ્ય થાય છે.

આ સ્વભાવલક્ષી તબક્કો પૂરો થયા પછી પણ માનવ પર અંકિત રહે એવા મહાન સામાજિક આદર્શો એ સર્જી જાય છે. જ્યારે એ તબક્કો મૃતપ્રાય: થાય છે ત્યારે જે મહત્ત્વનો ક્રિયાત્મક ફાળો એ તેની પાછળ મૂકી જાય છે તે સામાજિક પ્રતિષ્ઠાનો ખ્યાલ છે. શુદ્ધિ, પવિત્રતા, મન અને આત્માનાં સર્જનો માટેનો આદરભાવ અને જ્ઞાન તથા વિદ્યાના એકાંગી વ્યવસાય અને અનાસકતપણે તેના માલિક બનવામાં બ્રાહ્મણની પ્રતિષ્ઠા રહેલી છે. ક્ષત્રિયની પ્રતિષ્ઠા હિમત, શૌર્ય, બળ, ગર્વભર્યો આત્મ-સંયમ અને આત્મ-પ્રભુત્વ, ચારિત્ર્યની ઉદાત્તતા તથા તેમાંથી ફલિત થતો ઋણ-સ્વીકાર એવા ગુણોમાં રહેલી છે. વૈશ્યો લેવડદેવડમાં સદાચાર, વાણિજ્યમાં નિષ્ઠા, અક્ષત ઉત્પાદન, વ્યવસ્થા, ઔદાર્ય અને લોકહિતેચ્છાના ગુણો માટે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. શૂદ્રો આજ્ઞાંકિતપણું, આધીનતા, દૃઢભકિત, સેવા અને અનાસકત પ્રેમને માટે પ્રતિષ્ઠા પામ્યા છે. પરંતુ આ ગુણો મનુષ્યના આંતરિક જીવનમાંથી પ્રગટ થતા બંધ થયા અને મનોવૈજ્ઞાનિક સ્પષ્ટ ખ્યાલમાં જીવંત મૂળિયાં ધારણ કરતા અટકી ગયા. જો કે એ સૌથી વધુ ઉદાત્ત રૂઢિઓ બને છે છતાં આખરે તો એ રૂઢિ થઈ જાય છે. અંતે એ જીવનની વાસ્તવિકતા કરતા હોઠ પરની વાત બની જાય છે અને વિચારની પરંપરા તરીકે રહેવા પામે છે.

સ્વભાવલક્ષી તબક્કો નૈસર્ગિકપણે રૂઢિગત તબક્કામાં ગતિ કરે છે. જ્યારે બાહ્ય તત્ત્વ, આત્માની બહિર્ગત ચેષ્ટાઓ આદર્શ કે આત્મા કરતાં વધુ મહત્ત્વના બને છે, જેમ મનુષ્ય કરતાં તેનું શરીર કે તેનાં કપડાં વધુ મહત્ત્વનાં લેખાય છે ત્યારે માનવસમાજનો રૂઢિગત તબક્કો સર્જાય છે. આમ જ્ઞાતિસંસ્થાની ઉત્ક્રાંતિમાં નૈતિક ચતુર્વર્ણ વ્યવસ્થાના બાહ્ય આધારો જેવા કે જન્મ, આર્થિક કાર્યો, ધાર્મિક ક્રિયા કે વિધિ, કૌટુંબિક રૂઢિ, એ પ્રત્યેક આ વ્યવસ્થામાં પોતાના પ્રમાણ અંગે વધુ પડતો દાવો કરવા લાગ્યા. આરંભની સામાજિક વ્યવસ્થામાં જન્મ એ સૌ પ્રથમ અગત્ય ધરાવતું નહોતું કારણ કે એ સમયે બુદ્ધિ અને શકિત વધુ અગત્ય ધરાવતાં હતાં. પરંતુ ત્યાર બાદ જેમ અમુક સ્વભાવ સ્થિર થતા ગયા તેમ તેના પાલન માટે શિક્ષણ અને પરંપરા આવશ્યક બન્યાં અને આ શિક્ષણ તેમ પરંપરા વારસાગત પ્રણાલિમાં આપોઆપ નિશ્ચિત થઈ ગયાં. આમ બ્રાહ્મણનો પુત્ર એ રૂઢિગત રીતે હમેશ બ્રાહ્મણ તરીકે ઓળખાવા લાગ્યો. જ્યારે વારસાગત રૂઢિ તેના સ્વરૂપમાં દૃઢ અને નિષ્ઠાવાન હતી ત્યારે જન્મ અને વ્યવસાય એ તેનાં દ્વિપક્ષી બંધનો હતાં. એક વખત આ ચુસ્તતા સ્થપાઈ ગયા પછી નૈતિક સ્વરૂપનો વ્યવહાર પ્રથમમાંથી દ્વિતીય અને ગૌણ બની ગયો. આદર્શ ધારાશાસ્ત્રીએ અને ચિંતકે જે ખ્યાલ ભારપૂર્વક પ્રતિપાદિત

કર્યો હતો એ એક સમયે વ્યવસ્થાનો મૂળભૂત પાયો હતો. પરંતુ હવે એ અનિવાર્ય ઘરેણા કે મુકુટ તરીકે રહ્યા નહિ અને સમાજના બાહ્ય વ્યવહાર અને તેના નિયમે પણ તેને મંજૂર કર્યા નહિ. અમુક સમયમાં જે તત્ત્વ અનિવાર્ય તરીકે લેખાતું હતું તે હવે બંધ થયું અને ત્યાર બાદ તેને શોભારૂપ અલંકાર માની આપોઆપ છોડી દેવામાં આવ્યું. છેલ્લે તેનો આર્થિક પાયો પણ શિથિલ અને વેરવિખેર થવા લાગ્યો. જન્મ, કુટુંબ, રૂઢિ અને અવશેષો, તેની વિકૃતિઓ, ધાર્મિક સંજ્ઞા અને ક્રિયાકાંડની કલ્પિત અથવા અર્થવિહીન નવીન વૃદ્ધિઓ, પ્રાચીન ભવ્ય પ્રતીકવાદનું આ હાસ્યજનક ચિત્ર જ પ્રાચીન સમાજના લોહ યુગમાં પ્રવર્તીત વર્ણવ્યવસ્થાની બંધનની કડીરૂપ બની રહ્યું. વર્ણવ્યવસ્થાના જ્વલંત આર્થિક કાળ દરમ્યાન પંડિત અને પુરોહિત એ બ્રાહ્મણના નામે, કુલીન અને જમીનદાર એ ક્ષત્રિયના નામે, વેપારી પૈસાની પ્રાપ્તિ કરનાર વૈશ્યના નામે, અર્ધભૂખ્યો મજૂર અને આર્થિક ગુલામ એ શૂદ્રના નામે વેશ ધારણ કરી રહે છે. જ્યારે આર્થિક પાયો પણ ભાંગી પડયો ત્યારે તેની પુરાણી પદ્ધતિની ગંદી જરાવસ્થાની શરૂઆત થવા લાગી. એ ફક્ત નામ, અવશેષ અને છળ બની ગયું છે એને કાં તો સમાજના વ્યક્તિલક્ષી તબક્કાના સંમિશ્રાપાત્રમાં ઓગાળી નાખવું જોઈએ અથવા તો જે જીવન-પદ્ધતિ તેને વળગી રહી છે તેને જુઠ્ઠાણા અને નિર્બળતાઓથી છિન્નભિન્ન એવી મૃતવત્ અવસ્થાએ લાવી મૂકે છે. વાસ્તવમાં એ ભારતની વર્ણવ્યવસ્થાની આખરી અને વર્તમાન સ્થિતિ છે.

સમાજના રૂઢિગત તબક્કાનું વલણ અપરિવર્તનશીલ શ્રેણી અને ચડતા-ઊતરતા ક્રમવાળી વ્યવસ્થા રચવી, તેના માળખાને બાહ્ય સ્વરૂપ આપી સુદૃઢ ગોઠવી નિશ્ચિત કરવું, ધર્મને કાયમના ઢાંચામાં ઢાળી દેવો, કેળવણી અને તાલીમને પરંપરાગત અને અફર સ્વરૂપમાં બાંધી દેવાં, અક્ષય અધિપતિઓને તાબે વિચારને સોંપી દેવો અને જેને એ મનુષ્યના જીવનનું પૂર્ણવિરામ સમજે છે તેના પર આખરીપણાની મહોર મારવાનું છે. જ્યારે આ તબક્કાનાં સ્વરૂપો જે વિચાર અને અંતરાત્માથી પ્રેરણા પામ્યાં છે તે વિચાર અને અંતરાત્મા મર્યાદિત હોવા છતાં જીવંત હોય, તેને તદ્દન ભીંતપરસ્ત ન કર્યા હોય અને જે માળખામાં તેની રચનાની વધતી જતી સ્થૂળતાથી હજુ તેને ગૂંગળાવીને મૃતવત્ સ્થિતિમાં લાવી ન મૂક્યાં હોય ત્યાં સુધી અને ત્યારે સમાજના રૂઢિગત તબક્કાનો સુવર્ણયુગ આવ્યો છે એમ જોઈ શકાય છે. એ સુવર્ણયુગ તેની સુનિશ્ચિત વ્યવસ્થા, સૌષ્ઠવ, સુંદર સામાજિક નિર્માણ, તેના અવયવોની ઉદાત્ત અને સર્વસામાન્ય આયોજનમાં ગૂંથણી કરી તે દ્વારા પ્રજાના દૂરગામી દૃષ્ટિકોણને વારંવાર અતિસુંદર અને મોહક દેખાય છે. આમ એક સમયે આધુનિક

સાહિત્યકાર, કળાકાર કે ચિંતન યુરોપના મધ્યકાલીન યુગ પ્રતિ કંઈક અપેક્ષાથી અને વારંવાર પ્રશંસાથી પશ્ચાત્ અવલોકન કરતા હતા. કાવ્ય, ઉદાત્તતા અને આધ્યાત્મિકતાના દૂર રહેલા દૃશ્યમાં એ મૂર્ખાઈ, અજ્ઞાન, અન્યાય, અત્યાચાર અને કઠોર કાળનો જુલમ અને આ મોહક સપાટી નીચે રહેલાં દુ:ખ અને આઘાતો સુષુપ્તપણે રહ્યાં છે તેને ભૂલી જાય છે. આવા ભવ્ય પ્રવેશદ્વારની ભીતર અનિષ્ટ અને ત્રાસ રહ્યાં છે તે દબાઈ જાય છે. આમ આદર્શવાદી સનાતની હિંદુ પૂર્ણ વ્યવસ્થિત અને શાસ્ત્રની ધુરાને અનન્ય વફાદાર રહેલા સમાજ તરફ પશ્ચાત્ દૃષ્ટિ કરે છે. એ એનો સુવર્ણ યુગ છે. તેની તુલનામાં યુરોપનો મધ્યકાલીન યુગ સુવર્ણ વરખવાળો ચકચકિત તામ્રરૂપ હતો પરંતુ એ મિશ્રધાતુયુક્ત યુગ હતો તેથી ખરેખર એ સત્ય યુગ ન કહેવાય. યુરોપના મધ્યકાલીન યુગની તુલનામાં હિંદુ શાસ્ત્રનો સુવર્ણ યુગ વધુ ઉદાત્ત છે. સમાજના આ રૂઢિગત તબક્કાઓમાં એવું ઘણું હોય છે જે માનવ પ્રગતિને મદદરૂપ અને ખરેખર સુંદર જણાય. પરંતુ એ તેનો સુવર્ણ યુગ નથી; એ તેનો તામ્ર યુગ છે. એ એવો યુગ છે જ્યારે સત્ય જેને આપણે શોધવા ઇચ્છીએ છીએ તેની પ્રતીતિ કે પ્રાપ્તિ થતી નથી.* પરંતુ તેની અલ્પતા વધવા પામે છે અથવા કલાત્મક રૂપ દ્વારા તેની પ્રતિકૃતિનું અનુકરણ થાય અને આપણી પાસે જે વાસ્તવિકતા રહેવા પામી હોય એ નિયમ, વ્યવસ્થા અને પરંપરાના સ્થૂળ દ્રવ્યમાં મૃતવત્ બની જાય અને અદૃશ્ય થાય છે.

સ્વરૂપ હમેશ રહે છે અને તેનો આંતરિક આત્મા પાછળ રહે છે અને હ્રાસ પામે છે. જો કે તે ખરેખર મૂળસ્વરૂપમાં પાછું ફરવા, તેનું પુનરુત્થાન કરવા, તેમાં સુધારોવધારો કરવા, પુનર્જીવિત થવા પ્રયત્ન કરે છે. પરંતુ સમયનું વલણ ઘણું પ્રબળ હોય છે. આ વલણ ધર્મના ઇતિહાસમાં પ્રત્યક્ષ દેખાય છે. સંતો અને ધર્મસુધારકોના પ્રયત્નોમાં પ્રાણવંત અને પ્રબળ પ્રેરણા હોવા છતાં એ વાસ્તવિક પરિણામોમાં વિભાજિત, ટૂંકજીવી અને ઉપરછલ્લી બની જાય છે. છેલ્લા હજાર વર્ષમાં ભારતના વધતા જતા અંધકારમય કાળમાં અને તેની નિર્બળતામાં આ પીછેહઠ આપણે જોઈએ છીએ. જો કે અત્યંત શક્તિશાળી આધ્યાત્મિક વિભૂતિઓના સતત પ્રયાસોએ લોકોના આત્માને જીવંત રાખ્યો છે પરંતુ એ પ્રાચીન મુક્ત, સામર્થ્ય, સત્ય અને પૌરુષનું પુનરુત્થાન કરવામાં, રૂઢિગત અને અપરિવર્તનશીલ સમાજનો કાયમને માટે પુનરુદ્ધાર કરવામાં નિષ્ફળ ગયા. એક બે પ્રજાના જન્મ બાદ રૂઢિવાદની મજબૂત પકડ નવી

---

* સુવર્ણ યુગનું ભારતીય નામ 'સત્ય' છે. સત્યયુગ અને 'કૃત' એટલે એવો યુગ જ્યારે સત્યનો કાયદો મૂર્તિમંત થયો હોય છે.

ચળવળ પર હમેશ રહી છે અને તેના સ્થાપકોનાં નામો જોડવામાં આવતાં હોય છે. યુરોપમાં ધર્માચાર્યોના અને કૅથોલિક વિહારોના વારંવાર થતા નૈતિક કરુણ અંજામોમાં આપણે એ જોઈએ છીએ. ત્યાર બાદ એવો તબક્કો આવે છે જ્યારે રૂઢિ અને સત્ય વચ્ચેની ખાઈ અસહ્ય બની જાય છે અને બૌદ્ધિક પ્રતિભાવાળી વ્યક્તિઓ, મહાન 'સૂત્રોના પચાવનાર' જાગે છે જે પ્રતીક, પ્રણાલી અને સ્વભાવનો જુસ્સાથી, સવીર્ય અથવા તર્કના શાંત પ્રકાશ દ્વારા વિરોધ કરે છે. કારાગૃહની દીવાલોને તોડી નાખવા અને વ્યક્તિગત તર્ક, નૈતિક, ઇન્દ્રિય કે ભાવનાત્મક ઇચ્છા દ્વારા સમાજે સફેદ કબરોમાં જે સત્યને દાટી દીધું છે તેને શોધે છે. એ કાળે ધર્મ, વિચાર અને સમાજનો વ્યક્તિલક્ષી યુગ સર્જાય છે. ક્રાંતિ, તર્ક, સુધારો, પ્રગતિ અને સ્વાતંત્ર્યનો યુગ જન્મ લે છે. એ અગાઉ રૂઢિગત યુગ દ્વારા એકપક્ષી અને બાહ્ય સ્વાતંત્ર્ય પર છેતરામણીનો જે પ્રયોગ થયો અને સત્ય બાહ્ય પરિબળો દ્વારા પ્રાપ્ત કરાય છે તથા યાંત્રિક વિધિથી પૂર્ણતાનું નિર્માણ કરાય છે એવા મિથ્યા ખ્યાલમાં આ વિહરે છે. આમ છતાં સંસ્કૃતિના અભિનવ ગતિશીલ ચક્ર તરફ નૂતન ઊર્ધ્વ રેખા કે તેના અંતરાત્માની પુનઃ પ્રાપ્તિ પ્રત્યે મનુષ્ય પાછો વળે એ માટે માનવતાના આત્મલક્ષી યુગ તરીકે એ આવશ્યક માર્ગ છે.

પ્રકરણ બીજું

તર્ક અને વ્યકિતવાદી યુગ

માનવસમાજમાં વ્યકિતલક્ષી યુગ એ પાષાણ નિશ્ચિત આકૃતિના શાસન વિરુદ્ધ ક્રાંતિ તથા રૂઢિગત યુગની મલિનતા અને નિષ્ફળતાના પરિણામે ઉપસ્થિત થાય છે. તેનો જન્મ થાય એ અગાઉ એ જરૂરી છે કે જૂનાં સત્યો આત્મામાંથી અદૃશ્ય થયાં હોય અને જાતિનો વ્યવહાર તથા રૂઢિઓ જે તેમની જગ્યા લે અને અનુકરણ કરે છે તે વાસ્તવિક અર્થ અને બુદ્ધિગમ્યતા વિહોણાં હોય. તેમનામાં સર્વ વ્યવહારુ વાજબીપણું દૂર થયું હોય છે, જડી દીધેલા વિચાર દ્વારા, રૂઢિ કે સ્વરૂપની આસકિતથી યાંત્રિક રીતે અસ્તિત્વ ધરાવે છે. એ સમયે સામાજિક મનનું નૈસર્ગિક મતાગ્રહીપણું હોવા છતાં મનુષ્યોને એ જોવાની ફરજ પડે છે કે તેમનામાં સત્ય મૃતપ્રાય: બન્યું છે અને પોતે જુઠ્ઠાણાથી જીવે છે. નવા યુગનો વ્યકિતવાદ એ માન્યતા અને વ્યવહારના રૂઢિવાદમાંથી બહાર નીકળીને કોઈ યથાર્થ અને પ્રત્યક્ષ સત્યના બનેલા નક્કર ખડકને પ્રાપ્ત કરવાનો પ્રયાસ છે, અને એ ખરેખર વ્યકિતવાદી છે. કારણ કે સર્વ જૂનાં સામાન્ય ધોરણો નિર્ધન બન્યાં છે, અને કોઈ પણ પ્રકારની આંતરિક મદદ આપી શકે તેમ નથી. તેથી વ્યકિતએ પોતે જ શોધક, અગ્રેસર બનવાનું છે અને પોતાની તર્કશકિત, પ્રજ્ઞા, આદર્શવાદ, ઇચ્છા, જીવન પર પ્રભુત્વ અથવા પોતામાં જે બીજું માર્ગદર્શન પોતાને મળે તે દ્વારા જગતનો તેમજ આંતરતત્ત્વનો યથાર્થ નિયમ શોધી કાઢવાનો છે. એમ જ્યારે તેણે શોધી લીધુ છે અથવા વિચારે છે કે તેણે શોધ્યું છે ત્યારે ધર્મ, સમાજ, નીતિશાસ્ત્ર, રાજકીય સંસ્થાઓ, પોતાના સહકાર્ય કરો સાથેના સંબંધો માનવજાતિ માટે અને પોતાની સંપૂર્ણતા માટેના પ્રયાસને વધુ નક્કર અને વધુ શકિતશાળી પાયા પર પુનર્સ્થાપિત કરશે.

યુરોપમાં વ્યકિતવાદનો યુગ જન્મ લે છે અને ત્યાં પૂર્ણ ગતિશીલ છે. પૂર્વ તેમાં પ્રવેશ પામ્યું છે. એ મૂળભૂત પ્રેરણાથી નહિ, પરંતુ સંપર્ક અને પ્રભાવથી પ્રવેશ પામ્યું છે. પશ્ચિમનાં માનસમાં વસ્તુઓના યથાર્થ સ્વરૂપની શોધ કરવાની અને જે કાંઈ સત્ય તેને લાધ્યું છે તે દ્વારા માનવજીવનને

નિયંત્રિત કરવાની ધગશને લીધે પશ્ચિમે સૈકાઓ દરમ્યાન સામર્થ્ય, વીર્ય, પ્રકાશ, પ્રગતિ અને અપ્રતિહત વિસ્તાર પ્રાપ્ત કરી શક્યું છે. એ જ રીતે પૂર્વમાં જીવન જેના પર સ્થાપિત થયું હતું ને આદર્શોના મૂળભૂત જુઠ્ઠાણાને કારણે જાગૃતિના ઉંબરે પૂર્વ નિઃસહાયતા અનુભવી નહોતી પરંતુ જે સત્યને તેણે એક સમયે પ્રતિપાદિત કર્યું, તેની સાથે જીવંત સંપર્ક ગુમાવ્યો; પૂર્વ એ મહાકાય સ્વરૂપ હતું પરંતુ શક્તિવિહોણું હતું. મનુષ્યનો નિર્જીવ સમૂહ જેમને તજ્યો અને શક્તિઓ સાથે મુક્ત વર્તન કેવી રીતે કરવું તેની વિસ્મૃતિ થઈ કારણ કે તેઓ રૂઢિગત પ્રવૃત્તિ અને અપરિવર્તનશીલ વિચારના જગતમાં જ રહેવા ટેવાયેલાં હતાં. આમ છતાં યુરોપે પોતાના વ્યક્તિલક્ષી યુગ દ્વારા જે સત્યો શોધી કાઢયાં એ પ્રાથમિક બાહ્ય દૃષ્ટિથી દેખાતાં, ભૌતિક અને પ્રાણની બાહ્ય હકીકતો અને વ્યવહારુ ઉપયોગિતાનું કાર્ય તેમજ તર્કની પૃથક્કરણ શક્તિની ટેવ જે મનુષ્યને આપી શકે તે દ્વારા શક્તિઓ અને ગુહ્ય સત્તાઓ શોધી કાઢયાં છે. જગત પર જો તેની બુદ્ધિવાદ સંસ્કૃતિ વિજયી બની વિસ્તૃત થઈ હોય તો તેનું કારણ એ છે કે તેના પ્રત્યે અભિમુખ થવા વધુ શક્તિશાળી અને ઊંડું સત્ય તે શોધી શક્યું નહિ; અને બાકીનો માનવજાતિનો ભાગ રૂઢિગત યુગના છેલ્લા અંધકારમય સમયની નિષ્ક્રિયતામાં જીવતો હતો.

યુરોપનો વ્યક્તિવાદી યુગ આરંભમાં તર્કનો બળવો હતો અને તેની પરાકાષ્ઠામાં ભૌતિક વિજ્ઞાનની વિજયી પ્રગતિ હતી. ઐતિહાસિક દૃષ્ટિએ આ પ્રકારની ઉત્ક્રાંતિ અનિવાર્ય હતી. વ્યક્તિવાદનો ઉદય હમેશ પ્રશ્નાત્મક તથા નકારમાં રહેલો હોય છે. વ્યક્તિને એમ લાગે છે કે ધર્મ પોતાની ઉપર ઠોકી બેસાડેલ તત્ત્વ છે જે પોતાના સિદ્ધાંતો અને વ્યવહારને, આધ્યાત્મિક સત્યોને હમેશની સત્યશોધનની જીવંત સમજ પર આધારિત કરતા નથી. પરંતુ પ્રાચીન ગ્રંથના અક્ષર, પોતાના અવ્યર્થ સૂત્ર, ચર્ચની પરંપરા અને સ્કૂલમૅનની આપદ્ ધર્મવિદ્યા, ધર્માચાર્યોની પરિષદ, મઠાધિપતિઓ, બધા પ્રકારના ધર્મા-ધ્યાપકો, એ બધી નિઃશંક ન્યાયઅદાલતો જેમનું એકમાત્ર કાર્ય નિર્ણય આપવો અને ઉચ્ચારણ કરવું. પરંતુ તેમાંથી કોઈને સંશોધન, સાબિતી, ચકાસણી કે તપાસ કરવી મંજૂર હોય અથવા આવશ્યક જણાતું હોય એમ લાગતું નથી. તેને એમ જણાય છે કે આવા શાસનમાં અનિવાર્ય હોય તેમ સાચું વિજ્ઞાન અને જ્ઞાનને કાં તો બહિષ્કૃત કરવામાં આવે, એ માટે શિક્ષા કરવામાં આવે અથવા દુઃખી કરાય અથવા નિશ્ચિત અધિપતિઓ પર અંધવિશ્વાસ રાખવાની ટેવથી લુપ્તપ્રાયઃ બનાવી દેવામાં આવે છે. જૂના અધિપતિઓમાં પણ જે સત્ય છે એ વધુ મૂલ્યવાન નથી કારણ કે તેના શબ્દોના જાણ્યા કે અજાણ્યા પુનરુચ્ચાર કરાય છે પરંતુ થોડા ગણ્યાગાંઠ્યા માણસો સિવાય ખરા અર્થમાં તેને

જીવવામાં આવતું નથી. રાજકારણમાં તેને દરેકે દરેક જગ્યાએ દિવ્ય અધિકારો, સ્થાપિત વિશેષાધિકારો, પુણ્યકૃત નિષ્ઠુર શાસન જેને દેખીતી રીતે જુલ્મી શક્તિનાં શસ્ત્રોનો ટેકો છે, અને લાંબા-લાંબાણવાળા આદેશથી તેમને યથાર્થ ઠરાવે છે. પરંતુ અસ્તિત્વ ધરાવવા માટે સાચો દાવો કે અધિકાર તેમની પાસે નથી. સામાજિક વ્યવસ્થામાં પણ તેને એ જ રૂઢિનું અપરિવર્તનીય રાજ્ય, નિશ્ચિત અશક્તિઓ, નિશ્ચિત વિશેષાધિકારો, મહાજનોનો આત્માભિમુખ ગર્વ, નિમ્ન સ્તરનો અંધપ્રણિપાત, જ્યારે એક સમયે જૂનાં કર્તવ્યોને યથાર્થ ઠરાવવામાં આવ્યાં હોય, પરંતુ હોદ્દાનું આવું વિતરણ કાં તો વ્યવહારમાં મુકાતું નથી અથવા તો જ્ઞાતિગર્વના ભાગરૂપે માત્ર ઋણ સમજ વિના અયોગ્ય રીતે આચરવામાં આવે છે. આના વિરોધમાં તેને જાગૃત થવાનું છે, આધિપત્યના પ્રત્યેક દાવા પ્રત્યે દૃઢ પરીક્ષણની નજરથી જોવાનું છે. જ્યારે એને એમ કહેવામાં આવે છે કે આ વસ્તુઓનું પવિત્ર સત્ય છે કે ઈશ્વરનો આદેશ છે કે માનવજીવનની અનાદિ વ્યવસ્થા છે, ત્યારે તેને જવાબ આપવાનો છે. 'પરંતુ એ શું ખરેખર એવું છે?' મને કેવી રીતે જાણવા મળશે કે વસ્તુઓનું સત્ય આ છે અને એ જુઠ્ઠાણું કે વહેમ નથી ? ઈશ્વરે ક્યારે તેનો આદેશ આપ્યો અથવા મને કેવી રીતે જાણવા મળે કે તેમના આદેશનો અમુક અર્થ હતો અને એ તમારી શોધ કે ભૂલ નથી અથવા જે ગ્રંથ પર તમે આધાર રાખો છો એ ઈશ્વરનો શબ્દ છે કે નહિ અથવા માનવજાતને ઈશ્વરે પોતાનો સંકલ્પ જાણવા દીધો છે ખરો ? અનાદિ વ્યવસ્થા વિષે તમે જે બોલો છો એ શું ખરેખર અનાદિ છે, નિસર્ગનો ખરેખર કાયદો છે કે પછી સમયનું અપૂર્ણ પરિણામ અને હાલમાં તદ્દન ખોટી રૂઢિ છે ? અને આમ છતાં તમે જ કહેતા હો તે વિષે મારે પ્રશ્ન પૂછવાનો રહે છે કે એ જગતની હકીકતો સાથે સંમત થાય છે, કે મારી શ્રેયની-શુભધર્મની સત્યતા નિર્ણય અને સત્તાના અનુભવ સાથે શું સંમત થાય છે ? અને જો એ સંમત નહિ થતું હોય તો ક્રાંતિકારી વ્યક્તિ ધૂંસરીને છોડી દે છે, પોતે સત્યને જે રીતે જુએ છે તે ઘોષિત કરે છે અને એમ કરવામાં ધાર્મિક, સામાજિક, રાજકીય, કદાચ ક્ષણિક સમૂહમાં જે રીતે નૈતિક વ્યવસ્થા છે તેનાં પણ મૂળિયાંમાં ઘા કરે, કારણ કે, પોતે જે આધિપત્યને તિરસ્કારે છે અને રૂઢિનો નાશ કરે છે તેના પર આધારિત છે અને નહિ કે પોતાની વિરુદ્ધ સફળ રીતે રહેતા જીવંત સત્યને. જૂની પ્રણાલીના અગ્રણીઓ જ્યારે આવી વ્યક્તિને સામાજિક સુરક્ષાને રાજકીય વ્યવસ્થા કે ધાર્મિક પરંપરાને અહિતકર્તા સંહારક સાધન તરીકે દાબી દેવામાં કદાચ સાચા હોય; પરંતુ એ ત્યાં અદ્વિતીયપણે ઊભો રહે છે કારણ કે જુઠ્ઠાણાનો નાશ કરવો અને સત્યના નવા પાયાનું સ્થાપન કરવું એ તેનું ધર્મકાર્ય છે.

પરંતુ પોતાનું નવું સંસ્થાપન કે નવાં પરિમાણો કઈ વ્યક્તિગત માનસ-શક્તિ કે ધોરણથી આ નવમાર્ગપ્રવર્તક શોધી કાઢશે ? દેખીતી રીતે જ્ઞાનનાં સંભવિત સ્વરૂપો જેને એ પ્રાપ્ત કરે એમ છે અને સાંપ્રત સમયના લભ્ય બોધ સંસ્કાર પર આધાર રાખશે. પ્રથમ ધર્મ વ્યક્તિગત પ્રકાશ તરીકે કાર્ય કરતો જે પશ્ચિમમાં ઈશ્વરવિદ્યાથી અને પૂર્વમાં તાત્ત્વિક યુક્તિથી પુષ્ટિ પામતો હતો. સમાજ અને રાજકારણમાં દુઃખનો ક્ષોભ અથવા સામાન્ય જુલમ, અન્યાય, અધર્મ અથવા સ્થાપિત રૂઢિ અને વિશેષાધિકાર સિવાયની ચિકિત્સાથી સાંપ્રત વ્યવસ્થાને તપાસતાં અરક્ષણીય લાગે એમાં નૈસર્ગિક અધિકાર અને ન્યાયનો ઝોગમ રહ્યો હોય તેના એવા સ્થૂળ પ્રારંભિક પ્રત્યક્ષથી તેની શરૂઆત થઈ. શરૂઆતમાં ધાર્મિક ઈરાદાએ દોરવણી આપી; સામાજિક અને રાજકીય પરિબળોએ પ્રારંભમાં દૃઢ અને સ્થૂળ ગતિઓને ઝડપથી દાબી, તેમાં સુધારો કરી ધાર્મિક સુધારણાના ઉત્થાનનો લાભ લઈ, જ્યારે તેણે કદાચ આવકારેલ બિનધાર્મિક સાંપ્રદાયિક અસરોને લીધે આધ્યાત્મિક વેગ લુપ્ત થયો અને પરિણામે લક્ષ્ય ગુમાવ્યું ત્યાં સુધી રાહ જોઈ, નેતૃત્વ લેવા માટે તેના ઉપયોગી સહચારી તરીકે તેને અનુસર્યા. યુરોપમાં ધાર્મિક સ્વાતંત્ર્યની ચળવળે આરંભમાં મર્યાદિત પછીથી વ્યક્તિગત અનુભવના નિરપેક્ષ અધિકાર, દેવળના સંઘ, યથાર્થ ખ્રિસ્તી-વિધિ અને દૈવપ્રેરિત શાસ્ત્રના સાચા અર્થનું નિર્માણ કરતો પ્રજ્વલિત તર્ક પર આધાર રાખ્યો; ધર્માચાર્યોની મહાશક્તિ જેમણે શાસ્ત્રને સામાન્ય જ્ઞાનમાંથી વંચિત રાખવાનો દાવો કર્યો અને નૈતિક આધિપત્યને અને ભૌતિક હિસાથી અન્ય પૂરક સિદ્ધાંત નહિ તો પવિત્ર આદેશના પોતાના આપખુદી અર્થઘટનને અનિવાર્ય વ્યક્તિગત અંતરાત્મા પર ઠોકી બેસાડવાના પ્રયત્ન સામેના બળવાનો પ્રચંડતાના માપથી તેના દાવની ઉગ્રતા માપવામાં આવતી હતી. મધ્યમ અને વધુ સ્વસ્થ કક્ષાનાં રૂપોમાં આ બળવાએ અમુક મધ્યમ માર્ગી વૈચારિક પરિબળોને જન્મ આપ્યો, જેવા કે અપિસ્કોપેલીસન દેવળો, ઉત્સાહ અને ખંતની ઉચ્ચ કક્ષાએ કાલ્વિનનો શુદ્ધાચારવાદ, શ્વેત તાપ સમયે એના બાપ્ટિસ્ટ નિર્ણય અને કલ્પનાના બળવાને સ્વતંત્ર, સોસિનીઅન અને અન્ય સંપ્રદાયમાં વ્યક્તિગત ધાર્મિક જન્મ આપ્યો. સર્વ રાજકીય કે કોઈ પ્રબળ મૂર્તિભંજી અભિવૃત્તિવાળી સામાજિક મહત્ત્વથી છૂટી થયેલી આવી ચળવળ પૂર્વમાં ધાર્મિક સુધારકો, પ્રબુદ્ધ સંતો, તેને ઉચિત માન્યતાની નવી સંહિતા, સાંસ્કૃતિક અને સામાજિક આચારસંહિતાઓની હારમાળા સર્જી હોત; પશ્ચિમમાં નિરેશ્વરવાદ અને ધર્મનિરપેક્ષતા એ તેનાં અનિવાર્ય અને પૂર્વ-નિર્મિત લક્ષ્યો હતાં. આરંભમાં ધર્મનાં રૂઢિગત સ્વરૂપોને, ઈશ્વર અને જગત વચ્ચેની પુરોહિતની દરમ્યાનગીરી, શાસ્ત્રના આધિપત્યની જગ્યાએ પોપના

આધિપત્યનું પૂરકપણું અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો અને ત્યાર બાદ શાસ્ત્રને પોતાને જ સર્વ પ્રકારના અતિપ્રાકૃતિકવાદ, ધાર્મિક માન્યતા, બાહ્ય સ્વીકૃત-મત અને પક્ષને સાથે લઈ અતિતાર્કિત સત્યને હચમચાવવામાં એ નિષ્ફળ ગયું નહિ.

કારણ કે અંતે યુરોપની ક્રાંતિ ધર્મપ્રવર્તન કરતાં વધુ જ્ઞાનોદયથી નિર્મિત થઈ હતી. એ હિબ્રુ સંપ્રદાયના નૈતિક અને ધાર્મિક સ્વભાવ કરતાં પ્રાચીન ગ્રીક અને રોમન માનસતંત્રના સવીર્ય પ્રત્યાગમનથી વિકાસ થયો. જ્ઞાનોદયે યુરોપને એક તરફ ગ્રીક માનસની સ્વતંત્ર જિજ્ઞાસા, બૌદ્ધિક કાયદા અને પ્રથમ સિદ્ધાંતો માટેની તેની ઉત્સુક શોધ, વ્યક્તિગત તર્ક અને પ્રત્યક્ષ નિરીક્ષણનાં બળથી જીવનની હકીકતોની રસપ્રદ બૌદ્ધિક ચિકિત્સા અને બીજી તરફ રોમન લોકોની બહોળી વ્યાવહારિકતા, સધન ઉપયોગિતા સાથે સંવાદિત રીતે જીવનને વ્યવસ્થિત કરવાની સમજ અને વસ્તુઓના યોગ્ય સિદ્ધાંતો પાછા આપ્યા છે. પરંતુ આ વલણો એક પ્રકારના રાગ, ગંભીરતા, નૈતિક અને ધાર્મિક ઉત્સાહથી દાખવવામાં આવ્યાં હતાં. અને પ્રાચીન ગ્રીકરોમન માનસમાં જેની ઊણપ હતી તેના માટે યુરોપ જ્યુદા-ખ્રિસ્તી શિસ્તનું ઘણી સદીઓથી ઋણી છે. પશ્ચિમ સમાજે વ્યવસ્થાના વ્યક્તિગત યુગે અને અંકુશના સિદ્ધાંત જેની સમગ્ર માનવ-સમાજને જરૂર રહે છે, અને જેને પ્રથમ સત્યનાં નિશ્ચિત પ્રતીકોનું સાકારપણું પછીથી નૈતિક પ્રકાર અને શિસ્ત દ્વારા અને આખરે અપરિવર્તનશીલ પરંપરા અથવા અમોઘ આધિપત્ય માટે શોધ કરી તેના માટે આ ઊગમો રહ્યાં હતાં.

દેખીતી રીતે જોતાં કોઈ પણ બાહ્ય ધોરણ કે સત્યના અન્ય સર્વસામાન્ય સ્વીકૃત ઊગમ વિના વ્યક્તિગત પ્રજ્ઞા કે નિર્ણયનો નિરંકુશ ઉપયોગ આપણી અપૂર્વ જાતિ માટે ખતરનાક પ્રયોગ છે. એ કદાચ વસ્તુઓના સત્યના પ્રગતિ-શીલ પ્રગટીકરણ કરતા સતત પરિવર્તન અને મંતવ્યની ગેરવ્યવસ્થા તરફ દોરી જાય એવી સંભવિતતા છે. વ્યક્તિગત અધિકારો કે વર્ગીય હિત અને ઇચ્છાઓની દૃઢ ઉદ્ઘોષણા દ્વારા સામાજિક ન્યાયની શોધ એ સતત દ્વંદ્વ અને ક્રાંતિનો ઊગમ હોવો જોઈએ અને સામાજિક સંસ્થામાં ગંભીર બદી કે ક્રાંતિકારી મુશ્કેલી સર્જે એવી ઇચ્છાઓ, પોતાના વિચારો અને પ્રત્યેક વ્યક્તિમાં પોતાનું જીવન જીવવા સંકલ્પની અતિશયોક્તિપૂર્વક ઉદ્ઘોષણા કરવામાં તેની પૂર્ણાહુતિ થાય. તેથી માનવજાતિના પ્રત્યેક વ્યક્તિવાદી યુગમાં બે જરૂરિયાતોની શોધ આવશ્યક છે. અતાર્કિક આધિપત્ય કે ભૌતિક શારીરિક બળનો ઉપયોગ કે દબાણને વશ થયા વિના બધાની વ્યક્તિગત નિર્ણયશક્તિને સંમતિરૂપ હોય એવા સત્યના સામાન્ય ધોરણને તેણે શોધી કાઢવું જોઈએ અને વસ્તુઓના સાર્વત્રિક અભિજ્ઞેય સત્ય પર સામાજિક વ્યવસ્થાના કોઈ સિદ્ધાંતને ઉચિત રીતે સ્થાપિત

કરી શકાય તેને પહોંચી વળવું જોઈએ. બૌદ્ધિક અને નૈતિક કસોટીઓ જે ઇચ્છા અને ઉચિત અભિરુચિ જેવાં પ્રબળ પરિબળોએ જીવન પર તેમના દાવાઓ યથાર્થરૂપે દૃઢીભૂત કરવા પાર પાડવી જોઈએ, એ યોજી તેના શાસન માટે વ્યવસ્થાની જરૂર છે. યુરોપનાં પ્રગતિશીલ રાષ્ટ્રોએ ચિંતનાત્મક અને વૈજ્ઞાનિક તર્કને તેમના સાધન તરીકે તેમના આંતરિક જીવનતત્ત્વ માટે વ્યવહારુ સામાજિક ન્યાય અને યથાર્થ ઉપયોગિતાની શોધમાં આ પ્રકાશ અને વ્યવસ્થા પ્રાપ્ત કરવા આગેકૂચ કરી.

ભૌતિક વિજ્ઞાનોની શોધખોળ કરવામાં તેમણે એ ઉત્સાહથી મેળવ્યું અને ચરિતાર્થ કર્યું. ઓગણીસમી સદીના યુરોપમાં વિજ્ઞાનના સર્વ વિચ્છેદક અને અપ્રતિહાર્ય વિજય અને સફળતાપૂર્વકના પ્રભુત્વને પશ્ચિમ (પાશ્ચાત્ય) માનસની આ મોટી મનોવૈજ્ઞાનિક ઊણપોને સમયપુરઃસર નિરપેક્ષ પૂર્ણતાથી સંતોષે છે એ રીતે સમજાવવામાં આવે છે. વ્યક્તિવાદી યુગની બે મહાન જરૂરિયાતોની શોધ વિજ્ઞાને કોઈ પણ દોષ વિના પરિપૂર્ણ કરી એમ દેખાયું. આખરે દોષિત માનવ આધિપત્ય કે શંકાસ્પદ શાસ્ત્ર પર આધારિત ન હોય, પરંતુ જેમના પાસે નિર્ણય કરવા બૌદ્ધિક પ્રામાણિકતા, નિરીક્ષણ કરવા ધીરજ હોય તે સર્વને વાંચવા પ્રકૃતિમાતાએ પોતે પોતાના શાશ્વત ગ્રંથમાં વસ્તુઓના સત્યને લખ્યું છે. અહીં કાયદાઓ, સિદ્ધાંતો, જગતની અને આપણા આંતરતત્ત્વની મૂળભૂત હકીકતો હતી. જે સર્વ પોતાના માટે એકદમ જોઈ અને ચકાસી શકે અને તેથી બહારનાં દબાણ અને વિલક્ષણ આત્મ-સંકલ્પમાંથી મુક્તિ આપે તેમજ સ્વતંત્ર વ્યક્તિગત નિર્ણયને માર્ગદર્શન આપે. અહીં એવા કાયદાઓ અને સત્યો હતાં જેમણે વ્યક્તિગત મનુષ્યના દાવાઓ અને ઇચ્છાઓને યથાર્થ ઠરાવ્યાં અને છતાં નિયંત્રિત કર્યાં; અહીં એવું વિજ્ઞાન છે કે જેણે વ્યક્તિ અને લોકજાતિની પૂર્ણતા અને પ્રગતિ માટે સુસ્પષ્ટ રૂપરેખા અને સર્વોત્કૃષ્ટ સાધનો, જીવન માટે બૌદ્ધિક આધાર, જ્ઞાનનું સર્વસામાન્ય સ્વરૂપ અને ધોરણો આપ્યાં છે. યથાર્થ ખાત્રી કરાવતાં વિજ્ઞાન, નિયમ, વસ્તુઓનાં સત્ય, વ્યવસ્થા અને સિદ્ધાંતો જે બધા જોઈ શકે અને તેને આધારે ખાત્રી કરી શકે અને હકીકતરૂપે અને જેને સર્વે મુક્તપણે અને બૌદ્ધિક રીતે સંમતિ દર્શાવવી જોઈએ એવો માનવ-જીવનનો નિયંત્રિત તથા સંચાલિત કરતો પ્રયાસ યુરોપની સંસ્કૃતિની શ્રેષ્ઠ ગતિ છે. એ માનવસમાજના વ્યક્તિવાદી યુગનો વિજય અને પરિપૂર્ણતા છે. એ તેનો અંત વ્યક્તિવાદના મૃત્યુનું કારણ, તેનો વિલય અને ભૂતકાળનાં સ્મારકોમાં ભૂમિદાહ તરીકે રહેવા પણ સંભવિત છે.

કારણ કે વ્યક્તિગત સ્વતંત્ર વિચાર દ્વારા જે સાર્વત્રિક નિયમોની પોતે જ આકસ્મિક ઊપજ છે અને જે દ્વારા એ અનિવાર્યપણે નિયંત્રિત

થવો જોઈએ તેની શોધ, આ નિયમોની યાંત્રિક પ્રક્રિયાના જાગ્રત અનુસંધાનમાં માનવજાતિનાં સામાજિક જીવનને ખરેખર નિયંત્રિત કરવાનો પ્રયાસ એ જે શોધને શક્ય બનાવે છે એ વ્યક્તિગત સ્વાતંત્ર્યને જ તાર્કિક રીતે દાબી દે તેવું લાગે છે. પોતાના આંતર તત્ત્વનો નિયમ અને તેનું સત્ય શોધતા વ્યક્તિએ એવા સત્ય અને નિયમને શોધ્યા છે જે પોતાના વ્યક્તિગત તત્ત્વનું નથી પરંતુ સમૂહ, લોકોનું, વર્ગનું તેમજ એકત્રિત સમાજનું છે. જે પરિણામ પ્રતિ આ નિર્દેશ કરે છે અને અપ્રતિહાર્ય રીતે જે લક્ષ્ય તરફ આપણને લઈ જાય છે એ સમાજની સુવ્યવસ્થિત યંત્રક્રિયાથી પ્રત્યેક તબક્કે અને જન્મથી વૃદ્ધાવસ્થા સુધી હરેક પળે સમગ્ર જીવન અને કાર્ય પોતાના માટે નિર્મિત થયું હોય અને માનવજાતિના વ્યાપક હિતમાં તથા પોતાના કલ્યાણમાં પોતાના સ્વાતંત્ર્યથી વંચિત રહેતો હોય છે, ત્યારે આપણને જૂના એસિયાટિક અથવા સમાજની જૂની ભારતીય વ્યવસ્થાના ઘણા મહત્ત્વના તફાવતો સાથે કુતૂહલવાળો નવીન પાઠભેદ પ્રાપ્ત થશે. ધાર્મિક અને નૈતિક મજૂરીની જગ્યાએ વૈજ્ઞાનિક, બૌદ્ધિક કે નૈસર્ગિક પ્રેરકબળ અને શાસન રહેવા પામશે. બ્રાહ્મણ શાસ્ત્રકારની જગ્યાએ વૈજ્ઞાનિક, વહીવટી અને અર્થશાસ્ત્રના નિષ્ણાત રહેશે. રાજા પોતે જ કાયદાનું પાલન કરતો હોય અને સર્વ લોકોને તેમના માટે નિશ્ચિત કરવામાં આવેલા ધર્મના માર્ગને ચ્યુત કર્યા વિના સમાજની સંમતિ તથા મદદથી અનુસરવાની ફરજ પાડે. તેની જગ્યાએ તેની જેમ જ સત્તા તથા માર્ગદર્શનથી આરૂઢ સામુહિક રાજ્ય સ્થાન લેશે. વર્ગોની પ્રત્યેકની તેની સત્તાઓ, વિશેષાધિકારો અને ફરજોની શ્રેણીબદ્ધ વ્યવસ્થાની જગ્યાએ પ્રારંભિક શિક્ષણ અને તકની સમાનતા, નિષ્ણાતો કે જે આપણી જાતને આપણા કરતાં વધુ સારી રીતે ઓળખતા હોય અને આપણા માટે કાર્ય અને ગુણ પસંદ કરે એવી આખરી ધારણા તથા નિર્માણ માટે નિયુકત થાય. જેમ જૂના સમયમાં શાસ્ત્ર દ્વારા થતું તેમ હવે વૈજ્ઞાનિક વિજ્ઞાનાભિમુખ, રાજ્ય દ્વારા લગ્ન સંતતિ અને કેળવણીનું નિયંત્રણ થશે. જેમ પ્રાચીન આર્ય સમાજવ્યવસ્થામાં વાનપ્રસ્થ અને સંન્યાસ આશ્રમો હતા તેમ પ્રત્યેક મનુષ્યને માટે આરંભમાં રાજ્ય દ્વારા સામુહિક અધિપતિઓની દેખરેખ હેઠળ લાંબા સમય સુધી કાર્ય અને અંતે જે કાર્ય માટે નહિ, પરંતુ આત્મસુધારણા અને ફુરસદના આનંદને માટે મુકિતનો કાળ રહેશે. આ પ્રકારના સામાજિક રાજ્યની ચુસ્તતા તેના એશિયાઈ પુરોગામી કરતાં ઘણી વધી જશે. કારણ કે એશિયામાં ક્રાંતિકારીને બે મહત્ત્વના વિશેષાધિકાર મળતા હતા. વ્યકિત માટે શરૂઆતમાં સંન્યાસ, સામાજિક જીવનનો ત્યાગ કરીને મુકત આધ્યાત્મિક જીવન ગાળવાની સ્વતંત્રતા હતી અને વૈષ્ણવ કે શીખ જેવા નવા ખ્યાલો દ્વારા નિયંત્રિત પેટા સમાજને

રચવાની સ્વતંત્રતા જૂથ માટે રહેતી હતી. પરંતુ આર્થિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચુસ્ત તથા કડક એકસૂત્રિત સમાજથી ધોરણમાંથી ચ્યુત થતા આવા ઉગ્ર મતભેદો સહન કરી શકાય નહિ. દેખીતી રીતે સામાજિક સિદ્ધાંતોની સંહિતા અને રૂઢિની વ્યવસ્થા તથા સમાજવાદી વ્યવસ્થાનો સિદ્ધાંત વૃદ્ધિ પામશે જેને વ્યવહારુ દૃષ્ટિએ શંકાની નજરે જોઈ શકાશે નહિ, અને કદાચ બૌદ્ધિક દૃષ્ટિએ પણ, કારણ કે એ વ્યવસ્થાને તરત જ હાનિ પહોંચાડશે. આમ શુદ્ધ આર્થિક શક્તિ અને કાર્ય, ગુણ, કર્મ અને બૌદ્ધિક પ્રણાલીઓની વ્યવસ્થામાં વ્યક્તિગત સ્વાતંત્ર્યના નિરોધન દ્વારા ઝડપી આકુંચન પર આધારિત નવીન નિશ્ચિત વ્યવસ્થા મળવી જોઈએ અને આ સ્થિર વ્યવસ્થા આખરે નવીન વ્યક્તિવાદી ક્રાંતિકારી યુગ જે અંતિમ તાત્ત્વિક અરાજકતાવાદના સિદ્ધાંતોથી કદાચ દોરાયેલો હશે તેનાથી ભાંગી પડશે.

બીજી તરફ હાનિકારક (વિપત્તિકારક) નિષ્પત્તિ સુધી આ વિકાસ પહોંચે એ અગાઉ એવાં પરિબળો પ્રક્રિયામાં રહે જે તેને છિન્નભિન્ન કરે અથવા તો સુધારે. પ્રથમ બૌદ્ધિક અને ભૌતિક વિજ્ઞાન પોતાની મર્યાદા વટાવી ગયાં છે અને ટૂંક સમયમાં આગળ વધતા મનોવૈજ્ઞાનિક અને ઐતિહાસિક જ્ઞાનથી તેને પાછું પાડી દેવામાં આવશે, અને એ માનવજાત સમક્ષ નવીન ક્ષિતિજ અને મનુષ્યનો નવો ખ્યાલ સર્જવામાં નિષ્ફળ નહિ જાય. એ જ સમયે તર્કનો યુગ એ દેખીતી રીતે તેના અંત ભણી ગતિ કરે છે. નીત્શેનો જીજીવિષાનો ખ્યાલ, બુદ્ધિથી પર બર્ગસોંનો પ્રજ્ઞાનો વિચાર અથવા સત્ત્વની પરાબૌદ્ધિક વ્યવસ્થા અને પરાબૌદ્ધિક મનઃશક્તિની સ્વીકૃતિ અંગે તાજેતરના જર્મન તાત્ત્વિક વલણમાં પ્રતિબિંબિત થતા સક્રિય ખ્યાલો, આર્થિક બુદ્ધિવાદનો કોઈ પણ અધૂરી નિશ્ચયાત્મક વ્યવસ્થાના અમુક વિધ્વંસક હોય એવા અદ્યતન વિચારો ઝડપથી સ્વીકારાતા જાય છે અને જગત પર પ્રવર્તતા જાય છે. અન્ય માનસિક સ્વસ્થતા નિશ્ચિત આકારનો પ્રારંભ થઈ રહ્યો છે અને સમાજના વ્યક્તિલક્ષી યુગને વ્યાવહારિક ક્ષેત્રમાં તેને પ્રયોજિત કરે અને પછીનું સ્થાન પ્રદાન કરવાનાં એંધાણ છે, જે નવીન નિશ્ચિત વ્યવસ્થાને નહિ પરંતુ તદ્દન ભિન્ન લક્ષ્ય પ્રતિ મહાન અને ગતિશીલ માર્ગ ખુલ્લો કરનો આત્મલક્ષી યુગ હશે. માનવચક્રના નવીન યુગના ઉષઃકાલમાં આપણે આવી ગયા છીએ એવો સંદેહ કરી શકાય છે.

બીજું જગતના પશ્ચિમે કરેલા જ્વલંત વિજય દ્વારા નિદ્રાધીન પૂર્વને જાગૃત કર્યું અને સમાજની પ્રાચીન રૂઢિઓ અને આઘાત કરેલો પશ્ચિમના વ્યક્તિત્વવાદ વચ્ચે વધતા જતા સંઘર્ષને સર્જ્યું છે. અહીં સમાજની જૂની રૂઢિઓ ઝડપથી અને પશ્ચિમમાં ધીમે ધીમે ખંડિત થાય છે પરંતુ પાશ્ચાત્ય

વ્યક્તિવાદથી તદ્દન ભિન્ન નિઃશંક જગ્યા લે તેમ બને. અમુક વ્યક્તિઓ ખરેખર એવો અભિપ્રાય વ્યક્ત કરે છે કે યુરોપમાં જે તર્કનો યુગ તેના આનુષંગિક ભૌતિકવાદ અને બિનસાંપ્રદાયિક વ્યક્તિવાદ પ્રવર્ત્યા અને યુરોપ પોતે નવીન વિચારો તથા સ્વરૂપો વિકસાવવામાં આગેકૂચ કરશે; પરંતુ આખરે તો આ અસંભવિત છે. આથી વિરુદ્ધ એવાં ચિહ્નો છે કે પૂર્વમાં વ્યક્તિવાદીયુગ લાંબાગાળાનો નહિ હોય તેમ જ તેનાં લક્ષણોમાં મુખ્યત્વે બૌદ્ધિક અને બિનસાંપ્રદાયિક નહિ હોય. જો એમ હોય તો જાગ્રતિનાં પરિણામે પૂર્વ જગતની સંસ્કૃતિની દિશા પર પ્રગલ્ભ અસર કરનાર અને નવીન સામાજિક વલણ તથા સંસ્કૃતિનો વિકાસ સાધવામાં પોતાના વલણને અનુસરે છે. અજાગ્રત પૂર્વના વિચારોના પ્રથમ ઓટના પ્રગલ્ભ પરિણામોની યુરોપ પર સંભવિત અસરને આપણે માપી શકીએ છીએ. પશ્ચિમમાં મન અને જીવન પર જે યાંત્રિક અર્થવાદે પ્રભુત્વ ભોગવવાનું ચાલુ રાખ્યું છે એ પ્રતિ આગેકૂચ કરતી સાંપ્રત વિચારસરણી પર સમાજની પુનર્વ્યવસ્થાની તે તરફેણમાં નહિ હોય, તેની ગમે તે અસર હોય પરંતુ પૌર્વાત્ય અસર સ્થૂળ સ્વરૂપવાળા શરીર અને પ્રાણ દ્વારા સૂચિત થયેલા પ્રબળ છતાં મર્યાદિત ધ્યેયોથી અન્ય ભૌતિક અસ્તિત્વનો આદર્શના મૂર્તિમંતપણા પ્રત્યે અધિક ખુલ્લાપણું, આત્મલક્ષીપણું અને વ્યાવહારિક આધ્યાત્મિકતાની દિશામાં વધુ સંભવિત છે.

પરંતુ સર્વમાં મહત્ત્વનું તો યુરોપના વ્યક્તિવાદી યુગમાં યુરોપે વ્યક્તિનું સંશોધન કર્યું. તેમાં ભવિષ્યને અંગે વિવિધ પ્રબળ ખ્યાલોમાં બે વધુ બળવાન ખ્યાલો છે, જેને ક્ષણિક પ્રત્યાઘાતથી તદ્દન દૂર કરી શકાય નહિ તે છે. આમાંનો પ્રથમ ખ્યાલ જે હવે સાર્વત્રિક સ્વીકૃતિ પામ્યો છે એ લોકશાહીનો ખ્યાલ છે, જેમાં પૂર્ણ વિકાસ અને જીવન જેના માટે વ્યક્તિ શક્તિશાળી છે તે માટે સમાજના સભ્યો તરીકે બધી વ્યક્તિઓને અધિકાર છે. સમાજના અમુક વર્ગો પોતાના માટે સંપૂર્ણ સામાજિક ફળપ્રાપ્તિ તથા વિકાસ કરવાનો ખોટો અધિકાર મેળવે અને અન્યને ફક્ત સેવાનો માત્ર શુષ્ક ગુણ ફાળવવો એ વ્યવસ્થાના આદર્શ તરીકે આપણે સ્વીકારી શકીએ નહિ. હવે એ નિશ્ચિત છે કે એક કે બે વર્ગોની સત્તા અને તેના ભપકામાં જ જૂથના સામુહિક વિકાસની ફળશ્રુતિ સમાઈ જાય એવી વ્યવસ્થાને આદર્શ તરીકે આપણે સ્વીકારવો એ હવે શક્ય નથી; અને અન્યને ફક્ત શુશ્રૂષાનું એકમાત્ર કાર્ય સોંપવું. હવે એવું નિશ્ચિત થયું છે કે એક કે બે વર્ગોની સત્તા અને તેના ભપકામાં જ જૂથના સામુહિક વિકાસની ફળશ્રુતિ સમાઈ જાય એવું નહિ પરંતુ સમાજમાં સર્વ વ્યક્તિઓનો અભ્યુદય અને વિકાસ એ સામાજિક વિકાસ તથા સુખાકારીનો અર્થ છે. સર્વ પ્રગતિશીલ રાજ્યોએ પૂર્ણપણે આ ખ્યાલને સ્વીકાર્યો છે અને

જગતના વર્તમાન સમાજવાદી વલણનો એ આધાર છે. પરંતુ વધારામાં વ્યકિત-વાદે આ ઊંડા સત્યને શોધ્યું છે, અને તે એ છે કે વ્યકિત એ ફકત સામાજિક એકમ નથી; તેનું અસ્તિત્વ, જીવવાનો અને વૃદ્ધિનો અધિકાર તથા દાવો ફકત તેના સામાજિક કાર્ય પર આધારિત નથી. એ માન્યતાવાળો સમૂહ કે જૂથનો સભ્યમાત્ર નથી. એ સ્વ-સ્વરૂપ, આત્મા કે સત્ત્વ છે અને સામુહિક અસ્તિત્વના નિયમ અને સત્યમાં પોતાના નૈસર્ગિક કે નિશ્ચિત કર્તવ્ય તેમજ વ્યકિતગત સત્ય તથા નિયમને પરિપૂર્ણ કરવાનું છે. એ સ્વાતંત્ર્ય, અવકાશ, સ્વપ્રકૃતિ તથા આત્મા માટે પ્રેરણા અને શુદ્ધ આધ્યાત્મિક ક્ષેત્રમાં વ્યકિતગત વિચાર, સંકલ્પ તથા પ્રેરકબુદ્ધિ તરીકે ભૂતકાળમાં કાં તો પાછી ધકેલવામાં આવી કે દમન કરી સમાજે જેની આશંકા કરી એવી અસાધારણ અને પ્રચંડ વસ્તુની માગણી કરે છે. જો કાળક્રમે આને સંમિલિત કરવાનું હોય તો એ અન્યના પ્રભુત્વ ધરાવતા વિચાર સંકલ્પ અને પ્રેરકબુદ્ધિમાં થઈ શકશે નહિ, પરંતુ તેનાથી કોઈ અતીત તત્ત્વમાં શકય છે જેમાં એ પોતે અને સર્વને સ્વતંત્ર રીતે વૃદ્ધિ કરવા છૂટ આપવી અને સહાય આપવી જોઈએ. આ એવો વિચાર અને એવું સત્ય છે જેને જો યુરોપ દ્વારા બૌદ્ધિક દૃષ્ટિએ ઓળખાય અને તેનું સંપૂર્ણ બાહ્ય અને ઉપરછલ્લું અગત્ય અપાય તો એશિયાના અર્થગંભીર અને ઉત્તમ આધ્યાત્મિક ખ્યાલો સાથે મૂળગામી દૃષ્ટિએ સંમત થાય છે અને ભવિષ્યને પરિવર્તિત—સુધારવામાં મહત્ત્વનો ભાગ ભજવવાનો છે.

પ્રકરણ ત્રીજુ

આત્મલક્ષી યુગનું આગમન

માનવજાતિના વ્યકિતવાદીયુગના વિકાસનું સમગ્ર વલણ, મનોવૈજ્ઞાનિક બીજરૂપ કારણ, મૂળભૂત લક્ષ્ય, પ્રયાસ અને વાજબીપણું એ સર્વ પરંપરાગત ધોરણો જે વૈચારિક સત્યમાંથી પરંપરાઓનો આરંભ થયો તેના જુઠ્ઠાપણાથી વિચાર અને કર્તવ્ય દબાયાં છે, તથા જીવનનાં મૂળભૂત સત્યોને પુનર્શોધિત કરવાની એક પ્રધાનવતી જરૂરિયાત તરફ પાછું વળે છે.

પ્રથમ દૃષ્ટિએ ટૂંકામાં ટૂંકો રસ્તો એ પ્રકાશ માટે અને જે પરંપરાના માળખામાં કાટ ખાઈ ગયો છે તેમાંથી મુકિત અપાવવા મૂળ વિચારોમાં પાછો વળવાનો છે. પરંતુ આ રસ્તા પર મોટા વ્યાવહારિક અવરોધ છે. સપાટી પરની વસ્તુઓથી પર અને માનવસમાજમાં આત્માના વિકાસના સૂક્ષ્મ સિદ્ધાંતોને નજીક પહોંચે એવો બીજો રસ્તો પણ છે. જૂના મૌલિક વિચારો જેની રૂઢિ દ્વારા હાંસી થાય છે, એ જે રૂઢિઓને કાળ-આત્મા હંફાવવા પ્રયત્ન કરે છે તેને પુનઃ બળ આપે છે અને જ્યારે સત્યશોધન વૃત્તિ તેના પ્રેરકબળમાં ઢીલી પડે છે ત્યારે રૂઢિઓ તેમની વ્યાપકતાના પુનઃસ્થાપનમાં મદદ કરે છે. એ શંકા વિનાનું છે કે એ પુનર્જીવિત થાય કે સુધારાય છતાં શકિત-શાળી રહે છે. અભિનવ દાખલ થાય છે, વસ્તુઓનું સત્ય વધારે જટિલ જુઠ્ઠાણાથી લદાય છે અને જો તેનાથી કંઈક જુદું હોય, વિકસિક માનવજાતિની જરૂરિયાત હમેશ જૂના વિચારો પ્રતિ પાછા વળવાનું નથી. તેની જરૂરિયાત એ જો ભૂતકાળને સ્વીકારી લે અને પરિવર્તિત તથા વિસ્તૃત કરે તો એવી વ્યાપક પરિપૂર્ણતા પ્રતિ પ્રગતિ કરવાની છે; કારણ કે વસ્તુઓનું આંતરિક સત્ય શાશ્વત અને ચિરંતર છે, પરંતુ તેની માનસિક આકૃતિઓ, તેનાં જૈવિક સ્વરૂપો, શારીરિક મૂર્તિમંત સ્વરૂપો સતતપણે વૃદ્ધિ અને ફેરફારની માગણી કરે છે.

વસ્તુઓની આવશ્યકતા અને તેનો આ સિદ્ધાંત માનવચક્રમાં વ્યકિત-લક્ષીવાદ અને બુદ્ધિવાદ ભલે તે ટૂંકજીવી હોય છતાં તેને અનિવાર્ય યુગ

તરીકે યથાર્થ ઠરાવે છે, આલોચનાત્મક તર્ક તેના કાર્યમાં મહદ્ અંશે ખંડનાત્મક હોય છતાં તેનું ટૂંકજીવી શાસન માનવપ્રગતિને માટે આવશ્યક જરૂરિયાત છે. ભારતમાં રાષ્ટ્રીય વિચાર અને જીવનની બુદ્ધ ધર્મ દ્વારા થયેલ ઊથલપાથલના સમયથી જીવન અને આત્માના સત્યનું પુનર્શોધન અને ક્ષુલ્લક પ્રથાઓ તથા આવરણની પાછળ જવાના વારંવાર પ્રયાસો થયા છે, પરંતુ આ વ્યાપક અને આંતરિક પરિવર્તનના ઉત્પાદક છે, છતાંયે મુખ્ય પ્રણાલિકાને દૂર કરવામાં સફળ થયા નથી. જો કે નુકસાનકારક અને વિનાશક બૌદ્ધિક વિવેચન આ ક્રિયાઓમાંથી તદ્દન ગેરહાજર નહોતું પરંતુ એ બહુ આગળ વધ્યા નથી. રચનાત્મક પરિબળને વિનાશક તત્ત્વોનું પર્યાપ્ત પીઠબળ નહોતું તેથી એ નવીન આકાર આપવા વ્યાપક અને સ્વતંત્ર અવકાશ સર્જી શક્યું નથી. માત્ર યુરોપની અસર અને પ્રભાવ હેઠળ વસ્તુ અને વિચારના ક્રાંતિકારી તથા કાર્યક્ષમ પુનર્મૂલ્યાંકનના નવા યુગની શરૂઆતને વેગ આપે એવા સંજોગો અને વલણો અસ્તિત્વમાં આવ્યાં છે. આ અસરોનો લાક્ષણિક પ્રભાવ અદ્યાપિ પર્યંત — છેક હાલ સુધી — બૌદ્ધિક, ઉપયોગિતાવાદી અને વ્યક્તિલક્ષી રહ્યો છે. તેણે રાષ્ટ્રીય માનસને સર્વ વસ્તુઓ પ્રત્યે નવીન, સંશોધનાત્મક અને આલોચનાત્મક દૃષ્ટિબિંદુએથી જોવાની ફરજ પાડી છે અને જે લોકો ભૂતકાળને પુનર્નિર્મિત કે વર્તમાનને જાળવવા પ્રયાસ કરે છે એ અર્ધજાગ્રત કે અજાગ્રતપણે યોગ્ય તાર્કિક ધોરણોથી અભિનવ દૃષ્ટિબિંદુથી તેમના પ્રયત્નને વાજબી ઠરાવે છે. સમસ્ત પૂર્વમાં આત્મલક્ષી એશિયાનું મન વિચાર અને જીવનનાં બદલાયેલાં મૂલ્યોની જરૂરિયાતને અનુકૂળ થવા દોરાયેલ છે. પાશ્ચાત્ય જ્ઞાન અને જીવન-જરૂરિયાત અને જીવન-વાતાવરણના ધરમૂળ ફેરફારના દબાણથી તેને સ્વયં નિરીક્ષણ કરવાની ફરજ પડી છે. એ પોતે જ આંતરિક આવશ્યકતાને વશ થયા નહિ એ બાહ્ય સૃષ્ટિમાંથી આવશ્યકતા રૂપે આવ્યું છે અને આ બાહ્ય પરિબળોએ પોતાની સાથે વિપુલ ફાયદો તેમજ મહાન આપત્તિને લાવ્યાં છે.

આમ જોતાં વ્યક્તિલક્ષીયુગ વ્યક્તિનો અને જે જગતમાં વ્યક્તિ સભ્ય તરીકે રહે છે તેનો કાયદો અને તેનું સત્ય શોધી કાઢવા માનવજાતિનો અભિનવ પ્રયાસ છે. તે યુરોપની જેમ વિશેષ કરીને ધર્મના ક્ષેત્રમાં રૂઢિએ જે મૂળભૂત સત્યને વિકૃત, કુરૂપ અને વધુ પડતું દાબી દીધું છે તે તરફ પાછા વળવાના પ્રયાસથી એ આરંભ કરી શકે પરંતુ એ પ્રથમ પગથિયાથી આગળ વધી અન્ય પ્રતિ આગળ વધવું જોઈએ અને અંત માનવજીવન અને પ્રવૃત્તિના બધા પ્રદેશોમાં વિચારના આધારોના સામાન્ય સંદેહના તબક્કામાં થવો જોઈએ. આખરી અને અનિવાર્ય અંજામ ધર્મ, દર્શન, વિજ્ઞાન, કળા અને સમાજની ક્રાંતિકારી પુનર્રચના છે. જીવનની જરૂરિયાત અને તેના અનુભવો દ્વારા વ્યક્તિગત મન

અને તર્કના પ્રકાશ દ્વારા સૌ પ્રથમ આગળ ધપે છે. પરંતુ તેની ગતિ વિશિષ્ટ-માંથી સાર્વત્રિક તરફ થવી જોઈએ. કારણ કે વ્યક્તિગત પ્રયાસ તેને તુરત જ દર્શાવે છે કે જેની સાથે સંબંધિત કરી શકે એવા સાર્વત્રિક સત્ય અને નિયમને શોધ્યા વિના એ પોતાના આંતર સ્વરૂપના સત્ય અને નિયમની સુરક્ષિત શોધ કરી શકે નહિ. એ પોતે વિશ્વનો એક અંશ છે; તેના સર્વસ્વ અને સૂક્ષ્માતિ-સૂક્ષ્મ આત્મામાં એ તેનું નિમ્ન સ્વરૂપ છે અને વિશાળ સેન્દ્રિય સમૂહમાં એ અલ્પ જીવકોષ તરીકે છે. તેના દ્રવ્યમાંથી એ પોતાના દ્રવ્યની તારવણી કરે છે અને પોતાના જીવનના નિયમનું સંચાલન અને નિર્માણ તેના જીવનના નિયમથી થાય છે. જગતના જ્ઞાન અને નવા દૃષ્ટિકોણમાંથી પોતાની જાતનાં જ્ઞાન અને નવાં દૃષ્ટિબિંદુ પોતાની શક્તિ, સામર્થ્ય અને મર્યાદાઓ, અસ્તિત્વ પરનો દાવો, વ્યક્તિગત અને સામાજિક ભવિષ્યના દૂરગામી કે તુરતજના ધ્યેય અને રાજમાર્ગ આગળ ધપવા જોઈએ.

યુરોપમાં અને આધુનિક સમયમાં આ દૃષ્ટિબિંદુએ સ્પષ્ટ અને શક્તિશાળી ભૌતિક વિજ્ઞાનનું સ્વરૂપ લીધું છે. ભૌતિક વિશ્વના નિયમો મનુષ્યના શારીરિક તત્ત્વ, વાતાવરણ, તેનો ઉત્ક્રાંતિનો ઈતિહાસ, માનવજીવનની શારીરિક, જૈવિક વ્યક્તિગત અને સામુહિક જરૂરિયાતથી નિર્મિત આર્થિક અને સમાજશાસ્ત્રીય પરિબળોની શોધખોળ કરીને એ દૃષ્ટિબિન્દુએ આગેકૂચ કરી છે. પરંતુ અમુક સમય પછી ભૌતિક વિશ્વનું જ્ઞાન એ જ્ઞાનનું સર્વસ્વ નથી એ દેખીતું બનવું જોઈએ. મનુષ્ય એ શારીરિક, જૈવિક અને માનસિક તત્ત્વ છે અને શારીરિક કે જૈવિક તત્ત્વ કરતાં વધુ હાર્દિક રીતે માનસિક છે. જો કે મનુષ્યનું માનસિક વલણ તેના ભૌતિક તત્ત્વ અને વાતાવરણથી પ્રબળપણે પ્રભાવ પામ્યાં છે અને મર્યાદિત બન્યું છે, છતાં તેના મૂળમાં તેનાથી નિર્મિત નથી, પરંતુ સતત પ્રતિક્રિયા કરે છે, કાર્યને સૂક્ષ્મપણે નિર્મિત કરે છે. જીવનની તેની માનસિક માગણીના બળ દ્વારા તેના નવીન આકારને અસર પહોંચાડે છે. મનુષ્યની આર્થિક સ્થિતિ અને સામાજિક સંસ્થાઓ પોતે સંજોગ, શરતો, શરીર અને પ્રાણના માનવજાતિના મન અને આત્મા વચ્ચેના સંબંધ સર્જાયેલાં વલણો પર મનોવૈજ્ઞાનિક માગણી દ્વારા સંચાલિત થાય છે. તેથી સત્યને સંબંધિત તેના તત્ત્વનો નિયમ અને વસ્તુઓના સત્યને શોધવા સૂક્ષ્મમાં ઐક્યિ કરવું જોઈએ અને વસ્તુઓના તથા પોતાના આંતર સ્વરૂપનાં વસ્તુલક્ષી સ્વરૂપો તથા સંજોગોના આત્મલક્ષી રહસ્યનું માપ કાઢવું જોઈએ.

થોડો સમય જે આલોચનાત્મક અને પૃથક્કરણાત્મક તર્ક દ્વારા એ આટલી હદ સુધી દોરી જવાયો છે તે તેની શક્તિ દ્વારા કાર્ય કરવા પ્રયાસ કરે. પરંતુ એ લાંબા સમય સુધી ચાલી શકે નહિ. જગતનો અને પોતાનાં સ્વરૂપનો

અભ્યાસ કરતાં કરતાં એ જગતમાં રહેલા આત્મા અને પોતાની આંતરસૃષ્ટિમાં વસતા આત્માના પરિચયમાં આવ્યા વિના રહેવાનું નથી. આ આત્મા એ એટલાં છૂપાં રહસ્યો અને શક્તિઓથી સભર, જટિલ અને પ્રતિભાશાળી છે કે બૌદ્ધિક તર્ક અપર્યાપ્ત પ્રકાશ અને કઠંગા શોધક તરીકે દગો દે છે. ઉપરછલ્લી બાબતો અને જે તેની પાછળ રહે છે તેનું સફળ રીતે પૃથક્કરણ કરે છે. વધારે ઊંડા જ્ઞાનની આવશ્યકતા તેને આંતર સ્વરૂપમાં નવી શક્તિઓ અને સાધનોની શોધ પ્રતિ વાળશે. તેને જણાય છે કે આત્મ-આલોચનાત્મક બનીને નહિ, સપાટીની ચેતના પર ભૂલથાપ ખાવી, પરંતુ સક્રિયપણે આત્મ-સભાન બનીને, બાહ્ય મનોવિજ્ઞાન અને સપાટી પરની મનોવૃત્તિની પાછળ જે તત્ત્વ છે તેની સાથે પોતાની જાતને સભાનપણે સંવાદિત થઈને હવે જે પ્રકાશ અને શક્તિ તરફ ખુલ્લો થયો છે તે ઊંડા પ્રકાશ દ્વારા પોતાની પ્રવૃત્તિને સક્રિય બનાવીને પોતાના તર્કને પ્રકાશવાન બનાવીને જ પોતાની જાતને જાણી શકશે. આ પ્રક્રિયામાં બૌદ્ધિક આદર્શ અંતઃસ્ફુરણાત્મક જ્ઞાન અને ઊંડી આત્મ-જાગ્રતિના આદર્શને નિમ્નવર્તી રહેવાનું શરૂ કરે છે. ઉપયોગિતાવાદી ધોરણ આત્મ-ચેતના અને આત્મ-સાક્ષાત્કાર મેળવવાની અભીપ્સા માટે માર્ગ ખુલ્લો કરે છે. ભૌતિક નિસર્ગના પ્રગટ નિયમો મુજબ જીવનરીતિની જગ્યાએ જગતના અને માનવજાતિના આંતર અને બાહ્ય જીવનમાં ક્રિયાશીલ સંકલ્પ અને શક્તિ તથા છુપાયેલા નિયમને અનુસરીને જીવન જીવવાનો પ્રયાસ હાથ ધરાય છે.

આ સર્વ વલણો જો કે પ્રાથમિક અણવિકસિત અને કાચા સ્વરૂપે છે. છતાં જગતમાં હવે પ્રગટ છે અને દિનપ્રતિદિન નોંધપાત્ર ગતિથી તેમની વૃદ્ધિ થતી જાય છે. અને તેમનો ઉદ્‌ભવ તથા પ્રભુત્વ માનવવિકાસ જેનું વ્યક્તિવાદે સર્જન કર્યું છે તેના બૌદ્ધિક અને ઉપયોગિતાલક્ષી તબક્કાઓમાંથી સમાજના આત્મલક્ષી યુગ તરફ પ્રયાણ છે. વર્તમાન વિચારની વધારે વ્યાપક અને પ્રગલ્ભ ગતિ જે જૂનાં બૌદ્ધિક ધોરણોથી વિરુદ્ધ છે અને જૂનાં માળખાંઓનું ઝડપી ખંડન થયું તેમાં થતા પરિવર્તનથી શરૂઆત થઈ. ઓગણીસમી સદીના ભૌતિક-વાદે સૌ પ્રથમ નવીન અને ગહન પ્રાણવાદ જેણે નીત્ઝેના 'શક્તિ સંકલ્પ' અને 'વ્યક્તિત્વ સંકલ્પ'ના સિદ્ધાંતમાંથી વિવિધ રૂપો ધારણ કર્યાં તેને સ્થાન આપ્યું, ત્યાર બાદ નવીન બહુતત્ત્વલક્ષી અને વ્યવહારલક્ષી દર્શનને સ્થાન આપ્યું એ દર્શન બહુતત્ત્વલક્ષી છે કારણ કે એ વસ્તુતંત્રને પ્રકાશ અને જ્ઞાનના પ્રત્યયો કરતાં બળ અને પ્રવૃત્તિની પરિભાષા દ્વારા અર્થઘટિત કરવા પ્રયાસ કરે છે. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું એ પહેલાં યુરોપના વિચાર અને જીવન પર વિશેષે ફ્રાન્સ અને જર્મની પર હજુ ગઈ કાલ સુધી વિચારનાં આ વલણોએ પ્રગાઢ અસર પાડી હતી, એ જો કે

ઓછા પ્રભાવશાળી માણસોનાં પ્રયોજનનાં કર્મથી એ ઉપરછલ્લી પીછેહઠ વર્તાઈ હતી પરંતુ જીવન અને પ્રવૃત્તિના બુદ્ધિવાદમાંથી એ ઉપરછલ્લી પીછેહઠ નહોતી. વિશ્વના પ્રાણ-આત્મા દ્વારા ગહન અર્થઘટન કરવું અને જીવવાનો એ પ્રયાસ હતો અને તેમની પદ્ધતિમાં આત્મલક્ષી તેમજ સૂક્ષ્મપણે મનોવૈજ્ઞાનિક બન્યા. તેની ભૂગર્ભમાં જૂના તાર્કિક બુદ્ધિવાદની બદનામીથી સર્જાયેલ શૂન્યાવકાશમાં નવીન અંતઃસ્ફુરણાવાદના ઉદયનો આરંભ થયો હતો. આત્માનાં બારણાંઓ પર સદંતર બંધ કરાયેલી છાપ પર એ કોઈક સમય અનિશ્ચિત બાહુઓ મૂકે છે અને પ્રાણતત્ત્વની પાછળથી પ્રાણના સ્વરૂપો અને શક્તિઓ દ્વારા જે પ્રેરણા અને સ્વરૂપ વિષે એ અજ્ઞાન છે તેની શોધ કરે છે.

જગતનાં કળા, સંગીત અને સાહિત્ય એ હમેશ યુગની પ્રાણલક્ષી વૃત્તિઓનાં દર્શક તરીકે રહ્યાં છે અને એ હમેશ સૂક્ષ્મમાં ગતિ કરતા આત્મલક્ષીવાદની દિશામાં પ્રગાઢ ક્રાંતિશીલ રહ્યા છે. ભૂતકાળની મહાન વસ્તુલક્ષી કળા અને તેનું સાહિત્ય નવા યુગના મનને સ્વીકાર્ય નથી. વિચારમાં તેમ સાહિત્યમાં પ્રથમ વલણ વૃદ્ધિ પામતું મનોવૈજ્ઞાનિક પ્રાણબળ જે મનુષ્યનાં સૂક્ષ્મ માનસિક પ્રેરકબળો અને વૃત્તિઓ તેની સંવેગાત્મક, સૌન્દર્યાત્મક અને પ્રાણલક્ષી એષણાઓ અને પ્રવૃત્તિઓમાં અભિવ્યકત થાય છે. મહાન ચાતુર્ય અને સૂક્ષ્મતા વડે બંધાયેલા પરંતુ માનવસ્વરૂપના નિયમમાં ખરી વેધક દૃષ્ટિ વિના આપણા સપાટી પરના આવેગો, ઈન્દ્રિયવેદનો અને કર્તવ્યો જેમને તેમણે વ્યાપક અને જ્ઞાનના પ્રગલ્ભ જ્ઞાન વિના બારીકાઈથી પૃથક્કૃત કર્યા તેની પર આ સર્જનો ભાગ્યે જ ઉઘટાવી શકયાં. એ તાત્કાલિક આનંદ પ્રેરે એવાં હતાં પરંતુ જૂના સાહિત્યની સરખામણીમાં સાધારણ રીતે ઊતરતાં હતાં. જૂના સાહિત્યે વ્યાપક અને શક્તિશાળી પ્રભુત્વથી તેના ક્ષેત્રને હાથ ધર્યું હતું. તંદુરસ્તી અને શક્તિ વર્ણવવા કરતાં તેણે પ્રાણતત્ત્વનું દર્દ વર્ણવ્યું હતું. પ્રાણતત્ત્વની આત્મ-અભિવ્યકિત અને આત્મ-અધિકારના સક્રિય તત્ત્વને તેની એષણાનાં હુલ્લડ અને પ્રતિકારને હાથ-ધર્યાં નહિ તેથી એ નિર્વીર્ય અને અસંતુષ્ટ રહ્યાં છે. રશિયામાં જ્યાં આ ચળવળ ઉચ્ચ સર્જનાત્મક શક્તિની ટોચે પહોંચી ત્યાં પ્રાણતત્ત્વ તરફ વાળવા કરતાં યથાર્થ મનોવૈજ્ઞાનિક કળા, સંગીત અને માનસિક પ્રજ્ઞાનાત્મક અને ચૈતસિક સાહિત્ય તરફ વળ્યા. તેના પૂર્વગામીઓ ભૂતકાળના વસ્તુલક્ષી માનસમાંથી પ્રસ્થાન પામ્યા તેમ ઉપરછલ્લા પ્રાણતત્ત્વમાંથી દૂર ગયા. અભિનવ તાત્ત્વિક અંતઃસ્ફુરણાવાદની જેમ આવરણને ચીરી નાખી બહાર અભિવ્યકત કરતું નથી એવા પરિબળને માનવમન દ્વારા પકડમાં લઈ વસ્તુઓના આંતરતમ છૂપા તત્ત્વને સ્પર્શી આ નવી ચળવળનું ધ્યેય તેમાં ઊંડો પ્રવેશ પ્રાપ્ત કરવાનું છે. એમાંનું ઘણું ખરું નિર્બળ અને અસ્થિર, શોધના

વિષયમાં સત્ત્વહીન, રૂપોમાં પ્રાથમિક હતું. પરંતુ જૂના મૂળમાંથી માનવમનના નિર્ણાયક પ્રસ્થાનનો આરંભ કર્યો અને નવા આંતર જગતની શોધ જે પરિણામે બાહ્ય જીવનમાં નવા જગતનું સર્જન કરે તે સંશોધનની મજલની દિશા પ્રતિ અંગુલિ નિર્દેશ કર્યો. વસ્તુલક્ષી અને તાર્કિક નિયમ કે એકરૂપતાથી દૂર વસ્તુઓની છૂપી બાજુ કહી શકાય એવી આત્મલક્ષી શોધ પ્રતિ કલા અને સાહિત્યે ખરેખર વળાંક લીધો હોય એમ લાગે છે. જીવન સાથેની વ્યાવહારિક લેવડદેવડમાં પ્રગલ્ભ આત્મલક્ષીવાદમાંથી પ્રગતિશીલ ઉચ્ચ વલણો પ્રેરણા લે છે. દૃઢપણે કશું પ્રાપ્ત થયું નથી, હજુ આ હંગામી આરંભ છે અને નવીન આત્મતત્ત્વના ભૌતિક સ્વરૂપ માટે હજુ પ્રાથમિક કક્ષાનો સંવેદનાત્મક અનુભવ થતો હોય એમ લાગે છે. જગતની અગ્રગણ્ય પ્રવૃત્તિઓ, યુરોપમાં રાષ્ટ્રો વચ્ચે વ્યાપક સંઘર્ષ અને રાષ્ટ્રોની અંદર પૂર્વગામી અને અનુગામી તરીકે થયેલ ઊથલપાથલ અને ફેરફાર જેવા તાજેતરના મહાન બનાવો એ પશ્ચિમમાં એક તરફ હજુ નવીન અને ઉપરછલ્લી આત્મલક્ષી તથા પ્રાણતત્ત્વની પ્રેરણાઓ વચ્ચે ગોટાળાભરેલી અર્ધદગ્ધ મથામણ, સંતલશ કરવા અપૂર્ણ પ્રયાસના પરિણામે થવા પામ્યું છે. આ પ્રેરણાઓ આત્માના ખરા આંતરિક વિકાસથી પ્રદીપ્ત થઈ નહોતી એ અનિવાર્યપણે યુરોપના મહાન બનાવો પર પ્રભુત્વ મેળવવા માગતી હતી અને પોતાના જીવનની નિરંકુશ માગણીઓને સંતોષવા તેમનો ઉપયોગ કરતી હતી. જગત 'જીવવાની એષણા' અને 'સત્તાની એષણા'ની વિરાટકાય પૂર્ણ સંસ્થા પ્રતિ ગતિ કરી રહ્યું હતું અને પોતાના સંચાલક વિચાર અને પ્રેરક બળને દર્શાવવા પ્રાણનાં નવીન સ્વરૂપો હવે શોધ્યાં છે, હજુ શોધી રહ્યાં છે. પ્રદીપ્ત થયેલી પ્રાણલક્ષી પ્રેરક-શકિત સાથે તાર્કિક યુકિત અને સરળ બુદ્ધિનું પ્રબળ મિશ્રણ કરવામાં આવ્યું તેને પરિણામે તાજેતરમાં વિશ્વ-વિગ્રહનું આસુરી અને રાક્ષસી સ્વરૂપ સર્જાવા પામ્યું છે, અને સ્થાપિત ભૌતિક વિજ્ઞાનના મેધાવી તરીકે તેના જીન બનીને વિરાટકાય, સ્થૂળ આત્મવિહોણા ચમત્કારો સર્જનાર કર્તારૂપે એ સેવા બજાવે છે. જે વિસ્ફોટક શકિત સર્જાઈ તેને પરિણામે યુદ્ધ ફાટી નીકળ્યું અને જો કે તેને લીધે જગત પાયમાલીમાં મુકાયું, તેના દ્વારા સર્જાયેલ પરિણામોએ વિનાશને નોતર્યો હોત; કારણ કે તેમણે ખરેખર વિચ્છેદક અંધાધૂંધી ઉત્પન્ન કરી છે. અને રાક્ષસી મિશ્રણ જે તેણે ઉત્પન્ન કર્યું છે તેના દ્વારા કમકમાટી ઉપજાવે એવી ગેરવ્યવસ્થા સર્જાઈ છે; અને આ હિતકારી વિનાશથી વધારે ઉચ્ચ લક્ષ્ય તરફ ગતિ કરતા સાચા વિકાસની ગતિમાં જીવનના મુખ્ય અવરોધો અદૃશ્ય થવા લાગ્યા.

આ સર્વની પાછળ જાતિની આશા—વ્યકિત અને સામાજિક જીવનની વ્યવસ્થા, મનુષ્યનું પોતાનું આંતરસ્વરૂપ અને પોતાના બાંધવો સાથે અભિનવ

આત્મલક્ષી અને ચૈતસિક સંબંધનાં બીજ જે શિશુ અને નિમ્નવર્તી વૃત્તિઓમાં પડયાં છે તેમાં રહેલી છે. યુદ્ધ પૂર્વેના યુગમાં શિક્ષણ અને બાળઉછેરના નવીન વિચારોમાં આ વૃત્તિઓની ખાસિયત દેખાય છે. અગાઉ જ્ઞાન અને તાલીમના આપખુદીપણે નક્કી કરેલા ચીલાઓમાં બાળકના સ્વભાવને યાંત્રિક-પણે વાળવું તેને શિક્ષણ લેખવામાં આવતું હતું. તેમાં આત્મલક્ષી વ્યકિતમત્તાને છેલ્લું સ્થાન આપવામાં આવતું હતું, અને તેનો કૌટુંબિક ઉછેર એ તેના વિચારો, ટેવોની ફરજિયાત રચના અને સતત દમન અને શિક્ષકો તથા માતાપિતાના આદર્શો અને વ્યકિતગત રસ કે રૂઢિગત વિચારોથી નિર્મિત ઢાંચામાં તેનું ચારિત્ર્ય ઘડતર હતું; એવી જે શોધ થઈ કે શિક્ષણ બાળકની પોતાની બૌદ્ધિક અને નૈતિક શકિતઓને તેની ઉત્તમ કક્ષા તથા મૂલ્ય સુધી પ્રગટ કરવાનું કાર્ય કરે છે અને તેનો આધાર એ બાળકની પ્રકૃતિનું મનોવિજ્ઞાન છે, એ પ્રયાસ વધુ આત્મલક્ષી વ્યવસ્થાને પ્રેરે તેવો હતો તેથી વધુ તંદુરસ્ત હતો. પરંતુ એ હજુ અપૂર્ણ હતો કારણ કે તેમાં હજુ વિદ્યાર્થીને શિક્ષક દ્વારા ઘડવાના, સંચાલિત અને તાલીમ આપવાના પદાર્થ-વિષય તરીકે લેખવામાં આવતો હતો. પરંતુ પ્રત્યેક મનુષ્ય આત્મ-વિકસિત આત્મા છે અને માતાપિતા તથા શિક્ષક બંનેનું કાર્ય બાળક પોતે તાલીમ લે, પોતાની બૌદ્ધિક, નૈતિક, સૌન્દર્યાત્મક અને વ્યાવહારિક શકિતઓને વિકસાવે, સેન્દ્રિય એકમ તરીકે મુકતપણે વૃદ્ધિ પામે અને અચેતન નરમ ઉપાદાન જેમ મસળ્યા તથા દબાવ્યા વગર તેને મદદ કરી શકિતમાન બનાવવાનું છે. આ આત્માનું કયું સ્વરૂપ છે અથવા મનુષ્યમાં કે બાળકમાં સાચું રહસ્ય છે એ યથાર્થ આંતરિક ચૈતસિક તત્ત્વને તથા સૂક્ષ્મ જીવને શોધવામાં મદદ કરવી એ હજુ સુધી સાકાર થયું નથી. જો તેને આગળ આવવાની કોઈ વખત પણ તક આપીએ અને હજુ વધારે 'સામે ચાલતી સેનાના અધિપતિ' તરીકે અગ્રસ્થાનમાં આવાહન આપીએ તો એ આપણા હાથમાંથી શિક્ષણનું કાર્ય મહદ્ અંશે લઈ લેશે અને મનુષ્ય અને જીવનનો વર્તમાન યાંત્રિક ખ્યાલ અને તેમની સાથે વ્યવહાર કરવા બાહ્ય રૂઢિગત પદ્ધતિઓ જેનો ખ્યાલ અને અનુભવ કરવામાંથી વંચિત રાખે છે એનું પ્રગટીકરણ અને મૂર્તિમંતપણા પ્રતિ ગતિ કરતા મનોવૈજ્ઞાનિક આંતર સ્વરૂપની શકિતને વિકસાવે છે. આ યથાર્થ અને યોગ્ય વ્યવહારના સીધા માર્ગ તરફ નવી શૈક્ષણિક પદ્ધતિઓ ગતિ કરે છે. પ્રાણલક્ષી અને ભૌતિક માનસની અંતર્ગત ચૈતસિક તત્ત્વનો સ્પર્શ કરીએ અને તેની શકયતાઓ પર વધુ આધાર અને વિશ્વાસ રાખવાથી મનુષ્ય સ્વરૂપે આત્મા અને દિવ્ય સત્તાની સભાન શકિત છે અને જો મનુષ્ય પોતાના સૂક્ષ્મ કાયદા અને ગુપ્ત સત્ય મુજબ જીવે અને શોધ આરંભે તો તેને ખરેખર શિક્ષણ અને સમગ્ર માનવ-

જીવનનું યોગ્ય ધ્યેય લેખી શકાય છે. પ્રાચીન માણસો આ જ્ઞાનને ધાર્મિક તથા સામાજિક પ્રતીકવાદ દ્વારા વ્યક્ત કરવા પ્રયાસ કરતા હતા અને આત્મલક્ષીવાદ ભુલાઈ ગયેલા જ્ઞાન તરફ વળવાનો એક માર્ગ છે. મનુષ્યનો આંતરિક અનુભવ ગાઢ બનાવીને ભૂતકાળમાં ન બન્યું હોય, કદાચ જાતિનું આત્મ-જ્ઞાન પુનઃ સ્થાપિત કરીને તેણે તેની સામાજિક તથા સામુહિક આત્મઅભિવ્યક્તિમાં ક્રાંતિ લાવીને કાર્ય પૂરું કરવું જોઈએ. ત્યાં સુધીમાં નવા યુગની તૈયારીરૂપે અવિકસિત આત્મલક્ષીવાદે સામાજિક વિકાસની વૃત્તિઓ અને પ્રધાનવર્તી વિચારો જે ફક્ત ઉપરછલ્લી રીતે આત્મલક્ષી વૃત્તિથી સ્પર્શાયા છે અને મહદ્ અંશે બૌદ્ધિક અને ભૌતિકવાદી છે તેમાં અથવા વ્યક્તિના સંબંધોમાં પ્રદર્શિત થયું નથી, પરંતુ ભૂતકાળમાં મનુષ્ય દૃઢપણે તેના જીવનની સેન્દ્રિય સમૂહ શક્તિ અને અભિનવ સામુહિક આત્મ-ચેતનામાં વિકસાવી છે એવા રાષ્ટ્રમાં પ્રદર્શિત કર્યા છે. અહીં એ પ્રાણલક્ષી કે ચૈતસિક આત્મલક્ષીવાદ તરીકે શક્તિશાળી પરિણામો ઉત્પન્ન કરવા લાગ્યું છે, અને અહીં આપણે સ્પષ્ટપણે તેનું લક્ષ્ય, ત્રુટિઓ, તેનાં ભયસ્થાનો તેમજ માનવજાતના આત્મલક્ષી યુગની શરતો અને ખરું લક્ષ્ય તથા સામાજિક ચક્ર આ તબક્કામાં પ્રવેશ કરીને જે લક્ષ્ય તરફ વ્યાપક ક્રાંતિ ભણી પહોંચવા આશય ધરાવે છે તેને જોઈ શકીશું.

પ્રકરણ ચોથું

રાષ્ટ્ર-આત્માની શોધ

વ્યકિતગત જીવનનો હેતુ અને પાયાનો કાયદો એ પોતાના આત્મ-વિકાસની ખોજ કરવાની છે. પોતાના આત્મ-સ્વરૂપનું સામર્થ્ય અને નિયમને શોધી કાઢવા, પરિપૂર્ણ કરવા અને યોગ્ય રીતે તેનું આત્મ આલેખન કરવા એ હમેશ જાગ્રત, અર્ધજાગ્રત અથવા ક્લિષ્ટ અજાગ્રતપણે મથામણ કરે છે. આ ધ્યેય મૂળભૂત, ન્યાયપુરઃસર, અનિવાર્ય છે કારણ કે સર્વ સુધારાઓ અને ગુણ તથા આદર્શોને સ્વીકાર્યા પછી પણ વ્યકિત એ ક્ષણિક ભૌતિક પ્રાણી, મન અને શરીર જે ભેગું મળે છે અને વિસર્જન પામે છે એવું સ્વરૂપ નથી, પરંતુ આત્મ-અભિવ્યકત આત્મતત્ત્વ, શાશ્વત સત્યની જીવંત શકિત છે. એ રીતે સમાજનો, સમૂહનો કે રાષ્ટ્રનો પ્રાથમિક કાયદો અને હેતુ પોતાની આત્મ-પરિપૂર્ણતા શોધવાની છે. પોતાના આંતર સ્વરૂપના કાયદા અને સામર્થ્ય, આત્મજાગ્રતિ પ્રાપ્ત કરવા આત્મ-અભિવ્યકત જીવન જીવવા પોતાની સુપુપ્ત શકિતને સાકાર કરવા પોતાના સ્વરૂપને શોધવા યોગ્ય પ્રયત્ન કરે છે. તેનું કારણ એક જ છે કારણ કે આ પણ શાશ્વત સત્યની જીવંત શકિત તથા સ્વરૂપ, વૈશ્વિક આત્માની આત્મ-અભિવ્યકિત છે અને તેની અંદર રહેલા વૈશ્વિક આત્માના અર્થ, સામર્થ્ય વિવિધ શકિતની માત્રાઓમાં એ પોતાની આગવી રીતે અભિવ્યકત અને પરિપૂર્ણ કરવા રહે છે. વ્યકિતની જેમ રાષ્ટ્ર કે સમાજને દેહ સેન્દ્રિયજીવન, નૈતિક અને સૌન્દર્યાત્મક સ્વભાવ, વિકસિત મન અને સંજ્ઞાઓ તથા સામર્થ્યની પાછળ જે માટે તે અસ્તિત્વ ધરાવે છે એ આત્મા આવ્યો છે. વ્યકિતની જેમ એ પણ જુએ કે તેને આત્મા આવ્યો છે. વિશિષ્ટ ભિન્નતાને એક વખત પ્રાપ્ત કરી લીધા પછી સમૂહ-આત્મા વધુ ને વધુ આત્મ-સભાન બનવો જોઈએ અને એ જેમ જેમ પોતાની સેન્દ્રિય આત્મ-અભિવ્યકત જીવનને, મનોવલણને અને સામુહિક પ્રવૃત્તિને વિકસાવે છે તેમ એ પોતાના આંતર સ્વરૂપને શોધી શકશે. સમાંતર તત્ત્વ પ્રત્યેક તબક્કે જણાય છે કારણ કે એ સમાંતર તત્ત્વ કરતાં કંઈક વધારે છે. એ ખરેખર પ્રકૃતિની તાદાત્મ્યતા છે. તેમાં એટલો ભેદ છે કે જૂથ-આત્મા વધુ જટિલ છે કારણ

કે તેની પાસે જૈવિક અચેતન કોષના સમૂહને બદલે તેના ભૌતિક તત્ત્વનાં ઘટકો માટે અંશત: આત્મ-સભાન માનસિક વ્યક્તિઓની મોટી સંખ્યા સૌ પ્રથમ દૃષ્ટિએ આ કારણને લીધે એ વધુ સ્થૂળ, પ્રાચીન અને જે સ્વરૂપ ધારણ કરે છે એ કૃત્રિમ છે; કારણ કે તેની સમજ વધુ મુશ્કેલ કાર્ય છે, પોતાની જાતને શોધી કાઢવા વધુ સમયની જરૂર પડે છે, એ ઓછું સેંદ્રિય અને વધુ મિશ્ર પ્રવાહી પ્રકારનું છે. જ્યારે એ અસ્પષ્ટ સભાન આત્મરચનાના તબક્કામાંથી બહાર નીકળવામાં ફળીભૂત થાય છે. તેની પ્રથમ નિશ્ચિત આત્મચેતના આત્મ-લક્ષી હોવા કરતાં વધુ વસ્તુલક્ષી છે. જ્યાં સુધી એ આત્મલક્ષી છે ત્યાં સુધી એ શિથિલ, અસ્પષ્ટ અને ઉપરછલ્લા બની જાય તેમ છે. આ વસ્તુલક્ષિતા રાષ્ટ્રના સાધારણ સંવેગાત્મક ખ્યાલ જે તેની તદ્દન બાહ્ય અને ભૌતિક બાજુ આપણામાં જે ભૂમિ માટેની એષણા છે, આપણા પિતામહની ભૂમિ, આપણા જન્મની ભૂમિ, દેશ, જન્મભૂમિના વાતાવરણમાં કેન્દ્રિત થયેલો છે તેમાં પ્રબળ રીતે પ્રગટ થાય છે. જ્યારે આપણે દૃઢપણે સમજીએ કે રાષ્ટ્ર પર અસર પહોંચાડવામાં ભૂમિ એ જીવકોષ છે, જો કે જીવંત અને શક્તિશાળી જીવકોષ છે, જ્યારે આપણને લાગે કે વ્યક્તિગત માનવની જેમ દેહ નિત્ય બદલતો હોવા છતાં એ એક જ છે. રાષ્ટ્ર-તત્ત્વનાં ઘટકો રૂપે પુરુષો અને સ્ત્રીઓ છે, એ તેનો ખરો દેહ છે એમ આપણને જ્યારે લાગે છે ત્યારે આપણે સાચી આત્મલક્ષી સામુહિક ચેતનાના માર્ગ તરફ છીએ એમ જાણવું. કારણ કે ત્યારે આપણને એ જાણવાની થોડી તક મળે છે કે સમાજનું શારીરિક તત્ત્વ એ માત્ર વસ્તુલક્ષી અસ્તિત્વ નથી, પરંતુ આત્મલક્ષી શક્તિ છે. વધુમાં એ આંતરિક સ્વરૂપમાં આત્મ-જીવનનાં ભગસ્થાનો અને સર્વ બધી શક્યતાઓ સાથે મહાન આત્મા છે.

પશ્ચિમમાં માનવજાતના ઐતિહાસિક તબક્કા દરમ્યાન સમાજના વસ્તુલક્ષી ખ્યાલે શાસન કર્યું છે. પૂર્વમાં એ પર્યાપ્તપણે પ્રબળ છે છતાં એ સંપૂર્ણપણે ગરકાવ કરી દે તેવું નથી. શાસકો, લોકો અને વિચારકો એ સરખી રીતે પોતાના રાષ્ટ્રીય અસ્તિત્વ દ્વારા રાજકીય દરજ્જો, સીમામર્યાદાઓ, આર્થિક કલ્યાણ અને વિકાસ, તેમના કાયદાઓ, સંસ્થાઓ અને આ વસ્તુઓની પ્રક્રિયા સમજ્યા છે. આ કારણને લીધે ઉપરછલ્લી સપાટી પર બધે રાજકીય અને આર્થિક પ્રેરણાઓએ વર્ચસ્વ ભોગવ્યું છે અને ઇતિહાસ એ તેની પ્રવૃત્તિ અને પ્રભાવની વૃત્તાંત કથા લેખવામાં આવે છે. એક આત્મલક્ષી અને મનોવૈજ્ઞાનિક સામર્થ્ય જેની સભાન કબૂલાત અને જેનો મુશ્કેલીથી નકાર કરાય છે એ વ્યક્તિનું સામર્થ્ય છે. આ વર્ચસ્વ એટલું બધું છે કે અમુક રાજકીય ચિંતકો અને મોટા ભાગના આધુનિક ઇતિહાસકારોએ નિર્ણય તારવ્યો છે કે પ્રકૃતિના નિયમથી

વસ્તુલક્ષી અનિવાર્યતાઓએ જ યથાર્થ નિર્માણકારી બળો છે, બીજું બધું આ બળોના ઉપરછલ્લા અકસ્માતો અથવા પરિણામ છે. વૈજ્ઞાનિક ઇતિહાસનો એવો ખ્યાલ કરવામાં આવ્યો છે જાણે કે રાજકીય પ્રવૃત્તિની આનુષંગિક પ્રેરણાઓની પ્રશસ્તિ અને વૃત્તાંત, આર્થિક બળો અને વિકાસ અને સંસ્થાકીય વિકાસની પ્રક્રિયાનો વૃત્તાંત છે. અમુક ગણ્યાગાંઠ્યા જે હજુ મનોવૈજ્ઞાનિક તત્ત્વને વધુ કિંમતી લેખે છે તેમનું ધ્યાન વ્યક્તિઓ પર સ્થિર છે અને ઇતિહાસ એ જીવનકથાનો સમૂહ છે એ ખ્યાલમાંથી દૂર નથી. ભવિષ્યનું સાચું અને વધુ સર્વગ્રાહી વિજ્ઞાનને એ જણાશે કે રાષ્ટ્રીય વિકાસના ફક્ત અપૂર્ણ આત્મસભાન તબક્કાને લાગુ પડે છે એ વખતે પણ વ્યક્તિઓ, રાજકીય નીતિઓ, આર્થિક ગતિઓ અને સંસ્થાના પરિવર્તન અને આર્થિક ચળવળોની પાછળ કાર્ય કરી રહેલું આત્મલક્ષી પરિબળ રહ્યું છે પરંતુ મહદ્ અંશે તેણે સભાન મન કરતાં અર્ધજાગ્રત અને આંતર જીવ તરીકે કાર્ય કર્યું. જ્યારે સમૂહ-આત્માની આ અર્ધજાગ્રત શક્તિ સપાટી પર દેખા દે છે ત્યારે, રાષ્ટ્રો તેમના આત્મલક્ષી જીવના સર્કજામાં પ્રવેશે છે, એ અસ્પષ્ટ કે અપૂર્ણપણે તેમના આત્માને પ્રાપ્ત કરવા તત્પર બને છે.

સામુહિક મનોવૃત્તિની સપાટી પર આ આત્મલક્ષી અસ્તિત્વની આછી સમજ હમેશ ક્રિયાન્વિત હોય છે. પરંતુ જેટલે અંશે આ આછી સમજુતી નિશ્ચિત રૂપ પકડે છે તેટલે અંશે એ બિનજરૂરી, સવિસ્તર માહિતીઓ, રાષ્ટ્રીય ખાસિયતો, ટેવો, પૂર્વગ્રહો અને વિશેષ મનોવૃત્તિઓ સાથે સંબંધ રાખે છે. એ આત્મલક્ષીપણાની વસ્તુલક્ષી સમજ છે. મનુષ્ય પોતાની જાતને દેહ અને પ્રાણ તરીકે, નૈતિક કે અનૈતિક સ્વભાવવાળું ભૌતિક પ્રાણી સમજીને, મનની વસ્તુઓને સુંદર પુષ્પ તરીકે તથા ભૌતિક જીવનની સિદ્ધિ તરીકે, નહિ કે સ્વતઃ હાર્દિક તત્ત્વ કે તેના પ્રતીક તરીકે જોવા ટેવાયેલ છે. તેટલી હદ સુધી સ્વકીય આત્મા અંગે જાગ્રતિ જાળવી છે. એ હમેશ પોતાની ખાસિયતો, ટેવો, પૂર્વગ્રહોને વળગી રહે છે, અને તેના તદ્દન બાહ્ય પાસા પર ભાર મૂકી તે જેને વ્યક્ત કરે છે તેનો ખ્યાલ કર્યા વિના તેને આંધળી રીતે વ્યક્ત કરે છે.

આ ફક્ત રાષ્ટ્રનો નિયમ નથી પરંતુ બધા સમાજોનો નિયમ છે, દેવળ એ વ્યવસ્થિત ધાર્મિક સમાજ છે. ધર્મ એ જો દુનિયામાં કાંઈ પણ હોય તો એ આત્મલક્ષી હોવો જોઈએ કારણ કે જ્યાં એ અતિપ્રાકૃતિક નિયામક સાથે જોડાયેલ નૈતિક સિદ્ધાંત નથી ત્યાં તેના અસ્તિત્વનો મુખ્ય હેતુ આત્માને શોધવાનું અને તેનો સાક્ષાત્કાર કરવાનું છે. આમ છતાં ધર્મના સંસ્થાપક અને તેમના વારસદારોના સમય સિવાય તેનો ઇતિહાસ વસ્તુલક્ષી ક્રિયાઓ જેવા કે ક્રિયાકાંડો, ઉત્સવો, ધર્માધિપતિઓ, દેવળ, રાજ્યતંત્ર, માન્યતાનાં સ્વરૂપો

અને ઠોકી બેસાડેલ સિદ્ધાંતો પર ભાર આપી તેનું આલેખન કરે છે. યુરોપના સમગ્ર બાહ્ય ધાર્મિક ઇતિહાસમાં મિશ્ર લાગણીવાળો પાપી વિચિત્ર સંઘર્ષ, ખૂનખાર વિવાદો, ધર્મયુદ્ધો, જુલમ, રાજ્યાશ્રિત દેવળો અને એ બધું જુઓ તો આધ્યાત્મિક જીવનનો પ્રગટ ઇનકાર છે. ખ્રિસ્તી, કૅથોલિક, ઇસ્લામ ધર્મોનો ખરો અર્થ શું છે, તેમના આત્મામાં, એટલે કે હાર્દ અને વાસ્તવિક સ્વરૂપમાં એ કેવા છે તેની ગંભીર ગણના મનુષ્ય તાજેતરમાં કરવા લાગ્યો છે.

પરંતુ હવે સપાટી પર ઝડપથી અને નોંધપાત્ર રીતે સામુહિક ચેતનાની આ અભિનવ મનોવૈજ્ઞાનિક વૃત્તિ જોવા મળે છે. હવે પ્રથમ આપણે રાષ્ટ્રના આત્મા વિષે સાંભળીએ છીએ અને આપણા હેતુને માટે વધુ મહત્ત્વનું એ છે કે આપણે પોતાના આત્માને શોધતા રાષ્ટ્રો જોઈએ છીએ, નવી સમજૂતીના અનુસંધાનમાં એ ગંભીરતાપૂર્વક કાર્ય કરે છે અને સામાન્ય જીવન અને પ્રવૃત્તિમાં સભાનપણે ક્રિયાન્વિત કરે છે, રાજકીય દાસત્વ કે હાર છતાં આ વૃત્તિ નવાં રાષ્ટ્રોમાં અથવા જે આને મૂર્તિમંત કરવા મથામણ આદરે છે તેમાં ઘણી પ્રબળ હોય છે, એ નૈસર્ગિક છે કારણ કે પોતાના અને બીજા વચ્ચેના ભેદને વધુ યોગ્ય રીતે અનુભવી સ્થાપિત શક્તિશાળી અતિપ્રાણ જે તેને ઓગાળી નાખવા કે ભૂંસવા માગતો હોય એવી પોતાની વ્યક્તિમત્તાને યથાર્થ ઠરાવવાની જરૂરિયાત છે. આ કારણને લીધે જ તેમનું વસ્તુલક્ષી જીવન નિર્બળ છે અને વિષમ સંજોગોમાં પોતાના બળથી ઊભા રહેવું મુશ્કેલ બને છે તેથી પોતાની વ્યક્તિમત્તા અને આત્મ-સ્થાપનાના બળ માટે આત્મલક્ષી અને મનોવૈજ્ઞાનિક અથવા જેને આત્મલક્ષી કે મનોવૈજ્ઞાનિક અગત્ય રહ્યું છે તેમાં શોધ કરવાની તેમને માટે ઉજ્જ્વલ તક રહી છે.

તેથી એવી પરિસ્થિતિમાં રહેલાં રાષ્ટ્રોમાં આત્મશોધની આ વૃત્તિ ઘણી શક્તિશાળી રહી છે અને ભારત તથા આયર્લૅન્ડ જેવા કેટલાક દેશોમાં તો રાષ્ટ્રીય ચળવળની નવી ભાત સર્જી છે. બંગાળમાં સ્વદેશી અને આયર્લૅન્ડની આરંભના મંદ રાજકીય તબક્કાઓ દરમ્યાન થયેલ ચળવળનો મૂળ અર્થ આ સિવાય બીજો નહોતો. ભારતમાં ઉપ-રાષ્ટ્ર તરીકે બંગાળનો ઉદ્ભવ એ જબ્બર આત્મલક્ષી ક્રિયા હતી અને વિકાસના પછીના તબક્કામાં એ સભાનપણે એવું બનવા પામ્યું. ઈ. ૧૯૦૫માં બંગાળમાં ચળવળ થઈ, તેણે રાષ્ટ્રનો દેશ તરીકે નહિ પરંતુ આત્મા તરીકે મહદ્ અંશે મનોવૈજ્ઞાનિક, આધ્યાત્મિક તત્ત્વ તરીકે તદ્દન નવીન ખ્યાલ અનુસર્યો અને આર્થિક અને રાજકીય આશયોથી કાર્ય કર્યું ત્યારે પણ તેને ફક્ત વિષયો બનાવવા કરતાં આત્મ-અભિવ્યક્તિનાં સાધનો બનાવવા અને આ આત્મલક્ષી ખ્યાલ દ્વારા તેમને સક્રિય બનાવવા પ્રયાસ

કર્યો. આમ છતાં આપણે એ ન ભૂલવું જોઈએ કે આરંભના તબક્કાઓમાં આ ચળવળોએ તેમના ઉપરછલ્લા ખ્યાલમાં વસ્તુલક્ષી અને મહદ્ અંશે રાજકીય આત્મ-ચેતનાના જૂના પ્રેરકબળને અનુસર્યું. પૂર્વ ખરેખર પશ્ચિમ કરતાં હમેશ વધુ આત્મલક્ષી રહ્યું અને ભારતે, ચીન કે પશ્ચિમામાં થયેલ રાજકીય ચળવળોમાં તથા જાપાનના પુનરુત્થાનની અનુકરણ કરતી ચળવળમાં પણ આત્મલક્ષી રેખા જોઈ શકીએ છીએ. પરંતુ તાજેતરમાં જ આત્મલક્ષીવાદ આત્મસભાન બન્યો છે, તેથી આપણે એવો નિર્ણય તારવી શકીએ કે અમુક રાષ્ટ્રોનો સભાન અને ઇરાદાપૂર્વકનો આત્મલક્ષીવાદ માનવતામાં પ્રવર્તેલા સામાન્ય ફેરફારનું પ્રતીક અને આરંભનું પગથિયું હતાં અને સ્થાનિક સંજોગો દ્વારા ગતિ આપવામાં આવી હતી પરંતુ યથાર્થ દૃષ્ટિએ તેમના પર આધારિત કે તેમની ઉત્પત્તિ નહોતા.

આ સામાન્ય ફેરફાર અવિવાદાસ્પદ છે; હાલની ઘડીએ રાષ્ટ્રીય અને સામુહિક જીવનની વૃત્તિઓના મુખ્ય બનાવોમાંનો એક છે. 'આપણે આપણી જાત સાથે એકાકાર પ્રાપ્ત કરીએ.' ભૂતકાળ આશ્રિત અને કમનસીબ રાષ્ટ્રોની આકાંક્ષા અને પ્રેરણા જે બીજાની જેમ રૂપ લે તેમ હતું તેનાથી ભિન્ન છે, —એ ખ્યાલને ચોક્કસ સૂત્રમાં રજૂ કરનાર આયર્લૅન્ડ અને ભારત હતાં અને એ હવે રાષ્ટ્રીય જીવનની વધુ ને વધુ સામાન્યપણે સ્વીકૃત પ્રેરણા છે. મહાન ભય અને ભૂલ પ્રત્યે માર્ગ ખુલ્લો કરે છે, પરંતુ માનવજાતિ પાસે હવે થવા પામેલ કાલાત્માની માગણીની એ હાર્દિક શરત છે કે ફક્ત વ્યક્તિમાં નહિ પરંતુ રાષ્ટ્રમાં અને માનવજાતિની એકતામાં આત્મલક્ષી રીતે તેનું ઊંડું સ્વરૂપ, આંતર નિયમ, યથાર્થાત્મા શોધશે અને કૃત્રિમ ધોરણો દ્વારા નહિ પરંતુ એ પ્રમાણે તેનું પાલન કરી જીવન જીવશે. યુદ્ધ અગાઉ* આ વૃત્તિ બધે તૈયાર થતી હતી અને અંશત: સપાટી પર આવતી હતી, પરંતુ આપણે કહ્યું તેમ મુખ્યત્વે નવાં રાષ્ટ્રો જેવાં કે જર્મની અથવા પરતંત્ર રાષ્ટ્રો જેવાં કે આયર્લૅન્ડ અને ભારતમાં આમ થવા પામ્યું હતું. યુદ્ધના આઘાતે આરંભકાળથી બધે ઊંડી આત્મ-ચેતનાનો પ્રબળ અને તુરતજનો ઉદ્ભવ આણ્યો, તેના આરંભના દેખાવો ખરેખર જંગલી અને અશુદ્ધ હતા. આ અશુદ્ધિ વારંવાર પ્રત્યાઘાતો ઉપજાવે એવી હતી, વિશેષ કરીને ટયૂટનની પકડતીનો પુનરુચ્ચાર થતો હતો; 'પોતાની જાત સાથે એકાકાર બનવું' અને તેની તૈયારી કરવી એ તદ્દન સાચું છે પરંતુ પોતાની સંભાળ રાખવી અને પોતાના માટે જીવવું એ અમુક હદથી આગળ વધતાં ભયાનક દોષ બને છે. કારણ કે જો

---

* અહીં શ્રી અરવિંદ પ્રથમ વિશ્વયુદ્ધ ૧૯૧૪—૧૯૧૮ વિષે કહે છે. —અનુવાદક

માનવજાતિનો આત્મલક્ષી યુગ તેનાં ઉત્તમ ફળો આપવાનો હોય તો રાષ્ટ્રો ફક્ત પોતાના વિષે જ નહિ પરંતુ એકબીજાના આત્મા વિષે સભાન બને, મદદરૂપ બને, માન જાળવવાનું શીખે, ફક્ત આર્થિક અને બૌદ્ધિક ફાયદો જ મેળવે નહિ પરંતુ આત્મલક્ષી દૃષ્ટિએ આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત કરે.

જર્મનીનું આક્રમણ એ નમૂનો અને મહાન નિર્માણકારી બળ છે. એ નમૂનો રહ્યો છે કારણ કે બીજા કોઈ પણ રાષ્ટ્રે આ પ્રમાણમાં આત્મ-સભાનતા, પદ્ધતિ, બુદ્ધિ અને બાહ્ય દૃષ્ટિબિંદુથી સફળતાથી પોતાના સ્વરૂપનું સામર્થ્યનો પૂર્ણપણે ઉપયોગ કરી જીવન જીવ્યું અને ક્રિયાશીલ બનાવ્યું નથી. એ આક્રમણ છે કારણ કે હલ્લાનું સ્વરૂપ અને ઉચ્ચારેલા સૂચક શબ્દોએ રક્ષણાત્મક આત્મ-ચેતનાને ઉગ્રતાથી ઉપજાવી છે અને આ પ્રચંડ સામર્થ્યનો શો ઊગમ છે તેને જાણવા તેમને દબાણ કર્યું, અને તેટલાં ઊંડાં મૂળિયાંઓની શકિતથી ઉત્તર વાળવાની તેમણે સભાન શોધ આદરવાની ફરજ પાડી હતી. એ સમયે રાષ્ટ્રનો ઉત્તમ નોંધપાત્ર દાખલો હતો જેમાં આત્મલક્ષી તબક્કાની તૈયારી જોવાય છે, કારણ કે સૌ પ્રથમ તેમાં નિશ્ચિત પ્રકારનું દર્શન હતું — કમનસીબે દીપ્તિમાન કરતા બૌદ્ધિક અને તેને અનુસરવાની હિમત — એ પણ આધ્યાત્મિક પ્રાગલ્ભ્ય કરતાં પ્રાણલક્ષી અને બૌદ્ધિક હતી — અને બીજું, ભાગ્યવિધાતા હોવાને લીધે આત્મ-દર્શન વ્યકત કરવા પોતાના જીવનને વ્યવસ્થિત બનાવવા શકિતમાન હતા. જર્મનીની તાકાત બિસ્માર્કે સર્જી હતી કે કેસર વિલ્હેમ બીજાએ તેને સંચાલિત કરી હતી એવું વિચારીને આપણે આભાસોથી ખોટું દોરાવું ન જોઈએ. હકીકતમાં બિસ્માર્કનું આગમન વિકસિત રાષ્ટ્ર માટે કમનસીબ હતું કારણ કે તેના શકિતશાળી અને અશિષ્ટ શાસને આરંભના કાર્ય અને સ્વરૂપમાં આત્મલક્ષી-પણું લાવ્યું, નિરોધનનો વધુ લાંબો તબક્કો માનવજાતને ઓછું ઉદ્દીપન આપે તેવો હોય પરંતુ તેનાં પરિણામો તેના માટે ઓછાં ખતરનાક હશે. આ મહાન આત્મલક્ષી કર્તવ્યમાં બહુ વિકૃત થઈ ગયું છે તેનો યથાર્થ ઊગમ જર્મનીના વહીવટદારો અને સૈનિકોમાં નહોતો, કારણ કે તેમાંના મોટા ભાગના માણસો સાધારણ કક્ષાના હતા. પરંતુ એ ઊગમ જર્મનીના ગેટે, મહાન સંગીતકારો બીથોવેન અને વાઈન્જર અને જર્મનીનો આત્મા, અને તેઓ જે સ્વભાવનું પ્રતિનિધિત્વ કરતા હતા તેમાં એ રહ્યો છે. જે રાષ્ટ્રની મહાન સિદ્ધિ દર્શન અને સંગીત જેવાં બે ક્ષેત્રોમાં પૂર્ણપણે રહી છે એ સ્પષ્ટ રીતે આત્મલક્ષી દિશામાં દોરી જવા અને આત્મલક્ષી યુગના પ્રારંભબિંદુઓ પર શુભ કે અશુભ હેતુ માટે પ્રભાવશાળી અસર પહોંચાડવા નિર્માયું છે.

જર્મનીના પૂર્વનિર્માણની આ એક બાજુ હતી. બીજી બાજુ એ રાષ્ટ્રના વિદ્વાનો, શિક્ષણશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો અને આયોજકોમાં જોઈ શકાય છે. એ રાષ્ટ્ર

ઉદ્યમ, નિષ્ઠાવાન શ્રમ, વિચારો પ્રત્યે વફાદારી, કામ કરવાની પ્રામાણિક અને મહેનતુ ભાવના માટે જાણીતું છે. લોકોએ આત્મલક્ષી શકિતઓ કેળવવામાં મહાન બક્ષિસ પ્રાપ્ત કરી હોય અને છતાં જો એ આપણી જટિલ પ્રકૃતિની નિમ્ન કક્ષાને કેળવવામાં ઉપેક્ષા સેવે તો વિચાર, કલ્પના અને તથ્યોના જગત વચ્ચે દર્શન અને સામર્થ્ય જે તેના સાક્ષાત્કારને શકય બનાવે છે એ વચ્ચેના અંતરને બાંધવામાં એ નિષ્ફળ જશે. જર્મનીમાં આવો પુલ હતો અને સંબંધ બંધાયો હતો પરંતુ એ ભૂગર્ભમાં અખાતવાળો બુગદો હતો તેની નિષ્ફળતા સહજ જણાતી હતી. વિચારકો અને ગાયકોના આત્મલક્ષી મન અને વિદ્વાનો તથા આયોજકોના વસ્તુનિષ્ઠ મન વચ્ચે શુદ્ધ સંક્રમણ થતું નહોતું. નિત્ઝેના ઉપદેશોનું ટ્રીટ્શકે દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યવહાર માટે અનુચિત ઉપયોગ કરવામાં આવ્યો જે ઉપયોગથી ચિંતક પોતે ગંભીરપણે દુ:ખી થયા હોત એ આ અસ્પષ્ટ સંક્રમણનું દૃષ્ટાંત છે. આમ છતાં સંક્રમણ તો થયું જ હતું. અર્ધી સદીથી વધારે સમય સુધી જર્મનીએ પોતાના આત્મતત્ત્વ અને જગતના સત્યની શોધમાં વિચારો, વસ્તુઓ અને પોતાની આંતર સૃષ્ટિમાં આત્મનિરીક્ષણની સૂક્ષ્મ દૃષ્ટિ ઠેરવી હતી. અને બીજી અર્ધી સદી સુધી તેણે જે પ્રાપ્તિ કરી છે તેનું સંકલન કરવા માટે વાસ્તવિક સાધનો મેળવવા વૈજ્ઞાનિક સંશોધનની ધૈર્યપૂર્વક દૃષ્ટિ જાળવી છે અને ખરેખર બધી દિશામાં નહિ તો અમુક નિશ્ચિત દિશામાં વ્યાપક અને શકિતશાળી કર્યું છે. આ કાર્ય અમુક દિશામાં એ વિકૃત અને નિષ્ફળ નીવડેલું છે. કમનસીબે આ દિશાઓ એ એજ કેન્દ્રિય રેખાઓ હતી જ્યાં ખોટે માર્ગે જવું એટલે ધ્યેય ગુમાવવા જેવું હતું. એમ ખરેખર કહેવામાં આવે છે કે યુદ્ધ, પડતી, કઠોર, સશસ્ત્ર, આક્રમક અને ખતરનાક નાઝી રાજ્ય પ્રત્યેના ક્રૂર પ્રત્યાઘાત જે આ કર્તવ્યનું આખરી પરિણામ છે એ હકીકત નિરાશાજનક છે એટલું જ નહિ તે રસ્તો છોડી દેવા સ્પષ્ટ ચેતવણી અને જૂના અને વધુ હિતકારક માર્ગોએ પાછું વળવાની ભલામણ છે. પરંતુ મહાન સત્તાઓએ સત્તાનો જે ગેરઉપયોગ કર્યો છે અને એ તેના ઉચિત ઉપયોગ વિરુદ્ધની દલીલ નથી, પાછા વળવું એ અશકય છે. એ પ્રયાસ ખરેખર ભ્રાંતિ છે. જર્મનીએ જે પ્રયત્ન કર્યો છે એ જ વસ્તુ આપણે બધાએ કરવાની છે. પરંતુ એ રીતે આપણે આચરણ કરવાનું નથી તેની કાળજી રાખવાની છે, તેથી યુદ્ધના લોહીની લાલ ધુમ્મસ, આંધળી અવ્યવસ્થા અને ગૂંચવણ જે નિષ્ફળતાનાં કારણ અને સ્થાન જાણવામાં અત્યારે જગતને અવરોધરૂપ બન્યા છે તેનાથી પર આપણે જોવું પડશે. જ્યારે જર્મનીએ પોતાના કાર્યમાં વળાંક લીધો તેથી તેની નિષ્ફળતા ખુલ્લી પડી ગઈ અને થોડો સમય તો એ સંપૂર્ણ વિનાશમાં ફેરવાઈ ગયું એ બીના અનાસકતપણે સત્યને ખોળતા વિચારકને પણ સ્પષ્ટ હતી, જેમ જાગ્રત આત્મશોધનની કક્ષા

એવા યોગના માર્ગમાં શોધકના જીવનમાં બને છે તેમ સામાન્ય માણસ સાધારણ રીતે જે આપત્તિ આવી પડે છે તે કરતાં યોગના માર્ગમાં વધુ ભયાનક અનિષ્ટના ભોગ બનવું પડે છે અને ખોટા જ્ઞાનને અનુસરીને આધ્યાત્મિક વિનાશ નોતરે છે તેમ આ રાષ્ટ્ર પર પણ આપત્તિ આવી. પોતાના પ્રાણલક્ષી અહંકારને જર્મનીએ સાચો આત્મા માની લીધો હતો. આ આત્મા માટે શોધ કરવામાં તેણે બળને આત્મા તરીકે માની લીધો. કારણ કે અસુરની જેમ તેણે એમ કહ્યું કે, 'હું મારું શરીર મારો પ્રાણ, મન અને સ્વભાવ છું' અને રાક્ષસી સામર્થ્યથી આ બધાથી હું આસકત છું. વિશેષ તેણે એમ કહ્યું હતું કે, 'હું મારો પ્રાણ અને શરીર છું' તો પછી આ કરતાં કોઈ વધુ ભૂલ રાષ્ટ્ર માટે હોઈ શકે નહિ. વસ્તુત: મનુષ્ય કે રાષ્ટ્રનો આત્મા શરીર અને પ્રાણથી કંઈક વધુ દિવ્ય છે, એ આત્મા તેનાં સાધનોથી વધુ છે અને શારીરિક, પ્રાણલક્ષી, માનસિક કે સ્વભાવલક્ષી સૂત્રમાં બંધ કરી શકાય નહિ. ભલે પછી તેને જુઠ્ઠા સામાજિક સ્વરૂપને પ્રચંડ સામુહિક માનવ વિરાટકાય પ્રાણીના સામાજિક દેહમાં લોઢાના અસ્તરથી મઢેલું હોય છતાં આંતરિક સત્તાના વિકાસને ગૂંગળાવી મારે અને અપરિવર્તનશીલ અને સ્થિર તત્ત્વના ક્ષય અને વિનાશમાં તેનો અંત આવે.

એ દેખીતું છે કે ખરો તેમજ જુઠ્ઠો અત્મલક્ષીવાદ રહ્યો છે. આત્મલક્ષી વૃત્તિ જે ભૂલોનો ભોગ બને છે એ ભૂલો તેની શકયતાઓ જેટલી જ ખતરનાક છે અને મહાન વિનાશ તરફ એ દોરી જાય. સામાજિક ઉત્ક્રાંતિના આ તબક્કાનો માર્ગ માનવજાત માટે હિતકારક બનાવવો હોય તો આ ભેદને સ્પષ્ટ રીતે ગ્રહણ કરવો જોઈએ.

પ્રકરણ પાંચમું

યથાર્થ અને અયથાર્થ આત્મલક્ષીવાદ

પ્રતીકો, પ્રકારો, રૂઢિઓમાંથી માનવજાતિ દૂર નીકળી આગળ ધપે છે. વ્યકિતનું આંતરિક સત્ય, કર્તવ્યનો ઉચિત નિયમ શોધવા વ્યકિતનાં અંતર તત્ત્વને ઉપરછલ્લી દૃષ્ટિએ જોઈ વિશ્વના નિયમ અને બાહ્ય ઉપરછલ્લા સત્ય સાથે તેનો સંબંધ વિચારી, માનવવિકાસનો આત્મલક્ષી તબક્કો એ એવા કસોટીકાળ-વાળા બિંદુએ પહોંચે છે જ્યાં આપણી જાતિ ઊંડું જોવા સપાટીથી નીચે અને ભૂગર્ભમાં અનુભવવા અને આંતરિક જીવન જીવવા પ્રારંભ કરે છે. અનાત્મ એવી વસ્તુઓના જ્ઞાનથી દૂર અને વિશ્વ તથા જીવનના વસ્તુનિષ્ઠ વિચાર મુજબ આચરણથી ભિન્ન આત્મ-જ્ઞાન તથા આત્મસ્વરૂપને અનુકૂળ જીવન પ્રત્યે આગળ ધપતું સોપાન છે. આ પગલું કેવી રીતે ભરાય છે, આપણે આત્મ-જ્ઞાનમાં કેવો વિકાસ કરીએ છીએ અને આત્મ-લક્ષિતાના કેવા પ્રકાર તરફ આપણે પહોંચીએ છીએ તેના પર બધો આધાર રાખે છે. કારણ કે અહીં ઉચિત સંશોધનનાં પરિણામ જેટલાં મહાન અને દૂરગામી છે, તેટલાં જ ભૂલનાં ભયસ્થાનો મહાન અને દૂરગામી છે. પ્રતીકાત્મક, સ્વભાવલક્ષી અને રૂઢિગત યુગ તેમની સામે આત્મ-મર્યાદાની દીવાલ બાંધીને આ ભયને દૂર રાખે છે. આ દીવાલ આખરે આત્મ-અજ્ઞાનનું કારાગૃહ બની જાય છે તેથી તેને તોડી નાખવી પડે છે, અને આત્મલક્ષીવાદનું જોખમી પરંતુ ફળદાયી સાહસ ખેડવું પડે છે.

ચૈતસિક આત્મ-જ્ઞાન દ્વારા આપણે જાણીએ છીએ કે આપણા અંતર-તત્ત્વમાં ઘણા સ્વરૂપલક્ષી, અગ્રલક્ષી, આભાસમય અથવા પ્રતિનિધિરૂપ જીવ રહ્યા છે અને પૂર્ણપણે ગૂઢ અને સત્તામય એવું તત્ત્વ એક જ છે. આભાસને યથાર્થ માની લેવું એ એક સામાન્ય ભૂલ છે. આપણા સર્વે અવરોધ અને આપત્તિનું કારણ અને અન્ય દુઃખોનું એ મૂળ છે. મનુષ્ય પોતાની મનોવૃત્તિથી આ ભૂલનો ભોગ બની જાય છે. પોતાના આત્મલક્ષી અંતરતત્ત્વમાં વ્યકિત કે સામાજિક એકમ તરીકે મન અને શરીરના જોડાણના અનુશાસનને આ સત્ય આપણે લાગુ પાડી શકીએ.

આધુનિક સંસ્કૃતિ જે લાક્ષણિક વળાંક લઈ રહી છે તેનો આ ભાવાર્થ છે. દરેક ક્ષેત્રમાં વસ્તુઓના અભિગમમાં જો કે છૂટીછવાઈ અજમાયશ તરીકે છતાં આત્મલક્ષી દૃષ્ટિબિંદુથી આપણે શરૂઆત કરીએ છીએ. શિક્ષણમાં આપણો ઉદ્દેશ બાળક ધીમેધીમે માનવ બની રહ્યો છે, તેના વિકાસનું મનોવિજ્ઞાન જાણવાનો અને એ આધાર પર અધ્યાપન અને તાલીમની આપણી વ્યવસ્થાઓને મૂકવાનો છે. નવીન ઉદ્દેશ, બાળકનો સ્વભાવ અને પોતાની શક્તિઓમાંથી તેનું બૌદ્ધિક, સૌન્દર્યાત્મક, ભાવનાત્મક, નૈતિક, આધ્યાત્મિક સત્ત્વ અને તેનું સામુહિક જીવન અને ઊર્મિઓ વિકસાવવામાં મદદરૂપ થવાનું છે. મગજમાં ભરી શકાય તેટલું એકધારું જ્ઞાન ભરવું અને મથામણ કરતી પ્રધાનવર્તી ઊર્મિઓ પર વર્તનના અફર નિયમો લાદવાના જૂની કેળવણીના ધ્યેયથી આ ધ્યેય ઘણું જુદું છે.* ઘણા પ્રગતિશીલ સમાજે ગુનેગારને તેને કાયદાના ઉલ્લંઘન કરનાર તરીકે શિક્ષા કરવી. કારાગૃહમાં પૂરવો, તેના પર જુલ્મ વરસાવવો, ફાંસી દેવી અથવા શારીરિક કે નૈતિક રીતે રીબાવવા, પછી તે તેના વિરોધનો બદલો લેવા કે બીજા માટે દાખલો બેસાડવા હોય પરંતુ આવા વર્તાવથી પ્રગતિશીલ સમાજને સંતોષ થતો નથી. ગુનેગારને સમજવાનો ધીમે ધીમે પ્રયાસ થાય છે, તેનો વારસો, તેનું વાતાવરણ અને આંતરિક ઊણપો માટે તેને વળતર આપવું અને તેનો બહારથી નાશ કરવા કરતાં તેનું અંદરથી પરિવર્તન કરવાનો પ્રયાસ થાય છે. સમાજના સ્વયં સામાન્ય ખ્યાલમાં આપણે સમૂહ, રાષ્ટ્ર કે મનુષ્યોના અન્ય કોઈ નિશ્ચિત સમૂહને પોતાના આત્મલક્ષી તત્ત્વ સાથેના જીવંત એકમ તરીકે જોવાની આપણે શરૂઆત કરી છે. આ સમૂહોને પણ નૈસર્ગિક વિકાસ અને તેને અનુરૂપ વૃદ્ધિ રહ્યાં છે જે પૂર્ણ રીતે ફળદાયી બનાવવાનું તેનું કાર્ય છે. અહીં સુધી એ યોગ્ય છે; વસ્તુઓની નવી દૃષ્ટિમાંથી નિષ્પન્ન વધુ તેજસ્વી માનવજાતિ, વધારે સાચી ઊંડાઈ અને મહાન જ્ઞાન પ્રગટ થયેલાં જણાય છે. પરંતુ આ નવા માર્ગ પર આપણાં અનુભવ અને જ્ઞાનની મર્યાદાઓ તથા ગંભીર ભૂલો અને વિઘ્નોની શક્યતાઓ પણ દેખાઈ આવે છે.

રાષ્ટ્રો પછી એ શાસિત હોય કે સાર્વભૌમ, તેમના અભિનવ પ્રયત્નને નિહાળીએ તો જર્મન રાષ્ટ્રીયતાના આત્મલક્ષીપણાના મહત્ત્વપૂર્ણ પ્રયોગને

---

* સરમુખત્યાર રાજ્યોમાં આ વિકાસ અંગે ઉગ્ર પીછેહઠ થવા પામી છે. સરમુખત્યાર રાજ્યનો સિદ્ધાંત એવો છે કે વ્યક્તિ અસ્તિત્વ ધરાવતી નથી. માત્ર સામુહિક જીવન જ મહત્ત્વનું છે, પરંતુ આ નવો વ્યાપક ખ્યાલ વધુ સ્વતંત્ર દેશોમાં હજુ પણ જળવાયો છે.

સભાન રીતે સંતોષવામાં આ શક્ય ભૂલોનાં આરંભ-બિંદુઓને જોઈ શકીશું. વ્યક્તિલક્ષી યુગમાંથી આત્મલક્ષી યુગની ઉત્ક્રાંતિની ઐતિહાસિક હકીકતમાંથી પ્રથમ ભીતિ ઉત્પન્ન થાય છે, વ્યક્તિગત અહંકારની ભૂલને મહત્ સામાજિક અહંકારની વધુ મહત્ત્વપૂર્ણ ભૂલમાં રૂપાંતરિત કરવામાં પ્રથમ વિશાળ અંતરાય જણાય છે. જો એ બે મહત્ત્વના મનોવૈજ્ઞાનિક સત્યોનું સ્પષ્ટ ગ્રહણ કરે અને તેનાં સ્પષ્ટ દર્શનમાં જીવે તો જ તેના સ્વરૂપના નિયમની વ્યક્તિગત શોધ હિતકારક નીવડે. પ્રથમ, અહંકાર એ આત્મા નથી એની પ્રતીતિ થવી જોઈએ. સર્વનો આત્મા એક છે અને આત્મતત્ત્વ એ સાર્વત્રિક દિવ્યતાનો અંશ છે. વ્યક્તિની પરિપૂર્ણતા એ અહંલક્ષી બુદ્ધિ, પ્રાણમય સામર્થ્ય, શારીરિક સુખાકારીનો વિકાસ અને તેનો માનસિક, ભાવનાત્મક, શારીરિક એષણાઓનો પૂર્ણ સંતોષ નથી પરંતુ ડહાપણ, બળ, પ્રેમ અને સાર્વત્રિકતાની પૂર્ણ શક્તિમાં દિવ્યતત્ત્વને પ્રગટ કરવું અને આ પ્રગટીકરણ દ્વારા શક્ય સૌન્દર્ય અને અસ્તિત્વના આનંદની અનુભૂતિ કરવી.

અસ્તિત્વની, શક્તિની અને જાણવાની એષણા પૂર્ણપણે યથાર્થ છે, તેમને સંતોષવી એ આપણા અસ્તિત્વનો કાયદો છે અને તેમને નિરાશ કરવાં અને તેમનું અયોગ્ય દમન કરવું એ આપણા સ્વરૂપને હાનિ પહોંચાડવી અને જીવન તથા વૃદ્ધિનાં ઊગમોનો ક્ષય કે સૂકાં બનાવી દેવા જેવું છે. અલબત્ત તેમને સંતોષવાનું અહંકારી કાર્ય ન હોવું જોઈએ,— કોઈ પણ અન્ય નૈતિક કે ધાર્મિક કારણને લીધે નહિ, પરંતુ એ રીતે તેમને સંતોષી શકાય નહિ, આ પ્રયાસ હમેશ અન્ય અહંકાર તત્ત્વો સાથેના નિત્ય સંગ્રામ તરફ ઘસડી જાય છે; એ પરસ્પર હાનિકારક, વિઘ્નજનક અને વિધ્વંસક નીવડે. તેમાં જો આપણે આજે વિજેતા હોઈએ તો આવતી કાલે હારેલા જાહેર થઈએ; કારણ કે બીજાના નાશ અને શોષણ દ્વારા જીવનના ભયાનક પ્રયાસમાં આપણે આપણી જાતને દુષિત કરીએ અને છેવટે ઘસાઈ જઈએ છીએ. જેઓ પોતાના આત્મ-અસ્તિત્વમાં જ રહે છે તેઓ જ ફક્ત ટકી રહે છે અને સામાન્યપણે બીજાનો નાશ કરવો એ પોતાના જ મૃત્યુનું કારણ અને ભોગ બનવા જેવું છે.

નિઃશંક જ્યાં સુધી આપણી પાસે આત્મ-જ્ઞાન ન હોય ત્યાં સુધી આપણી પાસે બીજો કોઈ રસ્તો નથી; મનુષ્યોએ અને રાષ્ટ્રોએ અહંકાર દ્વારા વર્તન કરવાનું અને વિચારવાનું છે કારણ કે આત્મ-અજ્ઞાનમાં તેમના માટે આ એક જ જીવનનું તેમને જ્ઞાન હોય છે અને એ રીતે જીવવું એ ઈશ્વરપ્રદત્ત પ્રેરણા છે. તેથી જીવવું જ નહિ એ કરતાં અહંકારીપણે તેમણે જીવવું જોઈએ. કુદરતે અને અનુભવે તેમને જે સામાન્ય સમાજનો આત્મ-અંકુશ, નીતિશાસ્ત્ર અને કાયદાનો દાબ શીખવ્યો હોય

તેનાથી જીવવું જોઈએ. પરંતુ આત્મલક્ષીવાદ એ પોતાના સ્વરૂપમાં આત્મ-જ્ઞાન મેળવવાનો પ્રયત્ન છે અને આંતરિક બળથી તથા સાચા આંતર-જ્ઞાનથી જીવીએ તો જૂના દોષોને નવી પરિભાષામાં પુનર્જીવિત કરવાથી તો કોઈ વાસ્તવિક ફાયદો થતો નથી. તેથી આપણે શોધી કાઢવું જોઈએ કે સાચું વ્યક્તિત્વ એ અહંકાર નથી પરંતુ દિવ્ય વ્યક્તિમત્તા છે, જે આપણી ઉત્ક્રાંતિ દ્વારા આપણામાં ઉદ્ભવ પામવાની તૈયારી કરે છે; પોતાનાં નિમ્ન કરણોની અહંમન્ય જીવનની એષણાના સંતોષ ખાતર નહિ પરંતુ દિવ્ય વ્યક્તિમત્તાનો ઉદ્ભવ એ યથાર્થ વિષય છે અને માનવજાતિએ પોતાના સૂક્ષ્મ નિયમ તથા સત્યને જાણવા પ્રયાસ કરવો જોઈએ અને તેને ધ્યેય તરીકે અપનાવવું જોઈએ.

વ્યક્તિએ બીજું ચૈતસિક સત્ય ગ્રહણ કરવાનું છે તે એ છે કે એ પોતે એકલો નથી, તેને પોતાની જાતિ સાથે હિતકારક એકયનો સંબંધ રહ્યો છે. ઘડીભર આપણે પોતાની જાતિના ન હોય તેને દૂર રાખીએ. આપણે જે છીએ એ વ્યક્તિ દ્વારા અભિવ્યક્ત થયું છે, પરંતુ એ સાર્વત્રિક દ્વારા પણ પ્રગટ થાય છે. અને જો કે પ્રત્યેક વ્યક્તિને પોતાનું કાર્ય પોતાની આગવી રીતે પરિપૂર્ણ કરવાનું છે છતાં પરસ્પર સહાય વિના કોઈ પણ પોતાનું કાર્ય સફળ રીતે પાર પાડી શકતું નથી. પોતાના આત્મ-સંતોષ કે યોગ્ય વિકાસ માટે સમાજ પાસે વ્યક્તિનો ધ્વંસ કે વિનાશ કરવાનો કોઈ અધિકાર નથી. જ્યાં સુધી વ્યક્તિ જગતમાં જીવવાનું પસંદ કરે છે ત્યાં સુધી પોતાના એકાંતિક વિકાસ અને સંતોષ ખાતર તેના જાતભાઈઓને અવગણી, સ્વાર્થી એકલવાયા શ્રેયને શોધી, તેમની સાથે યુદ્ધ કરી જીવી શકે નહિ. જ્યારે 'તેને અધિકાર નથી' એમ કહીએ છીએ ત્યારે એ કોઈ સામાજિક, નૈતિક કે ધાર્મિક દૃષ્ટિ-બિંદુથી નહિ પરંતુ તદ્દન વિધાયક અને અસ્તિત્વના નિયમની દૃષ્ટિથી કહીએ છીએ. એ રીતે વ્યક્તિ કે સમાજ પોતાનો પરિપૂર્ણ વિકાસ સાધી શકે નહિ. જ્યારે સમાજ વ્યક્તિને દાબી દે કે ભૂંસી નાખે ત્યારે પોતાના જ દેહ પર ઘા નાખે છે અને ઉત્તેજન તથા વૃદ્ધિના અમૂલ્ય ઊગમ એવા પોતાના જીવનને ખૂંચવે છે. વ્યક્તિ પોતે પણ પોતાથી સમૃદ્ધ થઈ શકે નહિ; કારણ કે તેના ભાઈ-ભાંડુઓની સામુહિકતા, એકતા અને સાર્વત્રિકતા એ વર્તમાન ઊગમ અને સંપત્તિ છે; એ વર્તમાન તબક્કાને વટાવે ત્યારે પણ એ એવું તત્ત્વ છે જેની શક્યતાઓને પ્રગટ કરે છે અને પોતાના પાર્થિવ સ્વરૂપમાં એ તેનું એક પરિણામ છે. સમૂહની પડતી એ તેના પોતાના જીવનના ઊગમો પર ઘા કરે છે. સમૂહની વૃદ્ધિથી એ પોતે વૃદ્ધિ પામે છે. યથાર્થ આત્મલક્ષીવાદ આપણને આ શીખવે છે — પ્રથમ આપણાં કારણ કે અહંકાર કરતાં આપણે ઊર્ધ્વ આત્મા છીએ, બીજું એ કે આપણે આપણાં જીવન અને સ્વરૂપમાં આપણે જ માત્ર નથી

પરંતુ અન્ય સર્વ છે; કારણ કે એવું એક છૂપું એકય છે જે આપણો અહંકાર હાંકી કાઢે અને તેની સામે ઝઝૂમે પરંતુ જેમાંથી આપણે છૂટી શકીએ નહિ. ભારતની એ જૂની શોધ છે એ આપણો યથાર્થ 'અહમ્' એ પરમ તત્ત્વ જે આપણો સાચો આત્મા છે અને જેને શોધી કાઢવું અને સભાન રીતે તેની સાથે તદાકાર બનવું એ આપણું કાર્ય છે, અને બીજું એ સત્ તત્ત્વ બધામાં એક છે જે વ્યકિત અને સમૂહમાં વ્યકત થયું છે.[1] અને અન્ય સાથેની આપણી એકતા સ્વીકારીને અને સાકાર કરીને જ આપણે આપણા યથાર્થ આત્મ-સ્વરૂપને પરિપૂર્ણ કરી શકીએ છીએ.[2]

આ કાયદાનો થોડોભાગ બાહ્યરીતે વ્યવહારમાં મૂકવા આગ્રહ રખાયો અને જીવનના નવદશમાંશ ભાગમાં તેમાંથી જુદા પડયા, જે બતાવે છે કે વ્યવહારમાં ક્ષુલ્લક અને ક્ષુદ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે, છતાં વ્યકિત સંબંધિત સિદ્ધાંત અંગે આ બે સત્યોમાંથી માનવજાતિને આદર્શ દર્શન હતું. પરંતુ તેઓ વ્યકિતને લાગુ પાડતા નથી, એ રાષ્ટ્રને લાગુ પાડે છે. અહીં જર્મન આત્મ-લક્ષીવાદની પ્રથમ ભૂલ હતી. નિરપેક્ષ તત્ત્વ, વ્યકિત અને સાર્વત્રિક તત્ત્વ વિષે અનુમાનલક્ષી ચિંતન કરતાં એ હકીકત જોઈ, અને જીવનની દૃષ્ટિએ એ તત્ત્વ અહંકાર તરીકે પ્રગટ થતું હોય તેમ જણાયું અને આધુનિક વિજ્ઞાનના નિર્ણયોમાંથી અનુમાન કરતાં વ્યકિત એ સામુહિક અહંકારના એક કોષ જેવી હોય એમ જણાય છે, એમ જોતાં આ સામુહિક અહંકાર જીવનની મહાન મૂર્ત આયોજિત અભિવ્યકિત હતી અને સર્વ તેને નિમ્નવર્તી બનવું જોઈએ, કારણ કે તો જ નિસર્ગ અને તેની ઉત્ક્રાંતિ દૃઢિભૂત બને અને તેને સહાયકારી બની શકાય. વધુ મહાન માનવસમૂહ અસ્તિત્વ ધરાવે છે, પરંતુ એ પ્રારંભિક તથા અવ્યવસ્થિત અસ્તિત્વ છે અને તેનો વિકાસ જે સૌથી વધુ કાર્યક્ષમ આયોજિત સામુહિક જીવન અગાઉથી હયાતીમાં છે તેના વધુ યોગ્ય વિકાસથી શકય બનાવી શકાય. વિકાસની દૃષ્ટિએ વ્યાવહારિક રીતે વધુ આગળ વધેલાં રાષ્ટ્રોની પૂર્ણતા અને વર્ચસ્વ અથવા તેમાંના કોઈ પણ વધુ આગળ વધેલા એક રાષ્ટ્રના સામુહિક અહંકારે નિસર્ગનો 'હું' ઉત્તમ રીતે સાકાર કર્યો હોય અને તેથી જેનો વિજય અને શાસન ઈશ્વરનો સંકલ્પ છે, કારણ કે બધું વ્યવસ્થિત જીવન, સર્વ આત્મ-સભાન અહંકારો યુદ્ધની દશામાં છે; એ યુદ્ધ

---

૧ વ્યષ્ટિ અને સમષ્ટિ.

૨ આ સત્યની બીજી બાજુ છે જેમાં આંતર સંબંધ એટલો આવશ્યક નથી, પરંતુ એ આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો બનાવ છે જેને વર્તમાન વિષય સાથે કશો સંબંધ નથી.

ક્યારેક દેખીતું તો ક્યારેક અપ્રગટ, ક્યારેક પૂર્ણ તો ક્યારેક અપૂર્ણ અને ઉત્તમ તત્ત્વોના અવશેષ જીવનથી જાતિનો ઉત્તમ વિકાસ સધાય છે. અને જર્મનીના આત્મ પ્રત્યક્ષ અને સામાન્ય કથન મુજબ સૌથી વધુ આગળ વધેલ આત્મ-મૂર્ત, કાર્યદક્ષ અને વધુમાં વધુ સંસ્કારશીલ જર્મન રાષ્ટ્ર સિવાય બીજું કયું ઉત્તમ રાષ્ટ્ર છે? સામુહિક જર્મન અહંકારને પરિપૂર્ણ બનાવવો અને તેના વિકાસ તથા વર્ચસ્વને પ્રાપ્ત કરવું એ તર્કનો યોગ્ય નિયમ, માનવજાતિનું ઉત્તમ શ્રેય અને ટયુટોનિક જાતિનું ઉત્તમ અને મહાન ધર્મ કાર્ય છે.*

આ અહંકારી આત્મ-પ્રત્યક્ષમાંથી અનેક તાર્કિક પરિણામો નીપજ્યાં અને પ્રત્યેક ભિન્ન આત્મલક્ષી દોષ હતો. પ્રથમ, વ્યકિત એ સમૂહનો એક કોષ માત્ર છે તેથી તેનું જીવન રાષ્ટ્રના કાર્યક્રમ જીવનને સંપૂર્ણ નિમ્નવર્તી રહેવું જોઈએ; એને ખરેખર કાર્યક્રમ બનાવવો જોઈએ,— તેનાં શિક્ષણ યોગ્યજીવન, વ્યવસ્થિત રહેણીકરણી, સંભાળપૂર્વક તાલીમ અને તેને નિમ્નવર્તી પ્રવૃત્તિ પાછળ રાષ્ટ્રે કાળજી લેવાની છે, પરંતુ રાષ્ટ્રીય જીવનના શિસ્તબદ્ધ સાધન અથવા યંત્રના ભાગ તરીકે રાષ્ટ્રે એ કાર્ય બજાવવાનું છે. સમૂહે તેમાં પહેલ કરવાની છે, વ્યકિતએ તેનું પાલન કરવાનું છે, પરંતુ સમૂહ જેવું અસ્પષ્ટ તત્ત્વ ક્યાં છે અને એ માત્ર આત્મ-સભાન તત્ત્વ તરીકે નહિ પરંતુ વ્યવસ્થિત, કાર્યદક્ષ સામુહિક સંકલ્પ અને આત્મ નિર્દેશિત શકિત તરીકે કેવી રીતે વ્યકત કરી શકે છે? ભલે રાજ્ય પૂર્ણ, વર્ચસ્વવાળું, સર્વ-વ્યાપક, સર્વ નિરીક્ષક અને સર્વ પ્રભાવિત બને; અને એ રીતે જ સામુહિક અહમ્ એકત્રિત બની શકે, તેની શોધ કરે, અને શકિત, વ્યવસ્થા અને કાર્યની ઉત્તમ કક્ષાએ તેના જીવનને લાવે. આમ જર્મનીએ રાજ્ય સંપ્રદાયના વધતા જતા આધુનિક દોષ અને વ્યકિતના વધતા જતા દાસત્વ, જે અંતમાં તેને વિનાશ તરફ ઘસડી જાય છે, તેનું સ્થાપન કર્યું. આપણે જોઈ શકીએ છીએ કે તેમાંથી શું પ્રાપ્ત થયું; વિપુલ સામુહિક શકિત, પૂર્ણતાનો અમુક પ્રકાર, સાધ્ય પ્રત્યે સાધનોનું વૈજ્ઞાનિક અનુકૂલન અને સામાજિક, આર્થિક અને બૌદ્ધિક કાર્યદક્ષતા અને એ સિવાય મહાન વિચારની જ્વલંત પરિપૂર્ણતા દેશને કે મનુષ્યને પ્રચંડ ટૂંકજીવી બળ આપે છે: સૂક્ષ્મ જીવન, દર્શન, અંતઃસ્ફુરણાત્મક શકિત, વ્યકિતત્વનું બળ, ચૈતસિક માધુર્ય અને વિપુલતા, સ્વતંત્ર વ્યકિત, પોતાની બક્ષિસ તરીકે જાતિને આપે છે.

---

* હવે ઝોક બદલાયો છે અને રુચિર, જાતિ અને જીવન અવકાશના પ્રાણલક્ષી અશુદ્ધ ખ્યાલો પર વધુ આધાર રાખ્યો છે, પરંતુ પ્રાણલક્ષી આકારને વધુ બળ આપવા જૂનો વિચાર હજુ પ્રવર્તે છે.

બીજું, રાજ્ય સર્વોચ્ચ છે, દિવ્ય તત્ત્વના પ્રતિનિધિ અથવા માનવ-અસ્તિત્વનું ઉચ્ચ મૂર્તિમંત કાર્ય છે; વ્યક્તિની સમગ્ર પ્રવૃત્તિ અને અબાધિત સેવા, આજ્ઞાપાલનનો દિવ્ય હક્ક રાજ્ય પાસે છે એ રાજ્યમાં રાજા અને પ્રજાની શુશ્રૂષા એ જ નીતિમત્તાનો એકમાત્ર નિરપેક્ષ નિયમ છે. રાજ્યની અંદર જ્યાં વ્યક્તિગત અહંકાર રાજ્યમાં વિલીન થઈ જવો જોઈએ અથવા તેનો અંશ બનવો જોઈએ અને સુષુપ્ત કે પ્રગટ પુષ્ટ સામુહિક સંકલ્પ દ્વારા નિર્મિત સામુહિક કલ્યાણની તરફેણમાં બંધ થવું જોઈએ ત્યાં વિદ્રોહી અહમ્‌ને દાખલ કરી શકાય નહિ અને એ અન્ય સર્વ નૈતિક નિયમોને સમાવે અને મંજૂરી આપે. પરંતુ અન્ય સામુહિક અહંકાર અને અન્ય રાજ્યોના સંબંધમાં પોતાને સંતોષવા તદ્દન વિરોધી જૂથના અહંકારો, પ્રત્યેકના માર્ગમાં અવરોધ ઊભા થાય છે અને ક્ષેત્રો સંકુચિત બને છે તેથી સામાન્ય સ્થિતિ અને અસરકારક નિયમ એ હજુ કલહ અને યુદ્ધનો છે. આમ બીજાં રાજ્યોના સંબંધમાં રાજ્યનું સમગ્ર કાર્ય એ યુદ્ધ છે; શસ્ત્રો, વાણિજ્ય, ખ્યાલો અને સંસ્કૃતિ, જગતમાં પ્રથમ આવવા અને વર્ચસ્વ પ્રાપ્ત કરવા સામુહિક વ્યક્તિત્વોનું યુદ્ધ થવા પામે છે. સફળતા સિવાય અહીં બીજી કોઈ નીતિમત્તા હોઈ શકે નહિ; જો કે નીતિમત્તાનો દંભ યુદ્ધનો ઉપયોગી દાવપેચ ગણાય. જર્મન વ્યક્તિનું કાર્ય, પછી એ વતનમાં હોય કે પરદેશમાં હોય, જર્મન સમૂહ જે તેનો યથાર્થ અને મહાન આત્મા છે એ જર્મન રાજ્યની સેવા કરવાનું છે. અને એમ કરવામાં જે કંઈ સફળતા અપાવે એ વાજબી છે. બેકાળજી, બિનકાર્યદક્ષતા અને નિષ્ફળતા એ જ અનીતિમત્તા છે. યુદ્ધમાં જે પદ્ધતિ રાજ્યની લશ્કરી સફળતા પ્રતિ દોરી જાય છે તે વાજબી છે અને શાંતિમાં જે પદ્ધતિ તેની તૈયારી કરે છે તે વાજબી છે, કારણ કે રાષ્ટ્રો વચ્ચે સ્થેતી શાંતિ એ ફક્ત યુદ્ધની પ્રચ્છન્ન સ્થિતિ છે. અને જેમ યુદ્ધ ભૌતિક જીવન અને વર્ચસ્વ પ્રાપ્ત કરવાનું સાધન છે તેમ વાણિજ્ય આર્થિક જીવન અને વર્ચસ્વનું સાધન છે. એ હકીકતમાં ફક્ત યુદ્ધની બીજી જાત છે, જીવન જીવવાનો અન્ય વિભાગ છે, એક ભૌતિક તો બીજો પ્રાણલક્ષી છે અને વિજ્ઞાને આપણને ખાત્રી આપી છે કે પ્રાણ અને શરીરમાં અસ્તિત્વની સમગ્રતા સમાય છે.

ત્રીજું, ઉત્તમ કોટીનું જીવન એ માનવજીવનનું શ્રેષ્ઠ કલ્યાણ છે અને નાલાયકના દૂરીકરણ તથા ઓછા લાયકને સદૃશ બનાવી ઉત્તમ લોકોને જીવનનું પાન કરાવી જર્મન સંસ્કૃતિ દ્વારા જગતનો વિજય માનવ-પ્રગતિનો ધોરીમાર્ગ છે એમ જણાયું. પરંતુ આ દૃષ્ટિએ સંસ્કાર એ ફક્ત જ્ઞાનની અવસ્થા કે વ્યવસ્થા કે ખ્યાલો તથા નૈતિક અને સૌંદર્યાત્મક વૃત્તિઓનો ઢાંચો નથી. ખ્યાલો દ્વારા શાસિત જીવન અને જે ખ્યાલો જીવનનાં સત્યો

પર આધારિત છે તથા એવી રીતે યોજાયેલ છે જેથી ઉત્તમ કાર્યદક્ષતા અને સંસ્કાર પ્રાપ્ત કરવા શકિતમાન હોતું નથી, તેને દૂર કરવું અથવા નષ્ટ કરવું જોઈએ; સમગ્ર જીવન જે તેના માટે શકિતમાન છે પરંતુ તેને ખરેખર પહોંચી શકતું નથી તેને સાથે લઈ સદૃશ બનાવવું જોઈએ. પરંતુ શકિત એ હમેશ વ્યાપકજાતિ અને ઉપજાતિની બાબત છે અને માનવજાતિની દૃષ્ટિએ એ કુળની બાબત રહી છે. તાર્કિક દૃષ્ટિએ જોતાં માત્ર ટયુટોનિક[1] કુળ જ શકિતશાળી છે અને તેથી બધાં ટયુટોનિક કુળોને જર્મનીમાં જાળવી રાખવાં જોઈએ અને જર્મન જૂથનાં અંશ બનાવવાં જોઈએ, જે કુળ ઓછાં લાયક છે પરંતુ તદ્દન અયોગ્ય નથી તેમને જર્મન ઓપ આપવો જોઈએ. બીજા અમેરિકા અને યુરોપના લૅટિન અથવા આફ્રિકા અને એશિયાની મોટી બહુમતિની જેમ હલકા લોકોને હેરેરોની જેમ બદલવા જોઈએ અથવા જ્યાં શકય ન હોય ત્યાં તેમનું શોષણ કરી ગુલામ બનાવી તેમની ગુણવત્તા મુજબ તેમની સાથે વર્તાવ થવો જોઈએ. આમ ઉત્ક્રાંતિ આગળ વધે છે અને માનવજાતિ પૂર્ણતા પ્રતિ વૃદ્ધિ કરશે.[2]

આપણે જે લોકોકિત હતી એમ જર્મનીએ આ વિકૃત રીતે અથવા સભાનપણે બહુમતિએ વિચાર્યું એમ ધારવાની જરૂર નથી. પરંતુ વિચારકો અને અડીખમ વ્યકિતત્વોની શકિતશાળી લઘુમતિએ રાષ્ટ્રીય જીવન પર પકડ જમાવવી અને જ્યાં જાગ્રત મનમાં ખરેખર સૂચવવામાં આવ્યો નથી ત્યાં અજાગ્રતપણે છેક સામાન્ય વલણ રજૂ કરવું તથા તેને પ્રવર્તમાન બનાવવા માટે અમુક વૃત્તિઓ આંકવી જોઈએ અને હાલના સમયના પ્રત્યક્ષ બનાવો દર્શાવે છે કે તે આ સંદેશો હતો જેણે જર્મનીના સામુહિક જર્મન માનસનો અંશત: સભાન, અભાન કે અંશત: સ્પષ્ટપણે કબજો લીધો હતો. આવા ભયાનક તર્કશાસ્ત્રની ચુસ્તતાની હાંસી ઉડાવવી અથવા તેણે અવગણેલા વિચારો અને સત્યોની મીમાંસા કરવી એ સહેલું છે; અને ઓછી નિષ્ઠા, હિમત અને નિખાલસતાથી આચારમાં તેના સિદ્ધાંતોને અનુસરતા હોઈએ છતાં તેને ધિક્કારવું, તેનાથી ડરવું અને તે તરફ ભારે નમ્રતા તથા તેણે કબૂલેલી ભૂલોમાં વિકૃત પ્રામાણિકતા રહ્યાં હતાં અને હજુ છે એ જોવાનો પ્રારંભ કરવો એ વધુ ફાયદાકારક છે. પોતાની ચાલચલગતને સીધી રીતે જોવી

---

૧ 'નોર્ડિક', હવે સ્થાપિત પદ છે.

૨ આ ત્રીસ વર્ષ અગાઉ લખાયું હતું પરંતુ પછીના વિકાસમાં જે વર્ણન દેખીતી રીતે સત્ય નહોતું તે સત્યને પ્રગટ કર્યું છે અને તેને વજન આપવામાં આવ્યું છે.

અને જીવનની હકીકતો તથા વર્તનના ખરા સિદ્ધાંતોની ઘોષણા કરવાની સચ્ચાઈ અને વર્તનમાં ભૂલી જઈને અન્ય સાથે માત્ર વાણી દ્વારા — સિવાય કે આકસ્મિક વાર્તા વિનિમયમાં—સંબંધ દર્શાવવો નહિ એ પ્રકારની નમ્રતા નિહાળવાની છે. અને જે લોકોએ આ નમ્રતા, પ્રામાણિકતા અને સચ્ચાઈ કરતાં વધુ યોગ્ય નિયમના દર્શનને પ્રાપ્ત કર્યું છે તેમણે જો જર્મન આદર્શને માત્ર રણક્ષેત્રમાં અમુક સમયને માટે જ સામુહિક રાષ્ટ્ર તરીકે પ્રથમ વિશ્વયુદ્ધમાં બન્યું હતું તેમ અધકચરી રીતે નહિ પરંતુ જર્મન આદર્શને માણસના મનમાંથી અને માનવજાતના પ્રાણતત્ત્વમાંથી નિર્મૂળ કરવો હશે તો તેટલી જ નમ્રતા અને તંદુરસ્ત પ્રામાણિકતા આચરણમાં મૂકવાં પડશે.

જર્મન ઢંઢેરાની બે બાજુઓ છે, બાહ્ય અને આંતરિક, રાજ્ય, રાષ્ટ્ર કે સમુદાયનો સંપ્રદાય અને બીજી તરફ આંતરરાષ્ટ્રીય અહમ્‌વાદનો સંપ્રદાય છે. પ્રથમ, જર્મનીનો રણક્ષેત્રમાં થોડો સમય ભલે સંપૂર્ણ નાશ થયો હોય છતાં માનવજાતિની નૈતિક દૃષ્ટિએ વિજય હાંસલ કર્યો હોય એમ જણાય છે. રાજ્ય દ્વારા વ્યક્તિના સહકાર વિરુદ્ધ તેના અને સામાન્ય હિતને માટે — અને કોણ નુકસાન માટે દાવો કરે છે?— થતું મુક્ત દબાણ લગભગ બધી જગ્યાએ વર્ચસ્વ ધરાવે છે અથવા તેની તરફેણમાં સાંપ્રત અભિપ્રાય પ્રબળ બનતો જાય છે. વ્યક્તિગત સ્વાતંત્ર્યના હિમાયતીઓ હવે નૈતિક રીતે નિષ્ફળ નીવડેલા છે અને અસ્તવ્યસ્ત બનતું લશ્કર છે જે ભવિષ્યના પ્રત્યાઘાતની આશામાં અથવા ઉલ્કાપાતમાંથી પોતાનો કોઈ સિદ્ધાંત બચાવવા લડે. બાહ્ય પાસા તરફ જોતા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિચારોની લડાઈ હજુ ચાલુ છે, પરંતુ આરંભથી શુકનિયાળ ચિહ્નો દેખાતાં હતાં.* અને હવે મૂર્તિમંત યુદ્ધ એ પોતાનાં પ્રથમ મનોવૈજ્ઞાનિક પરિણામો સાથે પૂરું થયું છે ત્યારે કઈ બાજુ વહેણ ફરી રહ્યું છે એ જોવા આપણે શક્તિમાન થયા છીએ. યુદ્ધ એ ખતરનાક શિક્ષક છે અને ભૌતિક વિજય એ ઘણી વખત નૈતિક પરાજય તરફ દોરી જાય છે. જર્મન ઉપદેશ પ્રબળ અને વધુ ભયાનક અવતાર તરીકે પુનઃ ઉપસ્થિત થયો છે અને એ સમગ્ર યુરોપ પર ફરી વળવાની ધમકી આપે છે.

જો આપણે આપણી જાતને છેતરવી ન હોય તો એ નોંધવું જરૂરી છે કે આ ક્ષેત્રમાં પણ જે પરિબળો વિરોધ કરે અથવા તેમનામાં સુધારા લાવે એવાને

---

* કોઈ પણ સંજોગોમાં રાષ્ટ્રોનું એકમ એ વિરોધી સંજ્ઞા નહોતી. ભલે એ ક્ષણિક કે પ્રસંગોચિત શુભને પ્રાપ્ત કરે પરંતુ એ યુરોપ અને તેમાં પણ બે કે ત્રણ મોટા રાષ્ટ્રો દ્વારા બાકીની પૃથ્વી પર વર્ચસ્વ ભોગવવાની પ્રવૃત્તિનું સાધન બની શકે.

દૂર રાખી આંતરરાષ્ટ્રીય કાર્યના સિદ્ધાંતો અને અમુક પ્રબળ સાકાર વૃત્તિઓ અને સિદ્ધાંતોને વ્યવસ્થિત કરવાનું કાર્ય જર્મનીએ કર્યું છે. જો પવિત્ર અહંવાદે — અને આ ભાષાપ્રયોગ ટયૂટોનિકના મુખમાંથી આવ્યો નથી — આંતરરાષ્ટ્રીય સંબંધોનું સંચાલન કરવું હોય તો જર્મન દરજ્જાના બળને નકારી કાઢવું મુશ્કેલ છે. અમુક જાતિઓ અવનતિને માર્ગે જાય છે અને તે હલકી છે એવો સિદ્ધાંત જર્મન ચિંતકો સિવાયના બીજાએ ભારે જુસ્સાથી જાહેર કર્યો હતો અને બળવાન દ્વારા નિર્બળનું વ્યાપારી શોષણ અને લશ્કરી વર્ચસ્વની સામાન્ય પ્રવૃત્તિ ભલે ઓછી નિષ્ઠાથી પણ તે ખ્યાલ દ્વારા સંચાલિત થઈ હતી. જે કંઈ જર્મનીએ કર્યું છે તે તેનો વધુ વ્યાપક વિસ્તાર અને તેનું વધુ કડક પાલન કર્યું છે તથા યુરોપ, એશિયા અને આફ્રિકાની પ્રજાને લાગુ પાડયા છે. સંસ્થાને અને આંતરિક રાજકીય દમનને નિકૃષ્ટ રીતે સમજવામાં આવે તો તેની રીતો અથવા જર્મનીની લશ્કરી પદ્ધતિઓનું જંગલીપણું અથવા કડકાઈપણું ધ્યાનમાં લેવામાં આવે તો તે તેના દુશ્મનો દ્વારા સહેતુક ઉપજાવેલું જુઠ્ઠાણું પુરવાર થયું છે અને એ પ્રાચીન તથા મધ્યયુગીન જાતિની નિષ્ઠુરતાની પુનર્જાગ્રતિ પ્રત્યેનાં નવીન વલણોની બારીક સ્પષ્ટતા હોય એમ જણાય છે. લશ્કરી કટોકટીના આકાર અને વ્યાપારી શોષણની ક્રિયામાં યુદ્ધમાં અધમ અત્યાચાર અને ખૂનરેજીની યથાર્થતા અને ઉપયોગ અથવા વિગ્રહ અને અવ્યવસ્થાનું દમન યુરોપની સરહદોની વાત ન કરીએ તો બીજા ખંડોમાં તાજેતરમાં પણ જોવામાં આવ્યાં છે.* એક દૃષ્ટિએ જોતાં આ વસ્તુઓના અંતિમ તર્કના ભયંકર દાખલાઓ માનવજાતના ધ્યાન પર વિશિષ્ટપણે લદાય એ સારું છે, કારણ કે આવરણોથી દૂર થયેલું અનિષ્ટ બતાવવાથી ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચે ચોકાઈ જવા કરતાં માનવ પ્રેરક બુદ્ધિને પસંદગી કરવાનું ફરજિયાત થઈ પડશે. જે પ્રજા પોતાની પ્રેરકબુદ્ધિને અંધકારમાં રાખે છે અને પોતાના પ્રાણીમય અહંકારને જૂના તર્કથી વધુ ટેકો અને રક્ષણ આપે છે તેને શાપ મળવો જોઈએ કારણ કે દેવોએ બતાવ્યું છે કે કર્મ એ મજાક નથી.

પરંતુ જર્મન ભૂલનું સમગ્ર મૂળ એ આત્માનો શરીર તથા પ્રાણ સુધી મર્યાદિત સમજી લેવાના દોષમાં છે. એમ કહેવાય છે કે આ સંદેશ એ ઑડિન ધર્મનો પ્રાચીન બર્બરતામાં માત્ર પીછેહઠ છે; પરંતુ આ સત્ય નથી. એ ભૌતિક વિજ્ઞાનના નિષ્કર્ષોને તાત્ત્વિક તર્કશાસ્ત્રનું તથા અર્વાચીન ખ્યાલના વસ્તુલક્ષી

---

* ઇજિપ્ત, આયર્લૅન્ડ, ભારત અને પછીથી એબીસિનીયા, સ્પેઇન, ચાઇનામાં જોઈએ તો ત્યાં મનુષ્ય અન્ય મનુષ્ય પર અને રાષ્ટ્ર અન્ય રાષ્ટ્ર પર હજુએ બળ દ્વારા વર્ચસ્વ સ્થાપવા પ્રયત્ન કરે છે.

વ્યાવહારિક પ્રત્યક્ષવાદને તાત્ત્વિક આત્મલક્ષીવાદનું પ્રયોજન દ્વારા અભિનવ અને અર્વાચીન ધર્મસંદેશ છે. જેવી રીતે જર્મનીએ પોતાનું આત્મલક્ષી અસ્તિત્વ મૂર્તિમંત કરવા વ્યકિતગત વલણ પ્રયોજિત કર્યું એ રીતે તેણે અર્વાચીન સમયના ભૌતિકલક્ષી અને પ્રાણલક્ષી વિચાર પ્રયોજિત કરી અને આત્મલક્ષી દર્શન સાથે તૈયાર કરી દીધી. તેથી એ વર્ણસંકર સંપ્રદાય, વસ્તુનિષ્ઠ આત્મલક્ષીવાદને સર્જે છે જે આત્મલક્ષી યુગના ખરા ધ્યેયથી માઈલો અળગું છે. ભૂલને દર્શાવવા માટે રાષ્ટ્રની અને મનુષ્યની ખરી વ્યકિતમત્તા શેમાં રહી છે તે જાણવું જરૂરી છે. એ ભૌતિક, આર્થિક કે સાંસ્કૃતિક જીવન જે ફકત સાધન અને આનુષંગિક પર્યાય છે તેમાં રહ્યા નથી પરંતુ જેનાં મૂળ અહંકારમાં રહ્યાં નથી એવાં વધારે ઊંડાં અને સૂક્ષ્મ આત્મામાં છે જે વ્યકિતગત શુભને બાકીના જગતના શુભ સાથે કલહ અને વર્ચસ્વના આધારે નહિ પરંતુ સમાનતાના આધારે સંબંધિત કરે છે.

જીવનનાં આત્મલક્ષી અને વસ્તુલક્ષી દૃષ્ટિબિંદુઓ

પોતાનાં ભિન્ન અસ્તિત્વને વિકસાવે તથા જીવનને પરિપૂર્ણ બનાવે, પોતાની બુદ્ધિ દ્વારા સંચાલિત બનાવે, પોતાની ઇચ્છા મુજબ માનસિક વૃત્તિઓ, સંવેગાત્મક અને પ્રાણલક્ષી જરૂરિયાતોને તથા શારીરિક તત્ત્વને સંતોષે એવા મનુષ્યની સ્વતંત્રતા એ વ્યક્તિલક્ષીવાદનો સિદ્ધાંત છે. એમાં અન્યના હક્ક કે સ્વાતંત્ર્યને કોઈ મર્યાદા નથી. આ આબદ્ધતા અને સ્વાતંત્ર્ય વચ્ચે સમતુલા જાળવવા સમાજને પુનરંચિત કરવા વ્યક્તિલક્ષી યુગે સિદ્ધાંત રચ્યો છે. પરિણામે તેણે સમાજના અને વ્યક્તિગત જીવન બન્નેની ભૂમિકા રૂપે હક્કો અને ફરજો, સ્વાતંત્ર્ય અને કાયદો, મંજૂરી અને નિયંત્રણો વચ્ચે સમજૂતીનો સંવાદ અપનાવ્યો. એ રીતે રાષ્ટ્રોના જીવનમાં વ્યક્તિલક્ષી યુગે સ્વાતંત્ર્યને આદર્શ બનાવ્યો અને જો કે પોતાના યોગ્ય ક્ષેત્ર કરતાં ઓછી સફળતાથી એકબીજાં રાષ્ટ્રોનાં યોગ્ય વર્તન તરીકે એકબીજાના સ્વાતંત્ર્યના પરસ્પર આદરને સ્થાપવા પ્રયાસ કર્યો. જીવનના આ વિચારમાં જેવું વ્યક્તિ અંગે છે તેવું રાષ્ટ્ર અંગે સમજવાનું છે; પોતાની બાબતોનું સ્વતંત્ર રીતે સંચાલન કરવું અથવા પોતાની ઇચ્છા હોય તો સ્વતંત્ર રીતે ગેરસંચાલન કરવું અને જ્યાં સુધી એ અન્ય રાષ્ટ્રોના હક્કો તથા સ્વાતંત્ર્યો સાથે દખલગીરી કરે નહિ ત્યાં સુધી પોતાના હક્કો અને સ્વાતંત્ર્યોની બાબતમાં બીજાની દખલગીરી દૂર કરવાનો પ્રત્યેકને હક્ક છે. હકીકતની દૃષ્ટિએ, વ્યક્તિ અને રાષ્ટ્રનો અહંકાર આ મર્યાદાઓને વળગી રહેવા માગતો નથી; તેથી રાષ્ટ્રનો સામાજિક નિયમ — મનુષ્ય એને મનુષ્ય વચ્ચે ઉલ્લંઘન પામેલો સિદ્ધાંત — વ્યવહારમાં મૂકવા માટે દાખલ કરવામાં આવે છે અને એ જ રીતે તથા એ જ વિષયથી આંતરરાષ્ટ્રીય કાયદાને વિકસાવવા કાર્ય થયું છે; આ વિચારોની અસર હજુ શક્તિશાળી છે. જેવી રીતે સામાજિક કાયદો વ્યક્તિના અહમ્‌ને અંકુશમાં રાખે છે તેમ આંતર-રાષ્ટ્રીય કાયદાના વિકાસનું પ્રભાવશાળી રૂપ રાષ્ટ્રોની અસ્મિતાને અંકુશમાં રાખશે, એ ભવિષ્યની મુશ્કેલીઓનો ઉકેલ શોધે છે ત્યારે હજુ તેમને આકર્ષક અને

વ્યવહારુ જણાય છે.*

આ સાથે આધુનિક વિજ્ઞાનના નવા વિચારો વિકારો અને વલણો, એક તરફ અતિશયોક્તિભર્યો વ્યક્તિવાદ અથવા પ્રાણલક્ષી અહંવાદ અને બીજી તરફ સમૂહ-વાદનો તદ્દન વિરોધી આદર્શ સર્જ્યો છે. જીવનને શોધવામાં વિજ્ઞાનને જણાયું કે જીવનનું મૂળ સ્વરૂપ આત્મ-રક્ષણ, આત્મ-પૂર્ણતા અને આત્મ-સંગ્રહ માટે વાતાવરણનો ઉત્તમ ઉપયોગ કરવાની મથામણ છે. આધુનિક જ્ઞાનના આ પાસા પર માનવ-વિચારે તેની જૂની આપખુદી અને વિભાજન પેદા કરનારી રીત દ્વારા જમાવટ કરી ફક્ત બીજાનો ઉપયોગ કરીને નહિ પરંતુ બીજાને ભોગે પણ પોતાના જીવનને જીવવાનો હકનો ઉપદેશ આપતી નવી વિચારસરણીઓને સ્થાપે છે. આ દૃષ્ટિ અનુસાર જીવનનું પ્રથમ ધ્યેય બળવાન, કાર્યદક્ષ, શક્તિ-શાળી બનવા, પોતાના વાતાવરણ, મિત્રો પર પ્રભુત્વ પ્રાપ્ત કરવા અને કષ્ટદાયક તથા અહંકારી માર્ગ પર પોતાની જાતની વૃદ્ધિ કરવા શક્તિનું પૂરતું સામર્થ્ય અને આનંદ માણવા જ્યાં સુધી એ જીવી શકે ત્યાં સુધી જીવવું જોઈએ. નીત્ઝેના જેવાં દર્શનો, અરાજકતાવાદનાં અમુક સ્વરૂપો, અલબત્ત જે ચિતક આદર્શલક્ષી રાજ્યવિહોણી વ્યવસ્થાનો પુરસ્કર્તા છે તે નહિ. તે અંતિમ કક્ષા સુધી ખેંચી જવાતા આદર્શનો જૂનો વ્યક્તિવાદ છે,— એ ઉપરાંત જો કે શાહીવાદનાં અમુક સ્વરૂપો તેનાથી સર્જાયેલાં નથી. પરંતુ આ પ્રકારના વિચારોથી મહદ્ અંશે પ્રબળ અને પ્રભાવિત થયા છે.

બીજી બાજુ, જીવકોષના સંશોધન કરતાં વિજ્ઞાને પણ એમ શોધ્યું છે કે આક્રમક સ્વમતાગ્રહ દ્વારા અથવા સામૂહિક આત્મ-વિકાસના નિયમને આધીન અને અન્ય સાથેના સહકારથી જ વ્યક્તિગત જીવનને કાર્યદક્ષ બનાવાય અને ઉત્તમ જાતિનો નમૂનો અને તેનાં મૂલ્યોના ક્રમમાં ટોળું, ઝુંડ કે સમૂહ વ્યક્તિગત પ્રાણી કે જીવજંતુ પર અને માનવસમૂહ એ વ્યક્તિગત મનુષ્ય કરતાં અગ્રતાક્રમ ભોગવે છે. તેથી વસ્તુના સ્વરૂપ અને ખરા કાયદાની દૃષ્ટિએ વ્યક્તિએ જાતિના વિકાસ, કાર્યદક્ષતા અને પ્રગતિની તુલનાએ સતતરીતે પોતાની જાતને આધીન બનાવી સર્વ માટે વ્યક્તિએ જીવવું જોઈએ અને જાતિની જરૂરિયાતને પોતાને આધીન બનાવવા અને આત્મવિકાસ માટે જીવવા કરતાં જાતિ માટે જીવવું જોઈએ આધુનિક જ્ઞાનના આ વિરોધી પાસા દ્વારા માનવ-વિચાર પર જે અસર પડી છે તેમાંથી આધુનિક સમૂહવાદે તેનું વિજયી બળ મેળવ્યું છે. માનવજીવનની સાંપ્રત હકીકતોને અધારે જર્મન માનસે કેવી રીતે આ બન્ને વિચારોને ગ્રહણ

---

* હવે કદાચ એ સંભવિત નથી, સિવાય કે અર્ધદગ્ધ બહુમતિથી એ શક્ય બને.

કર્યા અને સંમિશ્રિત કર્યા એ આપણે જોયું. તેણે રાજ્ય, રાષ્ટ્ર કે સમૂહને આધીન વ્યકિતને પૂર્ણરૂપે સ્થાપિત કરી હતી. બીજી બાજુ માનવજાતિની સમગ્રતા રચે છે. એવાં રાષ્ટ્રોના બધા સમૂહો સામે વ્યકિતગતપણે કે સામૂહિક રીતે પૂરતા બળથી અને અહંકારી સ્વમતાગ્રહ દ્વારા પોતાના રાષ્ટ્રને સ્થાપ્યું હતું.

પરંતુ રાષ્ટ્રીય અને શાહીવાદી અહંકારના વિચાર અને વ્યકિતનો જૂનો વ્યકિતલક્ષી સિદ્ધાંત, રાષ્ટ્રીય મુકિત તથા ભિન્નતા વચ્ચેના સંઘર્ષની પાછળ માનવ સાર્વત્રિકવાદ કે જાતિ માટે સમૂહવાદનો નવો ખ્યાલ ઉદ્ભવવાનો પ્રયાસ કરે છે જો એ જો સત્તા બનવામાં સફળ થાય તો જેમ સમાજમાં જ વ્યકિત-ગત સ્વાતંત્ર્ય અને ભિન્ન આત્મપૂર્ણતાના આદર્શને વટાવ્યો છે તેમ રાષ્ટ્રીય ભિન્નતા અને સ્વાતંત્ર્યને વટાવી જાય એવું સંભવિત છે. આ નવો ખ્યાલ રાષ્ટ્ર પાસેથી એવી માગણી કરે છે કે એ પોતાની સ્વતંત્ર વિશિષ્ટતા વ્યાપક સમૂહના જીવનને પછી એકત્રિત યુરોપના ખ્યાલમાં કે માનવજાતિના પૂર્ણ એકત્રિત જીવનમાં બન્યું હોય એમ સાંસ્કૃતિક એકતા કે ખંડને સંબંધિત એકતા કે શાહીવાદી જૂથના વધારે વ્યાપક સગૂહના જીવનમાં એકરસ બને કે તેનું વિલીનીકરણ કરી નાખે નહિ તો તેને આધીન રહે. માનવવિચાર અને કર્તવ્યમાં પ્રવેશીને આત્મલક્ષીપણાનો સિદ્ધાંત, જ્યારે તેના દૃષ્ટિબિંદુમાં મહત્ત્વનો ભેદ દર્શાવવો જોઈએ, આપણા જીવનનાં લક્ષણ અને ચાલક-બળ પ્રથમ નજરે તેનાં ઘટકોમાં ભેદ ઉપજાવે એમ જણાતું નથી. આત્મલક્ષી અને અનાત્મલક્ષીવાદ સમાન પ્રદત્તોથી આરંભ કરે છે, વ્યકિત અને સમૂહ, તેનાં મન, પ્રાણ અને શરીરની વિવિધ શકિતઓથી સંલગ્ન પ્રત્યેકનું જટિલ સ્વરૂપ અને તેમની આત્મ-પૂર્ણતા તથા સંવાદિતાના કાયદા માટે શોધ એ તેમના પ્રદત્તો છે. પરંતુ અનાત્મ-લક્ષીવાદ પૃથક્કરણાત્મક તર્કથી આગળ વધે છે તેથી સમગ્ર સમસ્યાનો બાહ્ય અને યાંત્રિક ખ્યાલ અપનાવે છે. એ જગતને વસ્તુ, વિષય, તત્ત્વોને અમૂર્તપણે બહાર મૂકીને નિરીક્ષક તર્ક તરીકે અભ્યાસ કરતી પ્રક્રિયા અને જણના કરતા સમૂહ તરીકે બહારથી જટિલ યંત્રને કોઈ જુએ તેમ નિહાળે છે. આ પ્રક્રિયાના નિયમો જ્યારે તર્ક દ્વારા વ્યકિત અને જૂથને જોવામાં આવ્યા અને જુદા પડાયા અને જેમ વિજ્ઞાન નિયમને શોધીને તેને પ્રયોજિત કરે છે તેમ કોઈ મનુષ્યના સંકલ્પથી પ્રયોજિત થાય એવા વ્યકિતને તથા જૂથને પ્રયોજિત કરાય એવા યાંત્રિક નિયમો ગણવામાં આવ્યા. આ કાયદાઓ અને નિયમોને મનુષ્યના પોતાના અમૂર્ત તર્ક દ્વારા અને પોતાનાં અન્ય અંગોમાંથી છૂટા પાડીને ઇચ્છાશકિત દ્વારા લાદવાના છે અથવા અન્ય વ્યકિતઓ જૂથોના સંકલ્પ અને તર્ક દ્વારા એ કાર્ય કરવાનું છે; અને એવું જ જૂથ પર એને લાદવાનું છે; મન જેને જૂથના જીવનથી અળગું લેખે છે એવી નિયમનની પ્રવિધિમાં મૂર્ત બનેલી ઇચ્છાશકિત અને તેના સામૂહિક તર્ક દ્વારા આ કાર્ય

થાય અથવા તેનાથી બહાર આવેલા જૂથ અથવા તો જેના એ એક અંગરૂપે હોય તેવા જૂથનો ઇચ્છાશક્તિ અને તર્ક દ્વારા જૂથ પર આ નિયમોને લાદવાના છે. તેથી આધુનિક રાજકીય વિચારમાં રાજ્યને જાણે કે, સમૂહ અને તેના સભ્યોથી ભિન્ન હોય એમ સ્થૂળ પદાર્થ તરીકે લેખવામાં આવે છે. તેથી વ્યક્તિમાં વિકાસ પામે અને તેનો આત્મા અને પ્રકૃતિ એ ધ્યેય પ્રતિ વૃદ્ધિ પામવા પ્રેરણા લે એ કરતાં કોઈ અંકુશ અને દોરવણી આપે એવી શક્તિ દ્વારા ધર્મ, ક્રોધ કે અભિરુચિના કોઈ ખ્યાલને પરિપૂર્ણ કરવા વ્યક્તિ પર લાદી શકે એવું સ્વાયત્ત તત્ત્વ મનાય છે. જે યાંત્રિક પ્રવિધિમાંથી જીવન પસાર થાય છે અને જીવનને આકાર આપે છે તેની સાથે કાર્યક્રમ વ્યવહાર કરી અનુકૂળ બનીને જીવનને સંવાદિત અને નિયંત્રિત કરવાનું છે. અનાત્મ-લક્ષીવાદનો કેન્દ્રવર્તી ખ્યાલ એ છે કે વ્યક્તિની ઇચ્છાશક્તિ દ્વારા સ્વીકૃત કે અમલમાં મુકાયો હોય અને વ્યક્તિગત તર્ક દ્વારા શોધાયો કે નિર્મિત થયો હોય તેની બહાર જે કાયદો રહ્યો છે એ વાસ્તવિક છે. પૂર્ણતા, વ્યવસ્થા અને નિયંત્રણ કરવાની પ્રક્રિયા એ તેના વ્યવહારનો ખ્યાલ છે.

આત્મલક્ષીવાદ આંતર સ્વરૂપમાંથી ઊગમ પામે છે અને રક્ષિત તથા વિકસિત આત્મ-ચેતનાના દૃષ્ટિબિંદુએથી પ્રત્યેક વસ્તુને એ નિહાળે છે. એ મુજબ નિયમ આપણા આંતર સ્વરૂપમાં રહ્યો છે જે પ્રથમ અચેતન પછીથી અર્ધ-ચેતન અને આખરે વધુ ને વધુ આંતરિક સુપ્ત શક્તિ વિષે પૂર્ણ સભાન બનીએ છીએ. તેની પ્રગતિનો સિદ્ધાંત એ વૃદ્ધિ પામતી આત્મ-પ્રતીતિ, આત્મ-પ્રાપ્તિ અને ફૂલિત થતી આત્મ-આકાર રેખા છે. તર્ક અને સંકલ્પ એ આત્મ-સ્થાપન અને આત્મ-આકારનું બળ છે તદુપરાંત, તર્ક અને બૌદ્ધિક સંકલ્પ આપણી જાતની પ્રતીતિ અને સાકારનાં સાધનોના અંશો માત્ર છે. આપણાં સ્વરૂપ અને તત્ત્વ અને જ્ઞાનની ઘણી શક્તિઓ અને કાર્ય સાર્થક કરનારાં ઘણાં બળોનો વ્યાપક અને જટિલ ખ્યાલ આત્મલક્ષીવાદ લે છે. બાહ્ય અને વસ્તુલક્ષી પદ્ધતિથી દૂર જઈને આત્મલક્ષીવાદ તર્કના કાર્યની મહત્તાને ઉતારી પાડવી અને ઓછી ગણવી અને બુદ્ધિના દાવાઓની વિરુદ્ધ અંતઃસત્ત્વ સંકલ્પ-શક્તિ કે પ્રાણલક્ષી પ્રેરણાના આધિપત્યને સ્થાપવું અથવા બૌદ્ધિક જ્ઞાન જે ઉપરછલ્લા આભાસોને સ્થાપે છે, વળી ઉથાપે છે, પૃથક્કૃત કરે છે અને યાંત્રિક અનુકૂલન દ્વારા સંવાદિત બનાવે છે ત્યારે જ્ઞાનની સૂક્ષ્મ શક્તિ જેને અત્યારે અંતઃસ્ફુરણા કહે છે, એ વસ્તુઓને તેની પૂર્ણતા, સત્ય, અગાધતા અને સંવાદિતાઓમાં પ્રત્યક્ષ કરે છે તેને સ્થાપે છે—પરંતુ નક્કરપણે આપણે જોઈ શકીએ છીએ કે તેનાં સત્ય, સ્વરૂપ અને શક્તિને યાંત્રિક પૃથક્કરણ દ્વારા જોવા કરતાં એ તેનાં દ્રવ્ય અને પાસાંઓને ગ્રહણ કરવાં, પ્રત્યક્ષ કરવાં અને

લાગણી તથા આત્મ-ચેતનાથી તેના સંપર્કમાં આવવું એ અંતઃસ્ફુરણાનો ભાવાર્થ છે. આત્મલક્ષીવાદની સમગ્ર પ્રેરણા આત્માને મેળવવો, તેમાં રહેવું, તેના દ્વારા પ્રત્યક્ષ કરવું, બાહ્ય અને આંતરિક રીતે પરંતુ હમેશ આંતરિક આરંભ અને કેન્દ્રમાંથી આત્માના સત્ય કરતાં વધુ જીવવાનું છે.

પરંતુ હજુ આત્માના સત્ય અંગેનો સવાલ રહે છે, એ શું છે, તેનું કયું યથાર્થ કાયમી સ્થાન છે; અને અહીં જીવન અને અસ્તિત્વના વસ્તુલક્ષી ખ્યાલની જેમ આત્મલક્ષીવાદે એ જ ઘટકો તરફ ધ્યાન દેવું પડે છે. આપણે આત્મા તરીકે વ્યકિતગત જીવન અને ચેતના પર ધ્યાન આપીએ અને તેની શકિત, સ્વતંત્રતા, વૃદ્ધિ પામતો પ્રકાશ, સંતોષ અને આનંદને જીવનના વિષય તરીકે લેખીએ અને એમ આત્મલક્ષી વ્યકિતવાદ તરફ પહોંચીએ છીએ. બીજી તરફ, આપણે જૂથ – ચેતના અને સામૂહિક આત્મા પર ભાર આપીએ. આપણે મનુષ્યને આ જૂથ – આત્માની કેવળ અભિવ્યકિત તરીકે પોતાના વ્યકિતગત અને ભિન્ન તત્ત્વમાં આવશ્યક રીતે અધૂરા છે, અને વ્યાપક તત્ત્વ દ્વારા જ એ પૂર્ણ બને, અને વ્યકિતગત મનુષ્યનું જીવન એ જાતિની આત્મ-પૂર્ણતા, સુખ, જ્ઞાન, કાર્યદક્ષતા અને વધતી જતી શકિતને ગૌણ બને એવું આપણે ઇચ્છીએ અને જાતિ અથવા સમૂહના વિકાસ અને જીવનને વેગ આપે તે સિવાય અન્યને અવગણીએ અથવા તેનું બલિદાન આપીએ. આપણે વ્યકિત પર પ્રમાણિક જુલ્મ કરવાનો દાવો કરીએ અને બૌદ્ધિક વ્યવહારુપણે તેને શીખવીએ કે તેને સમૂહના તેના સંબંધો સિવાય પોતાને પરિપૂર્ણ કરવાનો હક્ક અને અસ્તિત્વમાં રહેવાનો દાવો કરી શકે નહિ. આ જ કેવળ તેના વિચાર, પ્રવૃત્તિ અને અસ્તિત્વનું નિર્માણ કરવાના છે. અને પોતાના સ્વરૂપનો નિયમ, પોતાના સ્વ-ભાવને પરિપૂર્ણ કરવાનો હક્ક છે તેનો કોઈ નિયમ અને વિચારનું સ્વાતંત્ર્ય જેમાં ભૂલ કરવાની યુકિત અનિવાર્યપણે અભિપ્રેત હોય અને પ્રવૃત્તિનું સ્વાતંત્ર્ય જેમાં ઠોકર ખાવી અને પાપ આચરવાની સ્વતંત્રતા સમાઈ હોય એવી માગણી કરવી એ અસભ્યતા અને કલ્પિત છે. સામૂહિક આત્મ-ચેતનાને પ્રત્યેક તબક્કે વ્યકિતના જીવન પર હલ્લો કરવાનો અધિકાર છે. સામૂહિકતાની આત્મસંતોષ માટેની ઇચ્છા, જરૂરિયાતની સમજ, વૃત્તિ, યોગ્યપણે કામ કરતી સત્તાશીલ લાગણી, ઉત્તમ વિચાર અને સર્વોચ્ચ સંકલ્પ તરીકે જેને એ વિચારે છે તેને લક્ષ્યમાં રાખીને વ્યકિતને તેની એકલતા, તેનું ખાનગી જીવન, આત્મ-ધ્યાન, બધું સ્વાતંત્ર્ય અને આત્મ-માર્ગદર્શન સર્વનું નિર્માણ કરે છે.

પરંતુ વસ્તુલક્ષી વિજ્ઞાન નિસર્ગના સાર્વત્રિક બળને એકમાત્ર સત્તા તરીકે અને સર્વ એ તેની પ્રક્રિયા છે એમ જુએ છે એ રીતે આત્મતત્ત્વનો ખ્યાલ વિસ્તૃત કરીએ અને આત્મ-અભિવ્યકિતની સમાન શકિત તરીકે સર્વને

નિષ્પક્ષ આદર સાથે જગત, વ્યક્તિ અને જૂથમાં સાર્વત્રિક સત્ અથવા અસ્તિત્વની તૃપ્તિ થાય છે. તેને આપણે આત્મલક્ષીપણે સાકાર કરીએ. આ આત્મ-જ્ઞાન માનવજાતિની નિત્ય વૃત્તિઓ અને જગત-વિકાસનાં વિવિધ પાસાંઓને સર્વાંગીપણે સમાવ્યાં છે, અને લક્ષ્યમાં રાખ્યાં છે, તેથી એ દેખીતી રીતે યોગ્ય છે. આ દૃષ્ટિએ વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ કે જૂથનો સર્વગ્રાહી વિકાસ આદર્શ રહી શકે નહિ. પરંતુ વ્યક્તિ અને જૂથ બન્નેનો સમાન, સાથોસાથ અને શક્ય હોય ત્યાં સમાંતર વિકાસ જ્યાં એકબીજાનું પૂરક બને એ આદર્શ બની રહે. પ્રત્યેક તત્ત્વને તેનું પોતાનું સ્વતંત્ર આત્મ-સાક્ષાત્કારનું આગવું સત્ય અને બીજાના જીવનમાં આત્મ – સાક્ષાત્કારનું પોતાનું સત્ય રહ્યું છે અને વ્યક્તિગત આત્માઓમાં અને એક સાર્વત્રિક સત્ તત્ત્વના સર્વ સામૂહિક આત્માઓના સંબંધિત અને નૈસર્ગિક વૃદ્ધિમાં એ જેમ જેમ શક્તિ અને મહત્તામાં વિકાસ પામે છે તેમ, લાગણી, ઇચ્છા, મદદ અનુભવવાં જોઈએ તથા તેમાં વધુ ભાગીદાર બનવું જોઈએ. આ બન્નેને જ્યારે યોગ્ય દૃષ્ટિકોણથી જોવાય ત્યારે માનસિક વલણની ખરેખર વિરોધી, ભિન્ન અને પ્રતિકૂળ શાખાઓ નહિ જણાય, પરંતુ એક સામાન્ય અસ્તિત્વની સમાન પ્રેરણા, સહચર ક્રિયાઓ છે જે વધુ વૈભવ, વ્યાપક એકતા અને પરસ્પર પૂરક બનવા તરફ વળવા એ ભિન્ન રૂપ ધારણ કરે છે.

એ રીતે આત્માને શોધવાની આત્મલક્ષી પદ્ધતિ વસ્તુલક્ષી પદ્ધતિની જેમ જાગ્રત ભૌતિક પ્રાણતત્ત્વ સાથે પ્રબળપણે તાદાત્મ્યતા સાધવા તરફ વળે કારણ કે માનસિક અને પ્રાણલક્ષી ક્રિયાઓ અને શક્તિઓનું અહીં નિર્માણ અને પાત્ર શરીર જણાય છે. અથવા એ આપણામાં રહેલા પ્રાણતત્ત્વ, તેની ભાવનાઓ, તૃષ્ણાઓ, પ્રેરણાઓ, અહંકેન્દ્રી તૃપ્તિ, તાકાત અને વૃદ્ધિ માટેની શોધખોળ સાથે તાદાત્મ્યતા ધારણ કરે અથવા એ મનુષ્યના માનસિક અને નૈતિક તત્ત્વના ખ્યાલની કક્ષાએ ગતિ કરે અથવા પોતાના આંતરિક વિકાસને વ્યક્તિગત અને સામૂહિક શક્તિ અને પૂર્ણતાને પ્રથમ દરજ્જાનું સ્થાન આપે અને આપણા અસ્તિત્વના યથાર્થ ધ્યેય તરીકે આપણી સમક્ષ રજૂ કરે. આત્મલક્ષી, વ્યવહારુ અને બહિર્લક્ષી ભૌતિકવાદ એ સંભવિત દૃષ્ટિકોણ છે; પરંતુ તેમાં રહેલું આત્મલક્ષી વલણ લાંબા સમય સુધી ચાલુ રહી શકે નહિ. કારણ કે તેની નૈસર્ગિક પ્રેરણા આંતર સૃષ્ટિમાં ડૂબકી મારવાની છે, અને જ્યારે એ આંતરિક પૂર્ણ સભાન પ્રાણતત્ત્વને પહોંચી વળે અને તૃપ્તિ માટે શક્તિશાળી સુખુપ્તિ ઝંખે, આનંદ અને તેની સર્વ તાકાતની લાગણી અનુભવે ત્યારે એ આત્મસ્વરૂપને જાણવાની અને આત્મ-સંતોષ અનુભવવાની શરૂઆત થઈ કહેવાય છે. આ તબક્કે મનુષ્ય પોતાની જાતને મહાન પ્રાણલક્ષી ભવિતવ્ય-સંકલ્પ તરીકે લેખે

છે જે શરીરને પોતાના સાધન તરીકે અને મનની શક્તિઓ જેના સેવકો અને સચિવો તરીકે રહે છે. વિવિધ રીતે ધ્યાનમાં ખેંચે તેવાં સ્વરૂપોએ તાજેતરમાં મોટો ભાગ ભજવ્યો છે અને એ માનવવિચાર પર હજુ ગણનાપાત્ર પ્રભાવ પાડે છે તે પ્રાણવાદનું આ બીજું છે. આથી પર જઈએ તો આપણે આત્મ-લક્ષી આદર્શવાદને પ્રાપ્ત કરીએ છીએ જે આદર્શવાદ હવે ઉદ્ભવે છે અને નામાંકિત બનવાની શરૂઆત કરે છે. મનુષ્યની પરિપૂર્ણતા તેના ધાર્મિક સૌંદર્યાત્મક, અંતઃસ્ફૂરણાત્મક, તેની શ્રેષ્ઠ બૌદ્ધિક અને નૈતિક, સૂક્ષ્મ સહાનુભૂતિલક્ષી અને સંવેગાત્મક સ્વભાવની સંતૃપ્તિ પ્રાપ્ત કરવા આદર્શવાદ પ્રયાસ કરે છે. આદર્શવાદ આપણા સ્વરૂપની પૂર્ણતા અને આપણા સ્વરૂપનું સમગ્ર ધ્યેય છે એમ માને છે અને તેને ભૌતિક તથા પ્રાણલક્ષી અસ્તિત્વને નિમ્નવર્તી બનાવવાનો પ્રયાસ કરે છે. આને પોતાને મૂલ્યવાન લેખવા કરતાં જુદાં રૂપોમાં પ્રગટ થતા આત્મલક્ષી જીવનના સાધન અને સંભવિત પ્રતીક તરીકે લેખાય છે. આ નવી ગતિ સાથે શરીર અને પ્રાણથી સ્વતંત્ર આત્માની શોધ અને ગૂઢવાદ, રહસ્યવાદની નિશ્ચિત વૃત્તિ સાતત્ય ધરાવે છે. વસ્તુલક્ષી બુદ્ધિવાદ અને વ્યક્તિ-લક્ષીવાદના શાસન બાદ અર્વાચીન જીવન માટે નવીન છે અને એ તેના યથાર્થ વલણ અને સ્વરૂપ પર ભાર મૂકે છે.

પરંતુ અહીં પણ આત્મલક્ષીવાદ માટે આથી પર જઈને મન કરતાં વધુ મહાન એવા યથાર્થ આત્મતત્ત્વને શોધવું શક્ય છે. જગતમાં આ આત્મતત્ત્વની વધતી જતી અભિવ્યક્તિ માટે મન, પ્રાણ અને શરીર ફક્ત સાધનરૂપ બની જાય છે. તેમના ક્રમમાં સાધન તરીકે સરખા નથી, પરંતુ સમષ્ટિની આવશ્યકતામાં સમાન છે. જેથી આપણી આત્મ-અભિવ્યક્તિનાં ઘટકો તરીકે તેમની પૂર્ણતા, સંવાદિતા અને એકતા આપણા જીવનના ખરા ધ્યેયને માટે હાર્દરૂપ બને. અને છતાં એ ધ્યેય પ્રાણ, શરીર અને મનને સંપૂર્ણ બનાવવાનો નહિ રહે પરંતુ આપણાં તત્ત્વ અને અસ્તિત્વ, વસ્તુ અને સર્જનમાં રહેલા છૂપા દેવ જે એક છતાં વિવિધ છે તેના તેજસ્વી આત્માના આપણા આંતરિક અને બાહ્ય જીવનમાં આવિર્ભાવ માટે યોગ્ય સાધનો અને ઉચિત આધાર રચવા તેમને વિકસાવવાનો રહેશે. વ્યક્તિગત અને સામાજિક માનવ – અસ્તિત્વનો આદર્શ એ સાર્વત્રિક પરાત્પર આત્માનાં આનંદ, સામર્થ્ય, પ્રેમ, પ્રકાશ અને સૌન્દર્યના સભાન પ્રગટીકરણમાં તેમનું પ્રગતિશીલ રૂપાંતર હશે.

સામાજિક વિકાસનો આદર્શ નિયમ

આપણા વિકાસનો સાચો નિયમ શો હશે ? આપણા સામાજિક જીવનનું સમગ્ર લક્ષ્ય શું હશે ? આ પ્રશ્નનો જવાબ મેળવવા આપણે, અત્યારના વિજ્ઞાનની મારફત, આજ સુધીનો માનવનો સ્થૂલ શારીરિક વિકાસ તેમ જ તેના પ્રાણનો વિકાસ જાણી લઈએ અ જરૂરનું છે. આ ઉપરાંત આપણે એ પણ જાણવાનું રહે છે કે માનવના માનસિક જીવનનું તથા આધ્યાત્મિક જીવનનું ભાવિ કેવી રીતનું હશે, પ્રકૃતિના કાળચક્રની અંદર તેનું સ્થાન કેવું રહેશે. માણસ જ્યારે આત્માભિમુખ બને છે ત્યારે તેને આ જ્ઞાન થાય છે. અને આ રીતે જોતાં માનવજાતિના ઇતિહાસમાં આત્માભિમુખ જીવનના જે ગાળાઓ આવે છે તેમાં માનવજાતિને હમેશાં ઘણો જ લાભ થતો રહેલો છે, તેમાં માનવજાતિએ ઘણું નૂતન સર્જન સાધેલું છે. બીજા ગાળાઓમાં માણસ તેનામાં રહેલી પ્રકૃતિ જે કાંઈ આંતર સત્યને પ્રગટ કરવા મથતી હોય છે તે સત્યના કોઈ અમુક પાસાને, એ સત્યની કોઈ અમુક આકૃતિને કે અમુક કક્ષાને જ વળગી રહે છે, અથવા તો તે પોતાની કોક યંત્રવત્ વૃત્તિને જ અનુસરતો રહે છે, અથવા તો પ્રકૃતિના બાહ્ય પ્રભાવની અસર હેઠળ જ તે પોતાનો ઘાટ ઘડતો રહે છે. પરંતુ તે જ્યારે આત્માભિમુખ બની પોતાની અંદર વળે છે ત્યારે માનવ પોતાના સ્વરૂપમાં પાછો પહોંચે છે, પોતાના જીવનના ઠેઠ મૂળમાં પહોંચે છે, અને ત્યાં પછી તેની સમક્ષ અનેકાનેક શક્યતાઓ ખૂલવા લાગે છે, પોતાની જાતનું તે નવીન રીતે અને સંપૂર્ણ રીતે આત્મ-સર્જન કરી શકે તેવી શક્યતા તેની આગળ ઊઘડે છે. અહીં હવે માણસને સમજાય છે કે પ્રકૃતિની અંદર પોતાનું સાચું સ્થાન શું છે, તેનાં ચક્ષુ હવે જુએ છે કે તેને માટે કેવું તો મહાન ભાવિ નિરમાયેલું છે.

આ વિશ્વ એ એક અનંત વાસ્તવિકતા છે, અને એની એ અનંતતા તેને હરેક વ્યાખ્યાથી, હરેક મર્યાદાથી પર લઈ જાય છે. એ વાસ્તવિકતાએ પોતાની જાતને જીવનનાં અનેકવિધ સ્વરૂપોમાં પ્રગટ કરેલી છે. આ વિશ્વ પોતાનો આરંભ, બેશક આપણા અનુભવની અંદર જે કાંઈ આવ્યું છે તે મુજબ, એક

જડતત્ત્વ રૂપે કરતું દેખાય છે. એ જડતત્ત્વ એક ઘણો નક્કર સઘન પદાર્થ છે. એ ઘન પદાર્થની અંદર તેમ જ તેના ઉપર વિશ્વ પોતાનાં સૃષ્ટિઓ રચે છે, પૃથ્વીને રચે છે, શરીરની રચના કરે છે. આ સ્થૂલ તત્ત્વમાં વિશ્વ પોતાની ગતિના મૂળ નિયમને બરાબર પાકી રીતે છાપી આપે છે, જડી આપે છે. વિશ્વની ગતિનો આ મૂળભૂત નિયમ એ છે કે જગતમાંની તમામ વસ્તુઓ પોતાના મૂળ રૂપે તેમ જ મૂળમાં એક જ પ્રકારની છે, સર્વ વસ્તુઓના અસ્તિત્વનો સામાન્ય નિયમ એક જ છે, સર્વ પદાર્થો એકબીજાને સરખી રીતે આધીન રહેલા છે, અને એ પદાર્થોના સંબંધોનું સ્વરૂપ એક જ પ્રકારનું છે. પરંતુ જગતમાં આવેલો હરેક પદાર્થ, પદાર્થ માત્રની પાછળ રહેલા આ એક સમાન હેતુને પોતપોતાની વિશિષ્ટ રીતે સિદ્ધ કરે છે. પ્રત્યેક પદાર્થને પોતાના વૈવિધ્યનો નિયમ છે. અને એ વૈવિધ્ય દ્વારા હરેક પદાર્થ આખાયે વિશ્વના જીવનને અધિક સમૃદ્ધ કરતો રહે છે. આ વિવિધતાનું તત્ત્વ જડતત્ત્વની અંદર બહુ મર્યાદિત રીતે આવેલું છે. અહીં સ્થૂલ સૃષ્ટિની અંદર વ્યક્તિઓ એકંદરે એક જ પ્રકારની રહેલી છે. આ વ્યક્તિઓને દરેકને પોતાની અલગ ગતિ હોય છે, પણ એ ગતિ સર્વ વ્યક્તિઓમાં એક જ પ્રકારની હોય છે. આ વ્યક્તિઓમાં અમુક બારીક તફાવતો હોય છે, પણ તે સિવાય બધી વ્યક્તિઓ અમુક જ સ્વરૂપને વળગેલી રહે છે, અને એ સર્વમાં એક જ પ્રકારનાં લક્ષણોનો સમૂહ આવેલો હોય છે. આ કોટિમાં હવે વિવિધતા સાધવા માટે અમુક સામાન્ય લક્ષણોવાળી જુદી જુદી પેટા કોટિઓ ઉપજાવવામાં આવે છે, પછી ભલે એ પેટા કોટિઓની વ્યક્તિઓમાં વિગતોની બાબતમાં અમુક મળતાપણું હોય. આ પેટા કોટિઓ એટલે એક જ જીવયોનિ (genus)ની અંદર આવતી જાતિઓ (species) અને ઉપજાતિઓ (sub-sprcies). જગતમાં મન પોતાને વિષે સભાન થાય છે તે પહેલાં, પ્રાણ તત્ત્વના વિકાસમાં પણ આ જ નિયમ મુખ્યત્વે કામ કરતો રહે છે. પણ જેમ જેમ પ્રાણતત્ત્વ વૃદ્ધિ પામતું જાય છે તેમ તેમ, અને તેથીયે વિશેષ તો જ્યારે મન પ્રાણમાંથી બહાર આવે છે ત્યારે, વ્યક્તિમાં વૈવિધ્ય માટેની શક્તિ વધુ ને વધુ વિકાસ પામતી જાય છે, વધુ બળવાન થતી જાય છે. હવે વ્યક્તિને કુદરતના સામાન્ય નિયમને અનુસરીને તેમ જ પોતાની જાતિના સામાન્ય નિયમને અનુસરીને વિકાસ પામવાની સ્વતંત્રતા મળે છે.

મનુષ્ય એ પ્રકૃતિમાં આવેલું મનોમય પ્રાણી છે. પ્રકૃતિનાં બીજાં ઓછાં વિકસિત પ્રાણીઓ કરતાં તેને વિશેષતા આપનારી વસ્તુઓ એ છે કે તેનામાં વ્યક્તિત્વની એક વધુ મહાન શક્તિ રહેલી છે, તે પોતાની મનોમય ચેતનાની મુક્તિ સાધે છે ત્યારે તેને એવી શક્તિ મળે છે કે જે વડે તે પોતાની જાતને વધુ ને વધુ સમજી શકે છે. વળી તે પોતાની મનોમય સંકલ્પશક્તિની મુક્તિ

સાધે છે ત્યારે તેને એવી શકિત મળે છે કે જેથી વિશ્વરૂપ પરમ સંકલ્પશકિતના ગૂઢ કાબૂ હેઠળ રહ્યો રહ્યો તે પોતાના વિકાસની સામગ્રીનું તથા તે વિકાસની દિશાઓનું આયોજન કરી શકે છે. અને છેવટે જતાં તેનામાં પોતાની જાતથી ઉપર ચાલ્યા જવાની, પોતાની મનોમયતાથી ઉપર ચાલ્યા જવાની તથા જેમાંથી મન, પ્રાણ તથા શરીર ઉત્પન્ન થાય છે તે પ્રત્યે પોતાની ચેતનાને ખુલ્લા કરવાની શકિત રહેલી છે. વળી મનુષ્ય પોતાના વિકાસની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાએ પહોંચતાં, પોતાનું સાચું સ્વરૂપ જે વાસ્તવિકતાનું બનેલું છે તેની પણ કાંઈક ઝાંખી મેળવી શકે છે, જોકે અત્યારે તો તેને આ ઝાંખી બહુ અપૂર્ણ રીતની જ થાય છે. આથીયે આગળ વધતાં માનવ એક એવી તો વસ્તુ સભાનપૂર્વક મેળવી શકે છે કે જેને પાર્થિવ પ્રકૃતિમાંનું બીજું કોઈ પણ પ્રાણી કદી મેળવી શકતું નથી. એ વસ્તુ એટલે કે વિશ્વનો આત્મા, આદિવિચાર, આદિસંકલ્પ. માનવ આ તત્ત્વોનો બનેલો છે. એ તત્ત્વોને પ્રાપ્ત કરીને માનવ પોતાની પ્રકૃતિનો સ્વામી બની શકે છે. આથી આગળ જતાં તે વિશ્વરૂપ પ્રકૃતિનો પણ વધુ ને વધુ સ્વામી બની શકે છે. અને તે વખતે અત્યારે તેને પોતાથી વધુ બળવાન એવી પ્રકૃતિ સાથે જે કુસ્તી કર્યા કરવી પડે છે તે કરવાની રહેતી નથી. આ કાર્ય કરવું, એટલે કે મન દ્વારા તેમ જ મનથી ઉપર જઈને, આ સારીયે પ્રકૃતિમાં પોતાને પ્રકટ કરી રહેલા આત્મામાં, આત્મતત્ત્વમાં પહોંચવું, એ આત્મતત્ત્વ સાથે પોતાના સ્વરૂપમાં, પોતાની શકિતમાં, પોતાની ચેતના, સંકલ્પ તેમ જ જ્ઞાનમાં એકરૂપ બની રહેવું, એકી સાથે માનવની રીતે તેમ જ દિવ્ય રીતે પોતાના અને જગતના સ્વામી બનવું, અને એ પ્રભુત્વ તે માનવજીવનના નિયમ અને ધર્મને અનુસરીને પ્રાપ્ત કરવું, પણ તે માનવ જીવન એવું હશે કે જે પ્રભુમાં પહોંચીને પોતાની પૂર્ણતા પામ્યું હશે તેમ જ પ્રભુની પૂર્ણતાને જે જગતમાં પ્રકટ કરી રહ્યું હશે — આ પ્રકારે માનવનું ભાવિ છે. માનવના વ્યકિતગત જીવનનું તેમજ સામાજિક જીવનનું લક્ષ્ય પણ આ જ છે.*

*અહીં એમ કહી શકાય છે કે માણસ એ તો મનોમય પ્રાણી છે અને મન, પ્રાણ અને શરીરની મર્યાદામાં તે બંધાયેલો છે. એટલે જો જગતમાં અનથી પર આવેલી કોઈ શકિતનો, કોઈક અતિમાનસ શકિતનો વિકાસ થાય, તે શકિત જો અહીં સંગઠિત બને તો તેમાંથી તો એક નવીન જ અતિમાનવ જાતિનું સર્જન થાય અને તેવી જાતિ માટે પછી 'માનવ' કે 'માનવીય' એવો શબ્દ વાપરી ન શકાય. બેશક, આ સાચું તો છે, પણ માનવજાતિને પોતાને માટે પણ આ રીતની અતિમાનવ શકિતનો વિકાસ શકય તો રહે છે જ. આવો વિકાસ બધા જ માણસો માટે એકસરખા પ્રમાણમાં યા તો એકીસાથે જ ભલે ન બની આવે, પણ છેવટે જતાં આવી સિદ્ધિ માનવજાતિ માટે શકય રહે છે.

આ કાર્ય, પ્રભુત્વમાં પહોંચવાનું આ આરોહણ, પ્રથમ તો વ્યક્તિ દ્વારા જ સિદ્ધ થાય છે. આ લક્ષ્ય સિદ્ધ કરવાને માટે જ, એટલે કે અદ્વૈત રૂપ પરમાત્મા પ્રત્યેક માનવની અંદર પોતાનું સ્વરૂપ ભાળી શકે, પ્રત્યેક માનવમાં પોતાનો આવિર્ભાવ સાધી શકે એ હેતુને ખાતર જ માનવ વ્યક્તિરૂપ આત્મા બનેલો છે. બેશક, માનવ કોઈની પણ સહાય લીધા વિના, કેવળ મનોમય ચેતનામાં રહીને જ આ લક્ષ્ય સિદ્ધ કરી શકવાનો નથી. એ માટે તેણે પોતાની મનોમયતાથી ઉપર પોતાના ઉપરિચેતન સ્વરૂપમાં આવેલા ગૂઢ પરમાત્માની મદદ મેળવવાની રહે છે, તેમ જ પોતાની આસપાસ આવેલી પ્રકૃતિમાં તથા પોતાના અન્ય માનવ બંધુઓમાં રહેલા ગૂઢ પરમાત્માની મદદ પણ મેળવવાની રહે છે. પ્રકૃતિમાં આવેલી હરેક ચીજ માનવને માટે પોતાની ગૂઢ દિવ્યતાને ખીલવવા માટેની તક બની શકે છે. આ તકનો સદુપયોગ કરવો કે દુરુપયોગ કરવો તે બાબત માનવને અમુક રીતનું સાપેક્ષ સ્વાતંત્ર્ય પણ છે. જોકે માનવ પોતાની સામગ્રીનો જે કંઈ સદુપયોગ કરે છે તેનાં પરિણામો ઉપર છેવટે જતાં તો પ્રભુનો વિશ્વરૂપ સંકલ્પ પોતાની આણ પાથરી દે છે, અને એ રીતે આખરે માનવને પોતાના સ્વરૂપનો ધર્મ વિકસાવવાના કાર્યમાં, પોતાના ભાવિને સિદ્ધ કરવાના કાર્યમાં સહાય આપવામાં આવે છે. માનવની આસપાસનું સારુંયે જીવન માનવમાં રહેલા દિવ્ય હેતુને સિદ્ધ કરવાની દિશામાં સહાયરૂપ બને છે. હરેક માનવ એ માનવનો સાથીદાર છે. એ પછી માનવની સાથે સહકાર કરે અને એકતા કરે, યા તો તેની સાથે લડાઈ કરે અને વિરોધ કરે તો પણ તેનું એ કાર્ય માનવને મદદગાર જ નીવડે છે. વળી માનવ પોતાનું વ્યક્તિરૂપ માનવ તરીકેનું ભાવિ માત્ર વ્યક્તિરૂપ આત્માને ખાતર જ સિદ્ધ કરતો નથી. પોતાની એકલાની જ મુક્તિ મેળવી લેવી એ કાંઈ માનવનો સંપૂર્ણ આદર્શ નથી. માનવ પોતે જે કાંઈ સિદ્ધ કરે છે તે જગતને ખાતર પણ હોય છે, અથવા કહો કે જગતમાં રહેલા પ્રભુને ખાતર હોય છે; એકલા પ્રભુને ખાતર જ નહિ, તેમ જ દરેકની અંદર અલગ અલગ રહેલા પ્રભુને ખાતર જ નહિ પણ સર્વની અંદર આવેલા તેમ જ સર્વથી ઉપર આવેલા પ્રભુને ખાતર હોય છે. અને આ સિદ્ધિ માનવ સાચી રીતે તો પોતાના અલગ વ્યક્તિગત સંકલ્પના બળે જ પ્રાપ્ત કરતો નથી. આ જગતની પાછળ એક વિશ્વરૂપ સંકલ્પ કામ કરી રહેલો છે, એનું કાળચક્ર અમુક લક્ષ્ય તરફ ગતિ કરી રહેલું છે. એ ગતિને આદરી રહેલી એ વિશ્વશક્તિના સંકલ્પના બળે જ માનવનું આ ભાવિ સિદ્ધ થાય છે.

આ રીતે જોતાં સમગ્ર સમાજનું ધ્યેય આ પ્રમાણે હોવું જોઈએ — અને માનવ પોતાના સાચા સ્વરૂપ વિષે, પોતાની પ્રકૃતિ અને પોતાના ભાવિ વિષેના અત્યારના અલ્પ જ્ઞાનમાંથી નીકળી જઈ તે વિષે જેમ જેમ સંપૂર્ણ

સભાન થતો જાય તેમ તેમ એ ધ્યેય આ પ્રમાણેનું જ બની રહેવું જોઈએ. એમાં પ્રથમ વસ્તુ આ હશે : જગતમાં જીવન માટેની તથા વિકાસ માટેની એવી પરિસ્થિતિ ઊભી કરી આપવામાં આવે જે દ્વારા વ્યકિત તેમ જ સારીયે માનવજાતિ દિવ્ય પૂર્ણતા તરફ પોતાની યાત્રા કરી શકે. આ યાત્રા તે માત્ર છૂટાછવાયા માણસોની જ નહિ હોય અથવા તો કોઈ એક વર્ગની યા તો કોઈ ખાસ હકધારી જાતિની જ નહિ હોય, પણ પોતપોતાની શકિત મુજબ તમામ વ્યકિતઓ અને પોતાની વ્યકિતઓના વિકાસ દ્વારા સારીયે માનવજાતિ આ પૂર્ણતા પ્રત્યે યાત્રા કરશે. આ ધ્યેયમાં બીજી વસ્તુ આ હશે : સારીયે માનવજાતિએ વિકાસ પામતાં પામતાં પોતાના જીવનમાં પ્રભુનો જે કાંઈ સાક્ષાત્કાર કર્યો હોય તેમાંથી લાધેલા આત્મતત્ત્વનો પ્રકાશ, તેની શકિત, તેનું સૌન્દર્ય, સંવાદ અને આનંદ માનવજાતિના સમગ્ર જીવનની અંદર પ્રગટ કરવામાં આવે. વિકાસ-ક્રમમાં આગળ વધતાં વધતાં સામાન્ય રીતે આખી માનવજાતિ, પ્રભુના કોઈક સ્વરૂપની નજીક પહોંચે છે, અને એ સ્વરૂપ વધુ ને વધુ વ્યકિતઓમાં સાકાર થવા લાગે છે. માનવજાતિ અનેક યુગોમાંથી પસાર થતી રહેલી છે અને દરેક યુગમાં પરમાત્મા અમુક રૂપે જ માનવની અંદર પ્રગટ બનેલા છે. આવા સાક્ષાત્કારને અંતે માનવને આત્મતત્ત્વની પ્રાપ્તિ થાય છે, અને એ આત્મતત્ત્વ એક વધુ મુકત અને વધુ ઉમદા બનેલી માનવજાતિમાં પોતાનું તત્ત્વ બહોળી રીતે વહેવડાવ્યે જાય છે. એ આત્મતત્ત્વનાં અંગરૂપ તત્ત્વો પ્રકાશ, શકિત, સૌન્દર્ય, સંવાદમયતા અને આનંદ સમગ્ર જીવનમાં પ્રગટ થઈ રહેશે. જીવન સમસ્તમાં વિકાસ માટેનાં આવશ્યક એવાં બે તત્ત્વો વિવિધતા અને એકતા તે સ્વતંત્રતા અને સંવાદિતતા રૂપે પ્રગટ થાય છે. આ સ્વતંત્રતા તે વ્યકિતની સ્વતંત્રતા છે, જૂથની સ્વતંત્રતા છે, આખી જાતિની સ્વતંત્રતા છે. આ સંવાદિતતા તે વ્યકિતની શકિતઓ અને જૂથમાં આવેલી તમામ વ્યકિતઓના પ્રયત્નો વચ્ચે ઉપજાવેલી સંવાદિતતા છે, જાતિમાં આવેલાં તમામ જૂથો વચ્ચેની તેમ જ માનવજાતિની સર્વ જાતિઓ વચ્ચેની સંવાદિતતા છે. માનવજાતિએ તંદુરસ્ત રીતે પ્રગતિ કરવી હોય, પોતાના લક્ષને સફળતાથી પહોંચવું હોય તો તે માટે જીવનમાં આ બે શરતો — સ્વતંત્રતા અને સંવાદિતતા તેણે ઊભી કરવાની રહે છે. આ બે તત્ત્વોને સિદ્ધ કરવાં, એ બંનેનો સુયોગ કરવો, એ અર્થે જ માનવજાતિ તેના સાચાયે ઇતિહાસમાં સમજ્યે અસમજ્યે યા અર્ધોપર્ધી સમજણથી આદિકાળથી પ્રયત્નો કરતી રહી છે. બેશક, આ એક ઘણું જ વિકટ કાર્ય છે. માનવની બુદ્ધિને તેમ જ કામનાઓને આ કાર્યનું સ્વરૂપ ભાગ્યે જ પૂરેપૂરું સમજાયેલું છે. એ વસ્તુઓને સાધવા માટેના પ્રયત્નો પણ બહુ કઢંગી રીતે અને યાંત્રિક રીતે થયેલા છે, અને પરિણામે પરિણામ ભાગ્યે જ કાંઈ સંતોષકારક આવેલું છે. આ માટે તો

માનવે પોતાને વિષેનું જ્ઞાન વધારવાનું છે, પોતાના ઉપર પ્રભુત્વ મેળવવાનું છે, અને એ રીતે વૃદ્ધિ પામતાં પામતાં માનવ જ્યારે પોતાના બીજા માનવબંધુઓ સાથે આધ્યાત્મિક રીતે અને અંતરાત્માની અંદર એકતા પ્રાપ્ત કરશે ત્યારે જ તે સિદ્ધ થશે. આપણે જેમ જેમ આ ધ્યેયને સિદ્ધ કરવા માટેની સાચી પરિસ્થિતિ ઊભી કરી શકીશું તેમ તેમ આપણા ધ્યેય તરફની આપણી ગતિ વધુ પ્રકાશમય થતો જશે, આપોઆપ સહજ રીતે થતી જશે. અને આપણને આપણા ધ્યેયનું દર્શન જેમ જેમ વધુ ને વધુ સ્પષ્ટ થતું જશે તેમ તેમ તે માટેની સાચી પરિસ્થિતિ પણ આપણે વધુ ને વધુ સિદ્ધ કરતા જઈશું. માનવમાં રહેલો આત્મા પ્રકાશ અને જ્ઞાનની સહાયથી વધુ ને વધુ પ્રકાશમાં, જ્ઞાનમાં, સંવાદસર્જક સંકલ્પશક્તિમાં વિકાસ પામતો જાય છે. એ રીતે તેને આત્મતત્ત્વનું વધુ ને વધુ દર્શન થાય છે, તે વિષેનો ખ્યાલ વધુ સ્પષ્ટ થાય છે. અને તે પછી પોતે જોયેલી અને સમજેલી વસ્તુને જીવનમાં મૂર્ત કરવા માટે તે પ્રયત્ન આદરે છે. માણસની પ્રગતિનું મૂળ, એ પ્રગતિનો નિયમ આ પ્રમાણે છે. માનવમાં પૂર્ણતા માટેની રહેલી ઝંખનાનું ગૂઢ રહસ્ય આ છે.

પૃથ્વી ઉપર આવેલી માનવજાતિ એ વિશ્વરૂપ પરમાત્માનો જ એક મુખ્ય આવિર્ભાવ છે. પરમાત્માએ પોતાનો વિશ્વરૂપે આવિર્ભાવ કરતાં જે જે સર્જનો કરેલાં છે તેમાં માનવજાતિ એ એક સૌથી આગળ પડતું સર્જન છે. આ માનવ, પોતે જે પાર્થિવ સૃષ્ટિમાં વસેલો છે તેની પરિસ્થિતિ હેઠળ રહ્યો રહ્યો, એ વિશ્વરૂપ જીવનની મનોમય શક્તિને પ્રગટ કરી રહેલો છે. સારીયે માનવજાતિની પ્રકૃતિ એક જ સ્વરૂપની છે. શરીર, પ્રાણ, ઊર્મિ, મન ઇ. ની બનેલી આ પ્રકૃતિ, માનવજાતિમાં બુદ્ધિ વિકાસના જુદા જુદા ભેદો રહેલા છે તો પણ, આફ્રિકાના અસલ વતની બુશમૅન કે નિગ્રો લોકોની દરિદ્ર અવસ્થાથી માંડી એશિયા અને યુરોપની સમૃદ્ધ સંસ્કૃતિઓ સુધી એક જ સમાન પ્રકારની છે. આખીયે માનવજાતિને, એક સમગ્ર માનવતા તરીકેનું એક જ ભાવિ રહેલું છે. માનવજાતિ પોતાના ઇતિહાસની હજારો સહસ્રાબ્દીઓમાંથી પસાર થતાં થતાં પ્રગતિ અને અવગતિનાં જે વર્તુળો રચે છે તેમાં તે આ જ ભાવિને સિદ્ધ કરવા મથતી રહે છે, અને એ ભાવિની સિદ્ધિની નજીક તે વધુ ને વધુ પહોંચતી જાય છે. હરકોઈ વ્યક્તિગત વ્યક્તિએ કે રાષ્ટ્ર જે કાંઈ વિજયો મેળવ્યા હશે, જે કાંઈ સંપત્તિ સંચિત કરી હશે, જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું હશે, બુદ્ધિની સિદ્ધિઓ મેળવી હશે, યા તો પોતાની પરિસ્થિતિ ઉપર પ્રભુત્વ મેળવ્યું હશે, તે બધું માનવજાતિની આ મહા યાત્રામાં જે કાંઈ ઉમેરો કરી આપે છે, તે ચાહે જે કાંઈ બચાવી લે છે યા તો સંઘરી રાખી શકે છે, એટલા પ્રમાણમાં જ તેનું સ્થાયી મૂલ્ય કે સ્થાયી અર્થ રહે છે. કિંતુ પ્રાચીન પર્યાવરણો માનવજાતિની સારીયે

પ્રવૃત્તિના સાચા લક્ષ્ય તરીકે એક જ વસ્તુ મૂકે છે — લોકસંગ્રહ, વિકાસક્રમના કાલપ્રવાહમાં આગળ વહેતી માનવજાતિને એકત્ર પકડી રાખવી તે. અને આપણે જાણતા હોઈએ કે નહિ તોપણ આપણી સર્વ પ્રવૃત્તિઓની પાછળનો કુલ સાર હમેશાં આ જ હોય છે.

પરંતુ, માનવજાતિની આ સર્વસામાન્ય પ્રકૃતિમાં તથા તેના આ સર્વ-સામાન્ય ભાવિમાં રહ્યાં રહ્યાં હરેક વ્યક્તિએ આ સર્વસામાન્ય લક્ષ્યને પોતાની આગવી પ્રકૃતિના માર્ગે જ સિદ્ધ કરવાનું છે, પોતાને માટે જે કોઈ પૂર્ણતા શક્ય હોય તે પોતાની અંદરથી જ વિકાસ પામીને પ્રાપ્ત કરવાની છે. માનવ-જાતિ જો કોઈ ખરેખર ગહન, જીવંત કે ઊંડાં મૂળવાળી વસ્તુ સિદ્ધ કરશે તો તે આ રીતે જ બની શકશે. આ વિકાસ તે આખા માનવ સમુદાયમાં કોઈ યંત્રવત્ રીતે, બળાત્કારથી કે ઉપરથી લાદીને સાધી શકવાનો નથી. વ્યક્તિ એ તો આખી માનવતાના દેહનો માત્ર એક કોષ જ છે, માનવતાના મહાલયનો એક માત્ર પથ્થર છે, માનવજાતિના સાંધિક જીવનમાં અને વિકાસમાં એક માત્ર નિષ્ક્રિય હથિયાર છે એ પ્રમાણે માનવાનો સમષ્ટિને લેશ પણ હક નથી. કારણ, માનવજાતિની રચના કાંઈ આ રીતે થયેલી નથી. ખરી વાત તો એ છે કે પ્રત્યેક વ્યક્તિ એ પોતે જ આ સામૂહિક સમષ્ટિ છે, અને આખીયે માનવજાતિ માટે જે જે શક્યતાઓ રહેલી છે તે બધીનો સમાવેશ વ્યક્તિની અંદર થયેલો છે. આ વસ્તુ જો આપણે નહિ સમજીશું તો પછી માણસની અંદર રહેલી દિવ્ય વાસ્ત-વિકતા આપણને કદી દેખાવાની નથી, માનવના જન્મ પાછળનું રહસ્ય કદી કળાવાનું નથી. પોતામાં રહેલી આ ગૂઢ શક્યતાને માનવે શોધી લેવાની છે, વિકસાવવાની છે, પોતાની અંદરથી કામ કરીને તેને બહાર મૂર્ત કરવાની છે. કોઈ પણ રાજ્ય કે કોઈ પણ ધારાશાસ્ત્રી કે સુધારક માણસને બળાત્કારે કાપીકૂપીને પૂર્ણ કરી શકવાનો નથી. કોઈ પણ ધર્મસંસ્થા કે ધર્મગુરુ માનવને યંત્રની પેઠે મુક્તિ આપી શકનાર નથી. કોઈ પણ સંપ્રદાય, કોઈ પણ વર્ગીય જીવન યા આદર્શ, કોઈ પણ રાષ્ટ્ર, સંસ્કૃતિ યા પંથ, નૈતિક, સામાજિક યા તો ધાર્મિક પ્રકારનું કોઈ પણ શાસ્ત્ર સદાને માટે માણસને એમ નહિ કહી શકે કે, 'આ મારી બતાવેલી રીત મુજબ જ તારે વર્તન કરવાનું છે, હું કહું તેટલે સુધી જ તારે આગળ વધવાનું છે. આ સિવાય બીજી કોઈ રીતે તારે વિકાસ કરવાનો નથી, આ કરતાં તારે લેશ પણ આગળ જવાનું નથી.' હા, આ બધી વસ્તુઓ, ધર્મ, નીતિ, આદર્શ ઇ. માનવને થોડોક સમય મદદ કરી શકે છે, યા તો આગળ વધતાં અટકાવી પણ શકે છે. પરંતુ માનવે આ વસ્તુઓને પોતાના વિકાસ માટેનાં સાધન તરીકે જ ગણવાની છે, અને તેમનો ઉપયોગ પૂરો થતાં તેમને બાજુએ મૂકી દઈ આગળ ચાલ્યા જવાનું છે. એ વસ્તુઓની મદદ વડે માનવ પોતાના

વ્યક્તિત્વને કેળવી શકે છે, તાલીમ આપી શકે છે, પરંતુ છેવટે તો તેણે એ વસ્તુ જ બતાવી આપવાની છે કે તે પોતે આ બધાથી પર છે, સ્વતંત્ર છે, પોતાનું વ્યકિતત્વ એ દિવ્ય રીતની સ્વતંત્રતા ધરાવે છે. માનવ જેટલા પ્રમાણમાં આ કરી શકશે તેટલા પ્રમાણમાં તેનો વિકાસ થશે. માનવ એ તો જગતમાં યુગ-ચક્રોનો એક સનાતન યાત્રી છે, અને તેનો માર્ગ હમેશાં આગળ ને આગળ જ જતો રહે છે.

એ વાત સાચી કે માનવનું જીવન, માનવનો વિકાસ જગતને અર્થે છે. પરંતુ માનવ જેટલા પ્રમાણમાં વધુ ને વધુ મુકત રીતે અને વિશાળ રીતે પોતાનું સાચું સ્વરૂપ પ્રાપ્ત કરી શકશે તેટલા પ્રમાણમાં જ તે પોતાના જીવન અને વિકાસ દ્વારા જગતને મદદ રૂપ થઈ શકશે. હા, એ વાત સાચી છે કે માનવને પોતાની યાત્રામાં જે કાંઈ આદર્શો, સાધનાઓ કે સહકારની પદ્ધતિઓ આવી મળે છે તેનો જ માત્ર તે ઉપયોગ કરી શકે છે. આ બધી વસ્તુઓ તે તેમનાથી પર આવેલી કોઈક ચીજને મેળવવા માટેનાં માત્ર સાધનો જ છે, એ વસ્તુઓને તેમને પોતાને ખાતર માણસે પોતાના માથે વહેવાની નથી, અથવા તો તેમના દાસ કે ગુલામ બનીને તેમની જેહુકમીને વશ થવાનું નથી. આ વસ્તુ માણસ જો સમજી શકે તો જ તે તેમનો સારી રીતે, સાચી રીતે ઉપયોગ કરી શકશે, અને તેમની પાછળ રહેલા હેતુને સફળ કરી શકશે. બેશક, જગતના કાયદાઓ અને સાધના-ઓ સામાન્ય રીતે તો માનવના આત્મા ઉપર સવાર થઈ તેના પર શિરજોરી કરવાની જ કોશિશ કરે છે. પરંતુ, આ વસ્તુઓ ખરી રીતે તો માણસના હાથમાં સાધન તરીકે બની રહેવા માટે, તેની સેવક બની રહેવા માટે જ સરજાયેલી છે. તેમનો ઉપયોગ થઈ રહે ત્યાર પછી તેમને પડતી મૂકવાની છે, ભાંગી નાખવાની છે. વળી એ વાત પણ સાચી છે કે પોતાની વિકાસની સામગ્રી માણસે પોતાની આસપાસ આવેલા અન્ય માનવબંધુઓના જીવનમાંથી તથા તેમના વિચારભંડારમાંથી મેળવવાની છે. માનવજાતિના ભૂતકાળના અનુભવોનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવાનો છે, તેમ જ પોતાની જાતને કોઈ સંકુચિત મનોદશામાં પૂરી રાખવાની નથી. પરંતુ માનવે આ વસ્તુઓને પચાવી લઈને તેમને પોતાની પ્રકૃતિનું જ એક તત્ત્વ બનાવી લેવાનું છે, એ વસ્તુઓને પોતાના વિકસતા જતા ભાવિના પુકારની સેવામાં જોડી દેવાની છે. માણસ આ વસ્તુ કરી શકશે તો જ તે પોતાની આસપાસની પરિસ્થિતિનો તથા માનવજાતિના ભૂતકાળનો સફળ રીતે ઉપયોગ કરી શકશે. વિકાસને માટે મથી રહેલું માનવ મન સ્વતંત્રતા માટે જે માગણી કરે છે તે માત્ર તેના અહંકારનો જ કોઈ પડકાર કે બંડ નથી. આ સ્વતંત્રતાની માગણી ભલે કોઈ કોઈ વાર અહંકારપૂર્વક કે એકપક્ષી અતિશયોકિતપૂર્વક થતી રહી હોય, અથવા તો તેનો દુરુપયોગ પણ ભલે થતો રહ્યો હોય તોપણ એ સ્વાતંત્ર્ય-

ઝંખના માનવમાં રહેલી એક દિવ્ય સ્વયંભૂ વૃત્તિ જ છે, માનવ આત્માનો એ ધર્મ છે. પોતાના નૈસર્ગિક સ્વ-આવિર્ભાવ માટે અવકાશ માગવાનો માનવ આત્માને આ રીતનો હક છે, એ આવિર્ભાવને સાધવા માટેની આ એક સૌથી પહેલી આવશ્યકતા છે.

માનવ વ્યકિત એ માત્ર અખિલ માનવજાતિનું જ અંગ નથી, તેમ જ તેની પ્રકૃતિ તે અખિલ માનવ પ્રકૃતિનું જ માત્ર એક વિવિધ સ્વરૂપ નથી. માનવ એ પોતાની ખાસ જાતિનું પણ અંગ છે, પોતાના ખાસ વર્ગનું પણ અંગ છે. વળી તે પોતાની વિશિષ્ટ એવી મનોમય, પ્રાણમય, શારીરિક તેમ જ આધ્યાત્મિક કોટિના લોકોનું પણ એક અંગ છે. આ કોટિઓમાં અમુક વ્યકિતઓ સાથે તેનું સામ્ય હોય છે, તો અમુકથી તે જુદો પણ પડે છે. આ સમાન લક્ષણો પ્રમાણે માણસ પોતાનાં જૂથો રચે છે, પોતાની ધર્મસંસ્થા બનાવે છે. પોતાનો સંપ્રદાય, જ્ઞાતિ, વર્ગ, વર્તુળ તેમ જ મંડળ ઊભાં કરે છે. આ બધાંના જીવનને તે મદદ રૂપ બને છે તેમ જ તેમની દ્વારા તે પોતાની જાતને સમૃદ્ધ કરે છે તથા પોતે જે વિશાળ આર્થિક, સામાજિક અને રાજકીય પ્રકારના જૂથ કે સમાજનું અંગ હોય છે તેને તે સમૃદ્ધ બનાવે છે. આવા સમાજે આજના યુગમાં રાષ્ટ્રનું રૂપ લીધેલું છે. માનવ પોતાના રાષ્ટ્રના જીવનને સમૃદ્ધ કરે છે ત્યારે તે દ્વારા તે માનવજાતિના સારાયે જીવનને સમૃદ્ધ કરતો હોય છે, જોકે માનવજાતિને સમૃદ્ધ કરવાનો માત્ર આ જ એક માર્ગ નથી. પરંતુ આપણે એ વાત નોંધવી જોઈશે કે માનવ આ બધાં મંડળો કે સમૂહોમાંથી એક પણ મંડળ કે સમૂહમાં પુરાઈ રહેલુ પ્રાણી નથી, તેમ જ પુરાઈ રહી શકે તેમ પણ નથી. માનવ એ માત્ર અમીર કે ઉમરાવ જ નથી. તે માત્ર વેપારી કે લડવૈયો, ધર્મગુરુ કે વિદ્વાન કે કલાકાર જ નથી. તે ફકત ખેડૂત કે કારીગર નથી. તે માત્ર ધાર્મિક વ્યકિત જ નથી યા તો કેવળ દુનિયાદારીનું પ્રાણી જ નથી, કે એ પછી માત્ર રાજકીય વ્યકિત જ નથી. માનવ એ માત્ર અંગ્રેજ નથી કે ફ્રેન્ચ નથી, એ કોઈ જાપાનીસ કે માત્ર હિંદી જ નથી. માનવનો અમુક ભાગ જો રાષ્ટ્રના અંગ રૂપે છે તો તેનામાં એક બીજો ભાગ એવો પણ છે કે જે રાષ્ટ્ર કરતાં પણ મહાન છે. અને આ ભાગથી તે સારીયે માનવજાતિનું અંગ બની રહે છે. અને આ ઉપરાંત માનવમાં હજી બીજો પણ એક ભાગ છે, અને એ તો તેનો મોટામાં મોટો ભાગ છે, કે જે માનવજાતિને વટાવીને પણ આગળ ચાલ્યો જાય છે. એ ભાગ માનવને ખુદ પ્રભુનું અંગ બનાવી આપે છે, એ દ્વારા માનવ ભૂતમાત્રનું અંગ બની રહે છે, ભાવિના દેવતાઓમાંનો એક દેવ બની રહે છે. બેશક, માનવમાં એવી પણ એક વૃત્તિ રહેલી છે કે જેને લીધે તે પોતાની પરિસ્થિતિમાં, પોતાના જૂથમાં જ પોતાને મર્યાદિત કરી શકે છે, તેને

જ આધીન રહી શકે છે. પણ સાથે સાથે માનવમાં એટલી જ આવશ્યક એવી એક બીજી પણ વૃત્તિ રહેલી છે જેને લીધે તે પોતાની પરિસ્થિતિને, પોતાનાં જૂથોને વિસ્તાર આપતો જાય છે તેથી તેમનાથી પર પણ ચાલ્યો જાય છે. પ્રાણીઓની દુનિયામાં હરેક પ્રાણી પોતાની જાતિના પ્રભાવ હેઠળ જ સંપૂર્ણપણે રહેતું હોય છે. તે જ્યારે પોતાનું જૂથ બાંધે છે ત્યારે પછી તે એ જૂથને જ આધીન બનીને રહે છે. પરંતુ માનવ વ્યકિત તો આ રીતની આધીનતામાંથી ક્યારનીયે નીકળી ગયેલી છે. માનવે તો જગતમાં આવિર્ભાવ પામેલા આત્મતત્ત્વની અનંતતામાં, તેની સંકુલતામાં, તેના મુકત વૈવિધ્યમાં ભાગીદાર બનવાની ક્યારથીયે શરૂઆત કરી દીધેલી છે. અથવા તો માનવની સંગઠિત રૂપ પામેલી બાહ્ય પ્રકૃતિમાં આ વસ્તુનું જો કોઈ ચિહ્ન હજી ન દેખાતું હોય તોપણ તેનામાં કંઈ નહિ તો આવા વિકાસની શકયતા તો રહેલી છે જ. આ બૃહત્ વિસ્તાર એ કોઈ આકારહીણી નરી પ્રવાહી વસ્તુ નથી. એ તો માનવની અંદર આવેલી એક ઘણી સઘન વૃત્તિ છે. એ વડે માનવ શકય તેટલી વિશાળમાં વિશાળ સામગ્રીને પોતાની અંદર સતત લેતો રહે છે, પોતાની વ્યકિતગત પ્રકૃતિના ધર્મ મુજબ એને તે પોતામાં સતત પચાવતો રહે છે. તેને એ એક નવું જ રૂપ આપે છે, અને એ રીતે તેને પોતાના વિકાસનું, પોતાના દિવ્યતા સુધીના વિસ્તારનું જ એક તત્ત્વ બનાવી લે છે, અને એમ કરીને તે પોતાની જાતને વધુ ને વધુ સમૃદ્ધ કરે છે.

આ રીતે સમાજ એ વ્યકિત અને માનવજાતિ વચ્ચે આવેલી એક વચલી અવસ્થા જેવો છે, એક અંતરાલ ભૂમિકા જેવો છે. આ સમાજ માત્ર પોતાને ખાતર જ હસ્તી નથી ધરાવતો, પરંતુ એક બાજુએ વ્યકિત અને બીજી બાજુએ માનવજાતિ ખાતર તે હસ્તી ધરાવે છે, તેમ જ એ બેઉ—વ્યકિત અને માનવજાતિ અન્યોન્યને પૂર્ણ કરી આપે તે માટે તે બનેને મદદ કરે છે. વ્યકિતએ માનવજાતિની અંદર, અને માનવજાતિએ વ્યકિતની અંદર જીવવાનું છે. પરંતુ માનવજાતિ એ એક ઘણો વિશાળ એવો એકમ છે, અથવા આજ સુધી એ પ્રમાણેનો રહેલો છે. માનવજાતિની આ અતિ વિશાળતાને લીધે તેની અને વ્યકિતની વચ્ચેનો સંબંધ ગાઢ રૂપ લઈ શકયો નથી, આ સંબંધની છાપ માનવજાતિના સામાન્ય મનની અંદર બહુ પ્રબળ રીતે પડેલી નથી. પણ ધારો કે માનવજાતિને વ્યવહાર્ય તેવો એક એકમ બનાવી શકાય તોપણ વ્યકિત અને માનવજાતિની વચ્ચે આવાં અંતરાલ જૂથો અને સમૂહોની જરૂર રહેવાની જ છે. આખા માનવ સમુદાયમાં રહેલી વિવિધ વૃત્તિઓને મોટા પાયા ઉપર જુદી પાડવાનું કાર્ય, તે વૃત્તિઓને એકાગ્ર કરવાનું તેમજ તેમનું સંયોજન કરવાનું કાર્ય આ રીતનાં અંતરાલ મંડળો દ્વારા જ શકય બને છે. આ કારણે સમાજે અમુક વખત સુધી વ્યકિતની સમક્ષ પોતે જ માનવજાતિ હોય તેમ બનીને ઊભા રહેવું પડે છે, અને એમ કરવા

જતાં વ્યક્તિ અને માનવજાતિ વચ્ચે અક અંતરાયરૂપ પણ બનવું પડે છે, તથા વ્યક્તિની વિશ્વરૂપતા તરફની ગતિને તેમ જ તેની ભાવનાઓના વિસ્તારને મર્યાદિત થવા દેવાં પડે છે. આમ છતાં આ જાતિ, સમાજ કે પછી આખા દેશને પક્ષે પણ એક ભૂલ થતી રહે છે. આ બધાં એ રીતનો દાવો કરતાં રહે છે કે અમારો વિકાસ, અમારી પૂર્ણતા અને મહત્તા એ જ માનવજીવનનો એકમાત્ર હેતુ છે. અમે કાંઈ વ્યક્તિ કે માનવજાતિને ખાતર નથી. અમે તો અમારે પોતાને ખાતર જ હસ્તી ધરાવીએ છીએ. અમારી મરજી મુજબ અમે વ્યક્તિનો કબજો લઈ શકીએ છીએ. તથા માનવજાતિ સામે રક્ષણાત્મક રીતનો યા તો આક્રમક રીતનો મોરચો માંડી શકીએ છીએ. સમાજને કે રાષ્ટ્રને માનવજાતિ સામે આ પ્રમાણે વર્તન કરવું પડે છે એ કમનસીબે એક કામચલાઉ જરૂરિયાત છે. પરંતુ આ રીતનું વર્ણન એ જ્યારે આ બધાંનો એક નિત્યનો વ્યવહાર બની રહે ત્યારે આપણે કહેવું પડશે કે સમાજમંડળોની, પ્રજાઓ, ધર્મો, જાતિઓ, રાષ્ટ્રો અને સામ્રાજ્યોની આ મનોવૃત્તિ એ માનવ બુદ્ધિનો સ્પષ્ટ રીતે ભ્રંશ જ સૂચવે છે. આ જ રીતે જ્યારે વ્યક્તિ પણ તેના અહંકારમાં દૃઢ રહીને પોતાને ખાતર જ જીવવાનો હક્ક કરવા લાગે ત્યારે તેમાં સત્યનો ભ્રંશ અને વિકૃતિ બની રહે છે એ વાત પણ આપણે ધ્યાનમાં રાખવાની છે.

સત્યનું વિકૃત બનીને આ પ્રમાણેની ભૂલ રૂપ બનવું એ જેવું વ્યક્તિની બાબતમાં બને છે તેવું જ સમાજની બાબતમાં પણ બને છે. રાષ્ટ્ર અથવા તો સમાજ એ પણ જીવનનો એક પુદ્ગલ છે, અને માનવ પ્રકૃતિના સામાન્ય નિયમ અનુસાર તે પણ આત્મતત્ત્વને અભિવ્યક્તિ આપે છે. એ પોતે વિકાસ પામીને, તેમ જ પોતાના સ્વરૂપના ધર્મ મુજબ તથા પોતાના સાંઘિક વ્યક્તિત્વની પ્રકૃતિ મુજબ પોતાના ભાવિને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતાં કરતાં તે માનવજાતિના વિકાસમાં તથા માનવજાતિના ભાવિની સિદ્ધિના કાર્યમાં સહાય પહોંચાડે છે તેમ જ એ વિકાસ તથા એ સિદ્ધિ થોડીએક સિદ્ધ પણ કરી આપે છે. વ્યક્તિની માફક રાષ્ટ્રને પણ પોતાના સ્વરૂપે બની રહેવાનો હક છે. આ રાષ્ટ્ર ઉપર જ્યારે બીજાં રાષ્ટ્રો પોતાની સત્તા જમાવવાનો પ્રયત્ન કરે, યા તો માનવજાતિને એકરૂપ કરી મૂકવાની, કોઈ નિષ્પ્રાણ એકવિધતામાં મૂકી આપવાની વૃત્તિ તેના સ્વતંત્ર વિકાસ ઉપર જ્યારે ચડી બેસવા માગે તેવે વખતે રાષ્ટ્ર જો પોતાના અસ્તિત્વનું રક્ષણ કરવા સજ્જ બને, પોતે પોતાના સ્વરૂપે બની રહેવાનો આગ્રહ સેવે, પોતાની અંદર આવેલા વિશ્વના નિગૂઢ આદિ વિચાર અનુસાર, અથવા તો આપણે કહીએ છીએ તે મુજબ, પોતાની પ્રકૃતિના ધર્મ અનુસાર જ તે પોતાનો વિકાસ કરવામાં મચેલું રહે તો આમ કરવા માટે તેને સાચો હક છે જ એમ કહેવું પડશે. અને રાષ્ટ્રે પોતાને ખાતર યા તો મોટે ભાગે

પોતાને ખાતર જ નહિ પણ માનવજાતિના હિતને ખાતર પણ આ હક બરાબર ટકાવી રાખવાનો છે. કારણ જે વસ્તુને આપણે સાચેસાચ આપણો હક કહી શકીએ તે મૂળે તો આપણા મુક્ત અને નક્કર વિકાસને માટેની અત્યંત આવશ્યક આવી પરિસ્થિતિ જ હોય છે. અને એ રીતે જોતાં જે વસ્તુઓ જગતના વિકાસને માટે જરૂરી છે, તેમ જ માનવજાતિના ભાવિની સિદ્ધિ માટે જેની જરૂર છે તે વસ્તુ આપણો હક બની રહે છે.

પરંતુ રાષ્ટ્રને, સમાજને કે પછી વ્યક્તિને પણ પોતાના સ્વરૂપે બની રહેવાનો આ જે હક્ક છે તેનો અર્થ એ નથી કે આ રાષ્ટ્ર, સમાજ કે વ્યક્તિ શેળાની માફક ગૂંચળું વળીને પોતાને પોતાની અંદર જ પૂરી દે. રાષ્ટ્ર, સમાજ કે વ્યક્તિ જો પોતાની રૂઢ માન્યતાઓ, પૂર્વગ્રહો. મર્યાદાઓ, તેમ જ અપૂર્ણતાઓની અંદર જ જો પુરાઈ રહે, પોતાની ભૂતકાળની યા તો વર્તમાનની જે કોઈ સિદ્ધિઓ હોય તેના ખોખામાં જ, તેના આકારમાં જ જો પોતાની જાતને પકડી રાખે, અને બાકીના જગત સાથે કોઈ પણ રીતનો માનસિક વા સ્થૂલ સંબંધ રાખવાનો, યા પરસ્પર લેવડદેવડનો ઇનકાર કરી દે, અથવા તો આધ્યાત્મિક રીતે કે ચોખ્ખી વ્યાવહારિક રીતે હળવા મળવાની જ ના પાડી દે, તો એ રીતે માનવજાતિ કદી વિકાસ પામી શકવાની નથી, પોતાની જાતને કદી પૂર્ણ કરી શકવાની નથી. વ્યક્તિ જેવી રીતે બીજી વ્યક્તિઓના આધારે જીવે છે, તેવી જ રીતે રાષ્ટ્ર પણ બીજાં રાષ્ટ્રોના આધારે જીવે છે, બીજા દેશો પાસેથી પોતાના માનસિક, આર્થિક અને શારીરિક જીવન માટેની સામગ્રી તે સ્વીકારે છે. પરંતુ આ સામગ્રીને તેણે બરાબર પચાવી લેવાની રહે છે, પોતાની પ્રકૃતિના ધર્મને આધીન કરી લેવાની રહે છે, તેને પોતાના જ એક તત્ત્વ રૂપે બનાવી લેવાની રહે છે, તથા તેના ઉપર પોતાની મુક્ત સંકલ્પ શક્તિ વડે અને ચેતના વડે કામ કરવાનું રહે છે. રાષ્ટ્ર જો આ વસ્તુઓ કરશે તો જ તેનું જીવન સુરક્ષિત બની શકશે, તેનો વિકાસ નક્કર બની શકશે. બીજાની પ્રકૃતિના તત્ત્વને યા નિયમને પોતાના ઉપર બળજબરીથી યા તો પોતાના વ્યક્તિત્વનો હ્રાસ કરે એવા દબાણપૂર્વક લદાવા દેવો એ વસ્તુ રાષ્ટ્રના જીવન માટે ખરેખર જ એક મહા આપત્તિ રૂપ છે, તેના પોતાના સ્વરૂપ ઉપર એ એક મોટો ઘા છે, તેની આગેકૂચમાં તે એક મહા જંજીર છે. જેવી રીતે વ્યક્તિઓ પોતાની અંદરથી મુક્ત રીત વિકાસ પામે એમાં જ સમાજનો ઉત્તમોત્તમ વિકાસ રહેલો છે અને તે રીતે જ સમાજની પૂર્ણતા સધાય છે, તે પ્રમાણે સમાજ યા રાષ્ટ્ર પણ પોતાની અંદરથી જ મુક્ત રીતે વિકાસ પામે એમાં જ માનવજાતિનો ઉત્તમોત્તમ વિકાસ રહેલો છે, અને એ રીતે જ માનવજાતિની પૂર્ણતા સાધવાની છે.

આ રીતે વ્યક્તિને માટે વિકાસનો નિયમ એ છે કે તે પોતાની અંદરથી

જ મુકત રીતે વિકાસ પામીને પોતાના વ્યકિતત્વને પૂર્ણ બનાવે. પણ સાથે સાથે તેણે બીજાઓ પણ એવી જ મુકત રીતે વિકાસ પામે એ વસ્તુને સ્વીકારવાની છે, એ વિકાસમાં મદદ આપવાની છે, તેમ જ પોતા માટે મદદ મેળવવાની છે. એટલે કે વ્યકિતના જીવનનો નિયમ એ બને છે કે તે સમાજ રૂપી પુદ્‌ગલના જીવન સાથે પોતાનું જીવન સંવાદમય કરી લે અને માનવજાતિના વિકાસ અને પૂર્ણતા માટે પોતે એક શકિત રૂપ બનીને જગતમાં સકિય બની રહે. સમાજ યા તો રાષ્ટ્ર માટે પણ વિકાસનો નિયમ એ છે કે પોતાની અંદરથી જ મુકત રીતે વિકાસ સાધીને પોતાના સામૂહિક જીવનને પૂર્ણ બનાવે, વ્યકિતઓને તે મદદ આપે તેમ જ એ વ્યકિતઓની શકિતઓનો પણ તે પૂરેપૂરો લાભ ઉઠાવે. પણ સાથે સાથે તેણે બીજા સમાજો અને રાષ્ટ્રો પણ એ જ મુકત રીતે વિકાસ પામે એ વસ્તુને સ્વીકારવાની છે, એ વિકાસને મદદ આપવાની છે, તેમ જ પોતા માટે મદદ મેળવવાની છે. એટલે જ સમાજ યા રાષ્ટ્રના જીવનનો નિયમ એ બને છે કે તે અખિલ માનવ સમુદાયના જીવન સાથે પોતાનું જીવન સંવાદમય કરી લે અને માનવજાતિના વિકાસ અને પૂર્ણતા માટે પોતે એક શકિત રૂપ બનીને જગતમાં સકિય બને રહે. અને છેવટે, માનવજાતિને માટે પણ વિકાસનો નિયમ એ છે કે તે માનવતાની અંદર પ્રભુને પામવાનું તેમ જ અભિવ્યકિત કરવાનું લક્ષ્ય રાખી તે દિશામાં પોતાના ઊર્ધ્વ વિકાસની ગતિને સતત જારી રાખે, અને જગતની તમામ વ્યકિતઓ, રાષ્ટ્રો અને માનવોનાં જૂથોએ મુકત રીતે સાધેલા વિકાસનો, તેમ જ તેમની સિદ્ધિઓનો સંપૂર્ણ લાભ લઈને પૃથ્વી ઉપર એક એવા દિવસના આગમનની તૈયારી કરે કે જ્યારે માનવજાતિ માત્ર આદર્શમાં જ નહિ પણ સાચેસાચ વ્યવહારમાં એક દિવ્ય કુટુંબ રૂપે બની ગઈ હશે. પરંતુ માનવજાતિ પોતાનું એકય સિદ્ધ કરવામાં સફળ થયેલી હોય તેવે વખત પણ તેણે પોતાની વ્યકિતઓ તથા પોતાના ઘટક રૂપ સમૂહો મુકત રીતે વિકાસ પામતા રહે, મુકત રીતે પ્રવૃત્તિ કરતા રહે એ વસ્તુને સ્વીકારવાની છે, એ વિકાસ તથા પ્રવૃત્તિને મદદ આપવાની છે, તેમ જ તેમાંથી પોતા માટે મદદ મેળવવાની છે.

આ એક એવો તો આદર્શ નિયમ છે કે જેને આ અપૂર્ણ માનવજાતિ હજી કદી સાચેસાચ સિદ્ધ કરી શકી નથી, અને એ સિદ્ધ થાય તે પહેલાં કેટલોયે સમય વીતી જવાનો સંભવ છે. અને આ સ્વાભાવિક પણ છે. માનવ હજી પોતાના ઉપર પ્રભુત્વ મેળવી શકયો નથી, હજી તો એ પોતાની જાતને જાણવા માટેની માત્ર કોશિશ જ કરી રહેલો છે. વળી માનવ હજી કશું સજ્ઞાન રીતે જાણતો નથી. હજી તો તે માત્ર પોતાની પ્રકૃતિના ધર્મમાંથી આવતી પ્રેરણાને જ, અવચેતન કે અર્ધચેતન રીતે આછીપાછી અનુસરે છે. પોતાની

પ્રકૃતિની પ્રેરણાનું આ અનુસરણ કરતાં પણ તે અનેક વાર લથડે છે, અટકી પડે છે, આડમાર્ગે ચડી જાય છે, પોતાને તેમજ બીજાને અનેક આઘાતો કરતો જાય છે. આવી દશામાં તેણે ભુલ અને સત્ય, ખરું અને ખોટું એના બનેલા જાળામાં થઈને આગળ વધવાનું રહે છે, પરિસ્થિતિના ફરજિયાત દબાણને વશ થઈને કે તેની સામે બંડ કરીને કે કોઈક કઢંગું સમાધાન કરીને પ્રગતિ કરવાની રહે છે. માનવને હજી જ્ઞાનની એવી વિશાળતા, ચિત્તની એવી મુલાયમતા, કે સ્વભાવની એવી વિશુદ્ધિ મળેલી નથી કે જેને બળે કરીને તે વિસંવાદનો અને નિષ્પ્રાણ એકરૂપતાનો નિયમ પડતો મૂકી દઈ શકે, ફરજિયાત દબાણ, બાંધછોડ કે અથડામણનો માર્ગ બાજુએ મૂકી દઈ શકે અને પોતે કેવળ મુક્તિ અને સંવાદના માર્ગે જ આગળ ગતિ કરી શકે. પરંતુ અત્યારે હવે જગતમાં આત્માભિમુખતાનો યુગ બેસી રહેલો છે. જગતમાં જ્ઞાનની વૃદ્ધિ થઈ રહેલી છે, અને એ જ્ઞાન કોઈ અપૂર્વ ઝડપથી ફેલાઈ રહેલું છે, માણસો અને રાષ્ટ્રો એકબીજાની નજીક આવી રહેલાં છે, થોડીઘણી એકતામાં પહોંચી રહેલાં છે, જોકે એ એકતાની પાછળ હજી ઘણી અંધાધૂંધી છે તથા આમ ભેગાં થયેલાં રાષ્ટ્રો કે માણસોના સંબંધો ખૂબ જ ગૂંચવાઈ ગયેલા છે. જગતમાં અત્યારે માણસોને એકબીજાને ઓળખવાની પરાણે ફરજ પડવા લાગી છે, તેમ જ પોતાને વિષે, માનવજાતિ વિષે, પ્રભુ વિષે, જગતને વિષે વધુ ગહન જ્ઞાન મેળવવાની પ્રેરણા મળી રહેલી છે. માનવો તેમ જ રાષ્ટ્રો અત્યારે હવે પોતાના સ્વરૂપના સાક્ષાત્કાર પરત્વે સભાનપણે જાગૃત બની રહેલાં છે. આવા સમયે હવે માનવે પોતાની જાતને સાચી રીતે જાણી લેવાની છે, પોતાના સ્વરૂપનો તેમ જ પોતાના વિકાસનો આદર્શ નિયમ શોધી લેવાનો છે. અને પોતાની અહંપ્રધાન પ્રકૃતિમાં રહેલી મુશ્કેલીઓને લીધે માનવ એ આદર્શને જો પૂરી આદર્શમય રીતે અનુસરી શકે તેમ ન હોય તોપણ એ આદર્શ તેણે પોતાની દૃષ્ટિ સમક્ષ તો હમેશાં રાખવાનો જ છે, અને એ આદર્શ અનુસાર જ તે પોતાનું વ્યક્તિગત જીવન તેમ જ સામાન્ય જીવન વધુ ને વધુ ઘડી શકે એ રીતનો માર્ગ તેણે ધીરે ધીરે શોધી લેવાનો છે. માનવની સમક્ષ આ પ્રમાણેનું કાર્ય હવે સ્વાભાવિક રીતે જ ઉપસ્થિત થઈ ચૂક્યું છે, અને એ કાર્ય પોતે પાર પાડશે એ રીતની આશા તેની ચેતનામાં હવે બરાબર જાગૃત થવી જોઈએ.

પ્રકરણ આઠમું

સંસ્કૃતિ અને બર્બરતા

આપણે ત્યારે એ વિચાર ઉપર આવ્યા કે વ્યક્તિ, સમાજ તેમ જ સારીયે માનવજાતિને માટેનો આદર્શ નિયમ એ છે કે વ્યક્તિને તેની પોતાની પૂર્ણતા પ્રાપ્ત થાય, અને આ સર્વની વચ્ચે, વ્યક્તિ, સમાજ અને માનવજાતિ વચ્ચે એક પૂર્ણ રીતની આપલે રચાઈ જાય. વળી આપણે એ વાત પણ નિશ્ચિત કરી કે માનવજાતિ એક મુક્ત રીતની વિવિધતામાં એક સંપૂર્ણ એકતા પ્રાપ્ત કરે, કહો કે અદ્વૈત જ સિદ્ધ કરી લે એ છે માનવજાતિનું લક્ષ્ય. તો હવે આપણું આ કથન કે વ્યક્તિ તથા સમાજને તેના પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય એ જ વ્યક્તિ તથા સમાજના વિકાસનું ગુપ્ત વા પ્રગટ રહસ્ય છે— એનો અર્થ આપણે વધારે સ્પષ્ટતાથી સમજવાનો પ્રયત્ન કરવાનો રહે છે. એક વાત તો સ્પષ્ટ છે કે આપણે હજી આખી માનવજાતિ સાથે, એક એકતામાં પહોંચેલી માનવજાતિ સાથે કામ લઈએ એ સ્થિતિમાં નથી. અત્યારે આપણો મોટામાં મોટો એકમ, સઘન અને જીવંત એકમ તે તો રાષ્ટ્ર જ છે. એટલે પ્રથમ તો આપણે વ્યક્તિથી શરૂઆત કરીએ એ જ ઉત્તમ રહેશે. અત્યારે આપણને સામૂહિક આત્મા અને સામૂહિક જીવન કરતાં વ્યક્તિના સ્વરૂપનું વધારે સંપૂર્ણ અને વધુ નિકટનું જ્ઞાન તથા અનુભવ છે, તેમ જ સમાજ અથવા તો રાષ્ટ્ર — એ બંનેને એમના વધુ સંકુલ રૂપે લઈએ ત્યારે પણ — તે આખરે તો વ્યક્તિનું જ એક વધુ વિશાળ, વધુ સંગઠિત સ્વરૂપ છે, એ સામૂહિક રીતનો માનવ છે. એટલે જે વસ્તુ આપણને વ્યક્તિ પરત્વે સાચી લાગે છે તે સમષ્ટિ રૂપી વિશાળ એકમની બાબતમાં પણ સામાન્ય રીતે સાચી નીવડવાનો સંભવ રહે છે. વળી અમે એ વાત પણ કહી કે પૂર્ણ સમાજના વિકાસ માટેની પહેલી શરત એ છે કે વ્યક્તિ પોતે એક મુક્ત રીતનો વિકાસ પ્રાપ્ત કરે. એટલે આપણે વ્યક્તિથી જ શરૂઆત કરવાની રહે છે. વ્યક્તિ એ આપણું હોકાયંત્ર છે, એ જ આપણો પાયાનો સ્તંભ છે.

મનુષ્યનું પોતાનું સ્વરૂપ — એનો આત્મા એ તો એક ગુપ્ત અને ગુહ્ય

વસ્તુ છે. માણસનું શરીર એ કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી. એનો પ્રાણ એ પણ કાંઈ એનું મૂળ સ્વરૂપ નથી, તેમ જ, વિકાસક્રમની ગતિમાં માણસ જોકે મનોમય વ્યકિત તરીકે, મન રૂપે આવી રહેલો છે તોપણ, મન એ જ કાંઈ માણસનું સ્વરૂપ નથી. એટલે માણસને તેના શરીરની પૂર્ણતા મેળવી આપવામાં આવે, અને એના પ્રાણમય કે મનોમય સ્વરૂપની પૂર્ણતાએ લઈ જવામાં આવે તોપણ એમાં એના આત્મ-સાક્ષાત્કારની છેલ્લી વાત આવી ગઈ, અથવા તો આ જ આત્મ-સાક્ષાત્કારનું સાચું ધોરણ છે એમ બની શકવાનું નથી. આ બધાં—શરીર, પ્રાણ, મન એ તો માણસને પ્રાપ્ત થતા જતા આત્મ-દર્શનને આવિર્ભાવ આપવા માટેનાં સાધનો છે, એ આત્મ-દર્શનનાં ગૌણ સૂચનો છે, એના પાયા છે. એ બધાં એના સ્વ-સ્વરૂપનાં મૂલ્યો છે, વ્યવહારુ ચલણી નાણું છે, આમ જે કહેવું હોય તે કહી શકો છો. પણ મનુષ્ય પોતે ગુપ્ત રૂપે જે વસ્તુ છે અને જે વસ્તુ શોધવા માટે અજ્ઞ રીતે ફાંફાં મારી રહેલો છે અથવા તો જે બની રહેવા માટે તે પ્રગટ તેમ જ સભાન રીતે પ્રયત્ન કરી રહેલો છે તે વસ્તુ આ મન, પ્રાણ અને શરીર તો નથી જ. માણસને એક સમગ્ર માનવજાતિ તરીકે પોતાને વિષેનું આ સત્ય હજી હાથ લાગ્યું નથી. આ સત્ય હજી લગી તો માત્ર અમુક વ્યકિતઓને જ તેમને લાધેલા દર્શનમાં તથા સ્વાનુભૂતિમાં પ્રત્યક્ષ બનેલું છે. માનવજાતિ આ વ્યકિતઓને અવતારો તરીકે, દ્રષ્ટાઓ, સંતો કે પયગંબરો તરીકે ભલે પૂજતી રહેતી હોય પણ તેમને પગલે પગલે ગતિ કરી શકતી નથી. આપણા વિકાસક્રમના અધિષ્ઠાતા રૂપ પરમાત્મા એ તો પોતાની વિરાટ કાળપગલીએ ગતિ કરતા રહે છે, પોતાના મહાન યુગો સર્જતા રહે છે, તેઓ પોતાનો વિસ્તાર મંદ મંદ રીતે બહોળા પ્રદેશમાં કરતા રહે છે અથવા તો મહા વેગે ઝડપી પ્રવાહોની રીતે ગતિ કરે છે. જગત-માંની બળવાન અને અર્ધ દિવ્ય જેવી વ્યકિતઓ આ બધી ગતિઓનું અતિ-ક્રમણ કરી શકે છે, પરંતુ હજી જે માનવજાતિ અર્ધ-પશુના જેવી સ્થિતિમાં રહેલી છે તેને માટે આ અતિક્રમણ શકય નથી. વિકાસક્રમની ગતિ વનસ્પતિ-માંથી પશુ અને પશુમાંથી મનુષ્ય એ રીતે થતી રહેલી છે. એ ગતિ જ્યારે માણસમાં પહોંચે છે ત્યારે એની શરૂઆત એક અવ-માનવની રીતે થાય છે. માણસે પોતાની અંદર પશુને લઈને તથા ખનિજ તથા વનસ્પતિને પણ લઈને આગળ વધવાનું રહે છે. આ બધામાંથી માણસનું શારીરિક સ્વરૂપ બંધાય છે. માણસના પ્રાણ ઉપર આ બધાં તત્ત્વોની સત્તા ચાલુ રહે છે, એના માનસ ઉપર આ બધાંની પકડ રહી જાય છે. આપણે જોઈએ છીએ કે માણસમાં અનેક પ્રકારની જડતા પ્રત્યેનો ઝોક રહેલો છે. તે આળસમાં સરી પડવાને હર ક્ષણે તૈયાર હોય છે. એને જમીન પ્રત્યેની આસકિતએ બાંધી રાખેલો છે, એ

પોતાનાં મૂળિયાંને, હરેક રીતનાં સલામતીનાં લંગરોને બરાબર વળગી રહેતો હોય છે. તો વળી સામી બાજુએ તેનામાં રખડપટ્ટીની અને લૂંટારુ રીતની વૃત્તિઓ પણ કામ કરી રહી છે, તે રૂઢિને તથા ટોળાના નિયમને અંધ રીતે તાબે થઈ જતો હોય છે, આખાં ટોળાં તરીકે તે અમુક વર્તાવ કરતો રહે છે, સમૂહ-ચેતનામાંથી અવચેતન રીતનાં આવતાં સૂચનોને તે ઝીલી લેતો હોય છે, ક્રોધ અને ભયની ઝૂંસરીને તે શિર ઝુકાવી દેતો હોય છે. તેને પોતાને સજાની જરૂર રહે છે તેમ જ સજાનો તેણે આશ્રય લેવો પડે છે, એનામાં પોતે થઈને વિચાર કે કાર્ય કરવાની શકિત નથી. તે સાચી સ્વતંત્રતાને માણી શકતો નથી, નવી વસ્તુ પ્રત્યે તેને અવિશ્વાસ રહે છે, વસ્તુને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરતાં તથા પચાવતાં તેને વાર લાગે છે. એની વૃત્તિઓનો ઝોક નીચલી દિશા તરફ રહે છે, એની દૃષ્ટિ જમીન પર જ મંડાયેલી રહે છે, તેનાં પ્રાણ તથા શરીર પૂર્વજોનાં લક્ષણને અધીન રહેતાં હોય છે. આ બધું અને આ ઉપરાંત બીજી ઘણી વસ્તુઓ માણસને, તેનું જીવન અને શરીર તથા સ્થૂલ મન જે અવ-માનવ રીતે ઉત્પન્ન થયેલાં છે તેના વારસા રૂપે મળેલાં છે. અને આ રીતના વારસાને લીધે જ માણસને પોતાની જાતમાંથી ઉપર ચાલ્યા જવાની ક્રિયા અતિશય અઘરા પાઠ જેવી, સૌથી વધુ કષ્ટદાયક સાધના જણાય છે. અને છતાં કુદરત પોતાના વિકાસક્રમની પ્રક્રિયામાં જ્યારે જ્યારે વિરાટ પગલાં ભરે છે ત્યારે ત્યારે પોતાના નિમ્ન સ્વરૂપ-માંથી ઉપર નીકળીને જ ભરતી રહે છે. એટલે આ મનોમય મનુષ્ય સમક્ષ રજૂ થયેલું કર્તવ્ય એ છે કે તે પોતે જે કાંઈ થઈ ચૂકેલો છે, તેનો પોતાનો જે ભૂતકાળ છે તેમાંથી તેણે શીખવાનું છે એટલું જ નહિ, પણ પોતે જે કંઈ થઈ શકે તેમ છે તેનું પણ તેણે જ્ઞાન મેળવવાનું છે તથા તે સ્વરૂપમાં પહોંચવાનું છે.

એક સમય એવો હતો કે જ્યારે આખીયે માનવજાતિની સામાન્ય ચેતના શરીર સાથે તથા સ્થૂલ જીવન સાથે પોતાને સંપૂર્ણ રીતે એકરૂપ બનાવી દઈને જીવી શકતી હતી. એ કાળ હવે પસાર થઈ રહ્યો છે અને આશા રાખીએ કે તે સદાને માટે ચાલ્યો જશે. સ્થૂલ જીવન સાથેની આ રીતની તદ્રૂપતા એ માણસની સંપૂર્ણ બર્બરતાનું—જંગલીપણાનું સૌથી પ્રથમ લક્ષણ છે. શરીરને તથા શરીરના જીવનને જ જગતમાં એકમાત્ર મહત્ત્વની વસ્તુ ગણવી, શરીરની શકિત, શરીરનો વિકાસ અને શારીરિક વીરતા એને જ માણસની માનવતાની કસોટી ગણવાં, શરીરની અચેતનતામાંથી ઊઠતી વૃત્તિઓના દાસ બની રહેવું, જ્ઞાનને એક નિર્બળતા રૂપે યા તો હલકી વસ્તુ તરીકે ગણી તિરસ્કારી કાઢવું અથવા તો તેને એક વિલક્ષણ પદાર્થ તરીકે ગણીને માનવતાની પોતાની કલ્પનામાં તેને કોઈ આવશ્યક વસ્તુ તરીકે ન ગણવું — આ છે બર્બરતાનું માનસ. માણસના બાળપણમાં તેનામાં તેના પૂર્વજોનાં લક્ષણ પ્રગટ થતાં રહે છે. તેવે વખતે તેનામાં

આ બર્બરતા પાછી દેખાવા લાગે છે ખરી—અને બાળપણની અવસ્થામાં શરીરનો વિકાસ એ જ સૌથી વધુ મહત્ત્વની વસ્તુ હોય છે એ વાત પણ આપણે ધ્યાનમાં રાખવાની છે—પણ માનવજાતિ જ્યારે સંસ્કારિતામાં પહોંચે છે ત્યારે પછી પુખ્ત વયના માણસમાં આ વસ્તુ બનવી શક્ય રહેતી નથી. કારણ કે, પહેલું તો, આજના જીવનના દબાણ હેઠળ માનવજાતિના પ્રાણનું વલણ બદલાઈ રહ્યું છે. તેમ જ માણસ હવે નર્યો શારીરિક પ્રાણી મટવા લાગ્યો છે અને તે એક ઘણા વિશેષ પ્રમાણમાં પ્રાણમય અને અર્થ-પ્રધાન મનુષ્ય બનવા લાગ્યો છે. બેશક, માણસ જીવન વિષેની પોતાની કલ્પનામાંથી શરીરને તથા તેના વિકાસની વાતને, અથવા તો પોતાના આ પ્રાણી સ્વરૂપને તથા તેનાં ઉત્તમ તત્ત્વોને સાચી રીતે ટકાવી રાખવાની તેમ જ તેમને સન્માનપૂર્વક જોવાની વાતને બાતલ કરી દે છે અથવા તો તેણે બાતલ કરી દેવાં એવો કુદરતનો હેતુ છે એવી સ્થિતિ તો નથી જ. એક પૂર્ણ માનવતાની સિદ્ધિ માટે શરીરની ઉત્તમતાને સાચવી રાખવી તેનું આરોગ્ય, તેની ક્ષમતા, શક્તિ અને સંવાદમય વિકાસ ટકાવી રાખવાં એ બધું જ અત્યંત આવશ્યક છે અને માણસ અત્યારે હવે આ બધા તરફ વધારે સારી રીતે તેમ જ વધુ બુદ્ધિપૂર્વક ધ્યાન આપવા પણ લાગ્યો છે. પરંતુ આપણે શરીરને જીવનમાં સૌથી પહેલું આસન આપી શકતા નથી, અને બર્બર દશાના મનુષ્યના માનસમાં શરીરનું જે સંપૂર્ણ પ્રાધાન્ય રહેતું હોય છે તેવું પ્રાધાન્ય તો કદી પણ આપી શકીએ તેમ નથી.

વળી, માણસે જોકે એને ઋષિમુનિઓ તરફથી મળેલ સંદેશ 'તારી જાતને ઓળખ', એ હજી ખરેખર સાંભળ્યો નથી તેમ જ તેને તે સમજી શક્યો પણ નથી, તેમ છતાં તેણે જગતમાંના ચિંતકનો સંદેશ 'તારી જાતને કેળવી લે' એનો સ્વીકાર તો કર્યો જ છે. અને વળી એને વધુમાં એ વાત પણ સમજાયેલી છે કે પોતાને કેળવણી મળી છે એટલે પોતાનું એ જ્ઞાન બીજાઓને પહોંચાડવું જોઈએ એ પણ તેની ફરજ થઈ પડે છે. જગતમાં મનુષ્ય માત્રને કેળવણી મળવી જોઈએ એ રીતનો વિચાર ઉત્પન્ન થાય એનો અર્થ એ થાય કે માણસજાતિ હવે એ વાત સ્વીકારી રહી છે કે માણસ તે પ્રાણ અને શરીર નહિ પણ મન છે, અને મનનો વિકાસ થયા વિના તેને તેનું પોતાનું સાચું માનવત્વ પ્રાપ્ત થવાનું નથી. અત્યારે પણ જોકે કેળવણી એટલે મુખ્યપણે બુદ્ધિનો તથા માનસિક શક્તિનો વિકાસ, જગત અને વસ્તુઓ વિષેનું જ્ઞાન એ જ રીતનો વિચાર પ્રચલિત છે, પણ આ પછી કેળવણી એટલે નૈતિક કેળવણી, કળાની શક્તિઓનો વિકાસ એમ પણ સ્વીકારાવા લાગ્યું છે, જોકે એ સ્વીકાર હજી ઘણો અધૂરો છે. માણસ તે એક બુદ્ધિશાળી વિચારક પ્રાણી બની રહેવો જોઈએ, તેણે નૈતિક વિકાસ સાધવો જોઈએ, પોતાના સંકલ્પ તથા બુદ્ધિ દ્વારા તેણે પોતની સહજવૃત્તિઓ

તથા લાગણીઓ પર કાબૂ મેળવવો જોઈએ, જગત તેમ જ પોતાના ભૂતકાળ વિષે તેણે જે જે જાણવા જેવું હોય તે જાણી લેવું જોઈએ, એ જ્ઞાન દ્વારા પોતાના સામાજિક તથા આર્થિક જીવનનું બુદ્ધિપૂર્વક સંગઠન સાધવાની શક્તિ તેણે મેળવવી જોઈએ, પોતાની શારીરિક ટેવોને તથા શરીરને તેણે સારી રીતે વ્યવસ્થિત કરવાં જોઈએ — આ રીતનો વિચાર અત્યારે સંસ્કારી બનેલી માનવજાતિમાં કામ કરવા લાગી ગયો છે. આ વિચારને એના મૂળ રૂપમાં જોઈશું તો જણાશે કે આ રીતે હવે માણસ પાછો જૂના ગ્રીક રીતના આદર્શમાં જઈ રહ્યો છે અને એ આદર્શને એક વધુ વિશાળ રૂપ આપી રહ્યો છે. આ આદર્શમાં અત્યારે કાર્યશક્તિ અને ઉપયોગિતાના તત્ત્વ ઉપર વધુ ભાર અપાઈ રહ્યો છે. અને સૌન્દર્ય અને સુસંસ્કાર ઉપરનો ભાર ઘણો ઓછો થઈ ગયો છે. પરંતુ આપણે એમ ધારી શકીએ છીએ કે આ અવસ્થા થોડો વખત જ રહેશે. જગતની આજની પ્રગતિમાં જે વ્યાપારિકતાનો યુગ આવ્યો છે તે પસાર થઈ જશે ત્યારે આ ગુમ થયેલાં સૌન્દર્ય અને સુસંસ્કારનાં તત્ત્વો પાછાં જરૂર પોતાનું મૂળ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરશે. એ પુનરાગમન હજી જોકે દૃષ્ટિમાં દેખાતું નથી તોપણ એક દિવસ તે થવાનું તો છે જ અને એ થતાં પછી આપણને માણસનો એક મનોમય વ્યક્તિ તરીકેનો વિકાસ સાધવા માટેનાં બધાં જરૂરી તત્ત્વો મળી આવશે.

આ પૂર્વે ગ્રીસની તથા ગ્રીસ-રોમન સંસ્કૃતિનો જે નાશ થઈ ચૂક્યો છે તેનું એક કારણ એ હતું કે એણે માત્ર પોતાના સમાજની અંદર જ સંસ્કારિતાનો એક અધૂરો એવો વિસ્તાર સાધ્યો હતો. એની ફરતે બધી બાજુએ જે અનેક પ્રજાઓ આવી રહેલી હતી તે બધી તો હજી જંગલી મનોદશામાં જ જીવતી હતી. જ્યાં સુધી સંસ્કૃતિ એક નાનકડી લઘુમતીની અંદર જ સંસ્કારી માનસનો વિકાસ સાધ્યા કરે છે અને પોતાની ભીતરમાં અજ્ઞાનથી ભરેલો એક અતિ વિરાટ લોકસમૂહ, એક મહા સમુદાય, એક નિર્ધન વર્ગ ટકી રહેવા દે છે ત્યાં સુધી તે કદી પણ સલામત ટકી રહી શકતી નથી. આવે વખતે જ્ઞાન પોતે ઉપરની દિશામાંથી સક્રિય બનીને પોતાનો વિસ્તાર સાધે એમ બનવું જોઈએ, નહિ તો પછી તેની નીચે આવી રહેલી અજ્ઞાનની રાત્રિનાં પૂર તેના પર ફરી વળે એ રીતનું જોખમ તેના ઉપર હમેશાં રહે છે. અને જો, આવી સંસ્કૃતિ પોતાની આજુબાજુ અસંખ્ય લોકોને અંધકારની અંદર જ પડી રહેવા દે, પોતાને મળેલો પ્રકાશ તેમને ન પહોંચાડે, અને એ અજ્ઞાન પ્રજાઓમાં જો જંગલી બર્બર મનુષ્યની નૈસર્ગિક પ્રાણશક્તિ ભરપૂર ભરેલી હશે તો એ સંસ્કૃતિને માથે ઘણું વિશેષ જોખમ રહે છે. એ બળવાન બર્બર લોકો પેલા સંસ્કારી લોકોની સંસ્કૃતિ દ્વારા કશું બૌદ્ધિક પરિવર્તન પામ્યા વિનાના જ રહી જઈને એ સંસ્કારી લોકોનાં સ્થૂળ અસ્ત્રશસ્ત્રોને કોઈ પણ વખતે પોતાને હાથ કરી લઈ શકે છે અને આ સંસ્કારી લોકોનું

નિકંદન કાઢી નાખી શકે છે. ગ્રીસ-રોમન સંસ્કૃતિનો વિનાશ આ બેઉ રીતે થયો છે, અંદરથી અને બહારથી. બહારથી એના ઉપર ટ્યુટોનિક* બર્બરતાનાં પૂર ધસી આવ્યાં હતાં અને આંતરિક રીતે એની પોતાની પ્રાણશક્તિ ક્ષીણ થઈ ગઈ હતી. આ ગ્રીસ-રોમન સંસ્કૃતિવાળી પ્રજાએ પોતાના નિર્ધન શ્રમિક વર્ગને કંઈક અંશે આરામ અને આનંદવિનોદ તો પૂરા પાડયા હતા પણ એને તે પ્રકાશની અંદર લઈ ગઈ ન હતી. એ નિર્ધન જનવર્ગને બહારની દિશાએથી પ્રકાશ આવી મળ્યો, ખ્રિસ્તી ધર્મના રૂપમાં, અને એ ખ્રિસ્તી ધર્મ આ જૂની સંસ્કૃતિના શત્રુ તરીકે આવ્યો. એણે નિર્ધન પ્રજાને, કચડાયેલી અને અજ્ઞાન માનવજાતિને ઉદ્દેશીને પોતાનું કામ શરૂ કર્યું અને લોકોમાં રહેલા આત્માને તથા નૈતિક ભાવને જીતી લેવાનો પ્રયત્ન કર્યો. પણ એણે માનવના ચિંતનશીલ મનની જરાકે પરવા કરેલી નહિ. એ ધર્મને એવો સંતોષ હતો કે તમે જો લોકોના હૃદયને ધર્મના સત્યમાં મૂકી દઈ શકો તો પછી માણસનું ચિત્ત અજ્ઞાનમાં રહે તોપણ ચાલી શકે. આ પશ્ચિમના જગતનો જ્યારે બર્બર પ્રજાઓએ કબજો મેળવી લીધો ત્યારે પણ ખ્રિસ્તી ધર્મ એ બર્બર પ્રજાઓને આ રીતે જ ખ્રિસ્તી બનાવીને બેસી રહ્યો, એ લોકોને બુદ્ધિના પ્રકાશમાં પણ લઈ જવા જોઈએ એ કાર્ય તેને સૂઝ્યું નહિ. આ ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓ તથા સાધુઓને તો બુદ્ધિની નિર્બંધ ગતિમાં પણ વિશ્વાસ ન હતો. અને એટલે તેઓ બુદ્ધિના શત્રુ પણ બની ગયા હતા. અને આમ આ ખ્રિસ્તી ધર્મ પણ અર્ધ બર્બર જેવો રહી ગયો હતો. એ અર્ધ-જંગલી ખ્રિસ્તી ધર્મમાં વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની વિદ્યાનો પ્રવેશ આરબ લોકોએ કરાવ્યો. તે પછી યુરોપમાં રિનેસાંસનો—નવજાગૃતિનો એક અર્ધી અધાર્મિકતાવાળો યુગ આવ્યો, એ આવ્યા પછી ધર્મ અને વિજ્ઞાનની વચ્ચે એક લાંબો સંગ્રામ ચાલતો રહ્યો અને તે પછી જ યુરોપના પુનઃ જાગૃત બનેલા ચિત્તમાં બૌદ્ધિક સંસ્કૃતિની મુકતપણે ફરીથી સ્થાપના થઈ. જ્ઞાને પોતે જો જગતમાં ટકી રહેવું હશે તેમ જ પોતાની સ્થાપના કાયમની રીતે કરવી હશે તો તેણે પોતે આક્રમક બનવું જ જોઈશે. પોતાના પગ હેઠળ તે જો અજ્ઞાનનો એક વિશાળ થર એમ ને એમ પડયો રહેવા દેશે તો માનવજાતિ પાછી બર્બર દશામાં સરી પડે એવું જોખમ હમેશને માટે રહે છે.

અત્યારના જગતમાં એ ભય હવે એના પુરાણા સ્વરૂપે અથવા એટલા જ પ્રમાણમાં ફરીથી માનવજાતિ ઉપર ચડી આવે એવો સંભવ તો નથી જ

---

* ટ્યૂટન લોકો, મોટે ભાગે જર્મની અને એ બાજુના પ્રદેશોમાં રહેનારા, ઊંચી અને ગૌરવણી ઈન્ડો-જર્મન પ્રજાઓનું એક અંગ. એમણે આક્રમણ કરી રોમનોને હરાવેલા.

રહ્યો. એ જોખમને પહોંચી વળવા માટે વિજ્ઞાન હવે સંપૂર્ણપણે સમર્થ છે. અત્યારની સંસ્કૃતિને તેણે આત્મરક્ષા માટેનાં તમામ સાધનોથી સજ્જ કરી આપી છે. આજની સંસ્કારી પ્રજાઓને વિજ્ઞાને સંગઠન, આક્રમણ તથા બચાવનાં જે સાધનો મેળવી આપ્યાં છે તે કોઈ પણ જંગલી પ્રજા મેળવી શકે તેમ નથી, તેમ જ તેનો સફળતા-પૂર્વક ઉપયોગ કરી શકે તેમ નથી. હા, આ જંગલી પ્રજાઓ જો જંગલી મટી જાય અને આ સાધનો જે માત્ર વિજ્ઞાન જ તેમને આપી શકે તેમ છે તે મેળવી લે અને તેનો ઉપયોગ કરે તો જુદી વાત છે. વળી વિજ્ઞાનને એ વાત પણ જણાઈ ગઈ છે કે અજ્ઞાન એક મહાન શત્રુ છે અને તેની કદી પણ ઉપેક્ષા કરી પાલવે તેમ નથી અને તેથી જ્યાં જ્યાં એ શત્રુ રહેલો છે ત્યાં ત્યાંથી તેનું નિકંદન કરવાને તે નીકળી ચૂક્યું છે. આજે જગતમાં એ આદર્શ હવે વ્યાપક થઈ ગયો છે કે પ્રત્યેક માણસને અમુક સર્વસામાન્ય કેળવણી તો મળવી જ જોઈએ, કાંઈ નહિ તો માણસને અમુક માહિતીથી સજ્જ કરી શકાય તથા તેની શક્તિઓને તાલીમ મળે એટલી કેળવણી તો આપવી જ જોઈએ. આ આદર્શ જોકે વિજ્ઞાનને લીધે જ કાંઈ જન્મ્યો નથી તોપણ વિજ્ઞાનની શક્તિને લીધે એની વ્યવહારુ શક્યતા હવે ઘણી બની ગઈ છે. વિજ્ઞાન હવે એક અદમ્ય વેગપૂર્વક પોતાની જાતને સર્વત્ર ફેલાવી રહ્યું છે, પૃથ્વીના ત્રણે ખંડની પ્રજાના ચિત્તમાં તેણે વધુ ને વધુ જ્ઞાન માટેની ઝંખના જાગૃત કરી છે. એ વાત હવે સિદ્ધ થઈ ચૂકી છે કે જે કોઈ પ્રજાએ શક્તિશાળી અને કાર્યદક્ષ બનવું હશે તેણે પોતાને ત્યાં કેળવણીને સર્વવ્યાપક બનાવવી જ પડશે. અને તેથી વિજ્ઞાને ફક્ત બધી મુક્ત પ્રજાઓના હૃદયમાં જ નહિ, પણ મુક્ત થવા માગતી તેમ જ જીવંત રહેવા માગતી હરેક પ્રજાના હૃદયમાં કેળવણીની ક્ષુધાને જગાવી આપી છે. આ રીતે હવે જગતમાં સર્વત્ર જ્ઞાન તથા બૌદ્ધિક પ્રવૃત્તિઓનો વિસ્તાર થઈ જાય એમાં માત્ર સમયનો જ સવાલ રહે છે. આ વસ્તુ બનવામાં અમુક રાજકીય અને આર્થિક રીતનાં વિઘ્નો જ નડે છે. અને એ વિઘ્નોને જીતવા માટે આજના યુગનું ચિત્ત તથા બીજા પ્રવાહો કામે લાગી ગયા છે. આમ ટૂંકમાં કહીએ તો, વિજ્ઞાનના આગમનથી માનવજાતિની બૌદ્ધિક ક્ષિતિજો કાયમને માટે વિશાળ થઈ ગઈ છે. વિજ્ઞાને આવીને માનવજાતિની સર્વસામાન્ય બૌદ્ધિક શક્તિને ખૂબ જ પ્રબળ રીતે ઊંચે ચડાવી આપી છે, તેને તીક્ષ્ણ અને તીવ્ર કરી આપી છે.

એ વાત સાચી છે કે વિજ્ઞાનનું વલણ શરૂઆતમાં સ્થૂલવાદની રીતનું રહેલું છે અને એને જે સ્પષ્ટ વિજયો મળેલા છે તે સ્થૂલ વિશ્વ તેમ જ શરીર તથા શારીરિક જીવનના જ્ઞાન પૂરતા જ રહેલા છે. પરંતુ વિજ્ઞાનનો આ સ્થૂલવાદ તે પહેલાંના વખતમાં શરીરને જ આત્મા માની લેનારા સ્થૂલવાદ કરતાં ઘણી જુદી વસ્તુ છે. વિજ્ઞાનનું દેખીતું વલણ ભલે ગમે તે રીતનું હોય

પણ એણે આવીને ખરેખર મનોમય રીતના મનુષ્યની તથા બુદ્ધિની શ્રેષ્ઠતાની સ્થાપના કરી આપી છે. વિજ્ઞાન એટલે જ જ્ઞાન, બૌદ્ધિકતા. વિજ્ઞાનની સારીયે પ્રવૃત્તિમાં માનવનું મન જ સક્રિય બનેલું છે. એ મને પોતાના પ્રાણમય તથા શારીરિક સ્વરૂપ ઉપર તથા પોતાની પરિસ્થિતિ ઉપર નજર નાખવા માંડી છે અને એ રીતે તેણે જીવન તથા જડતત્ત્વને જાણવાનો, જીતવાનો અને તેના સ્વામી બનવાનો પ્રયત્ન આદરેલો છે. વૈજ્ઞાનિક એટલે કે ચિંતક બનેલો માનવ, અને તે સ્થૂલ પ્રકૃતિનાં બળોનું જ્ઞાન મેળવીને તેમના ઉપર પોતાનો કાબૂ જમાવી રહ્યો છે. આપણે આખરે તો જીવન અને જડતત્ત્વ ઉપર જ ઊભેલા છીએ, એ આપણો નિમ્ન પાયો છે, અને એમનાથી આપણે ઉપર ચાલ્યા જવું હશે તો તે એમની પ્રક્રિયાઓને જાણીને, એમનામાં શી શી શકયતાઓ રહેલી છે તથા માણસને તે કઈ કઈ તકો આપે છે તેનું જ્ઞાન મેળવીને જ કરી શકીશું. આપણે પ્રાણ અને શરીરથી આગળ તો ચાલ્યા જવાનું છે, પરંતુ તેમને ઉપયોગમાં પણ લેવાનાં છે, સંપૂર્ણ પણ કરવાનાં છે. પણ જ્યાં સુધી આપણે અતિભૌતિક ઊર્ધ્વ પ્રકૃતિના નિયમો તથા શકયતાઓને જાણ્યાં નથી ત્યાં સુધી સ્થૂલ પ્રકૃતિના નિયમો તથા શકયતાઓ પણ આપણને સંપૂર્ણપણે જણાવાનાં નથી. એટલે આપણે સ્થૂલ જગત વિષેના આપણા જ્ઞાનને સંપૂર્ણ કરી લઈને પછી તરત જ પ્રાચીન કાળની માનસિક તથા ચૈતસિક વિદ્યાઓને પાછી મેળવી લેવાની છે તેમ જ નવી રીતે વિકસાવવાની પણ છે. અને આ રીતનો નવ યુગ હવે આપણી સમક્ષ કયારનોય ખુલી ગયો છે. પણ એ ખરું કે આપણે પ્રથમ તો સ્થૂલ વિદ્યાઓને સંપૂર્ણ કરી લઈએ એ આપણી પહેલી જરૂર છે, અને માણસે પ્રકૃતિને જાણવા માટે તથા પોતાના જગતના સ્વામી બનવા માટે જે નૂતન પુરુષાર્થ આદર્યો છે તેમાં એના મનને તાલીમ આપવા માટેનું પહેલું ક્ષેત્ર તે આ સ્થૂલ વિદ્યાઓમાં જ માણસને મળે તેમ છે.

માનવ મને સ્થૂલવાદથી તો પર થવાનું જ છે. અને એ કાર્યમાં વિજ્ઞાનના સ્થૂલવાદે જે નકારાત્મક કાર્ય કર્યું છે તે પણ છેવટે જતાં આપણને ઉપયોગી થઈ પડે તેમ છે. પોતાના સ્થૂલવાદના વિજયના દિવસોમાં વિજ્ઞાને તત્ત્વજ્ઞાનને તો એકદમ જ તિરસ્કારી કાઢેલું અને બાજુએ ફેંકી દીધેલું. વળી તેણે એક વાસ્તવવાદી અને વ્યવહારુ વલણ ધારણ કરવાથી એને જ સર્વત્ર અગ્રસ્થાન મળવા લાગ્યું અને પરિણામે કવિતા અને કળાની ભાવનાને પ્રોત્સાહન મળતું અટકી ગયું અને એ બંનેનું સંસ્કૃતિના નેતા તરીકેનું સ્થાન હરાઈ ગયું. કવિતા હવે અવસાદ અને હીનતા પામવા લાગી, એણે એક છંદોબદ્ધ ગદ્યના જેવું રૂપ

અને લય ધારણ કરવા માંડયાં. તે માત્ર એક નાનકડા શ્રોતાવર્ગની અંદર જ પુરાઈ રહી અને બાકીની આમ જનતાનો ટેકો તેણે ગુમાવી દીધો. ચિત્રકળા પણ ક્યુબિઝમ—આકૃતિવાદના અતિરેકોમાં ઊતરી પડી અને આકારો-અને સૂચનોની અતિશય કઢંગી રીતો તેણે અખત્યાર કરવા માંડી. એની અંદરથી આદર્શની ઉપાસના ઓસરી ગઈ અને એ કેવળ સ્થૂલ દૃષ્ટિગોચર વસ્તુની જ ઉપાસના કરવા લાગી, એક બદસૂરત વાસ્તવવાદ અને ઉપયોગિતાવાદની જ ઉપાસના કરવા લાગી. અને વિજ્ઞાને ધર્મના ગુહ્યવાદની સામે જે જંગ ઉપાડયો એમાં તેણે લગભગ સંપૂર્ણ સફળતાપૂર્વક ધર્મ તથા ધર્મ-ભાવનાનો શિરચ્છેદ જ કરી નાખ્યો. પરંતુ વિજ્ઞાનના આવવાથી આ બધું જે બન્યું તે પૂર્વે આ તત્ત્વજ્ઞાન વગેરેની પણ કેવી સ્થિતિ હતી? આ પહેલાં તત્ત્વજ્ઞાન તે એક વધુ પડતી સૂક્ષ્મ આંટી-ઘૂંટીઓની રમત જેવું જ બની ગયું હતું, માત્ર વિચારો અને શબ્દોની દુનિયામાં તે ખાલી અમૂર્ત સત્યની ખોજમાં રખડપટ્ટી રહેતું હતું, અને પોતાનું જે ખાસ કર્તવ્ય છે, વસ્તુઓની સાચી વાસ્તવિકતાને શોધી આપીને તે વડે માનવ જીવન પોતાનો ધર્મ અને લક્ષ્ય જાણી શકે, પોતાની પૂર્ણતાનાં તત્ત્વોને પિછાની શકે એમ તેણે જે કરવું જોઈએ એ કર્તવ્ય તે ચૂકી ગયું હતું. એ જમાનામાં કવિતા અને કળા તે વધુ પડતી સુશિક્ષિત લોકોની જ પ્રવૃત્તિ થઈ ગયાં હતાં અને તેથી તે જીવનમાં માત્ર એક શોભા અને વિલાસની વસ્તુઓ જ ગણાવા લાગ્યાં હતાં. એમનું જે ખાસ કર્તવ્ય છે, જીવનમાં રહેલા સત્ય અને સૌન્દર્યનું, જીવનમાંના જીવંત વિચારતત્ત્વનું, વિશ્વના આ ઇન્દ્રિયગોચર આભાસોની હેઠળ ઢંકાઈ રહેલી પદાર્થ માત્રની જે ગુપ્ત દિવ્યતા છે તેનું-તેણે જે મૂર્ત દર્શન કરાવવું જોઈએ તથા એક રહસ્યપૂર્ણ નિરૂપણ કરવું જોઈએ તેને બદલે એ શબ્દો, આકૃતિઓ અને કલ્પનાવિલાસની જ વસ્તુઓ બની ગયાં હતાં. ધર્મ પોતે પણ જડ માન્યતાઓ અને ક્રિયાકાંડોમાં, સંપ્રદાયો અને દેવસ્થાનોમાં જ જકડાઈ ગયો હતો, અને અમુક થોડા લોકોને બાદ કરતાં બાકીના લોકોને માટે તે આધ્યાત્મિકતાનાં જીવંત ઝરણોની સાથેનો સીધા સંબંધ-રૂપે રહ્યો ન હતો. આ સ્થિતિમાં એક નકારાત્મકતાનો યુગ આવી જાય એની ઘણી જ જરૂર હતી. આ તત્ત્વજ્ઞાન, કવિતા, કળા તથા ધર્મને એક-ધક્કો મારીને પાછાં તેમના મૂળ સ્વરૂપ પ્રત્યે તેમ જ એ સ્વરૂપની અંદર, એમનાં પોતાનાં શાશ્વત પ્રભવસ્થાનોની વધુ નિકટમાં મોકલી આપવાની જરૂર હતી. એ રીતની નકારાત્મકતાનો ઝોક હવે ઓસરી ગયો છે અને આ બધાં પોતાનાં મસ્તક પાછાં ઊંચાં કરી રહ્યાં છે. આપણે એમને પોતપોતાના સત્યની શોધમાં લાગી ગયેલાં જોઈએ છીએ, તેઓ પોતાના મૂળ સ્વરૂપ ઉપર પાછાં જઈ રહ્યાં છે, નવેસરથી પોતાનું આત્મ-દર્શન પામી રહ્યાં છે અને આ રીતે તેમને એક પુનર્જીવન પ્રાપ્ત થઈ

રહ્યું છે. વિજ્ઞાનના દૃષ્ટાંતમાંથી આ બધાં એક વસ્તુ શીખ્યાં છે અથવા તો શીખી રહ્યાં છે કે સત્ય એ જ જીવનનું અને શકિતનું મૂલ છે, અને આ જીવન તથા શકિતનું પોતપોતાનું જે વિશિષ્ટ સત્ય છે તે સત્યને પ્રાપ્ત કરીને તેમણે માનવ જીવનનાં સેવક બની રહેવાનું છે.

વિજ્ઞાને આ રીતે હવે આપણને એક અધિક વિશાળ અને ગહન સંસ્કૃતિના યુગને માટે તૈયાર કરી આપ્યા છે. વળી એણે એક સ્થૂલવાદ ઊભો કર્યો છે છતાં, તેમ જ અમુક અંશે તો એ સ્થૂલવાદ દ્વારા પણ, તેણે હવે પહેલાંના સાચા સ્થૂલવાદમાં, એ જંગલી અવસ્થાના બર્બર માનસમાં જવાનું તો અશકય જ કરી દીધું છે. પણ તો સામી બાજુએ એણે જીવન પ્રત્યે જે વલણ લીધું છે તેમ જ જે શોધખોળો કરી આપી છે તે દ્વારા વત્તીઓછી આડકતરી રીતે તેણે એક બીજા પ્રકારની બર્બરતાને પણ ઉત્તેજન આપવા માંડ્યું છે. આ વિજ્ઞાનને લીધે હવે એક ઉદ્યોગનો, વ્યાપારનો, આર્થિકતાનો યુગ ઊભો થયો છે અને તે હવે પોતાની ટોચ પર પહોંચીને અસ્ત થવાની તૈયારી કરી રહ્યો છે. અને આ નવો યુગ તે પણ એક બર્બરતાનો જ યુગ છે, એને એ સિવાય બીજું કોઈ નામ આપી શકાય તેમ નથી. આ આર્થિકતાની બર્બરતા તે મૂળે તો પ્રાણપ્રધાન માણસની બર્બરતા છે. આ પ્રાણપ્રધાન માણસ પ્રાણને જ આત્મા સમજવાની ભૂલ કરી બેઠો છે, અને એ પ્રાણને તૃપ્ત કરવો એ જ જીવનનું સૌથી પ્રથમ લક્ષ છે એમ સ્વીકારી બેઠો છે. પ્રાણનું ખાસ લક્ષણ છે ઇચ્છા અને વસ્તુના માલિક બનવાની વૃત્તિ. જેવી રીતે સ્થૂલ શારીરિક બર્બરતાવાળો માણસ શરીરને ઉત્તમ બનાવવું, શરીરની શકિતને ખીલવવી, શરીરનું આરોગ્ય અને વીરતાને વિકસાવવાં એને જ પોતાના જીવનનું ધોરણ અને લક્ષ બનાવી બેઠો છે, તેવી જ રીતે પ્રાણની રીતની અથવા તો આર્થિકતાની બર્બરતાવાળો મનુષ્ય જરૂરિયાતો અને ઇચ્છાઓને તૃપ્ત કરવી અને સંપત્તિનો સંચય કરવો એને જ પોતાના જીવનનું ધોરણ અને લક્ષ બનાવી બેઠો છે. એને માટેનો આદર્શ મનુષ્ય તે સંસ્કારસંપન્ન, ખાનદાન કે ચિંતનશીલ કે નૈતિક યા ધાર્મિક રીતનો મનુષ્ય નથી. એનો આદર્શ મનુષ્ય છે સફળતાને વરતો માનવ. વસ્તુઓ મેળવવી, સફળ થવું, વસ્તુઓ ઉત્પન્ન કરવી, ભેગી કરવી, તેમના માલિક બનવું એ જ એનું જીવન છે. વધુ ને વધુ પૈસા ભેગા કર્યે જવા, વધુ ને વધુ માલમિલ્કત જમાવ્યે જવી, સંપત્તિની રેલંછેલ, સંપત્તિનું પ્રદર્શન, મોજમજા, કશી કળા વિનાની કિંમતી વસ્તુઓના કઢંગા ઢગ, બેસુમાર સુખસગવડો, જીવનમાં સુંદરતા અને આભિજાત્યનો સંપૂર્ણ અભાવ, ધર્મને સ્થૂલ કરી મૂકવો, નિષ્ઠુર ચોકઠા જેવો કરી મૂકવો, રાજકારણ અને સરકારને એક વેપારની, ધંધારોજગારની વસ્તુ બનાવી દેવી, અરે, આનંદને પોતાને પણ એક સોદાની વસ્તુ બનાવી

દેવી—આ છે વ્યાપારિકતા. આ પ્રાકૃત રીતના, સંસ્કારહીન વ્યાપારી માણસને માટે સૌન્દર્ય એ કોઈ કામમાં ન આવે તેવી અથવા તો ઉપાધિ રૂપ વસ્તુ જ હોય છે, કળા અને કવિતા એક તુચ્છ અથવા તો દેખાવ માટેની કે પછી જાહેરાત માટેના સાધન તરીકેની જ વસ્તુ હોય છે. એને મન સંસ્કૃતિ એટલે કે સુખસગવડ, નીતિ એટલે કે સમાજમાં સારા દેખાવું તે, રાજકારણ એટલે કે ઉદ્યોગોને ઉત્તેજન આપવું, બજારો મેળવવાં, લડાઈમાં વિજયના વાવટાની પાછળ પાછળ બીજી પ્રજાઓનું શોષણ અને વેપારની જમાવટ. એને માટે ધર્મનું મોટામાં મોટું સ્વરૂપ તે ફરજ રૂપે અમુક ક્રિયાકાંડ કર્યે જવાં અથવા તો અમુક પ્રાણની ઊર્મિઓને તૃપ્ત કરવી એટલું જ હોય છે. એને મન કેળવણી માણસને એક હરીફાઈપ્રધાન અથવા તો સમાજવાદી રીતના ઔદ્યોગિક જીવનમાં સફળ બનવા માટે જેટલી ઉપયોગી બની શકે છે તેટલા પ્રમાણમાં જ તેનું મૂલ્ય રહે છે, વિજ્ઞાન એને જેટલા પ્રમાણમાં, કામની નીવડે તેવી શોધખોળો તથા જ્ઞાન મેળવી આપે છે, સુખસગવડો અને આરામનાં સાધનો ઊભાં કરી આપે છે, તેને માલ ઉત્પન્ન કરવાનાં યંત્રોથી સજ્જ કરી આપે છે, જેટલા પ્રમાણમાં તે સંગઠનની, નિયંત્રણની તથા ઉત્પાદનને વેગ આપવાની શક્તિ બતાવે છે તેટલા પ્રમાણમાં જ તેનું મહત્ત્વ રહે છે. આ મહાધનિક ધનપતિ, સફળ નીવડતો મહાકાય પૂંજીપતિ, ઉદ્યોગો ઊભા કરતો શાહ સોદાગર એ છે આ વ્યાપારિક યુગના પરમ માનવો, અને એના સમાજના સાચા, જોકે ઘણી વાર ગુપ્ત રીતના, શાસકો પણ એ જ છે.

અર્થાત્, આ બધાની અંદર જે મૂળ બર્બરતા રહેલી છે તે એ છે કે માણસ આમાં પોતાના પ્રાણની સફળતાને શોધવા નીકળે છે, પોતાના પ્રાણની તૃપ્તિ માટે પ્રયત્ન કરે છે, વસ્તુઓનું ઉત્પાદન, સંપત્તિનો સંચય, માલિકી, ઉપભોગ, એશઆરામ, સુખસગવડ એ પ્રત્યેક વસ્તુ એને પોતાને ખાતર જ તેને માટે મહત્ત્વની રહે છે. હા, માણસમાં રહેલું પ્રાણતત્ત્વ એ તેના સમગ્ર જીવનમાં, શરીરની માફક, પોતે પણ એક તત્ત્વ છે. જીવનમાં એને એનું પોતાનું સ્થાન છે, પરંતુ એ સ્થાનનો અતિરેક થવો જોઈએ નહિ. સમાજમાં રહેતો મનુષ્ય એક સભર અને સુસમૃદ્ધ જીવન ગાળે એ વસ્તુ તો ઇષ્ટ જ છે, પણ આને માટેની શરત એ છે કે આ જીવન સત્યરૂપ અને સૌન્દર્યમય પણ હોવું જોઈએ. પ્રાણ અથવા તો શરીર તે કેવળ પોતાને ખાતર જ હસ્તી ધરાવતાં નથી, એમના પોતાના હિત કરતાં એક વધુ મહાન શુભ તત્ત્વને ખાતર, તેના એક વાહન અને સાધન તરીકે પ્રાણ અને શરીરની હસ્તી છે. માણસના મનોમય સ્વરૂપની ઊર્ધ્વ આવશ્યકતાઓ આગળ એમનું સ્થાન ગૌણ બની રહેવું જોઈએ, તેમણે સત્ય, શિવ અને સુંદરના બૃહત્તર ધર્મ દ્વારા પવિત્ર અને વિશુદ્ધ બનવું જોઈએ અને તે પછી જ માનવની

પૂર્ણતાની સમગ્રતામાં તેમને તેમનું યોગ્ય સ્થાન મળી શકે છે. આમ આ વ્યાપારિકતાના યુગમાં, સફળતા, પ્રાપ્તની પરિતુષ્ટિ, વસ્તુઓનું ઉત્પાદન અને માલિકીના બનેલા, સ્થૂલ અને બર્બર રીતના આદર્શોના યુગમાં, માનવનો આત્મા અમુક વસ્તુઓ તથા અનુભવો મેળવવા માટે થોડો વખત સ્થિર રહી શકે છે પણ ત્યાં પોતાનું કાયમનું વિશ્રાંતિસ્થાન બનાવી શકતો નથી. આ વ્યાપારિકતાનો યુગ જો ઘણો લાંબો વખત ચાલુ રહે એમ બનશે તો પછી જીવનની ગતિ જ ખોટકાઈ પડશે, એ જીવન પોતે ભેગી કરેલી વસ્તુઓના અતિરેકને લીધે જ નાશ પામશે, અથવા તો પોતાનો સ્થૂલમાં વિસ્તાર સાધવાના પ્રયત્નમાં જ તે ફાટી પડશે. પેલી વાર્તામાંના મહાકાય રાક્ષસની માફક એ પોતાના જ ભારને લીધે ફસકાઈ પડશે, સ્વયમેવ વિનશ્યતિ.

પ્રકરણ નવમું

સંસ્કૃતિ અને સંસ્કારિતા

કુદરત પોતાનો આરંભ જડ તત્ત્વથી કરે છે. એ જડતત્ત્વમાંથી પછી તે પોતાનું ગુપ્ત એવું પ્રાણતત્ત્વ વિકસાવે છે, એ પછી એ પ્રાણમાં પોતે જે લીન થઈ ગઈ હોય છે તે લીનતામાંથી તે મનનું આખુંયે કાચું તત્ત્વ બહાર લાવે છે, અને ત્યાર પછી પોતે જ્યારે તૈયાર થઈ ગઈ હોય છે ત્યારે આ મનને તે પોતાના ઉપર, પ્રાણતત્ત્વ તથા જડતત્ત્વ ઉપર વાળે છે. એમાં પછી તે એક ઘણો મહાન માનસિક પ્રયાસ આદરીને આ ત્રણેનું સ્વરૂપ, તેમનું પ્રગટ રીતનું કાર્ય, તેમના ગુપ્ત નિયમો, તેમની સ્વાભાવિક તેમ જ અસાધારણ શકયતાઓ અને શકિતઓ શાં શાં છે તે સમજવા મથે છે. એ પછી તે એક નવી શકિતને સક્રિય કરે છે કે જે પૃથ્વી ઉપરનાં સર્વ પ્રાણીઓમાં માત્ર માણસની પાસે જ સ્પષ્ટપણે રહેલી છે. એ શકિત તે બુદ્ધિ—જ્ઞાનમય સંકલ્પશકિત છે. એ બુદ્ધિનો પ્રયોગ કરીને કુદરત આ જડતત્ત્વ, પ્રાણતત્ત્વ તથા મનતત્ત્વનો વધુમાં વધુ ઉપયોગ કરવા પ્રયત્ન કરે છે, એમને સારામાં સારી રીતે અને વધુમાં વધુ સંવાદમય રીતે ઉપયોગમાં લેવા મથે છે, એ બધાનાં શકય તેટલાં ઉચ્ચમાં ઉચ્ચ તથા વિશાળમાં વિશાળ જે લક્ષ્ય હોઈ શકે તે પ્રત્યે તેમને ઊંચે લઈ જવાને તથા વિશાળ કરવાને તે પ્રયત્નશીલ બને છે. આમ કુદરતે પોતાની પ્રગતિની જે ભૂમિકાઓ વિકસાવી છે તેમાં તે જ્યારે ચોથી ભૂમિકાએ પહોંચે છે ત્યારે જ તે માનવતામાં પહોંચે છે. અણુઓ અને કુદરતનાં મૂળ તત્ત્વોમાંથી સ્થૂલ જડતત્ત્વનું સંયોજન રચાય છે, વનસ્પતિ આવતાં જીવનતત્ત્વનો વિકાસ થાય છે, પશુ આવીને મનની કાચી સામગ્રી તૈયાર કરે છે તેમ જ તેનું અમુક રીતનું યંત્રવત્ ગતિ કરનું સંયોજન ઉપજાવે છે. પણ આ પછીનું કુદરતનું જે છેલ્લામાં છેલ્લું કાર્ય છે — આ બધી વસ્તુઓનું જ્ઞાન મેળવવું, તેમના ઉપર પ્રભુત્વ મેળવવું, પોતાને વિષેનું જ્ઞાન મેળવવું તથા પોતાના ઉપર પ્રભુત્વ મેળવવું — એ કાર્ય તો તે માણસને માટે, પ્રકૃતિના આ મનોમય પ્રાણીને માટે જ ખાસ રાખી મૂકે છે. અને આ કામ માણસ વધુ સારી રીતે કરી શકે તેટલા માટે કુદરત તેને સ્થૂલ રીતે તેમ જ થોડુંઘણું માનસિક

રીતે, તેના પોતાના પશુ રીતના વિકાસમાં આવેલી અવસ્થાઓમાં થઈને ફરી ફરીને પસાર થવાની ફરજ પાડે છે. અને વળી, માણસ જ્યારે પોતાનું મનોમય સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે ત્યારે પણ કુદરત તેને એવાં તો સતત પ્રેરણા આપતી રહે છે કે જડતત્ત્વ તથા જીવન વિષે, તેના પોતાના શરીર તથા પ્રાણમય જીવન વિષે ખૂબ રસપૂર્વક તથા એક રીતની તન્મયતાપૂર્વક પણ વિચાર કરતો રહે છે. કુદરતે માણસની અંદર પોતાનો જે હેતુ રાખેલો છે તે હેતુ વધુ ને વધુ વિશાળ રૂપે સિદ્ધ થતો જાય એટલા માટે આમ થવું જરૂરી છે. શરીર અને જીવન સાથે માણસની જે પ્રથમ સ્વાભાવિક રીતની તન્મયતા હોય છે તે એક સંકુચિત અને સમજ વગરની તન્મયતા હોય છે. જેમ જેમ માણસની બુદ્ધિ તથા માનસિક શકિત વધતી જાય છે તેમ તેમ તે પોતાને અમુક અંશે મુકત કરતો જાય છે, તેનામાં ઊંચે ચડવાની શકિત આવે છે. પણ તેના જીવનની જરૂરિયાતો તથા તેની કામનાઓ એવી રીતની રહેલી હોય છે કે હજી પણ તે પોતાના પ્રાણ તથા સ્થૂલ જીવનનાં મૂળ સાથે બંધાયેલો જ રહેતો હોય છે અને એ મૂળ ઉપર એણે પાછા ફરી ફરીને આવવું પડે છે. પણ આ પાછા ફરવાની ક્રિયા હવે તે એક વધુ વિશાળ કુતૂહલપૂર્વક કરે છે. વસ્તુઓનો ઉપયોગ કરવાની તેનામાં હવે એક વધુ મોટી શકિત આવતી હોય છે, હવે તેનું લક્ષ્ય વધુ ને વધુ ઉચ્ચ મનોમય ભૂમિકાનું, અને આખરે જતાં, એક વધુ ને વધુ આધ્યાત્મિક રીતનું પણ બનતું હોય છે. માણસના વિકાસના યુગો તે એક સંવાદ અને સમન્વયનાં વર્તુળોની પેઠે રચાતા હોય છે. આ સંવાદ અને સમન્વય વધુ ને વધુ મોટું રૂપ લેતાં તો જાય છે પણ તે હજી અપૂર્ણ જ રહેલાં છે. એટલે માણસ પોતાની પ્રગતિ માટેની તથા આત્મ-સિદ્ધિની સાધનામાં પાછી નવેસરથી એક વધુ વિશાળ ગતિ લાવી શકે એટલા માટે કુદરત તેને એક આંચકા સાથે, પોતાનાં જે મૂળ તત્ત્વો હતાં તેમાં લાવીને પાછો મૂકી આપે છે, અને કોઈક વાર તો જીવનની તેણે પહેલાંના વખતમાં જે પરિસ્થિતિ ઉપજાવી હતી તેના જેવી કોઈ પરિસ્થિતિમાં પણ તેને પાછો લઈ જાય છે.

પ્રથમ નજરે તો આપણને એમ લાગશે કે માણસ એ તો પ્રધાનપણે મનોમય વ્યકિત છે એટલે એ પોતાની માનસિક શકિતઓનો વિકાસ સાધે અને માનસિક જીવનને સમૃદ્ધ કરતો રહે એ જ તેનું ઉચ્ચમાં ઉચ્ચ ધ્યેય બની રહેવું જોઈએ. અને જ્યારે માણસ પ્રાણના તથા શરીરના ભારણમાંથી મુકત થઈ ગયો હોય તેમ જ આપણી શારીરિક પ્રકૃતિએ તથા પશુ-પ્રકૃતિએ આપણા ઉપર લાદેલી સ્થૂલ જરૂરિયાતોને અનિવાર્ય રીતે પહોંચી વળવા માટેની વ્યવસ્થા કરી લેવાય તે પછી તો માણસનું એકમાત્ર ધ્યેય તે આ — માનસિક શકિતઓનો વિકાસ તેમ જ માનસિક જીવનની સમૃદ્ધિ એ જ હોવું જોઈએ. જ્ઞાન, વિજ્ઞાન, કળા,

ચિંતન, નીતિ, તત્ત્વજ્ઞાન, ધર્મ — માણસનું સાચું કાર્ય તો આ છે, એ જ એનું સાચું કર્મક્ષેત્ર છે. માણસને માટે જીવન એટલે કે જન્મ લેવો, મોટા થવું, સંસાર માંડવો, આજીવિકા મેળવવી, કુટુંબવૃદ્ધિ કરવી, અને પછી રામશરણ થવું એટલામાં જ બધું આવી જતું નથી. માણસનું આ જે પ્રાણમય અને શારીરિક જીવન છે, પશુ જીવનની આ જે માનવ તરીકેની આવૃત્તિ છે, પ્રભુના દિવ્ય વર્તુળની રેખાનો આ પશુ જીવન જે એક નાનો ખંડ અને વળાંક છે તેને માનવની રીતનો થોડો વિસ્તાર આપવો — એટલામાં જ માણસના જીવનની પર્યાપ્તિ થઈ જતી નથી. ના, માણસે આથી આગળ વધીને એક મનોમય વ્યકિત બનવાનું છે, મનોમય રીતનો વિકાસ સાધવાનો છે, જ્ઞાન અને શકિત પ્રાપ્ત કરીને તેણે પોતાના આભ્યંતરમાં જીવવાનું છે તથા અંદરની વસ્તુને બાહ્યમાં પ્રકટ કરીને જીવવાનું છે. આ છે મનુષ્યનું મનુષ્યત્વ. પરંતુ અહીં કુદરત બેવડી રીતે ગતિ કરે છે. માનવની અંદર તેણે મૂકેલા હેતુમાં તે આગ્રહપૂર્વક એક બેવડી રીતે કામ કરતી રહે છે. માણસે પ્રથમ તો જન્મ પામીને કુદરત પાસેથી જીવનના કેવી રીતે સ્વામી બનવું અને જીવનનું સર્જન કરવું એ શીખવાનું છે. પરંતુ માણસ પોતાની જાતનો, પોતાના આંતર જીવનનો, પોતાના મનનો સ્વામી બને, તેમનું નવાં નવાં અને વધુ ને વધુ સારાં રૂપોમાં સર્જન તેમ જ સતત રીતે નવસર્જન કરતો રહે એટલું જ માત્ર કુદરત તેની પાસે કરાવવા માગતી નથી એ વાત પણ દેખીતી છે. આ સાથે સાથે માણસ પોતાની આસપાસની પરિસ્થિતિનો સ્વામી બને તેમ જ એ પરિસ્થિતિનું નવ-સર્જન કરે એમ પણ કુદરત માગી રહેલી છે. પોતાની મનઃશકિતને માણસે કેવળ પોતાના મન ઉપર જ નહિ, પણ જીવન ઉપર, જડતત્ત્વ ઉપર તેમ જ સ્થૂલ જીવન ઉપર પણ વાળવાની છે. પૃથ્વી ઉપર જે વિકાસક્રમ રચાયો છે તેના નિયમ અને સ્વરૂપમાંથી આ વસ્તુ બહુ સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે એટલું જ નહિ, પણ માણસનો ભૂતકાળનો અને વર્તમાનનો જે ઈતિહાસ છે તેમાંથી પણ આ વસ્તુ સ્પષ્ટ થાય છે. વળી આપણે આ બધી પરિસ્થિતિઓનું તથા માનવની ઊંચામાં ઊંચી અભીપ્સાઓ તથા તેની સહજવૃત્તિઓનું અવલોકન કરીએ છીએ ત્યારે એ પ્રશ્ન પણ થાય છે કે માણસને માટે આ જે આંતરિક તથા બાહ્ય વિકાસ નિર્માયો છે તે ઉપરાંત શું તેને માટે કોઈ ઊર્ધ્વ વિકાસ પણ નહિ નિર્માયો હોય. માણસ જે અદ્‌ભુત રીતે પોતાના પશુસ્થિતિના પ્રારંભોમાંથી બહાર નીકળી આવ્યો છે એવી જ અદ્‌ભુત રીતે તે પોતાની જાતમાંથી નીકળીને એક મનોમય વ્યકિત કરતાં, માનવ કરતાં કંઈક વિશેષ બનીને એક આધ્યાત્મિક અને દિવ્ય સ્વરૂપમાં પહોંચે ખરો કે નહિ? અને આ કાર્ય એ ન કરી શકે તેમ હોય તોપણ, એણે કાંઈ નહિ તો પોતાના મનને એ મનથી પર આવેલી કોઈક વસ્તુ પ્રત્યે તો ખોલવું જોઈએ

જ, તેમ જ તેને પોતાના કરતાં કોઈક વધુ મહાન એવા તત્ત્વ પાસેથી જે પ્રકાશ અને શકિત મળે છે તે દ્વારા તેણે પોતાના જીવનનું વધુ ને વધુ સંચાલન કરવું પડશે જ. મનુષ્યને પોતાની ભીતરમાં તેમ જ જગતની ભીતરમાં પ્રભુ રહેલા છે એ જે જ્ઞાન થયેલું છે એ એના જીવનની એક મહાન સત્ય ઘટના છે અને પોતે આ પ્રભુ રૂપે બની રહે એ પણ એની પ્રકૃતિનો એક હેતુ હોઈ શકે છે. ગમે તેમ, પણ માણસને જીવનની પૂર્ણતા પ્રાપ્ત થાય, એને માટે શકય હોય તેટલું વિશાળમાં વિશાળ અને ઉચ્ચમાં ઉચ્ચ જીવન પ્રાપ્ત થાય એ તો એના જીવનનું લક્ષ્ય છે એ સ્પષ્ટ વાત છે. આમાંથી પછી ભલે એક પૂર્ણ રીતની માનવતા ઊભી થાય અથવા એક નવીન અને દિવ્ય એવી માનવજાતિ જો ઊભી થવાની હોય તો તેમ પણ થાય. માણસના વ્યકિત તરીકેના જીવનનો અર્થ શો તેમ જ તેના સમાજનું સંપૂર્ણ લક્ષ્ય અને સ્વરૂપ શું એ જો આપણે સાચી રીતે નિશ્ચિત કરવું હશે તો તો પછી આપણે માણસમાં પૂર્ણતા માટેની જે ભૂખ રહેલી છે તેમ જ પોતાની જાતમાંથી નીકળી ઉપર ઊર્ધ્વમાં પહોંચવાની જે સહજવૃત્તિ છે એ બેઉ વસ્તુઓનો સ્વીકાર કર્યા વિના છૂટકો નહિ રહેશે.

સંસ્કૃતિ એટલે કે માણસ માનસિક જીવનની આરાધના માનસિક જીવનને ખાતર જ કરે તેમ આપણે સામાન્ય રીતે કહીએ છીએ. પરંતુ આ શબ્દ હજી થોડો અસ્પષ્ટ રહે છે. આપણા વિચારો તથા પૂર્વગ્રહો મુજબ આ 'માનસિક જીવન' શબ્દને આપણે વધારે વિશાળ અર્થમાં અથવા તો વધારે સંકુચિત અર્થમાં લઈ શકીએ છીએ. આપણું માનસિક જીવન એ તો એક ઘણી સંકુલ વસ્તુ છે અને એમાં અનેક તત્ત્વો આવી રહેલાં છે. પ્રથમ તો, આપણી પાસે મનની એક નીચલી અને પાયા રૂપ ભૂમિકા છે, અને વિકાસક્રમની ગતિમાં તે પ્રાણની વધુમાં વધુ નજીકની ભૂમિકા છે. આ ભૂમિકાને બે બાજુઓ આવેલી છે. એમાંની એક ભૂમિકા તે ઇન્દ્રિયોનું, સંવેદનો અને લાગણીઓનું બનેલું માનસિક જીવન છે. આ જીવનમાં મુખ્યત્વે તો કુદરતનો આંતરિક હેતુ કામ કરતો હોય છે, જોકે જીવનમાં કુદરતનો જે બહિર્લક્ષી હેતુ હોય છે તે પણ આ આંતરિક હેતુના નિમિત્ત રૂપનો ભાગ તો ભજવતો જ હોય છે. આ ભૂમિકાની બીજી બાજુ તે આપણા મનોમય સ્વરૂપનું જે સક્રિય અથવા તો ક્રિયાશીલ જીવન છે તે છે. એ જીવન કર્મનાં સાધનો અને વ્યવહારના ક્ષેત્ર સાથે સંકળાયેલું હોય છે અને એમાં કુદરતનો બહિર્લક્ષી હેતુ કામ કરતો હોય છે, જોકે ત્યાં પણ કુદરતનો અંતર્લક્ષી હેતુ એ માટેના નિમિત્ત તરીકેનો ભાગ ભજવતો રહે છે જ. આ પછીની માનસિક જીવનની બીજી ભૂમિકામાં માણસ વધારે ઊર્ધ્વતામાં પહોંચે છે. એ ઊર્ધ્વ જીવનમાં એક બાજુએ માણસનું નૈતિક સ્વરૂપ અને નીતિપરાયણ જીવન આવે છે તો બીજી બાજુએ માણસનું

રસાત્મક જીવન આવે છે. આ બંને જીવનો મનની પેલી પ્રાથમિક પાયા રૂપ ભૂમિકાનો કબજો લેવાનો તથા તેના પર પોતાની સત્તા જમાવવાનો પ્રયત્ન કરે છે અને એ ભૂમિકાના અનુભવો તથા પ્રવૃત્તિઓને પોતાના કામમાં લઈ લેવા મથતાં રહે છે. આ પ્રયત્નમાં માણસનું નૈતિક જીવન એને સત્યના વિકાસ અને આરાધના તરફ લઈ જાય છે, રસાત્મક જીવન એને સૌન્દર્યના વિકાસ અને આરાધના તરફ લઈ જાય છે. આ બધાથી ઉપર આપણી પાસે એક ત્રીજી વસ્તુ રહેલી છે, એ છે માણસનું બુદ્ધિમય સ્વરૂપ. એ સ્વરૂપ આ બીજાં બધાં સ્વરૂપોનો લાભ લે છે, એમને મદદ કરે છે, એમને ઘાટ આપે છે, તેમ જ ઘણી વાર તેમના પર સંપૂર્ણ શાસન કરવાનો પ્રયત્ન કરે છે. માણસે જે ઊંચામાં ઊંચી ગતિ સિદ્ધ કરી છે તે આ બુદ્ધિના, એટલે કે વ્યવસ્થિત અને સંવાદમય બનેલા બુદ્ધિમય જીવનની સિદ્ધિ છે. આ બુદ્ધિમાં એક જ્ઞાનમય સંકલ્પની સક્રિય શક્તિ રહેલી હોય છે અને એ બુદ્ધિ જ માણસના રથનો સારથિ છે અથવા તો બનવી જોઈએ.

પરંતુ મનુષ્યની બુદ્ધિ તે કેવળ તર્કપ્રધાન બુદ્ધિ અને તર્કપ્રધાન સંકલ્પ-શક્તિની જ બનેલી છે, એ સિવાય તેનામાં બીજું કાંઈ જ નથી એમ નથી. આ બુદ્ધિમાં એક બીજી રીતનો પ્રકાશ અને શક્તિ પણ પ્રવેશ કરતાં રહે છે. પણ એને માટે આપણને હજી કોઈ નામ હાથ આવ્યું નથી. આ પ્રકાશ અને શક્તિ વધુ ગહન રીતનાં હોય છે, એમાં સહજપ્રજ્ઞાનું વધુ તત્ત્વ હોય છે, એમાં વધુ ભવ્યતા અને વધુ સામર્થ્ય હોય છે. પરંતુ તેમનું સ્વરૂપ બહુ ઓછું સ્પષ્ટ હોય છે, ઓછું વિકસિત હોય છે તેમ જ એ તત્ત્વો પોતાના પૂર્ણ રૂપે હજી ભાગ્યે જ સ્થાપિત બનેલાં છે. આ તત્ત્વોને આપણે ભલે ગમે તે નામ આપીએ, પણ એ આપણને એક રીતના આલોક તરફ તો લઈ જાય છે જ. એ આલોક તે તર્કનો શુષ્ક પ્રકાશ નથી હોતો, તેમ જ હૃદયનો ભેજ ભરેલો અને ધુમ્મસ પેઠે છાવરી લેતો પ્રકાશ નથી હોતો. એ તો એક વિદ્યુત્-ના જેવો, સૂર્યના ઝળહળાટ જેવો પ્રકાશ હોય છે. હા, એ પ્રકાશ અહીં પોતાની જાતને જરૂર હળવી કરી નાખે છે ખરો, અને બુદ્ધિ તથા હૃદયને પોતાના ચમકારાથી માત્ર મદદ આપવા પૂરતું જ કામ કરતો રહે છે. પરંતુ એ પ્રકાશની અંદર એક બીજી વેગવાન, એની એક નૈસર્ગિક ગતિ પણ છે અને તે બુદ્ધિ કરતાં એક ઘણી ઉપરની વસ્તુ હોય છે. એ પરમ તત્ત્વ માણસના બુદ્ધિમય સ્વરૂપને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરે છે, માણસના નૈતિક અને રસાત્મક સ્વરૂપને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરે છે, માણસના ઊર્મિમય અને ક્રિયાત્મક સ્વરૂપને, તેમ જ માણસની ઇન્દ્રિયો તેમ જ સંવેદનોને પણ પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરે છે. એ તત્ત્વ માણસની પાસે એક સત્ય, એક

ઋત, એક સૌન્દર્ય, એક સંવિદ, એક દિવ્ય જીવનની તથા દિવ્ય કર્મની શક્યતા કોઈ દ્યોતક શબ્દો દ્વારા લઈને હાજર થાય છે, અથવા તો એક વીજળીના ઝબકારાની માફક આ બધું માણસની આગળ ખોલી આપે છે, અથવા તો એક રીતની ગુહ્ય અથવા તો ચિન્મય આભામાં આ બધું મનુષ્યને પ્રત્યક્ષ કરાવી આપે છે, અથવા તો એક પ્રકારના સુસ્થિર પણ માણસને માટે તો લગભગ અલૌકિક એવા પ્રકાશમાં આ બધું લાવીને મૂકી આપે છે. એણે પ્રત્યક્ષ કરાવેલું સત્ય તે બુદ્ધિ અને સાયન્સ આપે છે તે જ્ઞાન કરતાં એક ઘણું વધારે મહાન અને વધારે સાચું સત્ય હોય છે. એણે સમજાવેલું ઋત—વ્યવહારમાં સક્રિય બનતું સત્ય તે નીતિપરાયણ માણસની સદ્‌ગુણોની યોજના કરતાં વધારે વિશાળ અને વધારે દિવ્ય રીતનો વ્યવહાર હોય છે. એણે દર્શાવેલું સૌન્દર્ય તે કળાકાર જે ઈન્દ્રિયભોગ્ય અથવા તો કાલ્પનિક સત્યની આરાધના કરતો હોય છે તેના કરતાં વધારે ગહન, વધારે વિશ્વરૂપ અને વધુ મનમોહક સૌન્દર્ય હોય છે. એણે લાવી આપેલા આનંદ અને દિવ્ય સંવેદનની આગળ જીવનની સામાન્ય લાગણીઓ દરિદ્ર અને ફિક્કી પડી જતી હોય છે. એણે આપેલી સંવિદ તે ઈન્દ્રિયો અને સંવેદનોથી પરની સંવિદ હોય છે. એ જે દિવ્ય જીવનની અને કર્મની શક્યતા લઈ આવે છે તે તો માણસના સામાન્ય જીવનમાં કદી પ્રગટ થયેલી હોતી જ નથી, માણસનું સામાન્ય વ્યવહારમગ્ન જીવન આ શક્યતાને તેની સહજવૃત્તિઓ સમક્ષ અથવા તો દૃષ્ટિ સમક્ષ ખુલ્લી થવા દેતું જ નથી. આ તત્ત્વ માણસની બુદ્ધિથી માંડીને ઠેક નીચે સુધીનાં બધાં નિમ્ન અંગો ઉપર કામ કરતું હોય છે અને એ કાર્યની અસર ઘણી વિવિધ રીતની હોય છે, એ ઘણી ત્રુટક ત્રુટક રીતે દેખાતી હોય છે તેમ જ ઘણી વાર તો તે અતિશય ગોટાળાવાળી તથા આડ માર્ગે લઈ જનારી પણ હોય છે. પણ એમ છતાં એ તત્ત્વ પોતાના કાર્યની સેંકડો વિકૃતિઓમાં થઈને પણ આખરે તો આ ઉપર જોઈ તે બધી વસ્તુઓમાં જ આપણને પહોંચાડવા માગતી હોય છે. આ પ્રકાશ અને શક્તિને રૂઢ સંપ્રદાયો અને દાંભિક આચારવિચારોમાં જકડી લેવામાં આવતાં હોય છે, મારી નાખવામાં આવતાં હોય છે અથવા કાંઈ નહિ તો એને દુર્બળ કરી નાખીને ગૂંગળાવી નાખવામાં આવતાં હોય છે. રૂઢ ધર્મોની સ્થૂલ દૃષ્ટિ એનો નિર્દયપણે એક વેપાર કરવા લાગી જતી હોય છે તેમ જ તેને એક ઓછી કિંમતનો અને હલકી ધાતુનો સિક્કો બનાવી દેતી હોય છે. પણ આ બધું છતાં માણસની સાચી ધર્મ ભાવના અને આધ્યાત્મિકતા આ જ પ્રકાશને ઢૂંઢતાં હોય છે અને એ ધર્મ અને આધ્યાત્મિકતાની ઘોર વિકૃતિઓમાં પણ એ પ્રકાશની કોક આછી આભા તો ટકી રહેતી જ હોય છે.

માણસનું મન આ રીતે એક અત્યંત સંકુલ વસ્તુ છે. એનામાં રહેલાં તત્ત્વો ઉપર પોતાની સત્તા સલામતપણે સ્થાપી શકે એવું કોઈ પણ તત્ત્વ આ મનમાં નથી. આ મનમાં એવો કોઈ ચોક્કસ અને સ્થિર પ્રકાશ નથી કે જે તર્ક તથા બુદ્ધિને તેમની સંશયાવસ્થામાં માર્ગ દર્શાવી શકે તેમ જ દૃઢતા આપી શકે. માણસની મોટામાં મોટી મૂંઝવણ, એના માર્ગમાં રહેલું મોટામાં મોટું વિઘ્ન તે આ છે. માણસમાં રહેલાં આ અનેક તત્ત્વો વચ્ચે કુદરતી રીતે જ ગેરસમજૂતીઓ થતી રહેતી હોય છે, એ બધાં એકબીજાની સામે હકદાવા કરતાં રહે છે. આને લીધે જ માનવના મનમાં આ બધા પરસ્પર વિરોધી મતભેદો ઊભા થયેલા છે, વિરોધો જાગેલા છે, શત્રુતાઓ અને સંઘર્ષો રચાયાં છે, પરિવર્તનો, પીછેહઠો અને વિકૃતિઓ ઊભાં થયેલાં છે, માણસના પ્રયત્નને મૂંઝવણમાં નાખી દેતી વિચારો, વૃત્તિઓ અને વલણની આ બધી અંધાધૂંધી-ભરી સાઠમારીઓ જામેલી છે. એની તર્કશક્તિ એવો ન્યાયાધીશ છે કે જે ઊલટા-સૂલટા ચુકાદાઓ આપતો રહે છે અને ફરિયાદીઓ એને લાંચ આપીને કે સમજાવી પટાવીને પોતાનું કામ કઢાવી લે છે. એની બુદ્ધિ એવો પ્રધાન છે કે જે એના રાજ્યના જુદા જુદા પ્રદેશોના ઝગડાઓથી હેરાન થતો રહે છે, તેમ જ તે પોતે પણ કેવા પક્ષપાતો કરે છે અને છેવટે જતાં પોતે કેવી તો બિનઆવડત બતાવે છે તે જોઈને મૂંઝાતો રહે છે. આમ છતાં આ બધાની વચ્ચે રહ્યાં રહ્યાં પણ માણસે સંસ્કારિતા અને મનોમય જીવન વિષેના અમુક વિશાળ વિચારો ઉપજાવેલા છે, અને આ અંગે એનામાં જે પરસ્પર વિરોધી વિચારો રહેલા છે તે તેની પ્રકૃતિમાં રહેલા ભેદોને લીધે રચાતી રહેલી અમુક ચોક્કસ રેખાઓ પ્રમાણે જ બંધાતા રહેલા છે, તેમ જ એ વિચારો વળાંકોની એક સર્વસામાન્ય પદ્ધતિરૂપે ઘડાયા છે તે પણ માણસે જીવનમાં એક સર્વશ્રેષ્ઠ ધોરણ અથવા તો સંપૂર્ણ સંવાદ ઉપજાવવા માટે જે અનેક પ્રયત્નો કરેલા છે તેને લીધે જ બની આવેલું છે.

આ વિચારધારામાં પ્રથમ તો આપણે સંસ્કૃતિ અને બર્બરતા એ બે વસ્તુઓને જુદી પાડી દીધેલી છે. સંસ્કૃતિનો સામાન્ય અને પ્રચલિત અર્થ એમ સમજવામાં આવે છે કે સમાજ જ્યારે એક નાગરિક જીવનના વિકાસમાં પહોંચતો હોય છે, તેમાં રાજતંત્ર, લશ્કર, સંગઠન, કેળવણી, જ્ઞાનની સામગ્રી અને બીજી સાધનસંપત્તિ વિકાસ પામતાં હોય છે ત્યારે એ રીતની અવસ્થાને સંસ્કૃતિ ગણવામાં આવે છે અને જે સમાજ આવી સ્થિતિમાં પહોંચેલો નથી હોતો અથવા તો એ પહોંચ્યો નથી એમ ગણી લેવામાં આવે છે તે અવસ્થાને આપણે અસંસ્કૃતિની—બર્બરતાની અવસ્થા ગણીએ છીએ. અમુક અર્થમાં જોઈએ તો રેડ ઇન્ડિયનો, બાસુટો લોકો તથા ફિજીના બેટવાસીઓને પણ તેમની પોતાનાં

સંસ્કૃતિ હતી. આ લોકોમાં પણ જોકે સાદી રીતનું છતાં એક કડક રીતનું સામાજિક સંગઠન હતું, એમના જીવનમાં એક સામાજિક કાયદો કામ કરતો હતો, એમની પાસે નીતિરીતિના વિચારો હતા, એમને એક ધર્મ, એક રીતની કેળવણી હતી, તેમ જ એમ પણ કહેવાય છે કે સંસ્કૃતિવાળી પ્રજાઓમાં જે ગુણોનો દયાજનક અભાવ જણાય છે તેવા પણ ઘણાએક ગુણો તેમનામાં હતા. પરંતુ મુખ્યત્વે કરીને આ લોકોની જ્ઞાનસંપત્તિ ઘણી અપકવ અને મર્યાદિત હોવાને લીધે તથા એમનાં હથિયારો અને બીજી સાધનસામગ્રી ઘણી જંગલી અવસ્થાનાં હોવાને લીધે તેમ જ તેમનું સામાજિક સંગઠન ઘણું સરલ અને સાદું હોવાને કારણે એમ લાગે છે કે આપણે એ પ્રજાઓને એકમતે જંગલી તેમ જ બર્બર કહેવા લાગ્યા છીએ. સમાજ આથી જ્યારે થોડો વધુ વિકાસ પામે છે ત્યારે એ સ્થિતિને આપણે અર્ધ-સંસ્કૃતિ અને અર્ધ-બર્બરતા એવા શબ્દોથી ઓળખીએ છીએ. અને જુદી જુદી સંસ્કૃતિવાળા લોકો અન્યોન્યને માટે આ રીતના શબ્દો વાપરવા લાગે છે. આમાં જે પ્રજા અમુક વખત સુધી આગળ પડતી અને બાહ્ય રીતે સફળતાને વરેલી હોય છે તેનો અવાજ આ બાબતમાં સ્વાભાવિક રીતે જ સૌથી વિશેષ આગળ પડતો અને આત્મ-વિશ્વાસથી ભરેલો રહે છે. પહેલાંના વખતમાં લોકો વધુ પ્રામાણિક અને સરળ મનવાળા હતા, અને જે કોઈ તેમનાથી ભિન્ન પ્રકારની સંસ્કૃતિ ધરાવતું હોય તેને માટે તેઓ બર્બર અથવા મ્લેચ્છ શબ્દ વાપરીને પોતાનો અણગમો નિખાલસ રીતે વ્યકત કરતા હતા. સંસ્કૃતિ શબ્દને આ રીતે જો વાપરવામાં આવે તો પછી એ એક સાપેક્ષ અર્થવાળો જ શબ્દ બની રહે છે અથવા તો પછી ભાગ્યે જ એમાં કંઈ અર્થ રહેવા પામે છે. એટલે સંસ્કૃતિનો વિચાર કરતી વખતે આપણે એમાં જે કાંઈ તત્કાલીન અથવા તો આકસ્મિક તત્ત્વો આવી ગયાં હોય તેનો વિચાર બાજુએ મૂકી દઈશું અને સંસ્કૃતિ અને બર્બરતા વચ્ચેનો ભેદ આ પ્રમાણે કરી લઈશું કે જીવનની જે અવસ્થામાં માણસ કેવળ પ્રાણ અને શરીરના જીવનમાં, પોતાના અર્થ પ્રધાન અને દેહપ્રધાન જીવનમાં જ લગભગ રચ્યો-પચ્યો રહેતો હોય — અને તેમાં માત્ર એ જીવનને ટકાવી રાખવા પૂરતી જ પ્રવૃત્તિ કરતો હોય, એ જીવનની કોઈ વિશેષ મહાન અને વિશેષ સમૃદ્ધ રીતની ગતિમાં તે પહોંચ્યો ન હોય,— તેમ જ એની પાસે પોતાના મનનો વિકાસ કરવા માટે કોઈ સાધન ન હોય તથા એ માટેની કોઈ વૃત્તિ પણ ન હોય તો એ અવસ્થા તે બર્બરતાની, અ-સંસ્કૃતિની અવસ્થા ગણાય અને સમાજ જ્યારે આથી વધારે વિકાસ સાધીને પોતાનું સામાજિક અને આર્થિક સંગઠન પૂરતા પ્રમાણમાં સાધી લે અને તદુપરાંત તેના બધા જ માણસોમાં નહિ તો મોટા ભાગના માણસોમાં એક માનસિક જીવનની પ્રવૃત્તિ

પણ વિકાસ પામેલી હોય એ સ્થિતિને આપણે સંસ્કૃતિની અવસ્થા ગણીશું. કેટલીક વાર એવું બને છે કે સમાજના કેટલાક ભાગો પોતાની નિષ્ક્રિયતાને કારણે આ પ્રગતિની કૂચમાં જોડાઈ શકતા નથી, યા તો તેમને આગળ વધવાનું પ્રોત્સાહન મળતું નથી કે પછી તત્કાલ પૂરતા નિર્જીવ બની જતા હોય છે. પણ છતાં આખો સમાજ તો સ્પષ્ટ રીતે સંસ્કૃતિમાં પહોંચી ગયેલો હોય છે અને એ સંસ્કૃતિ ઘણી ઊંચી કોટિની પણ હોય છે. આ રીતે વિચાર કરતાં આપણે ઐતિહાસિક યુગની તથા પ્રાગૈતિહાસિક યુગોની સર્વ સંસ્કૃતિઓને એક બાજુએ બેસાડી શકીશું અને બીજી બાજુએ હરેક રીતની બર્બરતાને – પછી તે આફ્રિકાની હો યા યુરોપ કે એશિયાની હો, હૂણ લોકોની કે ગૉથ લોકોની હો, વૅન્ડલો કે કે તુરકોમાન લોકોની હો, તે તમામને જુદી તારવી લઈશું. એ વાત પણ દેખીતી જ છે કે માણસ બર્બરતાની અવસ્થામાં હોય છે ત્યારે પણ તેનામાં સંસ્કૃતિના કાચાપાકા આરંભો થયેલા હોઈ શકે છે, તેમ જ એ વાત પણ દેખીતી જ છે કે સંસ્કૃત બનેલા સમાજમાં પણ બર્બરતાનું ઘણું મોટું પ્રમાણ અથવા તો તેના અનેક અવશેષો ટકી રહી શકે છે. અને આ રીતે જોતાં જગતની સર્વ પ્રજાઓ અર્ધ-સંસ્કૃત અવસ્થામાં જ છે. આપણી અત્યારની સંસ્કૃતિને જ્યારે ભવિષ્યની એક વધુ વિકસિત બનેલી માનવજાતિ જોશે ત્યારે એને પણ આપણામાંની કેટલી બધી વસ્તુઓ એક અપૂર્ણ સંસ્કૃતિના કાળના વહેમો અને અત્યાચારો જેવી લાગશે અને તે જોઈને એ લોકો આશ્ચર્ય અને ઘૃણાનો અનુભવ કરશે! વારુ, પણ આપણો મુખ્ય મુદ્દો એ છે કે સમાજમાં જ્યારે માણસનું મન સક્રિય બનવા લાગે છે, માણસની માનસિક પ્રવૃત્તિઓનો વિકાસ થાય છે અને તેના વિકસિત મનમાં એ વસ્તુ સભાનપણે અંકાઈ જાય છે કે તેણે પોતાના જીવનનું નિયમન અને વિકાસ મન દ્વારા જ સાધવાં જોઈએ ત્યારે સમાજની એ અસ્વથાને આપણે સંસ્કૃતિની અવસ્થા કહી શકીએ.

પરંતુ આવા સુસંસ્કૃત સમાજમાં પણ હજી બે રીતના માણસો, એક સાચી રીતના સંસ્કારી લોકો, અને બીજા અર્ધાપર્ધા, અધકચરા અને રૂઢિગત સંસ્કારી લોકો આવી રહેલા હોય છે. આમાંથી એ વાત પણ સ્પષ્ટ થાય છે કે માણસ સંસ્કૃતિએ ઉપજાવેલા સામાન્ય રીતના સર્વ લાભોમાં ભાગ લેતો થાય તેટલા માત્રથી જ તેનામાં સાચું માનસિક જીવન ઉદય પામતું નથી. માણસે હજી આ ઉપરાંત એક વધુ વિકાસ સાધવાનો રહે છે, એક વધુ ઉચ્ચ ભૂમિકા પર જવાનું રહે છે. આપણી ગત પેઢીના લોકો એક ખરેખરો સંસ્કારી માણસ અને એક કૃત્રિમ રીતનો સંસ્કારી માણસ એ બે વચ્ચે બહુ ભારપૂર્વક ભેદ કરતા હતા, અને એ ભેદનું સ્વરૂપ તેમને બરાબર સ્પષ્ટ થઈ ગયેલું હતું. સાધારણ રીતે કહેતાં, જે માણસ માત્ર બાહ્ય રીતે જ સંસ્કારી દેખાતું જીવન ગાળતો હોય, જેણે સંસ્કૃતિની

બધી બાહ્ય સામગ્રી વસાવી લીધી હોય, સમાજમાં જે જે પ્રચલિત મંતવ્યો, રાગદ્વેષો, રૂઢ વ્યવહારો, લાગણીઓ હોય તે બધાં જેણે એમ ને એમ અપનાવી લીધાં હોય અને ગોખી કાઢયાં હોય એવા માણસને આ લોકો કૃત્રિમ સંસ્કારનો માણસ કહેતા. એવા માણસમાં આ બધું હોય છે છતાં કોઈ પણ વિચાર ઝીલવાની શકિત હોતી નથી, એ બુદ્ધિનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરી શકતો નથી, સૌન્દર્ય અને કળાનો એને સહેજ પણ સ્પર્શ હોતો નથી. જે જે વસ્તુને એ સ્પર્શ કરતો હોય છે — ધર્મ, નીતિ, સાહિત્ય કે જીવન, એ દરેકને તે સ્થૂલ અને ગ્રામ્ય કરી મૂકતો હોય છે. એવો સ્થૂલબુદ્ધિ માણસ એ જ આજના યુગનો સુધરેલો બર્બર છે. ઘણી વાર તો એ શરીર અને પ્રાણની રીતનો અર્ધસંસ્કારી બર્બર હોય છે, કેમ કે એ કશી પણ સમજ વગર શરીના જીવનમાં જ આસકત રહેતો હોય છે. પ્રાણની ક્ષુધાઓ અને વૃત્તિઓનું જ જીવન તે ગાળતો હોય છે, એક નર્યું ઘરરખુ જીવન, અર્થપ્રધાન જીવન ગાળતા પશુનું જીવન એ એનો આદર્શ હોય છે. પણ એની ખરી બર્બરતા અને વ્યાપક રીતની બર્બરતા તો માનસિક રીતની હોય છે. આજનો ઇન્દ્રિયપ્રધાન જીવન ગાળતા સરેરાશ માનવ તે આ છે. એટલે કે, એનું જે માનસિક જીવન છે તે મનની નીચલી ભૂમિકા પરનું જીવન હોય છે, એ ઇન્દ્રિયોનું જીવન હોય છે, સંવેદનોનું, લાગણીઓનું જીવન હોય છે, વ્યવહારુ આચારવિચારનું જીવન હોય છે — મનોમય ચેતનાની પહેલી કક્ષાનું જીવન હોય છે. આ પ્રાકૃત રીતનો સંસ્કારી માણસ આ બધી બાબતોમાં ખૂબ જ સક્રિય હોઈ શકે છે, એમાં ખૂબ જ જોરશોરથી ભાગ લેતો હોઈ શકે છે. પણ આ બધી પ્રવૃત્તિઓ કોઈ એક ઊર્ધ્વ પ્રકાશ દ્વારા નિયંત્રિત કરતો હોતો નથી અથવા તો તેમને એક વધુ મુકત અને વધુ ઉમદા ભૂમિકા ઉપર લઈ જવાનો પ્રયત્ન કરતો હોતો નથી. ઊલટું, એ તો આ ઊર્ધ્વ શકિતઓને પોતાની કક્ષા ઉપર,— એની પોતાની ઇન્દ્રિયો અને ઇન્દ્રિયજન્ય સંવેદનો, પોતાની અપ્રકાશિત અને અનિર્મલ લાગણીઓ, એની સ્થૂલ ઉપયોગિતાવાદી વ્યવહારુતા, એ બધાની કક્ષા ઉપર નીચે ખેંચી લાવતો રહે છે. એનામાં રસદૃષ્ટિનો વિકાસ ન જેવો જ હોય છે, સૌન્દર્યની એને જરા પણ ખેવના હોતી નથી અથવા તો એની કળાવિષયક અભિરુચિઓ બહુ જ અવિકસિત રીતની હોય છે. અને એને લઈને તે કળાસર્જન તથા કળાદૃષ્ટિના સર્વસામાન્ય ધોરણને નીચે ઉતારી પાડતો હોય છે તેમ જ ગ્રામ્ય કરી મૂકતો હોય છે. આ 'સંસ્કારી' સજ્જન નીતિ વિષે તો ઘણી વાર ખૂબ જ કડક આગ્રહો ધરાવતો હોય છે. પેલા સાચા સંસ્કારી માણસ કરતાં પણ એનો નૈતિક સદાચરણ માટેનો આગ્રહ સામાન્ય રીતે ઘણો વધારે હોય છે. પરંતુ એનું નૈતિક માનસ તો એની બાકીની ચેતના જેવું જ અણઘડ અને અવિકસિત હોય છે. એનું એ માનસ રૂઢ રીતનું જ હોય છે, એમાં કશા સંસ્કાર કે બુદ્ધિનો સ્પર્શ હોતો નથી. એ કેવળ ગમા

અને અણગમાઓ, પૂર્વગ્રહો અને ચાલુ રીતની માન્યતાઓથી જ ભરેલું હોય છે. એ માનસ સામાજિક રૂઢિઓ અને માનાપમાનના ખ્યાલોમાં જ રંગાયેલું હોય છે. એનાં મૂળ બુદ્ધિની અંદર નહિ પણ સંવેદનોની અંદર જ હોય છે. એટલે આચારવિચાર અંગેનાં સામાન્ય રીતે સ્વીકારાયેલાં ધોરણોથી લેશ પણ આઘાપાછા થવાની થા તો તેમનો વિરોધ કરવાની વાત આવે છે ત્યારે તે ઊંડે ઊંડે એક અણગમો જ અનુભવતો રહે છે. એની નૈતિક ભાવના તે ઇન્દ્રિયાધીન મનને પડેલી એક ટેવ રૂપે જ હોય છે. સરેરાશ ઇન્દ્રિયપ્રધાન માણસની નીતિ એ જ એની નીતિ હોય છે. આ સજ્જન પાસે વિચાર-શકિત હોય છે ખરી, બુદ્ધિનો એક આભાસ પણ હોય છે. પણ એ તેનાં પોતાનાં નથી હોતાં, એ સમાજના સમૂહ માનસનો જ એક ભાગ હોય છે. એ તેણે આસપાસના વાતાવરણમાંથી મેળવેલાં હોય છે. અથવા તો એને જો એના પોતાના વિચારો અને સંકલ્પ હોય છે તો તે એક વ્યવહારુ રીતનાં, સ્થૂલ, લાગણીપ્રધાન બુદ્ધિ અને સંકલ્પની રીતનાં હોય છે. સમાજની અંદર જે રૂઢ રીતના ખ્યાલો અને આચારવિચારના નિયમો છે તેનું એ યંત્રવત્ પુનરાવર્તન જ કરતો હોય છે. એમાં સાચી વિચાર-શકિતની તથા બુદ્ધિપૂર્વકના નિર્ણયની કોઈ ગતિ હોતી નથી. આ માણસ આવાં રીતના વિચારો અન બુદ્ધિનો ઉપયોગ કરતો હોય તોપણ તેથી તે એક વિકસિત મનવાળો મનોમય પુરુષ બની શકતો નથી. જેવી રીતે શહેરમાં રહેનાર એક માણસ પોતાને ઘેરથી નીકળીને દુકાન સુધી આવજા કરતો રહે તેથી કાંઈ તેનો શારીરિક વિકાસ રચાતો નથી અથવા તો બૅન્કનો એક કારકુન દેશના આર્થિક જીવનમાં પોતાના તરફથી જે દૈનિક ફાળો આપતો રહે છે તેથી તે કાંઈ એક વિકાસ પામેલો અર્થપ્રધાન પુરુષ બની શકતો નથી એવી જ રીતની આ અર્ધ-સંસ્કારી માણસની સ્થિતિ હોય છે. એ મનુષ્યમાં માનસિક રીતની કશી સક્રિયતા હોતી નથી, એનામાં માત્ર એક માનસિક પ્રતિક્રિયા જ હોય છે — અને એ તો એક બહુ જુદી વસ્તુ છે.

સમાજમાંથી આ સ્થૂલબુદ્ધિ માણસનો અંત આવ્યો નથી,— ઊલટું એની સંખ્યા ખૂબ જ વધી પડી છે — પણ હવે એનું પહેલાંના જેવું રાજ્ય રહ્યું નથી. આજે હવે સંસ્કૃતિના સુપુત્રોનો વિજય થઈ ગયો છે એમ તો ચોક્કસપણે કહી શકાય તેમ નથી, પણ એટલું તો ખરું જ કે તેમણે આ જૂના રાવણને રજા આપી દીધી છે અને એની જગાએ એક નવો રાક્ષસ વસાવ્યો છે. આ નવો રાક્ષસ તે આજનો સંવેદનભૂખ્યો બનેલો માનવ છે. આ માનવને હવે એમ લાગવા માંડ્યું છે કે એણે હવે જીવનની આ ઊર્ધ્વ શકિતઓનો કાંઈ નહિ તો થોડો પણ બુદ્ધિપૂર્વક ઉપયોગ તો કરવો જ જોઈએ અને એમાંથી તે હવે પોતાને માનસિક રીતે સક્રિય બનાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો છે. કહો કે,

આ સજ્જનને આજે હવે મારીકૂટીને, સદ્બોધ અને શિક્ષણ આપી આપીને આ માનસિક સક્રિયતામાં મૂકવામાં આવ્યો છે. અને વળી એની આસપાસ આજે નવી નવી માહિતી, નવી નવી બૌદ્ધિક ફૅશનો, નવા નવા વિચારો અને આંદોલનોનો એક વંટોળિયો ઊભો થઈ રહ્યો છે અને એ બધાં સામે તે પોતાના મગજનાં દ્વાર બંધ રાખી શકે તેમ નથી. એ નવા વિચારો પ્રત્યે ખુલ્લો રહે છે, એ વિચારોને તે પકડી લઈ શકે છે તેમ જ કંઈક ગોટાળિયા રીતે એમની ફેંકાફેંક પણ કરી શકે છે. આદર્શોને પણ તે સમજી શકે છે અથવા તો ખોટી રીતે પણ સમજી શકે છે, અને એમને પાર પાડવા માટે તે સંગઠિત બની શકે છે અને એમને ખાતર તે લડી તેમ જ મરી પણ શકે છે એમ લાગે તેવું છે. એ જાણે છે કે એણે નૈતિક પ્રશ્નોનો વિચાર કરવાનો છે, સમાજના પ્રશ્નોનો, વિજ્ઞાન અને ધર્મના પ્રશ્નોનો વિચાર કરવાનો છે. તે એ વાત પણ જાણે છે કે એણે નવી નવી રીતના રાજકીય વિકાસોને આવકારી લેવાના છે, વિચારોના ક્ષેત્રમાં, સંશોધન અને બીજાં પ્રવૃત્તિક્ષેત્રોમાં જે જે નવીન વસ્તુઓ આજના જગતમાં એકબીજાનો પીછો કરી રહી છે અથવા આજના જગત ઉપર પટકાઈ રહી છે તે બધીને તેણે પોતાથી શક્ય તેટલી સમજણભરી દૃષ્ટિપૂર્વક જોવાની છે. આ નવો મહા રાક્ષસ તે કવિતાનો વાચક હોય છે, નવલકથાઓ અને છાપાંઓનો ભક્ષક હોય છે,— એનામાં તમને કદાચ ટાગોરનો અભ્યાસી કે વ્હિટમાનનો પ્રશંસક પણ મળી આવશે. સૌન્દર્ય વિષેના, રસદૃષ્ટિ વિષેના તેના વિચારોમાં કદાચ બહુ સ્પષ્ટતા નહિ હોય, પણ એણે એટલું તો સાંભળ્યું જ હોય છે કે કળા એ જીવનમાં સાવ બિનમહત્ત્વની વસ્તુ તો નથી જ. આ નૂતન રાક્ષસનો પડછાયો દરેક સ્થળે નજરે પડે છે. આજનો જે વિશાળ વાચકવર્ગ છે તે આ રાક્ષસ છે. વર્તમાનપત્રો અને સાપ્તાહિકો અને માસિક પત્રો તે બચ્ચાં એનાં છે. નવલકથા અને કવિતા અને કળા તે એનાં માનસિક પરિચારકો છે. રંગભૂમિ અને સિનેમા અને રેડિયો એને માટે જ અસ્તિત્વ ધરાવતાં હોય છે. વિજ્ઞાન પોતાની વિદ્યા અને શોધખોળોને લઈને દોડતું દોડતું એનાં દ્વાર આગળ હાજર થાય છે, અને એના જીવનને અનંત યંત્રસામગ્રીથી સજ્જ કરી આપે છે. રાજકારણ તો એના ઘાટ મુજબ જ ઘડાય છે. સ્ત્રીઓની મુક્તિનો વિરોધ આ સજ્જને જ કર્યો હતો અને એણે જ પછી એ મુક્તિ એને મેળવી આપેલી હતી. મજૂરોનું સંગઠન, અરાજકતાવાદ, વર્ગવિગ્રહ એણે જ વિકસાવેલાં છે. મજૂરોની જાગૃતિનો લાવનાર એ જ છે. જેને વિચારો અથવા સંસ્કૃતિઓના સંગ્રામો કહેવામાં આવે છે તેનો લડનાર પણ એ જ છે. અને એ ઘોર સંગ્રામ તે આ નવી બર્બરતાના ઘાટ મુજબ જ રચાયેલો છે. વળી જે રશિયન ક્રાંતિ લાવવા માટે એક આખી સદી લગી બુદ્ધિપ્રધાન લોકો મહેનત કરી રહ્યા હતા

તેમ જ તે માટે કષ્ટ સહન કરી રહ્યા હતા અને છતાં તેને લાવવામાં નિષ્ફળ નીવડયા હતા તેને થોડાક જ દિવસમાં એણે જ સિદ્ધ કરી આપી હતી. આ નૂતન રાક્ષસના આગમનને લીધે જ અત્યારના જગતમાં નવું રૂપ ઝડપથી રચાઈ રહ્યું છે. જો કોઈ એક લેનિન, મુસોલિની કે હિટલરે પોતાના વિદ્યુત્વેગી અને દિંગ કરી મૂકે તેવા વિજયો સિદ્ધ કર્યા છે તો તેનું કારણ એ છે કે એમને વિજયના શિખરે પહોંચાડવા માટે આ વેગીલી શકિત, આ ઝડપથી પ્રત્યુત્તર આપનો સક્રિય માનવસમૂહ, કે જે એમના ઓછા નસીબદાર પુરોગામીઓની પાસે ન હતાં તે તેમના સમયમાં હાજર હતાં.

આ પરિવર્તન ઘણું મહત્ત્વપૂર્ણ છે અને એનાં જે પરિણામો છે તે આપણામાં રહેલી ગતિ માટેની ઝંખનાને બહુ ઉત્સાહ પ્રેરે તેવાં છે, પરંતુ આપણામાં જે વિચારક મનુષ્યો છે, જે એક ઉચ્ચ અને સૂક્ષ્મ સંસ્કારિતાના પ્રેમીઓ છે તેમને માટે આ પરિણામો સહેજ નિરાશાજનક પણ છે. આ પરિવર્તનને લીધે સંસ્કારિતા અથવા તો સંસ્કારિતાનો આભાસ થોડેક અંશે આમ જનતામાં વ્યાપક બની ગયાં છે તો ખરાં, તોપણ એનો લાભ લેવા માટે નીચલા સ્તરમાંથી આ જે અર્ધ–સંસ્કૃત આમ વર્ગ આટલા મોટા પ્રમાણમાં ઉપર ધસી આવ્યો છે તેને લીધે આ સંસ્કારિતા વધારે ઉચ્ચ બની હોય કે બળવાન બની હોય એવું પ્રથમ નજરે તો દેખાતું નથી જ. વળી આજનું જગત પણ તેના ઉત્તમોત્તમ બુદ્ધિશાળી પુરુષોના વિચારો તથા બુદ્ધિ દ્વારા પહેલાંના કરતાં વધારે સ્પષ્ટ પ્રમાણમાં દોરાવા લાગ્યું છે એમ પણ દેખાતું નથી. આજની સંસ્કૃતિના મર્મ ભાગમાં હજી પણ વ્યાપારિક વૃત્તિ જ વિરાજમાન બેઠેલી છે, એક સનસનાટી ચાહતો પ્રવૃત્તિવાદ હજી પણ આજની સંસ્કૃતિનું પ્રેરક બળ રહેલો છે. આ સનસનાટીપ્રેમી માણસનો આજની કેળવણીએ હજી સાર્વત્રિક ઉદ્ધાર કરી આપ્યો નથી. આજની કેળવણીએ જે વસ્તુઓ માનવને આ પહેલાં પરિચિત ન હતી તે વસ્તુઓ એક જરૂરિયાત રૂપે માત્ર કરી આપી છે. આ રીતે હવે આજના માનવને માટે માનસિક સક્રિયતા અને માનસિક વ્યાપારો, બુદ્ધિનાં તેમ જ કલાનાં પણ સંવેદનો, આદર્શમયતાની ઊર્મિઓ — આ બધું જરૂરની વસ્તુઓ બની ગયું છે. આજનો માનવ આમ તો પ્રાણની નીચલી ભૂમિકા ઉપર જ હજી જીવે છે તોપણ એ ભૂમિકાને માટેની પ્રેરણા તે ઉપરની દિશામાંથી મેળવવા માગે છે. એનું મન રોકાયેલું રહે, એને કોઈ રીતનું બૌદ્ધિક નીરણ મળે એટલા માટે તેને લેખકોના એક આખા લશ્કરની જરૂર પડે છે. એને હવે હરેક રીતની માહિતી માટેની તરસ જાગી છે. પણ એ માહિતીને સુયોજિત કરી લેવા માટે કે તેને પચાવી લેવા માટે તે કશી જ પરવા કરતો નથી અથવા તો તેને એ માટે વખત જ નથી. એને વિજ્ઞાનનું

એક લોકભોગ્ય સ્વરૂપ જોઈએ છે, પોતે ઝીલી શકે તેવા નવા વિચારો જોઈએ છે, પણ એ બધા જોરદાર રીતે યા તો ચમકદાર રીતે તેની આગળ રજૂ થવા જોઈએ એમ તે માગે છે. એને અનેક રીતનાં માનસિક સંવેદનો અને ઉત્તેજનાઓ જોઈએ છે. એને આદર્શો જોઈએ છે તેમ જ એ આદર્શો મુજબ તે પોતાનું જીવન ઘડી રહ્યો છે એમ માનવું પણ તેને ગમે છે અને એ આદર્શો કોઈક વાર તેના જીવનને અમુક રંગ પણ જરૂર આપી દે છે. આમ આ બધું એક અપક્વ મનોમય ચેતનાની જ પ્રવૃત્તિપ્રિયતા અને સંવેદનપ્રિયતા રૂપે હજી બની રહેલું છે, તોપણ એ ચેતનામાં હવે એક મોકળાશ અને સ્વતંત્રતા આવેલી છે. આજનો સુસંસ્કારી ને બુદ્ધિમાન વર્ગ હવે જોઈ રહ્યો છે કે આ જનસમાજ હવે, આ પહેલાંનો નર્યો સ્થૂલબદ્ધ સમાજ તેમની વાતને કદી સાંભળતો ન હતો તેના કરતાં ઘણા વધારે પ્રમાણમાં સાંભળશે, પણ બેશક, એ માટે તેમણે આ વર્ગને ઉત્તેજિત કરવો તો પડશે યા તો તેનું મનોરંજન કરવું પડશે. તેમને લાગે છે કે તેમના વિચારોને અમલમાં આવવા માટે હવે પહેલાં કદી હતી નહિ તેવી તક મળી આવી રહી છે. અને આનું પરિણામ એ આવ્યું છે કે હવે વિચાર, કળા અને ચિંતનને સસ્તાં બનાવી દેવામાં આવ્યાં છે, બુદ્ધિપ્રભાવ અને પ્રતિભાશક્તિને પણ હવે સામાજિક સફળતાની ઘરેડમાં જ વહેવાની ફરજ પડવા લાગી છે. આજે હવે લેખક અને વિચારક અને વિજ્ઞાનશાસ્ત્રી એ બધા રોમન લોકોનાં ઘરોમાં કામ કરતા સુશિક્ષિત ગ્રીક ગુલામોના જેવી સ્થિતિમાં જ ઘણે ભાગે મુકાઈ ગયા છે. આ ગુલામોની માફક તેમણે હવે પોતાના જનતા-જનાર્દન ખાતર જ બધું કરવાનું રહે છે, એ સ્વામીને તેમણે આનંદવિનોદ કરાવવાનો રહે છે, એને ભણાવવાનો રહે છે, અને સાથે સાથે એમણે એ વાતનું પણ સંભાળપૂર્વક ધ્યાન રાખવાનું રહે છે કે આ જનવર્ગની કઈ રીતની રુચિઓ અને પસંદગીઓ છે, અને જે જે વસ્તુઓ દ્વારા જે જે રીતે આ જનતાની કલ્પના આકર્ષાઈ હોય છે તે બધું તેમણે કુનેહપૂર્વક ફરી ફરીને કરતા રહેવું પડે છે, અર્થાત્, આજે હવે ઊર્ધ્વ પ્રકારનું મનોમય જીવન લોકજીવનની ભૂમિકા ઉપર ઊતરી આવ્યું છે, એમાં વેગીલાં સંવેદનો અને પ્રવૃત્તિઓ દાખલ થયાં છે. અને આનાં સારાં તેમ જ માઠાં બંને રીતનાં પરિણામો આવ્યાં છે. આ બધામાં થઈને ક્રાન્તાનું ચક્ષુ તો કદાચ એ વસ્તુ તો જોઈ શકશે કે જીવનમાં આ એક હજી અપક્વ રીતનું છતાં ય એક ઘણું વિરાટ રીતનું પરિવર્તન શરૂ થઈ ચૂકયું છે. લોકો આજે વિચાર અને જ્ઞાનનાં તત્ત્વોને સ્વીકારવા માટે તૈયાર બન્યા છે, જોકે સૌન્દર્ય માટે હજી એ સ્થિતિ આવેલી નથી. અને આ વિચાર અને જ્ઞાનનું તત્ત્વ જીવનમાં એનાં પરિણામોને મૂર્ત કરવા માટેનો સંકલ્પ પણ માણસોમાં ઝડપથી જગાડી શકે તેમ છે. અને આ

સંકલ્પ કોઈ એક વિશાળ અને અસ્પષ્ટ રીતનો છે છતાં છેવટે તે અસરકારક બની શકે તેવો છે. વળી આજના જીવનમાં સંવેદનોના શોખનું આ જે સપાટી પરનું આવરણ રચાયું છે તેની પાછળ એક સંસ્કારિતાનો મોટો ભંડોળ તેમ જ વસ્તુઓને જાણવા તથા તેની કદર કરવા માટે ગંભીર રીતે વિચાર કરતા તથા પ્રયત્ન કરતા માણસોનો સમૂહ પણ ઘણા બહોળા પ્રમાણમાં વધી રહ્યા છે. અને આ સંવેદનભૂખ્યો માણસ પણ હવે રૂપાંતરની એક પ્રક્રિયામાંથી પસાર થવા લાગ્યો છે. ખાસ કરીને તો, કેળવણીની નવી નવી પદ્ધતિઓ, સમાજ જીવનના નવા નવા સિદ્ધાંતો હવે વ્યવહાર શક્યતાનું રૂપ લેવા લાગ્યા છે અને આ બધામાંથી એક દિવસ કદાચ પેલી હજી એક અજ્ઞાત એવી ઘટના પણ સર્જાશે ખરી. એ અજ્ઞાત ઘટના તે માનવોના અમુક એક વર્ગનું જ નહિ પણ આખી જાતિનું નવસર્જન હશે — અને એ નવસર્જનમાં લોકોએ પોતાના મનોમય સ્વરૂપને, એક સુસંસ્કૃત માનવતાને થોડા પ્રમાણમાં તો પ્રાપ્ત કરી જ હશે તેમ જ વિકસાવી પણ હશે.

પ્રકરણ દસમું

સંસ્કારિતા—આનંદલક્ષી અને નીતિપ્રધાન

આપણે માટે હવે સંસ્કારિતા એટલે શું એનો ખ્યાલ કંઈક વધારે સ્પષ્ટ બનવા લાગે છે, અથવા કંઈ નહિ તો, સંસ્કારિતા એટલે શું નહિ, એનાથી સ્વાભાવિક રીતે જ ઊલટી એવી વસ્તુઓ કઈ છે એ આપણી આગળ સ્પષ્ટ બની ગયું છે અને સંસ્કારિતા વિષેના આપણા ખ્યાલમાંથી તેને આપણે દૂર કરી દીધી છે. આપણે જોયું કે જે જે વસ્તુઓ અ માનસિક રીતની છે, કેવળ સ્થૂલ જીવન સાથે જ સંકળાયેલી છે તે સ્પષ્ટ રીતે સંસ્કારિતાથી ઊલટી છે, એ વન્યતા છે, બર્બરતા છે. વળી માણસનો જે પ્રાણ બુદ્ધિનો સ્પર્શ પામેલો નથી, માણસનું કશા પણ સંસ્કાર વિનાનું જે આર્થિક જીવન છે, યા તો સ્થૂલ રીતનું કુટુંબ જીવન છે એ બંને પણ એકસરખી રીતે સંસ્કારિતાથી ઊલટી વસ્તુઓ છે. આવા આર્થિક જીવનમાં કેવળ દ્રવ્યપ્રાપ્તિની વાત જ કેન્દ્રસ્થાને હોય છે. આ કુટુંબ જીવનમાં માત્ર કુટુંબની વૃદ્ધિ કરવી અને તેનો નિર્વાહ કરવો એ જ વસ્તુ મુખ્ય હોય છે. આ પણ એક બીજી રીતનું જંગલીપણું છે, પેલી રીતના જંગલીપણા કરતાં વધારે મોટું, વધારે અભદ્ર એવી બર્બરતા છે. આપણે હવે સ્વીકારીએ છીએ કે જે માણસ આ રીતના જ જીવનમાં રચોપચ્યો રહેતો હોય એના કરતાં જે બીજી ઉચ્ચ વસ્તુઓ છે તેનો જેને કશો ખ્યાલ જ ન હોય તે એક અસંસ્કારી અને અવિકસિત માનવ છે. પેલો જે જંગલી માણસ હતો તેનો જ એ આગળ લંબાયેલો તંતુ છે. એ માણસ, જે દેશમાં અને સમાજમાં સંસ્કારિતા અને શિષ્ટતાની સામાન્ય સમજ વ્યાપક બની ગઈ હોય, તેમ જ એનો કંઈક વ્યવસ્થિત રીતે પણ અમલ પણ થઈ રહ્યો હોય એવા સુધારેલા દેશમાં અને સમાજમાં રહેતો હશે તોપણ એ એના મૂળ રૂપમાં તો જંગલી જ હોવાનો. વળી જે સમાજો તથા દેશો આ રીતની અવસ્થામાં રહેતાં હશે તેમને પણ આપણે બર્બર અથવા તો અર્ધ-બર્બર તરીકે જ ઓળખીશું. કોઈ દેશ અથવા તો યુગની અંદર, જ્ઞાન, વિજ્ઞાન અને કળાઓનો 'ઉદય થયેલો હોય છતાં તેનું

સામાન્ય દૃષ્ટિબિંદુ, એનો જીવનનો તથા મનનો વ્યવહાર જ્ઞાન અને સત્ય અને સૌન્દર્ય તેમ જ જીવનના ઉચ્ચ આદર્શો દ્વારા દોરાતાં ન હોય, એ દેશ કે યુગની જીવનદૃષ્ટિ તેમ જ વ્યવહાર વ્યાપારિક અને આર્થિક દૃષ્ટિબિંદુથી જ દોરાતાં રહેતાં હોય અને એ સ્થિતિમાં એ જો સંતૃપ્ત રહેતો હોય તો આપણે કહીશું કે એ દેશ વા યુગ અમુક અર્થમાં ભલે સુધરેલો ગણાય, પણ એની પાસે સંસ્કૃતિની આટલી બધી પ્રાચુર્યવાળી અથવા તો નિરર્થક પ્રાચુર્ય-વાળી સાધનસામગ્રી હશે છતાં તે દેશે અથવા તે યુગે એક સંસ્કારી માનવતા સિદ્ધ કરેલી નથી અથવા તો એ સિદ્ધ કરવાનો તેનામાં સંભવ દેખાતો નથી. આ રીતે આપણે ઓગણીસમી સદીના યુરોપને જોઈશું તો એણે વસ્તુઓના બેસુમાર ઉત્પાદનમાં જે સફળતા મેળવેલી છે, વિજ્ઞાનમાં તેણે જે મહાન વિકાસો સાધ્યા છે, બુદ્ધિના ક્ષેત્રમાં તેણે જે સિદ્ધિ મેળવેલી છે એ બધું છતાં આપણે આ બધા ઉપર એક અમુક રીતની કાળી લીટી દોરી દેવી પડશે, કેમ કે એ યુરોપે આ બધી જ વસ્તુઓનો એક વેપાર ઊભો કરી દીધો છે, એમને એણે પ્રાણની સફળતા સાધવા માટેના સ્થૂલ ઉપયોગમાં વાપર્યાં છે. આ યુરોપને વિષે આપણે કહીશું કે માનવજાતિએ કાંઈ આ રીતની પૂર્ણતા માટે ઝંખના કરવાની નથી, આ યુરોપ જે દિશામાં જઈ રહ્યું છે તે માનવના વિકાસની ઊર્ધ્વ દિશા નથી પણ એથી ઊલટી જ દિશા છે. આ યુરોપ તો સંસ્કૃતિની દૃષ્ટિએ જોતાં પ્રાચીન કાળના ઍથેન્સ કરતાં, કે પુનર્જાગૃતિ કાળના ઇટાલી કરતાં, કે પ્રાચીન તથા શિષ્ટ કાળના હિંદ કરતાં એક ઊતરતી કક્ષાનું યુરોપ છે એમ સ્પષ્ટ રીતે આપણે એના ઉપર ચુકાદો આપી દેવો જ પડશે. એ જમાનાના ગ્રીસ, ઇટાલી કે હિંદમાં ભલે સામાજિક સંગઠનોમાં મોટી ઊણપો રહી ગયેલી હોય, તેમ જ એમનામાં વિજ્ઞાનનું જ્ઞાન અને સ્થૂલ સિદ્ધિઓનું પ્રમાણ ભલે ખૂબ જ ઓછું રહેલું હોય તોપણ એ પ્રજાઓ જીવનની કળામાં ઘણી વધારે આગળ વધેલી હતી, જીવનનું લક્ષ્ય શું છે એ વાત તેઓ વધુ સારી રીતે જાણતી હતી અને માનવની પૂર્ણતા વિષેના કોઈ વધારે સ્પષ્ટ આદર્શને સિદ્ધ કરવા માટે તેઓ વધારે પ્રબળ રીતે કામ કરતી હતી.

વળી માણસ પોતે જે માનસિક જીવન ગાળતો હોય છે તેમાં પણ તે જો જીવનની માત્ર વ્યવહારુ અને પ્રવૃત્તિપ્રધાન ક્રિયાઓમાં જ ડૂબેલો રહે, અથવા તો લાગણીઓ કે સંવેદનોને એક માનસિક રૂપ આપીને તેના પ્રવાહમાં જ તણાતો રહે, એનું જીવન રૂઢ વ્યવહારની રીતે, સરેરાશ રીતની પ્રાકૃત લાગણી-ઓમાં, એની પોતાની નહિ પણ એની આસપાસના વાતાવરણમાં રહેલી માન્યતાઓ અને ચળવળોમાં જ ખેંચાયા કરતું રહે, એનું મન મુક્ત અને ખુલ્લી રીતે કશી જ ગતિ કરે નહિ પણ, મોટા ભાગના માણસો બુદ્ધિહીન

ધારાધોરણો મુજબ જે સ્થૂલ રીતનું અને વિચારવિહીન જીવન ગાળતા હોય છે તેવું જ જીવન જો એ ગાળ્યા કરે, અને આ ઉપરાંત તેનું જીવન જો રૂઢિવિવશ ઇન્દ્રિયો અને સંવેદનોની રીતે જ ચાલ્યા કરે, એ જીવનમાં જો કશી વિશુદ્ધિ આવી ના હોય, પ્રકાશ ન આવ્યો હોય કે સૌન્દર્યના કોઈ નિયમનો તેને પાલક સ્પર્શ થયો ન હોય — તો આ બધું પણ સંસ્કારિતાના આદર્શથી તદ્દન ઊલટું જ છે. આવી રીતે માણસ સંસ્કારી જીવનનો બધો જ દેખાવ અને ઠાઠમાઠ ધારણ કરીને ભલે રહેતો હોય, એ સંસ્કારિતાની વિપુલ સાધન-સામગ્રીને તે ભલે સફળ રીતે માણતો હોય તોપણ એ સાચા અર્થમાં વિકસિત બનેલો મનુષ્ય નથી. આ રીતનું જીવન ગાળતા સમાજને તમારે જે નામ આપવું હોય તે આપો, એ સમાજ ઘણો પ્રાણવાન છે, સુઘડ છે, સુવ્યવસ્થિત છે, સફળ છે, ધાર્મિક છે, નૈતિક છે એમ તમારે જે કહેવું હોય તે કહો, પણ આ બધું છતાં તે આખરે તો એક અસંસ્કારી સમાજ જ છે. એ એક કારાગાર છે અને માનવના આત્માએ એને ભાંગવાનું છે. કેમ કે જ્યાં લગી માનવ આત્મા આ સ્થિતિમાં રહેશે ત્યાં લગી તે એક હલકી કક્ષાની, કશી પ્રેરણા વિનાની તેમ જ વિસ્તાર વિનાની માનસિક અવસ્થામાં જ પુરાયેલો રહેશે. એનું જીવન એ નીચલા સ્તરની અંદર એક વંધ્ય સ્થિતિમાં પડ્યું પડ્યું સડયા કરશે. એનામાં માનવની ઊર્ધ્વ શક્તિઓનું શાસન નહિ ચાલતું હોય, પણ નીચે ખાડમાં પડી રહેલા ઇન્દ્રિયાધીન મનની અસંસ્કારી વૃત્તિઓનું જ શાસન ચાલતું હશે. વળી આ કારાગારમાં પુરાયેલો માનવ આત્મા એ કારા-ગારની બારીઓ ખોલીને બેસે તોપણ એટલું બસ નહિ થાય. એવી રીતે બારીઓ ખોલવાથી તેને આનંદદાયક તાજી હવા મળશે ખરી, બુદ્ધિનો થોડોક મુક્ત પ્રકાશ પણ મળશે ખરો, કળા અને સૌન્દર્યની થોડીક સુગંધ પણ મળશે, તેમ જ વિશાળ રસવૃત્તિઓ અને ઊર્ધ્વ આદર્શોનો કંઈક વિશાળ ઉચ્છ્વાસ પણ મળશે તો ખરો જ. પણ આ બધું છતાં માનવ આત્માએ આ કારાગારને પૂરેપૂરું ભાંગી નાખીને બહાર નીકળી આવવાનું રહે છે, અને પેલા મુક્ત પ્રકાશમાં, એ સુગંધમાં અને વિશાળ ઉચ્છ્વાસમાં નિવાસ કરતા થઈ જવાનું રહે છે. આમ થશે ત્યારે જ એ આત્મા એક વિકસિત બનેલ મનોમય પુરુષના સ્વાભાવિક વાતાવરણમાં રહેવા લાગશે. માણસે માત્ર ઇન્દ્રિયાધીન મનની પ્રવૃત્તિ-ઓમાં જ મુખ્યત્વે રહ્યા કરવાનું નથી, પણ તેણે જ્ઞાન અને બુદ્ધિની તથા એક વિશાળ બૌદ્ધિક જિજ્ઞાસાની પ્રવૃત્તિઓમાં રહેતા થઈ જવાનું છે, તેણે એક કેળવાયેલી રસવૃત્તિવાળા મનુષ્ય તરીકેની પ્રવૃત્તિઓ કરવાની છે, તેણે જેમાંથી ચારિત્ર્યનું, ઉચ્ચ નૈતિક આદર્શો અને વિશાળ માનવ કર્મનું સર્જન થાય છે એવી સંકલ્પશક્તિની પ્રવૃત્તિઓ આદરવાની છે. આ આત્માએ આપણા

નિમ્ન પ્રકારના અથવા તો સરેરાશ રીતના માનસથી દોરાતા રહેવાનું નથી પણ સત્ય અને સૌન્દર્ય અને આત્મસંયમવાળા સંકલ્પ દ્વારા આપણા જીવનનું નિયમન કરવાનું છે. સાચી સંસ્કારિતાનો આદર્શ આ રીતનો છે અને એક સિદ્ધ માનવતાનું મંડાણ આ રીતે થવાનું છે.

તો સંસ્કારિતા એ શું નથી એ વાત સ્પષ્ટ કરતાં કરતાં આપણને આ રીતનો સંસ્કારિતા વિષેનો એક સ્પષ્ટ અને ચોક્કસ ખ્યાલ મળી આવે છે. પરંતુ માનસિક જીવનની આ ઊંચી ભૂમિકા ઉપર પણ આપણને જૂની રીતની સંકુચિતતાઓ અને ગેરસમજૂતીઓ વળગેલી ચાલુ રહે એવો સંભવ રહે છે. આપણે જોઈએ છીએ કે ભૂતકાળમાં ઘણી વાર સંસ્કારિતા અને સદાચાર વચ્ચે ઝગડો થતો રહેલો છે; પણ આપણી વ્યાખ્યા પ્રમાણે તો સદાચાર એ પોતે પણ સંસ્કારી જીવનનું એક અંગ છે અને નૈતિક આદર્શભાવ એ તો સંસ્કારી મનુષ્યની એક મહાનમાં મહાન પ્રેરણા છે. માણસો એક બાજુએ વિચારો, જ્ઞાન અને સૌન્દર્યની ઉપાસના મૂકીને એને જ સંસ્કારિતા કહેતા રહ્યા છે, તો બીજી બાજુએ ચારિત્ર્ય અને સદાચાર મૂકીને એ જ નૈતિક જીવન છે એમ કહેતા રહ્યા છે. પણ આ રીતનો ઊભો કરેલો વિરોધ એ તો માણસ માટે જે શક્યતા અને પૂર્ણતા રહેલી છે તેના અધૂરા દર્શનમાંથી જ ઊભો થાય છે એ વાત સ્પષ્ટ છે. આમ છતાં આ વિરોધ રહેલો તો છે જ, એટલું જ નહિ, પણ એ વૃત્તિ માણસના મનમાં બહુ જ જોરદાર રીતે કામ કરતી રહેલી છે, અને આ જોતાં એમ લાગે છે કે આપણું સ્વરૂપ જે તત્ત્વોનું બનેલું છે તે તત્ત્વોની અંદર જ જે કોઈ ખરેખરો અને મહત્ત્વનો ભેદ આવી રહેલો છે તેને લીધે જ આ બનતું હોય છે. આ વિરોધ તે આર્નોલ્ડે હિબ્રૂ પરંપરા અને ગ્રીક પરંપરા વચ્ચે જે વિરોધ બતાવ્યો છે તે પ્રમાણેનો છે. યહૂદીઓની હિબ્રૂ પ્રજાએ આપણને બાયબલના 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ'નો એક કઠોર અને નીતિપ્રધાન ધર્મ આપ્યો છે. મોઝીઝે એ ધર્મને જે રીતે પ્રથમ બાંધ્યો તેમાં તે ઘણો કાચો, રૂઢિ મુજબનો અને જંગલી રીતનો ધર્મ હતો. એમાં જ્યારે 'પ્રોફેટો' ઉમેરાયા ત્યારે એ નૈતિકતાનાં ઘણાં ઊંચાં શિખરો સુધી પહોંચ્યો હતો. અને છેવટે તે પોતાના એ સ્વરૂપમાંથી નીકળી જઈને જુડાઈક* ક્રિશ્ચિયાનિટીમાં આધ્યાત્મિકતાનું એક સુંદર પુષ્પ

---

*આવા એક વિશેષણની જરૂર રહે છે, કેમ કે યુરોપની ક્રિશ્ચિયાનિટી એ કોઈક જુદી વસ્તુ રહેલી છે. એની સારામાં સારી અવસ્થામાં પણ તેનું સ્વરૂપ બીજું જ રહેલું છે. એને રોમની લૅટિન પ્રજાના, તથા ગ્રીક પ્રજાના, તેમ જ સેલ્ટિકોના સંસ્કાર મળેલા છે, અથવા તો તે જૂના કાળની હિબ્રૂ પરંપરાનું ટયુટોનિક પ્રજાને હાથે થયેલું એક અણઘડ અનુકરણ રહેલું છે.

બની રહ્યો હતો. આ પરંપરા મુજબ માણસે અહીંના જગતમાં નૈતિક સદાચારનું જીવન ગાળવાનું રહે છે, અને પછી તેને પોતાની સાચી ભક્તિ અને સાચા આચારનાં યોગ્ય ઈનામો મળતાં રહે છે એ રીતની વાત મુખ્ય રહે છે. આ ધર્મમાં વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનનો જરા પણ સ્પર્શ હતો નહિ, જ્ઞાનની તેને કશી પરવા ન હતી, સૌન્દર્ય પ્રત્યે તે સાવ ઉદાસીન હતો. આથી ઊલટું ગ્રીક પ્રજાના માનસમાં બુદ્ધિ અને સૌન્દર્યનું તત્ત્વ સવિશેષ કામ કરતું હતું. બેશક, એ તત્ત્વ જ તેમના જીવનમાં ચક્રવર્તી સ્થાને ન હતું છતાં એનો પ્રભાવ ઘણા મોટા પ્રમાણમાં એ પ્રજા ઉપર રહેલો હતો. ગ્રીક લોકોને બુદ્ધિને ખાતર બુદ્ધિની ઉપાસના કરવાનો પ્રેમ હતો, પણ એથીયે વિશેષ તો તેમનામાં સૌન્દર્યની એક ઘણી ઉચ્ચ દૃષ્ટિ પ્રબળ રીતે કામ કરતી હતી. એ લોકોમાં એક ઘણી સ્પષ્ટ રીતની રસાત્મક સંવેદનશીલતા હતી. પોતાની હરેક પ્રવૃત્તિમાં, હરેક સર્જનમાં, ચિંતનમાં, કળામાં, જીવનમાં, ધર્મમાં એ લોકો સૌન્દર્યની જ આરાધના કરતા. આ સૌન્દર્યભાન એમનામાં એટલું બધું તો પ્રબળ હતું કે એ લોકો માત્ર આચારવિચારોને જ નહિ પણ નીતિની ભાવનાને પણ ઘણા પ્રમાણમાં સૌન્દર્યની મહા દૃષ્ટિ મુજબ જ જોતા હતા. એ લોકોની શુભની કલ્પના તે મોટે ભાગે સમુચિત અને સુંદરનાં તત્ત્વોની જ બનેલી હતી. ખુદ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પણ એ પ્રજા પ્રભુ એટલે સૌન્દર્ય એ કલ્પના સુધી પહોંચવામાં સફળ થઈ શકી હતી. અને આ સત્ય તો એવું છે કે જે તત્ત્વજ્ઞાનીના હાથમાંથી એકદમ જ છટકી જાય છે, અને એ દર્શન વિના એ પોતાના તત્ત્વજ્ઞાનને સાવ દરિદ્ર કરી મૂકે છે. આ રીતે યુરોપની સંસ્કારિતામાં સૌન્દર્ય અને નીતિ વચ્ચેનો આ ઐતિહાસિક વિરોધ ઘણા મોટા પ્રમાણમાં કામ કરી ગયેલો છે અને એ સંસ્કારિતા ઉપર તેનાં પરિણામો પણ ઘણાં જોરદાર આવેલાં છે. આમ છતાં આ માનસિક વિરોધને આપણે જો ઠેઠ મૂળથી સમજવો હશે તો આપણે તેના આ બાહ્ય આવિર્ભાવથી પર ચાલ્યા જવું પડશે.

આ રીતની અથડામણનું ઉત્પત્તિસ્થાન માનવના ઊર્ધ્વ અથવા તો વધુ સૂક્ષ્મ પ્રકારના માણસમાં જે એક રીતનું ત્રિકોણાત્મક વલણ આવેલું છે તેમાં રહેલું છે. આ વિષયનો નિર્દેશ આ પહેલાં અમે કરી ગયા છીએ. આપણા માનસની અંદર એક બાજુ તે સંકલ્પની, આચાર અને ચારિત્ર્યની બનેલી છે અને એમાંથી નૈતિક માણસ સર્જાય છે. આપણા માનસમાં એક બીજી બાજુ તે સૌન્દર્યનું ગ્રહણ કરતી સંવેદનશક્તિની બનેલી છે — આમાં સૌન્દર્યને આપણે કોઈ સંકુચિત અર્થમાં કે કલાના અતિરેકના અર્થમાં લેવાનું નથી — અને એમાંથી કલારસિક અને સૌન્દર્યપ્રેમી માણસ સર્જાય છે. એટલે આ રીતે પછી એક સંસ્કારિતા એવી હોઈ શકે છે કે જે મોટે ભાગે અથવા તો સર્વાંશે નીતિપ્રધાન

રીતિની હોય અને, દેખીતી રીતે જ, બીજી એક સંસ્કારિતા એવી હોઈ શકે છે કે જે મોટે ભાગે અથવા તો સર્વાંશે રસપ્રધાન રીતિની હોય. આમ જીવનમાં એકીસાથે એકબીજાથી ઊલટા એવા બે આદર્શો ઊભા થઈને રહે છે. એ બંને આદર્શો પછી સ્વાભાવિક રીતે જ સામસામા મોરચા માંડી લે છે, એક-બીજાના ઉપર અવિશ્વાસ કરતા થઈ જાય છે અને સામા પક્ષ પ્રત્યે સખત નાપસંદગી ધરાવી તેના ઉપર હીન દૃષ્ટિએ જોતા થઈ જાય છે. પેલો જે સૌન્દર્ય-પ્રેમી માણસ હોય છે તે નીતિના યમનિયમો પ્રત્યે અધીરો બની જવા લાગે છે. પોતાના રસાનંદની સ્વતંત્રતામાં નીતિ તેને એક આડખીલી રૂપ લાગે છે, પોતાની રસવૃત્તિની તથા રસશક્તિની પ્રવૃત્તિ ઉપર નીતિ તેને એક જુલમગાર જેવી લાગે છે. આ સૌન્દર્યભક્ત માણસ સ્વાભાવિક રીતે જ આનંદનો ઉપાસક હોય છે, — કેમ કે સૌન્દર્ય અને આનંદ એ બે તો અવિચ્છેદ્ય શક્તિઓ છે — અને નીતિનો યમદંડ તો આનંદના ઉપર બરાબર તૂટી પડતો હોય છે, ઘણી વાર તો તદ્દન નિર્દોષ આનંદો ઉપર પણ નીતિનું કરવત ફરી વળતું હોય છે. નીતિ માણસમાં રહેલી આનંદની સહજ વૃત્તિ ઉપર હમેશાં યમનિયમનો એક તંગ ડગલો પહેરાવી દેવાનો પ્રયત્ન કરતી રહે છે. આ સૌન્દર્યપ્રેમી માણસ નીતિનું શાસન સ્વીકારે છે પણ ખરો પણ તે ત્યારે કે એ શાસન સૌન્દર્યનું રૂપ લઈને આવે તો, અથવા તો તે નીતિને સૌન્દર્યનું સર્જન કરવાના એક સાધન તરીકે પણ કામમાં લઈ લે છે. પણ નીતિનો આ રીતનો ઉપયોગ તે નીતિને પોતાની પ્રકૃતિમાં રહેલા સૌન્દર્યના તત્ત્વને આધીન બનાવી શકે ત્યારે જ કરે છે. એવી જ રીતે આ સૌન્દર્યપ્રેમી ઘણી વાર ધર્મ તરફ પણ આકર્ષાય છે, અથવા આપણે લગભગ એમ કહી શકીએ કે ધર્મની જે આનંદપ્રધાન બાજુઓ છે તે પણ તેને આકર્ષે છે. અર્થાત્, ધર્મમાં જે સૌન્દર્યનો અંશ છે, એમાં જે ઝળહળાટ છે, એના જે ભવ્ય ક્રિયાકાંડો છે, એમાંથી ઊર્મિઓને જે સંતોષ મળે છે, એમાં જે વિશ્રાંતિ હોય છે યા તો કાવ્યમય આદર્શભાવ અને અભીપ્સા હોય છે એ બધું તેને ગમતું હોય છે. પરંતુ તે આ બન્નેનો સંપૂર્ણપણે સ્વીકાર કરતો હોય છે ત્યારે પણ તેમનો તે તેમને પોતાને ખાતર તો સ્વીકાર નથી જ કરતો. સૌન્દર્યપ્રેમી માણસને આમ નીતિ પ્રત્યે જે સ્વાભાવિક રીતે જ ધૃણા જન્મતી હોય છે તેનો નીતિપ્રધાન માણસ પણ વ્યાજ સાથે બદલો વાળી આપે છે. કળા અને રસવૃત્તિ તે શિથિલતા અને નિર્બળતાની પોષક વસ્તુઓ છે એમ એ ગણવા લાગે છે. એ એમ માનવા લાગે છે કળા અને રસનાં તત્ત્વોમાં સ્વાભાવિક રીતે જ અસંયમનું તત્ત્વ હોય છે, આ વસ્તુઓ પોતાના આકર્ષણ વડે લાગણીઓ અને આવેગોને ઉત્તેજન આપે છે અને એ રીતે એ તત્ત્વો ઉચ્ચ અને કડક આત્મ-સંયમનાં ઘાતક જ બને છે. નીતિવાદી માણસ જુએ છે કે આ રસિકતા તો આનંદભૂખી છે અને એ આનંદ-ક્ષુધા તો નીતિનિરપેક્ષ અને ઘણી વાર તો અ-નૈતિક જ હોય છે.

એ તો એમ જ કહે છે કે આ રસાત્મક વૃત્તિને એક ઘણી જ સાંકડી અને સાવચેતીપૂર્વક સાચવેલી મર્યાદાની અંદર બાંધી રાખવી જોઈએ, નહિ તો પછી એ વૃત્તિનું યથેચ્છ સેવન અને અક્ષુણ્ણ નૈતિક જીવન એ બેનો મેળ કેવી રીતે બની શકે તે સમજવું મુશ્કેલ બની જાય છે. આ નીતિવાદી માણસમાંથી પછી એક મહા શુદ્ધિવાદી માણસ જન્મે છે. અને એ તો આનંદ માત્રનો સિદ્ધાંત તરીકે વિરોધ કરતો થઈ જાય છે. એ માણસમાં શુદ્ધિની વૃત્તિ જ્યારે ઘણી ઉગ્ર બની જતી હોય છે ત્યારે જ માત્ર નહિ – અને માણસમાં રહેલી કોઈ પણ આગળ પડતી વૃત્તિ આગળ જતાં તો તેને પૂરેપૂરો પોતાની પકડમાં લઈ લે છે અને આખરે તે એક ઉગ્રવૃત્તિ બની જાય છે – પણ એની આખીયે પ્રકૃતિમાં તે સાંગોપાંગ, શુદ્ધિવાદી બની જતો હોય છે. આમ આપણી પ્રકૃતિની આ બે બાજુઓ વચ્ચેની આ જે ગેરસમજૂતી છે તે આપણા વિકાસ માટેની એક અનિવાર્ય ભૂમિકા છે. આપણે આ બંને વૃત્તિઓને તેમના પૂરેપૂરા સ્વરૂપમાં અજમાવી લેવાની છે તથા તેમનો પ્રયોગ તેમની છેક છેલ્લી હદ સુધી કરી જોવાનો છે. અને એ રીતે આપણી પ્રકૃતિની શક્તિઓનો આખોય પટ સમજવાનો મળશે.

સમાજ એ વ્યક્તિનું જ એક વિશાળ રૂપ છે. એટલે આ વ્યક્તિગત પ્રકૃતિઓ વચ્ચેની જે વિષમતા અને વિરોધ છે તેમાંથી પછી આગળ જતાં આખી સામાજિક તેમ જ રાષ્ટ્રીય ભૂમિકા ઉપર પણ એના જેવી જ વિષમતા અને વિરોધો મૂર્તિમંત થાય છે. આ વસ્તુનાં ઉત્તમ દૃષ્ટાંતો આપણે જોવાં હશે તો તે આપણને સામાજિક સિદ્ધાંતોની અંદરથી નહિ મળે. આ તારવેલા સિદ્ધાંતોમાં આ વૃત્તિઓનું સાચું સ્વરૂપ પ્રતિબિંબિત થયેલું હોતું નથી. એ સિદ્ધાંતો મૂળ વસ્તુસ્થિતિની ખોટી રજૂઆત જેવા હોય છે, વિકૃતિ જેવા હોય છે અથવા તો એ વસ્તુઓને છેતરામણીની રીતે ટેકો આપતા હોય છે. દા. ત. પ્રજામાનસમાં નૈતિકતાનો ભાવ કઈ રીતે કામ કરે છે તે સમજવા માટે આપણે મધ્યમ વર્ગના લોકોમાં જે એક સંકુચિત, હળવા અને રૂઢ રીતના ધર્મભાવવાળુ શુદ્ધિવાદી માનસ કામ કરતું હોય છે તે જોઈશું તો નહિ ચાલે. ઓગણીસમી સદીના ઇંગ્લૅન્ડમાં આ રીતનું જ શુદ્ધિવાદી માનસ પ્રધાનપણે કામ કરતું હતું. એ કાંઈ નૈતિક સંસ્કારિતા નહોતી. એ તો સંસ્કૃતિના વિકાસની અમુક કક્ષાએ હરેક સ્થળે મધ્યમ વર્ગના ભદ્ર સમાજની જે સામાન્ય મનોદશા હોય છે તેનું જ એક સ્થાનિક સ્વરૂપ હતું. એ મનોદશા ચોખ્ખેચોખ્ખી અસાંસ્કારિક વસ્તુ જ હતી. અથવા આપણે સૌન્દર્યપ્રેમી મનોવૃત્તિના દૃષ્ટાંત તરીકે કોઈ વિલાસપ્રધાન બોહેમિયન સમાજને લેવાનો નથી, અથવા તો રેસ્ટોરેશન (રાજસંસ્થાની પુનઃ-સ્થાપનાના) કાળનું લંડન, કે પછી પૅરિસ નગરના આખા ઇતિહાસમાંથી અમુક

ટૂંક સમયનું પૅરિસ આપણે દૃષ્ટાંત રૂપે લઈએ તોપણ તેથી ખરો અર્થ નહિ સરે. આ સમયે એ નગરોની પ્રજામાં ખરી સૌન્દર્યભક્તિ હતી એવા દાવા ભલે ગમે તેટલા કરવામાં આવે તોપણ એમાં ખરી હકીકત તો એ હતી કે એ વખતનો સરેરાશ પ્રાકૃત માણસ તો સંવેદનભૂખ્યો અને ઇન્દ્રિયલોલુપ રીતનો જ હતો. એ પ્રાકૃત માનવે એક છીછરા બુદ્ધિવાદ અને રસાત્મકતાવાદની વાતો કરીને નૈતિક ધારાધોરણોને બાજુએ હડસેલી દીધાં હતાં અને પોતે એક સ્વચ્છંદ વિલાસની અંદર ઊતરી પડયો હતો. વળી નૈતિક ચારિત્રના દૃષ્ટાંત તરીકે આપણે શુદ્ધિવાદના કાળના ઇંગ્લૅન્ડને લેવા જઈશું તો તે પણ બરાબર નહિ રહે. એ સમયના ઇંગ્લૅન્ડમાં ચારિત્ર્ય તેમ જ નૈતિક તત્ત્વને વિકસાવવા માટે ઘણા કઠોર તેમજ વધારે પડતા પ્રયત્નો થઈ રહ્યા હતા છતાં એ વખતની પ્રજાની પ્રધાન નિયામક વૃત્તિ તો ધાર્મિક રીતની હતી. આ ધર્મવૃત્તિ આપણી સર્વ આંતર વૃત્તિઓ ઉપર પોતાની અસર પાડે છે છતાં એ તેમના કરતાં એક તદ્દન જુદી જ વસ્તુ હોય છે. એ એક સ્વતંત્ર અનન્ય વૃત્તિ છે અને તેનો વિચાર અલગ રીતે કરવાનો છે. એટલે આ રીતના નીતિપ્રધાન કે આનંદપ્રધાન સમાજનાં સાચાં દૃષ્ટાંતો જોવા માટે, જોકે એ દૃષ્ટાંતો તદ્દન શુદ્ધ રીતનાં તો નહિ જ હોય, આપણે ઇતિહાસમાં જરા પાછળના ભૂતકાળમાં જવું જોઈશે. ત્યાં આપણે તાજા રિપબ્લિક (ગણતંત્રવાદી) બનેલા રોમને અથવા તો, ગ્રીસની પોતાની અંદર પણ, સ્પાર્ટાને પેરિક્લિસના ઍથેન્સની સાથે સરખાવીને આ વાત સમજી શકીશું. કારણ કે કાળના પ્રવાહમાં વહેતા વહેતા આપણે જેમ જેમ વિકાસક્રમના અત્યારના વળાંકની નજીક આવીએ છીએ તેમ તેમ માનવજાતિનો આખોય સમૂહ, પોતાના ભૂતકાળના સારાયે અનુભવને સાથે લેતો લેતો, વધુ ને વધુ સંકુલ બનતો જાય છે અને પહેલાંના વખતમાં જે સ્પષ્ટ રીતે તરી આવતાં સામાજિક સ્વરૂપો હતાં તે ફરી પાછાં આવતાં નથી અથવા આવે છે તો તે અસ્થિરપણે અને મુશ્કેલીથી જ પાછાં ફરકે છે.

રિપબ્લિકન રોમ — એને ગ્રીક લોકોનો સંપર્ક થયો તે પહેલાંનું તેમ જ તેનાથી પરાજિત બનેલા ગ્રીસે તેને છેવટે જીતી લીધું તે રોમ — એ માનવ ઇતિહાસની અંદર એક અત્યંત ધ્યાન ખેંચે તેવી માનસિક ઘટના છે. જગતમાં માનવનો વિકાસ જે રીતે થયો છે તે દૃષ્ટિથી જોવા જતાં આ રોમ એક લગભગ અજોડ પ્રયોગ તરીકે આપણી આગળ ખડું થાય છે. આ સમયે રોમન પ્રજાએ પોતાના લોકોમાં એક ઉચ્ચ અને બળવાન ચારિત્ર્યની રચના કરવા માટે ભગીરથ પ્રયત્નો કર્યા હતા. એ પ્રયત્નોમાંથી તેણે સૌન્દર્યભાનમાંથી પ્રગટનું મધુરતાનું તત્ત્વ અને બુદ્ધિની ક્રિયામાંથી પ્રગટનું પ્રકાશનું તત્ત્વ એ બંનેને બને તેટલાં દૂર રાખ્યાં હતાં, તેમ જ એ પ્રયત્નોની પાછળ સાચી ધર્મભાવનાની પ્રેરણા પણ ન હતી. એ વખતનો

પ્રારંભનો રોમન ધર્મ તે એક વહેમ જેવી જ વસ્તુ હતી, અમાંની ધાર્મિકતા ઉપરછલ્લી હતી, એમાં સાચી ધર્મભાવના જેવું કાંઈ જ ન હતું. એ વખતે રોમ માનવ સંકલ્પશકિતના બળ વડે ઊર્મિપ્રધાન અને સંવેદનભૂખ્યા મનનું બરાબર દમન અને નિયમન કરી રહ્યું હતું અને એ રીતે એક ચોક્કસ પ્રકારની નૈતિક આત્મ-સિદ્ધિમાં પહોંચવાનો પ્રયત્ન કરતું હતું. રોમન રિપબ્લિકે આ રીતે પોતાના ઉપર જે આત્મ-સિદ્ધિ પ્રાપ્ત કરી તેમાંથી જ પછી તે પોતાની આસપાસના જગતનો સ્વામી બની શકયું અને જગતના દેશો ઉપર પોતે ઉપજાવેલી જાહેર જીવનની વ્યવસ્થા અને કાયદો સ્થાપન કરી શકયું. જગતની જે જે પ્રજાઓ સામ્રાજ્ય સ્થાપવામાં ખૂબ જ સફળતાઓ હાંસલ કરી શકેલી છે એ બધી પ્રજાઓની સંસ્કૃતિમાં અથવા તો તેમની પ્રકૃતિમાં, એ પ્રજાઓ પોતે જ્યારે ઘડાઈ રહી હતી અથવા તો પોતાનો વિસ્તાર સાધી રહી ત્યારે, આ રીતનું સંકલ્પબળનું તત્ત્વ, ચારિત્ર્યનું બળ, આત્મ-સંયમ અને આત્મ-સિદ્ધિ માટેની આ વૃત્તિ અગ્રભાગે રહીને કામ કરતાં રહેલાં છે. અને માણસની નૈતિક ભાવનાના પાયામાં આ જ તત્ત્વો રહેલાં હોય છે. બીજી નીતિપ્રધાન સંસ્કૃતિઓની માફક રોમ અને સ્પાર્ટામાં પણ નૈતિક ઊણપો ઠીક ઠીક પ્રમાણમાં હતી જ. એ દેશોમાં આપણે જેને અનૈતિક કહીએ એવા રીત-રિવાજો અને વ્યવહારોને નભાવી લેવામાં આવતા હતા અથવા તો તેમને જાણી જોઈને ઉત્તેજન પણ આપવામાં આવતું હતું. આ પ્રજાઓ નૈતિક ચારિત્ર્યની જે વધુ વિનમ્ર અને સુકોમળ બાજુ હોય છે તેનો વિકાસ કરી શકી ન હતી, પણ એ કાંઈ બહુ મહત્ત્વની વસ્તુ નથી. માણસમાં રહેલી નીતિની કલ્પના બદલાતી રહે છે, એ ભાવના વિશાળ થતી જાય છે, પણ એમ છતાં સાચી નૈતિકતાનાં જે મૂળ તત્ત્વો છે તે તો હમેશાં કાયમ જ રહે છે—અને એ તત્ત્વો છે સંકલ્પશકિત, ચારિત્ર્ય, આત્મ-સંયમ, આત્મ-સિદ્ધિ.

આ રીતની નૈતિક ભાવનાનાં મોટાં મોટાં દૃષ્ટાંતો ઉપર આપણે ભૂતકાળમાં નજર નાખીએ છીએ ત્યારે એ ભાવનાની મર્યાદાઓ એકદમ દેખાઈ આવે છે. આપણે જોઈએ છીએ કે એ આરંભ કાળના રોમ અને સ્પાર્ટામાં ચિંતન, કળા, કવિતા કે સાહિત્યનો સાવ અભાવ હતો, એમનામાં વિશાળ રીતનું માનસિક જીવન ન હતું, માનવ જીવનની આ બધી જે ઉત્તમ સામગ્રી અને આનંદ છે તેમાંનું તેમનામાં કશું ન હતું. એ દેશોની જીવનકળાએ પોતામાંથી જીવનના આનંદને સાવ બાતલ કરી નાખ્યો હતો અથવા તો તેને લેશ પણ પ્રોત્સાહન આપ્યું નહોતું. એ પ્રજાઓ, કેવળ નીતિપરાયણ માણસ હમેશાં કરતો હોય છે તે મુજબ, મુકત અને મુલાયમ રીતની વિચારધારા પ્રત્યે તેમ જ માણસની રસોપભોગની વૃત્તિ પ્રત્યે ખૂબ જ અવિશ્વાસ ધરાવતી હતી. રિપબ્લિકન રોમે

પોતાના આરંભના કાળમાં, એના પર ધસી આવી રહેલા ગ્રીક પ્રજાના પ્રભાવની સામે લડવાને શક્ય તેટલા ભગીરથ પ્રયત્નો કર્યા હતા. એ રોમે પોતાને ત્યાં ગ્રીક લોકોની જે શાળાઓ હતી તેને બંધ કરી દીધેલી, તત્ત્વજ્ઞાનીઓને દેશ-નિકાલ કરી દીધેલા, અને રોમના જે સૌથી વિલક્ષણ જેવા પુરુષો હતા તેમને તો ગ્રીક ભાષા એક આપત્તિ રૂપ લાગતી હતી, ગ્રીક સંસ્કૃતિ એક ભયંકર પદાર્થ જેવી લાગતી હતી. આ બાબતમાં રોમને અંદરથી જ એમ લાગી આવેલું કે એને આંગણે આ એક શત્રુ આવીને ઊભો છે, આ ગ્રીક લોકોની વસ્તુઓ તેમને પોતાના જીવનસિદ્ધાંતથી તદ્દન વિરુદ્ધની અને ઘાતક શક્તિ તરીકે લાગેલી. સ્પાર્ટા એ તો ગ્રીસનું જ એક શહેર હતું છતાં તેણે પોતાને ત્યાં જે બુદ્ધિપુરઃસર નીતિની તાલીમ અને શિક્ષણપ્રથા ઊભી કરેલી તેમાં કળાતત્ત્વ તરીકે માત્ર લશ્કરને લગતા સંગીત અને કવિતાને જ સ્થાન આપેલું. અને એને જ્યારે પછી યુદ્ધ માટેના કવિની જરૂર પડી ત્યારે તેને ઍથેન્સના એક માણસને આયાત કરવો પડેલો. કળા પ્રત્યેના આવી રીતના એક નૈસર્ગિક જેવા અવિશ્વાસમાંથી એક વિશાળદર્શી અને કળારસિક મન ઉપર જે પ્રત્યાઘાતો જન્મે છે તેનો એક વિચિત્ર કહેવાય એવો દાખલો આપણને પ્લેટોમાં જોવા મળે છે. એણે પોતાના 'રિપબ્લિક' ગ્રંથમાં એક આદર્શ રાજ્યની જે કલ્પના રજૂ કરેલી છે એમાં એને પ્રથમ તો કવિઓની નિંદા કરવી પડી છે અને પછીથી તો એણે એમ જ કહ્યું છે કે કવિઓને દેશનિકાલ જ કરી દેવા જોઈએ. આ નરી નીતિપ્રધાન સંસ્કૃતિઓ કેટલી બધી તો અપૂર્ણ હતી એ વસ્તુ તેમનો જે રીતે અંત આવ્યો હતો તેમાંથી જણાઈ આવે છે. આવી સંસ્કૃતિઓ ભવિષ્યની પ્રજાને આકર્ષે તેમ જ તૃપ્ત કરે એવું કાંઈ પણ પોતાની પાછળ મૂકી ગયા વિના જ જગતમાંથી અદૃશ્ય થઈ ગઈ છે, અને આવું સ્પાર્ટાની બાબતમાં બન્યું છે, અથવા તો એ નીતિવાદી માનસ માણસના ઉપર જે રીતનાં અનૈસર્ગિક બંધનો અને દબાણો મૂકે છે તેની સામે માનવની બહુવિધ સંકુલ પ્રકૃતિ બંડ જગાવે છે અને પરિણામે એ આખી સંસ્કૃતિ પડી ભાંગે છે. રોમની બાબતમાં આ પ્રમાણે જ બનેલું. એમાં આરંભના પ્રથમ કાળમાં જે નીતિપ્રધાન રોમ હતું તેમાંથી આગળ જતાં રિપબ્લિકન રોમ ઉત્પન્ન થયું એ આખરે જતાં સામ્રાજ્યસ્થાપક રોમ બન્યું. અને એમાં એ પ્રજા અહં-કાર પ્રધાન બની ગયેલી અને ઘણી વાર તો તે સ્વચ્છંદ વિલાસપ્રિયતામાં જ ડૂબી ગયેલી હતી. માનવના મનને ચિંતન, ગ્રિમિ, આનંદ, વિસ્તાર આ બધી વસ્તુઓની જરૂર રહે છે. વિસ્તાર સાધવો એ તો એનો સ્વભાવ જ છે. એ વિસ્તારમાં નિયંત્રણનું તત્ત્વ, જેટલા પ્રમાણમાં એ વિસ્તારને સ્થિર રૂપ આપવા માટે, માર્ગદર્શન કરાવવાને તેમ જ મજબૂત બનાવવા માટે મદદ રૂપ થઈ

પડે છે તેટલા પ્રમાણમાં જ તે કામનું રહે છે. અને આ માનવ મન જે જે સંસ્કૃતિઓએ તથા ઇતિહાસના યુગોએ, ભલે તેમણે પોતાનું લક્ષ્ય ગમે તેટલું ઉમદા રાખ્યું હોય અથવા તો તેમનું તંત્ર ભલે ગમે તેટલું સુંદર રહ્યું હોય તોપણ, માનવના વિકાસને માટે સમજી કરીને સ્વતંત્રતા આપેલી નથી હોતી તેમને તે સંસ્કારિતાનું નામ આપવાની ઘસીને ના પાડે છે.

આથી ઊલટું, ઇતિહાસના જે જે યુગોએ તથા સંસ્કૃતિઓએ, તેમની ભલે ગમે તે રીતની ખામીઓ રહેલી હોય તોપણ, જો આ રીતના મુક્ત મનોવિકાસને પ્રોત્સાહન આપ્યું હોય, અને પ્રાચીન ઍથેન્સની માફક ચિંતન, સૌન્દર્ય અને જીવનના આનંદ ઉપર એકાગ્રતા કરેલી હોય તો તે સર્વ યુગોને તથા સંસ્કૃતિઓને આપણે આનંદપૂર્વક પૂર્ણ સંસ્કારિતાનું અભિધાન આપીશું. પણ ઍથેન્સના વિકાસમાં બે સ્પષ્ટ યુગો આવી ગયેલા હતા. એક યુગ તે કળા અને કવિતાનો — ફિડિયાસ અને સૉફોક્લિસના ઍથેન્સનો યુગ હતો, અને બીજો યુગ તે ચિંતનનો, તત્ત્વજ્ઞાનીઓના ઍથેન્સનો યુગ હતો. પહેલા યુગના ઍથેન્સમાં, સૌન્દર્યની દૃષ્ટિ, જીવનની સ્વતંત્રતાની જરૂર, જીવનનો આનંદ એ વસ્તુઓ નિયામક બળો તરીકે રહેલી છે. આ ઍથેન્સ તત્ત્વચિંતન તો કરતું હતું પણ તે કળા અને કવિતાની રીતે જ કરતું હતું, સંગીત અને નાટક અને સ્થાપત્ય તેમ જ શિલ્પની આકૃતિઓની રીતે ચિંતન કરતું હતું. આ સમયના લોકોને બૌદ્ધિક ચર્ચાઓમાં આનંદ પડતો હતો પણ તે ચર્ચાની પાછળ સત્યમાં પહોંચવાનો કોઈ સંકલ્પ કામ કરતો ન હતો. એ વિચાર કરવાની ક્રિયામાં જ જે આનંદ રહેતો હતો, એ વિચારોમાં જ જે સુંદરતા રહેતી તે ખાતર જ તેઓ આ ચર્ચા અને ચિંતન કરતા. આ ઍથેન્સ પાસે તેનું એક નૈતિક તંત્ર પણ હતું, કેમ કે આવા કોઈ તંત્ર વિના સમાજ ટકી શકતો જ નથી. પણ એ ઍથેન્સમાં કોઈ સાચી નૈતિક વૃત્તિ નહોતી યા તો તેને ત્યાં કોઈ નૈતિક મનુષ્યોનો વર્ગ નહોતો. એની નીતિ તે માત્ર એક રૂઢ પ્રકારની અને પ્રણાલિકાબદ્ધ રીતની જ નીતિ હતી. એ ઍથેન્સ જ્યારે નીતિનો વિચાર કરતું ત્યારે એ સૌન્દર્યની રીતે, કાલૉન (kalon) અને એપીકેસ (epieikes) – સુંદર અને શિષ્ટની રીતે જ તેનો વિચાર કરતું. આ ઍથેન્સનો જે ધર્મ હતો તે પણ સૌન્દર્યનો જ ધર્મ હતો. એ ધર્મના ક્રિયાકાંડો અને ઉત્સવો તે તેને માટે આનંદવિનોદ માટેના જ પ્રસંગો બની રહેતા. ધર્મને નામે પ્રજા કલાસર્જન કરતી, વિવિધ રીતના રસો માણતી અને એમાં ધર્મભાવની છાંટ તો ઉપર ઉપરની જ રહેતી. પરંતુ ચારિત્ર્ય વિના, કોઈ એક પ્રકારના ઉચ્ચ અને પ્રબળ આત્મ-સંયમના તત્ત્વ વિના જીવનમાં કોઈ પણ ચિરસ્થાયી શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી. ઍથેન્સે આ રીતે એક સદી લગી જીવનનો આનંદ અદ્‌ભુત રીતે લૂંટયો અને એટલામાં જ

એની જીવનશક્તિ ક્ષીણ થઈ ગઈ, એનું બળ ઓસરી ગયું, એની સંકલ્પશક્તિ ચાલી ગઈ. જીવનના સંગ્રામમાં વિજય પામવાનું બળ તેનામાં રહ્યું ન હતું. એની પાસે કશી સર્જનશક્તિ રહી ન હતી. બેશક, ઍથેન્સે પોતામાં જે ખૂટતું હતું તે મેળવી લેવા માટે થોડા વખત સુધી તો ખૂબ જ પ્રયત્ન કર્યા. એણે સત્યની ગંભીર ભાવે ઉપાસના કરવા માંડી, તેમ જ નૈતિક આત્મ-સંયમની પ્રથાઓ બાંધવાના પ્રયત્નો કર્યા, પણ એ પ્રવૃત્તિ માત્ર વિચાર પૂરતી જ રહી. એને તે વ્યવહારમાં ઉતારવામાં સફળ ન બની શક્યું. એ પછીના કાળમાં ગ્રીસના વિચારકોએ તથા ઍથેન્સના સંસ્કૃતિ કેન્દ્રે રોમને માટે નૈતિક સાધનાની મહા સ્ટોઈક પદ્ધતિ તૈયાર કરી આપી અને એને લીધે રોમ પોતાના સામ્રાજ્યના ઉદયની પહેલી સદીમાં જે બેલગામ વિલાસોપભોગમાં સરી પડેલું તેમાંથી તે બચી ગયેલું. પણ ગ્રીસ પોતે પોતાના જીવનવ્યવહારમાં આ સ્ટોઈક સાધનાને ઉતારી શક્યું નહિ. કેમ કે ઍથેન્સને માટે, તેમ જ ગ્રીક પ્રજાના એ લાક્ષણિક માનસને માટે આવી સંયમપ્રધાન વિચારસરણી અપનાવવી તે તેનામાં જે વસ્તુ ન હતી અને જેને તે મેળવી શકે તેમ ન હતું તેને પ્રાપ્ત કરવા માટે ઘણું શ્રમ ઉપજાવનાર કામ હતું; એ સાધના તેની પ્રકૃતિથી ઊલટી હતી અને તેની જીવનસિદ્ધિ એ દિશામાં ન હતી.

જીવન પ્રત્યેની આ આનંદપ્રધાન દૃષ્ટિમાં કેવી તો અપૂર્ણતા રહેલી છે એ વસ્તુ આપણને ખાસ તો રિનેસાંસ (નવજાગૃતિ) કાળના ઈટાલીમાં વિશેષે જોવા મળી આવે છે. આ સમયનું ઈટાલી આનંદપ્રધાન દૃષ્ટિનું એક ઘણું મોટું દૃષ્ટાંત રહેલું છે. એક વખતે એમ માનવામાં આવતું હતું કે યુરોપની આ નવજાગૃતિમાં મુખ્યત્વે તો જ્ઞાનની ઉપાસનાનો ફરીથી ઉદય થયો હતો. પણ એના આ ભૂમધ્ય પ્રદેશના જન્મસ્થાનમાં તો એ જાગૃતિએ કળા અને કવિતા અને જીવનની સૌન્દર્યસાધનાનું જ વિશેષ રૂપ લીધું હતું. આનંદલક્ષી સંસ્કારિતા નીતિની ભાવનાથી સાવ મુક્ત રહીને જ કામ કરતી હતી અને કોઈ કોઈ વાર તો તેણે નીતિવિરોધી રૂપ પણ લીધું હતું. આ સ્થિતિ તો રોમમાં તેના સામ્રાજ્યના કાળમાં જે વિલાસિતા હતી તેને યાદ કરાવે તેવી હતી તેમ જ ગ્રીસમાં અમુક કાળે જે અત્યંત નીતિશૈથિલ્ય હતું તેના કરતાં પણ આ નીતિશૈથિલ્ય ઘણું વિશેષ હતું. ઈટાલી પાસે આ જાગૃતિકાળમાં વિદ્યા હતી, જિજ્ઞાસા વૃત્તિ હતી, પણ એ લોકો વિચારની અને સત્યની ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટે, તેમ જ બુદ્ધિની વધુ પૂર્ણ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે બહુ ઓછો પ્રયત્ન કરતા હતા. આમ છતાં આ પ્રયત્નને લીધે તત્ત્વજ્ઞાન તથા સાયન્સને માટેનો માર્ગ મોકળો બનવામાં મદદ તો મળી હતી જ. ઈટાલીની આ જાગૃતિના સમયમાં ધર્મ તો એટલો બધો ભ્રષ્ટ બની ગયો હતો કે તેની સામે નીતિપ્રધાન

ઝોકવાળા ટયુટોનિક દેશોમાં રિફૉર્મેશન—નવસંસ્કરણનો એક ઉગ્ર બળતો જાગી ઊઠયો હતો. આ રિફૉર્મેશને આવીને ધાર્મિક ભાવનાને માટે એક મુકિત મેળવી આપી, પરંતુ એ બળવામાં બુદ્ધિનું તત્ત્વ નહિ પણ નૈતિક ભાવનાનું અને જીવનમાં તેની સ્થાપનાની આવશ્યકતાનું તત્ત્વ વિશેષ પ્રમાણમાં હતું. બુદ્ધિનો ઉદય સાધવાનું કાર્ય તો આ પછી સાયન્સે આવીને કર્યું. આમ ઇટાલીમાં આવી ગયેલા આ આનંદલક્ષી સંસ્કારિતાના ગાળામાં જે એક મહાન ઊણપ રહી ગયેલી તેના અનિવાર્ય પરિણામ રૂપે પછી ઇટાલી સાવ નિઃસત્ત્વ બની ગયું, એની શકિત સર્વથા ક્ષીણ થઈ ગઈ. એનો ઉદ્ધાર પછી મૅઝિનીએ આવીને સાધી આપ્યો. મૅઝિનીએ આવીને પ્રજાને નવેસરથી વિચાર કરતી કરી આપી, તેનામાં સંકલ્પબળ અને ચારિત્ર્યની ભાવના ઉત્પન્ન કરી આપ્યાં. આમ નીતિની ભાવના પોતે એકલી એકલી તો જોકે માનવના વિકાસને માટે પર્યાપ્ત નથી હોતી તોપણ સંકલ્પબળ, ચારિત્ર્ય, આત્મ-સંયમ, આત્મ-પ્રભુત્વ એ બધી વસ્તુઓ તો એ વિકાસને માટે અનિવાર્ય રહે છે જ. માણસના મનોમય દેહનો કરોડ-રજજુ એમાંથી બનેલો છે.

પરંતુ માણસમાં આ જે નીતિનું સ્વરૂપ છે તેમ જ આનંદનું સ્વરૂપ છે એટલામાં જ આખો માણસ આવી જતો નથી, તેમ જ આ બેમાંથી કોઈ એક જ સ્વરૂપ પણ માનવના જીવનનું સર્વોત્તમ તત્ત્વ બની શકે તેમ નથી. આ બે માત્ર માણસના સ્વરૂપનાં બે મહા સમર્થ તત્ત્વો છે એટલું જ કહી શકાય. નૈતિક સદાચાર એમાં કંઈ આખુંયે જીવન આવી જતું નથી; અથવા તો જીવનનો એ ત્રણચતુર્થાંશ છે એમ કહેવું એ પણ એક બહુ શંકાસ્પદ રીતની ગણિત-ગમ્મત કરવા જેવું છે. આપણે આવી કોઈ ચોક્કસ ભાષામાં નીતિનું સ્થાન નક્કી કરી શકતા નથી. એને વિષે આપણે વધુમાં વધુ એટલું જ કહી શકીએ કે એનામાં જે સંકલ્પશકિતનું, ચારિત્ર્ય અને આત્મ-સંયમનું બીજતત્ત્વ છે એ માનવની આત્મ-પૂર્ણતા માટેની લગભગ પહેલી એવી શરતો તો છે જ. આવી જ રીતે સૌન્દર્ય દૃષ્ટિ એ પણ જીવનમાં નીતિના જેટલી જ અનિવાર્ય વસ્તુ છે, કારણ કે એ દૃષ્ટિ વિના માણસના મનોમય સ્વરૂપની પૂર્ણતા પોતાના લક્ષ્યને સિદ્ધ કરી શકતી નથી. આ લક્ષ્ય એટલે કે માનવે સત્ત્વ, શકિત, સૌન્દર્ય અને માનવ જીવનનો આનંદ એ તત્ત્વોને મનોમય ભૂમિકા ઉપર સાચી રીતે અને સંવાદપૂર્ણ રીતે પ્રાપ્ત કરવાનાં છે અને તેમનો આનંદ લેવાનો છે. આમ છતાં આ બેમાંથી એકે તત્ત્વ માનવ સૃષ્ટિનું ઊંચામાં ઊંચું તત્ત્વ તો બની શકતું નથી જ. આ બંનેને આપણે ભેગાં કરી શકીએ છીએ, સૌન્દર્ય અને આનંદની દૃષ્ટિ દ્વારા આપણે નીતિની દૃષ્ટિને વિશાળ કરી શકીએ છીએ અને નીતિમાં કઠોરતા અને કઠિનતા પ્રત્યેનો જે ઝોક હોય છે તેને

સુધારવા માટે વિનમ્રતા, પ્રેમ, પ્રસન્નતા, નીતિની આ આનંદપ્રદ બાજુને તેમાં લઈ આવી શકીએ છીએ. એવી જ રીતે આપણી જીવનના આનંદની જે સાધના છે તેને તેમાં જરૂર એવું સંકલ્પશકિત, કઠોરતા અને આત્મ-સંયમનું તત્ત્વ ઉમેરીને સુસ્થિર બનાવી શકીએ છીએ, તેને દોરી શકીએ છીએ તેમ જ બળવાન બનાવી શકીએ છીએ. આ સંકલ્પશકિત, કઠોરતા અને આત્મ-સંયમ આપણી આનંદની સાધનાને સ્થાયિત્વ અને વિશુદ્ધિ આપી શકે છે. આપણા મનોમય સ્વરૂપમાં રહેલી આ બે શકિતઓ તે વિશ્વમાં શકિતનું જે મૂળતત્ત્વ છે તથા આનંદનું જે મૂળતત્ત્વ છે તેના જ પ્રતિનિધિ રૂપે આપણામાં આવી રહેલી છે — આ બે માટેના ભારતીય શબ્દો 'તપસ' અને 'આનંદ'* આ વસ્તુનો અર્થ વધારે ગહન અને સ્પષ્ટ રીતે બતાવી આપે છે — અને એ બંને આ રીતે એકબીજાને મદદ રૂપ બની શકે છે. આનંદની મદદ દ્વારા તપસ વધારે સમૃદ્ધ બને છે અને તપસ દ્વારા આનંદ પોતાની વધારે મોટી અભિવ્યકિત સાધી શકે છે. પણ આ બેની વચ્ચે આટલું પણ સમાધાન બની આવે એ માટે એક આથી પણ ઊર્ધ્વ પ્રકારના તત્ત્વે આવીને આ બંને શકિત-ઓને પોતાના હાથમાં લેવાની રહે છે તથા તેમને આલોકિત કરવાની રહે છે. એ ઊર્ધ્વ તત્ત્વ આ બન્ને તત્ત્વોને એકસરખી રીતે સમજી શકે તથા તેમના મર્મમાં પહોંચી શકે એવી શકિત ધરાવતું હોવું જોઈશે તેમ જ એ બન્ને શકિતઓ શા માટે સરજાયેલી છે તથા તેમનામાં કઈ શકયતાઓ રહેલી છે એ વસ્તુને પણ તે તટસ્થ ભાવે અલગ અલગ તારવી શકે તેમ જ તેમનું મિશ્રણ કરી આપી શકે તેવું તે હોવું જોઈશે. આ ઊર્ધ્વ તત્ત્વ તે માનવને મળેલી તર્ક-શકિત તથા બુદ્ધિ રૂપે આપણને આપવામાં આવેલું છે એમ લાગે છે. અને આપણને જણાશે કે આપણી આ જે ઉચ્ચોચ્ચ શકિત છે તેને જ આપણી પ્રકૃતિના મૂર્ધાભિષિકત રાજા બનવાનો હક છે.

---

* તપસ તે જે વિશ્વરૂપ તત્ત્વે સૃષ્ટિને ઉત્પન્ન કરી છે, તેમ જ તેને જે ટકાવી રહ્યું છે તથા નિયંત્રી રહ્યું છે તેની જ એક વધુ ને વધુ શકિતરૂપ હોતી સજ્ઞાન શકિત છે. એની અંદર બળ, સંકલ્પ, શકિત, સત્તા, તેમ જ હરેક રીતની સકિય અને સકિયતાપ્રેરક વસ્તુઓનો સમાવેશ થાય છે. આનંદ એ વિશ્વરૂપ ચેતન અને મુદ્દાની જ મૂળરૂપ પ્રકૃતિ છે. અને એ સકિય બનતાં, પોતે આત્મ-સર્જન અને આત્મ-અનુભૂતિનો આનંદ બની રહે છે.

પ્રકરણ અગિયારમું

જીવનના નિયામક તરીકે તર્ક

મનુષ્યની ઉત્ક્રાંતિના વર્તમાન તબક્કે આંતરિક અને બાહ્ય જીવનની વ્યવસ્થા તરીકે બૌદ્ધિક સંકલ્પનો ઉપયોગ કરતો તર્ક નિઃશંકપણે એ તેના ઉચ્ચ વિકસિત કરણ તરીકે છે. આપણા માનવ અસ્તિત્વની જટિલતામાં સંચાલન કરતું અને આત્મ-સંચાલન કરતું એ સાર્વભૌમ કરણ છે. મનુષ્ય પોતાના જીવનના નિયમની સંશોધનની શક્તિ, પોતાનાં તત્ત્વ અને કાર્યો, વ્યવસ્થા અને આત્મ-વિકાસનો સિદ્ધાંત જે તેના નૈસર્ગિક અસ્તિત્વનો પ્રથમ સહજ વૃત્તીય, મૌલિક, યાંત્રિક દૃષ્ટિએ આત્મ-સંચાલક નિયમ છે. જે નિયમની એ અપેક્ષા રાખે છે એ નિશ્ચિત નૈસર્ગિક આદર્શની અપ્રગતિશીલ અને અપરિવર્તનશીલ વ્યવસ્થા કે તેની પરિવર્તનની પ્રક્રિયામાં નિમ્નવર્તી જીવનમાં આપણે યાંત્રિક ઉત્ક્રાંતિ જોતા નથી. આ યાંત્રિક ઉત્ક્રાંતિ કયા તત્ત્વની ઉત્ક્રાંતિ થાય છે તેના જ્ઞાન અને તેના સભાન સહકાર વિના તથા વ્યક્તિના આંતર તત્ત્વ કરતા જૂથમાં એ ક્રિયાશીલ છે. મનુષ્ય બૌદ્ધિક શાસનની શોધ કરે છે જે શાસનનો એ પોતે જ માલિક, સંચાલક અથવા કંઈ નહિ તો આંશિક રીતે મુક્ત વહીવટકર્તા થશે. તે એવી પ્રગતિશીલ વ્યવસ્થાનો ખ્યાલ કરી શકે એ દ્વારા પોતાની શક્તિઓની મૂળ મર્યાદા અને કામગીરીથી પર જઈ વિકાસ સાધી શકે. એ એવી બૌદ્ધિક ઉત્ક્રાંતિનો આરંભ કરી શકે જેને એ પોતે જ નિર્ધાર કરે, અથવા કંઈ નહિ તો જાગૃત સાધન બને અને તેથી વધુ સહકારી અને સતત સંપર્કમાં રાખવામાં આવતા પક્ષ તરીકે રૂપ આપે. બાકીનું પાર્થિવ અસ્તિત્વનો તેના સ્વરૂપ દ્વારા જુલ્મ થાય છે. અને નિઃસહાયપણે તેને ગુલામ બનાવવામાં આવે છે, પરંતુ મનુષ્યની સહજ વૃત્તિ જ્યારે તેને પૌરુષત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે પોતાના સ્વરૂપના માલિક બનવા અને મુક્ત રહેવાની છે.

બધું નિસર્ગનું કાર્ય છે અને આ પણ નિસર્ગ જ છે એ શંકા વિનાનું છે. તેની માનવતાના બંધારણરૂપે આત્મતત્ત્વના સિદ્ધાંતમાંથી અને તેને નૈસર્ગિક હોય અને પ્રક્રિયાઓ જેની એ સિદ્ધાંત દ્વારા સ્વીકૃતિ મળી હોય તે દ્વારા ગતિશીલ

બને છે. પરંતુ તે નિસર્ગનો દ્વિતીય પ્રકાર છે, એ આત્મતત્ત્વનો એવો તબક્કો છે જેમાં નિસર્ગ વ્યક્તિમાં આત્મ-સભાન બને છે, અને પોતાની સુપ્ત શક્તિઓ અને આત્મા સાથે જાગૃત પ્રયોગ કરવો, ઉપયોગ, વિકાસ, પરિવર્તન અને જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આ પરિવર્તનમાં મહત્ત્વની આત્મ-શોધ વચ્ચે જણાય છે. જડતત્ત્વ અને જીવનના પ્રથમ મનોવલણમાં અમુક છુપાએલું છે. પ્રાણીમાં મનનું અસ્તિત્વ હોવા છતાં એ સ્પષ્ટ રીતે પ્રગટ થયું નથી. વસ્તુઓમાં આત્માની હાજરી જણાય છે. આત્મા પ્રથમ નૈસર્ગિક અને બાહ્ય કામગીરીઓમાં છુપાયેલો, મશગૂલ અને સપાટી પર છેક આત્મવિસ્મૃતિને વશ રહ્યું છે. પછીથી પ્રાણીમાં બન્યું છે એમ ઉપરછલ્લી રીતે અમુક માત્રામાં સભાન છે; આમ છતાં તેની સમજૂતી તથા બુદ્ધિ નહિ પરંતુ નૈસર્ગિક કામગીરી પ્રતિ નિઃસહાય છોડી દેવામાં આવ્યું છે. તેથી એ પોતાની જાતને અને તેની ગતિને સંચાલિત કરી શકતો નથી. પરંતુ આખરે માનવ જન્મમાં એ પોતાની ચેતનાને સ્વયં આકિત બનાવે છે, જાણવા શોધખોળ કરે છે અને વ્યક્તિમાં સંચાલન કરવા પ્રયાસ કરે છે. તેના સ્વરૂપની કામગીરી તથા વ્યક્તિ અને તર્ક તથા અનેક વ્યક્તિની શક્તિના સંયોજન દ્વારા માનવજાતિમાં તથા ભૌતિક વસ્તુઓમાં બને ત્યાં સુધી નિસર્ગની કામગીરીને સંચાલિત કરાય છે. વસ્તુ અને આત્મતત્ત્વ પર ચેતનાનો વળાંક જે મનુષ્યમાં પ્રતિબિમ્બિત થયો છે એ નિસર્ગમાં આત્માની પાર્થિવ ઉત્ક્રાંતિમાં લાંબી અને વિકસિત મહાન કટોકટી રહી છે. પ્રાણીના સભાન જીવનની અભિવ્યક્તિ શક્ય બની એ પૃથ્વીના ભૂતકાળમાં તેના અગાઉ અન્ય હતા. એમાં ભવિષ્યમાં અભિપ્રેત એનું અવશ્ય બીજું તત્ત્વ હશે જેમાં ઉચ્ચ આધ્યાત્મિક અને અતિમાનસિક ચેતના ઉદ્‌ભવશે અને મનનાં કાર્યો પર વળશે. પરંતુ વર્તમાનમાં તે ક્રિયાશીલ છે; આત્મા અને જીવનની બૌદ્ધિક વ્યવસ્થા પ્રાપ્ત કરવા મનતત્ત્વમાં સ્વયં ચેતન આત્મા, મનોમય પુરુષ પ્રયાસ કરે છે અને માનવ-સાધનની સુપ્ત શક્તિઓ, અનિશ્ચિત, કદાચ અનંત વિકાસનું સામર્થ્ય પ્રાપ્ત કરવા એ પ્રયાસ કરે છે.

જ્ઞાનનાં સાધનોમાં મનુષ્યમાં બૌદ્ધિક તર્ક એ એક જ નથી. સમગ્ર કાર્ય, પ્રત્યક્ષ, સૌંદર્ય અને રસ તથા સંવેદન, સમગ્ર પ્રેરણા અને સંકલ્પ, કલ્પના અને સર્જનમાં સાર્વત્રિક, જ્ઞાનનું બહુમુખી સામર્થ્ય કામ કરતાં જોવાય છે. અને આ જ્ઞાનના પ્રત્યેક સ્વરૂપ કે શક્તિના તેના સ્પષ્ટ સ્વરૂપ અને કાયદાને અંતર્ગત પોતાની વ્યવસ્થા અને ક્રમનો સિદ્ધાંત, અને પર્યાપ્ત તર્કશાસ્ત્ર રહ્યું છે. જો આ બધી હીલચાલ પર બૌદ્ધિક તર્કનું નિયંત્રણ હોય તો નિસર્ગના કાયદા, વ્યવસ્થા અને ક્રમ તેને ફાળવવામાં આવે તો તેની સાથે તાદાત્મ્યતા સાધી શકશે નહિ અને તેને અનુસરવાની તેને આવશ્યકતા જણાતી નથી. પરંતુ અન્ય

ઉપર બુદ્ધિને એટલો લાભ રહ્યો છે કે એ કાર્યમાંથી વિભિન્ન બની પાર્શ્વ-ભૂમિમાં સ્થિર રહી તેનો નિસ્પૃહી અભ્યાસ અને સમજૂતી મેળવે છે, તેની પ્રક્રિયાઓનું વિશ્લેષણ કરે છે અને તેના સિદ્ધાંતોને વિમુક્ત કરે છે, જીવંત તત્ત્વની બીજી કોઈ શક્તિ કે તેનું કારણ આ કાર્ય કરી શકે નહિ; કારણ કે પ્રત્યેક પોતાના કાર્ય માટે અસ્તિત્વ ધરાવે છે, જે કાર્ય કરે છે તેનાથી સીમિત છે, તર્ક તેની પર, બાજુમાં કે અંતર્ગત જોઈ શકે છે તેમ તે જોઈ શકતું નથી. પ્રત્યેક પરિબળમાં અંતર્નિહીત રહેલો જ્ઞાનનો સિદ્ધાંત એ પરિબળના કાર્યમાં સમાવિષ્ટ છે અને તેની સાથે ગતિ કરે છે. એ જ્ઞાનના સિદ્ધાંતને આકાર આપવામાં મદદરૂપ બને છે, પરંતુ એ પોતાની રચનાઓથી પોતે જ મર્યાદિત બને છે. એ જ્ઞાન માટે નહિ પરંતુ કાર્યની પરિપૂર્ણતા માટે અસ્તિત્વ ધરાવે છે. અથવા એ કાર્યના ભાગ તરીકે જ્ઞાનને માટે રહેવા પામે છે, વધુમાં તેને માત્ર વિશિષ્ટ કાર્ય સાથે સંબંધ છે અથવા ક્ષણજીવી કામ સાથે તેને નિસ્બત છે. અને ચિંતનાત્મક દૃષ્ટિએ પશ્ચાત્ કે બૌદ્ધિક રીતે આગામી દૃષ્ટિએ જોતું નથી અથવા સ્પષ્ટ અનુબંધની શક્તિથી અન્ય કાર્યો તરફ જોતું નથી. જીવંત તત્ત્વની અન્ય વિકાસ પામેલી શક્તિઓ જેવી કે પ્રાણમય કે માનવ-સહજ વૃત્તિ — જેમાં તર્કના પ્રશ્નોને લીધે માનવ-સહજ વૃત્તિ વિઘ્ન રહ્યું છે તેથી તે ઊતરતી છે. તેમાં ભૂતકાળના અનુભવ, સહજ વૃત્તીય આત્મ-અનુકૂલનનું પોતાનું બળ સાથે લે છે. જે ખરેખર તો સંઘરેલું જ્ઞાન છે. અને ક્યારેક આ સંગ્રહને એટલા દૃઢપણે સંઘરી રાખે છે કે પેઢી દર પેઢી મુકરર વારસા તરીકે તેનું સંક્રમણ થાય છે. પરંતુ આ સઘળું સહજ હોવાને કારણે અને ચિંતના-ભિમુખ થયું નથી તેથી પોતાની કામગીરી માટે જીવનને ખરેખર ઘણું ઉપયોગી છે. પરંતુ જ્યાં સુધી તર્ક પોતાના કામ માટે તેને પ્રયોજતું નથી ત્યાં સુધી તેને તે ઉપયોગી નથી. કારણ કે એ હેતુ માટે મનુષ્યના ખ્યાલમાં સચેતન્ આત્મા દ્વારા બળની કામગીરીથી બૌદ્ધિક, પ્રયોગાત્મક પ્રભુત્વ, બૌદ્ધિક આત્મા-વલોકન, મુક્ત, તાર્કિક અને બૌદ્ધિક અનુબંધ દ્વારા નિસર્ગના આત્મા સાથેના સંબંધોની અભિનવ વ્યવસ્થા સ્થાપવાનો છે.

બીજી બાજુ જ્ઞાનની ખાતર તર્ક અસ્તિત્વ ધરાવે છે. કાર્યથી દોરાઈ જવામાં એ પોતાની જાતને રોકી શકે છે, તેની પાછળ ખડું રહી શકે છે, બૌદ્ધિક રીતે તેનો અભ્યાસ કરે, સ્વીકાર, નકાર, સુધારો, ફેરફાર, વધારો, મિશ્રણ અને ક્રિયામાં પરિબળોની કામગીરી અને શક્તિઓને મિશ્રિત અને પુનઃમિશ્રિત કરી શકે છે. એ અહીં દમન કરી શકે છે, બીજામાં રાચે છે અને બૌદ્ધિક, બુદ્ધિગમ્ય, સંકલ્પિત અને વ્યવસ્થિત પૂર્ણતા પ્રત્યે પ્રયત્ન કરે છે. તર્ક એ વિજ્ઞાન છે, એ જાગૃત કળા છે, એ શોધ છે, એ નિરીક્ષણ છે અને ગ્રહણ કરીને હકીકતોના સત્યને

ગોઠવી શકે છે. એ ચિંતન છે અને સુષુપ્તિના સત્યને ઘોષિત કરે છે અને તેને કાઢી શકે છે. એ ખ્યાલ છે અને તેની પરિતૃપ્તિ છે, તે આદર્શ છે અને ફળદાયી બનાવવા પ્રયત્ન કરે છે. તુરતજના આભાસમાં એ સાંગોપાંગ જોઈ શકે અને તેમાં છુપાયેલાં સત્યોને એ પ્રગટ કરે. બધી ઉપયોગિતાઓને બાજુએ મૂકીને નિસ્પૃહીપણે સત્યની તેની ખાતર શોધ કરે અને એ શોધીને સમગ્ર જગતને નવી શક્ય વહેવારુ-ઉપયોગિતાઓને વ્યકત કરે. તેથી એ એવી સાર્વ-ભૌમ શકિત છે. જેથી મનુષ્ય આત્મ-સમ્મોહિત થયો છે, પોતાનાં જ પરિબળોનો એ શિષ્ય અને ગુરુ બન્યો છે. તેની અંદર રહેલા દેવોએ, એ આ એક દેવ પર પોતાના આરોહણમાં મદદ માટે વળે છે; પૌરાણિક રૂપકના એ પ્રોમિથિયસ રહ્યા છે. એ સહાયક, ઉપદેશક, પ્રગતિકારક મિત્ર અને માનવજાતિના સંસ્કારદાતા છે.

આમ છતાં તાજેતરમાં બુદ્ધિના આ સાર્વભૌમત્વ સામે માનવમનનો ગણનાપાત્ર વંટોળ જાગ્યો છે. આપણે કહીએ કે બુદ્ધિને પોતાની સાથે જ અસંતોષ છે. બુદ્ધિની પોતાની જ મર્યાદાઓ, વધુ સ્વતંત્રતા આપવાના આશયો અને આપણી પ્રકૃતિની અન્ય શકિતઓને વ્યાપક અગત્ય આપવામાં જ તેને પોતાને અસંતોષ છે. મનુષ્યમાં બુદ્ધિનું સાર્વભૌમત્વ એ ખરેખર અપૂર્ણ રહ્યું છે. વાસ્તવમાં એ હેરાનગતિવાળું, મથામણ કરનું, ઘર્ષણ કરનું અને વારંવાર નિષ્ફળ બનેલું શાસન છે. આમ છતાં કુળની ઉત્તમ બુદ્ધિશકિત દ્વારા અધિપતિ અને ધારાના ઘડવૈયા તરીકે આવકાર્યા છે, તેનો વ્યાપક રીતે જાણીતો એકમાત્ર હરીફ એ શ્રદ્ધા છે. તર્ક એ ધર્મની બાબત સમક્ષ શાંત રહેવો જોઈએ અથવા છેક એવાં ક્ષેત્રો છે કે જ્યાં તર્કનું પ્રયોજન ટકી શકતું નથી. અને જ્યાં ફકત શ્રદ્ધાના સૂરને જ સાંભળવો જોઈએ એવા દાવામાં ફકત ધર્મ જ વધુ સફળ થયો છે. પરંતુ થોડો સમય ધર્મને પણ તેનો નિરપેક્ષ ઘમંડ જતો કરવો પડયો હતો અને તેમાં ઓટ આવી હતી. બુદ્ધિના સાર્વભૌમત્વ પાસે ધર્મને નમવું પડયું હતું. જીવન, કલ્પના, ભાવના, નૈતિક અને સૌન્દર્યાત્મક જરૂરિયાતોએ પોતાની ખાતર વારંવાર અસ્તિત્વનો દાવો કર્યો છે અને પોતાના સ્વરૂપને અનુસરે છે. વાસ્તવિક રીતે મહદ્ અંશે તેમના દાવાને કાર્યશીલ બનાવ્યો છે; પરંતુ તર્કના એકપક્ષી નિયંત્રણ અને દેખરેખ હેઠળ સામાન્ય રીતે કામ કરવાની તેમને ફરજ પડી છે અને તેને ન્યાયાધીશ અને નિર્ણાયક તરીકે તેને એ બાબતો સોંપવામાં આવે છે. જાતિ વૈચારિક મન હવે સવાલ પૂછવા તરફ વળ્યું છે. અને બુદ્ધિની શકિતઓ દ્વારા ગ્રહણ કરવા અને સંચાલન કરવા વ્યાપક, પ્રગલ્ભ, જટિલ અને રહસ્યમય અસ્તિત્વ તો નથી એમ એ પૂછવા લાગ્યું છે. અસ્પષ્ટ રીતે એવું લાગ્યું છે કે તર્ક કરતા કોઈ વધુ મહાન અધિષ્ઠાતા દેવ છે.

કેટલાક ચિંતકોના મત પ્રમાણે આ અધિષ્ઠાતા દેવ એ જીવન પોતે

અથવા તો જીવનમાં રહેલો છૂપો સંકલ્પ છે; તેમનો દાવો એવો છે કે જીવન-તત્ત્વે જ શાસન ચલાવવું જોઈએ અને બુદ્ધિ જ્યાં સુધી જીવનતત્ત્વના દાસ તરીકે રહે છે ત્યાં સુધી એ ઉપયોગી છે; જીવન એ તર્કના આપખુદી નિયમન દ્વારા યાંત્રિક ન બનવું જોઈએ તેમ તેનું અગત્ય ઘટાડી નાખવું જોઈએ નહિ અને તેનું દમન પણ ન થવું જોઈએ. જીવનમાં ઘણી વધુ શકિતઓ રહી છે જેને વધુ મુકત ગતિ આપવી જોઈએ; કારણ કે જીવનતત્ત્વ જ એવું છે જે ઉત્ક્રાંતિ અને સર્જન કરે છે. બીજી બાજુ એવું જણાયું છે કે તર્ક એ ભેદ દર્શાવવા અને વર્ગીકરણ તથા તેના પર આધારિત નિશ્ચિત નિયમો રચવામાં વધુ પડતા પૃથક્કરણાત્મક, આપખુદી છે કે જીવનને વિકૃત બનાવી દે છે. અસ્તિત્વના આંતરતલમાં વધુ સૂક્ષ્મ રીતે અંતઃસ્ફુરણા કે અન્યની વધુ પ્રગલ્ભ અને વ્યાપક શકિત છે એમ જણાયું છે. અસ્તિત્વનાં ઊંડાણો અને ઊંડાણો સાથે આ વધુ વ્યાપક અંગત શકિત વધુ ઐક્ય ધરાવે છે અને જીવનનાં અવિભાજ્ય સત્યોને આપણા હાથમાં મૂકવા વધુ શકિતમાન છે. તેની મૂળગામી સત્તાઓ તેના કૃત્રિમ અને યાંત્રિક સ્વરૂપ અને હાર્દમાં નહિ પરંતુ અસ્તિત્વમાં છુપાયેલા સંકલ્પ અને વ્યાપક, સૂક્ષ્મ અને અનંત પદ્ધતિઓ સાથેની મુકત સંવાદિતામાં રહેલા દિવ્ય તત્ત્વને ક્રિયાશીલ કરવામાં શકિતમાન નીવડે છે. વસ્તુતઃ માનવ મનનો વૃદ્ધિ પામતો આત્મલક્ષીવાદ આત્માના સાર્વભૌમ દૈવત્વ જે પોતાના સચિવોમાંના એકને તર્ક તરીકે ઉપયોગમાં લે પરંતુ બુદ્ધિની સુષુપ્ત શકિતઓ અને અસ્તિત્વના આચરણની ઉપરછલ્લી બાબતોમાં સીમિત કર્યા વિના પોતાની બુદ્ધિને એ તાબે કરી શકે નહિ એ સત્યને ઝાંખી રીતે જોવાની શરૂઆત કરી છે.

તર્કની શુદ્ધ અને લાક્ષણિક ઉચ્ચ શકિત એ યથાર્થ જ્ઞાન પાછળની નિઃસ્વાર્થ શોધ છે. જ્યારે જ્ઞાનની શોધ જ્ઞાન ખાતર થાય છે ત્યારે જ આપણે સાચા જ્ઞાનને પ્રાપ્ત કરી શકીએ છીએ. પછીથી આપણે તે જ્ઞાનનો જુદા જુદા ધ્યેયો માટે ઉપયોગ કરીએ; પરંતુ જો આરંભથી આપણી દૃષ્ટિ સમક્ષ ચોક્કસ નિશ્ચિત ધ્યેયો હોય તો આપણે આપણી બૌદ્ધિક પ્રાપ્તિને મર્યાદિત કરીએ, વસ્તુઓના આપણા ખ્યાલને સીમિત કરીએ. નિશ્ચિત ખ્યાલ કે ઉપયોગિતાના માળખામાં તેને નાખવામાં આવે છે તેથી તેના સત્યને વિકૃત બનાવીએ અને એ નિશ્ચિત ખ્યાલ કે ઉપયોગિતા સાથે જે સંઘર્ષમાં આવે તેને નકારી કાઢીએ કે તેને અવગણીએ, એમ કરવાથી જેમ પ્રાણીઓમાં અમુક ધ્યેયને પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત મર્યાદાઓમાં સહજવૃત્તિ વધુ શકિતથી કામ કરે છે અને છતાં એ મર્યાદાઓની બહાર એ નિઃસહાય બની જાય છે તેમ આપણા ખ્યાલની અંતર્ગત વિચાર કે ઉપયોગિતાની મર્યાદાઓની અંદર વધુ તેજસ્વી શકિતથી તર્કને ક્રિયાશીલ બનાવી શકીએ. ખરેખર સામાન્ય મનુષ્ય અમુક ફાયદાને પ્રાપ્ત કરવા જીવનનાં જરૂરી

વ્યવહારુ હિત જાળવવા પ્રચલિત અને સંક્રમિત કરેલી તર્કની પ્રક્રિયાનું ભાગ્યે જ તેજસ્વી છતાં વિશેષ ઉપયોગિતા પ્રાપ્ત કરવા જેમ પ્રાણી તેના વારસાગત અને સંક્રમિત સહજવૃત્તિનો ઉપયોગ કરે છે તેમ એ તેના તર્કનો ઉપયોગ કરે છે. અમુક પસંદગી કરેલા વિચારોમાંથી નિગમન તારવવાના કાર્ય માટે ચિંતનશીલ મનુષ્ય પોતાના તર્કને સાધારણ રીતે મર્યાદિત કરે છે. આ પસંદ કરાયેલા વિચારોને જે ઉપયોગી નીવડતું નથી અથવા તેને યથાર્થ ઠેરવે, મદદરૂપ બને તેમ નથી અથવા તેને નિષેધ કરે કે તેમાં સુધારો લાવે તેને એ અવગણે છે અથવા તેનો તિરસ્કાર કરે છે. આનો અપવાદ એટલો જ કે જીવનતત્ત્વ પોતે જ ફરજ પાડે અથવા તેનાં જોખમ તેની અનિવાર્યતાને ઘડીભર અવગણે અથવા વ્યક્તિને સુધારાવધારા સ્વીકારવા સામે ચેતવે. મનુષ્યનો તર્ક સાધારણ સંજોગોમાં આવી મર્યાદાઓમાં કાર્ય કરે છે. મનુષ્ય સામાન્ય રીતે અમુક હિતને કે હિતોના નિશ્ચિત ક્રમને અનુસરે છે. તે જીવનના અને અસ્તિત્વના સત્યને, નીતિશાસ્ત્રના, સૌન્દર્ય, તર્ક અને આત્માના સત્યને નકારે છે. જે પસંદ કરેલા અભિપ્રાયો અને અભિરુચિઓ સાથે સંઘર્ષમાં જણાય છે તેને દૂર હડસેલે છે, અવગણે છે અને છૂંદી નાખે છે. જો તે આ વિદેશી તત્ત્વોને ઓળખી કાઢે તો એ સાધારણ રીતે જે વ્યવહારમાં નથી કે તેની વિકૃતિ કરે નહિ, પરંતુ તેનાં પરિણામોને શૂન્ય બનાવે, તેના આત્માને ભ્રષ્ટ કરનાર અને તેના મહત્ત્વને ક્ષીણ કરી નાખનાર છે. આ સાધારણ મનના* અભિપ્રાયો, પરંપરાગત વિચારો, પૂર્વગ્રહો, વાસનાઓ, સહજવૃત્તિઓ, જરૂરિયાતો અને અભિરુચિઓને તાબે થવું એ માનવ અસ્તિત્વની અતાર્કિકતા છે.

પરંતુ જે મનુષ્ય પણ વિચારો દ્વારા પોતાના જીવનનું સંચાલન કરવા શક્તિમાન છે, જે એવી પ્રતીતિ કરે છે કે પોતાના અથવા બધાના આંતર સ્વરૂપોનાં સ્પષ્ટ રૂપે વિચારેલાં સત્યો અને સિદ્ધાંતોને અભિવ્યક્ત કરવાં જોઈએ અને અન્ય પાસેથી આ શું છે તેને જાણવા અથવા શોધી કાઢવા પ્રયત્ન કરે છે એ મહદ્ અંશે પોતાના તાર્કિક મનના ઉચ્ચતમ, સ્વતંત્ર અને નિઃસ્પૃહી ઉપયોગ માટે શક્તિમાન હોતો નથી. જેમ અન્ય માણસો તેમનાં હિતો, પૂર્વગ્રહો કે વાસનાઓના જુલ્મને વશ છે તેમ એ વિચારોના જુલ્મને વશ થાય છે. વસ્તુતઃ એ આ વિચારોને

---

* મનુષ્યની અંદર રહેલું સાધારણ મન એ ખરેખર જોતાં યથાર્થ ચિંતન પ્રધાન મન નથી. એ પ્રાણ સ્વરૂપ મન છે અથવા આપણે તેનું નામ આપીએ તો જૈવિક મન છે. જૈવિક મન વિચારતાં અને તર્ક કરતાં જાણે છે. પરંતુ એ જ્ઞાન પ્રધાન યથાર્થ મનને માટે નહિ પરંતુ તેના પોતાના લક્ષ્ય અને પોતાના હેતુને માટે એ પ્રવૃત્તિશીલ છે.

અંગત હિતમાં ફેરવે છે. પોતાના પૂર્વગ્રહો અને વાસનાઓથી આવરી દે છે અને તેના અંગે મુકતપણે ચિંતન કરી શકતો નથી. એક વસ્તુને બીજી સાથે પરસ્પર શો સંબંધ છે અથવા તેની મર્યાદાઓ બાંધવા, ભિન્ન અને વિરોધી વિચારો અને તેમનું અસ્તિત્વ અને તેમના અધિકારો નિરૂપવામાં એ અશકિતમાન નીવડે છે. આમ આપણે સતત જોઈએ છીએ કે વ્યકિતઓ, માનવીઓના વિશાળ જૂથો અને સમગ્ર પેઢીઓ નિશ્ચિત નૈતિક, ધાર્મિક, સૌન્દર્યાત્મક અને રાજકીય વિચાર કે વિચારોના ગુચ્છથી દોરવાઈ જાય છે. તેઓ તીવ્ર ઉત્કટતાથી એકતા પ્રાપ્ત કરે છે, અંગત હિત રહ્યું હોય તેમ તેની શોધ કરે છે, જીવનના શાશ્વત નિયમ અને વ્યવસ્થિત એકમ બનાવવા યત્ન કરે છે. નૈતિક, ધાર્મિક, સૌન્દર્યાત્મક અને રાજકીય વિચારોના કાર્યના પ્રવાહમાં એ તણાઈ જાય છે અને ખરેખર અસ્તિત્વના યથાર્થ જ્ઞાન તથા તેના યોગ્ય અને સ્વસ્થ સંચાલન માટે મુકત નિષ્પક્ષ તર્કનો ઉપયોગ કરતા નથી. અમુક હદ સુધી વિચારો પરિપૂર્ણ થયા છે, થોડા સમય પૂરતો તેઓ વિજય પ્રાપ્ત કરે છે, પરંતુ તેમની સફળતા જ નિરાશા અને ભ્રાંતિ લાવે છે. આ બને છે તેનું પ્રથમ કારણ એ છે કે એ મનુષ્યની અતાર્કિક અને નિમ્ન કક્ષાના સાથે કરાર અને સમાધાનો કરવામાં માત્ર સફળ થાય છે. આ અતાર્કિક અને માનવજીવનની નિમ્ન કક્ષા વિચારોની યોગ્યતાને ઘટાડી નાખે છે અને તેમની તેજસ્વિતા તથા પ્રતિભાને ઝાંખી પાડી નાખે છે. વિચારોનો વિજય મહદ્ અંશે અવાસ્તવિક પુરવાર થાય છે. અને શ્રદ્ધા તથા ઉત્સાહ તેમના પક્ષને વિજય અપાવે છે તેમના પર શંકા અને ભ્રમણાની અસર પડે છે. અને કદાચ એવું ન બને તો વિચારો પોતે એકપક્ષી અને અપર્યાપ્ત હોય છે. તેમનો વિજય એ માત્ર એકપક્ષી હોતો નથી પરંતુ જો તેમનો વિજય સંપૂર્ણ હોત તો પણ તે જીવનનું સર્વાંગી સત્ય ન હોવાને લીધે અને તેથી જીવને સંપૂર્ણ બનાવે તથા સુરક્ષિતપણે સંચાલિત નહિ કરી શકવાને લીધે તે નિરાશ કરશે. સૂત્રો અને વ્યવસ્થાઓ જે તર્ક જીવન પર ઠોકી બેસાડવા ઇચ્છે છે તેમાંથી જીવન છટકી જાય છે. એ ઘણી જટિલ, અનંત અંતર્હિત શકિતથી ભરપૂર છે કે મનુષ્યની આપખુદી બુદ્ધિથી તેના પર જુલ્મ ગુજારી શકાય તેમ નથી.

અંતમાં સર્વ માનવ વ્યવસ્થાઓ નિષ્ફળ થઈ છે તેનું કારણ આ છે, કારણ કે આવી વિચાર વ્યવસ્થાએ તર્કને જીવનમાં પ્રયોજિત કરવાનાં એકપક્ષી અને અસ્પષ્ટ સ્વરૂપો છે. તદુપરાંત, જ્યાં આવી વિચાર વ્યવસ્થાઓ ઘણી સ્પષ્ટ અને તાર્કિક હોય ત્યાં પણ આવી વ્યવસ્થાઓએ પોતાના વિચારો જીવનના સમગ્ર સત્ય હોવાનો દંભ કર્યો છે અને જીવનમાં પ્રયોજિત કરવાનો પ્રયાસ કર્યો છે. આવું બની શકે તેમ નથી; અને અંતમાં જીવનનાં પરિબળોએ તેમને તોડી નાખ્યું છે અથવા તેમની કક્ષા ઉતારી નાખી છે અને અગણિત વ્યાપક

ગતિમાં તેને ફેરવી નાખી છે. આમ માનવજાતિ પોતાની અભિરુચિઓ અને વાસનાઓને યથાર્થ ઠરાવવા તર્કની મદદ લે છે. આ રીતે કાર્ય પ્રત્યે અપૂર્ણ, મિશ્ર અને એકપક્ષી તાર્કિકતાના વહોરુને તાબે થઈ, એકાંગી સત્યોથી જીવનની જટિલ સમગ્રતાઓનું સંચાલન કરવા પ્રયાસ કરે છે, પ્રત્યેક પ્રયોગ પર ઠોકર ખાધી છે. તર્કની મદદથી માનવજાતિ એમ માને છે કે કિરીટને એ પ્રાપ્ત કરવામાં જ છે અને એમ લાગ્યા કરે છે કે જે પ્રાપ્ત કરવાનું છે, તેનો નહિવત્ અંશ કે શૂન્ય મેળવ્યું છે. જીવનનાં પરિબળોને તર્ક પ્રયોજિત કરવામાં પ્રકૃતિ દ્વારા માનવજાતિને ફરજ પડી છે. પરંતુ પોતામાં એ મર્યાદિત છે અને માત્ર એકપક્ષી તાર્કિકતાવાળું છે. તથા નિમ્ન સત્યોના હલ્લાથી એ ગૂંચવાઈ ગઈ છે અને અન્ય કશું કરી શકતી નથી. કારણ કે પરિમિત, અપૂર્વ માનવતર્કને પોતાનો આત્મપર્યાપ્ત પ્રકાશ નથી, તેને નિરીક્ષણ, પ્રયોગ, પ્રવૃત્તિ, ભૂલ અને અડચણોમાંથી પસાર થઈને વ્યાપક અનુભવ પ્રતિ જવાની ફરજ પડે છે.

પરંતુ નિષ્ફળતાના આ સાતત્યની પાછળ પોતાની મુશ્કેલીઓ પર વિજય મેળવવામાં મનુષ્યના તર્કનો અંત આવશે એ શ્રદ્ધા ચાલુ રહી છે, એ પોતાના સ્વરૂપને વિસ્તૃત અને શુદ્ધ કરશે, પોતાના કામ માટે એ પર્યાપ્ત બને અને ક્રાંતિકારી જીવનનું નિયંત્રણ અંકુશમાં રાખવાનું કાર્ય એ તર્કને સોંપશે, જગતના અવરોધકારી કાર્યને દૂર રાખીએ તો મનુષ્યમાં વ્યક્તિગત ચિંતકનો શ્રમ રહ્યો છે અને માનવ વિચાર-કક્ષાના સામાન્ય સ્તરથી પર વધુ ઉચ્ચ અને સ્પષ્ટ વાતાવરણ તથા વધુ ઉચ્ચ ગુણવત્તા પ્રાપ્ત કરી છે, અહીં તર્કનું કાર્ય રહેલું જણાય છે. એ જ્ઞાનની શોધ કરે છે અને સત્યની ખાતર સત્યની ધીરજથી શોધ કરે છે. કોઈ પણ જાતના પૂર્વગ્રહ, વિકૃત અભિરુચિની દખલગીરી વિના પ્રત્યેક ઘટનાની પ્રક્રિયા અને તેના સિદ્ધાંત જાણવા, સર્વનું પૃથક્કરણ કરી અને અભ્યાસ કરી સત્યની શોધ કરે છે. દર્શન, વિજ્ઞાન, શિક્ષણ, તર્કયુક્ત કલાઓ, માણસના આલોચનાત્મક તર્કનો ઘણો જૂનો શ્રમ એ આ પ્રયત્નનાં પરિણામ છે. આ પ્રયત્ને અર્વાચીન યુગમાં વિજ્ઞાનની પ્રેરણા હેઠળ વિશાળ સ્વરૂપ ધારણ કર્યું, અને ફક્ત નિસર્ગની સર્વ પ્રવૃત્તિઓ માટે નહિ પરંતુ મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓ માટે પ્રવર્તમાન પ્રક્રિયાના પર્યાપ્ત નિયમ અને યથાર્થ સિદ્ધાંત આલેખવા અને સફળ રીતે તપાસવાનો ક્ષણભર દાવો કર્યો છે. તેણે મહાન વસ્તુઓને બનાવી છે, પરંતુ અંતમાં એ સફળતાને વરી નથી. માનવ-મનને એવી પ્રતીતિ થવા લાગી છે કે લગભગ પ્રત્યેક સમસ્યાનું આંતરહૃદય છોડી દીધું છે અને તેને સ્પર્શ્યું નથી. તેણે બાહ્ય રેખાઓને તથા પ્રક્રિયાઓના અમુક વિસ્તારને પ્રકાશિત કરી છે. વિસ્તૃત જ્ઞાનના વ્યવસ્થિત વર્ગીકરણ, યંત્રયુક્ત યોજના, મહાન શોધ અને વ્યાવહારિક પરિણામ થવા પામ્યાં છે, પરંતુ એ માત્ર વસ્તુઓની ભૌતિક

સપાટી પરનાં છે. સત્યનાં અગાધ ઊંડાણો એ નીચે રહ્યાં છે જેમાં અસ્તિત્વનાં યથાર્થ પ્રેરકબળો, રહસ્યમય શક્તિઓ અને છુપાયેલી નિર્ણાયક અસરો રહેલાં છે. આ ઊંડી અને મહાન વસ્તુઓનો પર્યાપ્ત ચિતાર અથવા જેમ ભૌતિક નિસર્ગનાં પરિબળોને જોકે અપૂર્ણપણે પરંતુ ઘણાં વિજયી પરિણામના દેખાવથી સમજાવવામાં અને નિશ્ચિત દિશામાં વાળવામાં સફળ થઈ છે તે બૌદ્ધિક સંકલ્પને તાબે કરશે કે નહિ એ એક પ્રશ્ન છે. પરંતુ આ અન્ય શક્તિઓ ભૌતિક નિસર્ગની શક્તિઓ કરતાં વધુ વ્યાપક, સૂક્ષ્મ, ઊંડી, વધુ ગુપ્ત, પ્રપંચી અને પરિવર્તનશીલ છે.

આપણા અસ્તિત્વને સંચાલિત કરવાના પ્રયાસમાં તર્કની સમગ્ર મુશ્કેલી એ છે કે તર્કની પોતાની મૂળભૂત મર્યાદાને કારણે જીવનની સર્વાંગી ગતિઓ અને તેની જટિલતા સાથે કાર્ય કરવામાં એ અશક્તિમાન નીવડયો છે. જુદા જુદા ભાગોમાં ભાંગી નાખવું, વત્તેઓછે અંશે કૃત્રિમ વર્ગીકરણો બનાવવાં, વિરોધી જણાય એવા મર્યાદિત પ્રદત્તોની વ્યવસ્થા રચવી, અન્ય પ્રદત્તો દ્વારા સતતપણે ફેરફાર કે સંતમ કરવા, નવીન અનિયમિત અંતર્હિત શક્તિના વંટોળના વિસ્ફોટથી ભાંગી ગયેલી નિયમિત અંતર્હિત શક્તિની પસંદગી કરવાનું કાર્ય કરવાની તેને ફરજ પડે છે. બુદ્ધિને અનુરૂપ રૂપતત્ત્વોનું જગત અને તર્કના સંપૂર્ણ કાબૂમાંથી છટકી જનું પ્રાણનું જગત એવાં બે જગતો રહ્યાં હોય એમ લાગે છે. આ બન્ને પ્રદેશો વચ્ચેના અંતરને પૂરતું સાંધવું એ તર્ક તથા બૌદ્ધિક સંકલ્પના ક્ષેત્ર અને શક્તિથી પર છે. આ કાં તો વત્તેઓછે અંશે આનુભવિક તડજોડની હારમાળા અથવા આપખુદી અને લગભગ અસંગત અથવા એકપક્ષી રીતે લાગુ પડે એવી વ્યવસ્થાઓ સર્જી શકે છે. મનુષ્યનો તર્ક જે પ્રાણતત્ત્વ સાથે મથામણ કરે છે તે કાં તો આનુભવિક અથવા તો સિદ્ધાંતલક્ષી બની જાય છે.

તર્ક પોતાની જાતને પ્રાણતત્ત્વનો ખરેખર દાસ બનાવી શકે છે, એકંદરે સામાન્ય માનવી કાર્યમાંથી જે માગણી કરે છે એ પૂરતું એ પોતાની જાતને મર્યાદિત કરે, મનુષ્યના પૂર્વગ્રહો, તેની એષણા અને અભિરુચિઓનાં સાધનો અને વાજબીપણાને દ્રવ્ય પૂરું પાડે અથવા દુઃખદાયક પરિણામો અને પ્રચંડ અવરોધોમાંથી દૂર રહેવા પૂરતો આત્મ-સંયમ અને ચેતવણીના નિયમો તૈયાર કરી આપે છે. પરંતુ દેખીતી રીતે આ તો તેની ઉચ્ચ કચેરી અથવા તેનું સિંહાસન છોડી દેવા જેવું થયું અને મનુષ્યે જે આશાથી તેની સફર શરૂ કરી તેનો વિશ્વાસઘાત કરવા જેવું છે. જીવનની હકીકતો પર પોતાની જાતને સુરક્ષિત સ્થાપવા એ પ્રયત્ન કરે એમ બને. અલબત્ત, આ નીરસપણે તેના સિદ્ધાંતો અને પ્રક્રિયાઓના નિષ્પક્ષ આલોચનાત્મક નિરીક્ષણ દ્વારા પરંતુ અજ્ઞાત તત્ત્વમાં બહુ આગળ વધવા હિંમત કરવી નહિ કે આપણા દૃશ્ય અસ્તિત્વની નજદીકની

સત્તાઓથી પર જવું નહિ એવા સમજભર્યા નિર્ણયો લઈ એ પ્રસ્થાપન કરે. પરંતુ અહીં ફરીથી એ પોતાના સ્થાનનો ત્યાગ કરે છે; કાં તો એ માત્ર વિવેચક અને નિરીક્ષક બને છે અથવા એ જ્યાં સુધી કાયદાઓ આલેખે છે ત્યાં સુધી તુરતજની અંતર્હિત શક્તિની સંકુચિત મર્યાદાઓમાં કાર્ય કરે છે તથા મનુષ્યની ઉચ્ચ સંભવિતતાઓની ગતિનો અને મનુષ્યની ઉદ્ધારક બક્ષિસ એવા આદર્શવાદનો એ ત્યાગ કરે છે. સપાટી પરની ઉપરછલ્લી પ્રાણલક્ષી અને ભૌતિક વ્યાવહારિકતાના નિયમના તાબામાં રહીને તર્કના મર્યાદિત ઉપયોગમાં મનુષ્ય લાંબા વખત સુધી સંતોષ પામી શકે નહિ, કારણ કે તેનો સ્વભાવ ઉચ્ચ શિખર તરફ ધકેલે છે. જે વસ્તુ સિદ્ધ થઈ નથી અને જે નજીકના ભવિષ્યમાં અશક્ય જણાતી હોય તેને મેળવવાની ધગશ અને આત્મ—વિજયના સતત પ્રયાસની તે માગણી કરે છે.

બીજી તરફ, જ્યારે તે ઉચ્ચ કર્તવ્યનો પ્રયાસ કરે છે ત્યારે તર્ક પોતાને જીવનમાંથી જુદો પાડી નાખે છે. નિષ્પક્ષ અને અનાસકત જ્ઞાનનો તેનો પ્રયાસ એવા શ્રેષ્ઠ સ્તર પર દોરી જાય છે જ્યાં આપણી સહજવૃત્તિ અને પ્રેરકબળોને અંતર્હિત બનાવતા જ્ઞાન પરનો પ્રભાવ ઘટી જાય છે. આ જ્ઞાન ભલે અપૂર્ણ, ધૂંધળું અને મર્યાદિત રહ્યું છતાં સ્વરૂપને અનુલક્ષીને સર્વ વસ્તુને સર્જે છે અને સંચાલિત કરે છે એવા અસ્તિત્વને અંતર્ગત સાર્વત્રિક જ્ઞાન-સંકલ્પનું એ હજુ ગર્ભિત કાર્ય છે, એ સાચું છે કે વિજ્ઞાન અને દર્શન પણ તદ્દન નિષ્પક્ષ અને અનાસકત નથી. એ પોતાના વિચારોના એકપક્ષી વ્યવસ્થાઓ તેમના ઉતાવળિયા સામાન્યીકરણ અને મનુષ્યની વ્યવહાર પ્રત્યેની સાહજિક પ્રેરણાને લીધે આ જીવન પર લાદવા પ્રયાસ કરે છે, તેના વિશેષ જુલ્મને તાબે થાય છે. પરંતુ આમ છતાં એ અમૂર્ત વિચારો કે આદર્શો કે જીવનની જટિલતા જેમાંથી છટકી જાય છે એવા ચુસ્ત કાયદાઓના જગતમાં પ્રવેશ કરે છે. જે વ્યકિતઓ વિચાર સાથે વધુ જીવન જીવતા હોય એવા આદર્શવાદી, વિચારક, ચિંતક, કવિ અને કલાકાર, નીતિશાસ્ત્ર પણ જ્યારે વ્યાવહારિક જીવન સાથે ઘનિષ્ઠ સંપર્કમાં આવીને હાથોહાથ સંઘર્ષમાં ઊતરે ત્યારે કંઈક પૂરતું હોય એવી પરિસ્થિતિમાં આવી જાય છે અને વિચાર દ્વારા જીવનને સંચાલિત કરવાના પ્રયાસમાં સતત હાર ખાય છે. એ શકિતશાળી પ્રભાવ પાડે છે પરંતુ પ્રાણતત્ત્વમાં રહસ્યમય સંકલ્પ પસંદ કરે છે. તે કાર્ય કરીને તેમના વિચારો પ્રાણતત્ત્વમાં ફેંકીને પરોક્ષ રીતે અને પ્રત્યક્ષ અને સફળ રીતે વ્યવસ્થિત કાર્ય દ્વારા નહિ. શુદ્ધ, આનુભવિક અને વ્યાવહારિક મનુષ્ય પોતાના પ્રત્યક્ષ કર્તવ્ય દ્વારા ખરેખર, સફળ નીવડે છે એવું નથી. કારણ કે જીવનના ગર્ભિત સંકલ્પ દ્વારા તેને પણ લઈ લેવાય છે અને વ્યાવહારિક મનુષ્ય દ્વારા જે સાધ્યોની મનમાં કલ્પના

રાખવામાં આવી હતી એ કરતાં અન્ય સાધ્ય તરફ તેને વાળી દેવામાં આવે છે. એથી વિરુદ્ધ આદર્શો અને આદર્શવાદીઓ જરૂરી છે. આદર્શો એ જીવનનો વિશિષ્ટ સ્વાદ અને રસ છે અને આદર્શવાદીઓ એ હેતુના સહાયકો તથા શક્તિશાળી અગ્રદૂતો છે. પરંતુ આદર્શને વ્યવસ્થામાં ઉતારી નાખે અને તુરત જ એ નિષ્ફળ બનવા લાગે છે. સિદ્ધાંતવાદી કરે છે એમ તમારા સામાન્ય કાયદાઓ અને નિશ્ચિત ખ્યાલોને વ્યવસ્થિત રીતે પ્રયોજિત કરો અને તમે જોશો કે એ વ્યવસ્થાના પ્રતિવાદક તેની પ્રતીતિ નહિ કરી શકે અને જે સિદ્ધાંતોને શાશ્વતી બનાવવા પ્રયાસ કર્યો તેના તદ્દન વિરોધી તરીકે તેનો ત્યાગ કરશે એટલી હદ સુધી જીવનનું તત્ત્વ તૂટી જાય છે, એ તેના તાબામાંથી છૂટી તરફડિયાં મારે છે અને તમારી વ્યવસ્થાને ફેરવી નાખે છે.

મુશ્કેલીનું મૂળ આ છે કે આપણા બાહ્ય અને આંતરિક જીવન અને અસ્તિત્વના પાયા તરીકે નિરપેક્ષ અને અનંત તત્ત્વ જેવું કંઈક છે જેના પર બુદ્ધિ કદી અંકુશનો દંડ મૂકી શકશે નહિ. જીવનમાં પ્રત્યેક વસ્તુની ભીતરમાં એક નિરપેક્ષ તત્ત્વ છે જે તે વસ્તુ તેની પોતાની રીતે શોધી રહી છે. પ્રત્યેક પરિમિત તત્ત્વ તેના યથાર્થ સત્ય તરીકે અનંત તત્ત્વને વ્યક્ત કરવા પ્રયાસ કરે છે. વધુમાં એવું માનવાની જરૂર નથી કે પ્રત્યેક વર્ગ, પ્રકાર કે નિસર્ગની પ્રત્યેક વૃત્તિ જ પોતાની આગવી રીતે ગુહ્ય સત્યની પાછળ ખોજ કરવા લાગ્યા છે એમ નથી, પરંતુ પ્રત્યેક વ્યક્તિ પણ પોતાની વિવિધ લાક્ષણિકતાઓ લાવે છે. આમ નિરપેક્ષ અનંત તત્ત્વ આત્મઅભિવ્યક્તિનાં અનેક સ્વરૂપો અને વૃત્તિઓને નિયંત્રિત કરે છે, પરંતુ અનંતની અખૂટ સુપ્ત શક્તિ અને વૈવિધ્યનો સિદ્ધાંત તર્કયુક્ત બુદ્ધિને ખરેખર મૂંઝવે તેમ છે. આનું કારણ એ છે કે તર્ક માત્ર પરિમિત અને બદ્ધ, નિશ્ચિત સાથે જ સફળ રીતે વહેવાર કરે છે. મનુષ્યમાં આ મુશ્કેલી તેની પરાકાષ્ઠાએ પહોંચે છે, આનું કારણ પણ એ છે કે મનુષ્ય પોતાની સુપ્ત શક્તિ અમર્યાદિતપણે ધરાવે છે એટલું જ નહિ; મનુષ્યની શક્તિઓ અને વૃત્તિઓ પોતાની આગવી રીતે પોતાના નિરપેક્ષ તત્ત્વને શોધે છે અને તેથી તર્કના કોઈ પણ અક્ષર અંકુશ હેઠળ સ્વાભાવિકપણે વ્યગ્ર અને અસંતુષ્ટ રહે; પરંતુ દરેક માણસમાં દરેકની પદ્ધતિ, સંમિશ્રણ, તેની માત્રાઓ જુદી જુદી રહે છે, દરેક માણસ ફક્ત સામાન્ય માનવજાતનો જ સભ્ય છે તેમ નથી પરંતુ એ અનંતનો જ એક ભાગ છે અને તેથી વિશિષ્ટ છે. આની પાછળ એ સત્ય રહ્યું છે કે એ આપણા અસ્તિત્વની સત્તા છે કે બૌદ્ધિક તર્ક અને બૌદ્ધિક સંકલ્પ તેના સાર્વભૌમ તરીકે હાલમાં ભલે આપણાં શ્રેષ્ઠ સાધનો હોય અને આપણી ઉત્ક્રાંતિમાં શ્રેષ્ઠ રીતે મહત્ત્વનાં અને સહાયરૂપ પણ હોય છતાં જીવનતત્ત્વ સાથે વહેવાર રાખી શકે નહિ. મંત્રી તરીકે તર્ક નિયંત્રણ કરી

શકે. આ કાર્ય એ અપૂર્ણ રીતે સામાન્ય ન્યાયાધીશ અને ખરેખર ઉચ્ચ આદેશો નથી એવા સૂચનદાતા તરીકે અથવા સાર્વભૌમ સત્તાની એક શાખા તરીકે કાર્ય કરે છે, કારણ કે એ છૂપી શકિત અત્યારે પ્રત્યક્ષ રીતે નહિ પરંતુ અનેક સાધકો અને સંદેશવાહકો દ્વારા કાર્ય કરે છે. યથાર્થ સાર્વભૌમ એ તાર્કિક બુદ્ધિથી કંઈક ભિન્ન છે. જ્યાં સુધી મનુષ્યની આત્મ-ચેતના તાર્કિક માનસથી પર વિકાસ ન પામે, સાચા સાર્વભૌમ વિશે સભાન બની તેની સાથે તાદાત્મ્યતા સાધે અથવા તેના શ્રેષ્ઠ સંકલ્પ અને જ્ઞાન સાથે સતત પરિચય કેળવે નહિ ત્યાં સુધી મનુષ્ય પોતાના વાતાવરણ, પોતાનામાં રહેલ નિસર્ગના માલિક અને સ્વતંત્ર બનવાની એષણાને ખરેખર મૂર્તિમંત બની શકે નહિ.

પ્રકરણ બારમું

તર્કની મર્યાદાઓ અને તેનું પદસ્થાન

જો આપણી વ્યકિતમત્તાના સાર્વભૌમ માલિક તરીકે તર્ક ન હોય, મંત્રી કે મધ્યસ્થી કરતાં વધુ બનવાનો તેનો આશય પણ હોય નહિ તો ભલે પછી એ વધુ ઉચ્ચ પૂર્ણતાના માર્ગ તરીકે લઘુજીવી અને અપૂર્ણ વ્યવસ્થાક્રમ લાદે છતાં વ્યકિત સામ્રાજ્યના અન્ય ભાગોને સંપૂર્ણ અનુશાસન આપવામાં સફળ થઈ શકે નહિ, તાર્કિક કે બૌદ્ધિક મનુષ્ય એ માનવતાનો આખરી અને ઉચ્ચ આદર્શ નથી. અત્યારે તર્ક શબ્દમાં જે ગુણવાચી અર્થ સમાયો છે તે કરતાં વધુ વ્યાપક અર્થપ્રદાન કરીએ અને સમજૂતી તથા તાર્કિક મન અને આપણા સ્વભાવના ચુસ્ત બૌદ્ધિક અંશના નિમ્ન તેમ જ ઊર્ધ્વ પ્રદેશો આપણા જ્ઞાનની સર્વ શકિતઓના સંમિશ્રિત ડહાપણને તેમાં સમજાવીએ નહિ ત્યાં સુધી બૌદ્ધિક સમાજ એ માનવ-જીવનના સમૂહોની સંભવિતતાઓની ઉચ્ચ અને આખરી અભિવ્યકિત લેખી શકાય નહિ. આત્મા જે મનુષ્યમાં પ્રગટ થાય છે અને તેના વિકાસનાં પાસાંઓ પર ગુપ્ત રીતે આધિપત્ય જાળવે છે, તે તેની બુદ્ધિ કરતાં વધુ મહાન અને પ્રગલ્ભ છે અને માનવ તર્કની આપખુદી રચનાથી જે પૂર્ણતાને બાંધી શકાતી નથી તે પૂર્ણતા તરફ તે પ્રયાણ કરે.

બુદ્ધિ એ દરમ્યાન પોતાનું કાર્ય કરે છે; વધુ મહાન આત્મ-ચેતનાના દ્વાર સુધી એ મનુષ્યને લઈ જાય છે અને એવા વિશાળ ઉંબર પર પ્રગટ ચક્ષુઓ સાથે તેને મૂકી દે છે જ્યાં સુધી દેદીપ્યમાન ફિરસ્તો સ્વહસ્તે તેને લે છે. એ સૌ પ્રથમ પોતાના અસ્તિત્વની નિમ્ન શકિતઓને હાથ ધરે છે. આ શકિતઓમાં પ્રત્યેક ઊંડી વૃત્તિ પોતાનામાં મગ્ન છે. પ્રત્યેક શકિત પોતાની સહજવૃત્તિઓ અને પ્રાથમિક આવેશની પરિતૃપ્તિ માટે આંધળી આત્મ-નિર્ભરતા સાથે આગળ ધપે છે. એ પોતાને સમજવાનું શિક્ષણ આપે છે અને પોતાનાં કાર્યોના કાયદાઓને બુદ્ધિના ચિંતનાત્મક ચક્ષુથી જોવાની કેળવણી આપે છે. જે સ્વયં રીતે નિમ્ન સ્તરમાંથી ઉચ્ચ છે, અશુદ્ધમાંથી શુદ્ધ છે. અને અશુદ્ધ ગૂંચવણોમાંથી તેમની શકયતાઓની વધુ જ્વલંત કૂંચીઓ જાણવા માટે એ

મદદરૂપ નીવડે છે એ તેમને આત્મ-જ્ઞાન આપે છે અને મદદનીશ, શિક્ષક, શુદ્ધિકારક અને મુક્તિદાતા છે. પરસ્પર નિરીક્ષણ કરીને પોતાનાથી પર જેવું અને નૂતન હેતુઓ તથા વધુ કાર્યદક્ષ પ્રવૃત્તિ માટે એકબીજા પર અસરકર્તા નીવડે છે. બુદ્ધિ સુખદાયી અને સૌન્દર્યાત્મક પ્રવૃત્તિઓને સુદૃઢ અને શુદ્ધ બનાવે છે અને નૈતિક મન તથા સહજવૃત્તિ સાથેના તેમના ઝગડાને શિથિલ બનાવે છે. એ નક્કરતા અને ગાંભીર્યનું પ્રદાન કરે છે, વ્યાવહારિક તથા પ્રવૃત્તિ-શીલ શક્તિઓનું અનુમોદન આપે છે, અને જીવનની નરી વાસ્તવિકતાઓ સાથે નિકટતાથી સંલગ્ન કરે છે. નૈતિક સંકલ્પમાં ચૈતસિકા સુખદાયી અને સૌન્દર્યાત્મક તત્ત્વોને રેડીને મધુર બનાવે છે અને મનુષ્યના વ્યાવહારિક, પરિવર્તનશીલ અને ઉપયોજિતાલક્ષી સ્વભાવને વ્યક્તિગત તેમજ સામૂહિક રીતે ઉમદા બનાવે છે. સાથે સાથે એ ન્યાયાધીશ અને શાસન વિધાયક તરીકે ભાગ ભજવે છે, નિયમો નિશ્ચિત કરવા માટે પ્રયાસ કરે છે, નિર્ધારિત માર્ગ પર ચાલવા અને નિશ્ચિત ધારાને અનુસરવા, ચકાસી લીધેલાં માપ અને સમતુલિત સંવાદ મુજબ પ્રવૃત્તિ કરવા માનવ-આત્માને પ્રથાઓ તથા નિયમિત સંમિશ્રણો આપી તેની શક્તિઓને વેગ આપે છે. અહીંયાં અમુક સમય પછી તેને લાગે છે કે તેનું શાસન વિધાયક કાર્ય મર્યાદા રચનું કૃત્રિમ બળ બને છે અને બંધનમાં એ પરિણમે છે. વ્યવસ્થા અને સંરક્ષણના હિતમાં બુદ્ધિએ જે નિયમિત પ્રથા લાદી છે તે ચુસ્તતા અને જીવનનાં ઝરણાંઓને રોકી દેવાનું કારણ બન્યું છે. તેને તેની પોતાની સંદેહની સંરક્ષક શક્તિ લાવવી પડે છે. જીવનના દબાયેલા વહેણોના ધૂંધવાયેલા બળવાથી ચેતીને બુદ્ધિના પ્રવેગ નીચે નીતિશાસ્ત્ર, સૌન્દર્ય-શાસ્ત્ર તેમજ સામાજિક, રાજકીય અને આર્થિક શાસન પોતાની જાતને શંકાની નજરે જુએ છે અને આ જે પ્રથમ તબક્કે ગૂંચવણ, અવ્યવસ્થા અને અનિશ્ચિતતા લાવે તેમ છતાં એ આત્મસાક્ષાત્કાર, આત્મ-જ્ઞાન, સૂઝ અને કલ્પનાનાં નૂતન પરિબળોને જાગૃત કરે છે જે દ્વારા જૂની પ્રથાઓ અને સૂત્રોને રૂપાંતરિત કરવામાં આવે છે અથવા એ અદૃશ્ય થાય છે, નૂતન પ્રયોગો કરવામાં આવે છે અને અંતમાં વધુ વ્યાપક શક્તિઓ અને સંમિશ્રણોને ક્રિયાશીલ કરાય છે. બુદ્ધિએ જે જોયું છે તેનું સ્થાપન કરવું અને તેને લાદવું અને યોગ્ય સમયે નવીન સ્થાપના કરવા માટે સિદ્ધિઓને અંગે શંકા ઉઠાવવી, નિયમ અને પ્રથા નિશ્ચિત કરવાં અને આ જ શાસન અને વ્યવસ્થામાંથી મુક્ત કરવાના આ દ્વિવિધ કાર્યમાં જાતિની પ્રગતિ ભલે પછી તેના સોપાન અને તબક્કાઓ અનિશ્ચિત હોય છતાં એ સુનિશ્ચિત રહેવા પામે છે.

પરંતુ બુદ્ધિની પ્રવૃત્તિ એ ફક્ત આપણા આત્મલક્ષી અને બહિર્લક્ષી જીવનને સમજવા અને વર્તમાન ગતિના નિયમ તથા વ્યવસ્થા અને તેની

ભવિષ્યની શક્તિઓને નિર્ધારિત કરવા જ નિમ્ન અને બહિર્ગામી દિશાએ વળ્યુ નથી. તેને ઊર્ધ્વગામી અને આંતરિક ચક્ષુ આવ્યાં છે. તેનું વધુ જ્વલંત કાર્ય છે જે દ્વારા તે છૂપી શાશ્વતીમાંથી દિવ્ય અંશોને આવકારે છે. આ દર્શનની શક્તિ હેઠળ પોતાનાથી પર રહેલ સત્ય પ્રત્યે બુદ્ધિ ખુલ્લી થાય છે. આ સત્યના દર્શનમાંથી ભલે અપૂર્ણ રીતે અને જાણે કે બુરખા પાછળથી આપણા અસ્તિત્વના સાર્વત્રિક સિદ્ધાંતો તેની સંભવિતતાઓનું પરોક્ષ જ્ઞાન તારવવામાં આવે છે. તેને એ આવકારે છે અને જેને તે પકડી શકે છે, તેને બૌદ્ધિક સ્વરૂપોમાં ફેરવી નાખે છે. આ આપણને વિશાળ નિર્યંત્રિત વિચારો આપે છે જેથી આપણા પ્રયાસોને આકાર પ્રાપ્ત થાય અને જેની આસપાસ તેને એકઠા કરી સમૂહમાં ગોઠવી શકાય; જે આદર્શોને આપણે સિદ્ધ કરવા માગીએ છીએ તેને તે વ્યાખ્યાયિત કરે છે. તે આપણને એવા મહાન વિચારો આપે છે જે બળો છે, આપણા જીવન પર પોતાના બળથી પોતાને લાદે છે અને તેમના માળખામાં એને ફરજિયાત નાખે છે. આ વિચારોને જે ફક્ત સ્વરૂપનું પ્રદાન કરીએ છીએ એ બૌદ્ધિક છે. એ પોતે તત્ત્વના સત્યના સ્તરમાંથી જ્યાં જ્ઞાન અને બળ એક છે, વિચાર અને આત્મ-પરિપૂર્ણતાના વિચારની શક્તિ અવિભાજ્ય છે ત્યાંથી અવતરણ કરે છે, કમનસીબે જ્યારે આપણાં બુદ્ધિનાં સ્વરૂપો જે ભિન્નતા, પૃથક્કરણ અને સંલગ્નથી કાર્ય કરે છે તેમાં તેને ઉતારવામાં આવે છે અને આપણા જીવનના પુરુષાર્થ જે પ્રયોગાત્મક અને અનુભવાત્મક શોધની જેમ આગળ ધપે છે તેમાં બદલાવવામાં આવે છે ત્યારે આ શક્તિઓ ભિન્ન અને સંઘર્ષમય આદર્શો બને છે જેને સંતોષપ્રદ સંવાદિતામાં લાવવા આપણને અનહદ મુશ્કેલી પડે છે. સ્વાતંત્ર્ય અને વ્યવસ્થા, શુભ, સૌન્દર્ય અને સત્ય, સામર્થ્ય અને પ્રેમના આદર્શો, વ્યક્તિલક્ષીવાદ, સમૂહલક્ષીવાદ, આત્મ-ત્યાગ, આત્મ-પરિપૂર્ણતા અને અન્ય અનેક આદર્શોના આવા પ્રાથમિક સિદ્ધાંતો છે. જીવનના પ્રત્યેક પ્રદેશમાં આપણા આત્મ-તત્ત્વ અને પ્રવૃત્તિના પ્રત્યેક અંશમાં બુદ્ધિ આપણી સમક્ષ અનેક પ્રધાન વિચારોના વિરોધી અને આવા સંઘર્ષમય સિદ્ધાંતો રજૂ કરે છે. એ આ પ્રત્યેક પ્રધાન વિચારને સત્ય તરીકે લેખે છે જે પ્રત્યે આપણા આત્મ-તત્ત્વમાં રહેલો મૂળભૂત ગુણ પ્રતિક્રિયા કરે છે. એ સત્ય આપણી ઊર્ધ્વ પ્રકૃતિમાં કાયદા તરીકે અને આપણી નિમ્ન પ્રકૃતિમાં એ સહજવૃત્તિ તરીકે રહે છે. એ પ્રત્યેક અંશને પરિપૂર્ણ કરવા પ્રયાસ કરે છે, તેની આજુબાજુ કાર્યની પ્રથા રચે છે અને પ્રત્યેક નજીક એક પછી એક ગતિ કરે છે. જેને છોડી દેવાયું છે તેને એ ફરીથી હાથ ધરે છે અથવા એ તેમને સંમિશ્રિત કરવા પ્રયત્ન કરે પરંતુ જે મિશ્રણો બનાવ્યાં છે તેમાંથી કોઈથી તેને સંતોષ નથી. કારણ કે તેમાંથી કોઈ પણ તેમનો પૂર્ણ સમન્વય કે તેમની સંતોષકારક

એકતા લાવતા નથી. માનવજાતિએ હજુ એ વધુ વિશાળ અને ઉચ્ચ ચેતના પ્રાપ્ત કરી નથી જ્યાં આ સમન્વય શક્ય છે, આ વિરોધો હમેશને માટે સંવાદિત બને અને તેમનાં મૂળ ઊગમમાં એ એક છે તેમ એ વાસ્તવમાં એકતા ધારણ કરે. આમ છતાં આપણા આંતર અને બાહ્ય જીવન સાથે વહેવાર રાખતી બુદ્ધિનો પ્રત્યેક વ્યાપક પ્રયાસ આપણી પ્રકૃતિની વિશાળતા અને વૈભવને વધારે છે, આત્મ-જ્ઞાન અને આત્મ-સાક્ષાત્કારની વધુ વ્યાપક શક્યતાઓને પ્રગટ કરે છે અને વધુ મહાન ચેતનાની આપણામાં થતી જાગૃતિ નજીક આપણને લાવી મૂકે છે.

આમ મનુષ્યની વ્યક્તિગત અને સામાજિક પ્રગતિ એ બુદ્ધિ અને મનુષ્યના આત્મા અને તેનાં કાર્યો વચ્ચે મધ્યસ્થી તરીકે બૌદ્ધિક સંકલ્પની આત્મ-સંવાદિતા તથા આત્મ-પ્રકાશિત કરવાની દ્વિવિધ ગતિમાં રહેલી છે. સહજ-વૃત્તિઓ અને આવેશોનો પ્રથમ અશુદ્ધ જીવનમાંથી તેને આત્મ-સમજૂતી, આત્મ-પ્રભુત્વ, આત્મ-ઘડતરની અસંખ્ય સંભવિતતાઓને બહાર લાવવાની રહે છે. નિમ્ન પ્રાણીમય અથવા અર્ધ પ્રાણીમય અસ્તિત્વ જે અપૂર્ણ આત્મ પ્રેરકબળવાળું છે તેને બૌદ્ધિક તત્ત્વમાં, સહજવૃત્તિને વિચારોમાં, આવેશોને બૌદ્ધિક સંકલ્પની વ્યવસ્થિત ગતિઓમાં ફેરવવાનું કાર્ય સતત રીતે કરવાનું રહે છે. પરંતુ મનુષ્યને પોતાની આજુબાજુના વાતાવરણ પર પ્રભુત્વ અને આત્મપ્રતીતિના ધીમા ક્રમ દ્વારા અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ આગળ વધવાનું છે, જ્ઞાન સ્વરૂપ પોતાના સમગ્ર આત્માને સર્વાંગીપણે પોતાની બુદ્ધિ ગ્રહણ કરવા અશક્તિમાન છે, કાર્યની વિવિધ શક્યતાઓના સમૂહને સર્વાંગી રીતે એ આલેખી શકે તેમ નથી તેને લીધે મનુષ્યને વિભાજન, એકપક્ષી પ્રયોગો, વિવિધ પ્રકારો સર્જીને, પોતાની સમક્ષ વિવિધ શક્યતાઓ વચ્ચે આગળ અને પાછળ સતત ગતિ કરી અને વિવિધ તત્ત્વો વચ્ચે સંવાદિતા લાવીને આગળ ધપવું પડે છે.

મનુષ્યની વ્યક્તિમત્તાનાં વિવિધ તત્ત્વો જેવાં કે શારીરિક, પ્રાણલક્ષી, વ્યાવહારિક, સક્રિય, સૌંદર્યાત્મક, સંવેગાત્મક, સુખદાયી, નૈતિક અને બૌદ્ધિક વચ્ચે નૂતન સંવાદિતા વિચારવી એમાં તેનું કાર્ય પૂરું થતું નથી. પરંતુ પ્રત્યેક તત્ત્વને છૂટા પડી ગયેલાં ઉપાદાનોની વ્યવસ્થા સર્જવાની રહે છે. પોતાના નીતિશાસ્ત્રમાં ન્યાય અને દયા, આત્મોદ્ધાર અને પરોપકાર, આત્મવિકાસ અને આત્મત્યાગ, શૌર્ય અને પ્રેમની વૃત્તિઓ, ક્રિયાશીલતાનો અને નિષ્ક્રિયતાનો નૈતિક નિયમ એવા વિરોધો વચ્ચે એ વિભાજિત છે. પોતાના વિકાસને માટે આવેગો જરૂરી છે તેમ તેની વૈભવશાળી માનવતાના પ્રગટીકરણ માટે આ આવેગોને સંતોષવા આવશ્યક છે. આમ છતાં આ આવેગોનો તિરસ્કાર કરવા અને તેમનું દમન કરવા તેને સતત ફરજ પડે છે. આ દ્વિવિધ જરૂરિયાતની ગૂંચવણમાં તેને મદદ કરનાર કોઈ નિશ્ચિત નિયમ પણ જણાતો નથી. વિવિધ ક્ષેત્રો, વિષયો,

આત્મ-સાક્ષાત્કારના આદર્શો દ્વારા તેના સુખદાયી આવેશને જુદા જુદા નામે અભિધિયિત થાય છે. બુદ્ધિના દબાણ હેઠળ તેનો સૌંદર્યાત્મક ઉપભોગ, સૌંદર્યાત્મક સર્જન જુદાં જુદાં સ્વરૂપો અને કાયદાઓ આકાર લે છે. આમ છતાં જો દરેકનો દાવો માન્ય રાખવામાં આવે તો પોતાની અન્યાયી ફતેહથી તેની શક્તિને દુર્બળ કરે અને કેદમાં ધકેલી દે અને તેના આનંદનો દુર્વ્યય કરે. તેનું રાજકારણ અને તેનો સમાજ એ આપખુદશાહી, રાજાશાહી લશ્કરી-કુલીનશાહી, વાણિજ્ય સત્તાજનશાહી, પ્રગટ કે અપ્રગટ ધનિક સત્તાશાહી, જુદી જુદી જાતની પ્રચ્છન્ન લોકશાહી, આમ અને અમીરવર્ગ, વ્યક્તિલક્ષી, સમૂહલક્ષી કે સચિવશાહી, જેવા વિવિધ વાદો, તેની રાહ જોતા સમાજવાદ અને તેની વચ્ચે પ્રવર્તતા અરાજકતાવાદ જેવા પ્રયોગો અને સાહસોની હારમાળા છે. અને આ સઘળું તેના સામાજિક આંતરતત્ત્વના સત્ય, તેના સામાજિક જટિલ સ્વભાવની જરૂરિયાત, તેમાં રહેલાં મૂલવૃત્તિ કે બળ જે પોતાના પ્રભાવના સ્વરૂપ માટે માગણી કરે છે તેને અનુરૂપ જોવા મળે છે. ચારિત્ર્ય અને સ્વભાવ, વ્યાવહારિક પ્રવૃત્તિના પ્રકારો, સૌંદર્યાત્મક સર્જન, રાજ્યવ્યવસ્થા, સમાજ, નૈતિક પ્રથા, બૌદ્ધિક વ્યવસ્થા જે શુદ્ધમાંથી મિશ્ર, સાદી સંવાદિતામાંથી જટિલ પ્રતિ પરિવર્તન પામે છે એવા સતત પરિવર્તિત થતા પ્રકારોના વૈવિધ્યને પ્રગટ કરીને આંતરિક સ્તરમાં આત્માના દબાણ હેઠળ માનવજાતિ આવી મુશ્કેલીઓનું તારણ કાઢે છે. પ્રગતિશીલ અને વૃદ્ધિ પામતા જ્ઞાનના પ્રકાશમાં આવા અનેક વ્યક્તિગત અને સમૂહલક્ષી આત્મ સ્વરૂપના પ્રયોગો થયા છે. અનેક વિરોધી અને અસંવાદી વિચારો અને આદર્શો જેની આસપાસ આવા પ્રયોગો એકઠા થયા છે એ દ્વારા આવું જ્ઞાન સંચાલિત થાય છે. આવા પ્રત્યેક પ્રયોગને તેની શુદ્ધિમાં વૃદ્ધિ કરવા આગળ ધપાવવામાં આવે છે. ફરીથી અન્ય પ્રયોગો સાથે તેને મિશ્રિત અને સંયોજિત કરાય છે, જેથી તેનું સ્વરૂપ વધુ જટિલ બને અને ઘનિષ્ઠ પ્રવૃત્તિ થઈ શકે. પ્રત્યેક વિશિષ્ટ જાતિને વિભાજિત નવીન જાતિઓ માટે જગ્યા કરવાની છે અને પ્રત્યેક સંમિશ્રણે અભિનવ સંમિશ્રણની શક્યતા માટે માર્ગ કરી આપવાનો છે. આ સઘળા પ્રયોગોના સિંચન દ્વારા આત્માનુભૂતિ અને આત્મ-મૂર્તિમંતકરણનો સંઘટ્ટિત સમૂહ છે. આવી આત્માનુભૂતિના પ્રચલિત સંગ્રથિત સ્વરૂપને સામાન્ય માણસ રૂઢિગત સ્વીકારે છે અને જાણે કે એ નિરપેક્ષ ધારો અને સત્ય હોય એમ વારંવાર માની લે છે. પરંતુ વધુ પ્રગતિશીલ મનુષ્ય કાં તો તેને તોડી નાખવા અથવા માનવ-સામર્થ્ય, પૂર્ણતા અને સુખની વૃદ્ધિ માટે અવકાશ શોધવા તેને વધુ પ્રગલ્ભ, સૂક્ષ્મ અને વ્યાપક બનાવે છે.

માનવજીવન અને આપણા વિકાસની પ્રક્રિયાનો આ દૃષ્ટિકોણ જે પ્રત્યે આત્મલક્ષીવાદ આપણને દોરી જાય છે તે માનવ-ગતિમાં બુદ્ધિના સ્થાન

અંગે વધુ યથાર્થ દર્શનનું પ્રદાન કરે છે. આપણે જોયું કે બુદ્ધિનું દ્વિવિધ કાર્ય છે, નિષ્પક્ષ અને આસકત, આત્મ-કેન્દ્રિત અથવા સ્વતંત્ર ગતિના નિમ્નવર્તી સાધન તરીકે રહેવાનું કાર્ય છે. પ્રથમ નિષ્પક્ષ કાર્ય એ સત્યની સત્ય ખાતર અને જ્ઞાનની જ્ઞાન માટે અનાસકતપણે શોધ કરવામાં જણાય છે. આ શોધમાં કોઈ પણ દૂરગામી આશય હોતો નથી. સંશોધન હેઠળના વિષય અને હકીકત પર સીધી દૃષ્ટિ રાખીને તેનું સત્ય, પ્રક્રિયા અને નિયમને પ્રાપ્ત કરવા સિવાય તેની પાસે અન્ય કોઈ હેતુ નથી. બુદ્ધિનું બીજું કાર્ય વ્યવહાર માટેની એષણા, શોધાયેલા સત્ય દ્વારા જીવનને સંચાલિત કરવાની ઇચ્છા અથવા આપણા જીવન અને કાર્યના સાર્વભૌમ કાયદા તરીકે જે વિચારને પ્રસ્થાપિત કરવા પ્રયાસ કરીએ છીએ તેના આકર્ષણથી રંગાયેલ છે. મનુષ્યની અન્ય મનઃશક્તિઓની સરખામણીએ બુદ્ધિ એ સર્વથી ચડિયાતી છે એ આપણે જોયું છે. અન્ય મનઃશકિતઓ સ્વતંત્ર રીતે પોતાનાં કાર્યમાં સંતુષ્ટ અને મગ્ન છે. પરંતુ બુદ્ધિ એ સર્વ પર કાર્ય કરે છે, તેમના નિયમ અને સત્ય શોધે છે; આ શોધોને તેમની સેવામાં આણે છે અને બુદ્ધિ પોતાના સાધ્ય અને વિશિષ્ટ રસને શોધવામાં અન્ય શકિતના સાધ્યોને મદદ કરે છે અને સાર્વત્રિક ઐક્ય તરફ પહોંચે છે. વાસ્તવમાં મનુષ્ય માત્ર જ્ઞાન માટે જીવતો નથી; મનુષ્યનો પ્રધાન વ્યવસાય એ સૌથી વધુ વ્યાપક અર્થમાં જીવન છે. અને જ્ઞાનનો તેના શુદ્ધ પ્રાપ્તિના આનંદ માટે અંગીકાર કરવા કરતાં મનુષ્ય તેને જીવનની ઉપયોગિતાના સંદર્ભમાં આવકારે છે. પરંતુ જીવનની શુશ્રૂષા કરવા માટે મનુષ્ય જ્ઞાનનો ઉપયોગ કરે છે ત્યારે જ માનવબુદ્ધિ સઘળા માનવકર્મને સ્પર્શતી અપૂર્ણતા અને ગોટાળામાં લપસી પડે છે. જ્યાં સુધી આપણે જ્ઞાનની ખાતર જ્ઞાનની શોધ કરીએ ત્યાં સુધી કશું કહેવાપણું નથી; એમ કરવામાં તર્ક પોતાનું નૈસર્ગિક કાર્ય કરે છે. એ તેનો પોતાનો શ્રેષ્ઠ અધિકાર સુરક્ષિત રીતે ભોગવે છે. ચિંતક, વૈજ્ઞાનિક અને વિદ્વાન જે આપણા ઉપલબ્ધ જ્ઞાનના ભંડારમાં ઉમેરો કરવા પુરુષાર્થ કરે છે તેમનાં કાર્યોમાં જાતિના સૌંદર્યાત્મક આનંદ માટે કવિ અને કલાકાર સૌંદર્યનાં જે સ્વરૂપો સર્જે છે, તે જેટલી જ પૂર્ણ શુદ્ધિ રહેલી છે, ભલે તેમાં વ્યકિતગત દોષ અને મર્યાદા રહ્યાં હોય તેમાં હરકત નથી. કારણ કે જાતિના સામૂહિક અને પ્રગતિશીલ જ્ઞાને શોધાયેલું સત્ય મેળવ્યું છે. અને તેની ભૂલ હોય તો કાળના તત્ત્વ પર તેના દૂરીકરણ માટે આધાર રાખી શકાય. જ્યારે માનવ-બુદ્ધિ વિચારોને જીવનમાં પ્રયોજિત કરવા પ્રયાસ કરે છે ત્યારે એ માર્ગ ભૂલેલી અને અથડાતી માલૂમ પડે છે.

આનું કારણ સાધારણ રીતે એવું છે કે જ્યારે માનવ-બુદ્ધિ પ્રવૃત્તિ સાથે સંબંધ બાંધે છે ત્યારે એ એકપક્ષી અને વાસનાયુકત બની જાય છે અને શુદ્ધ

સત્યથી ભિન્ન એવા તત્ત્વનો ગુલામ બને છે. માનવબુદ્ધિ શક્ય એટલી નિષ્પક્ષ, નિરાસક્ત બનવા પ્રયાસ કરે અને એ તદ્દન નિષ્પક્ષ અને તદ્દન નિરાસક્ત થાય તો એ માનવ-બુદ્ધિ પોતાનું સ્વરૂપ જાળવી શકે નહિ. સિવાય કે બુદ્ધિ વ્યવહારમાંથી તદ્દન જુદી પડી જાય કે પછી સહિષ્ણુવાદ, સર્વસંગ્રાહવાદ કે સદેહાત્મક જુગુપ્સા જેનો કોઈ ચોક્કસ પ્રભાવ પડે નહિ તેમાં પરિણમે એવા સંજોગોમાં એ નિરાસક્ત બનતી જણાય. આમ છતાં જે સત્યોને એ શોધી કાઢે છે અથવા વિચારોને જાહેર કરે છે તેમને જ્યારે જીવનમાં વ્યવહારુ બનાવવામાં આવે કે તુરત જ તર્કને જે પરિબળો પર અંકુશ નથી એવા પરિબળોના ખ્યાદા બની જાય છે. વિજ્ઞાન તેનો વિશિષ્ટ સૌમ્ય અને સમતુલિત માર્ગ અનુસરે છે. એમ કરતાં કરતાં તેણે શોધો કરીને એક તરફ વ્યાવહારિક માનવવાદની સેવા કરી છે તો બીજી તરફ અહંકારને પોષવા અને પરસ્પર પાયમાલીનાં રાક્ષસી સાધનો પૂરાં પાડયાં છે. વિજ્ઞાને વ્યવસ્થિત તંત્રની પ્રચંડ કાર્યદક્ષતાને વેગ આપ્યો છે. આવા વ્યવસ્થાતંત્રનો એક તરફ રાષ્ટ્રોના આર્થિક અને સામાજિક સુધારણા કરવા ઉપયોગ થયો છે અને બીજી તરફ આવા પ્રત્યેક રાષ્ટ્રને રાક્ષસી કદના આક્રમણ, નાશ અને ખૂનખારીનાં યંત્રોમાં ફેરવી નાખ્યાં છે. એક તરફ વિજ્ઞાને વ્યાપક બુદ્ધિલક્ષી અને પરોપકારી માનવવાદને જન્મ આપ્યો છે અને બીજી તરફ નિરીશ્વર અહમ્‌વાદ, પ્રાણવાદ, સત્તા માટે અધમ ઇચ્છાશક્તિ અને ફતેહને યથાર્થ ઠરાવ્યાં છે. વિજ્ઞાને માનવજાતિને એક બનાવી છે અને નવી આશાનું પ્રદાન કર્યું છે, આમ છતાં તે સાથે સાથે બિહામણા વાણિજ્ય-વાદના ભારના દબાણ હેઠળ તેને દાબી નાખી છે. ધર્મથી જુદા પડીને અથવા કોઈ જાતના આદર્શવાદની ત્રુટિને લીધે આમ બનવા પામ્યું છે એમ જે વારંવાર કહેવાય છે એ સાચું નથી. આદર્શવાદી દર્શન શુભ અને અશુભની શક્તિઓની સરખી સેવા બજાવી છે અને પ્રત્યાઘાત તેમ જ પ્રગતિ બન્ને માટે બૌદ્ધિક દૃઢ માન્યતા સર્જી છે. ભૂતકાળમાં વ્યવસ્થિત ધર્મે મનુષ્ય પાસે ગુના અને નિર્દય હત્યાકાંડ કરાવ્યાં છે અને જુલ્મ તથા અંધશ્રદ્ધાને યથાર્થ ઠરાવ્યાં છે.

હવે આપણે જે સત્યને ભાર દઈને વ્યક્ત કરીએ છીએ તે એ છે કે તર્ક એ તેના અંતઃસ્વરૂપમાં અપૂર્ણ પ્રકાશ છે જેનું કાર્ય વ્યાપક છતાં મર્યાદિત છે. એક વખત તેને જો જીવન અને કાર્યમાં પ્રયોજિત કરવામાં આવે તો એ પોતાના અભ્યાસનું ભોગ બને છે. જે પરિબળો અસ્પષ્ટ અને ધૂંધળા, સંગ્રામ ચલાવે છે તેમાં તર્ક વચ્ચે પડે છે અને તેના ગુલામ તથા માર્ગદર્શક તરીકે રહે છે. તર્કનું સ્વરૂપ એવું છે કે તેનો ઉપયોગ કરી શકાય છે અને હમેશ કોઈ વિચાર, જીવનનો સિદ્ધાંત, સમાજવ્યવસ્થા કે સંચાલનતંત્ર, વ્યક્તિનો

આદર્શ કે માનવસંકલ્પ થોડો સમય અથવા સૈકાઓ દરમ્યાન જેને વળગી રહેલ છે એવા સામૂહિક કાર્યને યથાર્થ ઠરાવવા તર્કનો ઉપયોગ થયો છે. તત્ત્વજ્ઞાનમાં એકતત્ત્વવાદ અને બહુતત્ત્વવાદ અથવા એ બેની અધવચ્ચેના સિદ્ધાંતો જેવા કે સત્‌તત્ત્વની માન્યતા કે પરિવર્તનશીલતાની માન્યતા, આશાવાદ, નિરાશાવાદ, પ્રવૃત્તિવાદ અને નિવૃત્તિવાદ સમર્થન આપવામાં તર્ક સયુક્તિક સરખું સમર્થન કરી બતાવે છે. તર્ક ઉચ્ચ રહસ્યલક્ષી, ધાર્મિકતા અને ઉચ્ચ ઉમદા નાસ્તિકવાદનું સમર્થન કરી શકે છે; એ ઈશ્વરને તિલાંજલી આપે અથવા કશું જુએ નહિ એવું બને. સૌન્દર્યશાસ્ત્રમાં જૂની ગ્રીક પરિપાટી, સંવેગશીલતા, કલાના આદર્શલક્ષી, ધાર્મિક કે રહસ્યલક્ષી સિદ્ધાંત કે પછી તદ્દન પાર્થિવ વાસ્તવવાદને તર્ક સમતુલ આધારનું પ્રદાન કરે છે. તર્ક સપ્રમાણ બળથી કઠોર રીતે ચુસ્ત સંકુચિત નીતિવાદની સ્થાપના કરી શકે અથવા નીતિયુક્ત અધાર્મિક વ્યક્તિના સિદ્ધાંતને જ્વલંત વિજય આપી શકે. સરમુખત્યારશાહી, અલ્પજન શાસનતંત્ર અને લોકશાહીના જુદા જુદા પ્રકારોના દૃઢિભૂત પયગંબર તરીકે તર્ક જાણીતો થયો છે. સ્પર્ધાત્મક વ્યક્તિવાદને યથાર્થ ઠરાવવા કે સામ્યવાદને અનુમોદન આપવામાં અથવા તેનો વિરોધ કરવા માટે તથા રાજ્યમાં સમાજવાદ સ્થાપવા કે પછી સમાજવાદની એક શાખાની બીજી શાખાને પ્રસ્થાપિત કરવા માટે સંતોષકારક અને સર્વોત્તમ દલીલો રજૂ કરે છે. ઉપયોગિતાવાદ, અર્થલક્ષીતાવાદ, સુખવાદ, સૌંદર્ય-તાલલક્ષીવાદ, ઈન્દ્રિયલક્ષીતા, નીતિવાદ, આદર્શવાદ કે મનુષ્યની અન્ય જરૂરી તથા આવશ્યક પ્રવૃત્તિને અનુમોદન આપવા અને પ્રત્યેકની કાર્યદક્ષતા માટે સરખી સેવા બજાવવા તત્પર રહે છે. એ સઘળાંની આસપાસ તત્ત્વચિંતન, રાજકીય તેમ જ સામાજિક વ્યવસ્થા તથા જીવન અને વર્તનનો સિદ્ધાંત રચી આપે છે. તર્કને તમે એક જ વિચાર તરફ ઢાળવાનો આદેશ આપો નહિ પરંતુ સર્વસંગ્રહ સંમિશ્રણ કે સંયોજિત સંવાદિતા રચવાનું સૂચન કરો અને એ તમને સંતોષશે. પરંતુ આવાં શક્ય સંમિશ્રણો કે સંવાદિતાઓની સંખ્યા અનેક હોવાને લીધે મનુષ્યમાં અંતરતત્ત્વમાં રહેતા આત્માની આસક્તિ અને વિરક્તિને અનુરૂપ એનો તર્ક એકને અથવા બીજાને સરખી રીતે યથાર્થ ઠરાવશે અને તેમાંથી કોઈ પણ એક વિકલ્પને ફેંકી દેશે. કારણ કે વાસ્તવમાં આત્મા જ ખરેખર નિર્ણય લે છે અને તર્ક તો આ ગુપ્ત અને પ્રચ્છન્ન સાર્વભૌમ શક્તિનો ચાકર અને સચિવ છે.

બુદ્ધિવાદીથી આ સત્ય વેગળું અને છૂપું રહે છે તેનું કારણ એ છે કે બુદ્ધિવાદીને અવિરતપણે બે શ્રદ્ધાના શ્રોતાધરોનું અનુમોદન મળી રહે છે. બુદ્ધિવાદનો પ્રથમ આધાર એ છે કે તેનો પોતાનો તર્ક કે દલીલ એ જ સાચી છે અને અન્યનો તર્ક જે તેનાથી ભિન્ન છે એ ખોટો છે અને બીજો

આધાર એ છે કે માનવ બુદ્ધિની વર્તમાન ત્રુટિઓ ગમે તે હોય પરંતુ સામૂહિક માનવ તર્ક ક્રમે ક્રમે શુદ્ધ બનશે અને બુદ્ધિને સંતોષકારક સ્પષ્ટ તાર્કિક પાયા પર માનવ વિચાર અને જીવન સુરક્ષિત રીતે સ્થાપિત થશે. બુદ્ધિવાદીનો પ્રથમ શ્રદ્ધાનો શ્રોતાધાર એ નિઃશંકપણે આપણા અહંકાર અને મગરૂર દોષ-પાત્રતાની સામાન્ય અભિવ્યકિત છે. પરંતુ એ તેનાથી કંઈક વધુ છે. મનુષ્યની પ્રવૃત્તિ આશા અને શ્રદ્ધા જે તેનામાં રહ્યાં છે તેને યથાર્થ ઠરાવવાનું તર્કનું યોગ્ય કાર્ય છે એ સત્યને વ્યકત કરે છે. અને વિચાર તથા જ્ઞાન, સક્રિય દૃઢીભૂત માન્યતા, ભલે તે મર્યાદિત, સંકુચિત અને અસહિષ્ણુ હોય પરંતુ મનુષ્યની પાસે જે કંઈ પ્રકાશ ઉપલબ્ધ હોય તે દ્વારા જીવવા, પ્રવૃત્તિ કરવા અને વિકાસ પામવા તે સર્વની તેને જરૂર પડે છે. અને આ આધાર દ્વારા એ પ્રગટ થાય છે. તર્ક સર્વગ્રાહી સત્યને પોતાના આશ્લેષમાં વીંટી શકે નહિ કારણ કે સત્ય એ તેના કરતાં અનંતગણુ વ્યાપક છે, આમ છતાં આપણી જે તુરતજની જરૂરિયાત છે તેને ગ્રહણ કરી લે છે અને તેના કાર્યનું મૂલ્ય તેના અપર્યાપ્ત-પણાથી સ્ખલિત થતું નથી કારણ કે તેના મૂલ્યનો એ જ માપદંડ છે. મનુષ્ય પાસેથી એવી અપેક્ષા રખાતી નથી કે એ પોતાના અંતરતત્ત્વના સંપૂર્ણ સત્યને એકદમ ગ્રહણ કરી લે. પરંતુ અનુભવોના અનુક્રમમાં સંપૂર્ણ સતત આત્મ-વિશાળતા કદાચ ન હોય છતાં સતતપણે એ આગળ ધપે એવી અપેક્ષા રાખવામાં આવે છે. તર્કનું પ્રથમ કાર્ય તેના વિવિધ અનુભવોને જ્ઞાનથી પ્રદીપ્ત કરવા અને યથાર્થ ઠરાવવાનું છે. પોતાના આત્મવિકાસના કાર્યમાં દૃઢિભૂત થઈને શ્રદ્ધાથી સ્થિર કરવાનું છે. તર્ક સાંપ્રત અનુભવોને, ભૂતકાળના લુપ્ત થતા પ્રકાશને અને ભવિષ્યના અર્ધ પ્રત્યક્ષ દર્શનને વાજબી ઠરાવે છે. તેના મૂલ્યનું સમગ્ર રહસ્ય તેની અસ્થિરતા પોતાની સામે જ વિભાજિત રહેવાની અને વિરુદ્ધ ખ્યાલોને જાળવી રાખવાની શકિતમાં રહ્યું છે. એક જ વ્યકિતમાં સંઘર્ષાત્મક ખ્યાલોને અનુમોદન આપી શકશે નહિ સિવાય કે એ જાગૃતિનો કે સંક્રાંતિ કાળ હોય પરંતુ મનુષ્યોના સામૂહિક જૂથમાં અને કાળના અનુક્રમમાં તેનું આ કાર્ય શકય બને છે. કારણ કે તેના વૈવિધ્યમાં સત્યની અનંતતા પ્રત્યે મનુષ્ય ગતિ કરે છે. એ રીતે મનુષ્યે જે બાંધ્યું છે તેને રચવાની, ફેવવાની અને તેનો નાશ કરવામાં તર્ક તેને મદદ કરે છે અને અભિનવ રચના, બીજા શબ્દોમાં પ્રગતિ, આત્મવિકાસ અને આત્મ-જ્ઞાન તથા વિશ્વ-જ્ઞાન અને તેનાં કાર્યોમાં વિસ્તાર કરવામાં મદદરૂપ બને છે.

બુદ્ધિની સર્વોપરિતામાં માનતી વ્યકિતનો બીજો શ્રદ્ધાનો શ્રોતાધાર પણ દોષિત છે પરંતુ તેમાં સત્ય રહેલું છે. કોઈ પણ આખરી સત્યને પ્રાપ્ત કરવામાં તર્કની અશકિત છે તેમ દ્રવ્યોના અંતરતમ રહસ્યોની અખિલાઈને મેળવી તેના

મૂળ સુધી તે જઈ શકે તેમ નથી. એ પરિમિત, પૃથક્ તત્ત્વ, મર્યાદિત જૂથ સાથે સંબંધ રાખે છે અને સર્વસ્વ અને અનંત તત્ત્વ માટે તેની પાસે કોઈ માપદંડ નથી. મનુષ્ય માટે પૂર્ણમય જીવન કે પરિપૂર્ણ સમાજ શોધવા માટે તર્ક શક્તિમાન નથી. શુદ્ધ તાર્કિક માનવ સમાજ એ તેના સૌથી વધુ શક્તિશાળી સક્રિય વહેણોથી વંચિત કે અવરોધોથી ભરેલું જીવન હશે. એ સાર્વભૌમ રાજાની જગ્યાએ સચિવને નીમવા જેવું થશે. શુદ્ધ તાર્કિક સમાજ એ અસ્તિત્વમાં આવી શકે નહિ અને જો તેનો જન્મ થવા પામે તો એ કાં તો જીવી શકે નહિ અથવા માનવ-અસ્તિત્વને પથ્થર સમાન અથવા નિર્વીર્ય બનાવી દેશે. માનવજીવનની મૂળ ઊગમશક્તિઓ, તેનાં સૂક્ષ્મ કારણો નિમ્ન સ્તરમાં અતાર્કિક છે અને ઊર્ધ્વમાં અતિતાર્કિક અવસ્થામાં રહ્યાં છે. આમ છતાં એમ કહેવું સાચું છે કે સતત વિસ્તરણની ક્રિયા, શુદ્ધિકરણ, માનવતર્કની નિખાલસતા દ્વારા જે ગુપ્ત રહસ્ય અતીત પ્રકાશનું નિષ્ક્રિય છતાં સમભાવવાળાં પ્રતિબિંબની બૌદ્ધિક સમજ અને શક્તિ પ્રાપ્ત થઈ શકે છે. "ચૈત્યતત્ત્વ, આત્મા, વિશ્વેશ્વર છે જે મનુષ્યમાં ગુપ્ત રીતે કાર્ય કરે છે અને સર્વ અસ્તિત્વ એ તેનું આત્મ-સંગોપન અને આત્મ-પ્રગટીકરણની ક્રિયાઓ છે. તારી આંખોને ધીમે ધીમે ઉઘાડવા માટે હું તેનો સચિવ બન્યો છું. તું અને તારા આત્મા વચ્ચે ફક્ત મારી પ્રજ્વલિત ખુશબો રહે ત્યાં સુધી તારાં ચક્ષુનાં દળદાર બાહ્યાચ્છાદનોને દૂર કર. આ દિવ્યતા સાથે મનુષ્યના આત્માને તથ્ય અને નિસર્ગના તંતુ વડે એકસૂત્રિત કરો. એ સમયે તમે તમારી જાતને અને તમારા અંતરતત્ત્વના વ્યાપક અને ઉચ્ચ નિયમને ઓળખશો. મારા કરતાં વધુ ઉચ્ચ જ્ઞાન અને સંકલ્પ-શક્તિનાં સાધનો અને ગ્રહણ કરનાર પાત્ર બનશો અને માનવ અસ્તિત્વના તથા હવે પછીના દિવ્ય તત્ત્વના છૂપા સાચા રહસ્યની છેવટે આત્મી પ્રાપ્તિ કરશો." આવું જ્યારે એ ઉચ્ચારણ કરે છે ત્યારે તેનું કાર્ય પૂરું થાય છે અને તેની મર્યાદાની હદે એ પહોંચે છે.

પ્રકરણ તેરમું

તર્ક અને ધર્મ

મનુષ્ય જે મહાપુરુષાર્થ કરે છે અને જે પુરુષાર્થ પૃથ્વી પરના આપણા આત્મતત્ત્વ, મન અને શરીર તરીકે અસ્તિત્વ ધરાવવાના આંતરિક વાજબીપણા અને આપણી માનવ પ્રગતિના ખરા હૃદયરૂપ છે તેની આગેકૂચમાં તર્ક એ અપૂરતા, વારંવાર બિનકાર્યક્ષમ, અવરોધક અને તેના ઉત્તમ સ્વરૂપમાં માનવતાના એકપક્ષી સંસ્કારી મદદનીશ છે. પૃથ્વી ઉપર અન્ય પ્રાણીઓ કરે છે તેમ આ પુરુષાર્થ ફક્ત જીવવા અને આપણા માટે જગ્યા નિશ્ચિત કરવાનો નથી. પ્રાણીજગતમાં કુટુંબો અને વસાહતો રચીને વ્યક્તિના કુટુંબ અને સામૂહિક અહંકારના ઉપભોગ તથા તેની કાર્યદક્ષતા માટે પ્રાણલક્ષી અને અહમ્‌લક્ષી વિકાસ કરવા માટે પણ થતો નથી. મધપૂડો અથવા ઊધઈનો રાફડામાં ઉદાહરણ તરીકે આવો વિકાસ જોવા મળે છે. જે પ્રાણીઓમાં જ્ઞાનેન્દ્રિયો વિકસી હોય છે તેમાં આ વધુ વ્યાપક અને વિવિધલક્ષી છે. આપણા પ્રાણીમય પાસાને આપણામાં રહેતા માનવલક્ષી પાસાથી ભિન્ન કરવું હોય તો આપણે આંતરિક સંવાદિતા અને બાહ્ય પૂર્ણતાને પ્રાપ્ત કરવાનું રહેશે. અને આ પુરુષાર્થના અંતમાં આપણે જોઈએ છીએ તેમ તેની પરાકાષ્ઠાએ આપણા અસ્તિત્વની ભીતર દિવ્ય સત્તા રહી છે તેની શોધ કરવામાં તેનો ઉચ્ચ વિકાસ થશે. આ દિવ્ય પ્રતિમામાં માનવજીવન આકાર લેશે અને આપણા અંતરસ્તરમાં રહેલા આદર્શ પુરુષને પરિપૂર્ણ કરશે. પરંતુ જો આ સત્ય હોય તો કયો આદર્શ સામાજિક વિકાસને માટે વધુ અનુકૂળ લેખી શકીએ ? મનુષ્યના સુશિક્ષિત તર્કથી સંચાલિત સર્વગ્રાહી તાત્ત્વિક, સૌન્દર્યાત્મક, નૈતિક અને ભૌતિક સંસ્કારનો ગ્રીક આદર્શ જેને મુક્ત સમાજના ઉત્તમ સમજુ માણસો અનુસરે છે કે પછી માનવજાતિના સુવ્યવસ્થિત જ્ઞાન અને સામૂહિક તર્ક દ્વારા સંચાલિત ફલેહ પામેલી આર્થિક સંસ્કૃતિ અને કાર્યદક્ષ સંસ્કારનો અર્વાચીન આદર્શ એ સામાજિક વિકાસનો વધુમાં વધુ વિશાળ અને સર્વોત્તમ લક્ષ્યાંક હોઈ શકે નહિ.

સુદૃઢ શરીરમાં સ્વસ્થ ચિત્તનો વાસ હોઈ શકે એવા જૂના પ્રાચીન લૅટિન સૂત્રમાં ગ્રીક આદર્શ અસ્પષ્ટપણે વ્યકત થયો હતો અને પ્રાચીન લોકોએ સુદૃઢ શરીરનો અર્થ જીવનના તર્ક શુદ્ધ ઉપયોગ અને ઉપભોગ માટે સાનુકૂળ તંદુરસ્ત અને સુંદર શરીર એમ લીધો હતો, અને સ્વસ્થ મનનો અર્થ તેમણે આધુનિક શિક્ષણમાં જે સુસજ્જ અને પ્રતિભાશીલ માનસને સ્વીકૃત કરવામાં આવે છે એ અર્થમાં નહિ પરંતુ પ્રાચીન અર્થમાં સ્પષ્ટ અને સમતુલ તર્ક તરીકે સમજવામાં આવતું હતું. આવા માનસ અને તર્કને વિજ્ઞાન અને તાર્કિક ઉપયોગિતા જેને બૌદ્ધિક શોધખોળ કે વ્યાવસાયિક કાર્ય માટે અથવા સામાજિક અને નાગરિક જરૂરિયાત તથા ફરજોની કાર્યદક્ષતા માટે તૈયાર કરેલા માળખામાં ઠાલેલી માહિતી અને વિચારોથી ભરેલા નહોતા. વસ્તુત: તેમને બૌદ્ધિક, નૈતિક, સૌન્દર્યાત્મક એવી માનવ-શકિતઓ દ્વારા સંસ્કારી બનાવવાના છે. આ ઉપરાંત તેમને એવી તાલીમ આપવાની છે જેથી દર્શન, વિજ્ઞાન, કલા, રાજકારણ તથા સામાજિક જીવનની વ્યાવહારિક બાબતોમાં યોગ્ય ઉપયોગ કરે અને સર્વ શકય શોધખોળોમાં પરિવર્તનશીલ, મુકત અને બૌદ્ધિક ગતિ કરી શકે. પ્રાચીન ગ્રીક માનસ ચિંતનાત્મક, સૌંદર્યાત્મક અને રાજકીય હતું; આધુનિક માનસ વૈજ્ઞાનિક, અર્થલક્ષી અને ઉપયોગિતાવાદી રહ્યું છે. પ્રાચીન આદર્શે સ્વસ્થતા અને સૌંદર્ય પર ભાર મૂકયો અને સૌષ્ઠવ તથા તર્ક શુદ્ધ માનવજીવન રચવા પ્રયાસ કર્યો. આધુનિક જગત સૌંદર્ય પર કવચિત્ અથવા નહિવત્ ભાર મૂકે છે. તાર્કિક અને વ્યાવહારિક યથાર્થતા, ઉપયોગી અનુકૂલન, વાસ્તવિક યાંત્રિકતાને પસંદ કરે છે અને સુવ્યવસ્થિત, સુવિદિત અને કાર્યદક્ષ માનવજીવનને સ્થાપવા પ્રયત્ન કરે છે. પ્રાચીન અને અર્વાચીન ખ્યાલો બન્નેમાં મનુષ્ય તર્કને પોતાના ઉત્તમ ગુણ અને સર્વશ્રેષ્ઠ શકયતા તરીકે અને બાહ્ય ક્ષેત્ર તરીકે મનોમય શારીરિક જીવનથી સંલગ્ન અંશત: માનસિક અને અંશત: શારીરિક વ્યકિતત્વ તરીકે પોતાને લેખે છે એ સામાન્ય જણાય છે. પરંતુ જો આપણે આત્મલક્ષી યુગનાં ઘણાં આગળ વધેલાં વલણો દ્વારા જે નવીન ક્ષિતિજો ખૂલી છે તેને અંત સુધી અનુસરીએ તો ગ્રીક અને અર્વાચીન કલાઓના આદર્શ અને સત્યથી વધુ ઉચ્ચ પ્રાચીન સત્ય અને આદર્શ પ્રતિ આપણે દોરાઈ જઈશું. કારણ કે ત્યારે આપણે એ સત્ય ગ્રહણ કરીશું કે શરીર, પ્રાણ અને મનનાં સ્વરૂપોમાં પોતાની જાતને પરિપૂર્ણ કરવા પ્રયત્ન કરતો વિકસિત આત્મા છે. અને શુદ્ધ તથા પૂર્ણ મન અને શરીરમાં સૂક્ષ્મપણે સભાન આત્મ-જ્વલંત, વિજય અને પ્રભુત્વનો મહાન આદર્શ આપણી સમક્ષ દેદીપ્યમાન થતો જોઈશું જે વધુ વ્યાપક ક્ષેત્રને એ શોધે છે એ મનુષ્યે જેનાથી આરંભ કર્યો છે એ મનોમય ભૌતિક જીવન નહિ પરંતુ પૂર્ણમય બાહ્ય જીવન અને પૂર્ણમય આંતરિક જીવન

જે દ્વારા સંવાદિત થયા છે એ અભિનવ આધ્યાત્મિક જીવન એ તેની શોધનો ઉદ્દેશ રહેશે. પૂર્ણ સંસ્કાર અને તાર્કિક સમાજ ભણી મનુષ્યનો અથાગ બૌદ્ધિક પ્રયાસ ચાલે છે તેનાથી પર આપણા અંતરમાં રહેલ સ્વર્ગનું સામ્રાજ્ય અને પૃથ્વી પર ઈશ્વરના નગરની આશા ચરિતાર્થ કરતો જૂનો ધાર્મિક અને આધ્યાત્મિક આદર્શ પ્રગટ થાય છે.

પરંતુ જો આપણી ઉત્ક્રાંતિના અંતિમ રહસ્ય તરીકે આત્માને સ્વીકારવામાં આવતો હોય અને તેનું આધ્યાત્મિક આત્મશોધન, પ્રગતિશીલ રીતે વધુમાં વધુ વ્યાપક તથા સર્વાંગી પરિપૂર્ણતા આ આત્મતત્ત્વની શકિત દ્વારા શકય બને છે એમ આપણે સ્વીકારીએ તો એ ઉચ્ચ ધ્યેયને સ્વીકારવા માટે મનુષ્યનું સહજ-વૃત્તિય પાસું જે તર્કથી નિમ્ન સ્તરમાં છે એ સાધન બની શકે તેમ નથી. તો પછી તર્ક અને બૌદ્ધિક સંકલ્પથી વધુ ઊંચે આધ્યાત્મિક સંકલ્પ અને જ્ઞાન મુકતપણે વિચરતી આત્મતત્ત્વ શકિતઓ અને પોતાનાં વિશિષ્ટ નામો સાથે ચડિયાતી શ્રેણીનાં તત્ત્વો હોવાં જોઈએ જેની સહાયથી જ મનુષ્યમાં સંપૂર્ણ સજાગ આત્મ-પરિપૂર્ણતા શકય બને છે. આપણે એ યાદ રાખવાનું છે કે વ્યકિતગત આત્મતત્ત્વ અને સામૂહિક જીવનમાં જે છૂપી દિવ્યતા છે તેની સંપૂર્ણ ઉત્ક્રાંતિ અને આપણા આંતરસ્તરમાં દિવ્ય તત્ત્વ છે તેનું સર્વાંગી પ્રગટીકરણ એ આપણું આત્મ-પરિપૂર્ણતાનું ધ્યેય છે. જો આ બનવા પામે નહિ તો વ્યકિતગત અને સામાજિક જીવનનો જૂનો ખ્યાલ છે જેની પોતાની મહત્તા ઘણી જાણીતી હતી પરંતુ આ પ્રકારના જીવને આપણી પૂર્ણતાની બધી શરતોને પૂરી પાડી નહિ તે ખ્યાલમાં પાછા આવીને ઊભા રહીએ એવું બને. આ જૂનો ખ્યાલ એ આધ્યાત્મિક સ્વભાવલક્ષી સમાજનો ખ્યાલ હતો. પ્રત્યેક મનુષ્યમાં તેનો આગવો વિશિષ્ટ સ્વભાવ રહ્યો છે અને આ સ્વભાવ દિવ્ય સ્વરૂપમાં જન્મ પામ્યો છે તથા તેને પ્રતિબિમ્બિત કરે છે, પ્રત્યેક વ્યકિતનું ચારિત્ર્ય, તેનો નૈતિક પ્રકાર, તાલીમ, સામાજિક ધંધો, આધ્યાત્મિક શકયતા એ તેના વિશિષ્ટ સ્વરૂપમાં પરિબળોમાં આકાર પામવા જોઈએ અને વિકાસ થવો જોઈએ. આ જીવનમાં એ જે પૂર્ણતાની શોધ કરે છે એ આ નિયમને અનુરૂપ હોવી જોઈએ. પ્રાચીન ભારતીય સંસ્કૃતિનાં સિદ્ધાંતનું પાલન જેમ માનવ-વ્યવહારનું બને છે તેમ પોતાના સિદ્ધાંતને અનુરૂપ ન હતું એ મૂળ આ ધારણા પર કામ કરતું હતું. એ સિદ્ધાંતમાં સમાજમાં રહેતા મનુષ્યને ચાર વર્ગમાં વિભાજિત કરવામાં આવ્યો. આ ચાર વર્ગની કક્ષાઓ આધ્યાત્મિક, ચૈતસિક, નૈતિક અને આર્થિક હતી. વ્યવહારુ રીતે જોતાં આધ્યાત્મિક અને બૌદ્ધિક મનુષ્ય, સંકલ્પવાળો સક્રિય મનુષ્ય, પ્રાણલક્ષી સુખવાદી કરકસરિયો મનુષ્ય અને ભૌતિક મનુષ્ય એમ જોતાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા વર્ગો નિશ્ચિત થયા. આ ચાર ઘટકના વર્ગોવાળા સમગ્ર

સમાજની રચનામાં સર્જનાત્મક અને સક્રિય ઈશ્વરની સંપૂર્ણ પ્રતિમા પ્રતિબિમ્બિત થઈ.

સ્વભાવલક્ષી સમાજનું જુદું વિભાજન કરવું તદ્દન શક્ય છે. પરંતુ જો કોઈ વિભાજન અથવા તેની વ્યવસ્થા હોય, સ્વભાવલક્ષી સિદ્ધાંત એ આદર્શ માનવસમાજની આધારશીલા બની શકે નહિ. ભારતીય સિદ્ધાંત પ્રમાણે પણ મનુષ્યની ઉચ્ચ સિદ્ધિઓના યુગ કે પછી તેની નિમ્નતમ શક્યતાઓના સમયના ભાગ તરીકે એ રહેવા પામતું નથી. એ સંપૂર્ણ સત્ય, સત્યયુગ કે ક્રેતયુગ જેમાં પોતાની દિવ્ય શક્યતાઓના ઉચ્ચ અને પ્રગલ્ભ જ્ઞાન મુજબ અને નહિ કે તામ્રયુગ, કલીયુગની માફક મનુષ્યના પાર્થિવ જીવનના દાસ તરીકે સહજવૃત્તિઓ, પ્રવેગો અને ઈચ્છાઓ સહિત તર્ક પ્રાણ પ્રત્યે ઢળી પડે છે. ત્રેતાયુગમાં પોતાના ચક્રના મધ્યવર્તી કાળના યોગ્ય સિદ્ધાંતો એ વાસ્તવમાં આ નિશ્ચિત ક્રમ છે. જેમાં ચારિત્ર્યનાં બળ અને ઈચ્છાશક્તિથી પોતાના ધર્મ દ્વારા પોતાના સાચા અનુશાસનના અપૂર્ણ સ્વરૂપને જાળવવા પ્રયાસ કરે છે અને દ્વાપરયુગમાં કાયદો, વ્યવસ્થા અને નિશ્ચિત રૂઢિથી આ કાર્ય જાળવે છે.* આ પ્રકાર સર્વાંગી મનુષ્યનો પ્રકાર નથી, પરંતુ એ પોતાના સક્રિય સ્વભાવના સામાન્ય રીતે પ્રધાનવર્તી અંશ પર ભાર મૂક્યો છે અને નિશ્ચિત કરાયો છે. પ્રત્યેક મનુષ્ય પોતાની અંદર પૂર્ણ દિવ્ય અંતર્હિત શક્તિને સમાવે છે અને તેથી શૂદ્રત્વમાં જ શૂદ્રને ચુસ્તપણે મર્યાદિત રાખી શકાય નહિ અને બ્રાહ્મણને બ્રાહ્મણધર્મમાં પૂરી રખાય નહિ પરંતુ પ્રત્યેક વ્યક્તિ દિવ્ય માનવતાનાં પોતાનાં અન્ય તત્ત્વોની પૂર્ણતાની જરૂરિયાત અને અંતર્હિત શક્તિઓ અપક્વ, અવ્યવસ્થિત અવસ્થામાં અને નવીન વ્યવસ્થા રચવાના આપણા ધૂંધળા પ્રયત્ન ઢાંકતી આપણા આંતરતત્ત્વની અંધાધૂંધીમાં આ અંતર્હિત શક્તિઓ પ્રગટ થાય એમ બને. મધ્યવર્તી યુગોમાં વ્યવસ્થાનો સિદ્ધાંત અન્યને પૂર્ણ બનાવવા અમુક તત્ત્વોને દાબીને મર્યાદિત પૂર્ણતામાં આશરો લે. પરંતુ સત્યયુગનો કાયદો સહજ અને સ્વાશ્રિત આધ્યાત્મિક સંવાદિતાને મૂર્તિમંત કરવા આપણા અંતરતત્ત્વના સંપૂર્ણ સત્યનો વ્યાપક વિકાસ છે. એ ત્યારે જ મૂર્તિમંત થાય જ્યારે વધુ વિશાળ થતા ચક્રોમાં આપણી માનવશક્તિ આપણા અંતરતત્ત્વની આધ્યાત્મિક ક્ષિતિજોની દિવ્ય શક્તિઓ જ્ઞાન, સામર્થ્ય અને અંતર્હિત પ્રકાશને પ્રગટ કરવા ઉત્ક્રાંતિ દ્વારા શક્તિમાન બને.

જો આપણે તર્કના વહેવારને જટિલ અસ્તિત્વના વિરોધી સિદ્ધાંતોમાં અને આપણાં અન્ય કરણોમાં રહેલા નિરપેક્ષ પ્રત્યેના વલણને ફરીથી તપાસીએ તો

---

* તેથી એમ કહેવાય છે કે ત્રેતાયુગમાં વિષ્ણુ રાજા છે પરંતુ દ્વાપરયુગમાં કાયદો અને જ્ઞાનના પદ્ધતિસર યોજનાર અને ઘડનાર છે.

આ ઉચ્ચ અંતરતત્ત્વ અને ઉચ્ચ શકિતઓને આપણે વધુ યોગ્ય રીતે સમજી શકીશું. વિશેષ કરીને તર્કાતીત અને નિમ્ન તાર્કિક સ્તર સાથેના તેના વહેવારનો આપણે અભ્યાસ કરીએ. તર્કાતીત અને નિમ્ન તાર્કિક સ્તરો એ બન્ને ધ્રુવીય છેડાઓ છે જેની મધ્યમાં આપણી બુદ્ધિ એ મધ્યસ્થી તરીકે રહી છે. આધ્યાત્મિક તત્ત્વ અથવા તો તર્કાતીત તત્ત્વ એ તેની ઉચ્ચ કક્ષાએ નિરપેક્ષ તત્ત્વ તરફ વળેલ હોય છે; જ્વલંત અનંત તત્ત્વમાં રહીને તેના વિસ્તૃત પાસામાં પરિમિત તત્ત્વમાં અપરિમિત તત્ત્વને તથા સર્વ વિભાજન અને ભેદોમાં શાશ્વત એકતાને મૂર્તિમંત કરવાની તેની વિશેષ શકિત છે. તેથી આપણી આધ્યાત્મિક ઉત્ક્રાંતિ સાપેક્ષમાંથી નિરપેક્ષ, પરિમિતમાંથી અપરિમિત અને બધાં વિભાજનોમાંથી એકતા તરફ આરોહણ કરવામાં રહ્યું છે. પોતાની આધ્યાત્મિક અનુભૂતિમાં મનુષ્ય સાપેક્ષતામાં રહેલા નિરપેક્ષ તત્ત્વની તૃપ્તિને શોધે છે અને ગ્રહણ કરે છે, પરિમિતમાં અપરિમિતની વ્યાપક અને સૌમ્ય હાજરીને અનુભવે છે, સર્વ વિભાજનો અને ભેદોમાં પૂર્ણ એકતાના સમન્વયાત્મક નિયમને શોધે છે. પોતાના આંતરિક અને બાહ્ય જીવન અને બંધારણમાં આધ્યાત્મિક સંકલ્પનું એ છુપી અને કાર્ય શાશ્વત સત્તા તથા જગતના પરિમિત આભાસો જે તેને પ્રગટ કરે છે અને પ્રગટ કરવામાં તેને નકારી કાઢે છે તે વચ્ચેનો મહાન સમન્વય શોધી કાઢવાનું છે. જે શકિતઓ આને શકય બનાવે છે એ આપણી શ્રેષ્ઠ શકિતઓ છે કારણ કે તે જ્ઞાન કરણોમાં સામર્થ્ય, આનંદ અને અંતરતમ પ્રકાશ હોય છે જે દ્વારા આ વસ્તુઓને પ્રત્યક્ષ જ્ઞાન અને અનુભવ દ્વારા ગ્રહણ કરી શકાય, સંકલ્પ દ્વારા સામાન્યત: અને હમેશને માટે મૂર્તિમંત અને સાકાર કરાય તથા આપણા સમગ્ર સ્વભાવમાં તેનો વિનિમય શકય બને છે. બીજી તરફ નિમ્નતમ તાર્કિક કક્ષાનો અચિત્‌ના અસ્પષ્ટ અનંત તત્ત્વમાં રહ્યો છે. આ નિમ્નતમ તાર્કિક કક્ષા સહજવૃત્તિઓ અને પ્રવેગોમાં પ્રચુર રીતે રાચે છે. આ સહજ-વૃત્તિઓ અને પ્રવેગો વસ્તુત: આપણામાં રહેલા સંકલ્પ, ઈન્દ્રિયજન્ય, ભાવનાત્મક, પ્રાણલક્ષી, અચેતન ભૌતિક મનની અપરિપકવ અને વત્તીઓછી અસ્થિર અંત:-સ્ફુરણાઓ છે. તેનું ધ્યેય તેની પાસે જે અસ્પષ્ટ અને કિલષ્ટ જ્ઞાન અને વલણો છે તેમાં કંઈક મર્યાદિત વ્યવસ્થા, આત્મ-સર્જન અને નિશ્ચિત લક્ષણ રચવા તરફ ચાલી રહ્યું છે. પરંતુ તેની પાસે અનંત તત્ત્વનું બળ અને તેની સહજવૃત્તિ પણ છે જેમાંથી એ આગળ ધપે છે. નિમ્ન તાર્કિક અવસ્થામાં અસ્પષ્ટ, મર્યાદિત અને ઉગ્ર સ્વૈર વિચારીપણું છે જે નિરપેક્ષ તત્ત્વની તીવ્રતાઓને ગ્રહણ કરવા તત્પર કરી મૂકે છે. અને અમુક તબક્કે પરિમિત કાર્યવાહીમાં તેમને ધકેલી મૂકે છે. પરંતુ જ્ઞાન કરતાં અજ્ઞાનથી આગળ ધપે છે તેથી આ વધુ જલદ પ્રયાસમાં ખરેખર સફળ થઈ શકે નહિ. એ ઉચ્ચ અને આ નીચેની

પાર્થિવ શકિત વચ્ચે તર્ક અને બૌદ્ધિક સંકલ્પનું જીવન રહે છે. એક તરફ એ સહજવૃત્તિ અને પ્રવેગોના જીવનને ધ્યાનમાં લે છે અને પ્રકાશિત કરે છે અને જેને માટે એ મથે છે એવી પરિમિત વ્યવસ્થાના ઉચ્ચ તબક્કાને સ્થાપવામાં મદદરૂપ બને છે. બીજી તરફ એ નિરપેક્ષ તત્ત્વ તરફ ઊર્ધ્વ દૃષ્ટિ કરે છે, અનંત તત્ત્વ પ્રત્યે બહિર્દૃષ્ટિ કરે છે અને એક સત્તા પ્રત્યે એ અંતર્દૃષ્ટિ કરે છે. પરંતુ તેમની સત્તાઓને ગ્રહણ કરવામાં અશકિતમાન રહે છે. કારણ કે એ નિરપેક્ષ સત્તાનો ફકત નિષ્પન્ન અને દૂરગામી બુદ્ધિથી અભ્યાસ કરે છે અને એ સ્વયં મર્યાદિત અને નિશ્ચિત હોઈ સાપેક્ષ જગતમાં ગતિ કરે છે, તેથી લક્ષણ, વિભાજન અને મર્યાદાના વર્તુળમાં જ એ ક્રિયાશીલ રહી શકે. તર્કાતીત, તાર્કિક અને નિમ્ન તાર્કિક એ આંતરતત્ત્વની ત્રણ શકિતઓ હાજર છે પરંતુ આપણી સઘળી પ્રવૃત્તિઓમાં તેને અનંતપણે પરિવર્તનશીલ રહે છે.

મનોવૈજ્ઞાનિક સત્યો અને અનુભૂતિઓની મહાન શ્રેણી જેને આપણે અત્યાર સુધી પશ્ચાત્ ભૂમિકામાં રાખ્યા છે તેની સમક્ષ અને મનુષ્યના ધાર્મિક તત્ત્વ અને ધાર્મિક જીવન સમક્ષ તર્કની મર્યાદાઓ દેખીતી રીતે, દૃઢતાપૂર્વક અને વિશિષ્ટ લાક્ષણિકતાઓથી ઉઘાડી પડી જાય છે. અહીં એવો પ્રદેશ તેને જોવા મળે છે જ્યાં બૌદ્ધિક તર્ક વિદેશીના વ્યાકુળ મનની જેમ ટગર ટગર જોયા કરે અને એવી ભાષા સાંભળે છે જેના શબ્દો અને આત્મા પોતાને અગ્રાહ્ય જણાય છે. પ્રાણતત્ત્વનાં સ્વરૂપો તથા વિચાર અને કાર્યના સિદ્ધાંતો જે તેને બધે દેખાય છે એ પોતાના અનુભવને તદ્દન વિચિત્ર જણાય છે. એ આ વાણીને શીખવા પ્રયાસ કરશે અને આ વિચિત્ર અને પરદેશી જીવનને સમજવા કોશિશ કરશે. પરંતુ તેમાં તેને મુશ્કેલી અને દુઃખનો અનુભવ થશે પરંતુ જ્યાં સુધી આ અતિસુંદર સામ્રાજ્યના વતનીઓ સાથે તેની પ્રકૃતિ અને તેના જીવ સાથે એકરૂપ બને નહિ અને એ માટે કહીએ તો તદ્દન નવેસરથી શીખે નહિ ત્યાં સુધી એ સફળ થઈ શકશે નહિ, ત્યાં સુધી પોતાના અંગત ખ્યાલો અને પોતાની અંગત ભાષા મુજબ તેને અર્થઘટિત કરવા અને સમજવાના પ્રયત્નો સ્થૂળ ગેરસમજૂતી અને કુરૂપતામાં પરિણમે છે. ધાર્મિક જીવનની ઘટનાઓનું પૃથક્કરણ પ્રત્યક્ષ આલોચનાત્મક તર્ક દ્વારા થાય છે એ આધ્યાત્મિક અનુભૂતિ ધરાવતા મહાનુભાવોને પ્રૌઢ લોકોના જીવનને પોતાના ટેવયુકત ખ્યાલોના માળખામાં ગોઠવી દેવા પ્રયાસ કરતી બાળકોની રમતો અથવા તો મહાન વૈજ્ઞાનિક કે પ્રતિભાશાળી ચિંતકના કાર્યને વખોડવા કે તેની આલોચના કરવાનું અજ્ઞાન મનની મહાન ભૂલ જેવું લાગે છે. વધુમાં વધુ આ વૃથા પ્રયત્ન જે વસ્તુઓને સમજાવે છે તેની બાહ્ય સપાટીને જ ધ્યાનમાં લે છે અને વ્યકત કરે છે, તેમાં આત્મતત્ત્વને ભૂલી જવાયો છે, આંતરિક ઉપાદાનને છોડી દેવાયું છે એ

મહત્ત્વના તત્ત્વને રદબાતલ કર્યું તેના પરિણામે, બાહ્ય સ્તરની માહિતી પણ યથાર્થ સત્ય વિનાની રહી અને માત્ર દેખાવનું ઔચિત્ય જણાયું.

સ્વતંત્ર બૌદ્ધિક તર્ક જ્યારે ધાર્મિક જીવનની ઘટના સમક્ષ ખડો થાય છે ત્યારે એ બેમાંથી એક વલણ અખત્યાર કરવા નૈસર્ગિક રીતે પ્રેરાય છે. કાં તો એ સમગ્ર વસ્તુને વહેમના સમૂહ, ગુહ્ય અનર્થ, ભૂતકાળના અજ્ઞાત અવશેષના સેળભેળ તરીકે જુએ છે. બુદ્ધિવાદીનો આ અંતિમવાદી જુસ્સો હતો જે હવે સદ્‌ભાગ્યે પૂર્ણ મૃત:પ્રાય નહિ પણ મહદ્ અંશે નબળો પડયો છે અને લગભગ મરણતોલ થયો છે, અથવા ધર્મને એ આક્રાય આપી ઉત્તેજન આપે છે, તેનાં ઝિગમોને સમજાવે છે અને સમજાવી કાઢવાની પ્રક્રિયા રજૂ કરી તેને દૂર કાઢે છે; અથવા ધર્મના વહેમોને, અપરિપક્વતા, વિષમતાને સુધારી કે ત્યાગ કરી તેનું ભાવવાયી શૂન્યતામાં શુદ્ધિકરણ અથવા તાર્કિક બુદ્ધિના પ્રકાશમાં શુદ્ધ બનાવી તેને સમજાવવાનો પ્રયાસ કરે છે; અથવા ધર્મને તેનો ભાગ ભજવવા દે છે, અજ્ઞાનીઓની કદાચ નૈતિક સુધારણા માટે નીચલા વર્ગોને વ્યવસ્થિત રાખવા રાજ્યને ઉપયોગી થાય એ માટે નૈતિક સુધારણાના મૂલ્ય તરીકે અને કદાચ તાર્કિક ધર્મની વિચિત્ર કલ્પના શોધવા પણ એ પ્રયત્ન કરે એમ લેખે અને વિચારે છે.

માનવ-વિચારના ઇતિહાસમાં સૌ પ્રથમ વલણે તેની વિધ્યાત્મક બાજુ તરફ શકિતશાળી ભાગ ભજવ્યો છે. આ પ્રવૃત્તિ પોતાની રીતે માનવ-પ્રગતિ અને અંતે ધર્મને માટે પણ ઘણી ઉપયોગી નીવડી છે જેની પ્રક્રિયાની, કેવી રીતે અને શા માટે, નોંધ હવે પછી આપણે કરવી પડશે. પરંતુ માનવ મને હવે પર્યાપ્ત રીતે જાણવાની શરૂઆત કરી છે. તેમ આ વલણમાં અભિપ્રેત રહેલા અસહિષ્ણુ નકારો એ નરી મુર્ખાઈ છે. જેમ કોઈ પરદેશી વિદેશમાં આવેલી પ્રત્યેક વસ્તુને હાસ્યાસ્પદ અને ઊતરતી માને છે કારણ કે આ વસ્તુઓ એ પોતાની આચરણ કે વિચારની રીતભાત નથી અને પોતાના માપોથી વેતરી શકાતી નથી કે પોતાનાં ધોરણોને અનુકૂળ આવતી નથી એવી જેમ ભૂલ કરી બેસે છે તેમ આ પણ ભૂલભરેલું છે. તેથી પૂર્ણ બુદ્ધિવાદી ધાર્મિક જુસ્સા પાસે એવી માગણી કરે છે કે જો તેને ટકી રહેવું હોય તો ભૌતિક બુદ્ધિને સંતોષવી જોઈએ અને તેનાં સત્યોની ભૌતિક સાબિતી પણ આપવી જોઈએ. પરંતુ ધર્મનું હાર્દ અભૌતિક આત્મતત્ત્વની શોધ અને અતિભૌતિક ચેતનાની ક્રીડા છે. જેમ અજ્ઞાની અને ધમાલિયો વિદેશી અમુક સંસ્કૃતિનો તેનો પહેરવેશ, જીવનના બાહ્ય રંગ અને વતનીઓની બાહ્ય રીતભાતોની અમુક તદ્દન બાહ્ય ખાસિયતો પરથી અંદાજ કાઢે તેમ બુદ્ધિવાદી પણ સંસ્કૃતિ વિષે અભિપ્રાય આપવા તત્પર બને છે. અન્ય કહેવાતા ધર્મોની જેમ જ બુદ્ધિવાદી આમ

કરવામાં ભૂલ કરે છે. એ કદાચ તેનું બહાનું હોય પરંતુ એ તેના અજ્ઞાનનો બચાવ હોઈ શકે નહિ. માનવ-વિચારના ઇતિહાસમાં બૌદ્ધિક મનના વધુ ઉદાર વલણે પણ પોતાનો ભાગ ભજવ્યો છે. ધર્મને સમજાવવા માટે બૌદ્ધિક મનના પ્રયાસો યુક્તિબાજ વિકૃતિભરેલા વિપુલ પ્રમાણમાં સંકલનગ્રંથ તૈયાર કરવામાં પરિણમ્યા છે. આવો અર્ધ-વૈજ્ઞાનિક પ્રયાસ એ ધર્મના તુલનાત્મક વિજ્ઞાનની રચના છે. પોતાના ઉપાદાન માટે ગેરસમજૂતી પામેલ હકીકતોથી સિદ્ધાંતના સ્વીકૃત અર્વાચીન શૈલીવાળા વિપુલ અગ્રભાગો તેણે બાંધ્યા છે. ધર્મની તેણે આપેલ અર્ધ માફી વિચારના ઉપરછલ્લા તબક્કાઓ પ્રતિ દોરી જાય છે જે ઝડપથી પસાર થઈ ગયેલ છે અને તેના કોઈ લિસોટાઓ તેમની પાછળ રહ્યા નથી. તાર્કિક ધર્મને ઉત્પન્ન કરવા માટે તેણે કરેલા પ્રયાસો સંપૂર્ણપણે શુભ આશયવાળા હતા પરંતુ નિઃસહાય અને મનને સમજાવે એવા ન હતા. તેમની કોઈ દેખીતી અસર જણાઈ નહિ અને વિખૂટા પડતા વાદળાની જેમ નિષ્ફળ ગયા છે, છૂટા પડેલા આકાશની જેમ નાશ પામે છે.

જો પ્રતીક, વિધિ, સંપ્રદાય કે નિશ્ચિત માન્યતા જેવી બાહ્ય યાંત્રિકતાને દૂર રાખીએ તો ધર્મનું આંતરિક હાર્દ, અંતરતમ હૃદય એ ઈશ્વરની શોધ કરવામાં રહ્યું છે. તેની ઊંડી અભીપ્સા એ અનંત, નિરપેક્ષ, અદ્વૈત અને દિવ્ય તત્ત્વ શોધવાની છે. આ તત્ત્વ એ આ સઘળી વસ્તુ છે અને છતાં એ અમૂર્ત નથી પરંતુ સઘન અંતરતત્ત્વ છે. મનુષ્ય અને ઈશ્વર વચ્ચેના જે વિવિધ સંબંધો છે જેવાં કે એકતા, ભેદ, જ્વલંત પ્રકાશ, ઉત્કટ પ્રેમ અને આનંદના સંબંધોને ખરા ભાવથી મૂર્તિમંત કરવાનું કાર્ય છે. નિરપેક્ષ શરણાગતિ, શુશ્રૂષા, આપણા અસ્તિત્વના પ્રત્યેક અંશને તેના નૈસર્ગિક દરજ્જામાંથી દૂર કરીને મનુષ્ય દિવ્ય તત્ત્વ પ્રતિ આરોહણ અને દિવ્ય તત્ત્વને મનુષ્ય પ્રત્યેના અવતરણમાં જોડવાનું કાર્ય પણ રહ્યું છે. આ સર્વને તર્કના સામ્રાજ્ય અને તેની સાહજિક પ્રવૃત્તિઓ સાથે કશું કરવાનું રહેતું નથી. તેનું ધ્યેય, તેનો પ્રદેશ અને પ્રક્રિયા તર્કાતીત છે. ઈશ્વરના અસ્તિત્વની તરફેણમાં કે વિરુદ્ધમાં તર્કની દુર્બળ દલીલોનું વજન કરીને ઈશ્વરના જ્ઞાનને પ્રાપ્ત કરવાનું નથી. અહમ્‌ની મર્યાદાથી પર જઈને અને નિરપેક્ષ શરણાગતિ, અભીપ્સા અને અનુભૂતિથી જ તેની પ્રાપ્તિ કરવાની છે. એ અનુભૂતિ તાર્કિક દાર્શનિક વિચારણાથી કે તાર્કિક વૈજ્ઞાનિક પ્રયોગની જેમ આગળ ધપતી નથી. ધાર્મિક શિસ્તનાં જે અંશો વૈજ્ઞાનિક પ્રયોગને મળતાં જણાય છે તેમાં પણ વસ્તુઓના સત્યશોધનની પદ્ધતિ તર્ક અને તેના સંકુચિત કાર્યક્ષેત્રથી આગળ ધપે છે. ધાર્મિક જ્ઞાનના જે અંશો બૌદ્ધિક પ્રવિધિઓને વધુ મળતા જણાય છે તેમાં પ્રજ્વલિત કરણો કલ્પના, તર્ક અને બૌદ્ધિક સંબોધ નથી પરંતુ સ્ફુરણાત્મક જ્ઞાન, પ્રેરણા, પ્રજ્ઞા અને તર્કાતીત પ્રકાશના સ્તરમાંથી ઊતરતો પ્રજ્ઞાત્મક વિવેક છે. ઈશ્વરનો

પ્રેમ એ અનંત અને નિરપેક્ષ લાગણી છે જેને કોઈ તાર્કિક મર્યાદા નથી અને એ તાર્કિક પૂજા અને શણગારની ભાષા વાપરતો નથી. એ ઈશ્વરમાં અનેરો આનંદ છે જે શાન્ત અને આહ્લાદક છે અને એ સર્વ સમજૂતીથી પર ચાલ્યો જાય છે. ઈશ્વરને શરણાગતિ એ સમગ્ર અંતરતત્ત્વનો તર્કાતીત પ્રકાશ, સંકલ્પ, સામર્થ્ય અને પ્રેમ પ્રત્યે શરણાગતિ છે. અને પાર્થિવ અસ્તિત્વની સાધારણ ચાલચલગતની પ્રકૃતિના ઉત્તમ ભાગ તરીકે મનુષ્ય વ્યાવહારિક તર્કનો જીવનના સમાધાનો કરવા ઉપયોગ થાય છે. તેની નોંધ ઈશ્વરની શુશ્રૂષા અને શરણાગતિમાં લેવામાં આવતી નથી. જ્યાં ધર્મ પોતાના સ્વરૂપને ખરેખર શોધી કાઢે છે અને જ્યાં એ પોતાના આત્મતત્ત્વ પ્રત્યે પ્રગટ થાય છે ત્યાં તેનો માર્ગ નિરપેક્ષ છે અને તેનાં પરિણામો અવાચ્ય છે. એવી ઘણી ધાર્મિક વિધિઓ છે જે સ્થગિત, અપૂર્ણ, અર્ધદગ્ધ, પોતાના વિશે અનિશ્ચિત છે અને જેમાં તર્કને પોતાના ટેકેદાર મળી રહે છે.

આપણા ધાર્મિક અંતરતત્ત્વ અને અનુભૂતિના ઉચ્ચ પ્રદેશના સંબંધમાં તર્ક ખરેખર ભાગ ભજવે છે. પરંતુ તેનું એ કાર્ય તદ્દન દ્વિતીયીક અને ગૌણ છે. તર્ક ધાર્મિક જીવન માટેના ધારો આલેખી શકે નહિ તેમ પોતાની મેળે દિવ્ય જ્ઞાનની વ્યવસ્થા નિર્ધારિત કરી શકે નહિ. દિવ્ય પ્રેમ અને આનંદનું શિક્ષણ અને તેના શાળાકીય પાઠો આપી શકે કે તૈયાર કરી શકે નહિ. આધ્યાત્મિક અનુભૂતિની એ મર્યાદા આંકી શકે નહિ, અથવા આધ્યાત્મિક માનવના કાર્ય પર એ પોતાની ધૂંસરી મૂકી શકે નહિ. તેનું એકમાત્ર યથાર્થ કાર્યક્ષેત્ર એ પોતાની ભાષામાં મનુષ્યના બૌદ્ધિક અને તાર્કિક અંશોને આપણા આધ્યાત્મિક અને તર્કાતીત અસ્તિત્વના નિયમો, સત્યો અને અનુભૂતિઓને પોતાની ઉત્તમ શક્તિથી સમજાવવાનું છે. પૂર્વમાં આધ્યાત્મિક દર્શને એ કાર્ય કર્યું છે. અને પશ્ચિમમાં ધર્મશાસ્ત્રે આ કાર્ય અપરિપક્વ રીતે અને અપૂર્ણપણે કર્યું છે. માનવજાતિના બૌદ્ધિક માનસે ઘણું રખડી લીધા પછી ફરીને દિવ્ય તત્ત્વની શોધ તરફ એ વળ્યું છે એવા વર્તમાન સમયની ક્ષણોમાં આ કાર્ય અગ્રીમ મહત્ત્વનું છે. તાર્કિક અનુભવ, અસ્તિત્વની દેખાતી હકીકતોના આપણા જ્ઞાનમાંથી તારવેલાં સાદૃશ્યો, વિજ્ઞાનના ભૌતિક સત્યો પ્રતિ નિર્દેશ, સામાન્ય કામગીરીમાં રહેતા બૌદ્ધિક મનના સર્વ સાધન દ્વારા અપાયેલ સામગ્રીમાંથી નિષ્કર્ષ પામેલાં અનુમાનો, તાર્કિક દલીલો અને બુદ્ધિને અનુરૂપ ઉચિત પ્રક્રિયાઓમાં અનિવાર્ય રીતે દાખલ થવી જોઈએ. પરંતુ આ સર્વ આધ્યાત્મિક દર્શનનો તદ્દન નિર્બળ અંશ છે. એ જ્યારે બુદ્ધિ માન્યતા તરફ અગાઉથી માનસિક ઝોક ધરાવતી હોય ત્યારે જ તાર્કિક મનને તેમાં દૃઢ બનાવે છે. અને જ્યારે એ સમજાવીને દૃઢ બનાવે છે ત્યારે પણ એ સાચું જ્ઞાન આપતું નથી.

જ્યારે આધ્યાત્મિક આત્મતત્ત્વ અને આધ્યાત્મિક જીવનની અનુભૂતિઓ તથા પ્રગલ્ભ સત્યોને ધ્યાનમાં લઈને સંતોષ મેળવે છે ત્યાં તર્ક વધુમાં વધુ સહી-સલામત છે. જાણે કે તેને એ અપાઈ ચૂકેલા છે અને એવા સ્વરૂપ, વ્યવસ્થા અને એવી ભાષામાં મૂકે છે કે જેથી તાર્કિક મનને એ સારી રીતે સમજાય. તેમ છતાં પણ એ તદ્દન સહીસલામત નથી કારણ કે એ આ વ્યવસ્થાને બૌદ્ધિક માળખામાં જડ બનાવી મૂકે અને સ્વરૂપ જાણે કે તેનું આંતરિક હાર્દ હોય એમ તેને રજૂ કરે. અને વધુમાં વધુ સંભવિત હોય તો તે એવી ભાષા વાપરે જે તર્કાતીત સત્યની જ વાણી નથી પરંતુ એ તેનું અપર્યાપ્ત ભાષાંતર છે. અને એ તાર્કિક બુદ્ધિની સામાન્ય વાણી નથી તેથી માનવજાતિના સામાન્ય તર્ક દ્વારા એ સમજાય નહિ અથવા તો તેની ગેરસમજૂતી થાય. આધ્યાત્મિક સંશોધકની અનુભૂતિ માટે એ સારી પેઠે જાણીતું છે કે ઉત્તમ તત્ત્વચિંતન પણ યથાર્થ આંતરિક જ્ઞાન આપતું નથી, અ આધ્યાત્મિક પ્રકાશ નથી તેમ એ અનુભૂતિના દ્વારોને ખોલતું નથી. જે કાંઈ એ કરી શકે એ બુદ્ધિ દ્વારા મનુષ્યની ચેતનાને સંબોધી શકે અને જ્યારે એમ કરે ત્યારે કહે કે, "મેં તને સમજાય અને તેને સંભવિત લાગે તેવા સ્વરૂપ અને માળખામાં સત્ય આપવા પ્રયાસ કર્યો છે. જો તમે એ પ્રત્યે આકર્ષાયા હો અને બૌદ્ધિક રીતે દૃઢ થયા હો તો હવે તમે યથાર્થ જ્ઞાનને શોધી શકો પરંતુ જે સાધનો મારા કાર્યપ્રદેશથી પર રહ્યાં છે તે દ્વારા તમારે શોધ કરવાની છે."

પરંતુ ધાર્મિક જીવનનું અન્ય સ્તર એક એવું છે જેમાં તર્ક વધુ સ્વતંત્ર રીતે દખલગીરી કરવા અને ચડિયાતો ભાગ ભજવવા અધિકારી છે એમ વાજબી જણાય. કારણ કે જેમ તર્કાતીત જીવન રહ્યું છે, જેમાં ધાર્મિક અભીપ્સા પોતે જેને શોધે છે તે મળી રહે છે તેમ સહજવૃત્તિઓ, પ્રેરકબળો, સંવેદનો, અપરિપક્વ સંવેગો, પ્રાણલક્ષી પ્રવૃત્તિઓ પણ રહી છે જેમાંથી બધી માનવ-પ્રવૃત્તિઓ પોતાની શરૂઆત કરે છે એવું નિમ્ન તાર્કિક જીવન પણ રહ્યું છે. મનુષ્યમાં રહેલી ધાર્મિક વૃત્તિનું સંવેદન આ શક્તિને પણ થાય છે, તેની જરૂરિયાતો અને અનુભૂતિમાં ભાગીદારી રાખે છે અને પોતાનો સંતોષ વાંચ્છે છે. ધર્મ પોતાના કાર્યપ્રદેશમાં આ સંતોષને પણ સમાવે છે અને જેને રૂઢિગત ધર્મ કહેવાય છે તેમાં આ વધુ મહત્ત્વનો ભાગ છે, અમુક સંજોગોમાં બાહ્ય દૃષ્ટિએ એ સંપૂર્ણ રીતે ધર્મ છે. કારણ કે ધાર્મિક અનુભૂતિની ઉત્તમ પવિત્રતા આ મિશ્રિત અને ડહોળા પ્રવાહથી જ તેનું દર્શન થાય છે, એમ નથી. આપણી ઉચ્ચ વૃત્તિઓના આપણી નિમ્ન અવિદ્યારૂપ પ્રકૃતિ સાથે મિલન અને સંપર્કના પરિણામે ઘણી અશુદ્ધિ, અજ્ઞાન, વહેમ, ઘણાં શંકાશીલ તત્ત્વો સ્વરૂપ ધારણ કરતાં હોવાં જોઈએ. અહીં એમ જણાય કે તર્કને તેનો વાજબી હિસ્સો આપ્યો

છે. અહીં ખરેખર એ સહજવૃત્તિઓ અને પ્રેરકબળોની પ્રવૃત્તિને શુદ્ધ, પ્રકાશમાન અને બૌદ્ધિક બનાવવા દખલગીરી કરી શકે. એમ લાગે કે જે ધર્મ મહદ્ અંશે નિમ્ન તાર્કિક અને અશુદ્ધ છે તેની જગ્યાએ "શુદ્ધ" અને તાર્કિક ધર્મ પ્રસ્થાપિત કરવા ધાર્મિક સુધારા-પ્રવૃત્તિ માનવજાતિના ધાર્મિક વિકાસમાં વિશિષ્ટ આગેકૂચ કરી લેખાશે. અમુક હદ સુધી આ કદાચ સાચું લેખાય પરંતુ ધાર્મિક અંતરતત્ત્વના વિશિષ્ટ સ્વરૂપને લીધે તર્કાતીત પ્રદેશ તત્ત્વ પ્રત્યે કોઈ પણ પ્રકારના વિશેષણ વિનાની આંતરિક ખોજ કે પછી તાર્કિક મન અહીં કોઈ વિધ્યાત્મક મૂલ્ય દર્શાવે એવું કરી શકવાને અસમર્થ છે.

ધાર્મિક રૂપો અને માળખાઓ નિઃસત્ત્વ અને શોષિત બને છે અને તેમનો નાશ કરવાનો છે અથવા પોતાની આંતરિક સમજનો મોટો ભાગ એ ગુમાવે છે. જ્ઞાનની બાબતમાં એ આવરણથી ઢંકાયેલું રહે છે અને વ્યવહારમાં હાનિ-કર્તા બને છે. જે નિઃસત્ત્વ છે અથવા નિષેધક સ્ખલનોનો નાશ કરવામાં ધાર્મિક ઇતિહાસમાં તર્કે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પરંતુ વહેમ અને અજ્ઞાન જે ધાર્મિક સ્વરૂપો અને પ્રતીકો સાથે સંકળાયેલ છે તેને દૂર કરવાના પ્રયાસમાં આધ્યાત્મિક જ્ઞાનના પ્રકાશથી દૂર રહેલ બૌદ્ધિક તર્ક સત્ય અને સત્યમાં રહેલ અનુભૂતિને નકારે છે અને સંભવે ત્યાં સુધી તેનો નાશ કરી નાખે છે. ધાર્મિક સુધારણાઓ જે તર્કને વધુ પડતું અનુમોદન આપે છે અને જે વધુ પડતા નિષેધક અને ઢૂંઢિયા છે એ એવા ધર્મોને સર્જે છે જેમાં ધાર્મિક ભાવનાની પૂર્ણતા અને આધ્યાત્મિકતાના વૈભવની ખોટ જણાય છે. આવી સુધારણાઓ તેમના દ્રવ્યમાં સમૃદ્ધ નથી. તેમનું સ્વરૂપ અને ઘણી વખત તેમનું આત્મ-તત્ત્વ દુર્બળ, શુષ્ક અને નિરુત્સાહી જણાય છે. એ ખરેખર તાર્કિક જણાતા નથી. જે તાર્કિક પ્રક્રિયા અને હઠાગ્રહી સિદ્ધાંત તાર્કિક મનને તેમની જગ્યાએ મુકાતા સંપ્રદાયોને પણ અતાર્કિક લેખે છે તેનાથી આવી સુધારણાઓ જીવંત રહેતી નથી. એ નિષેધકતા પર પણ જીવંત નથી. આવી સુધારણાઓ શ્રદ્ધા અને ઉત્સાહ જેનું ધ્યેય તર્કાતીત છે અને તેને તેના નિમ્ન તાર્કિક તત્ત્વો પણ આપ્યાં છે તેનાથી જીવંત રહે છે. આત્મશંકાશીલ સંપ્રદાયો કરતાં સામાન્ય માનસને આ સુધારણાઓ ઓછાં સ્થૂળ જણાતાં હોય તો તેનું કારણ એ છે કે તર્કાતીત અનુભૂતિના પ્રદેશમાં ઝંપલાવવામાં એ વધુ બીકણ છે. ધાર્મિક બાજુ તરફ કાર્ય કરતા સહજવૃત્તિઓના અને પ્રેરકબળોના જીવનનું તર્ક દ્વારા સંતોષકારક શુદ્ધિકરણ થઈ શકે નહિ. પરંતુ ઊર્ધ્વકરણ દ્વારા અને આત્મતત્ત્વના ઉજ્જવળ પ્રકાશથી આગળ એ સંભવે છે. ધાર્મિક વિકાસની નૈસર્ગિક રેખા હમેશ ઉજ્જવળ પ્રકાશથી આગળ વધે છે, જ્યારે ધાર્મિક સુધારણા જૂનાં સ્વરૂપોનો નાશ કરવા કરતાં તેને પુનઃ પ્રકાશિત બનાવે છે, જ્યાં વિનાશ

જરૂરી છે ત્યાં દુર્બળ સ્વરૂપોથી નહિ પરંતુ વધુ વૈભવશાળી સ્વરૂપોને તેની જગ્યાએ મૂકે છે અને ગમે તે સંજોગમાં તાર્કિક પ્રકાશથી નહિ પરંતુ તર્કાતીત પ્રકાશથી તેનું શુદ્ધિકરણ કરે છે ત્યારે ધાર્મિક સુધારણા ઉત્તમ રીતે પ્રવૃત્તિ કરે છે. કેવળ તાર્કિક ધર્મ એ શુષ્ક અને નીરસ દેવવાદ હોઈ શકે અને આવા પ્રયાસો શક્તિવિહોણા ટૂંકજીવી નીવડયા છે, કારણ કે એ ધર્મથી વિરુદ્ધ, નૈસર્ગિક કાયદો અને ધર્મના આત્માથી વિપરીતપણે વર્તન કરે છે. જો તર્કને કોઈ નિર્ણાયક ભાગ ભજવવો હોય તો એ આધ્યાત્મિક તીવ્રતા, વેધક દૃષ્ટિથી સંલગ્ન બૌદ્ધિક તર્ક નહિ પરંતુ અંતઃસ્ફુરણાત્મક તર્ક હોવો જોઈએ. કારણ કે એ યાદ રાખવું જોઈએ કે નિમ્ન તાર્કિક કક્ષાની ભીતર પણ ગૂઢ સત્ય રહ્યું છે જે તર્કના આધિપત્ય નીચે રહેતું નથી કે તેનાં વિધાનો રચવા પણ સંપૂર્ણ શકય નથી. હૃદયમાં પોતાનું જ્ઞાન રહ્યું છે, જીવનને પોતાના સ્ફુરણાત્મક અંતરતત્ત્વમાં, સૂચનો, શુભાશુભ જ્ઞાન, રહસ્યમય શક્તિમાં પ્રગટીકરણ અને જ્વલંત શાખાઓ રહ્યાં છે. દિવ્ય અને છેક અર્ધ-દિવ્ય અભીપ્સા છે જેને અંતઃસ્ફુરણાની દૃષ્ટિ જ માપી શકે અને માત્ર અંતઃસ્ફુરણાત્મક વાણી કે પ્રતીક જ આકાર આપે અથવા બોલી શકે. ધર્મનાં સ્વરૂપો દોષિત કે અસ્પષ્ટ છે, તેમને આંતરિક રીતે પ્રકાશમાન કરવાની શક્તિ વિના અથવા ઊર્ધ્વનાં પરિબળોથી તેમને પ્રકાશમાન થવાની રાહ જોયા વિના અથવા વધુ પ્રકાશમાન પ્રતીકો તેમની જગ્યાએ મૂકયા વિના ધર્મમાંથી આવી ગૂઢ રહસ્યમય શક્તિને તિલાંજલી આપવી અથવા તેની પરિપૂર્ણતા માટે આવશ્યક તત્ત્વોને ધર્મમાંથી દૂર કરવાનું કાર્ય એ તેનું શુદ્ધિકરણ નથી પરંતુ તેની દીનતામાં ઉતારી દેવા જેવું છે.

પરંતુ આત્મતત્ત્વ અને તર્કના સંબંધો વહેવારમાં વારંવાર હોય છે તેમ પરસ્પર વિરોધી અથવા તદ્દન સંપર્ક વિનાના છે એવું ન હોવું જોઈએ. ધર્મે પોતાના સિદ્ધાંત તરીકે "હું માનું છું કારણ કે એ અસંભવિત છે." અથવા પાસ્કલનું "હાસ્યાસ્પદ છે તેથી હું માનું છું" એ સૂત્ર અખત્યાર ન કરવું જોઈએ. સ્વતંત્ર તર્કને જે હાસ્યાસ્પદ કે અસંભવિત જણાય છે એ આત્મતત્ત્વની શક્તિ અને પ્રકાશના પ્રક્ષેપણથી ઊર્ધ્વગતિ પામેલ તર્કની દૃષ્ટિએ યથાર્થ અને ઉચિત છે. કારણ કે ત્યારે એ અંતઃસ્ફુરણાત્મક મન દ્વારા નિયંત્રિત થાય છે. જ્ઞાનના હજુ વધુ ઉચ્ચ સિદ્ધાંત ભણી લઈ જતા માર્ગના સાધન તરીકે અંતઃસ્ફુરણાત્મક મન રહે છે. વધુમાં વધુ વ્યાપક આધ્યાત્મિકતા હાર્દિક એવી માનવપ્રવૃત્તિ કે અંતઃશક્તિને દૂર કાઢે છે કે નાસીપાસ કરી મૂકે છે એવું નથી પરંતુ તેમની અપૂર્ણતા, ફાંફાં મારતા અજ્ઞાનમાંથી દૂર ઊંચકી લેવાનું કાર્ય કરે છે. પોતાના સ્પર્શથી તેમને રૂપાંતરિત કરે છે અને દિવ્ય તત્ત્વ અને તેમને દિવ્ય સ્વરૂપના આનંદ, સામર્થ્ય અને પ્રકાશનાં સાધનો બનાવે છે.

પ્રકરણ ચૌદમું

તર્કાતીત સૌન્દર્ય

ધર્મ એ આધ્યાત્મિક અને તર્કાતીત તત્ત્વ પાછળની શોધ છે. તેથી આ પ્રદેશમાં બૌદ્ધિક તર્કની મદદ અપર્યાપ્ત જણાય. અંતમાં જ નહિ પરંતુ આરંભથી પોતાને જાણે કે પોતાના પ્રદેશની બહાર અનુભવે અથવા જે પ્રદેશ પોતાનાથી પર છે, સામર્થ્ય અને પ્રકાશવાળો છે તેમાં હતાશાથી અથવા અવરોધક અનધિકૃતપણે કાર્ય કરે છે. એવી ટીકા કરીને તેને દૂર કાઢવામાં આવ્યો છે એમ લાગે. પરંતુ માનવ-ચેતના અને માનવ-પ્રવૃત્તિના અન્ય પ્રદેશોમાં એવું વિચારાય છે કે આ વિષયો તાર્કિક અને પરિમિત તે અથવા એવા સીમા પ્રાંત પર છે જ્યાં તાર્કિક, નિમ્ન તાર્કિક અને તર્કના નિયંત્રણ અને પ્રકાશના જરૂરિયાતની રાહ જોતા માનવનાં પ્રેરકબળો અને તેની સહજવૃત્તિઓ રહ્યાં છે. પરિમિત જ્ઞાનનાં પોતાનાં જ કાર્યક્ષેત્ર, વિજ્ઞાન, દર્શન ઉપયોગી કળાઓમાં કોઈ એમ વિચારશે કે તર્કનો અધિકાર નિર્વિવાદ છે. પરંતુ અંતમાં એ સાચું ઠરતું નથી એમ કદાચ બને કે તેનો પ્રદેશ વધુ વ્યાપક હોય. તેની શક્તિઓ વધુ વિપુલ પ્રમાણમાં હોય, તેનું કાર્ય ન્યાયપુરઃસર વધુ આત્મ-વિશ્વાસુ હોય પરંતુ અંતમાં હર જગ્યાએ આપણા અંતરતત્ત્વની બે અન્ય શક્તિઓ વચ્ચે ખડી રહેતી માલૂમ પડે છે અને મધ્યસ્થીના એક જ કાર્યની વત્તીઓછી માત્રાને પરિપૂર્ણ કરે છે. જોકે એ પ્રધાન જ્ઞાનપ્રકાશક નથી છતાં એ એક તરફ અવશ્ય રીતે પ્રકાશક આપણાં પ્રાણલક્ષી પ્રેરકબળો અને આરંભના માનસિક શોધ-ખોળના સુધારક છે તો બીજી તરફ પ્રચ્છન્ન અંતરતત્ત્વના માત્ર એક સચિવ અને તેના આગામી શાસનના માર્ગોના બાંધનાર છે.

આપણી સામાન્ય શક્તિઓની શ્રેણીમાં તર્કની તદ્દન નજીક રહેલા બે પ્રદેશોને જોતાં આ ખરેખર દેખાઈ આવે છે. આ બે પ્રદેશો એ સૌન્દર્ય તત્ત્વ અને નૈતિક તત્ત્વ. એક તરફ સૌન્દર્યની શોધ તો બીજી તરફ શુભની શોધ રહેલી છે. મહાન સર્જનાત્મક કળાઓ, કવિતા, ચિત્રકામ, શિલ્પ અને સ્થાપત્યમાં

સૌંદર્ય પાછળની માનવ શોધ તીવ્ર અને સંતોષકારક અભિવ્યક્તિ પામે છે. પરંતુ સૌન્દર્યના પૂર્ણ વિસ્તાર પ્રદેશમાં માનવ-પ્રકૃતિ કે જીવનની કોઈ પણ પ્રવૃત્તિ નથી જે આપણે સૌન્દર્યને તેના સૌથી વધુ વિશાળ અને સાચા અર્થમાં લઈએ તો તેમાંથી સૌંદર્યને કાઢી શકાય. આપણા સમગ્ર જીવન અને અંતર-તત્ત્વને સંપૂર્ણ સૌંદર્યમય બનાવવું અને સૌંદર્યતત્ત્વનું સંપૂર્ણ તથા સાર્વત્રિક અવગાહન એ પૂર્ણ વ્યક્તિ અને પૂર્ણ સમાજનું આવશ્યક લક્ષણ હોવું જોઈએ. પરંતુ તેના ઊગમમાં સૌંદર્યની આ શોધ તાર્કિક નથી. એ આપણા જીવનના ઊંડાણમાંથી પોતાનાં મૂળ ધારણ કરે છે. એ સહજવૃત્તિ અને પ્રેરકબળ છે, સૌંદર્યાત્મક સંતોષની સહજવૃત્તિ છે અને સૌંદર્યાત્મક સર્જન તથા સુખનું પ્રેરક બળ છે. આપણા અંતરતત્ત્વના નિમ્ન તાર્કિક ભાગોથી આરંભ કરીને આ સહજવૃત્તિ અને પ્રેરકબળ સર્જન તથા રસમીમાંસા બંનેમાં ઘણી જ અપૂર્ણતા, અશુદ્ધિ અને વિપુલ પ્રમાણમાં અપરિપક્વતાઓથી શરૂઆત કરે છે. અહીંયાં અપરિ-પક્વતાઓ, અપૂર્ણતાઓને દર્શાવી તર્ક મંદ પડવાનું, પ્રકાશ ફેંકવાનું અને સુધારણાનું કાર્ય કરે છે. પ્રગતિશીલ રસશક્તિ અને ઉચિત જ્ઞાન દ્વારા આપણું સર્જન રસદર્શનને શુદ્ધ બનાવવા અને સૌંદર્યશાસ્ત્રના નિયમો આલેખવાનું કાર્ય તર્ક કરે છે. જ્યારે આપણે શિક્ષણ લેવા અને આપણી જાતને સુધારવા મથામણ કરીએ છીએ ત્યારે એ આપણા સૌન્દર્યાત્મક સહજવૃત્તિ અને પ્રેરકબળનાં સર્જક નથી અને કલાકાર તથા વિવેચક બન્નેના સાચા ન્યાય પ્રવર્તક જણાય છતાં એ આપણામાં રહેલા સૌંદર્યાત્મક પ્રેરક બુદ્ધિના સર્જક જાગૃત ન્યાયાધીશ અને મદદનીશ છે. જે અસ્પષ્ટ અને વિલક્ષણ પ્રવૃત્તિ હતી તેને તેની પ્રક્રિયા અને આનંદ અનુભવવામાં તર્કયુક્ત વિવેકી અને આત્મ-જાગૃત કરે છે.

પરંતુ આ પણ અમુક મર્યાદિત વિસ્તારમાં સાચું છે અથવા જો એ કોઈ પણ બાબતમાં સાચું હોય તો એ આપણા સૌંદર્યાત્મક શોધ અને પ્રવૃત્તિના ફક્ત મધ્ય સ્તર પર છે. જ્યાં જ્યાં સૌન્દર્યનું ઉત્તમ અને સૌથી વધુ શક્તિશાળી સર્જન સિદ્ધ થયું છે. અને તેનું અવગાહન તથા ઉપભોગ ઉચ્ચ કક્ષાએ પહોંચે છે ત્યાં તાર્કિક તત્ત્વ પાછળ રહે છે અને તેનાથી પર પહોંચી જવાય છે. કાવ્ય અને કળાના ક્ષેત્રમાં સૌંદર્યનું સર્જન તર્કના સાર્વભૌમત્વનો જ વિષય નથી, એટલું જ નહિ પરંતુ તેના ક્ષેત્રમાં પણ લેખાય નહિ. આપણામાં રહેતા કવિ, કલાકાર અને સર્જક એ બુદ્ધિ નથી. પ્રકાશ અને સામર્થ્યના તર્કાતીત અંતપ્રવાહ દ્વારા સર્જન સંભવે છે. અને જો તેણે ઉત્તમ કાર્ય પાર પાડવું હોય તો દર્શન અને પ્રેરણાથી હમેશ કાર્ય કરવું જોઈએ. એ કદાચ પોતાની અમુક પ્રક્રિયાઓ માટે બુદ્ધિનો ઉપયોગ કરે એમ બને પરંતુ એ જેટલે અંશે બુદ્ધિને તાબે થાય એ અંશે જે સૌંદર્યને એ સર્જે છે

તેનાં સત્ય અને પ્રતિભા ઘટે છે અને દર્શનની તાકાત અને તેના સામર્થ્યને ગુમાવે છે. બુદ્ધિ અંતર્પ્રવાહ પર કાબૂ જમાવે, સર્જનના દિવ્ય ઉત્સાહને દાબે અને નબળો પાડે અને પોતાના જ્ઞાનના આદેશોને તાબે થવા દબાણ કરે પરંતુ એમ કરવામાં એ સર્જન કાર્યને નિમ્ન કક્ષા પર લાવી મૂકે છે અને જેટલા પ્રમાણમાં બૌદ્ધિક દખલગીરી થાય છે એ પ્રમાણમાં આ કક્ષા નીચે ઊતરે છે. કારણ કે બુદ્ધિ પોતાની મેળે ફક્ત પ્રકૃતિદત્ત સૂઝને પ્રાપ્ત કરી શકે. આ પ્રકૃતિદત્ત સૂઝ ઉચ્ચ પ્રકારની અને ઉચ્ચ પ્રદેશમાંથી પર્યાપ્તપણે અનુમોદિત હોય. એ ચઢિયાતી નીવડે તેવી પ્રકૃતિદત્ત સૂઝ હોય એમ બને. મેધાવી શક્તિ જે સાચો સર્જક છે એ પોતાના સ્વરૂપમાં હમેશ તર્કાતીત છે અને જ્યારે એ તર્કનું કાર્ય કરતું હોય ત્યારે પણ તર્કાતીત અવસ્થાનું સાધન છે. જ્યારે નરી બૌદ્ધિકતાના અંકુશથી ઓછામાં ઓછી મિશ્રિત છે કે સ્પર્શ પામેલ નથી અને પોતાના દર્શનના ઉત્તુંગ શિખર અને પ્રેરણાના સ્રોતમાંથી નીચે પડતું નથી અને બૌદ્ધિક રચનાની હમેશની યાંત્રિક પ્રક્રિયા પર આધાર રાખતું નથી ત્યારે એ પોતાના કાર્યમાં ઊર્ધ્વ આરોહણ કરે છે; સામર્થ્ય, ઊંડાઈ, ઊંચાઈ અને સૌંદર્યની સિદ્ધિમાં વધુ પ્રવૃત્ત રહે છે. કલા-સર્જન જે તર્કનાં સૂત્રોને સ્વીકારે છે અને તેના દ્વારા આલેખિત મર્યાદાઓમાં રહીને કાર્ય કરે છે એ મહાન, સુંદર અને શક્તિશાળી હોય, કારણ કે મેધાવી શક્તિ ધરાવતો મનુષ્ય સાંકળોથી જકડાયેલ હોય અને પોતાની સાધનસંપત્તિને વપરાશમાં મૂકવા રાજી ન હોય છતાં પણ પોતાની શક્તિને જાળવી રાખે છે. પરંતુ જ્યારે એ બુદ્ધિની મદદથી અગળ વધે છે ત્યારે એ સર્જન કરતું નથી પરંતુ રચના કરે છે. કોઈ પણ ભૂલ વિનાની કામગીરીથી એ સુંદર રચના કરે, પરંતુ તેની સફળતા આકૃતિક, આત્મતત્ત્વની નહિ પ્રવિધિની સફળતા છે. એ આંતરિક સત્તા, દિવ્ય આહ્લાદ, આનંદના શ્રેષ્ઠ ઊગમની અભ્યર્થનાને ગ્રહણ કરી સૌન્દર્યના શાશ્વત સત્યનું મૂર્તિમંતપણું નથી.

કલાત્મક સર્જનના એવા કાળે, તર્કના એવા યુગો આવ્યા છે જેમાં કાવ્ય અને કલાના ક્ષેત્રમાં તાર્કિક અને બૌદ્ધિક વલણ જળવાયું છે. એવાં રાષ્ટ્રો પણ છે જે તેમનાં કલા અને સાહિત્યના મહાન વિકાસાત્મક કાળમાં તેમની સૌંદર્યાત્મક પ્રવૃત્તિની સાર્વભૌમ શક્તિ તરીકે તર્ક અને ચોકસાઈવાળો રસ સ્થાપ્યો છે, આ તબક્કાઓ દરમ્યાન તેમના શ્રેષ્ઠ કાર્યમાં અમુક મહત્ત્વની સિદ્ધિ તેમણે મેળવી છે પરંતુ ઉત્તમ સ્ફુરણાત્મક અને રહસ્યમય સૌંદર્યની સિદ્ધિઓ કરતાં પ્રધાનપણે પ્રવિધિની પૂર્ણતા અને બૌદ્ધિક મહત્તા હતાં. ખરેખર તેમનું ધ્યેય સૌંદર્યના ઊંડા સત્યની શોધ નથી પરંતુ વિચારો અને તર્કનું સત્ય છે. આ ધ્યેય આલોચનાત્મક છે એ ખરેખર સર્જનાત્મક ધ્યેય નથી. એમનો પ્રધાનવર્તી

વિષય એ કલાત્મક સૌંદર્યના સ્ફુરણાત્મક સ્વરૂપોમાં ઈશ્વર, મનુષ્ય અને જીવનના પ્રગટીકરણ કરતા પરિપૂર્ણ કાવ્યાત્મક લય અને વાક્‌વિન્યાસથી ઉન્નત થયેલ જીવન અને પ્રકૃતિના બૌદ્ધિક વિવેચન રહ્યો છે. પરંતુ મહાન કલા વસ્તુઓના બૌદ્ધિક સત્યને રજૂ કરવામાં સંતોષ પામતી નથી. આ બૌદ્ધિક સત્ય એ બાહ્ય અને ઉપરછલ્લું છે એ એવા સૂક્ષ્મ, મૌલિક અને ઊંડાણવાળા સત્યને શોધે છે જે નરી ઇન્દ્રિય કે નર્યા તર્કની દૃષ્ટિથી દૂર ચાલ્યું જાય છે. સૂક્ષ્મ અને મૌલિક સત્ય એ અપ્રત્યક્ષ સત્તા અને વસ્તુની અંદર રહેલ આત્મા છે. આ સત્તાએ તેમનાં સ્વરૂપ અને પ્રક્રિયાની નથી પરંતુ તેમના આત્મતત્ત્વની છે. આ સત્તાને એ સ્વરૂપ અને વિચાર દ્વારા ગ્રહણ કરે છે અને વ્યક્ત કરે છે. પરંતુ આ સ્વરૂપ નોંધપાત્ર છે. આ સ્વરૂપ બાહ્ય પ્રકૃતિનું ફક્ત વફાદાર સંવાદિત પુનર્ઉત્પાદન નથી. એ રહસ્યમય વિચાર છે. એ ફક્ત યોગ્ય, આકર્ષક રીતે ઉચિત અથવા તર્કને તથા રુચિને પૂર્ણ સંતોષપ્રદ હોય તેમ નથી. જે સત્યને તે શોધે છે તે હમેશ સૌ પ્રથમ સૌંદર્યનું સત્ય છે. ફરીથી એ માત્ર સ્વરૂપલક્ષી સૌંદર્ય, સપ્રમાણતાનું સૌંદર્ય અને જેને ઇન્દ્રિય તથા તર્ક શોધે છે એ ઉચિત પ્રક્રિયાનું સૌન્દર્ય નથી. સૌન્દર્યનો આત્મા સામાન્ય ઇન્દ્રિય અને સામાન્ય મનથી છુપાયેલ છે. અને એ મનુષ્યમાં રહેલ કલાકાર તથા કવિના પ્રગટ દર્શનમાં જ પૂર્ણ રીતે પ્રગટ થાય છે. મનુષ્યમાં રહેલ કલાકાર તથા કવિના પ્રગટ દર્શનમાં જ પૂર્ણ રીતે પ્રગટ થાય છે, મનુષ્યમાં રહેલ કલાકાર અને કવિ સાર્વત્રિક કવિ અને કલાકારમાં રહેલ ગૂઢ અર્થબોધો ગ્રહણ કરી શકે છે. એ દિવ્ય સર્જકને શોધે છે, જે પોતે સર્જેલાં સ્વરૂપોમાં આત્મતત્ત્વ અને આત્મા તરીકે નિવાસ કરે છે.

જે સર્જન-કલા તર્ક અને રુચિ, તેનાં સૂત્રોને વફાદાર રહીને બંધાયેલી આગવી કાર્યરીતિની શુદ્ધિ તથા પૂર્ણતા પર ખૂબ જ ભાર મૂકે છે એ પોતાના નામ માટે ઉત્કૃષ્ટ કલાનો દાવો કરે છે. પરંતુ એ દાવો જના પર એ આધારિત છે એવા તીક્ષ્ણ ભેદની જેમ તેની યથાર્થતા શંકાસ્પદ છે. મહાન ઉત્કૃષ્ટ, વાસ્તવિક કલા અને કાવ્યનો આત્મા જે સાર્વત્રિક તત્ત્વ છે તેને વ્યક્ત કરવાનું છે. જેમ રોમાંચક કલા અને કાવ્યનું આત્મતત્ત્વ ઉલ્લેખનીય અને વ્યક્તિમત્તા-વાળું છે તેને વ્યક્ત કરવાનું છે તેમ ઉત્કૃષ્ટ કલા અને કાવ્ય સાર્વત્રિક સત્ય અને સૌન્દર્યને આ વ્યક્તિગત અભિવ્યક્તિ નિમ્નવર્તી બનાવે છે, અને આ કાર્ય એ સ્પષ્ટપણે ભારપૂર્વક અને એટલી શક્તિથી વારંવાર કરે છે કે જે સાર્વ-ત્રિક તત્ત્વ પર બધી સાર્વત્રિક કલા પછી એ રોમાંચક કે ઉત્કૃષ્ટ તેનાં સ્વરૂપોને ઘડે છે અને દેહ આપે છે એ સર્જનને પશ્ચાત્ ભૂમિકામાં છોડી દે છે. વસ્તુત: બધી મહાન કળામાં ઉત્કૃષ્ટ, રોમાંચક અને વાસ્તવિક એ ત્રણે તત્ત્વો સમાયાં હોય છે. વસ્તુઓના બાહ્ય સત્યને પ્રધાનપણે વ્યક્ત કરવો એ અર્થમાં

વાસ્તવવાદને સમજવાનો છે. 'યથાર્થ'નો રોમાંચકવાદે ગ્રહણ કરેલો વિકૃત અર્થ નહિ. આ વિકૃત અર્થ કુરૂપ, સામાન્ય અથવા વિકારી પરિબળોને અતિશય નામાંકિત બનાવે છે અને તેને જીવનના સમગ્ર સત્ય તરીકે રજૂ કરે છે. મહાન સર્જનાત્મક કાર્ય એ કલાના કયા પ્રકારનું છે તે આધિપત્ય ધરાવતા અંતરતત્ત્વને કયું તત્ત્વ ઊતરતું અથવા કયું તત્ત્વ ચડિયાતું છે તેનાથી નિર્ધારિત થાય છે. પરંતુ ઉત્કૃષ્ટ કલા પણ બુદ્ધિની પ્રક્રિયાથી કાર્ય કરતી નથી. એ વ્યાપક દર્શન અને પ્રેરણાથી કામ કરે છે, જો ઉત્કૃષ્ટ કલા અને સાહિત્ય સામાન્ય રીતે લેખાય છે તેમ કૃત્રિમ અને ઉત્કૃષ્ટ કળાની બાહ્ય સ્વરૂપ અને પ્રક્રિયાનું બૌદ્ધિક અનુકરણ જ ન હોય તો એ ઘણી ઓછી શક્તિવાળું હોવા છતાં ગણનાપાત્ર સિદ્ધિ કહેવાય. આ સિદ્ધિ કદાચ હાર્દિક રીતે જોતાં ઊતરતાં કાર્યક્ષેત્ર અને સ્વરૂપવાળી ગણાય. આ ઊતરતી કક્ષામાં ધકેલાઈ છે તેનું કારણ તેનો પોતાનો બૌદ્ધિક રચનાનો સિદ્ધાંત છે. ઉત્કૃષ્ટ કલા એ બહુ જ ઝડપથી સ્વરૂપલક્ષી શૈલ્પિક, જીવન, સામર્થ્ય, યથાર્થ સૌન્દર્ય વિહોણી અને સ્વરૂપની ગુલામીમાં જકડાઈ જાય છે. ઉત્કૃષ્ટ કલા એવી કલ્પનામાં રાચે છે કે જ્યારે અમુક સ્વરૂપનું નિરૂપણ થયું હોય, રચના અમુક સૂત્રો સંતોષકારક રીતે આલેખાયાં હોય, અલંકારના અમુક નિયમો કે પ્રાવેધિક નિયમોને પાળવામાં આવ્યા હોય ત્યારે પૂર્ણતા પ્રાપ્ત થઈ જાય છે. વસ્તુતઃ એ કલા રહેતી નથી પરંતુ એ યાંત્રિક અને નીરસ કારીગરી બને છે.

સૌન્દર્યનાં સર્જન અને ગુણદર્શનમાં તર્ક અને અભિરુચિને પ્રથમ, અગ્રગણ્ય કેટલીક વખત કેવળ પ્રાધાન્ય આપવામાં આવે છે એ મનની પ્રકૃતિમાંથી ઊપજે છે. મનની આ પ્રકૃતિ સર્જનાત્મક કરતાં આલોચનાત્મક છે. અને સર્જનના સંબંધમાં તેનો સિદ્ધાંત મહત્ત્વનો દોષ કબૂલે છે. બધાં કલાત્મક કાર્યોમાં સંપૂર્ણતા પ્રાપ્ત કરવા સર્જનના કાર્યમાં જ વિવેકની આંતરિક શક્તિનું માર્ગદર્શન હોવું જોઈએ. આ વિવેક સત્ય અને સૌન્દર્યના સિદ્ધાંતને અનુરૂપ સતતપણે પસંદ કરે છે અને નકારે છે. આ સિદ્ધાંત સંવાદિતા, સપ્રમાણતા, વિચાર અને સ્વરૂપ વચ્ચે નિકટના સંબંધને હમેશ વફાદાર રહે છે. આત્મતત્ત્વ અને વિચાર, આત્મા અને મનમાં તેનાં સ્વરૂપ અને સ્વભાવમાં પ્રગટ થયેલ સૌન્દર્યની વસ્તુનો આંતર દેહ અને સ્વરૂપ વચ્ચે ચોક્કસ તદ્રૂપતા રહેલી છે. તેથી આ વિવેકયુક્ત આંતરિક ઇન્દ્રિય જે કંઈ વિદેશી, ઉપરછલ્લું જે કુરૂપ, દોષિત, વધુ પડતું, વિચ્છિન્ન હોય તેનો ત્યાગ કરે છે. જે કંઈ પૂર્ણ સત્ય, કેવળ સૌન્દર્ય અને આંતરિક શક્તિને પસંદ કરે છે અને તેને સાર્વભૌમ તરીકે શોધે છે. પરંતુ વિવેક એ આલોચનાત્મક બુદ્ધિનો વિવેક નથી. તેમ તે જે સંબંધ, સપ્રમાણતા, સંવાદિતાનું અવલોકન કરે છે અને જે કંઈ નિશ્ચિત નિયમથી નિર્ધારિત થાય છે તે આલોચનાત્મક તર્કનું કાર્ય નથી. એ સ્વતઃ વસ્તુના

સત્ય અને સ્વરૂપમાં જ અસ્તિત્વ ધરાવે છે. સૌન્દર્ય અને સંવાદિતાના ગૂઢ આંતરિક કાયદાની અંતર્ગત રહેલું સર્જન જેનું દર્શન દ્વારા ગ્રહણ થાય છે એ બૌદ્ધિક પૃથક્કરણનું કાર્ય નથી. સર્જકના ચિત્તમાં જે વિવેક કાર્ય કરે છે એ બૌદ્ધિક આત્મ-આલોચના નથી. અથવા એ બૌદ્ધિક સૂત્રો દ્વારા બહારથી લાદવામાં આવેલા નિયમોનું પાલન નથી. એ પોતે સર્જનાત્મક અંતઃસ્ફુરણાત્મક દર્શનનો અંશ અને સર્જનના કાર્યમાં અનુસ્યુત અને તેનાથી અવિભાજ્ય છે. એ ઊર્ધ્વ પ્રદેશમાંથી આવતા પ્રકાશ સામર્થ્યના પ્રવાહના ભાગ તરીકે આવે છે. આ પ્રકાશ અને સામર્થ્ય પોતાના દિવ્ય ખંત દ્વારા અંતઃશક્તિઓને તેમના તીવ્ર અતિતાર્કિક પ્રક્રિયાના પ્રદેશમાં ઉપાડી લેવાય છે. જ્યારે એ નિષ્ફળ થાય છે, અને જ્યારે ઊતરતા કાર્યપાલક તાર્કિક અથવા નિમ્ન તાર્કિક સાધનો દ્વારા તેને દગો દેવાય છે. જ્યારે આ સાધનો નિષ્ક્રિય રહેતાં નથી અને પોતાની માગણીઓ અને મનસ્વીપણું અન્ય પર ઠોકી બેસાડે છે ત્યારે આમ બને છે, કામને હાનિ પહોંચે છે અને પરિણામે આત્મ-આલોચનાનું કાર્ય જરૂરી બને છે. પરંતુ તે કાર્ય સુધારવામાં બૌદ્ધિક પ્રક્રિયા અને નિયમથી જે કલાકાર પ્રયાસ કરે છે તે સાધન અને પદ્ધતિ જુઠ્ઠાં અને છેક ઊતરતાં છે. અને તેથી એ પોતાનું ઉત્તમ કાર્ય કરી શકતાં નથી. પોતાના મૌલિક સર્જનાત્મક સંસ્કારના નિયમ અને પ્રકાશ સાથે સંવાદિતા સાધીને અંતઃસ્ફુરણાત્મક આલોચનાત્મક દર્શનથી તેણે મદદ લેવી જોઈએ અને પ્રેરણાત્મક સર્જન તથા પુનઃ સર્જનના અભિનવ કાર્યને દેહ આપવો જોઈએ. સૌન્દર્યના પ્રેરણાત્મક સર્જકનાં સાધનોમાં સ્વતંત્ર અથવા પ્રત્યક્ષ ફાળો આલોચનાત્મક બુદ્ધિને રહ્યો નથી.

સૌન્દર્યનાં ગુણદર્શનમાં આલોચનાત્મક બુદ્ધિનો ભાગ છે પરંતુ એ વરિષ્ઠ ન્યાયાધીશ કે સ્મૃતિકાર પણ નથી. બુદ્ધિનું કાર્ય તત્ત્વો, અંશ, બાહ્ય પ્રક્રિયાઓ, અભ્યાસ હેઠળના બનાવોના સપાટી પરના નિયમોનું પૃથક્કરણ કરવું અને તેમની કારીગરી અને સંબંધોની સમજૂતી આપવાનું છે. આમ કરવામાં એ નિમ્ન મનોવૃત્તિને સૂચવે છે અને પ્રજ્વલિત કરે છે. આ નિમ્ન મનોવૃત્તિને સ્વતંત્ર છોડી દેવાય તો તેની આદત પોતાનું કાર્ય ચાલુ રાખવાની અથવા જે કરી લીધું છે તેને ફરી જોઈ જવાની અને યોગ્ય નિરીક્ષણ તથા પરિણામજનક સમજૂતી શક્તિ વિના બધાને ધારી લેવાની છે. પરંતુ જેમ ધર્મના સત્ય અંગે બને છે તેમ સૌન્દર્યના શ્રેષ્ઠ અને ઊંડા સત્યની બાબતમાં પણ તેને પોતાની ભિન્ન વધુ ઊચ્ચ વેધક દૃષ્ટિની મદદ વિના બૌદ્ધિક તર્ક સત્તાના આંતરિક અર્થને ગ્રહણ કરી શકે નહિ. એ સપાટી પરના સિદ્ધાંતો અને પ્રક્રિયાઓના આંતરિક સત્યને પણ ગ્રહણ કરી શકે નહિ. જેમ સૌન્દર્ય કેમ અને કેવી રીતે ઉત્પન્ન કરાય છે તેને નિશ્ચિત કરવા બૌદ્ધિક તર્ક કોઈ પદ્ધતિ, પ્રક્રિયા કે

તર્ક આપી શકતું નથી તેમ એ સૌન્દર્યના ગુણદર્શનના કાર્યમાં જરૂરી એવી ઊંડી વેધક દૃષ્ટિનું પ્રદાન કરી શકે નહિ. નિમ્ન મનની ટેવયુક્ત પ્રત્યક્ષીકરણ અને સંકલ્પનાઓની અસ્પષ્ટતા અને મંદપણાને દૂર કરવામાં ફક્ત મદદરૂપ બની શકે. આ નિમ્ન મનની આદત સૌન્દર્યને પ્રત્યક્ષ કરવામાં તેને રોકે છે અથવા એ તેને ખોટી અને અપરિપક્વ સૌન્દર્યલક્ષી ટેવો ઘડી આપે છે. મનને બાહ્ય વિચાર અને પ્રત્યક્ષ તથા ગુણદર્શન હેઠળ રહેતી વસ્તુનાં તત્ત્વોના નિયમોનું પ્રદાન કરીને એ આ કાર્ય પૂરું પાડે છે. વધારામાં જે આવશ્યક છે એ આત્મામાં સાહજિક પ્રતિક્રિયા, વેધક દૃષ્ટિ અને અમુક પ્રકારના દર્શનની જાગૃતિ છે. તર્ક આ પ્રકારનો આંતરિક અને વધુ સમીપનો સંપર્ક સર્જી શકે નહિ કારણ કે તર્ક હમેશ બાહ્ય સપાટી પરથી અભ્યાસ કરે છે. સ્વયં આત્મામાંથી ઉદ્ભવતી વધુ પ્રત્યક્ષ વેધક દૃષ્ટિની તેણે મદદ ગ્રહણ કરવાની છે અને પોતાની ત્રુટિઓના ગર્તને પૂરવા માટે પ્રત્યેક તબકકે અંતઃસ્ફુરણાત્મક મનને ઢંઢોળવાનું છે.

સાહિત્ય અને સૌન્દર્યલક્ષી વિવેચનના વિકાસના ઇતિહાસમાં આપણે આ જોઈએ છીએ. તેના આરંભના તબક્કાઓમાં સૌન્દર્યનું ગુણદર્શન સહજ, નૈસર્ગિક, આત્માની સૌન્દર્યાત્મક રસેન્દ્રિય પ્રતિક્રિયારૂપ છે જે પોતાનો અહેવાલ વિચારવંત બુદ્ધિને આપવા પ્રયાસ કરતી નથી. વિવેચનના આ કાર્યમાં જ્યારે તાર્કિક બુદ્ધિ પ્રયોજિત થાય છે ત્યારે જે વસ્તુનો તેણે અનુભવ કર્યો છે તે અને પ્રતિક્રિયાના સ્વરૂપને નિષ્ઠાપૂર્વક આલેખવામાં જ સંતોષ નથી પરંતુ ન્યાયી સૌન્દર્યાત્મક પ્રસન્નતા સર્જવા જરૂરી નિયમોને આલેખે છે અને પૃથક્કરણ કરવા પ્રયાસ કરે છે. તેની પ્રવિધિનું વ્યાકરણ, સૌન્દર્યાત્મક નિયમ અને રચનાનું સૂત્ર, શાસ્ત્ર અથવા સૌન્દર્યના સર્જન માટેની પ્રક્રિયાના યાંત્રિક નિયમને તૈયાર કરે છે. શૈક્ષણિક વિવેચનનું દીર્ઘ શાસન ઉપરછલ્લું, પ્રવૈધિક, કૃત્રિમ છે એ તથ્યને પ્રગટ કરે છે. સર્જનનો મહત્ત્વનો ભાગ તેની પ્રવિધિ છે અને તેનું યોગ્ય નિરૂપણ ફક્ત આલોચનાત્મક તર્ક જ કરી શકે છે એવા ખોટા વિચારથી નિયંત્રિત થાય છે. પ્રત્યેક કલાને અનુરૂપ સંપૂર્ણ વિજ્ઞાન આવ્યું છે જે તેની કામગીરીની પ્રક્રિયા અને સમગ્ર રહસ્ય આપે અને વસ્તુ કેવી રીતે બને છે તે વિદિત કરે. એવો સમય આવે છે જ્યારે સૌન્દર્યના સર્જક ક્રાંતિ કરે છે અને સામાન્ય રીતે સર્જનના સિદ્ધાંતમાં અથવા અભિનવ કાયદાના સ્વરૂપે પોતાના સ્વાતંત્ર્યના હક્કપત્રને ઘોષિત કરે અને એક વખત આ સ્વાતંત્ર્યને યથાર્થ બનાવી દેવાય ત્યાર બાદ વધુ વિસ્તૃત થાય છે. અને પરિચિત બંધનોની બહાર આલોચનાત્મક તર્કને લઈ જાય છે. વિવેચનના અભિનવ સિદ્ધાંતોને, સ્વયંકૃતિના આત્માને શોધીને આત્માના સંબંધમાં સ્વરૂપને સમજાવીને અથવા સર્જકના સ્વયં આત્માનો સ્વભાવ, તેના જીવનના યુગ વિચારોનો અભ્યાસ કરીને તેમની કૃતિની યોગ્ય

સમજૂતી પ્રાપ્ત કરવાથી વધુ વિકસિત ગુણદર્શન ઉદ્ભવે છે. બુદ્ધિનો ઉત્તમ વ્યવસાય સૌન્દર્યના સર્જક માટે નિયમો આલેખિત કરવાનો નથી એ બુદ્ધિએ સમજવાનો આરંભ કર્યો છે પરંતુ સર્જકની કૃતિ તેનાં સ્વરૂપ અને તત્ત્વોના સંદર્ભમાં જ નહિ પરંતુ જે મનમાંથી એનું સર્જન થયું અને તેને સ્વીકારતા મન પર તેની અસરો સંસ્કાર ઉત્પન્ન કરે તે દૃષ્ટિથી સર્જકને સમજવામાં આપણને મદદ કરવાની છે. અહીં વિવેચન તેના યોગ્ય માર્ગ પર જતું જણાય છે. પરંતુ એ એવો માર્ગ છે જ્યાં તેની પૂર્ણાહુતિ તાર્કિક સમજૂતીથી પર જઈને ઊગમ અને સ્વરૂપમાં વધુ ઉચ્ચ તર્કાતીત મનઃશક્તિમાં થવા પામે છે.

સૌન્દર્યનું સભાન ગુણદર્શન પોતાની પ્રતિભા અને ઉપભોગની ઉચ્ચ કક્ષાએ પહોંચે છે. આ સિદ્ધિ માણેલા સૌન્દર્યના પૃથક્કરણ દ્વારા અથવા તેની ઉચિત અને બૌદ્ધિક સમજૂતી દ્વારા પ્રાપ્ત થતું નથી. બૌદ્ધિક સમજૂતી અને પૃથક્કરણ એ આપણી પ્રથમ અબુધ શક્તિનું ફક્ત પ્રારંભિક સ્પષ્ટીકરણ છે. પરંતુ આ સિદ્ધિ આત્માના ઊર્ધ્વ પ્રગટીકરણ દ્વારા છે જેમાં એ સર્જનનાં પ્રકાશ, આનંદ અને સામર્થ્ય પ્રત્યે પૂર્ણ રીતે પ્રગટ થાય છે. આપણામાં રહેલો સૌંદર્યનો આત્મા સર્જાયેલ વસ્તુમાં રહેતા સૌન્દર્યના આત્મા સાથે તાદાત્મ્યતા સાધે છે અને કલાકાર સર્જન કાર્યમાં જે દિવ્ય તલ્લીનતા અને ઊર્ધ્વીકરણ અનુભવે છે તે જ આપણે ગુણદર્શનમાં અનુભવીએ છીએ. જ્યારે વિવેચન કાર્ય આ પ્રતિક્રિયાનું ઉચિત વર્ણન, તેની માહિતી અને તેનો અહેવાલ આપે છે અને તદ્રૂપ બને છે ત્યારે એ પોતાની ઉચ્ચ કક્ષાએ પહોંચે છે. એ અંતઃ-સ્ફુરિત, સ્વયં પ્રેરિત અને રહસ્યભેદક બનવું જોઈએ. બીજા શબ્દોમાં અંતઃ-સ્ફુરણાત્મક મનનું કાર્ય એ તાર્કિક બુદ્ધિના કાર્યને પરિપૂર્ણ કરવું જોઈએ અને એ કદાચ સંપૂર્ણપણે તેની જગ્યા લઈ લે અને બુદ્ધિનું પોતાનું આગવું અને વિશિષ્ટ કાર્ય વધુ સામર્થ્યથી કરે. સ્વરૂપનું રહસ્ય, પ્રક્રિયાની વિવિધ છટાઓ, કૃતિની મર્યાદાઓ, ત્રુટીઓની યાંત્રિકતા, અને તેના ગુણનું આંતરિક કારણ અને સત્ત્વ આપણને વધુ અંગત રીતે એ સમજાવે. કારણ કે જ્યારે સ્ફુરણા-ત્મક બુદ્ધિ પર્યાપ્ત રીતે કેળવાયેલી અને વિકસિત થઈ હોય ત્યારે એ હમેશ બુદ્ધિનું કાર્ય હાથ ધારણ કરી શકે અને એ કાર્ય વિસ્તૃત અર્થમાં સમજાતા બૌદ્ધિક વિધાનના સામર્થ્ય અને તેજથી વધુ મહાન અને નિશ્ચિત સામર્થ્ય, તેજ અને વેધકદૃષ્ટિથી કરી શકે છે. અંતઃસ્ફુરણાત્મક વિવેકદૃષ્ટિ એવી છે જે તાર્કિક બુદ્ધિ કરતાં તેની દૃષ્ટિમાં વધુ ઉત્સુક અને ચોક્કસ છે.

મહાન સર્જનાત્મક કલાનું સ્વરૂપ એવું છે જે સામાન્ય રીતે આપણા સૌથી ઉચ્ચ અને તીવ્ર સૌન્દર્યાત્મક દર્શનને સંતોષે છે. એ મહાન સર્જનાત્મક

કલા અંગે જે કહેવાયું એ સર્વસ્વ રીતે સૌન્દર્ય, પ્રકૃતિમાં સૌન્દર્ય, જીવનમાં અને કલામાં જણાતા સૌન્દર્યને લાગુ પડે છે. જે ધર્મના વિષયમાં તર્કની સિદ્ધિ, મર્યાદા અને સ્થાન અંગે આપણે જે તપાસ્યું એ જ આખરે સૌન્દર્યના વિષયમાં આપણને જણાય છે. તર્ક સૌન્દર્યાત્મક સહજવૃત્તિ અને સંવેગોને શુદ્ધ તથા તેજસ્વી બનાવવામાં મદદરૂપ બને છે. પરંતુ તર્ક તેમને ઉત્તમ સંતોષ આપી શકે નહિ અથવા પૂર્ણ વૈધકદૃષ્ટિ પ્રાપ્ત કરવામાં માર્ગદર્શક નીવડે નહિ. સૌન્દર્યાત્મક બુદ્ધિને અમુક હદે આકાર આપે છે અને પરિપૂર્ણ બનાવે છે, પરંતુ સૌન્દર્યના સર્જન માટે અથવા તેના ગુણદર્શન અને ઉપભોગ માટે ન્યાયપુરઃસર નિશ્ચિત નિયમ આપવાનો દંભ કરી શકે નહિ. એ માત્ર સૌન્દર્યાત્મક સહજવૃત્તિ, સંવેગ અને બુદ્ધિને સૌથી મહાન સંભવિત જાગૃત સંતોષ પ્રતિ દોરી શકે તેમ છે પરંતુ તેની સાથે તાદાત્મ્યતા સિદ્ધ કરાવે તેમ નથી. છેવટે તો તર્કને આ શકિતઓ કોઈ વધુ ઉચ્ચ અંતઃશકિતના હાથમાં આપી દેવાની છે જે અંતઃશકિત તેના સ્વરૂપ અને કામગીરીમાં બુદ્ધિથી વધુ આગળ વધે છે અને તર્કાતીત અવસ્થા સાથે પ્રત્યક્ષ સંપર્કમાં રહે છે.

સૌન્દર્ય દ્વારા જેની આપણે શોધ કરીએ છીએ તે નિરપેક્ષ અને દિવ્ય તત્ત્વોની શોધ આપણે ધર્મ દ્વારા કરીએ છીએ. સૌન્દર્યની શોધ એ શરૂઆતમાં સ્વરૂપના સૌન્દર્યનો સંતોષ છે. આ સૌન્દર્ય ભૌતિક ઈન્દ્રિયો, પ્રાણવહી સંસ્કારો, લાગણીવશતા અને ઈચ્છાઓને સ્પર્શે છે. મધ્યમ તબકકે ગ્રહણ કરાયેલા વિચારોનું ઉદ્દીપ્ત થયેલ આવેગોનું, સંવાદિત સંમિશ્રણ અને પૂર્ણ પ્રક્રિયાનું પ્રત્યક્ષમાં રહેતા સૌન્દર્યનો સંતોષ છે. એની પાછળ સૌન્દર્યમાં રહેલો આત્મા સ્પર્શ, પ્રગટ અનુભૂતિ અને સર્વે વસ્તુઓમાં રહેતા નિરપેક્ષ સૌન્દર્યનો ઉન્નતિકારક આનંદને વાંછે છે. સૌન્દર્યને એ સર્વે વસ્તુઓમાં હાજર રહેતું અનુભવે છે પરંતુ ઈન્દ્રિયો અને સહજવૃત્તિઓ પોતાની મેળે સર્જી શકે નહિ. તર્ક અને બુદ્ધિ પણ તેને સર્જી શકે નહિ. જોકે એ બધાં પ્રવાહરૂપ સાધનો બની શકે છે. કારણ કે સૌન્દર્યનો આત્મા ઈન્દ્રિયાતીત, તર્કાતીત અને બુદ્ધિથી પર રહ્યો છે. આ આવરણોમાંથી પસાર થઈ આત્મા સ્વયં પહોંચવા ઝંખે છે. જ્યારે તેને સાર્વત્રિક, નિરપેક્ષ સૌન્દર્ય, સૌન્દર્યનો આત્મા, વિરાટ અને વામનમાં તેના પ્રગટીકરણની સમજ, પુષ્પનું સૌન્દર્ય, સ્વરૂપ, ચારિત્ર્ય, કાર્ય, બનાવ, માનવજીવન, વિચાર, પીંછીનો, વીંઝણાનો ઝટકો, મનનો તણખો, સૂર્યાસ્તના રંગો કે વાવાઝોડાંની પ્રચંડતાનો સ્પર્શ પ્રાપ્ત થાય છે. ત્યારે એ વખતે આપણામાં રહેલા સૌન્દર્યની સમજ વાસ્તવિક, શકિતશાળી અને પૂર્ણ રીતે સંતોષ પામે છે. વસ્તુતઃ ધર્મમાં બને છે તેમ એ મનુષ્યમાં, પ્રકૃતિમાં, જીવનમાં, વિચાર અને કલામાં રહેતા દિવ્ય અને સર્વ-સૌન્દર્ય તત્ત્વની શોધ છે. ઈશ્વર

એ વિવિધ બુરખાઓ અને સ્વરૂપોના પરિવર્તનોમાં છુપાયેલ સૌન્દર્ય અને આનંદતત્ત્વ છે. જ્યારે સૌન્દર્યના વધતા જતા જ્ઞાન અને આનંદની સૌન્દર્યની આપણી શક્તિની પરિતૃપ્તિ થઈ હોય, જગતની બધાં સ્વરૂપો અને બધી પ્રવૃત્તિઓમાં રહેતા નિરપેક્ષ અને દિવ્ય તત્ત્વ સાથે બાહ્ય જીવનની પ્રતિમા સર્વ-સૌન્દર્ય તત્ત્વની સૌથી ઉચ્ચ પ્રતિમા પ્રત્યક્ષ અને મૂર્તિમંત કરતા હોઈએ તેમાં તેને કંડારી કાઢીએ ત્યારે આ હેતુ માટે જે સૌન્દર્ય તત્ત્વનો આપણામાં જન્મ થયો હતો તેની પોતાની પરિતૃપ્તિ થઈ છે અને પોતાની દિવ્ય પરિપૂર્ણતા માટે જાગૃત થયો છે. સૌથી ઉચ્ચ સૌન્દર્ય શોધવું એટલે ઈશ્વરને શોધવાનું છે. સૌથી ઉચ્ચ સૌન્દર્યને પ્રગટ કરવું, સર્જવું અને મૂર્તિમંત કરવું એ આપણા આત્મામાંથી ઈશ્વરની જીવંત પ્રતિમા અને શક્તિને બહાર લાવવાનું છે.

તર્કાતીત શુભ

આપણા ધાર્મિક અંતરતત્ત્વના નિયમો અને સિદ્ધાંત અને આપણા સૌંદર્યાત્મક અંતરતત્ત્વના નિયમ અને સિદ્ધાંત દ્વારા તેની સાર્વત્રિકતા જોવાની આપણે શરૂઆત કરીએ છીએ. આ સિદ્ધાંત અને નિયમ સર્વ તત્ત્વોનો છે અને તેથી બધી માનવ પ્રવૃત્તિઓના સંબંધમાં તેને દૃઢતાથી વળગી રહેવું જોઈએ. એ એવા સત્ય પર આધારિત છે જે અંગે સંતો હમેશ સહમત થયા છે અને બૌદ્ધિક ચિંતક એ અંગે સતત વિવાદ અને મતભેદ ઉપસ્થિત કરે છે. સર્વ પ્રવૃત્તિશીલ તત્ત્વ ઈશ્વર માટે શોધ છે એ સત્ય છે. સૌથી ઉચ્ચ આત્મતત્ત્વ, સૂક્ષ્મ અંતરતમ સત્તા, આપણી અને વસ્તુઓની ભીતર અને છુપાયેલી ગૂઢ દિવ્યતા માટેની શોધ કરવા એ શ્રમ ઉઠાવે છે અને પોતાના આત્મ-જ્ઞાનમાં તેને યથાર્થ બનાવે છે.

આત્મલક્ષી દૃષ્ટિએ જોતાં ઈશ્વરની શોધ એ આપણા સર્વોચ્ચ, યથાર્થ, પરિપૂર્ણ અને સૌથી વધુ વ્યાપક આત્મતત્ત્વની શોધ છે. આભાસો એ સત્તાને ફક્ત અપૂર્ણપણે વ્યક્ત કરે છે અથવા આવરણો અને આકૃતિઓ દ્વારા, વિરોધો અને અપૂર્ણ નિષેધો, વારંવાર સત્તાના વિરોધો અને વિકૃતિઓ જણાય છે તે દ્વારા વ્યક્ત કરે છે. એ એવા તત્ત્વની શોધ છે જેની પૂર્ણતા અનંત અને નિરપેક્ષની સઘન અને એકાગ્ર ચિત્ત દ્વારા જ ઉદ્‌ભવે છે. પરિમિત વસ્તુઓમાં અનંતનું મૂલ્ય શોધીને જ એ સત્તાને તેના સર્વાંગી સ્વરૂપમાં સ્થાપી શકાય. બધી સાપેક્ષતાઓનું તેમના નિરપેક્ષ તત્ત્વ પ્રત્યે આરોહણ કરવું તેમના ભેદો, વિરોધો અને નિષેધોને કોઈ ઉચ્ચ તત્ત્વ જેમાં એકત્રિત થયું છે તેમાં ઉન્નતિ અને ઊર્ધ્વિકૃત કરવાનો પ્રયાસ ભલે સામાન્ય તર્કને અશક્ય, વિરોધાભાસી જણાય છતાં આવશ્યક અને અનિવાર્ય છે. એક એવું પૂર્ણ ઉચ્ચ તત્ત્વ છે જે દ્વારા આપણા સર્વ નિમ્ન તત્ત્વોને યથાર્થ દર્શાવી શકાય અને જો એક વખત તેમને સભાન અભિવ્યક્તિઓ તરીકે, પોતાના માટે નહિ પરંતુ તે એક

તત્ત્વ માટે અસ્તિત્વ ધરાવવું, તે સર્વોચ્ચ સત્યનાં સહાયકારક મૂલ્યો, સૌથી વધુ વ્યાપક સામાન્ય માપનના આંશિક માપ તરીકે રહેવા આપણે તેમને પ્રેરી શકીએ તો તેમની વિસંવાદિતાઓનો સમન્વય કરી શકાય. એક એવું તત્ત્વ છે જેમાં વિરોધો, સંવેગો અને આભાસો એકત્રિત થઈ શકે છે. આભાસો, એકબીજા સાથે સંઘર્ષમાં જણાતાં વિચારો, પરિબળો, વલણો, સહજવૃત્તિઓ, ઊર્મિઓ, પાસાંઓ જેને આપણે જીવન કહીએ છીએ તેના વૈવિધ્યની વિસંવાદિતાઓ પોતાના ભેદની સંવાદિતા, વિવિધતાની એકતા, દાવાઓનું યથાર્થીકરણ તેમની વિકૃતિની સુધારણા અને તેમની સમસ્યાઓ તથા વિવાદોનો ઉકેલ મળી આવે છે. જીવન પોતાનો સાચો અર્થ જાણે અને દિવ્ય સત્તાની સર્વોચ્ચ અને પૂર્ણ સંવાદિત શક્ય અભિવ્યક્તિમાં તેનું રૂપાંતર કરે એ માટે જ્ઞાન તે અંતિમ તત્ત્વની શોધ કરે છે. સર્વ વસ્તુ તેની શોધ કરે છે. પ્રત્યેક શક્તિ એ તત્ત્વનો તેની આગવી રીતે અનુભવ કરે છે. નિમ્ન તાર્કિક અવસ્થા આંધળી રીતે સહજવૃત્તિઓ, જરૂરિયાતો સંવેગોની દિશામાં આગળ ધપે છે. બૌદ્ધિક અવસ્થા તર્ક અને વ્યવસ્થાનો ફાંસલો જાળવે છે. તેના વૈવિધ્યને સાથે એકઠું કરે છે અને સંયોજન કરવા તેમનું પૃથક્કરણ કરે છે. સત્તાને તેના હાર્દ અને સત્ત્વમાં ગ્રહણ કરવા તેનો સ્પર્શ કરવા અને એ ગૂઢ કેન્દ્રમાંથી બધી અનંત વિગતોને સંસ્કારી બનાવવા તર્કાતીત તત્ત્વ વસ્તુઓની ભીતર અને તેનાથી પર અને તેમના અંતરતમ અંશોમાં પ્રવેશે છે.

આ સત્ય ધર્મ, કલા, અધ્યાત્મ વિદ્યાના, સૌન્દર્યના સંપ્રદાયમાં સહેલાઈથી સમજાઈ જાય છે કારણ કે જીવનના બાહ્ય આભાસોના કંટાળાજનક દબાણ, તાકીદની જરૂરિયાતના હલ્લા, તેમની ઉપયોગિતાને બહેરા બનાવી મૂકતા કોલાહલમાંથી આપણે તદ્દન બહાર નીકળી જઈએ છીએ. ત્યાં કોઈ સ્થૂળ ભૌતિક દાવો કે અમુક સમયની અધમ છતાં અનિવાર્ય જણાતી જરૂરિયાત સાથે પ્રત્યેક તબકકે સંધિ કરવાનું આપણા પર દબાણ થતું જણાતું નથી. આભાસની પાછળ રહેતી સત્તાને શોધવા માટે આપણા પાસે ફુરસદ અને નિરાંતનો દમ ખેંચવા સમય છે કાં તો ટૂંકજીવી અને ક્ષણિક અથવા અનિત્યમાંથી નિત્ય તરફ વળવા આપણને મુકિત આપવામાં આવી છે. તત્કાલ વ્યાવહારિક વસ્તુઓની મર્યાદાઓમાંથી આપણે પાછા હઠી શકીએ છીએ અને આદર્શ તથા સાર્વત્રિકના સ્પર્શથી આપણા આત્માનું પુનઃસર્જન કરી શકીએ છીએ. આપણે આપણી જંજીરોને તોડી નાખવાની શરૂઆત કરીએ છીએ અને કારાગૃહના અધિકારી તથા આપણા કર્તવ્યદાતાની ખાતર અનિવાર્યતાથી વીંટળાયેલ કારાગૃહ સમા જીવન અને ઉપયોગિતામાંથી આપણે છુટકારો મેળવીએ છીએ. આત્માની સ્વતંત્રતાઓમાં આપણે પ્રવેશ મેળવીએ છીએ. સૌન્દર્ય અને આનંદવાળા ઈશ્વરના

અનંત સામ્રાજ્યમાં આપણે દાખલ થઈએ છીએ અથવા આપણા નિરપેક્ષ આત્મ-શોધનની ચાવી મળી આવે છે અને શાશ્વતીના સુશોભન તથા આધિપત્ય પ્રત્યે આપણી જાતને પ્રગટ કરીએ છીએ. તેમાં ધર્મ, કલા અને કાવ્યનું માનવ આત્મા માટે અત્યંત મૂલ્ય રહ્યું છે. એ તેમના આંતરિક સત્ય, આત્મ વિસ્તાર અને સ્વાતંત્ર્ય માટેના તત્કાલીન સામર્થ્યમાં સમાયેલું છે.

જીવનના અન્ય ક્ષેત્રોમાં જે ક્ષેત્રોને વિશેષ કરીને આપણા અજ્ઞાનથી વ્યવહારુ જીવન કહીએ છીએ તેમાં આપણી શોધ અને જ્ઞાનનો વિષય દિવ્ય હોય છે તેમ છતાં તે ક્ષેત્રોમાં આપણું સામાન્ય વર્તન અને તે અંગેના આપણા ચાલુ વિચાર એ જેને આપણે વ્યવહારુ કહીએ છીએ તેનાથી તદ્દન વિપરીત છે અને એ ક્ષેત્રોમાં આપણે સાર્વત્રિક સત્યની પ્રતીતિ કરવા ઓછા તૈયાર હોઈએ છીએ. આપણે સિદ્ધાંતમાં એક પક્ષી રીતે પણ તેને કબૂલવા લાંબો સમય લઈએ છીએ અને તેને વ્યવહારમાં તો તેનો ભાગ્યે જ અમલ કરવા તૈયાર છીએ. આપણા વ્યાવહારિક જીવનમાં બાહ્ય જરૂરિયાતના આપણે ગુલામ બનવામાં સંતુષ્ટ રહીએ છીએ અને આપણી ટૂંકજીવી અને તત્કાલીન ઉપયોગિતાઓને લક્ષ્યમાં લઈને આપણા વિચાર, સંકલ્પ અને પ્રવૃત્તિના નિયમ તરીકે કબૂલ કરવામાં આપણે આપણી જાતને માફી અપાવીએ છીએ તેથી આપણે આ મુશ્કેલી અનુભવીએ છીએ. આમ છતાં ત્યાં પણ આપણે પછીથી સર્વોચ્ચ સત્યને મેળવવું જોઈએ. આપણે આખરે જોઈશું કે આપણું દૈનિક જીવન અને આપણું સામાજિક અસ્તિત્વ તે તદ્દન જુદી વસ્તુઓ નથી અને આપણી આંતર સૃષ્ટિ અને આદર્શથી ભિન્ન જુદા નિયમવાળું જુદું અસ્તિત્વનું ક્ષેત્ર નથી. તેથી વિરુદ્ધ જ્યાં સુધી આપણે આપણા ઉચ્ચ વ્યક્તિગત અને સામૂહિક અભિવ્યક્તિ અને સંશોધન તરફ તેમાં સાધનની દૃષ્ટિથી નિહાળવાનું શીખીએ નહિ ત્યાં સુધી આપણે તેમનો સાચો અર્થ શોધી શકીશું નહિ અથવા તેમની કઠોર અને વારંવાર ત્રાસ આપે તેવી સમસ્યાઓનો ઉકેલ લાવી શકીશું નહિ. આ આપણું ઉચ્ચ વ્યક્તિત્વ હોવાથી આપણું સૌથી વધુ યથાર્થ અને પૂર્ણ આત્મતત્ત્વ છે. આપણો વધુમાં વધુ વ્યાપક અને આવશ્યક સિદ્ધાન્ત તથા અસ્તિત્વની એ શક્તિ છે. દિવ્યતાને શોધવા, વ્યક્ત અને મૂર્તિમંત કરવા સમગ્ર જીવન એ માત્ર વિવિધલક્ષી અને વિપુલ પ્રમાણમાં આપણને આપવામાં આવેલી તક છે.

વ્યાવહારિક જીવનનું આ સર્વોચ્ચ સત્ય, તેની યથાર્થ અને ઉચ્ચ વ્યાવહારિકતા આપણા નૈતિક અંતરતત્ત્વમાં તદ્દન સ્પષ્ટ બને છે. બૌદ્ધિક મનુષ્ય અન્ય બાબતની જેમ નૈતિક જીવનને તર્કની બાબતમાં ઉતારે છે અને તેનું સ્વરૂપ, કાયદો અને વ્યાવહારિક કાર્ય એ તર્કના સિદ્ધાંત અને કાયદાથી નિર્ધારિત

કરે છે એ સાચું છે. એમ કરવામાં મનુષ્ય કદી સફળ થયો નથી અને ખરેખર કદી સફળ થઈ શકે નહિ, તેની સફળતાના દેખાવ એ શબ્દો અને વિચારોની શુષ્ક તથા બાહ્ય રીતે મનોહર રચનાઓ તૈયાર કરતી બુદ્ધિના માત્ર આડંબર છે. તર્કની પ્રણાલિકાઓ અને તડજોડવાળો સમન્વય રચે છે. ટૂંકમાં એ દંભી નિષ્ફળતાઓ છે જે સત્તાના પ્રથમ શકિતશાળી સ્પર્શથી પડી ભાંગે છે. ઉપયોગિતાલક્ષી નીતિશાસ્ત્રની અસામાન્ય વ્યવસ્થાની આવી વિચારસરણી હતી. ઓગણીસમી સદી જે વિજ્ઞાન, તર્ક અને ઉપયોગિતા માટે જાણીતી છે તે સદી દરમ્યાન ઉપયોગિતાવાદના વિધ્યાત્મક અને વ્યવસ્થિત માનસે તેની શોધ કરી, પરંતુ અત્યારે યોગ્ય રીતે ખ્યાતિ લુપ્તપ્રાય થઈ છે. નીતિશાસ્ત્રનું આંતરિક, આત્મલક્ષી અને નિરપેક્ષ પ્રેરકબળ માટે વ્યવહારુ, બાહ્ય અને પ્રાસંગિક કસોટીની અવેજી ગોઠવણ, નૈતિક કર્તવ્યની કક્ષા અશકય એવા વૈજ્ઞાનિક અને નૈતિક ગણિત અને અવ્યવહારુ પ્રપંચમાં રૂપાંતર એ તાર્કિક અને બૌદ્ધિક મનને પૂરતું આકર્ષક જણાય છે પરંતુ નૈતિક અંતરતત્ત્વની અંતઃસ્ફુરણા અને સમગ્ર સહજ-વૃત્તિને જુઠ્ઠી અને વિદેશી જણાય છે. સદ્‌ભાગ્યે હવે આપણે એ ઉપયોગિતા-વાદની ઉપરછલ્લી અને આડંબરી ભૂલો પ્રત્યે આપણે માત્ર મૃદુ હાસ્ય કરવાનું છે. સિદ્ધાંત અને બનાવને નિયંત્રિત કરવા તર્કના પ્રયાસો એ એ જ રીતે અવ્યવહારુ અને જુઠ્ઠા છે. સુખવાદ બધા સદ્‌ગુણને મનના સંતોષ અને સુખથી સમજાવે છે. સમાજશાસ્ત્રીય સિદ્ધાંત નીતિશાસ્ત્રને સૂત્રોની વ્યવસ્થા, સામાજિક સમજૂતીમાંથી ઉદ્‌ભવતું વર્તન, સામાજિક વૃત્તિઓને સૈદ્ધાંતિક નિર્દેશન આપતું અને એ અપર્યાપ્ત ધોરણ દ્વારા તેના કર્તવ્યના નિયંત્રિત કરતા શાસ્ત્ર તરીકે ધારી લે છે એ પણ જુઠું છે. આ બધાં સૂત્રોમાંથી નૈતિક અંતરતત્ત્વ છટકી જાય છે. એ પોતે જ સ્વતઃ નિયમ અને પોતાના શાશ્વત સ્વભાવમાં એ સિદ્ધાંતને શોધે છે. આ શાશ્વત સ્વરૂપ તેના હાર્દિક લક્ષણની દૃષ્ટિએ જોતાં તેના પાર્થિવ ઇતિહાસમાં મનની વૃદ્ધિ જણાય છતાં એ ઉત્ક્રાંતિ કરતા મનની વૃદ્ધિ નથી. એ વસ્તુતઃ આદર્શમાંથી પ્રગટ થતી અગ્નિશાખા છે. મનુષ્યમાં દિવ્ય તત્ત્વનું પડતું પ્રતિબિંબ છે.

ઉપર્યુકત અયોગ્ય રચનાઓમાં રહેલા બધા દોષોમાં સત્યનો અંશ રહ્યો નથી એમ નથી. કારણ કે માનવ તર્કના બધા દોષો એ સત્યની અસરકારક પરંતુ ખોટી રચનાઓ, અયોગ્ય બાંધણી અને વિકૃત રજૂઆત છે. અથવા તો એ સત્યનો અંશ કે તેની એક બાજુ છે. ઉપયોગિતા એ અસ્તિત્વનો મૂળભૂત સિદ્ધાંત છે અને આખરે અસ્તિત્વના બધા મૂળભૂત સિદ્ધાંતો એક છે. તેથી ઉત્તમ શુભ એ ઉત્તમ ઉપયોગિતા પણ છે એ સાચું છે. વધુમાં વધુ સંખ્યાનું વધુમાં વધુ શુભ પ્રાપ્ત કરી સમતુલા રચવાની નથી પરંતુ અન્યનું શુભ અને

વધુ વ્યાપક રીતે સર્વનું શુભ પ્રાપ્ત કરવું એ આપણા નૈતિક વ્યવહારનો એક આદર્શ ઉદ્દેશ છે. જો નૈતિક વ્યકિતને યોગ્ય માર્ગ મળે અને સર્વનું યથાર્થ શુભ શું છે તે વિશે હમેશ નિશ્ચિત રહે તો તેને નૈતિક વ્યકિત આચરણમાં મૂકવા રાજી રહેશે. પરંતુ આપણા નૈતિક વ્યવહારને નિયંત્રિત કરવામાં, કર્તવ્યના કે અંતરતત્ત્વના આંતરિક સિદ્ધાંતને પૂરો પાડવામાં એ મદદરૂપ થતો નથી. એ માત્ર જે માર્ગ પર મુસાફરી કરવી દુઃસાધ્ય છે તેની અનુભૂતિ કરવા સહાયભૂત થાય એવાં પરિબળોમાંથી એક પરિબળને ઉત્પન્ન કરે છે. ઉપયોગિતા નહિ પરંતુ શ્રેય એ શુભનું ધોરણ અને તેનો સિદ્ધાંત હોવો જોઈએ. નહિ તો નૈતિક પદ્ધતિ માટે જે તદ્દન વિદેશી તત્ત્વ છે એવા ભયાનક દંભી તાત્કાલિક લાભના પંજામાં આપણે સપડાઈ જશું. તદુપરાંત, વ્યકિતગત સ્વરૂપ, મનની આદત અને જગત પ્રત્યેના દૃષ્ટિકોણ સાથે ઉપયોગિતાનું ધોરણ, તેનો નિર્ણય, તેનું અંતરતત્ત્વ સ્વરૂપ અને પ્રયોજન પરિવર્તિત થાય છે. ઉપયોગિતાના ક્ષેત્રમાં કોઈ વિશ્વાસપાત્ર સામાન્ય નિયમ આવ્યો નથી જેનો બધા સ્વીકાર કરે. યથાર્થ નીતિશાસ્ત્ર દ્વારા આપણા વર્તનનું નિયંત્રણ કરે એવા અપેક્ષિત વ્યાપક સિદ્ધાંતોની સૂચિ પણ તેમાં પ્રાપ્ત થતી નથી. નીતિશાસ્ત્ર કદી પણ ગણતરીની બાબત થઈ શકે નહિ તેમ થશે પણ નહિ. નૈતિક વ્યકિત માટે ફકત એક જ હિતકારક નિયમ છે અને તે શુભના પોતાના સિદ્ધાંત, પોતાની સહજવૃત્તિ, શુભનું પોતાનું દર્શન, પોતાની અંતઃસ્ફૂરણાને વળગી રહેવું અને એ દ્વારા પોતાના વર્તનને સંચાલિત કરવું. એ કદાચ ભૂલ કરે પરંતુ પોતાના સ્વસ્વરૂપના નિયમને વફાદાર રહેશે તેથી અવરોધો હોવા છતાં એ પોતાના ઉચિત માર્ગ પર રહેશે. ગીતાનું કથન હમેશાં સાચું છે. પોતાના સ્વભાવનો નિયમ અધૂરો પાલનમાં મુકાયો હોય છતાં એ વધુ સારો છે. બીજાનો નિયમ આપણા તર્કને ઘણો ચડિયાતો જણાય છતાં ભયાનક છે. નૈતિક અંતરતત્ત્વના સ્વરૂપનો નિયમ શુભની શોધખોળ છે એ કદી ઉપયોગિતાની શોધખોળ હોઈ શકે નહિ.

ઉચ્ચ કે નિમ્ન પ્રકારના સુખની શોધ કે કોઈ પ્રકારનું સૂક્ષ્મ કે આધ્યાત્મિક એવો આત્મ-સંતોષ એ તેનો કાયદો નથી. . અહીં પણ એમ કહેવું સાચું છે કે ઉત્તમ શ્રેય એ તેના સ્વરૂપ અને આંતરિક અસરમાં બન્ને રીતે ઉત્તમ આનંદ છે. આંતરતત્ત્વનો આનંદ એ સર્વ અસ્તિત્વનું ઊગમ સ્થાન છે. અસ્તિત્વ આનંદ તરફ ઢળે છે અને પ્રગટ અથવા અપ્રગટ રીતે તેની બધી પ્રવૃત્તિઓમાં આનંદને શોધે છે. એ પણ સાચું છે કે વૃદ્ધિ પામતા સદ્‌ગુણમાં પ્રાપ્ત થતા શુભમાં મહદ્ અંશે સુખ રહેલું છે. અને સદ્‌ગુણની શોધના અચેતન પ્રેરકબળ તરીકે હમેશ સુખ રહ્યું હોય એમ બને. પરંતુ વ્યાવહારિક હેતુઓને માટે આ સદ્‌ગુણ માટે આકસ્મિક કે ગૌણ બાબત છે. સદ્‌ગુણના ધોરણ અથવા

તેની ખાત્રી તરીકે સુખને લેખી શકાય નહિ. આથી વિરુદ્ધ ઈન્દ્રિયસુખ શોધતા સ્વભાવની સાથે મથામણ કરીને સામાન્ય મનુષ્ય સદ્‌ગુણને પ્રાપ્ત કરે છે. અને મોટે ભાગે દુઃખને અનિચ્છક ભેટવાનું છે. તેમાં દુઃખ વહોરીને બળને આભુષિત કરવાનું છે. એ મથામણ અને દુઃખને આપણે દુઃખ અને મથામણના ઈન્દ્રિયસુખ માટે આવકારતા નથી. કારણ કે આ વધુ ઉચ્ચ શક્તિશાળી આનંદની અનુભૂતિ આપણા ગૂઢ અંતરતત્ત્વ દ્વારા થાય છે. છતાં મથામણ કરતા આપણા અંતરતત્ત્વના સામાન્ય ચેતન અંશમાં સૌપ્રથમ જાગૃત હોતા નથી. નૈતિક મનુષ્યનું કર્તવ્ય આંતરિક સુખના પ્રેરકબળથી દોરાતું નથી પરંતુ પોતાના અંતરતત્ત્વના આદેશ, આદર્શની આવશ્યકતા, નિરપેક્ષ માપદંડની પ્રતિમા, દિવ્ય તત્ત્વના નિયમ દ્વારા દોરાય છે.

આપણા આરોહણના બાહ્ય ઈતિહાસમાં આ સત્ય સ્પષ્ટપણે અથવા કદાચ જરા પણ દેખાતું નથી. તેના બાહ્ય ઈતિહાસમાં મનુષ્યની નૈતિક ઉત્ક્રાંતિનું નિર્ધારિત કારણ એ કદાચ સમાજમાં મનુષ્યની પોતાની વ્યક્તિગત પસંદગી, પ્રાણલક્ષી સુખ કે ભૌતિક આત્મ-હિતથી અતિરિક્ત મનુષ્ય પર માગણીના દબાણમાંથી નૈતિક વર્તનનો પ્રારંભ થાય છે. અને આ માગણી સૌપ્રથમ અન્ય સાથેના તેના સંબંધો અને તેના સામાજિક અસ્તિત્વની તાત્કાલિક આવશ્યકતાઓ દ્વારા તેના પર કાર્ય કરે છે. પરંતુ આ સમસ્યાનું હાર્દ નથી, એ નૈતિક માગણી સામાજિક માગણી સાથે મેળ ખાતી નથી તેમ સામાજિક ધોરણ સાથે નૈતિક ધોરણ બંધબેસતું જણાતું નથી એ હકીકતથી તે જોવાય છે. આથી વિરુદ્ધ સામાજિક માગણી સાથે યુદ્ધ કરવા તેનો તિરસ્કાર કરવા નૈતિક મનુષ્યને વારંવાર આદેશ મળે છે. સામાજિક ધોરણથી વિપરીત વર્તન કરવા તેનાથી દૂર જવા, તેનું ઉલ્લંઘન કરવા તેને પ્રેરણા મળે છે. તેના પોતાના આત્મા સાથેના સંબંધો પોતાના નૈતિક વિકાસનાં ક્ષેત્રો બની જાય છે. પરંતુ તેના ઈશ્વર સાથેના સંબંધો, તેના સ્વરૂપમાં સુપ્ત અથવા આંતરિક મેધાવી શક્તિ કે તેના વધુ ઉચ્ચ આત્મામાં જાગૃત એવા દિવ્ય તત્ત્વની અભીપ્સા તેના નૈતિક અંતરતત્ત્વનું નિર્માણ કરે છે. એ આંતરિક આદર્શને તાબે થાય છે અને નહિ કે બાહ્ય ધોરણ એ તેના અંતરતત્ત્વમાં રહેલા દિવ્ય કાયદાને અને નહિ કે સામૂહિક જરૂરિયાત કે નૈતિક દાવાને પ્રત્યુત્તર વાળે છે. નૈતિક આદેશ બાજુમાંથી નહિ પરંતુ આંતરિક અને ઊર્ધ્વ પાસામાંથી પ્રગટ થાય છે.

પ્રાચીન શાસ્ત્ર અને પરંપરા એમ કહે છે અને એવું અનુભવાયું છે કે યોગ્યતા, પૂર્ણ વર્તનના કાયદાઓ એ ઈશ્વરના ઊર્ધ્વ શાશ્વત તત્ત્વના કાયદાઓ છે. એ કાયદાઓ અંગે મનુષ્ય સભાન છે અને તેને તાબે થવા તેને આદેશ અપાયો છે. તર્કના યુગમાં આ બાબતનો રદિયો આપ્યો છે અને જગતના ઈતિહાસ

અને સ્વરૂપને વિરોધ કરતી એ કાવ્યાત્મક કલ્પના અને એ વહેમ છે એમ કહ્યું છે. આમ છતાં આ કલ્પના અને પ્રાચીન વહેમમાં સત્ય છે. તર્ક તેનો નકાર કરે છે પરંતુ તેમ કરવામાં આ સત્યના અંશને એ ગુમાવે છે. કાન્ટના નિરુપાધિક આદેશના સિદ્ધાંતમાં કે પછી અન્ય સિદ્ધાંતમાં આ ખોટને સંપૂર્ણ પૂરવામાં આવી નથી. જો મનુષ્યની પ્રેરક બુદ્ધિ તેના ઉત્ક્રાંતિ પામતા સ્વભાવનું સર્જન હોય, તેની નૈતિક કાયદાઓની સંકલ્પનાઓ પરિવર્તનશીલ અને તેના ઉત્ક્રાંતિના તબક્કા પર આધાર રાખતી હોય તેમ છતાં તેમના મૂળમાં પરિવર્તનોના હાર્દમાં અને તેના પોતાના સ્વભાવના અને જગત-સ્વરૂપનાં ઊંડાણોમાં જ કંઈક સ્થિર તત્ત્વ રહ્યું છે. અને જો મનુષ્ય અને જગતમાં રહેલું નિસર્ગ તત્ત્વ તેના આરંભમાં જ નિમ્ન તાર્કિક અને નિમ્ન નૈતિક હોય, તેની ઉચ્ચ કક્ષાએ નૈતિકતાથી તેમ તર્કથી પર અવસ્થા હોય તેમ છતાં એ નિમ્ન-નૈતિક અવસ્થામાં એવું કંઈક છે જે અંતરતત્ત્વના માનવ તબક્કામાં નૈતિક બને છે અને નૈતિક કક્ષાથી જે ઊર્ધ્વ છે એ પોતે નૈતિક કક્ષા અને પુરુષાર્થની પૂર્ણાહુતિ છે. અને જે લોકોએ સુદીર્ઘ એવા નૈતિક રસ્તાને કાપ્યો નથી તે આ ઊર્ધ્વ કક્ષાએ પહોંચી શકતા નથી. બધી વસ્તુઓમાં જે નિમ્ન સ્તર રહ્યું છે તેમાં શુભનું હાર્દ ગુપ્ત રીતે છે જેને નૈતિક સહજવૃત્તિ અને નૈતિક ખ્યાલ દ્વારા અંશતઃ મનુષ્યો પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે. તેનાથી શાશ્વત શુભ છુપાયેલું છે જે આપણી એકપક્ષી અને પૃથક્ પૃથક્ નૈતિક સંકલ્પનાઓથી પર જાય છે.

આપણી નૈતિક ઊર્મિઓ અને પ્રવૃત્તિઓ અન્યની જેમ નિમ્ન તાર્કિક અવસ્થામાંથી આરંભ કરે છે અને અર્ધચેતન અવસ્થામાંથી આરંભ કરે છે અને પ્રવૃત્તિ એ ઉચિતપણું, ગ્રહણ કરેલા કાયદા પ્રત્યે આજ્ઞાંકિતપણું, ક્રમ ઉઠાવવામાં આત્મ-સમર્પણની સહજવૃત્તિ, બલિદાન, આત્મ-બલિદાન, પ્રેમ અને અન્ય સાથે સંગઠન અને પોતાની જાતને ગૌણ કરવાની સહજવૃત્તિ દ્વારા ઉદ્ભવ પામે છે. આ કાયદો શા માટે છે અને કોના માટે છે તેનો પ્રશ્ન પૂછ્યા સિવાય આરંભમાં મનુષ્ય એ કાયદાનું પાલન કરે છે. તર્કમાં એ તેની પરવાનગી શોધતો નથી. તેનો પ્રથમ વિચાર એ છે કે એ કાયદો પોતાના કરતાં અને પોતાની જાતિ કરતાં વધુ ઉચ્ચ શક્તિઓએ સર્જ્યો છે અને પ્રાચીન કવિની જેમ એ કહે છે કે આ કાયદાઓનો ક્યારે ઉદ્ભવ થયો તે એ જાણતો નથી. એ ફક્ત એટલું જ જાણે છે કે એ કાયદાઓ છે, ચાલુ રહેવાના છે અને શિક્ષા વિના તેનું ઉલ્લંઘન થઈ શકતું નથી. સહજવૃત્તિઓ અને ઊર્મિઓ જેની શોધ કરે છે, તર્ક જેની આપણને સમજૂતી આપવા ક્રમ ઉઠાવે છે, જેથી સંકલ્પ નૈતિક ઊર્મિઓને બૌદ્ધિકપણે ઉપયોગમાં લઈ શકે અને સહજવૃત્તિઓને નૈતિક વિચારોમાં પરિવર્તિત કરે. તર્ક મનુષ્યની નૈતિક સહજવૃત્તિના અપરિપક્વ

અને વારંવાર થતા દોષોને સુધારે છે. મનુષ્યના મનના ગૂંચવણભરેલા સાહચર્યોને જુદા પાડે છે અને શુદ્ધ બનાવે છે. વારંવાર સંઘર્ષમાં ઊતરતા તેના નૈતિક આદર્શોના સંબંધોને એ પોતાની શક્તિ મુજબ ઉત્તમ રીતે બતાવે છે, તેમના વિરોધી દાવાઓમાં મધ્યસ્થી બનીને સમાધાન લાવવા પ્રયાસ કરે છે. નૈતિક કર્તવ્યના વિવિધલક્ષી નિયમ અને વ્યવસ્થાની રચના યોજે છે. અને આ બધું કાર્ય બરાબર છે. આપણા વિકાસનું એ આવશ્યક પગથિયું છે. પરંતુ આખરે આ નૈતિક ખ્યાલો અને આ બુદ્ધિયુક્ત નૈતિક સંકલ્પ જેનો તેણે અંકુશ મેળવવા તાલીમ માટે ઉપયોગ કર્યો છે તે તેના અંકુશમાંથી છટકી જાય છે અને પ્રદેશથી બહાર નીકળી જાય છે. નૈતિક ખ્યાલો તર્કના શાસન અને અંકુશને સહન કરે છે અને આ વૃત્તિ તેમનામાં સાહજિક રહી છે.

અન્ય અંતરતત્ત્વની જેમ નૈતિક તત્ત્વ એ નિરપેક્ષ અને દિવ્ય તત્ત્વ પ્રતિ શોધ અને વિકાસ છે. આ તત્ત્વ સલામત અને નિશ્ચિત રીતે તર્કાતીત અવસ્થામાં જ પ્રાપ્ત થઈ શકે. નૈતિક તત્ત્વ નિરપેક્ષ શુદ્ધિ, નિરપેક્ષ ઔચિત્ય, નિરપેક્ષ સત્ય, નિરપેક્ષ સામર્થ્ય, નિરપેક્ષ પ્રેમ અને આત્મસમર્પણને શોધે છે અને જ્યારે તેને અમર્યાદિત માપમાં, કોઈ દબાણ કે સમાધાન વિના, દિવ્ય અને અનંતપણે અને નૈતિક તત્ત્વના સગુણ ઈશ્વરરૂપ આત્મપરિવર્તનના આકારે પ્રાપ્ત થાય ત્યારે તેને અત્યંત સંતોષ થાય છે. તર્કનો મુખ્ય સંબંધ પોતાની ઉત્તમ સમજૂતી, બાહ્ય પ્રક્રિયા, યાંત્રિક કામગીરી, બાહ્ય કર્તવ્ય તેનું પરિણામ. અસર, સંજોગ, પરિબળ અને ઇરાદા સાથે રહ્યો છે. આ દ્વારા એ કર્તવ્ય અને કર્તાની નીતિમત્તા અંગે નિર્ણય લે છે. પરંતુ વિકસિત નૈતિક તત્ત્વ સાહજિક રીતે જાણે છે કે એ કોઈ આંતરિક તત્ત્વ છે જેની એ શોધ કરે છે અને બાહ્ય કર્તવ્ય એ તેની મનોવૈજ્ઞાનિક અસરો દ્વારા આંતરિક નિરપેક્ષ અને શાશ્વત તત્ત્વને આપણી અંદર અભિવ્યક્ત કરવાનું સાધન માત્ર છે. આપણાં કર્તવ્યોનું મૂલ્ય જે પ્રમાણમાં આપણી ભીતર દિવ્ય તત્ત્વના વિકાસ પ્રત્યે મદદરૂપ થવામાં રહ્યું છે તે પ્રમાણમાં તેમના બાહ્ય સ્વરૂપ અને બાહ્ય પરિણામમાં રહ્યું નથી. નિરપેક્ષ ન્યાય, નિરપેક્ષ યથાર્થતા, નિરપેક્ષ શુદ્ધિ, પ્રેમ અથવા કાર્ય કે કાર્યની વિધિનું નિઃસ્વાર્થપણું બાહ્ય આધારો પર યથાર્થ બતાવવું એ મુશ્કેલ અને અસંભવિત પણ છે. કારણ કે કર્તવ્ય એ સાપેક્ષ સમ્મિશ્રિત અને તેનાં પરિણામોમાં અનિશ્ચિત છે તથા તેની વિવિધ પરિસ્થિતિઓમાં વ્યાકુળ હોય છે. પરંતુ આંતરિક તત્ત્વને શાશ્વત અને નિરપેક્ષ શુભ સાથે સંબંધિત કરવું શક્ય છે. આપણી સમજશક્તિ અને સંકલ્પને શુભ તત્ત્વથી એટલું સભર કરવું કે જેથી તેની પ્રેરણા, અંતઃસ્ફુરણા અને ઊર્મિઓથી પ્રવૃત્તિ કરવામાં આવે. એ ધ્યેય માટે નૈતિક અંતરતત્ત્વ શ્રમ ઉઠાવે છે અને પોતાના આંતરિક પ્રયાસોમાં

વધુ ઉચ્ચ નૈતિક માનવ ક્રમે ક્રમે પ્રાપ્તિ કરે છે.

વસ્તુત: નીતિશાસ્ત્ર એ કર્તવ્યમાં શુભ અને અશુભની ગણતરી નથી અથવા જગતનાં ધોરણોને અનુસરીને દોષમુક્ત બનવાનો ક્રામયુક્ત પુરુષાર્થ નથી. એ ફક્ત અપરિપક્વ આભાસો છે. નીતિશાસ્ત્ર એ દિવ્ય સ્વરૂપમાં વૃદ્ધિ પામવાનો પ્રયાસ છે. નૈતિક તત્ત્વના શુદ્ધ ભાગો ઈશ્વરના અંતરતત્ત્વની અક્ષર શુદ્ધિ પ્રત્યે અભીપ્સા છે. તેના સત્ય અને યથાર્થતાના ભાગો એ દિવ્ય જ્ઞાન અને સંકલ્પના નિયમો સાથે સભાન એકતા માટે શોધ છે. તેના સહાનુભૂતિ અને ઉદારતાના ભાગો એ દિવ્ય પ્રેમની સાર્વત્રિકતા અને અનંતતા તરફ પ્રયાણ કરતી ગતિ છે. તેના સામર્થ્ય અને મનુષ્યત્વના ભાગો એ દિવ્ય સામર્થ્ય અને શક્તિની કેળવણી છે, આ તેના અર્થનું હૃદય છે. જ્યારે મનુષ્યનું અંતર-તત્ત્વ આ રૂપાંતરની પ્રક્રિયામાંથી પસાર થાય છે ત્યારે તેની પરિપૂર્ણતા સર્જાય છે. એ સમયે તેનાં કર્તવ્યો તેનાં સ્વરૂપને યથાર્થ બનાવતાં નથી પરંતુ તેનું સ્વરૂપ તેનાં કર્તવ્યોને મૂલ્યનું પ્રદાન કરે છે. પછી એ ક્રમ ઉઠાવીને સદ્‌ગુણી રહેતો નથી કે કૃત્રિમ રીતે નૈતિક બનતો નથી. પરંતુ સાહજિકપણે દિવ્ય રહે છે. સક્રિયતાની દૃષ્ટિએ જોતાં પણ જ્યારે એ કાં તો નિમ્ન તાર્કિક ઊર્મિઓથી અથવા તાર્કિક બુદ્ધિ અને સંકલ્પથી દોરનો કે ચલિત થતો નથી. પરંતુ પોતાના સ્વરૂપમાં સભાન બનેલ દિવ્ય જ્ઞાન અને સંકલ્પથી પ્રેરિત અને સંચાલિત થાય ત્યારે તેની પરિપૂર્ણતા અને સિદ્ધિ શક્ય બને છે. જ્યારે આ વસ્તુઓનું સત્ય એ જેમ અહંકાર, આત્મ-હિત, ઈચ્છા, વાસના, સર્વ પ્રકારનો આત્મ નિર્ણયનો હલ્લો પ્રારંભમાં ક્રમિક રીતે અંત:સ્ફુરણાત્મક મન દ્વારા શુદ્ધિકરણ પામે અને ત્યાર બાદ વર્તમાનમાં ભલે વિનિમય ન પામ્યું હોય છતાં તેનાં અંતરતત્ત્વના કબજામાં હાજર હોય એવા તર્કાતીત પ્રકાશ અને સામર્થ્ય દ્વારા શુદ્ધ બને ત્યારે જ એ સિદ્ધિ શક્ય બને. પ્રાચીન ઋષિઓનું આ ધ્યેય હતું. પ્રાચીન ઋષિઓમાં એ જ્ઞાન અને ડહાપણ હતાં જેને તાર્કિક મનુષ્ય અને તાર્કિક સમાજે નકારી કાઢયાં છે, કારણ કે તર્કના સંકલન અને સામાન્ય મર્યાદિત માનવ સંકલ્પની શક્તિઓ માટે એ ઘણું મહાન સત્ય હતું. જુસ્સાપૂર્વક અને પ્રગલ્ભ તથા અનંત સામર્થ્યવાળો પ્રયાસ હતો.

તેથી જેમ સૌન્દર્ય અને આધ્યાત્મિકતાના સંપ્રદાયમાં બને છે એમ શુભના સંપ્રદાય અંગે સમજવાનું છે, તેની પ્રાથમિક સહજ પ્રેરણાઓમાં નિરપેક્ષ અને દિવ્ય તત્ત્વની પાછળ અસ્પષ્ટ શોધ છે. શુભ તત્ત્વનું ધ્યેય પૂર્ણ સંતોષ મેળવવામાં રહ્યું છે તે તર્કથી પર રહેલા કોઈ તત્ત્વમાં તેના સર્વોચ્ચ સાધના અને પ્રકાશ શોધે છે. જ્યારે એ દિવ્ય સત્તાની કોઈ પ્રતિમા સર્જે છે અને ઈશ્વરને પ્રાપ્ત કરે છે ત્યારે જ તે પરિપૂર્ણ થાય છે. નિમ્ન તાર્કિક

આરંભોમાંથી ઉદય પામીને તર્ક પર મધ્યવર્તી તબક્કામાં આશ્રય શોધીને તર્કાતીત અવસ્થામાં તેની પૂર્ણાહુતિ થાય છે અને એ વિકાસ જોતાં મનુષ્યના સૌન્દર્યાત્મક અને ધાર્મિક અંતરતત્ત્વની જેમ નૈતિક અંતરતત્ત્વ એ નિત્ય અને શાશ્વતની શોધ છે.

પ્રકરણ સોળમું

જીવનનું તર્કાતીત અંતિમ ધ્યેય

મનુષ્ય પોતાના જીવનની બધી ઉચ્ચ શક્તિઓમાં આંધળી રીતે ઈશ્વરની શોધ કરે છે એમ કહી શકાય. પોતાના સ્વરૂપ અને જગતમાં દિવ્ય અને શાશ્વત તત્ત્વને પ્રાપ્ત કરવું અને તેમને સંવાદિત બનાવવા, પોતાના જીવન અને અંતરતત્ત્વને અનંતની સાથે સૂરબદ્ધ કરવાથી એ પોતાના સ્વરૂપના આ ભાગોમાં અપ્રગટ ધ્યેય અને ભાગ્યને પ્રગટ કરે છે. પોતાનો સર્વોચ્ચ, વધુમાં વધુ વ્યાપક અને સૌથી પૂર્ણ આત્મા પાસે પહોંચવા આગળ ધપે છે અને જ્યારે એ તેને સ્પર્શે છે, ત્યારે જેને આપણે ઈશ્વરનું નામ આપીએ છીએ એ જગતમાં રહેતા સૌન્દર્ય, શુભ અને સત્યના કોઈ મહાન આત્મતત્ત્વ અને આત્મા સાથે મનુષ્યમાં રહેલો આત્મા એકરૂપ લાગે છે. આધ્યાત્મિક સાક્ષી તરીકે આ તત્ત્વને પ્રાપ્ત કરવું એ ધર્મનું ધ્યેય છે, તેનાં પ્રકાશ, પ્રેમ, સામર્થ્ય અને શુદ્ધિના શાશ્વત સ્વરૂપ સાથે સંવાદિતામાં વૃદ્ધિ પામવી એ નીતિશાસ્ત્રનું ધ્યેય છે, તેના શાશ્વત સૌન્દર્ય અને આનંદની સંવાદિતામાં આપણી જાતને અનુકૂળ બનાવવી અને તેનો ઉપભોગ કરવો એ આપણી સૌન્દર્યાત્મક જરૂરિયાત અને સ્વરૂપનું ધ્યેય અને તેની સિદ્ધિ છે. તેનું જ્ઞાન પ્રાપ્ત કરવું અને સત્યના શાશ્વત સિદ્ધાંતો મુજબ જીવન ઘડવું એ જ્ઞાન પ્રત્યે આપણાં સર્વ ખંતીલાં પ્રેરકબળો તથા દર્શન અને વિજ્ઞાનનું ધ્યેય છે.

પરંતુ આ બધું આપણા સામાન્ય અને પ્રચલિત અંતરતત્ત્વથી કંઈક પર જણાય છે. એ એવું તત્ત્વ છે જેમાં આપણે વિકાસ પામવા પ્રયત્ન કરીએ છીએ પરંતુ એ સામાન્ય સ્વરૂપ, નૈસર્ગિક સ્વરૂપ અથવા વ્યકિતના વાતાવરણ અને મનુષ્યના દૈનિક જીવન અને તેમની સાધારણ ચેતનાના સમાજ જેવું જણાતું નથી એ જીવન વ્યવહારુ છે, આદર્શલક્ષી નથી. તેને રુચિઓ, ભૌતિક જરૂરિયાતો, ઇચ્છાઓ અને પ્રાણલક્ષી આવશ્યકતાઓ સાથે સંબંધ છે પરંતુ તેને શુભ, સૌન્દર્ય, આધ્યાત્મિક અનુભૂતિ અને ઉચ્ચતર સત્ય સાથે સંબંધ

નથી. આ ભૌતિક જરૂરિયાતો તેના માટે વાસ્તવિક છે. બાકીનું બધું અવાસ્તવિક છે. આ તેના સામાન્ય પુરુષાર્થમાં રહ્યું છે. બાકીનું તેની ફુરસદનો વિષય છે. આ તેના દ્રવ્યનું બન્યું છે. બાકીનું તેના અલંકારોના અને નિવારી શકાય એવી સુધારણાના ભાગ તરીકે રહ્યું છે. બાકીના સર્વ શૃંગારોને સમાજ સ્થાન આપે છે પરંતુ તેનું હૃદય ત્યાં નથી. એ નીતિશાસ્ત્રને બંધન અને પ્રભાવ તરીકે સ્વીકારે છે પરંતુ તે નૈતિક શુભને આચરણમાં મૂકતું નથી. તેના ખરા દેવોએ પ્રાણલક્ષી જરૂરિયાત ઉપયોગિતા અને શરીરની ઇચ્છાઓ છે. નૈતિક નિયમો દ્વારા અંશત: પોતાના જીવનને સંચાલિત કરે છે કારણ કે નહિ તો પ્રાણલક્ષી જરૂરિયાત, ઇચ્છા, ઘણા અહંકારી વ્યકિતઓ દ્વારા પોતાનો સંતોષ શોધવામાં અંદર અંદર સંઘર્ષમાં ઊતરે અને તેમના પોતાના ધ્યેયોનો જ નાશ નોતરે. પરંતુ પોતાનું જીવન સંપૂર્ણ નૈતિક બનાવવા તેને પ્રેરણા થતી નથી. એ હજુ ઓછે અંશે સૌન્દર્ય સાથે સંબંધિત રહે છે. તે ચક્ષુ, કાન અને મનનાં આનંદ-પ્રમોદ, સંતોષ અને મનોરંજન તથા અલંકાર તરીકે વસ્તુઓને સુંદર તરીકે સ્વીકારે છતાં તેના જીવનને સૌન્દર્યમય બનાવવા ફરજિયાત રીતે ગતિશીલ કરતું નથી. તે દેવળ કે મંદિર, તહેવારો, જીવનના અંતભાગમાં જ્યારે વય અને મૃત્યુનું આગમન આ જીવનમાંથી ફરજિયાત રીતે બીજા જીવન પ્રત્યે ધ્યાન દોરે છે. દિવસ દરમ્યાન કે અઠવાડિયામાં જગતના બનાવોમાં ક્ષણભર અટકી જઈ ઈશ્વરને યાદ કરવા ઉચિત સમજે છે ત્યારે તે ધર્મને નિશ્ચિત સ્થાન અને હિસ્સો મંજૂર કરે છે. પરંતુ ઈશ્વરને યાદ કરવા, તેની શોધ કરવી અને સમગ્ર જીવનને ધર્મમય બનાવવું એ ભારતીય સમાજ જ્યાં આધ્યાત્મિકતાને તેમના ધ્યેય અને સિદ્ધાંત તરીકે રચી છે એવા સમાજોમાં પણ એ ખરેખર થતું નથી. એ દર્શનને હજુ વધુ દૂરગામી પ્રથા તરીકે આવકારે છે. અને જો હાલમાં એ ઉત્સુક રીતે વિજ્ઞાનની તરફેણ કરે છે તેનું કારણ એ છે કે વિજ્ઞાન તેની પ્રાણલક્ષી ઇચ્છાઓ, જરૂરિયાતો અને અભિરુચિઓના સંતોષને અસાધારણ રીતે મદદ કરે છે. પરંતુ જેમ એ સંપૂર્ણ નૈતિક જીવન પાછળ શોધ કરતું નથી તેમ સંપૂર્ણ વૈજ્ઞાનિક જીવનની શોધ કરવા આગળ ધપતું નથી. આ સઘળી દિશાઓમાંથી કોઈ પણ એક દિશામાં વધુ પૂર્ણ પ્રયત્ન કરવાનું કાર્ય એ વ્યકિત, અમુક પસંદ કરાતી વિશિષ્ટ પ્રકારની વ્યકિતઓ, સંત, નૈતિક મનુષ્ય, કલાકાર, વિચારક, ધાર્મિક અનુયાયી પર છોડી દે છે. એ આ બધાને સ્થાન આપે છે; અંજલિ આપે છે, એ જે વસ્તુઓ રજૂ કરે છે તેમને અમુક જગ્યાનું પ્રદાન કરે છે પરંતુ પોતે પ્રાણલક્ષી સંતોષ, પ્રાણલક્ષી જરૂરિયાત, ઉપયોગિતા અને પ્રાણલક્ષી કાર્યદક્ષતાના અંતર્હિત સિદ્ધાંતને મુખ્યત્વે અનુસરવામાં સંતોષ માને છે.

આનું કારણ એ છે કે અહીંયાં આપણે આપણા અંતરતત્ત્વની અન્ય શક્તિ મેળવીએ છીએ જે નૈતિક સૌન્દર્યાત્મક, તાર્કિક અને ધાર્મિક શક્તિઓથી ભિન્ન છે. એ એવી શક્તિ છે જેને આપણા ક્રમમાં નીચેનું સ્થાન આપીએ છતાં એ પોતાની સત્તાને જુસ્સાથી રજૂ કરે છે અને તેને ફક્ત અસ્તિત્વનો અધિકાર છે. એટલું જ નહિ પરંતુ પોતાની જાતને સંતોષવાનો અને પરિપૂર્ણ કરવાનો અધિકાર છે. ખરેખર એ પ્રાથમિક શક્તિ છે. પૃથ્વી પરના આપણા અસ્તિત્વનો પાયો છે. અન્ય માણસો તેને આરંભબિંદુ અને તેમની આધારશીલા તરીકે લે છે. આ આપણામાં રહેતી જીવન-શક્તિ, પ્રાણલક્ષી અને પ્રવૃત્તિશીલ સ્વરૂપ છે. જીવનશક્તિનો સમગ્ર સિદ્ધાંત અને તેનું ધ્યેય તેના અસ્તિત્વને સ્થાપિત કરવું, વધારવું, વિસ્તૃત કરવું, ભોગવવું અને પોતાનું કરવાનો છે. પ્રાણતત્ત્વ પોતે જ અહીં અંતરતત્ત્વ છે જે સભાન બળની પરિભાષામાં વ્યક્ત થવા જડતત્ત્વમાં શ્રમ ઉઠાવે છે. ભૌતિક જગત પર વધુમાં વધુ શક્ય બળ, તીવ્રતા અને વિસ્તારથી પ્રભાવ પાડવા મનુષ્ય જે શ્રમ ઉઠાવે છે તે માનવ જીવન છે. પ્રાથમિક ધ્યેય જીવવા, જગતમાં પોતાના અને પોતાની જાતિ માટે નિશ્ચિત સ્થાન કરવાનું છે. બીજું, તેના પર માલિકી મેળવી વધુ વ્યાપક કાર્યક્ષેત્રમાં ઉત્પત્તિ અને મનોરંજન કરવાનું તેનું ધ્યેય છે. અને છેલ્લે સમગ્ર પૃથ્વી-જીવન પર પોતાની જાતનો વિસ્તાર કરવો અને અધિકાર મેળવવાનું ધ્યેય છે. આ તેનો પ્રથમ વ્યવહારુ વ્યવસાય છે અને હોવો જોઈએ. પોતાના જીવનના મથામણના ખ્યાલ દ્વારા ડારવીન અને તેના અનુયાયીઓએ ધ્યેયને વ્યક્ત કરવા પ્રયાસ કર્યો છે. પરંતુ મથામણ એ ફક્ત ટકવા અને જીવવા માટે નથી પરંતુ વૃદ્ધિ કરવી, આનંદપ્રમોદ કરવો અને માલિકી ભોગવવા માટે છે. તેની પદ્ધતિ માત્ર અહંકારની સહજવૃત્તિ અને સિદ્ધાંતને સમાવતા અને તેનો ઉપયોગ કરતા નથી પરંતુ સાહચર્યની ક્રમિક સહજવૃત્તિ અને તેનો સિદ્ધાંત છે. માનવ જીવન બે સમાન બળવાળા સંવેગોથી ગતિશીલ બને છે. એક વ્યક્તિગત આત્મ-સ્થાપનવૃત્તિ અને બીજો સામૂહિક આત્મ-સ્થાપનવૃત્તિ સંવેગ છે. એ કલહ દ્વારા કાર્ય કરે છે પરંતુ પરસ્પર સહકાર અને એકત્રિત પ્રયાસ દ્વારા કાર્ય કરે છે. તે પ્રવૃત્તિનાં બે અસમાન નિશ્ચિત રૂપો,—બે પ્રેરકબળો જે વિરોધી જણાય પરંતુ હકીકતમાં હમેશ સહઅસ્તિત્વ, સ્પર્ધાત્મક અને સહકાર સર્જતા પ્રયાસનો ઉપયોગ કરે છે. જીવનની સક્રિયતાના આ લક્ષણમાંથી માનવ સમાજનું સમગ્ર માળખું અસ્તિત્વમાં આવ્યું છે અને આ સક્રિયતાના જુસ્સાયુક્ત અને અવિશ્રાન્ત કાર્ય પર સર્વ માનવ સમાજોનું સાતત્ય, શક્તિ અને વિકાસ આધાર રાખે છે. જો તેમનામાં રહેલું પ્રાણ-બળ નિષ્ફળ જાય અને આ હેતુલક્ષી બળો તેમનો જુસ્સો ગુમાવે તો બધું શિથિલ બને, મંદ

પડે અને તૂટી જાય.

સમાજની જાળવણી અને ઘડતરમાં આ પ્રાણલક્ષી સક્રિયતાએ જે પ્રાથમિક અને પ્રધાનવર્તી ભાગ ભજવ્યો છે તેના પર સમાજનો અર્વાચીન યુરોપનો ખ્યાલ આધારિત છે. પાશ્ચાત્ય યુરોપે ટ્યુટોન મન અને સ્વભાવ ધારણ કર્યાં ત્યારથી યુરોપનો માનવી મૂળભૂત રીતે વ્યવહારુ, સક્રિય, ગતિશીલ અને પોતાના વિચાર અને અંતરતત્ત્વના હાર્દમાં, પ્રાણલક્ષી રહ્યો છે. બાકીનું બીજું તેના જીવન અને સંસ્કારના સુંદર પુષ્પ સમાન રહ્યું છે, આ પ્રાણલક્ષી તત્ત્વ એ તેનું મૂળ અને તેનો આધાર છે અને અર્વાચીન સમયમાં તેના સ્વભાવનું આ સત્ય જે હમેશ ત્યાં રહ્યું છે તે સપાટી પર આક્રમક રીતે રજૂ થયું છે અને ખ્રિસ્તી ધર્મનિષ્ઠા અને દક્ષિણ યુરોપની સંસ્કૃતિની પરંપરાએ વિજય પ્રાપ્ત કર્યો છે. પ્રાણલક્ષી મનુષ્ય અને તેના હેતુઓનો ઉદ્ભાવ પામેલો વિજય અને તેની નેતાગીરી ઓગણીસમી સદીની મહાન આર્થિક અને રાજકીય સંસ્કૃતિનું સમગ્ર મહત્ત્વ છે. વ્યાવહારિક માનવ સહજવૃત્તિઓ માટે સામાજિક જીવન ત્રણ પ્રવૃત્તિઓમાં સમાયેલું છે. પ્રથમ મનુષ્યનું અને સામાજિક જીવન,—સામાજિક શબ્દનો અર્થ અહીં ઘણા કુટુંબોમાં એક કુટુંબના સભ્ય અને વ્યક્તિ તરીકે એમ બન્ને સમૂહમાં અન્યની સાથે રૂઢિગત સંબંધોની દૃષ્ટિએ લેવાનો છે. બીજું, ઉત્પાદક, સંપત્તિ પ્રાપ્ત કરનારા ગ્રાહક તરીકે તેની આર્થિક પ્રવૃત્તિઓ અને ત્રીજી પ્રવૃત્તિ તેનો રાજકીય દરજ્જો અને કાર્ય છે. આ ત્રણ ઘટકોનું સંયોજન એ સમાજ છે અને વ્યાવહારિક મનુષ્ય માટે મૂળભૂત રીતે સમાજ એ કશું વધારે નથી, કેળવણી અને વિજ્ઞાન, સંસ્કાર, નીતિ, સૌન્દર્યશાસ્ત્ર અને ધર્મને જીવનના સહાયક તરીકે યોગ્ય સ્થાન આપવામાં આવ્યું છે. તેમના સર્વના માર્ગદર્શન ઉત્કર્ષ, સજાવટ, શ્રમ, મુશ્કેલીઓ અને દુઃખો માટે લેવાતા આશ્વાસન તરીકે તેમનું સ્થાન છે. પરંતુ તે મૂળ દ્રવ્યના ભાગ નથી. તેના હાર્દિક વિષયો તરીકે તેઓ રહેવા પામતા નથી. જીવનનો વિષય એ જીવન પોતે જ છે.

પ્રાચીન ચિંતકોએ ખરેખર ભિન્ન અને તદ્દન વિરુદ્ધ ખ્યાલ ધરાવ્યો છે. એશિયા મુખ્યત્વે સામાજિક અને યુરોપ મુખ્યત્વે રાજકીય હતા તેમાં જોકે તેઓએ અન્ય સમાજો જે જીવવા અને વિકાસ કરવા ઇચ્છે છે તેમની જેમ પ્રાથમિક પ્રવૃત્તિઓના વ્યાપક મહત્ત્વને સ્વીકાર્યું છતાં પ્રાથમિક શબ્દના ઉચ્ચ સંદર્ભમાં તેમને સ્વીકાર્ય નહોતું. એ મનુષ્યના પ્રથમ વ્યવસાય હતા પરંતુ એ પ્રધાનવર્તી નહોતા. તાર્કિક, નૈતિક, સૌન્દર્યાત્મક અને આધ્યાત્મિક અંતરતત્ત્વના વિકાસના સંજોગ તરીકે પ્રાચીન મનુષ્યોએ આ જીવનને માન્યું હતું. ગ્રીસ અને રોમે આ ત્રણ ઘટકો પર જ ભાર મૂકયો. એશિયા તેમનાથી આગળ વધ્યું, તેણે આ ત્રણને નિમ્નવર્તી ઘટકો ગણી તેમને આધ્યાત્મિક સિદ્ધિના

મદદરૂપ સોપાનો છે તેમ માન્યું. ગ્રીસ અને રોમ તેમની કલા, તેમનાં કાવ્ય અને તત્ત્વજ્ઞાન માટે ગર્વ લેતા હતા અને આ વસ્તુઓને રાજકીય સ્વાતંત્ર્ય અથવા મહાનતા જેટલી જ અથવા વધારે ગણી છે. એશિયાએ પણ આ શકિતઓને ઉચ્ચ સ્થાન આપ્યું અને તેના સામાજિક સંગઠનને વધુ મૂલ્ય આપ્યું, પરંતુ તેના સંતો, ધાર્મિક સ્થાપકો, વિચારકો અને આધ્યાત્મિક વીરોને ભકિતની વધુ તીવ્રતાથી ઉચ્ચ સ્થાન આપ્યું અને તેમનું વધુ મૂલ્ય આંકયું. આધુનિક જગત તેના આર્થિક સંગઠન, રાજકીય સ્વાતંત્ર્ય, વ્યવસ્થા અને પ્રગતિ, યાંત્રિક કામગીરી, સુખસગવડ, તેની સામાજિક અને ઘરેલુ જીવનનો આરામ અને તેના વિજ્ઞાન માટે ગર્વ લે છે. પરંતુ આ વિજ્ઞાન વ્યાવહારિક જીવનમાં પ્રયોજિત થયું છે એ સમજવાનું છે. વિજ્ઞાનનાં સાધનો, સગવડો, આગગાડી, તારયંત્ર, આગબોટ, તેની હજારો શોધો, અગણિત સંશોધનો તથા યંત્રો જે મનુષ્યને ભૌતિક જગત પર પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે તે વિજ્ઞાનનો પ્રયોજિત અર્થ છે. વલણમાં રહેલો એ સમગ્ર ભેદ દર્શાવે છે.

આ પ્રતીતિ પર ઘણી વસ્તુઓનો આધાર છે. કારણ કે જો જીવન અને સમાજનો પ્રાણલક્ષી અને વ્યવહારુ દૃષ્ટિકોણ ઉચિત હોય, જો સમાજ એ માનવ ઉપજાતિની જાળવણી, સુખસગવડ, પ્રાણલક્ષી સુખ, રાજકીય અને આર્થિક કાર્યદક્ષતા માટે મુખ્યત્વે અને કેવળ અસ્તિત્વ ધરાવતો વધુ હોય તો જીવન એ ઈશ્વર અને ઉચ્ચતમ આત્મતત્ત્વની શોધ છે અને સમાજે પણ એક દિવસ તે સિદ્ધાંતને પોતાનો બનાવવો પડશે એ જે આપણો વિચાર છે તે ટકી શકે નહિ. આધુનિક સમાજ છેક તેના આત્મજાગૃત ધ્યેયમાં આવા કોઈ પ્રયાસથી સુદૂર છે. એ સમાજની સિદ્ધિની ગમે તેટલી ભવ્યતા હોય છતાં એ બે દેવોને સ્વીકારે છે. એક જીવન અને બીજો વિજ્ઞાનના નામ નીચે સંગઠિત વ્યવહારુ તર્ક છે. તેથી પ્રાણ-શકિત અને તેના આવિર્ભાવો જે જીવનની મહાન પ્રાથમિક વસ્તુ છે તેને આપણે તેની સત્તા અને તેના આભાસની વિશેષ દૃષ્ટિથી જોવાના રહેશે. તેના આભાસથી આપણે પરિચિત છીએ. કારણ કે તે આભાસનું જ આપણું દૈનિક જીવનનું વર્તમાન સ્વરૂપ અને દ્રવ્ય બન્યાં છે. તેના મુખ્ય આદર્શો વ્યકિત અને સમૂહના ભૌતિક શુભ અને પ્રાણલક્ષી સુખસગવડ છે. શારીરિક તંદુરસ્તી, લાંબું જીવન, સગવડ, એશઆરામ, સંપત્તિ, મનોરંજન અને તાજગી પ્રાપ્ત કરવાની ઈચ્છાનો સંતોષ છે. વળતરવાળા કામ અને ઉત્પાદનમાં સક્રિય પ્રાણ-શકિત અને મનનો સતત અને અથાક વ્યય તથા આ અસ્તવ્યસ્ત, ભસ્મસાત્ કરતી શકિતના ઉચ્ચતર અગ્નિવર્તુળો, વિવિધ પ્રકારનાં વિજયો અને સર્જનો, યુદ્ધો, હુમલાઓ, સંસ્થાનીકરણ, શોધ, વાણિજ્ય-વિજય, મુસાફરી, સાહસ અને પૃથ્વીની સંપૂર્ણ માલિકી અને ઉપયોગ એ

તેમના આદર્શો છે. આ પ્રકારનું જીવન પોતાની કક્ષા તરીકે હજુ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રના જૂના અસ્તિત્વના સ્વરૂપોને લે છે. અને તેને બે સંવેગો છે, એક વ્યકિતગત અને બીજો સામૂહિક.

જીવનનો પ્રાથમિક સંવેગ વ્યકિતલક્ષી છે અને કુટુંબ, સામાજિક અને રાષ્ટ્રીય જીવનને પ્રાણલક્ષી વ્યકિતના ઉચ્ચતર સંતોષના સાધન બનાવે છે. કુટુંબમાં વ્યકિત પોતાની માલિકીની પ્રાણલક્ષી સહજવૃત્તિ, મૈત્રીનો આનંદ અને આત્મ પુનર્ઉત્પાદનની પોતાની અન્ય સહજવૃત્તિના સંતોષને શોધે છે. પત્ની, નોકરો, ઘર, સંપત્તિ, મિલ્કત, પોતાની પ્રજાનાં શરીર અને મનમાં પોતાની જાતને પુનર્ઉત્પન્ન કરવી અને પોતાનાં બાળકોના જીવનમાં પોતાની પ્રવૃત્તિઓ, સિદ્ધિઓ અને કબજાને ચાલુ રાખવા એ વ્યકિતની પ્રાપ્તિઓ છે, તે ભૌતિક અને પ્રાણલક્ષી આનંદો તથા ઘરેલુ જીવન આવેગ અને લાગણીના વધુ માનસિક આનંદને અવકાશ આપે છે. તે બધાને ભોગવે છે. પોતાનું અને પોતાની સહજવૃત્તિઓનું, સમાજમાં, અંગતરીતે ઓછું પરંતુ વ્યાપક વિસ્તૃતીકરણ તેને મળે છે. મૈત્રી, વિનિમય, સહકારી પ્રયાસ અને ઉત્પાદન, ટોળાકીય સુખ, સંતુષ્ટ ભાવના, ઉદ્દીપ્ત સંવેદન અને નિયમિત આનંદપ્રમોદનું વધુ વ્યાપક ક્ષેત્ર તેને એવા ફાયદાઓ આપે છે જેથી તે સામાજિક અસ્તિત્વને વળગી રહે છે. રાષ્ટ્ર અને તેના ઘટકરૂપી ભાગોમાં શકિત અને વિસ્તારની દૂર છતાં વધુ વ્યાપક પ્રવૃત્તિના સાધન તરીકે શોધે છે. જો તેની પાસે બળ હોય તો નેતૃત્વ, ખ્યાતિ, પ્રતિષ્ઠા અથવા નિમ્ન કક્ષાએ મર્યાદિત કે વ્યાપક ફલક પર લૌકિક કાર્યના વિસ્તૃત અથવા ઊતરતા ક્ષેત્રે અસરકારક કર્તવ્યનું ભાન પ્રાપ્ત થાય છે. કદાચ તેને આ પ્રાપ્ત થાય નહિ તો પણ મહાન સામૂહિક પ્રવૃત્તિ અને પ્રાણલક્ષી વિસ્તારના ગર્વ, શકિત અને ભવ્યતામાં અમુક પ્રકારની હિસ્સાની લાગણી, ભાગ લીધો હોવાની કાલ્પનિક પ્રતિમા અથવા યથાર્થ અંશે પ્રાપ્ત કર્યાનો અનુભવ કરી શકે તેમ છે. પ્રાણલક્ષી સહજવૃત્તિનો વ્યકિતવાદી સિદ્ધાંત આ બધામાં પ્રાથમિક રીતે કાર્ય કરી રહ્યો છે. આ સિદ્ધાંતમાં આપણા સ્વરૂપની સ્પર્ધાત્મક બાજુ સહકારી બાજુ સાથે સાહચર્ય સાધે છે, અને તેના પર પ્રભાવ ધરાવે છે. આ પ્રકારના પ્રભુત્વને જો હદ બહાર મહત્ત્વ આપવામાં આવે તો એવા આદર્શને સર્જે છે જેને માટે કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર ઉચિત સહાનુભૂતિવાળા ક્ષેત્ર નથી પરંતુ એ કોઈ વસ્તુને જાણે કે જીતવાની અથવા અંકુશમાં લાવવાની હોય કે શિકારને ખાઈ જવાનો હોય કે નીસરણી ચડી જવાની હોય તેના જેવું જણાય છે. અમુક ઉદ્દામ દાખલાઓમાં વ્યકિત-લક્ષી વલણ મૈત્રીના હેતુમાંથી દૂર ખસી જઈ આરંભની સમાજવિરોધી લાગણી તરફ પીછેહઠ કરે છે, અને એ રખડુ, સાહસિક, હિંસક પ્રાણીઓના રખેવાળ અથવા

તદ્દન એકલવાયો બની જાય છે. એકલવાયાપણું એ કોઈ બૌદ્ધિક કે આધ્યાત્મિક સંવેગમાંથી ઉદ્ભવનું નથી પરંતુ જે સમાજ એક સમયે સાધન હતું એ કારાગૃહ, બોજો પોતાના વિસ્તાર પર જુલ્મી દબાણ બની જાય છે અને દમ ખેંચવાની કે તસુ ભાર જગ્યાનો પણ નકાર કરે છે તેવા સમાજના પ્રત્યાઘાતી થઈ જાય છે. પરંતુ આવા કિસ્સાઓ જૂજ જોવા મળે છે. હવે આધુનિક સમાજના સર્વવ્યાપક ભરડા લેતાં સાધનો લગભગ બધે સ્થાન મેળવતાં જાય છે. ટૂંક સમયમાં જ આવા એકલવાયા માણસ અથવા રખડુ માણસ માટે કોઈ રહેવાની જગ્યા એ પછી સહરાનું રણ કે હિમાલય જેવાં દૂર નિશ્ચિત સ્થાનો રહેવા પામશે નહિ. સામૂહિક સમાજ જે પોતાની પ્રત્યેક વ્યક્તિના સજીવ એકમના જીવકોષનો વ્યવહારુ આર્થિક અને સક્રિય ઉપયોગ કરે છે તે જ આપણી પાસેથી આંતરિક એકાંતવાસનો આશ્રય લે એવું બને.

કારણ કે આ વિકાસ પામતી સામૂહિક અથવા સહકારી વૃત્તિ મનુષ્યની પ્રાણલક્ષી કે વ્યવહારુ અંતરતત્ત્વની બીજી વૃત્તિને સાકાર બનાવે છે. એ સોપ્રથમ કુટુંબના આદર્શ જોવા મળે છે જ્યાં વ્યક્તિ પોતાની જાતને ઊતરતી બનાવી દે છે અને પોતાનો પ્રાણલક્ષી સંતોષ અને વ્યવહારુ અનુભવ પોતાની વિશેષ પ્રબળ વ્યક્તિમત્તામાં નહિ પરંતુ વધુ વ્યાપક પ્રાણલક્ષી અહંકારમાં શોધે છે. જીવનના જૂના કુલીનશાહી દૃષ્ટિકોણોમાં આ આદર્શે મહાન ભાગ ભજવ્યો છે. કુલ અને કુલ ધર્મના પ્રાચીન ભારતીય ખ્યાલમાં આ આદર્શ જોવા મળતો હતો અને પછીના સમયના ભારતમાં સંયુક્ત કુટુંબના મૂળમાં એ ખ્યાલ હતો. આ સંયુક્ત કુટુંબની વ્યવસ્થા મધ્યયુગી હિંદુત્વનો પ્રબળ આર્થિક આધાર હતો. તેણે બ્રિટનના ધરેલુ અસંસ્કારી વ્યક્તિના આદર્શમાં તેનું તદ્દન સ્થૂળ વૈશ્ય સ્વરૂપ ધારણ કર્યું છે. માનવ વ્યક્તિ જે અહીં જન્મ લે છે તેનો ખ્યાલ અમુક વેપાર કે વ્યવસાય ધારણ કરવાનો, લગ્ન કરી જાતિની ઉત્પત્તિ, કુટુંબનું રક્ષણ, જીવનનિર્વાહ માટે કમાણી, આડંબરપણે કે કાર્યદક્ષતાથી સંપત્તિ એકઠી કરવી નહિ પરંતુ ઉચિત રીતે સફળતા પ્રાપ્ત કરવી, અમુક સમય પૂરતો આનંદપ્રમોદ કરવો અને પછી મૃત્યુ પામવું. આમ શરીર ધારણ કરવા માટે જરૂરી સમગ્ર કામગીરી અને જીવનની બધી જરૂરી ફરજ પૂરી કરી. કારણ કે મનુષ્ય પોતાની બધી દિવ્ય શક્યતાઓ સાથે એ લક્ષ ખાતર જન્મ્યો હતો. પરંતુ એ ગમે તે સ્વરૂપ લે, આ સ્થૂળતા વધુ શુદ્ધ બને અથવા તેમાં ઘટાડો થાય, નૈતિક કે ધાર્મિક ખ્યાલો તેમાં ઉમેરવામાં આવે તેમ છતાં કુટુંબ હાર્દિક રીતે વ્યવહારુ, પ્રાણલક્ષી અને આર્થિક સર્જન છે. એ વધુ વ્યાપક પ્રાણલક્ષી અહંકાર, વધુ જટિલ પ્રાણલક્ષી સજીવ એકમ છે જે વધુ કાર્યદક્ષ સ્પર્ધા અને સહકારલક્ષી જીવનના એકમમાં વ્યક્તિને લઈ તેને વીંટળાઈ વળે

છે. વ્યકિતની જેમ કુટુંબ પણ સમાજનો સ્વીકાર કરે છે અને તેના ક્ષેત્રને સાતત્યના સાધન, પ્રાણલક્ષી સંતોષ, સુખાકારી, અભ્યુદય અને આનંદપ્રમોદ માટે ઉપયોગમાં લે છે. પરંતુ આ જીવન એકત્ર, વિવિધલક્ષી અહંકારને જીવનમાં સહકારલક્ષી સહજવૃત્તિને તેના અહંકારને સમાજના દાવાઓના અધિકાર હેઠળ ગૌણ દરજ્જો સ્વીકારવા ઉદ્દીપ્ત કરી શકાય અને સમૂહની યજ્ઞવેદીમાં જરૂર પડે તો તેનું બલિદાન આપવા તેને કેળવી શકાય કારણ કે સમાજ એ હજુ વધુ વ્યાપક, સ્પર્ધાત્મક અને સહકારી અહમ્ વૃત્તિ માત્ર છે, જે વ્યકિત અને કુટુંબને વધુ જટિલ એવા સજીવ એકમમાં લઈ લે છે અને તેની પ્રાણલક્ષી જરૂરિયાતો, દાવાઓ, હિતો, અભ્યુદય, સુખાકારી અને આનંદપ્રમોદના સામૂહિક સંતોષ માટે તેને ઉપયોગમાં લે છે. જે કારણથી વ્યકિત કુટુંબની આ ધૂંસરીને માથે ચઢવે છે, વધુ વ્યાપક પ્રાણલક્ષી જીવનમાં પોતાનું વળતર શોધે છે,પોતાના વધુ વ્યાપક વિકાસ, નિશ્ચિતતા અને સંતોષમાં પોતાની સહજવૃત્તિ સંતોષાય તે કારણથી જવ્યકિત અને કુટુંબ આ પ્રકારના શોષણને તાબે થવાનું સ્વીકારે છે. સમાજ એ કુટુંબ કરતાં પણ વધારે હાર્દિક રીતે તેના ધ્યેયો અને તેના મૂળ સ્વરૂપમાં આર્થિક છે. સમાજવાદના અર્વાચીન ખ્યાલો સવિશેષ રીતે તેના લક્ષણોમાં આર્થિક અને ભૌતિક છે તેને આ સમજાવે છે. કારણ કે આ આદર્શો સામૂહિક જીવનની સહજવૃત્તિના પૂર્ણ તાર્કિક રીતે વિકસતાં પુષ્પો છે. સમાજ એ અનેક સ્પર્ધાત્મક એકમોમાંનું એક એકમ છે અને અન્ય સાથેના તેના પ્રથમ સંબંધો હમેશ સુપ્ત રીતે વિરૂદ્ધ રહ્યા છે અને ઉત્તમ દૃષ્ટિએ પણ એ સ્પર્ધાત્મક રહ્યા છે, સહકારી રહ્યા નથી અને એ ખ્યાલમાં તેમનું સંગઠન કરવાનું છે તેથી રાજકીય ચારિત્ર્ય અનિવાર્ય રીતે સામાજિક જીવનના વધારામાં અપાયું છે અને અમુક સમય માટે આર્થિક પાસા પર પ્રભુત્વ ભોગવે છે. પરિણામે આપણે રાષ્ટ્ર કે રાજ્યનો ઉદય જોઈએ છીએ. સામૂહિક અસ્તિત્વનાં પ્રેરકબળો અને આ મૂળભૂત લક્ષણોને તેમનું ઉચિત મૂલ્ય આપણે આપીએ તો એટલું સ્વાભાવિક જણાશે કે સમાજના સામૂહિક અને સહકારલક્ષી ખ્યાલનો વિકાસ મોટે ભાગે સમાજ અને સંસ્કૃતિ જીવનના પ્રાણલક્ષી, આર્થિક અને રાજકીય આદર્શના વિરાટકાય અને પ્રચંડ વિકાસની પરાકાષ્ઠાએ પહોંચવો જોઈએ.

મનુષ્યના અંતરતત્ત્વના ઉચ્ચતર ભાગો તેના દિવ્ય સ્વરૂપના વિકાસને વધુ પ્રગટ રીતે મદદ કરે છે એ તેની સૂક્ષ્મ શકિતઓ આ પ્રાણલક્ષી સહજવૃત્તિ તથા અર્વાચીન પ્રચંડ વિકાસો સાથે શો સંબંધ કેળવે છે અને શી રીતે સમજાવે છે ? દેખીતી રીતે તેમનો પ્રથમ સંવેગ આ વૃત્તિનો કબજો મેળવવા અને આ સમગ્ર અપરિપકવ જીવનને તેમની પોતાની પ્રતિમામાં રૂપાંતરિત કરવાનો હોવો જોઈએ. પરંતુ જ્યારે તેમને એમ લાગે છે કે અહીં એની શકિત રહી છે જે

તેમના જેટલી જ ખંતીલી, સ્વતંત્ર રીતે પોતાનો સંતોષ શોધતી, તેમનો પ્રભાવ થોડે અંશે સ્વીકારતી પરંતુ સંપૂર્ણપણે નહિ; જાણે કે અનિચ્છાએ, એકપક્ષી અને અસંતુષ્ટ રીતે સ્વીકારતી માલૂમ પડે છે. ત્યારે શું કરવું? આપણે વારંવાર જોઈએ છીએ કે મનુષ્યની સક્રિય પ્રાણલક્ષી શક્તિ અને પ્રાણલક્ષી સહજવૃત્તિઓ સાથે જ્યારે નિતિશાસ્ત્ર અને ધર્મ વિશેષ કરીને સંઘર્ષમાં ઊતરતા જણાય છે ત્યારે એ સંપૂર્ણ વૈમનસ્યના વલણ તરફ વળે છે અને વિચારમાં તેમને દાબી દેવું ઉચિત લાગે છે. સંપત્તિ અને સુખાકારીની પ્રાણલક્ષી સહજવૃત્તિની સામે ધર્મ અને નીતિ, નરમાશવાળી અને કઠોર ગરીબીનો આદર્શ રજૂ કરે છે. સુખની પ્રાણલક્ષી સહજવૃત્તિની વિરુદ્ધ ફક્ત આત્મ-નકારનો આદર્શ જ નહિ પરંતુ કેવળ ઈન્દ્રિયદમનનો આદર્શ રજૂ કરે છે. તંદુરસ્તી અને એશઆરામની પ્રાણલક્ષી સહજવૃત્તિની વિરુદ્ધ શરીર માટે ત્યાગી માણસની ઘૃણા, અનાદર અને તેની નિંદાનો વિરોધ રજૂ કરે છે. સતત પ્રવૃત્તિ અને સર્જનની પ્રાણલક્ષી સહજવૃત્તિ સામે મનન, નિષ્ક્રિયતા, શાંતિ અને નિવૃત્તિનો આદર્શ રજૂ કરે છે. સત્તા, વિસ્તાર, અધિકાર, શાસન અને વિજયની પ્રાણલક્ષી સહજવૃત્તિ સામે નમ્રતા, આત્મ-દૂરીકરણ, શરણાગતિ, નિર્દોષતા અને દુઃખમાં દીનતાનો આદર્શ મૂકે છે. જાતિની પ્રાણલક્ષી સહજવૃત્તિ જેના પર ઉપજાતિના સાતત્યનો આધાર છે તેની સામે પ્રજોત્પત્તિને નકારતી શારીરિક શુદ્ધિ અને બ્રહ્મચર્યના આદર્શને મૂકવામાં આવે છે. સમાજ અને કુટુંબની સહજવૃત્તિની સામે સાધુ, અતીત, એકાંતવાસી વ્યકિત અને જગતથી દૂર રહેતા સંતનો સમાજવિરોધી આદર્શ રજૂ કરવામાં આવે છે. મનુષ્યની ઊર્ધ્વવૃત્તિઓ શિસ્ત અને તાબેદારીથી આરંભ કરીને એ પૂર્ણ ઈન્દ્રિયદમન તરફ વળે છે જેનો અર્થ એવો થાય છે કે જ્યારે પ્રાણલક્ષી સહજવૃત્તિઓને મારી નાખવા પ્રયાસ થાય છે અને આત્માથી દૂર રખાય તેવી ઈન્દ્રિયભ્રાંતિ, દૈહિક વાસના, જગત અને શૈતાનિયતનું સામ્રાજ્ય એવું જગત છે એવી ઘોષણા કરવી એ અસંસ્કારી અને અશિષ્ટ જીવનના દાવાને સ્વીકારવા જેવું છે કે આવું જીવન અત્યારે નથી, એ કદી ઈશ્વરનું સામ્રાજ્ય કે આત્માની ઉચ્ચ અભિવ્યકિત થવા સર્જાયું નથી અને એમ કદી બની શકશે નહિ.

અમુક હદ સુધી આવી પીછેહઠને તેના ઉપયોગો હોય છે અને સહેલાઈથી તપસ્યા દ્વારા, સંકોચનથી વધતી જતી શકિતના નિયમથી બૌદ્ધ સદીઓ દરમ્યાન ભારતમાં બન્યું એ રીતે સમાજના જીવનમાં અમુક વખત સુધી નવા જુસ્સાનો સંચાર અને વિકાસ થયો. પરંતુ અમુક હદથી બહાર જાય છે ત્યારે તે પ્રાણલક્ષી સહજવૃત્તિઓને ખરેખર મારી નાખતું નથી કારણ કે એ અશકય છે, પરંતુ પ્રાણલક્ષી સહજવૃત્તિઓની સાથે અનિવાર્ય જીવનશકિત જેનો

એ આવિર્ભાવ છે અને અંતમાં જેને એ નિષ્ક્રિય, દુર્બળ, સંકુચિત, અપરિવર્તનશીલ, બળ અને સંજોગનો સબળ પ્રતીકાર કરવામાં અશક્ત બનાવી દે છે. તેને નાસીપાસ બનાવવામાં સહાયભૂત થાય છે. બૌદ્ધધર્મના દીર્ઘકાળના પ્રભાવ અને દબાણ અને તેને ઉથલાવી નાખનાર અનુગામી માયાવાદનું ભારતમાં એ પરિણામ આવ્યું હતું. જીવનના આ તિરસ્કારથી જે સમાજ સંપૂર્ણ રીતે અથવા વધુ પડતા આગ્રહથી પ્રભાવિત થઈ તેના અંકુશમાં રહે છે. એ વૃદ્ધિ પામી વિકાસ અને પૂર્ણતાની શકયતાઓને પ્રગટ કરી શકે નહિ. કારણ કે સક્રિયતામાંથી એ નિષ્ક્રિયતા તરફ વળે છે અને નિષ્ક્રિયતામાંથી જડતા અને અવનતિ તરફ ગતિ કરે છે. આ નિષ્ફળતા અને વિરોધથી મનુષ્યનું ઉચ્ચતર અંતરતત્ત્વ જે પ્રચંડ જીવનની સક્રિયતાને માટે જવાબદાર છે તેને હાનિ પહોંચે છે. જીવનની આ પ્રચંડ સક્રિયતા શક્તિનું સંરક્ષણ છે જે તેનાં પોતાનાં ઉત્કૃષ્ટ બળોમાં રૂપાંતર પામે છે, અને બાહ્ય જીવન સાથે સંબંધની મજબૂત પાળ બાંધે છે. આ સત્યની પ્રતીતિ પ્રાચીન ભારતીય આદર્શમાં થઈ છે અને આ આદર્શ મુજબ જીવનનું વિભાજન ચાર અનિવાર્ય અને આવશ્યક ગુણો અર્થ, કામ, ધર્મ, મોક્ષ એ ચારમાં કરવામાં આવ્યું. પ્રાણલક્ષી અભિરુચિઓ, બધી જાતની ઇચ્છાઓનો સંતોષ, જાતિ અને ધર્મ, મુક્તિ અથવા આધ્યાત્મિકતા એ ચાર ગુણોના આચરણ અને સર્વાંગી વિકાસ પર તેણે ભાર મૂક્યો. છતાં તેણે છેલ્લા ગુણને પ્રથમ મૂક્યો અને બાકીના ગુણોના લક્ષ્ય તરીકે લેખ્યો એટલું જ નહિ પરંતુ તેને જીવનના ધ્યેય તરીકે આપણા અંતરતત્ત્વના અહીંના જીવનની જ નહિ. પરંતુ ભિન્ન જગતના રહેવાસી ભૌતિક કક્ષાની બુનિયાદી શક્તિ અને ઉત્તમ દરજ્જા તરીકે મોક્ષના ગુણને લેખવામાં આવ્યો છે. પરંતુ આ ગણના પૃથ્વી પર ઈશ્વરનું સામ્રાજ્ય, સમાજ અને તેમાં રહેતા મનુષ્યની પરિપૂર્ણતા, અભિનવ અને દિવ્યતર સમાજની ઉત્ક્રાંતિના ખ્વાબને રદબાતલ ઠરાવે છે. એ જીવનની ક્ષણિક અને આકસ્મિક સાર્થકતા છે. પરંતુ તે હાર્દિક સાર્થકતા નથી. અથવા તો તે પોતાના વ્યક્તિગત અથવા પોતાના સામૂહિક સંવેગને માટે કોઈ તેજસ્વી સિદ્ધિ પૂરી પાડતી હોય એમ જણાતું નથી.

તેથી આપણે પ્રાણલક્ષી સહજવૃત્તિ અને જીવનની સક્રિયતા પ્રત્યે નૈતિક અને ધાર્મિક વિકાસના માત્ર સંજોગ તરીકે નહિ પરંતુ તેના અંતરતત્ત્વમાં નિહાળીએ અને દિવ્ય તત્ત્વના મૂળભૂત સ્વરૂપની સામે ખરેખર ક્રાંતિકારી નીવડે છે કે નહિ તે તપાસીએ. આપણે તુરત જ જોઈ શકીશું કે આપણે જે વર્ણવ્યું છે એ પ્રાણલક્ષી તત્ત્વનું નિમ્ન તાર્કિક અને સહજવૃત્તિનું સોપાન છે. સહજવૃત્તિનું આ અપરિપક્વ લક્ષણ અને તેનો પ્રથમ સાહજિક વિકાસ છે. તેને પ્રજ્વલિત તાર્કિક પ્રક્રિયાના વિકાસ પામતા પ્રયોજનથી તાલીમ આપવામાં

આવે છતાં તે જેવી છે તેવી જ રહે છે. દેખીતી રીતે આ તેના નૈસર્ગિક સ્વરૂપમાં પાર્થિવ, સ્થૂળ, ભૌતિક, બિહામણું, કદરૂપું, મોટી ભૂલોવાળું અને પરસ્પર વિરોધોથી સભર દેખાય છે. પરંતુ નીતિશાસ્ત્ર, ધર્મ અને સૌન્દર્યશાસ્ત્રમાં એવો જ નિમ્ન તાર્કિક તબક્કો છે. અન્ય મુશ્કેલીઓ કરતાં આ નિમ્ન તાર્કિક કક્ષા પ્રચંડ મુશ્કેલી રજૂ કરે છે. એ ઉન્નતિનો વધુ મૂળભૂત રીતે અને હઠાગ્રહથી સામનો કરે છે. કારણ કે એ અચિત્‌માંથી ઉદ્‌ભવતા ચૈતન્યનું સૌપ્રથમ સ્થાપન છે અને અંતરતત્ત્વની શ્રેણીમાં એ તદ્દન સમીપ છે. આમ છતાં સામર્થ્ય, સૌન્દર્ય, ઉદાત્તતા, શુભ, પ્રજ્ઞા, ભક્તિ અને દિવ્યતાના ભવ્ય તત્ત્વો તરફ યોગ્ય ધ્યાન આપ્યું છે. અહીં પણ ઉચ્ચતર દેવો રહ્યા છે. એ અલબત્ત બુરખા ઓઢેલા છે છતાં ભવ્ય છે. હજુ સુધી અને તાજેતરમાં દર્શનના પરિધાનમાં નહિ પરંતુ વિજ્ઞાનના પરિધાનમાં તર્ક આ ભૌતિક અને પ્રાણલક્ષી જીવનને વધુ ને વધુ પોતાના પ્રદેશમાં લેવા ધારે છે. બુદ્ધિવાદે આપેલી શક્તિ, પ્રકૃતિના નિયમોનું જ્ઞાન, સમાજશાસ્ત્ર, શરીર-વિજ્ઞાન, જીવશાસ્ત્ર, તબીબીશાસ્ત્ર, સમૂહવાદ, રાજ્યના શિક્ષણ, અભિનવ મનોવૈજ્ઞાનિક શિક્ષણ અને અન્ય સરખાં સાધનો દ્વારા એ આ જીવનને સંપૂર્ણ બનાવે છે. આ બધું તેની રીતે અને તેની મર્યાદાઓમાં યોગ્ય છે. પરંતુ એ પર્યાપ્ત નથી અને એ સંતોષકારક સફળતા યથાર્થ રીતે કઢી લાવી શકે નહિ. તર્કનો પ્રાચીન પ્રયાસ ઉચ્ચ આદર્શલક્ષી, તાર્કિક, સૌન્દર્યાત્મક, નૈતિક અને ધાર્મિક સંસ્કૃતિમાં જે આકાર પામ્યો એ પ્રાણલક્ષી મનુષ્ય તેની સહજવૃત્તિઓની ફક્ત અપૂર્ણ ચિસ્ત રચવામાં સફળ થયો અને થોડો સમય પ્રારંભિક પ્રાકૃત જંગલી માણસને રીતભાત શીખવવામાં, તેને શિષ્ટ અને સંસ્કારી બનાવવામાં મદદરૂપ થયો. મનુષ્ય અને તેના જીવનના સાંગોપાંગ તથા વ્યાપક તાર્કિક, ઉપયોગી અને કાર્યદક્ષ શિક્ષણ અને સંગઠન રચવામાં તર્કનો આધુનિક પ્રયાસ ભવિષ્યમાં વધુ પૂર્ણ પરિણામોના ભ્રાંતિકારક વચન ભારપૂર્વક આપતો હોવા છતાં એ સફળ થતો નથી. જો જીવનનો આપણો સિદ્ધાંત યોગ્ય હોય અને જો આ પ્રાણલક્ષી જીવંત એકમનો પ્રચંડ જથ્થો પોતામાં ગુપ્ત રીતે તર્કાતીત તત્ત્વને જાળવતો હોય અને એ તેના સ્વરૂપમાં તેમ હોવું જોઈએ અને સહજવૃત્તિની આંધળી મથામણમાં દિવ્ય, નિરપેક્ષ અને અનંતતત્ત્વ શોધવાનો પ્રયાસ રહ્યો છે, અહીં તર્કથી પર જવું જોઈએ તેનાથી આગળ વધીને દિવ્ય તત્ત્વ તરફ ગતિ કરતો માર્ગ બનવો જોઈએ.

જ્યારે તર્કાતીત કક્ષા આપણા અંતરતત્ત્વના કોઈ અંશને ગ્રહણ કરવા દખલગીરી કરે છે ત્યારે તેનું પ્રથમ લક્ષણ નિરપેક્ષ આદર્શોનો વિકાસ છે. જીવન એ અંતરતત્ત્વ અને બળ છે. અને અંતરતત્ત્વની દિવ્ય અવસ્થા એ એકતા છે. સામર્થ્ય અને બળમાં રહેલું દિવ્ય તત્ત્વ એ માલિકી ભોગવતી સત્તા

તરીકે ઈશ્વર છે. તો પ્રાણલક્ષી આદર્શો જે નિરપેક્ષ છે તે એ જ સ્વરૂપના હોવા જોઈએ તેમના દિવ્ય ઊગમોમાં ખૂટતા જણાતા હોય એમ જણાતું નથી. જો આપણે મનુષ્યનું ઘરેલુ અને સામાજિક જીવન ધ્યાનમાં લઈએ તો તેનાં અનેક સ્વરૂપોમાં આ તત્ત્વના નિર્દેશ મળે છે. પરંતુ આપણે ફક્ત સંજ્ઞા જોઈએ છીએ પછી એ વર્તમાન આકારો ભલે અપૂર્ણ અને ઝાંખા હોય છતાં આત્મ-શોધમાં પ્રેમની મથામણ નિરપેક્ષ તત્ત્વ તરફ થતા આરોહણો, પુરુષ અને અને સ્ત્રીનો નિરપેક્ષ પ્રેમ, માતા, પિતા અને બાળકોનો પ્રેમ, ભ્રાતૃપ્રેમ, મિત્રોનો પ્રેમ, બિરાદરોનો પ્રેમ, દેશ અને માનવપ્રેમ એ સર્વમાં પ્રેમ પ્રત્યક્ષ બને છે. આપણા જીવનની સહજવૃત્તીય, નિમ્ન તાર્કિક ક્રિયાઓનો અહંકાર અને તેની વિસંવાદિતાઓ આવા પ્રેમનો વિરોધ કરતા હોય એમ જણાય છતાં આ આદર્શો જેના વિશે કવિઓએ આગ્રહપૂર્વક ગાયું છે એ ફક્ત ચળકાટ કે ભ્રાંતિ નથી. અપૂર્ણના અથવા વિરોધી પ્રાણલક્ષી ગતિઓ દ્વારા મુશ્કેલીઓથી ખરડાયેલ રહે છે છતાં એ દિવ્ય શક્યતાઓ છે અને તેમને અંતરતત્ત્વ અને અંતરતત્ત્વની આધ્યાત્મિક એકતાના આપણા વિકાસનું પ્રથમ સાધન બનાવી શકાય. અમુક ધાર્મિક શિસ્ત પદ્ધતિઓએ આ સત્યની પ્રતીતિ કરી છે, આ સંબંધોને હિમતપૂર્વક આવકાર્યા છે અને તેમને ઈશ્વર સાથે આપણા આત્માના સાયુજ્ય જોડે પ્રયોજિત કર્યા છે. અને તેની ઊલટી પ્રક્રિયા વડે તેમના વર્તમાન સામાજિક અને ભૌતિક સૂત્રોમાંથી ઊંચકી લઈને એ આપણા માટે હાલમાં છે એવી તદ્દન પાર્થિવ વસ્તુઓ તરીકે નહિ પરંતુ મનુષ્યમાં રહેલી ઈશ્વરની સૂક્ષ્મ સૌન્દર્યમય અને આશ્ચર્યજનક ગતિઓ જેને મનુષ્ય પોતાના જીવનમાં મૂર્તિમંત કરે; રાજકારણ જે તેના દેખાવમાં દંભ, કલહ અને આડંબરી રીતભાતી રમત છે એ પોતે નિરપેક્ષ આદર્શવાદનું વ્યાપક ક્ષેત્ર બની શકે છે. રાષ્ટ્રભક્તિ અંગે શું કહેવાય? જે કુરૂપ સહજવૃત્તિઓમાંથી એ વારંવાર આરંભ પામે છે અને હઠાગ્રહથી તેને બાજુએ રાખીએ પરંતુ આત્મ-બલિદાન, શિસ્ત, આત્મ-સમર્પણ અને અર્ચનાનાં પાસાંઓ વિશે શું? કુલીનશાહી, રાજાશાહી, લોકશાહી જેવા મનુષ્યના મહાન રાજકીય આદર્શો છે તેમને સ્વાર્થ, તાર્કિક અને વ્યવહારુ સાર્થકતા જેવા શબ્દોથી દૂર રાખીએ તો આત્માના આદર્શ, નિરપેક્ષ તત્ત્વના કોઈ અર્ધસત્ય અને એ વિચારે ભક્તિ, નિષ્ઠા, આત્મતત્ત્વના બલિદાનને જન્મ આપ્યો છે તથા તેને માટે દુઃખ અને મૃત્યુને આવકારવામાં આવે છે એ ગુણોને ધ્યાનમાં રાખવા આવશ્યક છે. યુદ્ધ અને કલહ સ્વયં વીરતાનાં તાલીમ કેન્દ્રો રહ્યાં છે. મનુષ્યમાં શૂરવીરતા છે તેને તેમણે જાળવ્યાં છે. જે જે લોકોએ ઉમદા કારણને લીધે સામર્થ્ય અને હિંમત હોવા છતાં પોતાના શરીરનો ત્યાગ કર્યો છે, કારણ કે શૂરવીરતા વિના મનુષ્ય ઐશ્વર્યમાં વિકાસ

પામી શકે નહિ. કર્તવ્યમાં રહેલા દિવ્ય સ્વરૂપના પ્રથમ સિદ્ધાંતોમાં હિમત, શકિત અને સામર્થ્યની ગણના થાય છે. મનુષ્યનું આ સમગ્ર પ્રાણલક્ષી, રાજકીય અને આર્થિક જીવન સ્પર્ધા અને સહકારની બે શકિતઓ સાથે સત્તા અને એકતાની બે દિશાઓ પ્રત્યે તેમની પ્રતીતિ પ્રત્યે વિઘ્નયુકત આંધળી રીતે આગળ ધપે છે. જીવનમાં જે દિવ્ય તત્ત્વ રહ્યું છે એ પોતાના જગતના પ્રભુ તેમજ આત્મ-પ્રભુત્વની સત્તાવાળું છે અને મનુષ્ય તેમ જ માનવજાતિ પણ એ તેમના જગત અને તેમના વાતાવરણના વિજય પ્રત્યે ગતિ કરે છે. અહીંયાં દિવ્ય સિદ્ધિ એકતાં ધરાવે છે અને તેમ હોવું જોઈએ. માનવ એકતાનો આદર્શ ગમે તેટલો દૂર અને ઝાંખો દેખાતો હોય છતાં ધીમે ધીમે નજરે ચડે છે. સ્પર્ધા કરતાં રાષ્ટ્રીય એકમો ભલે નિર્બળપણે પરંતુ અમુક વખતે માનવજાતિના વધુ મહાન એકત્રિત સહકારી જીવનના માળખામાં પોતાને ગોઠવવાનો આદેશ અનુભવી રહ્યા છે.

ઊર્ધ્વમાંથી ઊગમ પામતા ઝાંખા પ્રકાશ, અર્ધ તાર્કિક, અર્ધ નિમ્નતાર્કિક કક્ષા દ્વારા કઢંગી અને અસભ્ય રીતે પોતાના જ અજ્ઞાનમાં અને છતાં આશયની અમુક ઉદારતાથી બધી વસ્તુઓ નિઃશંકપણે હજુ ગતિશીલ છે. પ્રાણલક્ષી બળો અને બુદ્ધિની અધૂરી દીપ્તિઓ એવા વિચારોના માર્ગદર્શનના ગૂંચવણભરેલા સંઘર્ષથી ઘણી અપરિપક્વ રીતે બધી વસ્તુઓ કાર્ય કરી રહી છે. જે સાધનો સૂચવવામાં આવ્યાં છે એ વધુ પડતાં યાંત્રિક છે અને ધ્યેયો વધુ પડતા ભૌતિક છે પરંતુ બાહ્યજીવનનાં પરિણામો તો જ ટકી શકે જો તેનો આધાર આંતરિક સત્તાઓ પર આધારિત રહે એ સત્ય ઉપર્યુકત પ્રવૃત્તિમાં ભુલાઈ જાય છે. પરંતુ એ રીતે પ્રાણતત્ત્વ હમેશ ગતિશીલ રહ્યું છે અને પ્રારંભમાં ગતિ કરવી જ જોઈએ. કારણ કે પ્રથમ તબકકે પ્રાણતત્ત્વ અહંકારી પ્રેરકબળને સંગઠિત કરે છે. અહંકારને વિસ્તૃત કરવાની સહજવૃત્તિ એકબીજાના સંપર્ક-માં આવવાનું મનુષ્યનુ તદ્દન પ્રારંભિક સાધન છે. માલિકી ભોગવવા માટે જે મથામણ થાય છે એ મંડળ અથવા એકય રચવાનું પ્રથમ અપરિપક્વ સાધન છે. નિમ્નતર આત્માના વધુ ઉચ્ચતર આત્મામાં વિકાસ સાધવા આક્રમકપણે અહંનું સ્થાપન એ પ્રથમ સોપાન છે. તેથી આ સર્વ અર્ધ-વ્યવસ્થિત, ગૂંચવણભરેલી જીવન માટેની મથામણ છે. સહકારી મંડળ રચવાની સહજવૃત્તિ અને જરૂરિયાત, વ્યકિત, જાતિ, કુળ, પક્ષ, રાષ્ટ્ર, વિચારો, સંસ્કૃતિઓ, સંસ્કાર, આદર્શો, ધર્મો પ્રત્યેક પોતાને સ્થાપે છે, એકબીજાના સંપર્ક, સાહચર્ય અને સંઘર્ષમાં ઊતરવા ફરજ પડે એવાં બધાં પરિબળોથી તે સર્વને સુધારવામાં આવે છે. કારણ કે આત્મતત્ત્વના વ્યકિતગત આવિર્ભાવમાં પ્રકૃતિ ક્રમ ઉઠાવે છે અને ભૂગર્ભમાં આવરણ તરીકે અહંકાર તત્ત્વને લાદે છે અને જ્યાં સુધી

અસ્તિત્વના બાકીના ભાગ સાથે તાદાત્મ્ય સાધે, ચેતના સાથે સંકલન, સ્વયં-સંવાદિતા સાધે અને વધુ વ્યાપક આત્મતત્ત્વમાં વિસ્તૃત કરતી, અહંકારથી આગળ ધપતી અને અહંકારનો વિનાશ કરતી સહજવૃત્તિઓ તેના અંતરતત્ત્વમાં ફેંકે છે જે લઘુતર આત્મસ્થાપન કરતી સહજવૃત્તિઓ અને ગતિઓને દોષમાંથી ઉગારે છે અને તેની સાથે યુદ્ધ ખેલે છે. પ્રાણલક્ષી નિસર્ગ તેના માનવસાધન પર પ્રેમ, સહાનુભૂતિ, આત્મ-નિષેધ, આત્મ-દૂરીકરણ, આત્મ-બલિદાન, પરાર્થવાદ, મન, હૃદય અને પ્રાણના સાર્વત્રિક સ્વરૂપ તરફ ગતિ કરતાં પ્રેરક બળ અને અસ્પષ્ટ ઐક્ય ભાવનાં ઝાંખા કિરણો જે હજુ પોતાનો યથાર્થ પ્રકાશ અને હેતુને શકિત શોધી શકયાં નથી એ સર્વે સંવેગોને તેના પર લાદે છે. આ સંદિગ્ધતાને લીધે આ સર્વે શકિતઓ પોતાના નિરપેક્ષ લક્ષ્યને સ્થાપવામાં, નેતૃત્વ કે આધિપત્ય અખત્યાર કરવામાં, અહંકારની માગણીઓ સાથે સમજૂતી સાધવામાં સ્વયં અહંકારનું સ્વરૂપ બની જવામાં અશકત હોઈ જીવનનું રૂપાંતર કરવામાં અને સંવાદિતા સાધવામાં નિર્વીર્ય બને છે. શાંતિ લાવવાને બદલે એ શકિતઓ યુદ્ધ અને કલહને લાવે છે. કારણ કે એ શકિતઓ વ્યકિતગત માનવ ચેતના અને સામૂહિક જીવનના યુદ્ધક્ષેત્રમાં બિનસંવાદિત બળો, વિચારો અને સંવેગોના સંઘર્ષોની સંખ્યા અને તેનો તનાવ વધારે છે. આ સંઘર્ષોમાં મનુષ્યનો આદર્શ અને વ્યવહારલક્ષી તર્ક જીવન અને કર્તવ્યનો ઉચિત નિયમ શોધવા કામ ઉઠાવે છે. સમન્વ, સગવડ, પસંદગી, નિષેધ અથવા અમુક પસંદ કરાયેલા વિચાર કે શકિતઓના આધિપત્યના નિયમ દ્વારા તે પ્રયત્ન કરે છે અને વસ્તુઓને સંવાદિતામાં ઉતારવા અને નિસર્ગે જે સાહજિક પસંદગી અને સહજવૃત્તિ દ્વારા તેની પ્રાણીમય ઉપજાતિઓમાં તેમના અસ્તિત્વનાં નિશ્ચિત સ્વરૂપ અને ધોરણને સ્વયં સંચાલિતપણે વ્યવસ્થિત કર્યાં છે તે કાર્ય જાગૃત રીતે કરવા માનવ તર્ક પ્રયાસ આદરે છે. પરંતુ તર્ક દ્વારા જે વ્યવસ્થા અને રચના ઘડાય છે એ એકપક્ષી, આપખુદી અને ટૂંકજીવી હોય છે. એ નિમ્ન સ્તર અને ઊર્ધ્વ સ્તરમાંથી ઉદ્ભવતા ધક્કાથી ચલિત થાય છે. કારણ કે પ્રાણતત્ત્વ આ જે શકિતઓને ફેંકી વધુ વ્યાપક આત્મા અને વિશાળ આત્મતત્ત્વનો વિકાસ કરવામાં મદદરૂપ રહે છે એ તર્કથી પર રહેલા કોઈ તત્ત્વનું પ્રતિબિમ્બ અને આધ્યાત્મિક, નિરપેક્ષતત્ત્વનાં બીજ છે. અનંત તત્ત્વનું મનુષ્ય પર એવું દબાણ રહ્યું છે જે મનુષ્યને જ્યાં સુધી તે આત્મવિસ્તૃત અને આત્મ-પરિપૂર્ણ શકિતને પોતાના આત્મતત્ત્વમાંથી બહાર પ્રગટ ન કરે ત્યાં સુધી કોઈ પણ આલેખન કે બંધારણમાં લાંબા વખત સુધી તેને આરામ લેવાનું મંજૂર રાખશે નહિ.

જીવનનો આત્મશોધન માટે અસ્પષ્ટ અને ગૂંચવણભર્યો આ પ્રથમ પ્રયાસ એ તેના પ્રારંભોનું અનિવાર્ય પરિણામ છે. કારણ કે પ્રાણતત્ત્વે વસ્તુઓના

આધ્યાત્મિક સત્યનું તેના વિરુદ્ધ જણાતા એવા તત્ત્વમાં અવતરણ કરીને આરંભ કર્યો. આધ્યાત્મિક અનુભૂતિ એમ જણાવે છે કે એક એવી સત્તા છે જે દરેક વસ્તુઓમાં વિશ્વાત્મા અને વૈશ્વિક પુરુષ તરીકે વ્યાપ્ત રહે છે અને અધિષ્ઠાન આપે છે. આ પાર્થિવ શરીરમાં પણ પોતાના આત્મા અને આત્મતત્ત્વ તરીકે વ્યકિત દ્વારા શોધી શકાય છે. એ સત્તા પોતાની પરાકાષ્ઠાએ અને પોતાના હાર્દમાં અસ્તિત્વનું શાશ્વત અને અનંત સત્, ચિત્ અને આનંદ તત્ત્વ છે. પરંતુ ભૌતિક વિશ્વના આરંભ અને ઊગમ તરીકે આપણે જે જોઈએ છીએ તે તદ્દન વિરુદ્ધ છે. એ શૂન્ય, અનંત બિનઅસ્તિત્વ, અનિર્ધારિત, અચિત, સંવેદનહીન આનંદવિહોણા મીંડા જેવો જેમાંથી બધું હજુ ઉદ્ભવ પામવાનું છે એ દેખાવ આપણે બહારથી જોઈએ છીએ. જ્યારે એ ગતિ કરવા, સર્જન અને ઉત્ક્રાંતિ કરવાની શરૂઆત કરવા લાગે છે ત્યારે અચિત્ શકિતનો બુરખો ધારણ કરે છે. આ શકિત શૂન્યમાંથી અસંખ્ય આંશિક વિભાજન, ઈલેકટ્રોન અથવા હજુ કોઈ અતિસૂક્ષ્મ અથવા ભાગ્યે જ શોધી શકાય એવું બારીક એકમરૂપ અસ્તિત્વ પ્રગટ કરે છે. ત્યાર બાદ પરમાણું, અણુ અને આ વિભાજનમાંથી અનંતના શૂન્યાવકાશમાં સઘન અને વ્યવસ્થિત વિશ્વની રચના કરે છે. આમ છતાં આપણે જોઈએ છીએ કે આ અચિત્ શકિત પ્રત્યેક તબકકે વ્યાપક અને સૂક્ષ્મ બુદ્ધિશકિતનું કાર્ય કરે છે. જડતત્ત્વનો વિરોધાભાસ અને ચમત્કાર, જડતત્ત્વમાં પ્રાણ અને આત્મતત્ત્વના ઉદ્ભવની તૈયારી નિયંત્રણ અને કામગીરી કરવા પ્રત્યેક શકય સાધન એકઠાં કરે છે અને નિશ્ચિત કરે છે. શૂન્યાવકાશમાંથી અસ્તિત્વનો વિકાસ થાય છે, અચિત્માંથી ચેતનાનો ઉદય અને તેની વૃદ્ધિ થાય છે. સંવેદનવિહોણા શૂન્યમાંથી ઇન્દ્રિયસુખ, પ્રસન્નતા, આહ્લાદ, દિવ્ય આનંદ અને પરમાનંદ પ્રત્યે વધતી જતી અભીપ્સા ગૂઢ રીતે જન્મે છે. જ્યારે આપણે ઊંડા અંતરતત્ત્વમાં વૃદ્ધિ પામી જાગૃત થઈ આપણે શોધીએ છીએ કે અચિત્ એ માત્ર ઉપરનો બુરખો છે અને ઉપનિષદમાં જે કહેવામાં આવ્યું છે કે 'અચેતન વસ્તુઓમાં ચેતનતત્ત્વ રહ્યું છે' એ સત્ત્વને આ ઘટનાઓ છેહ આપે છે. વેદમાં કહ્યું છે કે આરંભમાં અચિત્નો સમુદ્ર હતો અને પોતાની મહત્તા દ્વારા તેમાંથી તે એક તત્ત્વ ઉદ્ભવ્યું અને પોતાની આત્મઅભિવ્યકિતની શકિતના શૌર્યથી જન્મ લીધો.

અચિત્ એ બુરખો છે એમ હોય તો આત્માનો એ અસરકારક બુરખો છે. ઉત્ક્રાંતિ પામતા પ્રાણ અને આત્મા પર તે વિકટ પ્રાગટ્યના નિયમ લાદે છે. ભૌતિક તત્ત્વ અને તેનાથી જરા પણ ઓછા ઊતરે નહિ એવા પ્રાણ અને ચૈતન્ય તેમના પ્રથમ આવિર્ભાવમાં સૂક્ષ્મ વિભાજનના નિયમને અનુસરે છે. જીવકોષ, તેમાં રહેલા સજીવતત્ત્વની આજુબાજુ શારીરિક રીતે અને વધુ

ભિન્ન વિભાજિત અહંકારની આસપાસ પ્રાણતત્ત્વ પોતાની જાતને સંગઠિત કરે છે. ચૈતન્યને સ્વયં દુર્બળ સપાટી પરની ભૂમિકામાં તેના લઘુ આરંભોને કેન્દ્રિત કરવાના રહે છે. અને આ મર્યાદિત સપાટી પરના અસ્તિત્વના આવરણની પાછળ પોતાના અંતરતત્ત્વની અનંતતા અને ઊંડાઈ છુપાવી રાખે છે. જ્યાં સુધી એ આપણી જાતનું બાહ્ય ક્ષુદ્ર સ્વરૂપ જેને આપણે સમગ્ર વ્યકિતત્વ માનીએ છીએ અને આપણી અંદર છુપાયેલ અંતરતત્ત્વની વચ્ચે કઠણ ઢાંકણ રહ્યું છે તેને તોડી નાખવા તે તૈયાર ન થાય ત્યાં સુધી બાહ્ય બંધારણમાં ધીમે ધીમે તેને વિકાસ કરવાનો રહે છે. આધ્યાત્મિક અંતરતત્ત્વ પણ આ વિભાજનના નિયમને તાબે રહે છે એમ જણાય છે અને સમગ્ર એકમ તરીકે એક અંશને પ્રગટ કરે છે જે વ્યકિતગત ચૈત્ય તત્ત્વમાં ઉત્ક્રાંતિ કરે છે, વિશ્વનાં પરિબળો સાથે મિલન અને મથામણનું કાર્ય આ છુપા રહેલા આત્માની અગ્નિશિખા, વિભાજિત થતી ચેતના અને આ બધુ અહંકાર પર લાદવામાં આવ્યું છે. જે કંઈ અનાત્મ કે પ્રકૃતિતત્ત્વ દેખાય છે તેના સંપર્કમાં દાખલ થઈને જ્યાં સુધી સમગ્ર અસ્તિત્વ સાથે એકાકાર બની શકે નહિ ત્યાં સુધી આંતર અને બાહ્ય નિસર્ગના દબાણ નીચે એ વૃદ્ધિ પામે છે. તેને આત્મ-જ્ઞાન અને જગતના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાની રહે છે. એ સ્વયં આધ્યાત્મિક અંતરતત્ત્વ છે એ શોધવાનું છે અને અંતરમાં ડૂબકી મારવાની છે. પોતાના અંતરતત્ત્વથી બહાર જઈને વૈશ્વિક વ્યકિત તરીકે તેનું વ્યાપક સત્ય શોધવાનું છે. પોતાના આત્મ-તત્ત્વથી પર જઈ અસ્તિત્વના કોઈ ઉત્તમ સત્, ચિત્ અને અનંદના સ્વરૂપને જાણી અને તદ્રૂપ જીવન જીવવાનું છે. આ મહાન કાર્ય માટે મૂળગામી અવિદ્યાનાં સાધનોથી જ એ સજ્જ છે. તેનું મર્યાદિત અંતરતત્ત્વ એ જીવનના અવરોધરૂપે કામ કરતાં વિભાજન, કલહ, મથામણ અને આપત્તિઓનું કારણ છે. તેના ચૈતન્યની મર્યાદા સાર્વત્રિક શકિતના સંપર્કોને સંમીલિત કરવા કે આધિપત્ય જમાવવા અશકિતમાન હોઈ તેનાં સર્વે દુઃખ, શોક અને વ્યથાઓનું કારણ છે. તેના ચૈતન્યની મર્યાદિત શકિત અજ્ઞાત સંકલ્પમાં બંધાઈ છે એ તેના જીવન અને કર્તવ્યના ઉચિત નિયમને ગ્રહણ કરવા કે અનુસરવા અશકિતમાન હોઈ સર્વ અનિષ્ટ, દુરાચાર અને દોષનું કારણ છે. અન્ય કોઈ યથાર્થ કારણ નથી. કારણ કે સર્વ બાહ્ય કારણો એ સ્વયં આ અંતરતત્ત્વના મૂળભૂત પાપનું પરિણામ અને તેના સંજોગ છે. જ્યારે તે આ મર્યાદિત ભેદક ચૈતન્યથી ઉદય પામે છે અને વ્યાપક બની મુકત આત્મામાં એકાકાર થાય છે ત્યારે જ અચિત્માંથી ઉદ્ભવતાં આ પરિણામોથી મુકત રહી શકે.

જો જીવન પાછળ રહેલા સત્ય તરીકે આ જોઈએ તો અજ્ઞાત આત્મ-બંધારણના તેના વર્તમાન વળાંકને શા માટે અનુસર્યો એ આપણે એકદમ

સમજી શકીશું. આ સર્વમાં એ અસ્પષ્ટ રીતે શેની શોધ કરી રહ્યું છે તેના સૂક્ષ્મ હેતુઓ ઉચ્ચતર સંવેગોમાં તેનો શું અનુભવ છે, ગ્રહણ કરવા અને રચવાના પ્રયાસો આપણે જોઈએ છીએ. જો આ સર્વ અચિત્ નિસર્ગની પ્રાણીમય ઉત્પત્તિ હોય તો આ બિનઉપયોગી, વ્યગ્ર કરતું કલ્પિત તત્ત્વ આમાં શા માટે છે એ આપણે જોવાનું છે. આત્મ-શોધ, પ્રભુત્વ, એકતા, નિમ્ન આત્મામાંથી સ્વાતંત્ર્ય અને આધ્યાત્મિક મુક્તિ તરફ થતી અભીપ્સાઓ સમજવાની રહે છે. જડ તત્ત્વ અને વનસ્પતિ જીવનમાં પ્રથમ તિરોભૂત અવસ્થામાંથી ઉત્ક્રાંતિ પામી પ્રાણીમાં પ્રથમ અપૂર્ણ સંગઠિત ચેતનાને મૂર્તિમંત કરી એ સભાન, અભિનવ ઉત્ક્રાંતિની શક્યતા તરફ ગતિ કરતા માનસિક અંતરતત્ત્વ ધરાવતા મનુષ્યમાં આવી પહોંચે છે. આ માનસિક તબક્કો તેના લક્ષ્ય પાસે લાવીને મૂકે છે અને તેના વિકાસના અમુક સ્તરે તેનામાં માનસિક અંતરતત્ત્વથી પર, આધ્યાત્મિક અંતરતત્ત્વમાં જવાનો પ્રભુત્વ ભોગવતો સંવેગ જાગે છે. જીવનની સહજવૃત્તિ અને ઇચ્છાનાં પ્રથમ નિમ્ન તાર્કિક પ્રેરકબળોને અનુસરીને ગૂઢ અંતિમ તત્ત્વોને એ ગ્રહણ કરી શકે નહિ. કારણ કે અહીં લક્ષ્યને શોધ્યા વિના ફાંફાં મારવા જેવું છે. ટૂંકજીવી સંતોષનું એ ક્ષેત્ર છે. અપર્યાપ્તપણું અને અસ્થિરતાની અચિત્ પર મહોર-છાપ પડી છે. પરંતુ માનવ તર્ક પણ પોતે જેની શોધ કરે છે તેને શોધી કાઢી શકે નહિ. કારણ કે તર્ક અર્ધ પ્રકાશ અને હંગામી વ્યવસ્થાને જ સ્થાપી શકે તેથી જીવનની આરોહણ કરતી અભીપ્સા મનુષ્યમાં છે એ હમેશ સંતુષ્ટ રહી શકે નહિ. તેનો ઉત્ક્રાંતિ પ્રેરક સંવેગ આ સંસ્કૃતિના સ્થળે અને આ અર્ધ સિદ્ધિએ રોકાઈ શકે નહિ. ચૈતન્યની ઉચ્ચતર કક્ષાએ તેને પહોંચવાનું છે. પ્રાણતત્ત્વ અને મનતત્ત્વમાંથી જે હજુ સુપ્ત અને ગર્ભિત છે તેને પ્રગટ કરવાનું છે.

જીવનનાં અંતિમ લક્ષ્યો આધ્યાત્મિક છે અને મુક્ત આત્મા અને આત્મતત્ત્વના પૂર્ણ પ્રકાશમાં જ એ તેને પ્રાપ્ત કરી શકશે. એ પૂર્ણ પ્રકાશ બુદ્ધિ કે તર્ક નથી પરંતુ આંતરિક ઐક્ય અને તાદાત્મ્યતા જે પૂર્ણ વિકસિત ચૈતન્યના મૂળગામી આત્મપ્રકાશ દ્વારા જ્ઞાન છે. એ માટે તૈયારી કરી તેના માર્ગે વસ્તુઓ અને અંતરતત્ત્વનું સત્ય જે અંતઃસ્ફુરણાત્મક છે અને ગૂઢ એકતાથી એ જન્મે છે તેના સાથે નજીકના આંતરિક સંપર્ક દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે. જીવન આત્મ-જ્ઞાનની શોધ કરે છે. ફક્ત આત્માના પ્રકાશ દ્વારા એ તેને શોધી શકશે. એ પોતાની જ ગતિઓ પર પ્રભુત્વ મેળવવા અને તેનું તેજસ્વી માર્ગદર્શન પ્રાપ્ત કરવા શોધ કરે છે. ફક્ત જ્યારે એ પોતાની અંદર આ આંતરિક આત્મા અને આત્મતત્ત્વને શોધે છે અને એ દ્વારા અથવા પોતાના તબક્કાઓનું સંચાલન કરે છે ત્યારે જ જે પ્રતિભાશાળી સંકલ્પની તેને જરૂર

છે તે અને દોષ વિનાના નેતૃત્વની પ્રાપ્તિ થશે. અને એ રીતે જ સહજવૃત્તિઓની આંધળી નિશ્ચિતતાઓ, ચિંતનાત્મક કલ્પનાઓ અને સિદ્ધાંતો, તર્કની પ્રાયોગિક અને અનુમાન આધારિત નિશ્ચિતતાઓની જગ્યાએ પ્રત્યક્ષ જણાતી આધ્યાત્મિક નિશ્ચિતતાઓને ગોઠવી શકાય. જીવન એ પ્રેમ અને સહાનુભૂતિની સહજવૃત્તિઓનો સંતોષ મેળવવા અને એકતા તથા સંમતિ માટે ઝંખનાની શોધ કરે છે. પરંતુ વિરોધી સહજવૃત્તિઓથી આમાં ગૂંચવાડો ઊપજે છે અને મૂર્તિમંત શાશ્વત એકતાથી આધ્યાત્મિક ચૈતન્ય દ્વારા જ આ વિરોધોનો નાશ કરી શકાય તેમ છે. જીવન અંતરતત્ત્વના પૂર્ણ વિકાસને ઝંખે છે અને જ્યારે મર્યાદિત અંતરતત્ત્વે પોતાના સ્વરૂપમાં અસ્તિત્વના અંતરતમ આત્માને શોધ્યો છે અને તેની આજુબાજુ વૈશ્વિક ચૈતન્યના વ્યાપક આત્મા જે જગતની અનુભૂતિ કરી શકે અને સમગ્ર જીવોના અંતર સ્વરૂપને પોતાના હૃદયમાં અનુભવી શકે એવા આત્માને શોધે ત્યારે જ એ પૂર્ણ વિકાસને પામે તેમ છે. જીવન સામર્થ્યને ઝંખે છે પરંતુ એ ફક્ત આત્મા અને જગત એકતાનું સામર્થ્ય જગત અને સ્વયં સત્તાનું પ્રભુત્વ આપી શકશે. એ ઇન્દ્રિય-સુખ, આરામ અને આનંદને ઝંખે છે. પરંતુ આ વસ્તુઓનાં નિમ્ન તાર્કિક સ્વરૂપો અપૂર્ણતા, વિભાજન, અસ્થાયીપણું અને તેમના વિરોધના પ્રભાવથી વિપત્તિગ્રસ્ત રહે છે. તદુપરાંત નિમ્ન તાર્કિક જીવન ભૂગર્ભ નિવેદન, નંતુની મંદતા, કંપનશીલ પ્રતિક્રિયાની નિર્બળતાની અચિત્‌ની છાપ હજુ ધારણ કરે છે. એ સાચા સુખ કે આનંદને પ્રાપ્ત કરી શકે નહિ અને જે તેને ઇન્દ્રિય સુખરૂપે મેળવે છે તેની અમર્યાદિત તીવ્રતા જાળવી, ધારણ કરી કે લાંબા વખત સુધી ટકાવી શકે નહિ. માત્ર આત્મા જ શાશ્વત અને શુદ્ધ સુખ કે પરમાનંદનું રહસ્ય મેળવે છે. ફક્ત આત્મા જ દૃઢ ઉત્તેજનાવાળી કંપનશીલ પ્રતિક્રિયા માટે શક્તિમાન છે. અનંત અને સાર્વત્રિક અંતરતત્ત્વના આનંદના એક સ્વરૂપ તરીકે જીવનના આધ્યાત્મિક સુખ કે આનંદને પ્રાપ્ત કરે અથવા સાર્થક કરી શકે. જીવન તેની સર્વ શક્તિઓ, જે અત્યારે વિભાજિત અને સંઘર્ષમાં છે, સર્વ શક્યતાઓ, અંશો અને સભ્યોની સંવાદિત પરિપૂર્ણતા ઝંખે છે. એક આત્મતત્ત્વ અને આત્માના ચૈતન્યમાં જ તે શોધાય છે કારણ કે સર્વાંગી આત્મ-અસ્તિત્વના પ્રકાશમાં તેમની પૂર્ણ સંમતિ અને તેમન પૂર્ણ સત્ય પ્રતિ આવી પહોંચે છે.

તર્કાતીત સત્ય, શુભ અને સૌન્દર્યની જેમ જ જીવનનું તર્કાતીત સત્ય પણ રહ્યું છે તેની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ એ નિસર્ગરૂપી પ્રાણતત્ત્વની આ શોધ અને મથામણનો આધ્યાત્મિક અર્થ છે.

પ્રકરણ સત્તરમું

જીવનના નિયમ તરીકે ધર્મ

અસ્તિત્વની ગૂઢ પરાકાષ્ઠા એક સાર્વત્રિક, પરાત્પર, નિરપેક્ષ અને અનંત તત્ત્વ છે અને આપણા અંતરતત્ત્વનું ધ્યેય અને અંતિમ લક્ષ્ય, વ્યકિત અને સામૂહિકતાનો તેના સર્વ અંશો અને પ્રવૃત્તિઓના સમગ્ર વિકાસનું ધ્યેય આધ્યાત્મિક ચૈતન્ય અને દિવ્ય તત્ત્વને પહોંચવાનું છે તેથી તર્ક એ આખરી અને ઉત્તમ માર્ગદર્શક બની શકે નહિ. સામાન્ય અર્થમાં જેને સંસ્કાર કહેવાય છે એ માર્ગસૂચક પ્રકાશ બની શકે નહિ અથવા આપણા સર્વ જીવન અને કર્તવ્યના સંચાલક અને સંવાદિત સિદ્ધાંતોને શોધી શકે નહિ. કારણ કે તર્ક દિવ્ય તત્ત્વને ગ્રહણ કરવામાં ઓછો ઊતરે છે, જીવનની સમસ્યાઓ સાથે સમાધાન કરે છે અને પરાત્પર તથા અનંત તત્ત્વને પ્રાપ્ત કરવા માટે સંસ્કારે બૌદ્ધિક, સૌન્દર્યાત્મક, નૈતિક અને વ્યવહારુ તાલીમથી ઘણા વધુ આગળ વધીને આધ્યાત્મિક સંસ્કારનું સ્વરૂપ ધારણ કરવું પડશે તો પછી આપણે ક્યાં માર્ગસૂચક પ્રકાશ, સંચાલક અને સંવાદિત સિદ્ધાંત શોધવાના છીએ ? જે પ્રથમ ઉત્તર આપણા મન સમક્ષ સૂચવાશે અને એશિયાના માનસે વારંવાર ઉત્તર આપ્યો છે તે એ છે કે એ પ્રકાશ અને સિદ્ધાંત આપણે પ્રત્યક્ષ અને તુરત જ ધર્મમાં મેળવીશું. અને આ પ્રથમ દૃષ્ટિએ વાજબી અને સંતોષકારક ઉકેલ જણાય છે જે પ્રત્યક્ષ રીતે દિવ્ય તત્ત્વ તરફ દોરાઈ છે. અન્ય પ્રવૃત્તિઓ દિવ્ય તત્ત્વ પ્રત્યે પરોક્ષ રીતે વસ્તુઓના બાહ્ય અને અપૂર્ણ આભાસોની શોધ કરતાં ભટકાતી, ગોથાં ખાતી મુશ્કેલીથી પહોંચે છે. આદર્શ વ્યકિત, આદર્શ સમાજ અને મનુષ્યના સમગ્ર જીવનને દિવ્ય બનાવવા બધી પ્રવૃત્તિઓને ધાર્મિક વિચાર દ્વારા સંચાલિત કરવું જોઈએ અને સમગ્ર જીવનને ધર્મમય કરવું એ તેમના વિકાસનો ઉચિત માર્ગ છે.

ધર્મની વિશિષ્ટ પ્રકારની શ્રેષ્ઠતા, જીવનનું રક્ષણ કરવું અથવા તેને છેક રંગી દેવું, ધાર્મિક વિચાર અને ધાર્મિક સહજવૃત્તિથી મૂળભૂત વિચારો અને

અન્ય સર્વ સહજવૃત્તિઓને ઉચ્ચ કક્ષાએ મૂકવા એ એશિયાની સંસ્કૃતિઓની જ વિશિષ્ટતા નથી, એ આપણે લક્ષ્યમાં રાખવું જોઈએ, પરંતુ માનવ મન અને સમાજની વત્તેઓછે અંશે સ્વસ્થ અવસ્થા છે. માનવ ઇતિહાસની તુલનાત્મક દૃષ્ટિ એ ટૂંકજીવી તબક્કાઓ જેમાં આજે આપણે રહીએ છીએ અને જેમાંથી આપણે આગળ ધપવા લગલગ અર્ધે રસ્તે આરોહણ કર્યું છે પરંતુ હજી એ આરોહણ થયું નથી, એવા અપવાદજનક પ્રસંગો સિવાય મનુષ્યોની જટિલ પ્રવૃત્તિઓનો એ નોંધપાત્ર અને અગ્રગણ્ય અંશ છે. સામાન્ય અને સ્વસ્થ માનવ સામૂહિકતાએ આ જે ધર્મને અગ્રગણ્ય ભાગ ભજવવા આપ્યો છે એ દોરવણી આપે તેવા કાર્યમાં આપણા નૈસર્ગિક અંતરતત્ત્વનું સત્ય અને તેની મહાન જરૂરિયાત રહ્યાં છે જેના પ્રતિ આપણી ઘણી અશ્રદ્ધા હોવા છતાં હમેશાં આપણે પાછા વળવું જોઈએ. બીજી તરફ આપણે એ હકીકતની પ્રતીતિ કરવી જોઈએ કે અર્વાચીન યુગમાં ભલે તેના દોષો અને તેની ક્ષતિઓ રહી છતાં મહાન પ્રવૃત્તિ, ઉચ્ચ અભીપ્સા, ઊંડું ખેડાણ, વાવણી અને સમૃદ્ધ ફળ-પ્રાપ્તિ થાય છે. અર્વાચીન યુગ એવો કાળ છે જેમાં માનવજાતિએ ધર્મ દ્વારા નહિ, પરંતુ જાગૃત બુદ્ધિ માનવ આદર્શવાદ અને સહાનુભૂતિથી જે હિંસક, આપત્તિકારક, અંધકારમય, તિરસ્કારજનક અને અવિદ્યાપ્રેરક હતું તેનો નાશ કર્યો છે. માનવજાતિનો અમુક ભાગ જે એ સમય દરમ્યાન વિચાર અને પ્રગતિના ધોરણના માપદંડ રહ્યા હતા એ યુરોપ અને જ્ઞાનોદય બાદ આધુનિક યુરોપે ધર્મના આ આધિપત્ય પર ઉગ્ર આક્રમણ કર્યું છે અને તેનો તિરસ્કાર કર્યો છે.

તેના ઉદ્દામવાદી સ્વરૂપમાં આ બળવાથી ધર્મનો તદ્દન નાશ કરવાનો પ્રયાસ થયો. મનુષ્યમાં રહેલી ધાર્મિક સહજવૃત્તિને મારી નાખી છે એવી બળવાખોરોએ ડંફાશ મારી છે. હવે આપણે જોઈએ છીએ કે એ વ્યર્થ અને અણસમજુ ડંફાશ હતી. કારણ કે મનુષ્યમાં રહેલી ધાર્મિક સહજવૃત્તિ એ અન્ય સહજવૃત્તિમાંની એક છે જેને મારી શકાય તેમ નથી. એ ફક્ત તેનું સ્વરૂપ બદલે છે. આ બળવાના ઓછા ઉગ્ર રૂપમાં તેણે ધર્મને આત્માના સ્વરૂપના ખૂણામાં રાખવામાં આવ્યો અને બૌદ્ધિક, સૌન્દર્યાત્મક, નૈતિક અને વ્યાવહારિક જીવનમાં તેની દખલગીરીને રદબાતલ કરવામાં આવી અને તેણે આ એ આધારે કર્યું કે ધર્મની વિજ્ઞાન, વિચાર, રાજકારણ, સમાજ અને સામાન્ય જીવનમાં દખલગીરી એ પીછેહઠ, વહેમ, જુલમી અજ્ઞાનનાં બળવાન પરિબળો એટલે ધર્મ હતો અને હોવો જોઈએ. ધાર્મિક પ્રવક્તા એમ કહે છે કે આ આક્ષેપ ભૂલ અને નાસ્તિક વિકૃતિ હતી અથવા એ એમ કહે છે કે ધાર્મિક પીછેહઠ, પવિત્ર અજ્ઞાન, સંતોષી અફર સ્થિતિ અથવા ઉચ્ચ તત્ત્વના પવિત્ર વિચારોથી ભરેલી વ્યવસ્થિત

બંધિયાર અવસ્થા એ આ પાર્થિવ પૃથ્વી પર વધુ સુખ, આનંદ અને પ્રકાશ વધુ મહાન પ્રભુત્વ, વધુ મહાન જ્ઞાનપ્રાપ્તિ પાછળ સતત પુરુષાર્થ કરવા કરતાં વધુ સારું છે. પરંતુ સર્વગ્રાહી વિચારક આવી સમજૂતીને સ્વીકારી શકે નહિ. ધાર્મિક પ્રવકતાને એ વિચારવાની ફરજ પડે છે કે જ્યાં સુધી મનુષ્યે પોતાના જીવનમાં દિવ્ય અને આદર્શ તત્ત્વને સાકાર કર્યા નથી ત્યાં સુધી ધર્મમાં અફર બંધિયારપણું રહેવા પામે અને કદાચ એવું બને કે તેણે સાક્ષાત્કાર કર્યો હોય તો દિવ્ય તત્ત્વ અનંત છે. સ્થિર અવસ્થા નહિ પરંતુ પ્રગતિ એ તેના જીવનનો આવશ્યક અને ઇચ્છવાયોગ્ય નિયમ છે. નવીનતા પાછળ દમભેર દોટ નહિ પરંતુ માત્ર વ્યકિતમાં જ આત્માનું-વિચાર અને જીવનના વધુ ને વધુ મહાન સત્ય પ્રતિ સતત ગતિશીલ રહેવું નહિ, પણ સામૂહિક, જૂથકીય પ્રયાસ, સમાજમાં પૂર્ણતા પ્રતિ મથામણ કરવામાં આદર્શો, સ્વભાવ અને બાહ્ય દેખાવમાં એ સત્યને સાકાર કરવાનું રહે છે. અને તેને એ પણ વિચારવાની ફરજ પડે છે કે ધર્મ વિરુદ્ધના તહોમતનામામાં તેના આખરી નિર્ણયની દૃષ્ટિએ નહિ પરંતુ તેના આધાર-વાકયની દૃષ્ટિએ કંઈક સત્ય રહ્યું હતું અને વાજબી જણાતું હતું. ધર્મ એવો જ હોવો જોઈએ એમ નથી, પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ અને વસ્તુત: અધિકૃત ધર્મો અને તેમના ઉત્તરાધિકારીઓ તથા આલેખકો વારંવાર પીછેહઠના પરિબળના સમર્થક બન્યા છે, અંધકાર, જુલ્મ અને અજ્ઞાન બાજુ વારંવાર તેમણે તેમનો પક્ષ લઈ કામ કર્યું છે અને તેને મૂંઝાયેલ માનવ મન અને હૃદયની ધર્મને સાચા રસ્તા પર દોરવા અને તેની ભૂલોને સુધારવા ક્રાંતિ અને નિષેધની જરૂરિયાત જણાઈ છે. જો ધર્મ સર્વ માનવ પ્રવૃત્તિઓ અને સમગ્ર માનવ જીવનનો યથાર્થ અને પર્યાપ્ત માર્ગદર્શક અને સંચાલક હોય તો આમ શા માટે થવા પામ્યું હોય ?

આપણે ધર્મ સામેના ઉગ્ર તહોમતનામા અંગે તાર્કિક અને નાસ્તિક માનસને અનુસરવું જોઈએ નહિ, ધર્મે જે વહેમો, સ્ખલનો, હિંસા અને ગુનાઓને ઉત્તેજન આપ્યું છે જેની દેવળો, સંપ્રદાયો અને પંથોએ તરફેણ કરી છે. પોતાના લાભ માટે તેને મંજૂરી, સ્વીકૃતિ અને ટેકો આપી તેમનું શોષણ કર્યું છે અને તેની તિરસ્કારજન્ય ગણતરી કરવાથી નાસ્તિક રોમન કવિએ ગાયું છે. "ધર્મ માનવજાતને આટલી બધી અધમતા સમજાવે" કથનનો પડઘો સંભળાય એમ બને પરંતુ તેના પર આપણે અતિશય ભાર મુકવો જોઈએ નહિ. સ્વાતંત્ર્ય અથવા સામાજિક વ્યવસ્થાના આદર્શની પર્યાપ્ત નિંદા તરીકે સ્વાતંત્ર્ય કે વ્યવસ્થાના નામે જે ભૂલો અને ગુનાઓ થયા છે તેના દાખલાઓ કોઈ દર્શાવી શકે તેમ છે. પરંતુ આવી ઘટના શકય હતી અને તેની સમજૂતી શોધવી પણ શકય હતી એ હકીકતની આપણે નોંધ લેવાની છે.

યુરોપના મધ્યયુગી ઇતિહાસમાં કોન્સ્ટન્ટાઈનના સમયમાં ખ્રિસ્તી ધર્મના સુદીર્ઘ-કાલીન વિજયના પ્રથમ દિવસથી આરંભ કરીને તાજેતરના સમય સુધી ખ્રિસ્તી ધર્મના બાહ્ય માળખાએ લોહીથાળ અને અગ્નિયુકત ખેડાણ કર્યું છે અને મનુષ્યોની હિંસા કરી છે તેને આપણે ભૂલી શકીએ તેમ નથી. અથવા નાસ્તિકોની તપાસ અને પૂછપરછની સંસ્થાએ જે નિર્દય અને ઘાતકી શિક્ષાઓ કરી છે એ નીતિ અને સમાજમાં ધર્મના માર્ગદર્શક પ્રકાશ અને નિયંત્રિત શકિત તરીકે રહેવાના દાવા પર ટીકારૂપ છે. અથવા માનવજાતિના રાજકીય જીવનને દોરવા માટે ધર્મના દાવાને ધાર્મિક યુદ્ધો, વ્યાપક રાજ્ય દ્વારા પ્રેરિત જુલ્મો પડકારરૂપ રહ્યા છે. પરંતુ આ અનિષ્ટનો ઝોગમ સાચા ધર્મના સ્વરૂપમાં રહ્યો નથી એ આપણે જોવું જોઈએ પરંતુ આધ્યાત્મિક શ્રદ્ધા અને અભીપ્સાથી ભિન્ન નિમ્ન તાર્કિક ભાગોમાં રહ્યો છે. આપણે ધર્મને અમુક પંથ, સંપ્રદાય, વાડો, ધાર્મિક સમાજ કે દેવળ તરીકે અજ્ઞાનથી માની લઈએ છીએ તે ગોટાળામાં આ અનિષ્ટનું મૂળ રહ્યું છે. આ ભૂલમાં પડવા માનવ વૃત્તિ એટલી બધી પ્રબળ છે કે જૂના દેવદેવીઓમાં માનતા સહિષ્ણુ સંપ્રદાયે ધર્મ તથા નીતિના નામે સોક્રેટિસને મારી નાખ્યા, અરાષ્ટ્રીય સંપ્રદાયો જેવા કે આઈસીસ અને મિથ્રના સંપ્રદાય અને આરંભના ખ્રિસ્તીઓનો સમાજવિરોધી અને ભાંગફોડ પ્રવૃત્તિ કરતો ધર્મ માનવામાં આવ્યો હતો તેને વધુ બળપૂર્વક સતાવ્યા અને તેમના પર ત્રાસ ગુજાર્યો. અને આ કરતાં વધુ મૂળભૂત રીતે સહિષ્ણુ હિંદુ ધર્મ જે વધુ બુદ્ધિપ્રતિભા અને આધ્યાત્મિક વ્યાપકતા ધરાવે છે તેમાં એક કાળે પરસ્પર ધિક્કારની લાગણી પ્રવર્તતી હતી અને બુદ્ધ અનુયાયીઓ, જૈન, શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓ પર સંજોગવશાત્ છતાં ટૂંકજીવી ત્રાસ ગુજારવામાં આવ્યો હતો.

માનવ સમાજના સંચાલક અને માર્ગદર્શક તરીકે ધર્મના ઐતિહાસિક અપર્યાપ્ત સ્વરૂપનું સમગ્ર મૂળ તેમાં રહ્યું છે. ઉદાહરણ તરીકે દેવળો અને સંપ્રદાયોએ વિજ્ઞાન અને દર્શનના માર્ગમાં હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. છઆનાર્ડો બ્રુનોને બાળ્યા, ગેલિલીઓને કારાગૃહમાં પૂર્યા અને સામાન્ય રીતે એવો ગેરવર્તાવ કર્યો છે કે આત્મ-રક્ષણ માટે વિજ્ઞાન અને દર્શનને ધર્મ પર આક્રમણ કરવું પડે છે અને પોતાના યોગ્ય વિકાસ માટે સ્વતંત્ર ક્ષેત્ર મેળવવા તેને છિન્નભિન્ન કરી નાખે છે અને આનું કારણ એ છે કે પોતાના પ્રાણલક્ષી સ્વભાવ અને અંધકારમય વાસનાઓના પ્રભાવથી માણસોએ એમ વિચારવાનું પસંદ કર્યું કે અમુક નિશ્ચિત ખ્યાલો જેની પરીક્ષા અને મીમાંસા થઈ શકે નહિ તેને ધર્મ કહેવાય અને તેથી તલવાર અને અગ્નિથી આ પરીક્ષા અને મીમાંસાને દાબી દેવાનાં છે. ધાર્મિક ભૂલ ચાલુ રહે અને જીવે એ માટે

વૈજ્ઞાનિક અને દાર્શનિક સત્યનો નિષેધ કરવાનો હતો. આપણે એ પણ જોઈએ છીએ કે સંકુચિત ધાર્મિક આત્મા જીવનના આનંદ અને સૌન્દર્ય પર જુલ્મ ગુજારે છે અને તેમને દરિદ્ર બનાવે છે. આમ કરવા માટે બે વિકલ્પ હતા. એક અસહિષ્ણુ વિરક્તવાદ અને બીજો વિકલ્પ પ્યુરિટન* પ્રયાસ આદરે છે એ છે. ધાર્મિક વિરક્તિ એ સમગ્ર ધર્મ નથી, એ કદાચ ધર્મની મહત્ત્વની બાબત હોઈ શકે. પ્રેમ, કરુણા, સહિષ્ણુતા, પરોપકાર અને સૌજન્ય વધુ દિવ્ય છે તેથી ધાર્મિક આત્મદમન એ ઈશ્વર પ્રતિ કેવળ નૈતિક અને ધાર્મિક અભિગમ માટે યોગ્ય નથી. પ્યુરિટન એ ભૂલી ગયા અથવા કદી જાણ્યું નહિ કે ઈશ્વર એ પ્રેમ અને સૌન્દર્ય છે તેમ પવિત્રતા પણ છે. રાજકારણના ક્ષેત્રમાં ઘણી વખત ધર્મોએ સત્તાની બાજુ ઝંપલાવ્યું છે અને વ્યાપક રાજકીય આદર્શોના આગમન સામે બાથ ભીડી છે. તેનું કારણ એ હતું કે દેવળના સ્વરૂપમાં સત્તાના પીઠબળથી ધર્મ અને દેવળના ખોટા તાદાત્મ્યથી કાલ્પનિક ઈશ્વરસત્તાક રાજતંત્રના ખ્યાલથી દોરાયેલ ધર્મ હતો. યથાર્થ ઈશ્વરસત્તાક રાજતંત્ર એ ધર્મગુરુનું સામ્રાજ્ય, પુરોહિતનો વર્ગ કે પૂજારીવર્ગ નથી પરંતુ મનુષ્યમાં સાકાર બનતું ઈશ્વરનું સામ્રાજ્ય છે. એ રીતે તેણે રૂઢિચુસ્ત અને જીર્ણ સામાજિક વ્યવસ્થાને વારંવાર ટેકો આપ્યો છે કારણ કે તેના ઈતિહાસના લાંબા ગાળા દરમ્યાન તેનું સાહચર્ય અને તેનો સહવાસ રહ્યાં છે અને તેને લાગ્યું છે કે સામાજિક સ્વરૂપો સાથે તેનું જીવન સંકળાયેલું છે. એ પરથી ધર્મે ખોટી તારવણી કરી કે આ સામાજિક સ્વરૂપોમાં જરૂરી ફેરફારથી મનુષ્યમાં રહેતી આંતરિક અને પ્રચંડ શક્તિનો નાશ થઈ શકે ! ભૂતકાળમાં જે રીતે ધર્મનો વહેવાર થતો હતો તેની ઘણાં સ્વરૂપોમાં થતી આ ભૂલ એ તેની મોટામાં મોટી આપત્તિ રહી છે. બૌદ્ધિક, સૌન્દર્યાત્મક સમજ, સામાજિક અને રાજકીય આદર્શવાદ, ધર્મની ઉચ્ચતમ વૃત્તિ અને ધર્મના નિયમનાં ધોરણ અને આદર્શ જે હોવાં જોઈએ તેની વિરુદ્ધ માનવ અંતરતત્ત્વનો નૈતિક આત્મા ક્રાંતિ અને બળવો પુકારે છે એ માટે આ ભૂલ તક પૂરી પાડે છે અને તેની યથાર્થતા દર્શાવે છે.

આમ તેમાં પ્રાચીન અને અર્વાચીન, પૌર્વાત્ય અને પાશ્ચાત્ય આદર્શ વચ્ચે રહેતા ભેદનું એક રહસ્ય રહ્યું છે અને તેમના સમન્વયની ચાવી પણ અહીં રહી છે. બન્ને અમુક પ્રબળ વાજબી પ્રમાણ પર આધારિત છે અને તેમનો કલહ એ અમુક ગેરસમજને કારણે સંભવે છે. એક અર્થમાં એ સાચું છે કે જીવનમાં ધર્મ એ શ્રેષ્ઠ સ્થાન ભોગવે, જીવનનો પ્રકાશ અને તેના

---

*ખ્રિસ્તી ધર્મના પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયમાં દેવસેવા પૂજનને સંબંધિત વિશેષ સુધારા માટેની આગ્રહી વ્યક્તિ. (અનુવાદક)

નિયમ તરીકે હોવો જોઈએ. પરંતુ ધર્મ એ તેના આંતરિક સ્વરૂપમાં, અંતરતત્ત્વના તેના મૂળભૂત નિયમ, ઈશ્વરની ઝંખના, આધ્યાત્મિકતાના સંપ્રદાય, આંતર સૃષ્ટિમાં શાશ્વત સર્વવ્યાપક ઈશ્વર પ્રત્યે આત્માના સૂક્ષ્મ જીવનની અભિમુખતા હોવો જોઈએ અને વસ્તુત: તે છે. બીજી બાજુ, ધર્મ એટલે જ્યારે સંપ્રદાય, પંથ, દેવળ, ક્રિયાકાંડનાં સ્વરૂપોની વ્યવસ્થા માનવામાં આવે છે ત્યારે એ ખરેખર અવરોધક બળ બની જાય છે અને તેથી એ સમયે જીવનની વિવિધ પ્રવૃત્તિઓ પર તેના અંકુશને દૂર કરવાની માનવ આત્માને જરૂરિયાત ઊભી થાય છે. ધર્મનાં બે પાસાંઓ છે: એક યથાર્થ ધર્મ અને બીજું પાસું ધાર્મિક સંપ્રદાય છે. યથાર્થ ધર્મ આધ્યાત્મિક ધર્મ છે જે આત્મામાં રહેવા ઝંખે છે, બુદ્ધિથી પર છે, મનુષ્યના સૌન્દર્યાત્મક, નૈતિક અને વ્યવહારુ અંતરતત્ત્વથી પર છે અને આત્માના નિયમ અને ઉચ્ચતર પ્રકાશ દ્વારા આપણા અંતરતત્ત્વના સભ્યોને જાગૃત કરી તેમનું સંચાલન કરે છે એ યથાર્થ ધર્મ છે. આથી વિરુદ્ધ ધાર્મિક સંપ્રદાય નિમ્ન કક્ષાના સભ્યોને સંકુચિત ધર્મનિષ્ઠામાં તેમનું ગૌરવ બતાવી કિલ્લેબંધી કરે છે અથવા બૌદ્ધિક હઠાગ્રહ, સ્વરૂપો અને ક્રિયાકાંડ, નિશ્ચિત અને ચુસ્ત આચારસંહિતા, અમુક ધાર્મિક, રાજકીય કે ધાર્મિક સામાજિક વ્યવસ્થા પર એકપક્ષી ભાર મૂકે છે. આ વસ્તુઓ તદ્દન અવગણવા જેવી છે અથવા બિનજરૂરી કે કુપાત્ર છે એમ નથી. અથવા આધ્યાત્મિક ધર્મે સ્વરૂપો, ક્રિયાકાંડો, પંથો કે વ્યવસ્થાઓની મદદને ધિક્કારવી જોઈએ એમ પણ નથી. આથી વિરુદ્ધ તેની મનુષ્યને જરૂર છે કારણ કે નિમ્ન કક્ષાના સભ્યો આત્માને પ્રત્યક્ષ અનુભવે, તેના નિયમનું પાલન કરે અને પૂર્ણ આધ્યાત્મિક સ્વરૂપ ધારણ કરે એ અગાઉ તેમનો ઉત્કર્ષ અને તેમની ઉન્નતિ થવી આવશ્યક છે. વિચાર અને તર્ક કરતાં મનને બૌદ્ધિક સૂત્રની, સૌન્દર્યાત્મક પ્રકૃતિ કે નિમ્ન તાર્કિક અંતરતત્ત્વના અન્ય ભાગોને સ્વરૂપ કે ક્રિયાકાંડની કે પછી આંતરિક જીવન પ્રતિ વળતા મનુષ્યના પ્રાણલક્ષી સ્વભાવને નૈતિક સંહિતાની વારંવાર આવશ્યકતા રહે છે. પરંતુ આ વસ્તુઓ સહાય અને સમર્થન છે, એ હાર્દિક તત્ત્વ નથી. એ તાર્કિક અને નિમ્ન તાર્કિક ભાગોમાં રહ્યા છે તે કરતાં વધુ એ બની શકે નહિ અને આંધળી રીતે જો તેમના પર ભાર મુકાય તો અતિતાર્કિક પ્રકાશને અવરોધરૂપ નીવડે એમ પણ બને. આમ જેમ છે તેમ એનો માણસે ઉપયોગ કરવો રહ્યો પરંતુ તેના એકમાત્ર નિયમ તરીકે કોઈ અફર આધિપત્ય કે દબાણથી મનુષ્ય પર તેને લાદવાના નથી. તેમનો ઉપયોગ કરવામાં સહિષ્ણુતા અને પરિવર્તનને મુક્ત મંજૂરી એ પ્રથમ નિયમને પાલનમાં મૂકવો જોઈએ. ધર્મનું આધ્યાત્મિક હાર્દ એ એક જ શ્રેષ્ઠ જરૂરિયાત છે, આપણે હમેશ તેને ગ્રહણ કરવાનું છે અને પ્રત્યેક અન્ય તત્ત્વ કે હેતુને આ પ્રાથમિક

ધ્યેયને નિમ્નવર્તી બનાવવાનું છે.

પરંતુ અહીં એવી સંદિગ્ધતા જણાય છે જે અંતર કે ભિન્નતાના સૂક્ષ્મ ઊગમને બહાર લાવે છે. કારણ કે જ્યારે ધર્મ એ આધ્યાત્મિકતા છે એમ કહેવાય છે ત્યારે આધ્યાત્મિકતાનો અર્થ, પાર્થિવ જીવનથી દૂર, તેનાથી ભિન્ન અને તેનાથી કંઈક વિરુદ્ધ છે એવો વારંવાર માનવામાં આવે છે. આધ્યાત્મિક જીવનથી વિરુદ્ધ પાર્થિવ ધ્યેયો રહ્યા છે તેથી તેના અનુશીલનને વખોડવામાં આવે છે અને સ્વર્ગમાં મનુષ્ય જે આશાઓ સેવે છે તેની સામે પૃથ્વી પર મનુષ્ય જે આશાઓ સેવે છે તે નરી ભ્રાંતિ છે અથવા નિરર્થક અસંગતિ છે. જો આમ વિચારવામાં આવે તો આત્મા એ કંઈક એકલવાયું તત્ત્વ બને છે જેને મનુષ્ય જીવનનો ભાર નિમ્ન કક્ષાના સભ્યોને સોંપી દઈને જ પ્રાપ્ત કરી શકે. કાં તો માણસે આ પાર્થિવ જીવનનો અમુક હદ પછી જ્યારે તેનો હેતુ પાર પડી જાય ત્યાર બાદ ત્યાગ કરવો જોઈએ અથવા વારંવાર તેને હતાશ બનાવી, તેનું દમન કરી મૃતઃપ્રાય બનાવી દેવું જોઈએ. જો એ ધર્મનો સાચો ભાવાર્થ હોય તો સામાજિક પુરુષાર્થ આશા અને અભીપ્સાના યોગ્ય ક્ષેત્રમાં માનવ સમાજ માટે કે તેના અંતરતત્ત્વના નિમ્ન કક્ષાના સભ્યો-વાળી વ્યક્તિ માટે દેખીતી રીતે ધર્મનો કોઈ વિધ્યાત્મક સંદેશો નથી. કારણ કે આપણા સ્વભાવનો પ્રત્યેક સિદ્ધાંત નૈસર્ગિક રીતે પોતાના ક્ષેત્રમાં પૂર્ણતાને શોધે છે અને જો ઉચ્ચતર શક્તિનું તેણે પાલન કરવું હોય તો તે શક્તિ પોતાના જ ક્ષેત્રમાં વધુ પૂર્ણ સંતોષ અને વધુ મહાન પૂર્ણતા આપી શકે છે તે તેનો આધાર છે. પરંતુ જો તેને પૂર્ણતાના ગુણથી વંચિત રખાય અને આધ્યાત્મિક ઝંખનાથી પૂર્ણતા માટે થતી અભીપ્સાને ઝૂંટવી લેવાય તો એ આત્મવિશ્વાસ ગુમાવે, પોતાની શક્તિ અને પ્રવૃત્તિઓના નૈસર્ગિક વિસ્તારને છોડીને તેણે પોતાના ધર્મ અને વલણને અનુસરવા આત્માના અંતર્નાદનો ત્યાગ કરવો રહ્યો. પૃથ્વી અને સ્વર્ગ, આત્મા અને તેના સભ્યો વચ્ચેનો કલહ જો આધ્યાત્મિકતા શોક અને દુઃખ, આત્મદમન અને પીડન તથા વસ્તુઓના મિથ્યાત્વના સંદેશાયુક્ત ધર્મ બની જાય તો એ હજુ વધુ નપુંસક બની જાય છે. જ્યારે માનવજાતિની એક આશા જગતને અપેક્ષિત અને નક્કી જણાતો અનિવાર્ય અને ઈચ્છવાયોગ્ય પ્રલય હતો એ ભયાનક નિઃસહાય મધ્યયુગનો કપરો કાળ એ જ આવી અતિશય પ્રવૃત્તિ આત્માને ભીષણ સ્વપ્ન તરફ દોરી જાય છે. પરંતુ જગત પ્રત્યેના આ નિરાશાજનક વલણનો ઓછા અસહિષ્ણુ અને પ્રગટ સ્વરૂપોમાં પણ એ જીવનની નિરાશાનું પરિબળ બની જાય છે. અને તેથી જીવનનો યથાર્થ નિયમ અને માર્ગદર્શક બની શકે નહિ. એ હદે સર્વ પ્રકારનો નિરાશાવાદ આત્માનો, તેની પૂર્ણતા અને શક્તિનો નિષેધ જગતમાં ઈશ્વરના

માર્ગો પર ચાલવાની અધીરાઈ, જગતને જે સર્જે છે અને માર્ગદર્શન આપે છે એ દિવ્ય જ્ઞાન અને સંકલ્પમાં અપર્યાપ્ત શ્રદ્ધા દર્શાવે છે. ઉત્તમ જ્ઞાન અને શક્તિ અંગે નિરાશાવાદ ખોટો ખ્યાલ સ્વીકારે છે. અને તેથી જગત માર્ગદર્શન માટે અને તેના સમગ્ર જીવનનો દિવ્ય તત્ત્વ પ્રત્યે ઉત્કર્ષ સાધવામાં એ સ્વયં ઉત્તમ જ્ઞાન, ડહાપણ અને આત્માની શક્તિ બની શકે નહિ.

આથી તદ્દન વિરુદ્ધ પશ્ચિમના જગતે જે ભૂલ કરી એ ધર્મમાંથી પીછેહઠ, ધર્મના દાવા અને આગ્રહને અવગણી યુરોપે મધ્યકાલીન ધાર્મિક વલણમાંથી જ્ઞાનોદય અને ધર્મસુધારણા પ્રતિ અને તેમાંથી આધુનિક તાર્કિક વલણ તરફ પ્રગતિ કરી, સામાન્ય પાર્થિવ જીવનને આપણો એકમાત્ર વ્યવસાય બનાવી, સમગ્ર આધ્યાત્મિક ઝંખનામાંથી છૂટા થઈ, નિમ્ન સત્યોના નિયમ દ્વારા આપણી જાતને પરિપૂર્ણ કરવા ક્રમની તરફેણ કરી વિરોધી અવિદ્યાના અંતિમ છેડાને અનુચિત સ્વીકારમાંથી અનુચિત નિષેધ તરફ લોલકની આંધળી ગતિને આવકારી, એ ભૂલ છે કારણ કે પૂર્ણતા આ મર્યાદા અને બંધનમાં પ્રાપ્ત થઈ શકે નહિ. કારણ કે માનવ અસ્તિત્વના પૂર્ણ કાયદાને, સૌથી ઊંડી ઝંખનાને, તેના સૌથી વધુ ગૂઢ સંવેગને તે નકારે છે. ઉત્તમ તત્ત્વના પ્રકાશ અને શક્તિથી જ નિમ્ન તત્ત્વને સંપૂર્ણ રીતે દોરી શકાય, ઉત્કર્ષ સાધી શકાય અને સિદ્ધ થઈ શકે. મનુષ્યનું નિમ્ન જીવન એ સ્વરૂપમાં અદિવ્ય છે જોકે તેમાં દિવ્ય તત્ત્વનું રહસ્ય છે અને ઉચ્ચતર નિયમ અને આધ્યાત્મિક ઉજ્જવળ પ્રકાશ શોધીને જ તેને દિવ્ય બનાવી શકાય. બીજી તરફ જે અધીરાઈ જીવનને નિરાશ કરી મૂકે છે અથવા તેને વખોડે છે. અથવા એ હાલ અદિવ્ય અને આધ્યાત્મિક જીવન સાથે અસંગત હોવાથી જીવનના વિકાસને પાછો પાડી દે છે એ પણ એટલી જ અજ્ઞાનતા છે—અંધકારમય અજ્ઞાન. જગતને તિરસ્કારતો સાધુ, કેવળ ત્યાગ કરનાર વ્યક્તિ આવા તિરસ્કારથી પોતાની વ્યક્તિગત, વિશિષ્ટ મુક્તિ મેળવે, જેમ ભૌતિકવાદી પોતાની એકપક્ષી પદ્ધતિથી પોતાની શક્તિ અને એકચિત્તવાળા સંશોધનથી યોગ્ય વળતર મેળવે છે તેમ આવી વ્યક્તિને પોતાનાં ત્યાગ અને તપસ્યાનો આધ્યાત્મિક બદલો મળી જાય છે; પરંતુ આમાંથી કોઈ પણ માનવજાતિના સાચા માર્ગદર્શક અને તેના સ્મૃતિકાર બની શકે નહિ. મઠ સાધુના વલણમાં ભયનો સંકેત, ધૃણા, જીવન અને તેની અભીપ્સાઓનો અવિશ્વાસ રહ્યાં છે અને જેને માટે કોઈ સહાનુભૂતિ નથી, જેને વ્યક્તિ અવગણવા ઇચ્છે છે અને નાસીપાસ કરવા માગે છે એનું ડહાપણભર્યું માર્ગદર્શન આપી શકે નહિ. તદ્દન વિરક્ત ભાવવાળો આત્મા જો જીવન અને માનવ સમાજને સંચાલિત કરે તો જીવનનો નિષેધ કરવા અને તેના પોતાના હેતુઓમાંથી દૂર નીકળી જવાનાં સાધનોને જ માત્ર તૈયાર કરી શકે. વિરક્તલક્ષી માર્ગદર્શન નિમ્ન

પ્રવૃત્તિઓ પ્રત્યે સહિષ્ણુતા દાખવે પરંતુ આખરે પોતાની પ્રવૃત્તિને બંધ કરવાનું અને અવગણવાનું જ સમજાવે. પરંતુ આધ્યાત્મિકતા જે જીવનનું પ્રભુત્વ સ્વીકાર્યા વિના તેના વિકાસને આવકારે છે અને છતાં તેનાથી પર જાય છે એ આ અશક્તિથી ક્રમિત નથી. માનવ જીવનને જે સંપૂર્ણ રીતે જીવ્યો છે અને બુદ્ધિ તથા મનથી અતીત અને આધ્યાત્મિક સત્યના શબ્દને શોધ્યો છે એ ઋષિ છે. ઋષિ આ નિમ્ન મર્યાદાઓથી પર ગયા છે, ઊર્ધ્વ દૃષ્ટિબિંદુઓથી આ વસ્તુઓને જોઈ શકે છે, અન્ય માણસોના પ્રયાસ માટે તેને સહાનુભૂતિ છે અને અંતર સૃષ્ટિમાંથી એ તેને જોઈ શકે છે. ઋષિ પાસે સંપૂર્ણ અંતર્જ્ઞાન છે અને ઉચ્ચતર ચડિયાતું જ્ઞાન છે. તેથી જેમ ઈશ્વર જગતનું દિવ્ય રૂપે માર્ગદર્શન કરે છે તેમ ઋષિ જગતનું માનવ રીતે માર્ગદર્શન કરે છે કારણ કે દિવ્યતત્ત્વની જેમ ઋષિ જગતના જીવનમાં છે અને છતાં તેનાથી પર છે.

તેથી આધ્યાત્મિકતામાં આ અર્થની દૃષ્ટિએ માર્ગદર્શક પ્રકાશ અને સંવાદિત નિયમ પ્રાપ્ત કરવા માટે આપણે શોધ કરવી જોઈએ અને જે અંશે અને પ્રમાણમાં આધ્યાત્મિકતા સાથે ધર્મ તાદાત્મ્યતા સાધે છે એ અંશે ધર્મની શોધ કરવી જોઈએ. જ્યાં સુધી ધર્મ આધ્યાત્મિકતાથી ઓછો ઊતરતો જણાય ત્યાં સુધી એ માનવ પ્રવૃત્તિ અને અન્ય શક્તિઓમાંની એક શક્તિ તરીકે ગણવી અને તેને સૌથી વધુ મહત્ત્વની અને શક્તિશાળી માનવામાં આવે છતાં અન્ય શક્તિઓનું એ માર્ગદર્શન કરી શકે નહિ. જો એ શક્તિઓને પંથની મર્યાદાઓમાં, અફર નિયમમાં, વિશિષ્ટ વ્યવસ્થામાં નિશ્ચિત બાંધી દેવા તૈયારી કરે તો તેના અંકુશ વિરુદ્ધ તેમના બળવાને જોવા માટે તેણે હમેશાં તૈયાર રહેવું જોઈએ. કારણ કે, જોકે અમુક સમય માટે આ દબાણને એ સ્વીકારે અને તેનાથી તેને ફાયદો પણ મળે પરંતુ અંતે પોતાના અંતરતત્ત્વની સ્વતંત્ર પ્રવૃત્તિ અને નિરંકુશ કર્તવ્યના નિયમથી તેમણે ગતિ કરવાની છે. આધ્યાત્મિકતા માનવ આત્માની સ્વતંત્રતાનો આદર કરે છે કારણ કે એ સ્વયં સ્વતંત્રતા દ્વારા પરિપૂર્ણ બને છે, અને સ્વતંત્રતાનો ઊંડામાં ઊંડો અર્થ પોતાના અંતર સ્વરૂપ, ધર્મના નિયમથી પૂર્ણતા પ્રતિ વૃદ્ધિ પામવી અને વિસ્તૃત થવાની શક્તિ છે. આધ્યાત્મિકતા આપણા અંતરતત્ત્વના સર્વ મૂળભૂત ભાગોને આ સ્વાતંત્ર્ય આપશે. દર્શન અને વિજ્ઞાનને એ સ્વતંત્રતા આપશે જે સ્વતંત્રતા પ્રાચીન ભારતીય ધર્મે આપી છે. આત્માનો નિષેધ કરવાનું જો તેમને અનુકૂળ જણાતું હોય તો તેની સ્વતંત્રતા આપી છે. તેના પરિણામે વિજ્ઞાન અને દર્શનને પ્રાચીન ભારતમાં ધર્મથી છૂટા થઈ જવાની જરૂરિયાત કદી જણાઈ નહિ પરંતુ ધર્મના પ્રકાશમાં અને તેના છત્રમાં વૃદ્ધિ પામ્યા. મનુષ્યની સામાજિક અને રાજકીય પૂર્ણતા માટે શોધ અને તેની અન્ય સર્વ શક્તિઓ અને અભીપ્સાઓને એ જ સ્વતંત્રતા

આપશે. માત્ર એ દમન અને બંધનથી વિકાસ સાધે નહિ પરંતુ આત્માના નિયમ અને પ્રકાશ દ્વારા, આત્મશોધ, આત્મસંયમી વિસ્તાર અને ઊંડી સુપ્ત ઉચ્ચતમ અને તેમની સૌથી મહાન શકિતઓને વિવિધલક્ષી દૃષ્ટિથી શોધી વિકાસ કરે એ માટે આધ્યાત્મિકતા એ સૌને જાગૃતિ દ્વારા પ્રજ્વલિત કરશે, કારણ કે આ સર્વ સુપ્ત શકિતઓ આત્માની છે.

ચક્રનો નિમ્ન તાર્કિક યુગ

આ રીતે આપણું અંતિમ ધ્યેય, વ્યક્તિ માટે કે સમૂહલક્ષી માનવ માટે પૂર્ણતાની આપણી કેવળ આશા આધ્યાત્મિકતામાં રહી છે. પાર્થિવ જગત અને તેનાં કાર્યોમાંથી પોતાના સ્વતંત્ર સંતોષ માટે દૂર જાય છે એવો આત્મા નહિ પરંતુ મહત્તર આત્મા જે જગતથી પર જાય છે, છતાં પાર્થિવ જીવનને આવકારે છે અને પરિપૂર્ણ કરે છે. મનુષ્યના બૌદ્ધિક, સૌન્દર્યાત્મક, નૈતિક, પ્રાણલક્ષી સિદ્ધાંત, દૈહિક વલણ, જ્ઞાન પ્રાપ્ત કરવાની તેની અભીપ્સા, સૌન્દર્ય તરફ તેનું આકર્ષણ, પ્રેમની તેની જરૂરિયાત, પૂર્ણતા પ્રતિ તેની ઝંખના, સામર્થ્ય માટે જીવન અને અંતરતત્ત્વની તેની માગણી એ સર્વનો આધ્યાત્મિકતામાં સમાવેશ થાય છે. આધ્યાત્મિકતા પ્રતિકૂળ પરિબળોમાં તેમના ઐશ્વર્યની ભૂમિકા અને દિવ્ય સમજ પ્રગટ કરશે, પ્રત્યેકને એકબીજા સામે સમન્વયિત કરશે, હાલ એ આંધળી રીતે કે દોષિત દૃષ્ટિથી પડછાયાઓ અને આછા અજવાળામાં ગતિ કરે છે તે માર્ગોને યોગ્ય દર્શન પ્રતિ પ્રજ્વલિત કરશે. આધ્યાત્મિકતા એ એવી શક્તિ છે જેને મનુષ્યનો વધુ પડતો આત્મ-પર્યાપ્ત તર્ક સ્વીકારી શકે અથવા સાર્વભૌમ તરીકે એક સમય સ્વીકારવા તૈયાર થઈ શકે અને પોતાના અનંત ઊગમને તેના ઉત્તમ તેજમાં નિહાળે. કારણ કે અંતે તાર્કિક અંતિમ પ્રક્રિયા તરીકે મનુષ્ય વ્યક્તિગત અને સામાજિક પ્રયાસ આદરે છે તે સર્વની સિદ્ધિ અને અનિવાર્ય વિકાસ તરીકે નિશ્ચિત રીતે સ્વયં પ્રગટ થાય છે. જાતિમાં રહેલી અપરિપક્વ, અવિકસિત અને પ્રારંભિક આધ્યાત્મિકતાની સંતોષકારક ઉત્ક્રાંતિ એ એવી શક્યતા છે જેની જાગૃતિની પ્રથમ ઝાંખી આત્મનિષ્ઠાવાદના યુગમાં જોવા મળે છે. એ તરફ વળવા માટે આરંભની પ્રગલ્ભ સુપ્ત શક્તિ દર્શાવે છે. વ્યક્તિલક્ષી અને સમૂહલક્ષી આત્મતત્ત્વ અને જીવનની વધુ સૂક્ષ્મ, વ્યાપક, મહાન, વધુ આધ્યાત્મિક આત્મલક્ષી સમજૂતી અને તેની સમસ્યાઓના આખરી ઉકેલ માટે આધ્યાત્મિક સાધનો

અને આધ્યાત્મિક પ્રકાશ પર વધતો જતો આધાર એ જ યથાર્થ સામાજિક પૂર્ણતાનો માર્ગ છે. અર્ધ આધ્યાત્મિક ધર્મગુરુ, સંત કે પયગંબર અથવા અપરિપક્વ ધર્મમતાગ્રહી નહિ પરંતુ વિકસિત આધ્યાત્મિક માનવનો પ્રભાવ, અંકુશ, સવિશેષ પ્રબળ નેતાગીરી અથવા સ્વતંત્ર શાસન એ જાતિ અને સમાજના દિવ્ય માર્ગદર્શન માટે આપણી આશા છે. વ્યક્તિગત સંવાદિતા અને સમૂહલક્ષી સુખનું સામ્રાજ્ય કેવળ આધ્યાત્મિક સમાજ જ લાવી શકે. અથવા જે શબ્દોનો તર્ક અને વાસનાઓ દ્વારા ગેરઉપયોગ થઈ શકે તેમ છે અને છતાં અભિવ્યક્તિ માટે ઘણા ઉત્તમ જણાય છે એ પૃથ્વી પર ઈશ્વરનું સામ્રાજ્ય, અભિનવ પ્રકારનું દેવીશાસન જે મનુષ્યોના મન અને હૃદયમાં દિવ્ય તત્ત્વ દ્વારા માનવ-જાતિની સરકાર રચાશે ત્યારે જ વ્યક્તિગત સંવાદિતા અને સમૂહલક્ષી સુખ પ્રાપ્ત થશે.

ખરેખર આ કંઈ સહેલાઈથી થઈ શકે નહિ અથવા દરેક નવા મહાન ફેરફાર અને રાજકરણ અને સમાજની ક્રાંતિ સમયે એકદમ પૂર્ણ સંતોષકારક પરિવર્તન અને જાદુઈ રૂપાંતરથી માનવજાતે હમેશ વ્યર્થ આશા સેવી છે એમ તુરત જ શક્ય નથી. જોકે આ વિકાસ અન્ય પ્રતિભાવંત ફેરફારો અને અમાપ વિકાસ હોય છે તેમ ખરેખર એ ચમત્કારિક સ્વરૂપવાળો વિકાસ હશે. કારણ કે આવા વિકાસોનો દેખાવ મૂર્તિમંત અસંભવિતતાનો પ્રકાર છે. પરંતુ ઈશ્વર પોતાના સર્વ ચમત્કારો જેની ગૂઢ શક્યતાઓની છેક તેમના તત્ત્વોમાં લાંબા વખતથી તૈયારી થઈ ચૂકી છે તેની ઉત્ક્રાંતિ કરીને અંતે સર્વને શીર્ષક નીચે ઝડપથી એકત્રિત કરી, તત્ત્વોને એકીસાથે મેળવી દઈ જેથી તેમના મિલનમાં નવું સ્વરૂપ, વસ્તુઓનું નામ અને નવીન આત્મા પ્રગટ થાય એ રીતે કામગીરી કરે છે. નિર્ણયાત્મક પલ્ટા પહેલાં તેના પૂર્વગામી તરીકે વારંવાર એવું બને છે કે નવીન સિદ્ધાંત અને નવીન સર્જનનો દુરાગ્રહી વિરોધ થાય છે અને વસ્તુઓની એટલી બધી એકપક્ષી ખેંચતાણ થાય છે કે નવીન સિદ્ધાંતનો સખ્ત નિષેધ થતો જણાય છે. આધ્યાત્મિક સમાજનાં તત્ત્વોની આવી ઉત્ક્રાંતિને આત્મલક્ષી પુંજ છેક શક્ય બનાવે છે અને જો એ સાથે વસ્તુઓને સક્રિય શક્તિની ટોચ કક્ષાએ ચડાવે જે આ શક્યતાનો સખ્ત નિષેધ દર્શાવે તેથી કંઈ નવીન જન્મની વ્યાવહારિક અસંભવિતતાનું એ નિદર્શક ચિહ્ન છે એમ માનવું જરૂરી નથી, પરંતુ તેથી વિરુદ્ધ આ નવીન જન્મના આગમનની સંજ્ઞા છે અથવા તદ્દન નિમ્ન કક્ષાએ સિદ્ધિનો એ મજબૂત પ્રયાસ છે. ખરેખર આત્મલક્ષી પુંજનો સમગ્ર પ્રયાસ ખોટે રસ્તે જતો હોય એમ જણાય. પરંતુ જ્યારે સામગ્રીની અપર્યાપ્તતા, તેના આરંભબિંદુની અપરિપક્વતા, ઉતાવળિયું છીછરાપણું અથવા

તેના અને વસ્તુઓના આંતરિક દૃષ્ટિકોણની સંકુચિત તીવ્રતાને કારણે આત્મ-જ્ઞાનની મૂળભૂત ભૂલ કરી નિષ્ફળ થાય છે એમ વારંવાર બને છે. જ્યારે યુગાત્મા સ્વતંત્રતાથી સભર, વિવિધલક્ષી સંશોધન કરતો હોય, માનવ પ્રવૃત્તિના સર્વક્ષેત્રોમાં જ્ઞાન અને પૂર્ણતા પાછળ દૃઢાગ્રહી પ્રયત્ન કરતો હોય ત્યારે આમ બનવાની ઓછી શકયતા છે. વિવિધ પાસાંઓ અને વિવિધ બાજુઓ પર અનંત અને દિવ્ય તત્ત્વના તીવ્ર છતાં પરિવર્તનશીલ ખેંચાણમાં એ પ્રયત્નને સારી પેઠે બદલાવી શકાય છે. આવા સંજોગોમાં પૂર્ણ વિકાસ કદાચ થવા ન પામે પરંતુ મહાન આગેકૂચની આગાહી કરી શકાય.

આપણે જોયું કે સામાજિક ઉત્ક્રાંતિના અથવા સામાન્ય રીતે વ્યકિત અને સમાજ બન્નેમાં માનવ ઉત્ક્રાંતિનાં આવશ્યક રીતે ત્રણ સોપાનો રહ્યાં છે. આપણી ઉત્ક્રાંતિની શરૂઆત નિમ્ન તાર્કિક યુગથી થાય છે જેમાં પોતાના જીવન અને કર્તવ્યને તેના સિદ્ધાંત અને સ્વરૂપમાં શુદ્ધ બુદ્ધિના નિર્ણયથી દોરવાની મનુષ્યોએ હજુ તાલીમ લીધી નથી. કારણ કે મનુષ્યો હજુ મુખ્યત્વે પ્રવૃત્તિઓ કરે છે અથવા ઇચ્છા, રૂઢિગત પ્રતિક્રિયાને વશ થાય છે. તેમની સામાજિક સંસ્થાઓમાં આ અવસ્થાઓને નિશ્ચિત દિશામાં વાળવામાં આવે છે. અથવા તેમને સ્પષ્ટ કરવામાં આવે છે. આવી પ્રાથમિક શરૂઆતમાંથી મનુષ્ય વિવિધ તબક્કાઓ પસાર કરીને તાર્કિક યુગ તરફ પહોંચે છે. તાર્કિક યુગમાં તેનો વત્તેઓછે અંશે વિકસિત થયેલો બૌદ્ધિક સંકલ્પ તેના વિચાર, લાગણી અને પ્રવૃત્તિનો ન્યાયા-ધીશ, લવાદ અને વરિષ્ઠ હેતુ બને છે. એ તેના અગ્રગણ્ય વિચારો, ધ્યેયો અને અંતઃસ્ફુરણાઓના ઘડનાર, વિનાશક અને પુનઃસર્જક બને છે. આખરે જો આપણું પૃથક્કરણ અને આગાહી યથાર્થ હોય તો માનવ ઉત્ક્રાંતિ આત્મ-લક્ષી યુગમાંથી તર્કાતીત અથવા આધ્યાત્મિક યુગ પ્રતિ આગળ ગતિ કરવી જોઈએ. આ યુગમાં એ વધુ મહાન આધ્યાત્મિક, તર્કાતીત, અંતઃસ્ફુરણાત્મક અવસ્થા કદાચ અંતમાં અંતઃસ્ફુરણાત્મક અવસ્થા કરતાં વધુ વિજ્ઞાનમય ચેતનાનો મનુષ્ય પ્રગતિશીલ રીતે વિકાસ કરશે. એ ઉચ્ચતર દિવ્ય સાધ્ય, દિવ્ય સંમતિ, એ જેની ઝંખના કરે છે, કર્તવ્ય કરે છે, વિચાર કરે છે, લાગણી અનુભવે છે એ માટે માર્ગદર્શન મેળવવા દિવ્ય પ્રકાશને જોવા એ શકિતમાન બનશે અને વધુ વ્યાપક પ્રકાશ અને સામર્થ્યમાં જીવવા અને વશ રહેવા એ પાત્ર બનશે. મધ્યયુગની જંગલી હિંસા, અંધાધૂંધી અને ગૂંચવણોને ઝાંખી પ્રજ્વલિત કરી એમ નિમ્ન તાર્કિક ધાર્મિક સંવેગ અને જુસ્સાના કોઈ નિયમથી એ થઈ શકશે નહિ પરંતુ એ ઉચ્ચતર આધ્યાત્મિક જીવનથી થઈ શકશે. આધ્યાત્મિક જીવન માટે તર્કની સ્પષ્ટતાઓ એ આવશ્યક જરૂરિયાત છે. આ જીવનમાં તર્કને પણ સમાવી લેવાશે, તેનું રૂપાંતર કરી તેના અદૃશ્ય ઝિગમ સમક્ષ લાવવામાં આવશે.

આ તબક્કાઓ અથવા યુગો પોતાની સાધનલક્ષી સંસ્કૃતિ માટે વિજ્ઞાને

પથ્થરયુગ અને અન્ય યુગો આલેખ્યા છે એ કરતાં માનવજાતિની મનોવૈજ્ઞાનિક ઉત્ક્રાંતિ માટે વધુ પ્રમાણમાં અનિવાર્ય છે. કારણ કે મનોવૈજ્ઞાનિક ઉત્ક્રાંતિ બાહ્ય સાધનો કે આકસ્મિક સંજોગો પર આધાર રાખતી નથી પરંતુ તેના અંતરતત્ત્વ પર આધાર રાખે છે. પરંતુ આપણે એમ ધારવું જોઈએ નહિ કે એ નૈસર્ગિક રીતે વ્યાવર્તક અને તેમના સ્વરૂપમાં નિરપેક્ષ છે. અથવા જ્યારે એ મળે છે ત્યારે સિદ્ધિ કે પૂર્ણતાનાં વલણ ધરાવતાં નથી અથવા તેમના સમય કે કર્તવ્યમાં એકબીજાથી ચુસ્તપણે જુદા પાડવામાં આવ્યા નથી, કારણ કે એ એકબીજામાંથી ઉત્પન્ન થાય છે. એટલું નહિ પરંતુ એકબીજામાં એકપક્ષી રીતે વિકાસ થાય છે. અને એક સમયે પૃથ્વીના જુદા જુદા ભાગોમાં તેઓ સહઅસ્તિત્વ ધરાવે એવું બને. પરંતુ સવિશેષ સમગ્ર રીતે મનુષ્ય હમેશ જટિલ અંતરતત્ત્વ ધરાવે છે. પછી ભલે એ માણસ જંગલી કે ઊતરતી કક્ષાનો હોય પરંતુ એ માણસ જ્યાં સુધી પોતાના તત્ત્વથી પર ગયો નથી કે અતિમાનવમાં તેનો વિકાસ થયો નથી કે પોતાના સમગ્ર અંતરતત્ત્વનું આધ્યાત્મિક અને દિવ્ય રૂપાંતર કર્યું નથી ત્યાં સુધી આ વસ્તુઓમાંથી એ વ્યાવર્તક રીતે કે નિરપેક્ષપણે એક પાસું ધારણ કરી શકે નહિ. એ અધમ પ્રાણીમય કક્ષાઓ હોય તો પણ એ અમુક પ્રકારનું વિચારશીલ કે ચિંતનપ્રધાન પ્રાણી છે. નિમ્ન તાર્કિક મનુષ્ય પણ તદ્દન નિમ્ન તાર્કિક હોઈ શકે નહિ પરંતુ તર્કની પ્રગટ કે અપ્રગટ વત્તીઓછી ગતિ હોવી જોઈએ અને વત્તુંઓછું અપરિપક્વ તર્કાતીત તત્ત્વ હોવું જોઈએ. એ આત્માનું વત્તુંઓછું છૂપું કાર્ય છે. સરળરીતે તેની ઉત્તમ માનસિક કક્ષાએ મનુષ્ય હજુ શુદ્ધ રીતે માનસિક તત્ત્વ કે શુદ્ધ બુદ્ધિશાળી તત્ત્વ નથી. પૂર્ણ બુદ્ધિશાળી મનુષ્ય પણ તદ્દન કે સમગ્ર તાર્કિક નથી અને બની શકે નહિ. પ્રાણલક્ષી કામનાઓ રહી છે જેને એ દૂર કાઢી શકે નહિ. ઊર્ધ્વમાંથી પ્રેરિત પ્રકાશનું આગમન કે આલિંગન પ્રાપ્ત થાય છે. એ કોઈ રીતે તર્કાતીત કક્ષાથી ઓછા ઊતરે એમ નથી. ફક્ત મનુષ્ય એ પ્રકાશની પ્રતીતિ કરી શકતો નથી. મનુષ્ય એ દેવ ન હોય પરંતુ દિવ્ય પ્રભાવના કિરણથી સ્પર્શિત રહ્યો છે. મનુષ્યની આધ્યાત્મિકતા આધિપત્ય ધરાવે છે છતાં એ ઉત્ક્રાંતિમાં વિકાસ પામી રહ્યો છે તેથી અપૂર્ણ છે અને તેથી તેનાં તાર્કિક અને નિમ્ન તાર્કિક તત્ત્વો અને વૃત્તિઓ તેનાં ઘટકો તરીકે હોવાં જોઈએ. અને વ્યક્તિઓનાં માનસિક જીવન અંગે જે બને છે એ તેના સમૂહલક્ષી અસ્તિત્વના યુગો અંગે હોવું જોઈએ. એક તત્ત્વના વરિષ્ઠ કાર્ય દ્વારા આ તત્ત્વોને એકબીજાથી ભિન્ન દર્શાવી શકાય. તેનાં બળ અન્યને હંફાવે, પોતાના ક્ષેત્રમાં સમાવે અથવા અમુક તડજોડ કરે પરંતુ એકબીજાથી અને એકાકી પ્રવૃત્તિ શક્ય નથી તેમ એવો આશય હોય એમ જણાતું નથી.

આમ, માનવ અને સામાજિક વિકાસના નિમ્ન તાર્કિક યુગમાં તર્ક અને

આધ્યાત્મિકતાનાં પ્રબળ તત્ત્વો ગેરહાજર હોઈ શકે નહિ. જંગલી કે અસભ્ય માનવમાં એ પછી આદિવાસી કે અવનતિ પામેલ હોય પરંતુ આ જગત કે તેનાથી પરના જગતનો અમુક સંવાદિત ખ્યાલ જીવન અને ધર્મનો સિદ્ધાંત હોય છે. આપણા આગળ વધેલા તાર્કિક જ્ઞાનની દૃષ્ટિથી જોતાં તેના જીવનનો સિદ્ધાંત અસંગત જણાય તેનું કારણ એ છે કે આપણે તેનું દૃષ્ટિબિંદુ ગુમાવ્યું છે અને તેનો માનસિક સાહચર્યોનો સિદ્ધાંત અદૃશ્ય થયો છે, પરંતુ તેમ છતાં એ તર્કની ક્રિયા છે અને તેની મર્યાદાઓમાં સૈદ્ધાંતિક અને વ્યાવહારિક બન્ને વિચારની પર્યાપ્ત ક્રિયા, સ્પષ્ટ નૈતિક વિચાર અને હેતુ, અમુક સૌન્દર્યાત્મક ખ્યાલો અને સમાજની સમજુ વ્યવસ્થા જે આપણી દૃષ્ટિએ ભુદ્ર અને સંસ્કાર વિહોણા લાગે છતાં વિષયોની સાદાઈને પાર પાડવા સુયોગ્ય રીતે આવિષ્કાર પામેલા અને એકઠા કરવા એ શક્તિમાન છે. અથવા ફરીથી જીવનના આરંભના સિદ્ધાંતમાં આપણે તર્કનું તત્ત્વ સાકાર થતું જોઈએ નહિ અથવા અશિષ્ટ ધર્મમાં આધ્યાત્મિકતાને નિહાળીએ નહિ તેનું કારણ એ છે કે સંજ્ઞાઓ, પ્રતીકો અને સ્વરૂપોના એ બન્યા છે જેને આ અવિકસિત મન વહેમયુક્ત મૂલ્ય આપે છે. પરંતુ તેનું કારણ એ છે કે આ તબક્કે તર્કનું અપૂર્ણ અને મર્યાદિત કાર્ય છે અને આધ્યાત્મિકતાનું તત્ત્વ સ્વ-જાગૃત ન રહેતાં અપરિપક્વ કે અવિકસિત છે. પોતાની કામગીરીને દૃઢ રીતે વળગી રહેવા અને પોતાનાં મન અને આત્મા સમજ યથાર્થ અને તાદૃશ કરવા આરંભનો માનવ સિદ્ધાંત અને માન્યતાને પ્રતીકો અને રૂપોનો આકાર આપે છે. આ પ્રતીક અને રૂપને તે અશિષ્ટ અહોભાવ અને આદરથી વળગી રહે છે, કારણ કે કેવળ એ પ્રતીક અને રૂપ જ જીવનમાં આત્મ-માર્ગદર્શનની તેની પદ્ધતિને મૂર્તિમંત કરી શકે છે. કારણ કે તેનામાં જે તત્ત્વ આધિપત્ય ધરાવે છે એ સહજવૃત્તિ, પ્રાણલક્ષી અંતઃસ્ફુરણા અને સંવેગ, યાંત્રિક રૂઢિ અને પરંપરાયુક્ત નિમ્ન તાર્કિક જીવન છે તેના બાકીના વ્યક્તિત્વનાં કરણોએ તેને અમુક પ્રકારની પ્રાથમિક વ્યવસ્થા અને પ્રકાશની પ્રથમ ઝાંખીનું પ્રદાન કરવાનું છે. તેનામાં રહેલો અશુદ્ધ તર્ક અને અસંસ્કારી આત્મા પોતાનાં સાધ્યો માટે કાર્ય કરી શકે નહિ. તેના નિમ્ન તાર્કિક સ્વરૂપનાં એ જોડકાં સહચારી છે.

માનવજાતિમાં રહેલો ખરેખર અશિષ્ટ માનવ એ આદિ મૂળ માનવ નથી પરંતુ એ આદિવાસી સ્વરૂપ તરફ થતી પીછેહઠ અને ઊતરેલો છે. તેથી વિકાસના ઉચ્ચતર તબક્કે અથવા વધુ પૂર્ણ ઉત્ક્રાંતિમાં પાછા ફરીને સમાજનો નિમ્ન તાર્કિક તબક્કો સંસ્કૃતિની ઘણી ઉન્નત કક્ષાએ પહોંચી શકે. આવા ધર્મમાં જીવનના સામાન્ય હેતુ અથવા અર્થોની મહાન અંતઃસ્ફુરણાઓ હોય, જીવનની વ્યવસ્થાના પ્રશંસનીય વિચારો હોય, સંવાદિત, સાનુકૂળ, દીર્ઘ અને

ફરજ બજાવવા તત્પર સામાજિક વ્યવસ્થા, પ્રતિભાવાળો અસરકારક ધર્મ રચે પરંતુ એમાં પ્રતીક અને ક્રિયાકાંડ માનવ-સમુદાય માટે વધુમાં વધુ ભાગ ભજવશે અને એ સમગ્ર ધર્મ બની જશે. આ તબક્કે શુદ્ધ તર્ક અને શુદ્ધ આધ્યાત્મિકતા સમાજને સંચાલિત કરશે નહિ અથવા મનુષ્યના વિશાળ સમુદાયને ગતિશીલ નહિ કરે પરંતુ જો એ કંઈ કરે તો આરંભમાં અમુક વ્યકિતઓ દ્વારા તેનું પ્રતિનિધિત્વ થશે અને જેમ જેમ આ બે શકિતઓ તેમની શુદ્ધિ, શકિતમાં વૃદ્ધિ પામશે અને વધુ ને વધુ અનુયાયીઓને આકર્ષશે તેમ તેમ સંખ્યામાં વધારો થશે.

જો તર્કનો વિકાસ વધુમાં વધુ પ્રબળ હોય તો આ એવા યુગ તરફ દોરી જાય જેમાં મહાન વ્યકિતગત વિચારકો જીવનના, તેના ઊગમ અને નિયમોના અમુક વિચારોને ગ્રહણ કરી લે છે અને તેમાંથી દર્શનની રચના કરે છે. માનવ-સમુદાયથી પર રહીને અમુક આલોચનાત્મક માનસ અલબત્ત ઉજ્જવલ વ્યાપકતાથી, સમજૂતીની બારીક પરિવર્તનશીલતાથી કે સ્પષ્ટ અને સર્વગ્રાહી પ્રતિભાથી નહિ પરંતુ જીવનનું અવલોકન કરવામાં બુદ્ધિ, વેધક દૃષ્ટિ, તીવ્રતા પ્રગટ કરે છે. કોઈ શ્રેષ્ઠ સામાજિક ચિંતક સામાજિક કટોકટી કે ઊથલપાથલનો લાભ લઈ અમુક સ્પષ્ટ તાર્કિક અને બૌદ્ધિક સિદ્ધાંતનો આધાર લઈ સમાજનું પુનર્ઘટન અને તેમાં સુધારો કરવા શકિતમાન બને છે. ગ્રીક સંસ્કૃતિ અથવા તેના ગતિશીલ અને પ્રગતિશીલ યુગની શરૂઆતની પરંપરાઓ દ્વારા જેને પ્રતિનિધિત્વ મળ્યું છે તેમાં આ યુગની પ્રતીતિ થાય છે. અથવા જો આધ્યાત્મિકતાનું આધિપત્ય હોય તો આપણા સ્વાભાવની હજુ પ્રગલ્ભ અને ગૂઢ મનોવૈજ્ઞાનિક શકયતાઓમાં ઊંડું સંશોધન કરનારા મહાન રહસ્યવાદીઓ થશે. મનુષ્યમાં અંતરતત્ત્વ અને આત્મા સત્યોને અંતર્જ્ઞાન દ્વારા જાણી સાકાર કરશે અને ભલે એ અમુક અધિકારી દીક્ષિત વર્ગની મર્યાદિત સંખ્યાને જ આ વસ્તુઓનું ગૂઢ રહસ્ય પ્રગટ કરે છતાં લૌકિક જીવનના અપરિપકવ સ્વરૂપોને સૂક્ષ્મ બનાવવામાં સફળ નીવડે છે. આ પ્રકારનો વિકાસ ગૂઢ રહસ્ય વિદ્યાની જૂની પરંપરામાં અસ્પષ્ટ રીતે નિર્દેશિત થયો છે, પ્રાગ્-ઐતિહાસિક ભારતમાં આપણે આ વિકાસને વિશિષ્ટ અને આગવો વળાંક લેતા જોઈએ છીએ જેણે સમાજના સમગ્ર ભવિષ્યના પ્રવાહનું નિર્ધારણ કર્યું અને માનવજાતિના ઈતિહાસમાં ભારતીય સંસ્કૃતિને અનોખા તત્ત્વ અને આગવી જાતિ તરીકે સ્થાન અપાવ્યું છે. પરંતુ માનવજાતિમાં આ વસ્તુઓ માત્ર પ્રકાશની પ્રથમ શરૂઆત છે. એ હજુ નિમ્ન તાર્કિક અને નિમ્ન આધ્યાત્મિક છે. અને આવા અગ્રદૂતોના પ્રભાવ નીચે એ કાર્ય કરે છે ત્યારે પણ પોતે જ પ્રદાન કરી રહ્યા છે કે લાદી રહ્યા છે તેની આધ્યાત્મિક જાગૃતિ કે સ્પષ્ટ બૌદ્ધિક આવકાર વિના

તેની પ્રેરણાને માત્ર અસ્પષ્ટ રીતે પ્રતિક્રિયા કરે છે. તો હજુ નિમ્ન તાર્કિક સ્વરૂપમાં સર્વને ફેરવે છે અને પરંપરાને વિકૃત બનાવી ગુપ્ત પ્રતીક અને અણસમજુ ક્રિયાકાંડ દ્વારા આધ્યાત્મિક જીવન ગાળે છે. એ અસ્પષ્ટપણે ઉચ્ચતર વસ્તુઓને અનુભવે છે, તેને હજુ સમજાતું નથી છતાં પોતાના અવરોધયુકત માર્ગમાં જીવવા યત્ન કરે છે. એ બૌદ્ધિક સ્વરૂપ અથવા તેમના અગત્યના આધ્યાત્મિક હૃદય પર પોતાનો પંજો મૂકી શકતું નથી.

જેમ તર્ક અને આધ્યાત્મિકતા વિકાસ પામે છે તેમ સમૂહ પર વધુ વ્યાપક અને અસરકારક, કદાચ એ મંદ હોય છતાં વધુ વિશાળ અને વધુ વિસ્તૃત અને પ્રસરેલ બળ બનવાની શરૂઆત કરે છે. પ્રચંડ આધ્યાત્મિક વિકાસનાં બીજ રહસ્યવાદીઓ વાવે છે. જેમ ભારતમાં ઉપનિષદ કાળમાં બન્યું તેમ બધા વર્ગોમાંથી મનુષ્યો તેમ સમાજના બધા વર્ગો પ્રકાશ અને માર્ગ માટે ઊમટે છે. એકાકી વ્યકિતગત ચિંતકોની જગ્યા મોટી સંખ્યામાં લેખકો, કવિઓ, ચિંતકો, વકતાઓ, તાર્કિક ધારાશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિક સંશોધકો લે છે. એ વેધક તાત્ત્વિક ચિંતન અને સંશોધનનો વિપુલ પ્રમાણમાં ધોધ વહેવડાવે છે. અને વિચારવમળોને ઉદ્દીપ્ત કરે છે, અને જેમ ગ્રીસમાં વિદ્વાનોના યુગમાં બન્યું તેમ એ જનસમુદાયમાં પણ બુદ્ધિની સામાન્ય પ્રવૃત્તિનું સર્જન કરે છે. નિમ્ન તાર્કિક સમાજમાં તર્કથી મુકત જે આધ્યાત્મિક વિકાસ થાય છે એ સર્વ પ્રથમ તાર્કિક અને બૌદ્ધિક ગતિની હદને વટાવી જવાની વારંવાર વૃત્તિ ધરાવે છે. કારણ કે નિમ્ન તાર્કિક મનુષ્ય જેમ જેમ વિકાસ કરે છે તેમ તેમ તેનું સૌથી મહાન તેજસ્વી બળ તેનામાં રહેતી પ્રાણલક્ષી શકિતમાંથી ઉત્પન્ન થતી સહજ સ્ફુરણાત્મક દૃષ્ટિ અને નિમ્ન અંતઃસ્ફુરણા છે. આમાંથી આંતરિક જીવન અને વધુ સૂક્ષ્મ આધ્યાત્મિક અંતઃસ્ફુરણાના વિકાસની તીવ્રતા તરફ સંક્રાંતિ જે બુદ્ધિની મર્યાદાને કૂદી જાય છે અને તેના વિના ચલાવી પણ લે છે. આ સંક્રાંતિનો માર્ગ વ્યકિતને માટે સહેલો છે. પરંતુ વ્યાપક માનવજાતિ માટે આ ગતિ લાંબો સમય ટકી શકે નહિ. મનુષ્યમાં રહેલી અપરા પ્રકૃતિના અને બૌદ્ધિક તથા માનસિક અંતરતત્ત્વના વિશાળ આધાર પર જાતિની આધ્યાત્મિકતા સહીસલામતીથી ઊર્ધ્વગમન કરી શકે એ માટે મન અને બુદ્ધિનો પૂર્ણ વિકાસ થવો આવશ્યક છે. તેથી આપણે જોઈએ છીએ કે તેના વિકાસમાં તર્ક કાં તો સ્વતંત્ર આધ્યાત્મિક વૃત્તિને ગ્રીસમાં બન્યું તેમ થોડો સમય છોડી દે છે અથવા તેને સ્વીકારે છે પરંતુ તેની પ્રથમ સામગ્રી અને પ્રવૃત્તિઓની આજુબાજુ બુદ્ધિની કામગીરીનાં વિશાળ જાળાંને વણી કાઢે છે જેથી ભારતમાં બન્યું તેમ પ્રાચીન રહસ્યવાદી ઋષિની જગ્યા ચિંતક-રહસ્યવાદી, ધાર્મિક ચિંતક અને કોઈ વખત શુદ્ધ અને સાદા તત્ત્વચિંતક લઈ લે છે.

થોડો સમય એથેન્સમાં અથવા જૂના આર્યાવર્ત ભારતમાં બન્યું તેમ અભિનવ વૃદ્ધિ અને સંવેગ સમગ્ર ગ્રામસમાજનો કબજો લઈ લે છે. પરંતુ જ્યાં સુધી જાતિ કે કુળ તૈયાર હોય નહિ ત્યાં સુધી આ આરંભના પ્રભાતરૂપી સંસ્કાર તેમની શુદ્ધિને લાંબો સમય જાળવી શકતા નથી. પ્રથમ પ્રેરકબળનું સ્પષ્ટીકરણ, તેનો ઘટાડો, નિમ્ન તાર્કિક સ્વરૂપોનો નવો વિકાસ જેમાં નાના નાના વધારાઓમાંથી વિચારો કે આધ્યાત્મિકતાનો વધુ પડતો વિકાસ થયો હોય અથવા સ્વરૂપોમાં એ તદ્દન જડાઈ ગઈ હોય અને તેમાં કદાચ એ મૃત્યુ પણ પામે. પરંતુ ઉન્નત જીવન અને પ્રવૃત્તિ તથા જીવંત જ્ઞાનની પરંપરા ઉચ્ચતર વર્ગો કે ઉત્તમ વર્ગની સંપત્તિ બની જાય. વ્યાપક જનસમાજ તેની માનસિક ટેવની દૃષ્ટિએ નિમ્ન તાર્કિક રહે છે. આમ છતાં કદાચ ભૂતકાળના તેની સિદ્ધિ તરીકે પ્રગલ્ભ સૂક્ષ્મ આધ્યાત્મિક ગ્રહણશીલતા, ઉત્સાહિત બુદ્ધિને શકિત તરીકે એ હજુ જાળવી રાખે. જ્યાં સુધી તાર્કિક યુગના સમયનું આગમન થયું નથી ત્યાં સુધી સમાજના અતાર્કિક તબક્કાને પાછળ હડસેલી શકાય નહિ. એ આગમન ત્યારે જ થયું કહેવાય કે જ્યારે વર્ગ કે ગણ્યાગાંઠ્યા માણસો નહિ પરંતુ લોકોની વિપુલ સંખ્યા પ્રથમ તબક્કે કદાચ અપૂર્ણ હોય છતાં તેમના જીવન, તેમની જરૂરિયાતો, તેમના હક્ક, ફરજો, મનુષ્યો તરીકે તેમની અભીપ્સાઓ વિષે વિચાર કરતા સક્રિય રીતે બુદ્ધિનો ઉપયોગ કરતા થાય. જ્યાં સુધી એ શકય બને નહિ ત્યાં સુધી ઉચ્ચતમ શકય વિકાસ આપણા પાસે છે, એ મિશ્ર સમાજ જે તેના સામૂહિક પાસામાં નિમ્ન તાર્કિક છે પરંતુ ઉચ્ચતર વર્ગની સંસ્કૃતિથી તેનું રક્ષણ થાય છે. આ ઉચ્ચતર વર્ગનું કાર્ય તર્ક અને આત્માની ઝંખના કરવાનું છે, આ ક્ષેત્રમાં માનવજાતિની સિદ્ધિઓને જાળવી રાખી, તેમાં ઉમેરો કરવો અને શકય હોય તેટલા સમગ્ર સમાજના જીવનને તેમની સાથે ઉન્નત કક્ષાએ લઈ સંસ્કારી બનાવવાનું છે.

આ મુદ્દામાં આપણે જોઈએ છીએ કે સક્રિય મન અને જીવનની વિવિધ શાખાઓમાં તર્ક અને આધ્યાત્મિકતાને વ્યાપકપણે પ્રયોજિત કરવા પ્રકૃતિ તેના માનવ સમૂહના પાસામાં ધીમે ધીમે આગેકૂચ કરે છે. આ વ્યાપક પ્રયોજન આખરે માનવજાતિના તાર્કિક અને અંતે આધ્યાત્મિક યુગની સંભાવનાને નજીક લાવશે. બે બાજુએથી તેની મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે. સૌ પ્રથમ પ્રકૃતિએ અપવાદરૂપ વ્યકિતઓ દ્વારા વિચાર, તર્ક અને આધ્યાત્મિકતાનો મૂળ વિકાસ કર્યો. હવે એ સામૂહિક રીતે અપવાદરૂપ સમાજો કે રાષ્ટ્રો દ્વારા તેમનો વિકાસ કરે છે. આધ્યાત્મિક રીતે સંસ્કારી વર્ગ અથવા વર્ગો કે બૌદ્ધિક રીતે સંચાલિત, દોરવાયેલા, પ્રગતિજનક સ્વરૂપ પામેલા અને કેળવાયેલા રાષ્ટ્રના સાપેક્ષ અર્થમાં રાષ્ટ્રને સમજવાનું છે. પરંતુ વિકસિત તર્ક કે આધ્યાત્મિકતા

કે બન્ને દ્વારા ઉચ્ચતર કક્ષાઓએ અપવાદરૂપ રાષ્ટ્રની પ્રગતિ થઈ છે જેમ કે પ્રાચીન યુરોપમાં ગ્રીસ અને પછી રોમ, પ્રાચીન એશિયામાં ભારત, ચીન અને ઈરાન. આવાં રાષ્ટ્ર જૂની નિમ્ન તાર્કિક માનવજાતિના વિશાળ સમુદાયોના સહવાસમાં રહે છે અને આ નિકટવર્તી વિપત્તિ દ્વારા ભયભીત રહે છે. કારણ કે જ્યાં સુધી વિકસિત વિજ્ઞાન જાતિઓને દૂર કરી સમતુલા સ્થાપે નહિ ત્યાં સુધી સંસ્કારી મનુષ્યો કરતાં અશિષ્ટ મનુષ્યમાં હમેશ આક્રમણ કરવાની અખૂટ આગવી શકિત અને વધુ બળવાન શારીરિક સંપત્તિ છે. આ તબક્કે સંસ્કૃતિનાં પ્રકાશ અને સામર્થ્ય હમેશ બાહ્ય અંધકારના આક્રમણની સામે આખરે ઢળી પડે છે. આ આક્રમણ દ્વારા જે થોડો વખત નાશ પામ્યું છે અને નુકસાની પહોંચી છે એવા આપત્તિકારક સંજોગોમાં વિકાસ કરવા ઘણી મુશ્કેલી, હાનિ અને ઢીલને સહન કરી આ ઊર્ધ્વગમન કરતી પ્રકૃતિ વિજેતાઓને વત્તેઓછે અંશે તાલીમ આપે છે. આ પ્રક્રિયાથી આખરે માનવજાતિને ફાયદો થાય છે. રાષ્ટ્રોના વધુ મહાન સમુદાયને સાથે લાવી શકાય છે. પ્રગતિના વધુ વિશાળ અને વધુ જીવંત બળને પ્રયોજિત કરવામાં આવે છે. વધુ મૂલ્યવાન ચાને વૈવિધ્યયુકત સિદ્ધિઓ તરફ ગતિ કરવા નિશ્ચિત આરંભબિંદુ પ્રાપ્ત થાય છે. પરંતુ આગેકૂચ કરવા માટે અમુક નુકસાન ભોગવી તેની કિંમત ચૂકવવી પડે છે.

પરંતુ સમુદાયોની અંદર જ આ તબક્કે તર્ક અને આધ્યાત્મિકતાને સક્રિય બનવામાં હમેશ ભિન્ન વાતાવરણ અને મૂળ વસવાટ આપત્તિકારક અને વિઘ્નરૂપ નીવડે છે. આ શકિતઓના રખેવાળ તરીકે જે વર્ગો અને ચુનંદી વ્યકિતઓ છે એ પોતાની દોરવણી અને શાસનથી દોરતા અજ્ઞાત માનવસમુદાયને સ્વીકાર્ય એવાં માળખાંઓમાં આ તર્ક અને આધ્યાત્મિકતાને ફેંકી દેવા પ્રેરાશે. અને એ એ માળખાંઓથી તર્ક અને આધ્યાત્મિકતા બન્નેને પોતાની નૈસર્ગિક ક્રિયા છોડી દેવી પડે છે. એ જીવનવિહોણાં, અશ્મિરૂપ બીબાંઓ બને છે અને ગૂંગળાઈ જાય છે. બીજી મુશ્કેલી એ છે કે આ ઉચ્ચતર સંસ્કારી તત્ત્વો સર્વે આખરે તો સમુદાયના ભાગ હોય છે તેથી સ્વયં તેમના નિમ્ન તાર્કિક અંશોના પ્રભાવ નીચે છે અને વ્યકિતઓના અપવાદ સિવાય તર્કની સંપૂર્ણ સ્વતંત્ર પ્રવૃત્તિ અથવા આત્માનાં સ્વતંત્ર પ્રકાશ પ્રાપ્ત કરતા નથી. ત્રીજું આ તત્ત્વો નિમ્ન કક્ષાએ અજ્ઞાન રહ્યું છે તે પ્રત્યે ખેંચાઈ જવાનો અને ઢળી પડવાનો હમેશ ભય રહ્યો છે. પસંદ કરાયેલા વર્ગોમાં બૌદ્ધિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિની પરંપરાને જાળવવા પ્રકૃતિ વિવિધ યુકિતઓ દ્વારા પોતાનું રક્ષણ કરે છે. અહીં પ્રકૃતિ તેમનો આદર કરવાનું સ્વીકારે છે અને રાષ્ટ્રીય સંસ્કારનો ઉત્કર્ષ કરવા અને જાળવણી કરવા એ કેળવણી અને શિસ્તની રક્ષણાત્મક વ્યવસ્થાની સ્થાપના કરે છે. આ વસ્તુઓ નર્યા પરંપરાવાદમાં ઊતરી ન પડે

એ માટે પ્રકૃતિ સંખ્યાબંધ બૌદ્ધિક કે આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દાખલ કરે છે. આ પ્રવૃત્તિઓ પોતાની ધાકથી ક્ષીણ થતા જીવનને નવચેતન આપે છે. આમ એ તેને વ્યાપક, વધુ વિશાળ અને આધિપત્ય ધરાવતા તર્ક કે આધ્યાત્મિકતાને દિશાસૂચન કરી નિમ્ન તાર્કિક દ્રવ્યના જથ્થામાં ઊંડાણમાં વાળી દે છે. ખરેખર પ્રત્યેક ગતિ લાંબી કે ટૂંકી પ્રવૃત્તિ બાદ પથ્થર સમાન સ્થિર થઈ જાય છે. પરંતુ યોગ્ય સમયે તાજો આધાન અને નવું વહેણ બચાવવા અને પુનર્જીવિત કરવા આવી પહોંચે છે. આખરે એ એવે તબક્કે પહોંચે છે જ્યારે ઊભયો થવાના કોઈ તાત્કાલિક ભય પર વિજય પ્રાપ્ત થાય છે, અને સામાજિક ઉત્ક્રાંતિના ચક્રમાં પ્રકૃતિ પોતાના પછીના નિર્ણયાત્મક પ્રગતિ તરફ આગેકૂચ કરી શકે. તર્કની સર્વ ટેવ અને બુદ્ધિ તથા બૌદ્ધિક સંકલ્પને જીવનને પ્રયોજિત કરવાની ક્રિયાને સૌપ્રથમ સાર્વત્રિક બનાવવાના પ્રયાસમાં તેણે આકાર ધારણ કરવો જોઈએ. આમ માનવ સમાજના તાર્કિક યુગની સ્થાપના થાય છે. આપણે જે કાંઈ છીએ અને કરીએ છીએ તેના પર બુદ્ધિ અને તર્કનો પ્રભાવ લાવવા અને જાતિના સમગ્ર અસ્તિત્વને તેમના પ્રકાશ અને માર્ગદર્શક બળ દ્વારા સંગઠિત કરવાનો એ મહાન પુરુષાર્થ છે.

તાર્કિક યુગની રેખા

જાતિની ક્રમશઃ મનોવૈજ્ઞાનિક ઉત્ક્રાંતિના આ દૃષ્ટિકોણથી માનવજાતિના વર્તમાન કાળને સમાજની તાર્કિક વ્યવસ્થાના યોગ્ય સિદ્ધાંત અને નિશ્ચિત આધારને શોધી કાઢવા અને યોજવા વધુ ને વધુ ઝડપી અને ત્વરિત પ્રયાસ તરીકે આલેખી શકાય. એ પ્રગતિનો યુગ છે. પરંતુ પ્રગતિ બે પ્રકારની છે. પ્રથમ પ્રકારમાં એ અફર સામાજિક સિદ્ધાંતના નિશ્ચિત આધાર સાથે અનુકૂળતા સાધવી અને નવા વિચારો, નવી જરૂરિયાતો કે પછી ક્રાંતિકારી પરિબળોને અનુકૂળ થવા પ્રયોજિત કરવાની કામગીરી અને સંજોગોમાં જ સતત ફેરફાર, લાંબા ગાળાના નિશ્ચિત આધાર વિના સ્થાપિત સમાજના કેન્દ્રીય સિદ્ધાંતો અને વ્યાવહારિક આધારે મૂળિયાંમાંથી હચમચાવવાં એ તેનો બીજો પ્રકાર છે. આધુનિક યુગ ક્રાંતિકારી પ્રગતિની સતત હારમાળામાં વિયોજિત થઈ ગયો છે.

આ હારમાળા હમેશ એક વિશિષ્ટ ક્રમને અનુસરતી જણાય છે. સૌ પ્રથમ પ્રજ્વલિત બીજની વાવણીનો અને ઉત્સાહિત પ્રયાસ અને વિગ્રહનો સમય, ત્યાર બાદ એકપક્ષી જીત અને સિદ્ધિ અને માલિકીનો ટૂંકો ગાળો, ભ્રમ નિરસન અને અભિનવ ખ્યાલ અને પુરુષાર્થનો જન્મ એમ ક્રમને જોવા મળે છે. ચિંતક સામાજિક સિદ્ધાંતને રજૂ કરે છે. સામાન્ય સમુદાયના માનસ પર પકડ મેળવે છે અને એ સામાજિક જીવનસૂત્ર બની જાય છે. તેને તુરત જ ઝડપી તબક્કાઓ દ્વારા વ્યવહારમાં લાવવામાં આવે છે. એ પૂર્વગામી સિદ્ધાંતને પદભ્રષ્ટ કરે છે અને જનસમુદાયના રાજકીય અને સામાજિક જીવનના આધાર તરીકે પોતે પદ ધારણ કરે છે. આ જીત મળી ગયા પછી મનુષ્યો અમુક સમય ઉત્સાહમાં અથવા જ્યારે ઉત્સાહ ઓસરી જાય છે ત્યારે તેમની મહાન સિદ્ધિને વાગોળવામાં જીવન જીવે છે. થોડા સમય બાદ પ્રથમ પરિણામોથી તેઓ અમુક અંશે બેચેની અનુભવે છે અને અનુકૂળતા મુજબ સતત ફેરફાર કરવા તત્પર બને છે. નવીન વ્યવસ્થાનો વિકાસ કરવા વત્તેઓછે અંશે અસ્વસ્થ બની જાય છે. કારણ કે તર્કનું સ્વરૂપ

જ નિરીક્ષણ કરવું, નવીન વિચારો પ્રત્યે ખુલ્લું રહેવું, નવીન જરૂરિયાતો અને સંભવિતતાઓ પ્રત્યે ઝડપી પ્રતિક્રિયા કરવાનો છે અને પ્રત્યેક ટેવ અને જૂના સાહચર્ય વિના પ્રશ્ન હમેશ સ્વીકાર કરવામાં વિશ્રાન્તિ લઈ આધાર કે ટેકો લેવાનો તેનો સ્વભાવ નથી. આમ છતાં મનુષ્યો તેમના સામાજિક સિદ્ધાંત વિષે શંકા ઉઠાવવાનું હજુ વિચારતા નથી અથવા આ સિદ્ધાંતમાં કોઈ વખત ફેરફારની આવશ્યકતા જણાશે તેની કલ્પના કરતા નથી. પરંતુ તેનાં સ્વરૂપોને પૂર્ણ બનાવવા, તેનાં પ્રયોજનો વધુ સર્વાંગી અને તેનો અમલ વધુ અસરકારક અને નિષ્ઠાવાન બનાવવા જ એ આતુર છે. આમ છતાં એવો સમય આવી પહોંચે છે જ્યારે તર્ક અસંતુષ્ટ બને છે અને જુએ છે કે કેવળ નવી રૂઢિઓના સમુદાયને જ એ ઊભા કરે છે, અને કોઈ સંતોષકારક ફેરફાર થયો નથી. ક્યાં ભાર ઓછો દેવો કે વધારે દબાણ લાવવું તેમાં જ ફેરફાર થતો જણાય છે પરંતુ સમાજ પૂર્ણતાની સ્પષ્ટ રીતે વધુ નજીક જતો દેખાતો નથી. થોડા ચિંતકોએ કદાચ આરંભથી જ વિરોધ કર્યો છે અને સામાજિક સિદ્ધાંતની પર્યાપ્તતા અંગે શંકા સેવે છે એ હવે અનુભવાય છે અને વધતી જતી સંખ્યા દ્વારા તેનો સ્વીકાર થાય છે. વિગ્રહની પ્રવૃત્તિ દેખાય છે અને સમાજ અભિનવ ક્રાંતિકારી પ્રગતિ, નવીન વિપ્લવ, વધુ પ્રગતિશીલ સામાજિક સિદ્ધાંતના શાસનની પરિચિત પ્રદક્ષિણાનો આરંભ કરે છે.

જ્યાં સુધી તર્ક સામાજિક સિદ્ધાંતને શોધી શકે નહિ અથવા તેને સંતોષી શકે એવા અનેક સિદ્ધાંતોના અનુકૂલન અને સંમિશ્રણને શોધી શકે નહિ ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રહેવાની છે. તર્ક એ પરંપરા અને રૂઢિની લાંબી નિદ્રામાં ડૂબી જાય અથવા આગળ વધીને મહાન જાગૃતિ દ્વારા પોતાના કરતાં ઉચ્ચતર આત્માના શાસનને આવકારે અને માનવજાતિના આધ્યાત્મિક કે તર્કાતીત યુગ પ્રત્યે ખુલ્લો બને. આ સિવાય તર્ક સ્થાપિત વસ્તુઓના આધાર અંગે શંકા સેવવામાંથી દૂર રહી તેને કોઈ વખત સંતોષ મળી શકે કે નહિ એ એક પ્રશ્ન છે. જો આપણે આધુનિક ગતિ અને પ્રવૃત્તિ દ્વારા નિર્ણય લઈએ તો તેના માર્ગમાં દખલગીરી થાય નહિ એ શરતે સામાજિક સુધારક અને સર્જક તરીકે તર્કની પ્રગતિ ત્રણ ક્રમિક તબક્કામાંથી અનિવાર્ય રીતે પસાર થશે. આ તેના વિકાસની મુખ્ય તાર્કિક પ્રક્રિયા છે. પ્રથમ તબક્કો વ્યક્તિગત અને વધુ લોકશાહી રૂપ છે, તેના સિદ્ધાંત તરીકે સ્વાતંત્ર્ય છે. બીજો તબક્કો સમાજવાદી છે. એ તેના અંતમાં કદાચ સરકાર દ્વારા સામ્યવાદ તરફ દોરે છે. સમાનતા અને રાજ્ય એ તેના સિદ્ધાંતો છે. ત્રીજો તબક્કો જો એ કોઈ વખત સિદ્ધાંતના તબક્કાથી પર જાય તો શબ્દના ગેરઉપયોગને દૂર કરી વધારે ઉચ્ચ અર્થમાં શાસન વિહોણી અવસ્થાનો છે. કાં શિથિલ ઐચ્છિક સરકાર

અથવા તેના સિદ્ધાંત તરીકે સરકાર વિનાનો ભ્રાતૃભાવ, બિરાદરી અને સ્વતંત્ર સમુદાય છે. જ્યારે ત્રીજો તબક્કો ઉપસ્થિત થાય છે ત્યારે આ સંક્રાંતિના ત્રીજા અને પરિપૂર્ણ થતા તબક્કામાં તર્કની શક્તિ અને પર્યાપ્તતાની કસોટી થશે. આપણા સ્વભાવનો તર્ક અધિપતિ બની શકશે, આપણા આંતર સંબંધિત અને સંઘર્ષમય અહંકારોની સમસ્યાનું નિરાકરણ લાવી સમાજના પૂર્ણ સિદ્ધાંતને પોતાની અંદર લાવી શકશે કે પછી ઉચ્ચતર માર્ગદર્શક માટે માર્ગ ખુલ્લો કરી આપશે એની પરીક્ષા થશે. આ ત્રીજો તબક્કો કસોટી હેઠળ છે ત્યાં સુધી આખરે તો બળ ખરેખર શાસન ચલાવે છે, તર્ક માત્ર બળને તેના કર્તવ્યનું આયોજન અને વહીવટ કરવા વ્યવસ્થાનું પ્રદાન કરે છે.

આપણે એ જોયું છે કે તર્કના યુગનો માર્ગ ખુલ્લો કરનાર એ વ્યક્તિલક્ષીવાદ છે. અને વ્યક્તિલક્ષીવાદ પોતાના વિકાસની તક અને પોતાનો સંવેગ એ અધિકાર ભોગવતા રૂઢિવાદના યુગને અનુસરે છે તે કારણે પ્રાપ્ત કરે છે. પ્રાક્ વ્યક્તિલક્ષી અને પ્રાક્ તાર્કિક યુગોમાં મનુષ્યના સમૂહલક્ષી જીવન અને સમાજ પર વિચાર કરતા કોઈ વિચારકો નહોતા એવું નથી. પરંતુ તેમણે તર્કયુક્ત વિચાર, આલોચનાત્મક, સર્વેક્ષણ, સર્વસંશયાત્મક જેવી લાક્ષણિક પદ્ધતિ દ્વારા વિચાર કર્યો નહિ. ઉચ્ચ તાર્કિક બુદ્ધિની કાળજીપૂર્વક યાંત્રિક પદ્ધતિઓ દ્વારા રચનાત્મક બાજુ પર તેઓ આગળ ધપ્યા નહિ. સત્યના તાર્કિક પ્રત્યક્ષમાંથી એ પદ્ધતિ દ્વારા શુદ્ધ, પૂર્ણ અને સાર્વત્રિક વ્યવસ્થિત પ્રયોજન તરફ પ્રયાસ કરે છે એ ક્રિયાનો તેમણે વિચાર કર્યો નહિ. એ સહજ રીતે બૌદ્ધિક, સેન્દ્રિય અને સ્ફુરણાત્મક હતા. જે જીવન ઉત્કટ વિવેક, સ્ફુરણા અને વેધક દૃષ્ટિ દ્વારા રહસ્યને જાણવા પ્રયાસ કરે છે એ રીતે તેમણે હમેશ જીવન તરફ જોયું. જીવન અને અંતરતત્ત્વના વાસ્તવિક અને આદર્શ સત્યને પ્રતીક દ્વારા દેહ આપવો, પ્રકારોનું વર્ગીકરણ તેમની ગોઠવણી અને મનોવૈજ્ઞાનિક ક્રમમાં યોજવું, જીવનમાં સંસ્થાઓનો કેવો પ્રભાવ છે એ મુજબ સંસ્થાઓને ભૌતિક સ્થિરતા આપવી એ રીતે જીવનની સમજૂતી અને માનસિક પ્રતિમા રચવાના તેમના પ્રયાસને આ સ્વરૂપ દ્વારા દોર્યો. સહજ સ્ફુરણાત્મક અથવા ચિંતનાત્મક પ્રત્યક્ષ રીતિ દ્વારા મન જે વાસ્તવ દર્શન કરે છે તેને તાર્કિક બુદ્ધિની ભૌમિતિક ભાતમાં સુસ્થિર કર્યા વિના એ જીવનનું નિયંત્રણ કરે છે.

પરંતુ તર્ક ફક્ત એક જ પ્રકારના પ્રતીક દ્વારા જીવનને અર્થઘટિત કરવા અને સમજવા પ્રયાસ કરે છે અને એ પ્રતીક વિચાર છે. પોતે પ્રબળ રીતે કાપકૂપ કરેલી વિચારાત્મક સંકલ્પનાઓ મુજબ જીવનની હકીકતોનું એ સામાન્યીકરણ કરે છે. વસ્તુઓના સાકાર થઈ શકે અને થયા હોય એવા સત્યમાંથી છૂટા પડી ગયેલા માત્ર અમૂર્ત વિચારો એ બની જાય નહિ એ માટે તેમની

સતત હકીકતો સાથે તુલના કરવાની રહે છે. તેને હમેશ હકીકતો અંગે પ્રશ્નો પૂછવાના અને શંકા સેવવાની રહે છે, જેથી તેમને એવા વિચારો મળે જે દ્વારા હકીકતોને પર્યાપ્ત રીતે સમજાવાય, વ્યવસ્થિત કરાય અને નિયંત્રણમાં લઈ શકાય. અને વિચારો એ હકીકતોને અનુરૂપ છે કે નહિ, બીજું એવી નવીન હકીકતો હોય જેને અનુકૂળ થવા વિચારોને ફેરવવા પડે, વધુ વિશાળ બનાવવા અથવા એ હકીકતો વિચારોમાંથી ઉત્ક્રાંતિ પામતી હોય એ તપાસવા હકીકતો વિશે હમેશાં પ્રશ્ન અને શંકા ઉપસ્થિત કરવાનાં રહે છે. કારણ કે તર્ક માત્ર વાસ્તવિક હકીકતોમાં રહે છે તેમ નથી પરંતુ શક્યતાઓમાં રહે છે. એ મૂર્તિમંત સત્યોમાં જ નહિ પરંતુ આદર્શલક્ષી સત્યોમાં રહે છે. અને એક સમયે આદર્શલક્ષી સત્યને જોયા પછી બુદ્ધિને આદર્શમય બનાવતા સંવેગ દ્વારા તર્કને હકીકતમાં પરિવર્તિત કરી શકાય છે કે નહિ અને જીવનમાં ત્વરિતપણે વેગથી મૂર્તિમંત થઈ શકે કે નહિ એ જોવાનું રહે છે. આ મૂળભૂત લક્ષણ દ્વારા તર્કનો યુગ પ્રગતિશીલ યુગ બને છે.

જ્યાં સુધી જીવનને અમૂર્ત મન દ્વારા સમજવાની પદ્ધતિએ તેના હેતુને પાર પાડયો ત્યાં સુધી સમૂહમાં તર્કની મદદ લઈને તેમના જીવનની પદ્ધતિને વિચારવાની મનુષ્યોને જરૂરિયાત જણાઈ નહિ. પરંતુ જ્યારે પ્રતીકો, પ્રકારો અને સંસ્થાઓ જેને જૂની પદ્ધતિએ જન્મ આપ્યો હતો એ સત્યને કેદમાં પૂરનારી રૂઢિઓ બની ગઈ. આ રૂઢિઓમાં વેધક દૃષ્ટિનું બળ નહોતું જે તેના કૃત્રિમ ઘરમાંથી છૂપી સત્તાને પ્રગટ કરી શકે. અમુક વખત, કદાચ લાંબો વખત પણ જેની સત્તા તેણે ખોઈ છે તે વસ્તુઓની પરંપરામાં મનુષ્ય રહે એમ બને પરંતુ હમેશ એમ બની શકે નહિ. સર્વે પરંપરા અને રૂઢિઓ વિષે શંકા ઉઠાવવી અને પ્રશ્નો કરવાની જરૂરિયાત ઊભી થાય છે અને પોતાના આત્મવિકાસની આ પહેલી ખરી તક તર્કને આ જરૂરિયાત દ્વારા પ્રાપ્ત થઈ જાય છે. ફકત તેની કેવળ પ્રાચીનતા કે તેની ભૂતકાળની મહત્તા ખાતર તર્ક કોઈ પણ પરંપરાને સ્વીકારતું નથી. સૌ પ્રથમ તેને પૂછવાનું છે કે પરંપરા હજુ કોઈ જીવંત સત્યને ધારણ કરે છે? અને બીજું, પોતાના જીવનના શાસન માટે, મનુષ્ય માટે ઉત્તમ ઉપલબ્ધ સત્યને તે ધારણ કરે છે ખરું? કેવળ મનુષ્યો પરંપરા અંગે સંમત છે તેથી તર્ક પરંપરાનો સ્વીકાર કરી શકે નહિ. મનુષ્યો જે કબૂલાત કરે છે એ વાજબી છે કે નહિ, એ ખોટી અજાગૃત કે મૂગી સંમતિ નથી એ પ્રશ્ન તેને પૂછવાનો રહે છે. જીવનના કોઈ હેતુને કોઈ સંસ્થા વેગ આપે છે તેથી જ કેવળ તર્ક તેનો સ્વીકાર કરતું નથી. શું કોઈ મહાન અને ઉચ્ચતર હેતુઓ નથી જેને નવી સંસ્થાઓ ઉત્તમ રીતે સાકાર કરી શકે એ પ્રશ્ન તેને પૂછવાનો રહે છે. સાર્વત્રિક સંશયની જરૂરિયાત ઉપસ્થિત થાય

છે અને આ જરૂરિયાતમાંથી સમગ્ર જીવન, તેના સિદ્ધાંત, તેની બારીક માહિતીઓ, તેની કામગીરી અને યંત્રને જે સંચાલિત કરે છે એ શકિતઓને તાર્કિક બુદ્ધિને સાર્વત્રિક રીતે પ્રયોજિત કરવાથી જ સમાજને પૂર્ણ બનાવી શકાય એ ખ્યાલ ઉત્પન્ન થાય છે.

આ તર્કનું જે સાર્વત્રિક પ્રયોજન કરવાનું છે એ શાસક વર્ગનો તર્ક હોઈ શકે નહિ. કારણ કે માનવજાતિની વર્તમાન અપૂર્ણ અવસ્થામાં વર્તમાન પરિસ્થિતિને સાર્થક કરવા શાસક વર્ગના વિશેષાધિકારોને જાળવી રાખવા શકિતના દાસ તરીકે તર્કનું અવમૂલ્યન થાય છે અને વ્યવહારમાં તર્ક બંધાઈ જઈ ગેરરસ્તે દોરાઈ છે એવો તેનો હમેશ અર્થ લેવાય છે. એ અમુક શ્રેષ્ઠ ચિંતકોના તર્ક હોઈ શકે નહિ. કારણ કે જો સમૂહ નિમ્ન તાર્કિક હોય તો તેમના વિચારોનું પ્રયોજન વ્યવહારમાં વિકૃત, બિનઅસરકારક, અપૂર્ણ અને ત્વરિતપણે કેવળ રૂપ અને રૂઢિમાં ફેરવાઈ જાય છે. એ પ્રત્યેક વ્યકિતનો તર્ક હોવો જોઈએ અને સંમતિના આધારને બધાં શોધે એવો હોવો જોઈએ. આથી વ્યકિતલક્ષી લોકશાહીનો સિદ્ધાંત ઉદ્‌ભવે છે. શાસનતંત્રનું નિર્માણ કરવામાં અને સામાન્ય જીવનના હાર્દિક આધારને પસંદ કરવામાં તથા બારીક વ્યવસ્થા ગોઠવવામાં સમાજમાં રહેતી દરેક વ્યકિતનો તર્ક અને સંકલ્પ સરખી રીતે અન્ય માણસના તર્ક અને સંકલ્પ સાથે આદર પામવો જોઈએ. આનું કારણ એ નથી કે એક મનુષ્યનો તર્ક એ અન્ય મનુષ્યના તર્ક જેટલો જ યોગ્ય છે. પરંતુ એવો આદર કરવામાં આવે નહિ તો અમુક શ્રેષ્ઠ વર્ગના શાસન તરફ અનિવાર્ય રીતે આપણે પાછા વળવું પડે. આ વર્ગ શાસિતોના અભિપ્રાયને અમુક હદે વજન આપી સુધારવા ગમે તેટલા ઉપકારવશ બને છતાં પોતાના યોગ્ય અને આદર્શ સાધ્યોને માટે પરિવર્તિત બનાવવા કરતાં સત્તાના હેતુઓના ગુલામ બનીને તર્કના વાસનાયુકત દુર્ગુણને હમેશ પ્રદર્શિત કરવાની ફરજ પડે છે. બીજું, પ્રત્યેક વ્યકિતને અન્ય માણસોના એવા અધિકારની સાથે ટકરાયા વિના પોતાના તર્ક અને સંકલ્પના આદેશો અનુસાર પોતાના જીવનને સંચાલિત કરવાની છૂટ અપાવી જોઈએ. તર્કનો યુગ પોતાની પ્રારંભિક પ્રવૃત્તિને સ્થાપે છે એ પ્રાથમિક સિદ્ધાંતની આ અનિવાર્ય ફલિત બાબત છે. તાર્કિક યુગના પ્રથમ હેતુઓ માટે એટલું પર્યાપ્ત છે કે જે દૃષ્ટિકોણોને મનુષ્ય સમક્ષ રજૂ કરવામાં આવે છે અને સમજાવવામાં આવે છે, તેની સાથેના મનુષ્યોના અભિપ્રાયોને લક્ષમાં લેવા અને તેમની સાથે વિચારવિમર્શ કરી પોતાનો નિર્ણય તૈયાર કરવા પ્રત્યેક મનુષ્યમાં પર્યાપ્ત બુદ્ધિ અને સમજશકિત હોવાં જોઈએ. પોતાનું જે વ્યકિતગત મંતવ્ય તૈયાર થાય છે અને એક અથવા બીજી યુકિતથી અસરકારક બનાવવામાં આવે છે એ જે સમગ્ર સામાન્ય મંતવ્યથી સમાજનું

શાસન ચાલે છે તેના ચણતરમાં પોતાનો હિસ્સો આપે છે. એ પ્રભાવશાળી સમગ્ર સમૂહમાં બાહ્ય દૃષ્ટિએ મહત્ત્વ વગરનું અને છતાં અનિવાર્ય ઈંટરૂપી મહત્ત્વનું સોપાન છે. તાર્કિક યુગના પ્રથમ આદર્શ માટે એ પણ પૂરતું છે કે અન્ય બાબતોમાં મનુષ્યો પોતાના તર્ક અને સંકલ્પ અનુસાર પોતાના જીવનને સંચાલિત કરવામાં તદ્દન સ્વતંત્ર રહે અને અન્ય માણસોના જીવન સાથે નૈસર્ગિક અનુકૂલન શક્ય એટલી ઉત્તમ રીતે મુક્તપણે શોધી શકાય. પરંતુ સમાજના અનિવાર્ય સામાન્ય સાધ્યો પ્રાપ્ત કરવા માટે આ સર્વસંમત નિર્ણય રહેવો જોઈએ. આ રીતે તર્કના સ્વતંત્ર ઉપયોગ અને વહેવારથી મનુષ્યો તાર્કિક અંતરતત્ત્વ તરીકે વૃદ્ધિ પામી શકે અને સામાન્ય સર્વસંમત નિર્ણય દ્વારા ઉદાર મતવાદી, જોશીલું, નૈસર્ગિક અને છતાં બુદ્ધિયુક્ત અસ્તિત્વવાળા જીવનનું શિક્ષણ લઈ શકે છે.

વ્યવહારમાં એવું જણાય છે કે લાંબા વખત સુધી આ આદર્શો ટકી શકે નહિ. કારણ કે સાધારણ મનુષ્ય એ હજુ તાર્કિક મનુષ્ય નથી. દીર્ઘ નિમ્ન તાર્કિક ભૂતકાળમાંથી વૃદ્ધિ પામી એ વાજબી મંતવ્ય સ્વાભાવિક રીતે રચી શકતો નથી પરંતુ કાં તો પોતાના સંવેગો, અભિરુચિઓ અને પૂર્વગ્રહો મુજબ વિચારે છે અથવા અન્ય મનુષ્યો જે બુદ્ધિમાં વધુ સક્રિય અથવા પ્રવૃત્તિમાં ઝડપી બની તેના મન પર અમુક સાધનો દ્વારા છાપ પાડી શકે તેમના વિચારો મુજબ કાર્ય કરે છે. બીજું, પોતાના સાથીઓ સાથે સંમતિ મેળવવા હજુ એ પોતાના તર્કનો ઉપયોગ કરતો નથી પરંતુ અન્ય માણસોના અભિપ્રાયો સાથે સંઘર્ષ અને મથામણ દ્વારા તેના પોતાના અભિપ્રાયોને લાદવા પ્રયાસ કરે છે. અપવાદરૂપે સત્યની શોધ માટે એ તેના તર્કનો ઉપયોગ કરે પરંતુ સામાન્ય રીતે એ પોતાના સંવેગો, પૂર્વગ્રહો અને અભિરુચિઓને વાજબી ઠરાવવા ઉપયોગમાં લે છે અને જ્યારે આદર્શનો પ્રથમ પાઠ શીખે છે ત્યારે તેને વિકૃત અને બેડોળ બનાવવામાં મોટો ભાગ ભજવે છે. આખરે પોતાના જીવનને અન્યના જીવન સાથે તાર્કિક અનુકૂલન સાધવામાં તે પોતાના સ્વાતંત્ર્યનો ઉપયોગ કરતો નથી. તેનું નૈસર્ગિક વલણ અન્યની સાથે સ્પર્ધા કરી એ કર્તવ્યને ભોગે પણ પોતાના જીવનના ધ્યેયોને લાદવાનું છે, આદર્શ અને તેના વ્યવહારનાં પ્રથમ પરિણામો વચ્ચે આમ મોટી ખાઈ રહી છે, અહીં તથ્ય અને વિચાર વચ્ચે વિષમતા રહે છે જે અનિવાર્યપણે નિષ્ફળતા તરફ ખેંચી જાય છે.

સૌપ્રથમ વ્યવહારમાં વ્યક્તિલક્ષી લોકશાહી આદર્શ અજ્ઞાત, કમનસીબ સંખ્યાબંધ સમુદાય પર લોકશાહીના નામે આધિપત્ય ભોગવતા વધુ ને વધુ અસ્થિર શાસન સમજ આપણને લાવે છે. બીજું, સ્વતંત્રતા અને સમાનતાના આદર્શોને દેશવટો અપાયો છે અને તેનો નિગ્રહ થઈ શકે તેમ નથી તેથી

એ શોસિત સમૂહ પોતાના અવગણેલા અધિકારને જો તેઓ કરી શકે તો સ્થાપવા અને આ પ્રચ્છન્ન લોકશાહીના જુઠ્ઠાણાને યથાર્થ લોકશાહીના સત્યમાં ફેરવવા પ્રયાસ કરે. આમ એ વર્ગોના વિગ્રહ તરફ ધસડે છે. ત્રીજું, તે અનિવાર્યપણે તેની પ્રક્રિયાના ભાગ તરીકે પક્ષોના સતત વિગ્રહ તરફ વિકાસ પામે છે. શરૂઆતમાં એ તેના બંધારણમાં સરળ અને અલ્પ પ્રમાણમાં હોય છે પરંતુ પછીથી વર્તમાનમાં છે તેમ નામ, ખિતાબ, કાર્યક્રમો અને વિગ્રહના પડકારથી જોડાએલ એ નપુંસક અને નિર્વીર્ય અંધાધૂંધી બની જાય છે. સર્વે વિચારો કે આદર્શોના સંઘર્ષનો ઝંડો ઉઠાવે છે પરંતુ વસ્તુતઃ એ ઝંડા નીચે સર્વે અંગત હિતોના સંઘર્ષની લડાઈ લડતા હોય છે. આખરે વ્યક્તિલક્ષી લોકશાહી સ્વાતંત્ર્ય એ સ્પર્ધાના વધતા જતા દબાણમાં વિઘાતક રીતે પરિણમે છે. એ વ્યવસ્થિત સંઘર્ષ દ્વારા માનવજાતિના નિમ્ન તાર્કિક તબક્કાઓના વ્યવસ્થિત જુલ્મોની જગ્યા લે છે. અને આ સંઘર્ષનો અંત જે શારિરીક, તાર્કિક અને આધ્યાત્મિક રીતે યોગ્ય અને ઉત્તમ છે તેના વિજયમાં આવતો નથી પરંતુ જે અત્યંત નસીબવંત અને પ્રાણલક્ષી દૃષ્ટિએ સફળ થાય છે તેના વિજયમાં આવે છે. એ દેખીતું છે કે એ ગમે તે બીજું હોય પરંતુ એ સમાજની તાર્કિક વ્યવસ્થા નથી. એ મનુષ્યના વ્યક્તિલક્ષી તર્કે જે પોતાના આદર્શ તરીકે પૂર્ણતા વિચારી રાખી હતી અથવા જેને સિદ્ધ કરવા નક્કી કર્યું હતું એ છેક નથી.

વ્યવહારમાં વ્યક્તિલક્ષી સિદ્ધાંતની પ્રથમ શક્તિઓનો નૈસર્ગિક ઉકેલ શિક્ષણક્ષેત્રમાં જોવા મળે. કારણ કે જો મનુષ્ય સ્વભાવથી તાર્કિક હોય નહિ તો શિક્ષણ અને તાલીમ દ્વારા તેને તાર્કિક બનાવવાની આપણે આશા રાખી શકીએ. તેથી માનવસમાજને તાર્કિક બનાવવાના પ્રયાસમાં લોકશાહીની ગતિની અનિવાર્ય રીતે ત્રણ બાબતો સમાયેલી છે. પ્રથમ, મનુષ્યોને પોતાનું મંતવ્ય તૈયાર કરવા હકીકતોનું યોગ્ય રીતે નિરીક્ષણ કરી અને યોગ્ય જ્ઞાન મેળવવા શિક્ષણ આપવાનું, બીજું, તેમને સુસંગત અને ફળદાયી વિચારણા કરવા તાલીમ આપવી અને ત્રીજું, તેમના જ્ઞાન અને વિચારનો તેમના પોતાના અને સામાન્ય શુભ માટે અસરકારક ઉપયોગ કરવા તેમને લાયક બનાવવાનું છે. નિરીક્ષણ અને જ્ઞાનની શક્તિ, બુદ્ધિ અને નિર્ણયશક્તિ, ઉચ્ચ ચારિત્ર્ય અને કર્તવ્યનું સામર્થ્ય એ સમાજની તાર્કિક વ્યવસ્થાના નાગરિકત્વ માટે આવશ્યક છે. આવી વિકટ જરૂરિયાતોમાં કોઈ પણ સામાન્ય ત્રુટિ એ નિષ્ફળતાનો નિશ્ચિત ઊગમ બની જાય છે. આપણે કદાચ એમ ધારી લઈએ કે લાખો માણસોને જે તાલીમ ઉપલબ્ધ છે તે આ જરૂર લક્ષણ ધરાવે છે તો પણ કમનસીબે ઘણા વિકાસશીલ દેશોમાં જે વાસ્તવિક શિક્ષણ આપવામાં આવે છે તેને આ જરૂરિયાતો સાથે જરા પણ સંબંધ નથી. અને જેમ લોકશાહીની પ્રથમ નિષ્ફળતા અને ત્રુટિઓએ દુશ્મનને દોષ ઓઢાડવા

તથા પોતાની ચડિયાતી સ્થિતિ અને આદર્શ ભૂતકાળની કાલ્પનિક પૂર્ણતાનાં બણગાં ફૂંકવા તક આપી તેમ આ શિક્ષણ જેવા મહાન ઉકેલની પ્રથમ ત્રુટિઓને લીધે શ્રેષ્ઠ વિચારકો શિક્ષણની કાર્યસાધકતાને તથા માનવ મનને પરિવર્તિત કરવાના તેના સામર્થ્યને નકારી કાઢવા પ્રેરાય છે અને લોકશાહીના આદર્શને તોડી પાડેલ જૂઠાણા તરીકે નિરર્થક ઠરાવવા દોરાય છે.

લોકશાહી અને તેના શિક્ષણ અને સ્વાતંત્ર્યના રામબાણ ઈલાજે જાતિને માટે ખરેખર કંઈક કર્યું છે. પ્રારંભમાં મનુષ્યો ઈતિહાસના નામાંકિત કાળમાં પ્રથમ વખત અડીખમ, સજાગ અને સક્રિય બન્યા અને જ્યાં જીવન છે ત્યાં હમેશ સારાં વાનાં થવાની આશા હોય છે. ફરીથી અગાઉ શક્ય હતું એ કરતાં જ્ઞાન પર આધારિત સક્રિય બુદ્ધિ, સર્વ બાબતોમાં સંઘર્ષમાં આવતી બાબતો અને અભિપ્રાયો અંગે નિર્ણય લેવા અને મંતવ્ય વ્યક્ત કરવાની ટેવ પ્રબળ બની છે અને તે શક્તિઓનું સામાન્યીકરણ વધુ વિશાળ ફલક પર શક્ય બન્યું છે. પોતાની માનસિક શક્તિઓનો ઉપયોગ કરવા અને જીવનમાં બુદ્ધિને પ્રયોજિત કરવા મનુષ્યોને પ્રગતિશીલ રીતે તાલીમ મળી છે અને એ મહાન સિદ્ધિ છે. જો તેઓ સ્વયં વિચારતા અથવા સુસંગત, સ્પષ્ટ અને યથાર્થ રીતે વિચાર કરતાં શીખ્યા હોય નહિ તો પણ હવે અમુક જાતની આરંભની સમજશક્તિથી પછી ભલે એ હજુ અપૂર્ણ હોય, કયા વિચારને તેઓ સ્વીકારશે અને કયા શાસનને તેઓ અનુસરશે તેની પસંદગી કરવા તેઓ વધુ શક્તિમાન છે. જોકે સમાન શૈક્ષણિક સાધનસામગ્રી અને જીવનની સમાન તક કોઈ પણ રીતે પ્રાપ્ત થઈ નથી તેમ છતાં સમાજની ભૂતપૂર્વ અવસ્થાઓ દરમ્યાન જે સમાનતા શક્ય હતી તે કરતાં હાલમાં વધુ મહાન સમાનતા જોવા મળે છે. પરંતુ અહીં નવીન અને મોટી ભૂલ જોવા મળે છે જે તેને ઉત્પન્ન કરનાર સામાજિક વિચારને જ વિઘાતક પુરવાર થાય છે, કારણ કે શૈક્ષણિક અને અન્ય તકની પૂર્ણ સમાનતા પણ આપવામાં આવે–જોકે એવી સમાનતા હજુ ખરેખર અસ્તિત્વમાં નથી અને સમાજની વ્યક્તિલક્ષી અવસ્થામાં એ શક્ય નથી–પરંતુ એ કયા હેતુ માટે અથવા એ તક કઈ રીતે ઉપયોગમાં લાવવાની છે? મનુષ્ય જે અર્ધ નિમ્ન તાર્કિક અંતરતત્ત્વ ધરાવે છે એ પોતાના સંતોષ માટે ત્રણ બાબતોની માગણી કરે છે. જો એને મળી શકે તો સત્તા, પરંતુ છેક પોતાની શક્તિઓનો ઉપયોગ અને બદલો અને પોતાની ઈચ્છાઓનો આહ્લાદ જૂના સમાજોમાં આ સંતોષપ્રાપ્તિ અમુક અંશે તેનો જન્મ, નિશ્ચિત દરજ્જો અને તેના આનુવંશિક દરજ્જાની મર્યાદામાં રહીને શક્તિના ઉપયોગ દ્વારા શક્ય બનતી હતી. આ આધારને એક વખત દૂર કર્યા પછી અને તેની અવેજીમાં યોગ્ય ગોઠવણીની ગેરહાજરીમાં ઉપર્યુક્ત ધ્યેયોને જે એક શક્તિ બાકી રહી છે તે

સંપત્તિ માટે ઝૂંટાઝૂંટ કરવામાં સફળતા મેળવીને પ્રાપ્ત કરી શકાય છે. એ મુજબ સંવાદિત અને સુવ્યવસ્થિત સમાજને બદલે પ્રચંડ સુસજ્જ સ્પર્ધાત્મક વ્યવસ્થા, ઔદ્યોગિક યુગનો એકપક્ષી વિકાસ અને તેને પ્રાપ્ત કરવા ઉગ્ર ઝડપ થઈ છે. લોકશાહીના બુરખા નીચે પોતાની ખાઈઓ અને અંતરોની વ્યાપકતા અને તેના આડંબરી સ્થૂળ સ્વરૂપ દ્વારા આઘાત પહોંચાડે એવી ધનવાન શાસનવૃત્તિ વધતી જાય છે. વ્યક્તિલક્ષી આદર્શ અને લોકશાહી તંત્રનાં આ આખરી પરિણામો છે. તાર્કિક યુગની એ પાયાની નાદારી છે.

સૌ પ્રથમ નૈસર્ગિક પરિણામ એ લોકશાહી વ્યક્તિવાદમાંથી લોકશાહી સમાજવાદ તરફ થતી તાર્કિક મનની સંક્રાન્તિ છે. પોતાના પૂંજીવાદ સામેના વિગ્રહથી સફળ ઉચ્ચવર્ગ અને ધનવાનના શાસન સામે બળવાથી આકસ્મિક ગેરફાયદાઓમાં સમાજવાદ વ્યગ્ર રહે છે અને વર્ગોના વિગ્રહ દ્વારા જ કર્તવ્ય પાર પાડવાની ફરજ પડે છે. એથી બદતર તેણે ઉદ્યોગલક્ષી સામાજિક વ્યવસ્થાથી શરૂઆત કરી અને પ્રારંભમાં કેવળ ઔદ્યોગિક અને આર્થિક આવરણનો અંગીકાર કર્યો છે. તેના સાચા સ્વરૂપને વિકૃત બનાવતા આ અકસ્માતો છે. માનવ તર્કનો સમાજની તાર્કિક વ્યવસ્થાને પરિપૂર્ણ કરવા પ્રયાસ થાય છે. આ નિરંકુશ સ્પર્ધા જે માનવ જીવનના શિષ્ટ આદર્શ કે વ્યવહાર માટે આ અસાધારણ વિઘ્નના મહાન પરજીવી વ્યર્થ વધારાને રદબાતલ કરવાના સંકલ્પમાં સમાજવાદનું યથાર્થ સ્વરૂપ અને સાર્થકતા રહ્યાં છે. સુયોજિત આર્થિક વિગ્રહની વ્યવસ્થાની જગ્યાએ સમાજવાદ આયોજિત વ્યવસ્થા અને શાંતિ લાવવા પ્રયાસ કરે છે, સમાન તકના નિષેધ અને એ અન્યાયના સ્વીકાર તથા તેના પરિણામને સમાજ અને નિસર્ગના શાશ્વત નિયમ તરીકે લેખીને કૃત્રિમ અથવા વારસાગત અસમાનતાની જૂની વિચારસરણી મુજબ આ કાર્ય કરી શકાય નહિ. મનુષ્યનો તર્ક આ જૂઠાણાને લાંબો વખત આવકારી શકે નહિ. તેમ વ્યક્તિગત સ્વાતંત્ર્યના આધારે એમ જણાય છે કે તે કરી શકાય તેમ નથી કારણ કે તે વ્યવહારમાં ભાંગી પડયું છે. તેથી સમાજવાદે વ્યક્તિગત સ્વાતંત્ર્યના લોકશાહી આધારને પછી એ વધુ તાર્કિક સ્વાતંત્ર્ય તરફ આગેકૂચ કરતો હોય કે તેનો આદર કરવાનો વ્યવસાય હોય તોપણ તેનો ત્યાગ કરવો જોઈએ. તે લોકશાહીના આદર્શનાં પરિણામો અને અન્ય આદર્શો પર સૌ પ્રથમ પોતાનો મૂળભૂત ભાર બદલી નાખે છે અને આ ભારની ફેરબદલીથી તાર્કિક સમાજના પાયાના સિદ્ધાંતમાં ક્રાંતિકારી ફેરફાર તરફ આગળ ધપે છે. કેવળ રાજકીય સમાનતા નહિ પરંતુ પૂર્ણ સામાજિક સમાનતા એ આધાર થવાનો છે. સર્વ માટે તકની સમાનતા થવાની છે. પરંતુ સર્વ માટે દરજ્જાની સમાનતા પણ આવશ્યક છે કારણ કે દરજ્જાની સમાનતા વિના તકની સમાનતા

સિદ્ધ થઈ શકે નહિ. કદાચ એ સ્થપાય તો પણ એ લાંબો વખત ટકી શકે નહિ. ફરીને જો આનુવંશિક વ્યક્તિગત મિલ્કતનો અધિકાર જાળવી રાખવામાં આવે તો આ સમાનતા અશક્ય છે તેથી સમાજવાદ અમુક નાના પાયાના અપવાદ સિવાય અત્યારે જેમ સમજવામાં આવે છે એ વ્યક્તિગત મિલ્કતના અધિકારને દૂર કરે છે અને વારસાના સિદ્ધાંત સાથે વિગ્રહ કરે છે. તો પછી મિલ્કતનો માલિક કોણ થવાનું છે? સમગ્રપણે સમાજ જ તેનો માલિક થઈ શકે. અને તેનો વહીવટ કોણ કરે? ફરીને સમગ્રપણે સમાજ થઈ શકે. આ ખ્યાલને સાર્થક કરવા સમાજવાદી સિદ્ધાંત વ્યક્તિના અસ્તિત્વનો નિષેધ કરે છે અથવા સમાજની ખાતર તેના એક સભ્ય તરીકે રહેવાના અધિકારનો સ્વીકાર કરે છે. ફક્ત તેની મિલ્કત નહિ પરંતુ તેની જાત, તેનો શ્રમ, તેની, શક્તિઓ, જે શિક્ષણ તેને આપવામાં આવે છે, તેનાં પરિણામો, તેનું મન, જ્ઞાન, વ્યક્તિગત જીવન, કૌટુંબિક જીવન અને તેનાં બાળકોનું જીવન એ સર્વે અને સ્વયં સમગ્ર રીતે સમાજ માટે જ અસ્તિત્વ ધરાવે છે. તદુપરાંત અન્ય મનુષ્યોના જીવન સાથે પોતાના જીવનનું સહજ રીતે યોગ્ય અને તર્કયુક્ત અનુકૂલન સાધવા તેના વ્યક્તિગત તર્ક પર વિશ્વાસ રાખી શકાય એમ નથી તેથી સમગ્ર સમાજની તર્કશક્તિનું કાર્ય તેની પણ ગોઠવણી કરવાનું છે. વ્યક્તિઓના તાર્કિક મન અને સંકલ્પો નહિ પરંતુ સમાજના સામુદાયિક તર્કયુક્ત મન અને સંકલ્પે તેનું નિયંત્રણ કરવાનું છે. આ સામુદાયિક મન અને સંકલ્પ ફક્ત આર્થિક અને સામાજિક વ્યવસ્થાની બધી ઝીણવટો અને સિદ્ધાંતોનું જ નિર્માણ કરશે નહિ પરંતુ આ જીવનના કાર્ય કરતા, વિચારના, લાગણી અનુભવતા જીવકોષ તરીકે વ્યક્તિના અને સમૂહના સમગ્ર જીવનનું નિર્માણ કરશે. તેની શક્તિઓ, કાર્યો, તેણે પ્રાપ્ત કરેલા જ્ઞાનનો ઉપયોગ, તેના પ્રાણલક્ષી, નૈતિક અને બૌદ્ધિક અંતરતત્ત્વના સમગ્ર નિયમનના વિકાસનું નિર્માણ થાય છે. કારણ કે તો જ વ્યક્તિગત જીવનના અહંકારને વશ કરી સામુદાયિક તર્ક અને બૌદ્ધિક સંકલ્પ સંવાદિત જગતમાં સમાજની તાર્કિક વ્યવસ્થા અને પૂર્ણ સિદ્ધાંતને સ્થાપી શકે.

સમાજવાદના આ અનિવાર્ય લક્ષણનો અધિક લોકશાહી તરફ ઢળેલા સમાજવાદીઓ નિષેધ કરે છે અથવા ગૌણ લેખે છે એ સાચું છે. કારણ કે સમાજવાદી માનસ હજુ જૂના લોકશાહી ખ્યાલોની છાપોને સંઘરે છે અને વારંવાર વિચિત્ર અસંગતિઓમાં તેને ધકેલી દેતી આશાઓનું સેવન કરે છે. એ એવી ખાત્રી આપે છે કે એ અમુક રીતે વ્યક્તિગત સ્વાતંત્ર્ય, મર્યાદિત છતાં વધુ યથાર્થ તાર્કિક સ્વાતંત્ર્યને સામુદાયિક વિચારની કઠોરતા સાથે સંયોજિત કરશે. પરંતુ જો સામુદાયિક વિચાર પ્રચલિત થતો હોય એ કઠોરતા તરફ વસ્તુઓ વળશે

એ નિશ્ચિત છે. એમાંથી એ પાછો ખસશે નહિ અને પોતાના માર્ગમાં ખંચકાશે નહિ. જો એ તર્ક અને હિમત કરવામાં પોતાની ઊણપ પુરવાર કરશે તો એ જે વિદેશી તત્ત્વ પ્રત્યે સહિષ્ણુતા દાખવે છે તે ઝડપથી અથવા આખરે તેનો નાશ કરશે અને પોતે પોતાની શક્યતાઓ દર્શાવ્યા વિના પાયમાલ થશે. શાસન તંત્રમાં હજુ સુધી માનવ મન દ્વારા તાર્કિક જ્ઞાનની અભિવ્યક્તિ જોવામાં આવી નથી. આવા તાર્કિક જ્ઞાનના માર્ગદર્શન સિવાય સમાજવાદી માનસ કદાચ સ્પર્ધાત્મક વ્યક્તિલક્ષી સમાજથી પણ આગળ વધીને વિરાટકાય બિનકાર્યદક્ષતા તરફ આગળ ધપે છે.*

પરંતુ તેના ઉત્તમ વ્યવહારમાં સામુદાયિક ખ્યાલમાં માનવજીવન અને સ્વભાવની ખરી હકીકતો સાથે અસંગત એવી કેટલીક ત્રુટિઓ રહી છે. અને જેવી રીતે વ્યક્તિલક્ષી લોકશાહીનો ખ્યાલ ટૂંક સમયમાં જીવનનાં તથ્યો અને મનના વિચારની વિષમતાને કારણે મુશ્કેલીમાં મુકાયો, એ મુશ્કેલીઓ તેને બદનામી અને નાશ તરફ દોરી જાય છે, એ રીતે સમૂહલક્ષી લોકશાહીનો ખ્યાલ મુશ્કેલીમાં મુકાય, નામોશી પામે અને અનિવાર્ય પ્રગતિના ત્રીજા તબક્કા દ્વારા છેવટે તેની જગ્યા લઈ લેવાય એમ બને, રાજ્યરક્ષિત સ્વતંત્રતા જેમાં બધા રાજકીય દૃષ્ટિએ સમાન હોય એ ખ્યાલ વ્યક્તિલક્ષી લોકશાહી દ્વારા વિસ્તૃત કરવા પ્રયાસ થયો હતો. સમાજવાદી લોકશાહીનો ખ્યાલ એવો છે કે રાજ્ય એ સમગ્ર સમુદાયનો વ્યવસ્થિત સંકલ્પ છે. એવા પૂર્ણ અને કાળજીથી વ્યવસ્થિત બનેલ રાજ્ય દ્વારા સામાજિક અને રાજકીય સમાનતા અમલમાં મુકાઈ છે. હવે સમાજવાદી લોકશાહીનું ભવિષ્ય આ ખ્યાલ પર તોળાયું છે. જો એ ખ્યાલ

---

* સામાજિક લોકશાહીનો આ સંકોચ, સમાજવાદી કઠોરતા અને સખ્તાઈ તથા લોકશાહી સ્વાતંત્ર્યના બે વિરોધી સિદ્ધાંતો વચ્ચે વ્યગ્ર માનસિક અવસ્થા એ સમાજવાદ પાસે પૂરી તક હતી અને સામ્યવાદ અને ફાસીવાદના વધુ બળવાન અને નિષ્ઠુર તાર્કિક બળો દ્વારા તેની જગ્યા લેવાની શક્યતા હતી છતાં ઘણા દેશોમાં તેની નિષ્ફળતાનાં મૂળભૂત કારણ હોઈ શકે. બીજી તરફ યુરોપના છેક ઉત્તર ભાગના દેશોમાં સામૂહિક જીવનના યોગ્ય સંચાલન અને વ્યક્તિના સ્વાતંત્ર્યની વ્યવહારુ સમાજવાદી સમજૂતી સાધી સમયને અનુકૂળ રહી સુધારો કરી અમુક અંશે સફળતા પ્રાપ્ત કરી છે. પરંતુ તેનો માર્ગ એ પૂરો કરી શકશે કે કેમ એ હજુ શંકાસ્પદ છે. જો તેને પોતાના માર્ગને અંતે પહોંચવાની તક મળશે તો સમજૂતી અને તડજોડના સત્ત્વ ઉપરાંત આખરે સંપૂર્ણ આત્મઆવિષ્કારનું બળ અને વિચારની કાર્યશક્તિ જે તેમાં રહ્યાં છે એ જળવાય છે કે નહિ તે હજુ જોવાનું રહે છે.

પણ નિષ્ફળ જાય તો તાર્કિક અને લોકશાહી ખ્યાલ સમાજના ત્રીજા સ્વરૂપ તરફ પાછો વળે અને રૂપલક્ષી સ્વતંત્રતા અને સમાનતા શોધવા કરતાં આધ્યાત્મિક રાજ્યવિહોણા બુદ્ધિવાદી આદર્શને અનુલક્ષીને મુક્ત સમાજમાં મિત્રાચારીના આધારે હાર્દિક સ્વતંત્રતા અને સમાનતાને સ્થાપે.*

વસ્તુત: સ્વાતંત્ર્યની ઝંખના જેમ સમાનતાનો દાવો એ તેના ઊગમમાં વ્યક્તિલક્ષી છે. સામુદાયિક આદર્શના સત્ત્વ માટે અનિવાર્ય અથવા બુનિયાદી નથી. વ્યક્તિ પોતાને માટે સ્વતંત્રતા, પોતાનાં મન, સંકલ્પ અને કર્તવ્ય માટે મુક્ત ગતિની માગણી કરે છે. સામુદાયિક વલણ અને રાજ્યના ખ્યાલમાં વિરોધી વૃત્તિનો સંકેત જોવામાં આવે છે. તેમના પર સમાજનાં કર્તવ્ય, પ્રાણ-તત્ત્વ અને માનસના અંકુશ અને ફરજિયાત વહીવટને સંભાળી લેવા સહજ દબાણ થયું છે. વ્યક્તિ તેનો એક ભાગ બને છે અને આમ વ્યક્તિગત સ્વાતંત્ર્યને તદ્દન રદબાતલ કરવામાં આવે છે. પરંતુ એ જ રીતે એ વ્યક્તિ છે જે પોતાને માટે અન્ય સાથે સમાન હોવાની માગણી કરે છે. જ્યારે સમગ્ર વર્ગ માગણી કરે છે ત્યારે વ્યક્તિઓ એકઠી થઈ પોતાની શ્રેણી, રાજકીય કે આર્થિક દરજ્જો, સમાન સ્થાન, અન્ય વ્યક્તિઓએ વારસાગત ઉચ્ચ દરજ્જો, પ્રાપ્ત કર્યો છે તેમની જેમ વિશેષાધિકાર અને તક મેળવવા દાવો કરે છે. સામાજિક તર્કે પ્રથમ સ્વતંત્રતાના દાવાને મંજૂરી આપી પરંતુ વ્યવહારમાં કાયદા સમક્ષ સમાનતા, સહાયક પરંતુ બહુ અસરકારક નહિ એવી મત આપવાની રાજકીય સમાનતા. એવી સમાનતાને મંજૂર કરી બધા માટે વાજબી સ્વાતંત્ર્યની બાંહેધરી આપવા ઘટતું કર્યું. પછીથી જ્યારે અસમાન સ્પર્ધાત્મક સ્વાતંત્ર્યના અન્યાયો અને બુદ્ધિહીનતાઓ અને તેણે સર્જેલા અંતરની અધમતા દેખીતાં થયાં ત્યારે સામાજિક તર્કે પોતાનો આધાર ફેરવ્યો અને રાજકીય, આર્થિક, શૈક્ષણિક અને બને તેટલી સંપૂર્ણ અંશે સામાજિક સમાનતાના પાયા પર વધુ સંપૂર્ણ સામુદાયિક ન્યાય પ્રાપ્ત કરવા પ્રયાસ કર્યો. તેણે સપાટ ભૂમિ કે કક્ષા પ્રાપ્ત કરવા પ્રયાસ કર્યો છે જેના પર બધા સાથે ઊભા રહી શકે. ભૂતકાળમાં જેવું સમાનતા અંગે થયું એવું આ ફેરફારને લીધે સ્વાતંત્ર્ય વિષે પણ થવા પામ્યું. સ્પર્ધા કરતી વ્યક્તિ પોતાના આત્મ-સ્થાપનનાં વિકાસ માટે પર્યાપ્ત

---

* સામ્યવાદી સિદ્ધાંતમાં રાજ્યાશ્રિત સમાજવાદ એ ફક્ત એક પગથિયું છે. તેનો અંતિમ આદર્શ મુક્ત, વર્ગવિહીન, રાજ્યવિહીન, સામુદાયિક જીવન છે. પરંતુ સક્રિય શાસનતંત્ર એક વખત સત્તારૂઢ હોય અને સર્વે તેની જાળવણીમાં મશગૂલ હોય એ મથામણ કર્યા વિના તેમના શિકારને જવા દેશે અથવા તેને નાબૂદ થવા દેશે એ સંભવિત નથી.

તક મેળવે અને સમાનતાના આધારને અકળાવે કે ઊંધા વાળે એ ભયને ધ્યાનમાં રાખીને અમુક વખત માટે જ સ્વાતંત્ર્યને સલામતીની મર્યાદામાં મંજૂરી મળે છે. પરંતુ અંતમાં તેની ખબર પડયા વિના રહેતી નથી કે કૃત્રિમ સમાનતામાં પણ બુદ્ધિહીનતા, તેના સામુદાયિક શુભના વિરોધી, તેના અન્યાયો અને નિસર્ગના સત્યનાં ખર્ચાળ ઉલ્લંઘનો રહ્યાં છે. વ્યકિતગત સ્વાતંત્ર્યની જેમ સમાનતા ઔષધિ નીવડે નહિ પરંતુ સમાજના સંકલ્પ અને સામુદાયિક તર્ક દ્વારા જીવનના અંકુશ અને ઉત્તમ વહીવટ સાકાર કરવાના માર્ગમાં વિઘ્નરૂપ બની જાય.

પરંતુ જો સમાનતા અને સ્વાતંત્ર્ય માનવ સમાજમાંથી અદૃશ્ય થાય તો લોકશાહી ત્રિપુટીના ફકત એક જ સભ્ય, ભ્રાતૃભાવ જેને હાલમાં બિરાદરી કહેવાય છે તે બાકી રહે છે. તેનું કારણ એ છે કે સામુદાયિક સમાજના સિદ્ધાંત સાથે એ વધુ બંધબેસતો થાય છે. તેથી એ મુજબ હકીકતમાં નહિ પરંતુ તેનો ખ્યાલ જે સમાજવ્યવસ્થામાં સ્વાતંત્ર્ય અને સમાનતાને નુકસાનકારક લોકશાહીની દતકથા તરીકે ગણી રદ કરાય છે એવી અભિનવ સામાજિક વ્યવસ્થાઓમાં ભારપૂર્વક સૂચવાય છે. પરંતુ સ્વાતંત્ર્ય અને સમાનતા વિનાનો ભ્રાતૃભાવ એ લોકોનું સમાન સાહચર્ય, વ્યકિતઓનો સમુદાય, ક્રિયાશીલ વર્ગો, આર્થિક સંસ્થાઓ, પેઢીઓનું મંડળ અને ઉચ્ચતર સમિતિઓ કે એવાં એકમો જે સામુદાયિક રાજ્યના નિરપેક્ષ અંકુશ નીચે રાષ્ટ્રના જીવનની સામાન્ય સેવાનાં સ્વરૂપો બની જાય છે. અંતમાં જે કાંઈ સ્વતંત્રતા બાકી રહે એ રાજ્યની સત્તાના કડક માર્ગદર્શન નીચે સમાજની સેવા કરવાની સ્વતંત્રતા છે. અને જે સમાનતા બાકી રહે છે એ કદાચ સમાન દરજ્જા સાથે નાગરિકોની સેવા કરવાના રોમના કે સ્પાર્ટાના રહેવાસીઓના જુસ્સાવાળા બધા સમાન મનુષ્યોના મંડળ જેવી સમાનતા દેખાય. બધાં કર્તવ્યો માટે એ સૈદ્ધાંતિક સમાનતા કહેવાય. સંગઠિત સામાજિક આત્મા એવા રાજ્યને સર્વસ્વ સમર્પિત કરી દેવામાં જે બિરાદરીની ભાવના ઊપજે તે જ કેવળ ભ્રાતૃભાવ છે. વાસ્તવિક રીતે જોતાં જો લોકશાહી ત્રિપુટીમાંથી આ તેના દેવને નવસ્રુ કરાય તો તે અસ્તિત્વમાંથી ચાલી જાય છે. તેમના વિના સામુદાયિક આદર્શ સારી રીતે ચાલે કારણ કે તેમાંનું કોઈ પણ તેના સત્ત્વરૂપ કે દ્રવ્યરૂપ નથી.

આ ખરેખર સરમુખત્યારશાહીનો આત્મા, સામાજિક તર્ક અથવા વધુ અંશે સામાજિક ઉપદેશ છે. તેનો સ્થૂળ જુવાળ આખા યુરોપ અને તે કરતાં વધુ પ્રદેશને ગરક કરી જવા ડરાવે છે. અમુક પ્રકારની સરમુખત્યારશાહી સમાજવાદનું અથવા વધુ સામાન્ય રીતે સામુદાયિક ખ્યાલ અને પ્રેરણાનું નૈસર્ગિક, અનિવાર્ય ભાગ્ય, છેક અંતિમ અને પૂર્ણ પરિણામ છે. કારણ કે સમાજવાદનું સત્ત્વ, તેનો વાજબી આદર્શ એ બધાના સામાન્ય હિત અને ઉત્તમ કલ્યાણ

માટે પોતાના સભાન તર્ક અને સંકલ્પ દ્વારા સમગ્ર અને ઝીણવટપૂર્વક સમાજના સર્વાંગી જીવનનું ચુસ્ત સંગઠન અને સંચાલન કરવામાં રહ્યાં છે. વ્યકિત કે વર્ગ દ્વારા થતી શોષણને દૂર કરી, આંતરિક સ્પર્ધા, અસ્તવ્યસ્ત ગુંચવણ અને બગાડ દૂર કરી સંપૂર્ણ એકસૂત્રતા અને અમલ, ઉત્તમ કામગીરી અને બધા માટે પર્યાપ્ત જીવનની સગવડ પૂરી પાડીને તે આ કાર્ય કરે છે. જો લોકશાહી સમાજ અને કામગીરી આ ક્રિયાને પ્રથમ વિચાર્યા મુજબ ઉત્તમ રીતે પૂરી પાડે તો એ આને પસંદ કરશે અને તેનું પરિણામ સામાજિક લોકશાહી હશે. ઉત્તર યુરોપમાં એ આદર્શ હજુ પ્રચલિત છે અને સમાજને સફળ રીતે સામુદાયિક તાર્કિક સ્વરૂપ આપવું તદ્દન શકય છે એ પુરવાર કરવા ત્યાં તેને હજુ તક મળે તેમ છે. પરંતુ જો આ હેતુને બિનલોકશાહી સમાજ અને કામગીરી વધુ સારી રીતે મૂર્તિમંત કરી શકે તેમ હોય તો સામુદાયિક માનસ માટે લોકશાહી આદર્શમાં આંતરિક રીતે અતિપવિત્ર હોય એવું જણાતું નથી. તેને ઉકરડામાં ફેંકી દઈ શકાય જેમાં અન્ય ઉડાડી દીધેલી પવિત્રતા પણ ધકેલાઈ છે. રશિયાના સામ્યવાદે એ રીતે ધૃણાથી લોકશાહી સ્વતંત્રતાનો ત્યાગ કર્યો અને લોકશાહી કામગીરીના થોડા વખત પૂરક તરીકે અભિનવ રશિયન શાસન તંત્રની રચના માટે પ્રયાસ કર્યો, પરંતુ તેણે વર્ગવિહીન સમાજમાં શ્રમજીવી વર્ગની સમાનતાનો આદર્શ જાળવી રાખ્યો છે. છતાં તેનો આત્મા શ્રમજીવીઓની એકહથ્થુ સત્તાના આધારે કડક સરમુખત્યારશાહીમાં રહ્યો છે. વસ્તુત: એ શ્રમજીવીઓ વતી અને તેમના નામે સામ્યવાદી પક્ષની એક-હથ્થુ સત્તા છે. જે શ્રમજીવીઓ નથી તેમના દ્વારા સંચાલિત સરમુખત્યારશાહી આથી પણ આગળ વધે છે અને લોકશાહી સ્વાતંત્ર્યની લોકશાહી સમાનતાને પણ દૂર કાઢે છે. એ થોડો વખત જ કદાચ વર્ગોને જાળવી રાખે છે પરંતુ એ શ્રેષ્ઠ કે ઉચ્ચ શ્રેણીના ક્રમરૂપે નહિ પરંતુ સામાજિક કામગીરીના સાધન તરીકે જાળવાય છે. તેનો વળાંક સમાજને તર્કયુકત બનાવવાનો નથી. તેની જગ્યા વિપ્લવકારી ગૂઢ ક્રિયાએ લીધી છે અને કાલાત્માની એ વર્તમાન ગતિ દેખાય છે.

આ લક્ષણ એવું છે જેનું ઘણું અગત્ય રહે છે. રશિયામાં સમાજવાદની વ્યવસ્થા મહદ્ અંશે ધાર્મિક ઉપદેશમાં ફેરવાઈ ગઈ છે. મૂળભૂત રીતે તાર્કિક વિચારક અને ખ્યાલોના વ્યવસ્થિત સંશોધક દ્વારા રચાયેલી તર્કયુકત વ્યવસ્થા હતી. રશિયન માનસની વિચિત્ર લાક્ષણિકતાથી તેનું રૂપાંતર સામાજિક ધર્મ, સામુદાયિક ધર્મ, સામુદાયિક ગૂઢ રહસ્ય, અનુલ્લંઘનીય સિદ્ધાંતોની રચના જેનો નિષેધ કે જેમાંથી સ્ખલન નાસ્તિકતા લેખાય છે અને તે માટે શિક્ષા થાય છે અને અસહિષ્ણુ ધર્મનિષ્ઠા, બદલાયેલા લોકોના ઉત્સાહ દ્વારા અમલમાં મુકાતા સામાજિક સંપ્રદાયમાં પરિવર્તન થયું છે. ફ્રાંસીવાદી દેશોમાં બુદ્ધિવાદમાંથી લોલક

દૂર જાય છે એ સ્પષ્ટ અને પ્રગટ છે. તેની જગ્યા સપાટી પરના પ્રાણસ્વરૂપ આત્મલક્ષીવાદે લીધી છે અને રાષ્ટ્રીય આત્મા, તેની આત્મ-અભિવ્યક્તિ અને આવિર્ભાવના નામે નેતાઓ અને ઉપદેશકો શિક્ષણ આપે છે. અને તેમના સરમુખત્યારશાહી ગૂઢ રહસ્યને આક્રમક રીતે અમલમાં મૂકે છે. રશિયા અને ફ્રાસીવાદી દેશોમાં મૂળભૂત લક્ષણો તો એક જ છે તેથી તેમનો જીવલેણ કજિયો બહારના માણસની નજરે લોકશાહી અને તાર્કિક યુગ જેવા તેમના હણાયેલા માતાપિતાના વારસા માટે સગાંવહાલાંઓનાં પારસ્પરિક વેરઝેર જણાય છે. પક્ષનું સમર્થન કરતા લશ્કરી દળની શક્તિના ટેકાથી નાની સક્રિય લઘુમતી, નાઝી, ફ્રાસી કે સામ્યવાદી પક્ષના અધ્યક્ષ, સરમુખત્યાર, ફ્યુહરર, ડકસ જેવા સત્તાધીશ વ્યક્તિગત નેતા દ્વારા સમાજના જીવનને ખૂંચવી લેવાય છે. લોકોના સામાજિક, આર્થિક, રાજકીય જીવને ઝડપી સ્ફૂટિક સ્વરૂપ ધારણ કર્યું છે અને દરેક તબક્કે અભિનવ કઠોર સંગઠન દ્વારા અસરકારક રીતે નિયંત્રણ થાય છે. વિચાર, શિક્ષણ, અભિવ્યક્તિ અને કર્તવ્યને ફરજિયાત રીતે જીવન-હેતુઓ, વિચારની નિશ્ચિત વ્યવસ્થાઓના લોહ સ્વરૂપ બીબામાં ઢાળવામાં આવે છે અને જે તેનાથી જુદું પડે છે કે તેનો નિષેધ કરે છે તેને ઘાતકી, નિર્દય અને લોહિયાળ સાધનથી દાબી દેવામાં આવે છે. સમગ્ર સામુદાયિક અસ્તિત્વ પર મન, વાણી, લાગણી અને જીવનની સંપૂર્ણ મતૈક્યતા અને વધુમાં વધુ કાર્યદક્ષતા સાધવા ભૂતપૂર્વ કદી નહોતું એવું સમગ્ર સંકોચન લાવવાનો પ્રયાસ છે.

જો આ વલણ સાર્વત્રિક બને તો મનુષ્યના માનસિક અંતરતત્ત્વના તાર્કિક અને બૌદ્ધિક વિસ્તારને પ્રાણઘાતક દબાણ કે શિરચ્છેદ દ્વારા તાર્કિક યુગનો મૃત્યુદંડ કે તેની આત્મહત્યા થાય. જો મનુષ્યના મનને વિચારવાની સ્વતંત્રતા અથવા જીવનમાં કર્તવ્ય દ્વારા તેના વિચારને મૂર્તિમંત કરવાની સ્વતંત્રતા આપવામાં આવે નહિ તો તર્ક પોતાનું નિયંત્રણ, કાર્ય કે પોતાની કામગીરી ચલાવી શકે નહિ. પરંતુ તેનું પરિણામ આત્મલક્ષીયુગ પણ હોઈ શકે નહિ. કારણ કે ગતિ, વિસ્તાર, વિકાસ, ફેરફાર વિના આત્મશોધનો સંચાર, પરિવર્તનશીલતા વિના આત્મલક્ષીવાદનો વિકાસ પણ આગળ ધપી શકે નહિ. માનવજીવન પર પ્રભુત્વ મેળવવા ભૌતિક, પ્રાણલક્ષી, સંમિશ્ર કે અસ્પષ્ટ એવા ગૂઢ ખ્યાલોના સંઘર્ષ અને લડાઈ થતાં હોય એવી ધણીધોરી વિનાના ક્ષેત્રનાં સર્જનોમાં તેનું પરિણામ આવે એમ બને. પરંતુ આ અંત નિશ્ચિત નથી. હજુ પણ અંધાધૂંધી અને અવ્યવસ્થા પ્રવર્તે છે અને પરિણામ શંકાસ્પદ છે. સરમુખત્યારશાહી રહસ્યવાદ પૃથ્વી પર આધિપત્ય પ્રાપ્ત કરવાની પોતાની વિઘાતક ધમકી મૂર્તિમંત કરી શકશે નહિ. એ ટકી શકશે પણ નહિ. પૃથ્વી પર એવા ભાગ બાકી રહે જ્યાં બુદ્ધિલક્ષી આદર્શવાદ હજુ પણ ટકી શકે. હાલ રાષ્ટ્રીય મન અને જીવન પર જે ભયંકર

દબાણ લાવવામાં આવે છે એ આંતરિક વિસ્ફોટક પરિસ્થિતિ તરફ દોરી જશે અથવા બીજી તરફ પોતાના નજીકના ધ્યેયને સિદ્ધ કરી ધીમું પડે અને સ્વસ્થ તબક્કાઓમાં મહાન પરિવર્તનશીલતાને માર્ગ આપે. આ પરિવર્તનશીલતા માનવ મન કે આત્મામાં પ્રગતિની નૈસર્ગિક દોરવણી અને તેની આત્મ-વિકાસની પ્રેરણાને વધુ મુકત ક્ષેત્ર પુનઃ સ્થાપિત કરશે.

એમ બને તો તાર્કિક યુગની રેખાને ઓચિંતું અટકી જવાની હાલ ધમકી મળી છે એ યુગ ચાલુ રહે અને સ્વયં પૂર્ણ બને. પોતાની જાતને ઓળખ્યા પહેલાં કોઈ પણ સામાન્ય બાહ્ય કર્તવ્યમાં અપરિપક્વ રીતે ઝંપલાવ્યા વિના માનવ મન અને જીવનનો આત્મલક્ષી વળાંક પોતાનું સત્ય, પોતાની દિશાઓ શોધવા અને વિકાસ સાધવા મુકિત અને સમય પ્રાપ્ત કરે. અને એ રીતે માનવ સામાજિક ઉત્ક્રાંતિના આવર્તને સ્વીકારવા તૈયાર થાય છે. ત્યાં પોતાની નૈસર્ગિક ઉત્ક્રાંતિ દ્વારા તાર્કિક યુગની રેખાનો સહજ રીતે અંત આવે છે અને સૂક્ષ્મ આત્માના માર્ગો તૈયાર થાય છે.

પ્રકરણ વીસમું

તાર્કિક રેખાનો અંત

પ્રથમ દૃષ્ટિએ સમાજના તાર્કિક સામુદાયિક ખ્યાલમાં જોરદાર આકર્ષણ રહ્યું છે. તેની પૂર્વભૂમિકારૂપે એક મહાન સત્ય રહ્યું છે કે પ્રત્યેક સમાજ સામુદાયિક અંતરતત્ત્વનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં અને તેના દ્વારા વ્યકિત જીવન જીવે છે અને સમાજ પ્રત્યે તેનો એટલો બધો ઋણ-સ્વીકાર છે કે એ તેને સર્વસ્વ સમર્પિત કરી શકે છે. તદુપરાંત સમાજ સાથેના અમુક સંબંધ, આ સામુદાયિક આત્મા સાથેની અમુક નિશ્ચિત સંવાદિતા દ્વારા જ પોતાની વિવિધલક્ષી વિકાસ પામેલી કે વિકાસ પામતી શકિતઓ અને પ્રવૃત્તિઓ માટે તે સંપૂર્ણ ઉપયોગિતા શોધી શકશે, એ સામુદાયિક અંતરતત્ત્વ છે તેથી સહજરીતે એવી ધારણા કરાય કે તેમાં શોધી શકાય એવો સામુદાયિક તર્ક અને સંકલ્પ હોવા જોઈએ. જો આ તર્ક અને સંકલ્પને સંગઠિત આત્મ-અભિવ્યકિત અને અમલના જાગૃત અને અસરકારક સાધનો આપવામાં આવે તો પોતાની ઉચિત અભિવ્યકિત અને કામગીરી વધુ ને વધુ શોધી શકે. જ્યાં શાસક વ્યકિત અને વર્ગ પોતાની સત્તાનો તદ્દન જુદાં સાધ્યો માટે દુરુપયોગ કરવા હમેશ પ્રેરાય છે, ત્યાં બધાની સંપૂર્ણ સમાનતાના મૌલિક ખ્યાલ મુજબ આ સામુદાયિક સંકલ્પ અને બુદ્ધિને અનુલક્ષીને રચાયો છે તેથી સહજ રીતે તેના પોતાના શુભને શોધે છે એવો તેમાં વિશ્વાસ મૂકી શકાય. સમાનતા અને ભ્રાતૃભાવના આધારે રચાતા સામાજિક જીવનના ઉચિત સંગઠને પ્રત્યેક મનુષ્યને સમાજમાં તેનું યોગ્ય સ્થાન, સામાન્ય ધ્યેયો માટે તેની પૂર્ણ તાલીમ અને વિકાસ, કાર્યનો, ફુરસદ અને બદલાનો તેનો વાજબી હિસ્સો, સામુદાયિક અંતરતત્ત્વ એવા સમાજના સંબંધમાં તેના જીવનનું ઉચિત મૂલ્ય મેળવી આપવું જોઈએ. વધુમાં વ્યકિતગત અને સામુદાયિક શુભ દ્વારા સંચાલિત સ્થાન, હિસ્સો અને મૂલ્ય હશે. એ જન્મ કે ભાગ્ય દ્વારા આકસ્મિક રીતે સંપત્તિ દ્વારા ખરીદાયેલ કે દુઃખદાયક અને વ્યર્થ મથામણ દ્વારા જીતાયેલ અતિશય કે અવમૂલ્યન પામેલું મૂલ્ય નથી. સુવ્યવસ્થિત

અને સુસજ્જ રાજ્યમાં તાજેતરના ભૂતકાળમાં સામૂહિક કર્તવ્યના અપૂર્ણ વિકાસે દર્શાવ્યું છે તેમ સમાજની બાહ્ય કાર્યદક્ષતા, તેના જીવનની આયોજિત વ્યવસ્થિત, આર્થિક કામગીરી, તેની ઉત્પાદનની અને સામાન્ય સુરક્ષાની શક્તિ વિપુલ પ્રમાણમાં વધવી જોઈએ.

આ પરિણામ સંપૂર્ણ રીતે લાવવા માટે વ્યક્તિની સ્વતંત્રતાનો નાશ કરવો જોઈએ અથવા તેને નહિવત્ બનાવી મૂકવું જોઈએ એવો જે વિરોધ કરવામાં આવે તો એવો ઉત્તર વાળી શકાય કે રાજ્ય જે સમગ્ર સમાજ, સર્વ બ્રહ્મનાં હિત, શુભ, મન અને સંકલ્પનું પ્રતિનિધિત્વ કરે છે તે વિરુદ્ધ વ્યક્તિનો અહંકારી સ્વાતંત્ર્યનો અધિકાર એ ભયાનક કલ્પના અને વિઘાતક સ્વૈરવિહાર છે. જો વિચાર અને વાણીની સ્વતંત્રતા થોડો વખત મંજૂર કરવામાં આવે-અલબત્ત, સમાજવાદી રાજ્યની વ્યક્તિ પર દૃઢ પકડ જામી ગઈ હોય ત્યારે આ સ્વતંત્રતા નુકસાન થયા વિનાની ભાગ્યે જ રહે છે—તો પણ મનુષ્યની પ્રકૃતિના નિમ્ન તાર્કિક ભાગોને વ્યવહારમાં બિનજરૂરી સ્વતંત્રતા આપી કહેવાય. અને જો મનુષ્યે બુદ્ધિશાળી બની તાર્કિક જીવન જીવવું હોય તો આ નિમ્ન તાર્કિક ભાગોને કદાચ સંપૂર્ણ દાબી દેવાય નહિ પરંતુ તેને જ શું પૂર્ણ નિયંત્રણ તળે લાવવાના નથી? રાજ્યનો સામુદાયિક તર્ક અને સંકલ્પ જે વ્યક્તિના તર્ક અને સંકલ્પ કરતાં વધુ ઉચિત અને વ્યાપક છે તે દ્વારા આ નિયંત્રણ વધુ યોગ્ય અને અસરકારક રીતે અમલમાં લાવી શકાય છે. કારણ કે જે સરેરાશ વ્યક્તિ દ્વારા થઈ શકે નહિ એ સમાજમાં ઉપલબ્ધ જ્ઞાન અને અભીપ્સા દ્વારા તેને નહો મળે છે. ખરેખર જે સંસ્કારી અને પ્રતિભાશાળી વ્યક્તિ છે એ આ સામૂહિક તર્ક અને સંકલ્પને પોતાના વધુ વિશાળ મન, સંકલ્પ અને અંતઃપ્રેરણા તરીકે લેખે અને તેને અનુસરીને સરળ રીતે વર્તન કરવામાં પોતાના અલ્પ અને ઓછા તાર્કિક આત્મતત્ત્વની પ્રબળ અભિવ્યક્તિ જ જુએ અને પોતાનો અલ્પ ભિન્ન અહંકાર અત્યારે જે સ્વતંત્રતાનો દાવો કરે તે કરતાં વધુ યથાર્થ સ્વતંત્રતા તેને પ્રાપ્ત થાય છે. એવી દલીલ કરવામાં આવતી હતી કે શિસ્તબદ્ધ જર્મન વ્યક્તિ જર્મન પોલીસ, રાજ્ય અધિકારી કે લશ્કરી અમલદારના છેક ઇશારાને તાબે થાય છે અને સમગ્ર યુરોપ અને તેથી આખા જગતમાં એ વધુમાં વધુ મુક્ત, સુખી અને નૈતિક વ્યક્તિ છે. એ જ તાર્કિક પ્રક્રિયાને ઉચ્ચ સ્વરૂપમાં નાઝીવાદી જર્મની અને ફાસીવાદી ઈટાલીના લશ્કરી બાહુબળ દ્વારા પ્રાપ્ત થતા આનંદને કદાચ લાગુ પાડી શકાય તેમ છે. વ્યક્તિને કેળવણી આપતું અને સંચાલિત કરતું રાજ્ય તેને બુદ્ધિશાળી, નૈતિક, વ્યવહારુ અને સામાન્ય રીતે સંપૂર્ણ બનાવવાનું કાર્ય હાથ ધરે છે અને રાજ્ય એની વિશેષ કાળજી લે છે કે વ્યક્તિની ઇચ્છા હોય કે ન હોય પરંતુ પ્રત્યેક

બાબતમાં હમેશ બૌદ્ધિક, નૈતિક, વ્યવહારુ અને સાંગોપાંગ એવી રાજ્યે મંજૂર કરેલી દિશાઓમાં જ વ્યકિત વિકાસ કરશે.

વ્યકિતલક્ષી સિદ્ધાંત જે ઉપર્યુકત સિદ્ધાંતની પહેલાં પ્રચલિત હતો તેની જેમ આ સિદ્ધાંતની ઘયામણી બાજુ એ છે કે તેના નિશ્ચિત વિચારો અને માનવ સ્વભાવની વાસ્તવિક હકીકતો વચ્ચે રહેલી અસંગતી સાથે નિશ્ચિતપણે અથડાવાનું છે. કારણ કે મનુષ્યની અંતરતત્ત્વની જટિલતા અને જટિલતાના સમગ્ર ભાવાર્થને તે અવગણે છે. અને સવિશેષ મનુષ્યનો આત્મા, સ્વાતંત્ર્યની તેની ઉત્તમ આવશ્યકતાને તે અવગણે છે. મનુષ્યની પ્રકૃતિના નિમ્ન સભ્યો પર પણ નિયંત્રણ લાવવું એ નિઃશંક જરૂરી છે કારણ કે એ જે સંપૂર્ણ સ્વતંત્રતા માટે મથામણ કરે છે તેનો ભાગ છે. આ સંચાલન મન અને સંકલ્પ દ્વારા યાંત્રિક નિયંત્રણ હોઈ શકે નહિ પરંતુ વિકાસ પામતો આત્મ-સંયમ છે. આજ્ઞાંકિતપણું એ પણ તેની પૂર્ણતાનો ભાગ છે. પરંતુ એ કોના પ્રત્યે ? એ યાંત્રિક શાસન અને સંચાલન પ્રત્યે નહિ પરંતુ યથાર્થ માર્ગદર્શક શકિત પ્રત્યે મુકત અને સાહજિક આજ્ઞાંકિતપણું છે. સામૂહિક અંતરતત્ત્વ એ હકીકત છે. સમગ્ર માનવજાતિને સામૂહિક અંતરતત્ત્વ તરીકે લેખી શકાય. પરંતુ આ અંતરતત્ત્વ એ આત્મા અને જીવન છે એ કેવળ મન કે શરીર નથી. પ્રત્યેક સમાજ એ માનવજાતિના જૂથ-આત્મા કે નિમ્ન-આત્મા તરીકે વિકાસ પામે છે. સામાન્ય સ્વભાવ, ચારિત્ર્ય, મનનો નિશ્ચિત પ્રકાર પણ વિકસાવે છે. તેના જીવન અને તેની સંસ્થાઓને આકાર આપતી વૃત્તિઓને અને સંચાલિત વિચારોની ઉત્ક્રાંતિ કરે છે. પરંતુ સમાજને તેના સર્વે સભ્યોને સંમત અને શોધી શકાય એવા સામાન્ય તર્ક અને સંકલ્પ આવ્યો નથી. કારણ કે જૂથ-આત્મા પોતાની વૃત્તિઓને મંતવ્યો, સંકલ્પો અને જીવનના વૈવિધ્ય દ્વારા તૈયાર કરે છે. જૂથ જીવનની શકિત મહદ્ અંશે આ વૈવિધ્ય, તેના સાતત્ય અને તેની સમૃદ્ધિની કામગીરી પર આધાર રાખે છે. આમ હોવાને લીધે સંગઠિત રાજ્ય દ્વારા રાજકારભારનો અર્થ હમેશ અમુક વ્યકિતઓ દ્વારા થતો રાજકારભાર છે. પછી એ બહુમતી સંખ્યા કે લઘુમતી સંખ્યા દ્વારા થતો હોય એ ભેદ અંતે ગૌણ છે. કારણ કે જ્યારે બહુમતી એ કારભાર ચલાવતી હોય ત્યારે વસ્તુતઃ બધાનો કોઈ યથાર્થ સામાન્ય તર્ક અને સંકલ્પ નહિ પરંતુ અમુક પ્રતિભાશાળી વ્યકિતઓના તર્ક અને સંકલ્પ અર્ધસંમોહિત જૂથની સંમતિ લઈ શાસન ચલાવે છે.* માનવ

---

* આશ્ચર્ય પમાડે એવા આત્મ નિર્દેશન બળથી સામ્યવાદી રશિયા અને રાષ્ટ્રીય સમાજવાદી જર્મનીમાં—અન્ય દેશોને દૂર રાખીએ તો—આ સત્ય પ્રગટ થયું છે. માનવજાતિને તાજવાળો કે બેતાજ રાજા, સરમુખત્યાર, નેતા, અધ્યક્ષની જરૂર

સમુદાય હજુ સાંગોપાંગ બૌદ્ધિક અને વિકસિત મનવાળો થયો નથી. અને રાજ્યવહીવટની એ વ્યવહારુ જરૂરિયાત છે ત્યાં સુધી રાજ્યને તાત્કાલિક સમાજવાદી બનાવવાથી એ બદલી જશે એમ માનવાને કોઈ કારણ નથી.

જૂના નિમ્ન તાર્કિક સમાજોમાં છેક તેના આરંભમાં જે શાસનકર્તા હતું તે રાજ્ય નહોતું, પરંતુ એ જૂથ-આત્મા હતો. આ જૂથ-આત્મા પોતાના જીવનનો વિકાસ કરી રૂઢિગત સંસ્થાઓમાં સંગઠિત થઈ બધા સભ્યો તેને અનુકૂળ થાય એવાં આત્મ-નિયંત્રણો રચ્યાં. કારણ કે શાસકો એ તેના કેવળ વહીવટકર્તા અને સાધનો હતાં. વ્યકિત સમાજને મહદ્ અંશે તાબે થાય છે એ આમાંથી ખરેખર ફલિત થાય છે. પરંતુ એ અનુભવાયું નહોતું કારણ કે વ્યકિતલક્ષી ખ્યાલ હજુ જન્મ્યો નહોતો અને સામાજિક પરિવર્તનશીલતા માટે નોંધપાત્ર છૂટછાટ જેને રાજ્યવહીવટ વધુ ને વધુ દાબી દે છે તે પરિવર્તનશીલતા દ્વારા એક અથવા બીજી રીતે નૈસર્ગિકપણે આવું વૈવિધ્ય પ્રાપ્ત થતું હતું. તેને લીધે એ અનુભવાતું નહોતું. જેમ જેમ રાજ્યવહીવટ આગળ વધે છે તેમ આપણને બહુમતી દ્વારા લઘુમતીનું કે લઘુમતી દ્વારા બહુમતીનું વાસ્તવિક દમન કે તેનો જુલ્મ જોવા મળે છે. એ રીતે સામૂહિક તત્ત્વ દ્વારા વ્યકિતનું અને આખરે રાજ્યનું કઠોર યાંત્રિકતા દ્વારા બધાનું દમન જોવાય છે. લોકશાહી સ્વતંત્રતાએ આ દમનને હળવું કરવા પ્રયાસ કર્યો. તેણે વ્યકિતને મુકત ગતિ આપી અને બની શકે તેટલું રાજ્યના કાર્યને મર્યાદિત કર્યું. સમષ્ટિવાદ તદ્દન વિરુદ્ધ છેડે જાય છે. વ્યકિતના સ્વાતંત્ર્ય સંકલ્પ માટે એ જરા પણ જગ્યા રાખશે નહિ. સિવાય કે વિચાર સ્વાતંત્ર્યનો સદંતર નિષેધ કરાય અને બધા માણસોના માનસને વિચાર કરવાની એક જ યથાર્થ રીતિમાં જોડવામાં આવે, ઉચ્ચ પ્રકારના સાર્વત્રિક શિક્ષણ દ્વારા વ્યકિતને બુદ્ધિશાળી બનાવવાના પ્રયાસથી તો આ દમનનો વધુ ને વધુ અનુભવ થાય છે.

પોતે વિકાસ અને વૃદ્ધિ પામે એ માટે વિચાર, જીવન અને કર્તવ્ય માટે મનુષ્યને સ્વતંત્રતાની આવશ્યકતા છે. અથવા એ જ્યાં હતો ત્યાં વામણો, સ્થિર અને વિકાસ-વિહોણો રહેશે. જો મનુષ્યનાં મન અને તર્ક અણવિકસિત હોય તો તેના નિમ્ન તાર્કિક મનની જેમ જૂથ-આત્મા, ટોળું, સમુદાયમાં પ્રકૃતિની સર્વ સામાન્ય નિમ્ન પ્રક્રિયામાં સૂક્ષ્મ અર્ધજાગૃત સાધારણ ઉત્ક્રાંતિના સાહચર્યથી મનુષ્ય વિકાસ કરવા સંમતિ આપે એમ બને. જેમ મનુષ્ય પોતાના વ્યકિતગત તર્ક અને સંકલ્પ વિકાસ પામે છે તેમ વ્યકિતગત સ્વાતંત્ર્ય અને

રહે છે તેનું દૃઢ પુનઃ કથન છે, શ્રમજીવીઓ સત્તા પર આવવાના છે તેનું વિકાસનું પરિણામ મર્યાદિત સંખ્યાનું શાસન અને તેનો વહીવટ છે.

પરિવર્તનશીલતા જો સમગ્ર સમાજ અને અન્ય માણસોને હાનિ પહોંચાડે નહિ એ રીતે વ્યકિતને વધુ ને વધુ સ્વાતંત્ર્ય અને પરિવર્તનશીલતાની આવશ્યકતા રહે છે અને સમાજે તેને માટે તક અને અવકાશ કરી આપવાં જોઈએ. જો વ્યકિતગત માનસને છૂટો દોર અને પૂર્ણ વિકાસ અપાય તો આ વિકાસ દ્વારા વિપુલ પરિવર્તનશીલતાથી સ્વાતંત્ર્યની જરૂરિયાત વૃદ્ધિ પામશે. જો વિચાર અને તર્કને મુકત ગતિ અપાય તો જ એ બને. પરંતુ જો પ્રાણતત્ત્વના વધુ પડતા સંચાલનથી જીવનમાં બૌદ્ધિક સંકલ્પના મુકત વિહારનો અવરોધ થાય તો અસહ્ય વિરોધ અને જુઠ્ઠાણું સર્જાશે. સમાજની સમૂહલક્ષી વ્યવસ્થા દ્વારા તર્કની વૈજ્ઞાનિક તુષ્ટિ, સાધનોની કાર્યદક્ષતા, આર્થિક વિકાસ અને આ કાર્ય પદ્ધતિના પ્રત્યક્ષ નવીન અને મોટા ફાયદા ઉત્પન્ન થશે તે જોતાં થોડો વખત મનુષ્ય તેને સહન કરી લે. પરંતુ જ્યારે તેના ફાયદાઓ રોજિંદી ઘટના બની જાય અને તેના દોષો વધુ મૂર્ત બનશે અને નજરે ચડશે ત્યારે સમાજના સ્પષ્ટ અને શકિતશાળી માનસમાં અસંતોષ અને વિગ્રહ નિશ્ચિતપણે પ્રવેશશે અને વિશાળ સમુદાયમાં તેમનો ફેલાવો કરશે. આવા સંયોગમાં આ બૌદ્ધિક અને પ્રાણલક્ષી અસંતોષ અરાજકતાને ઉત્તેજન આપે એવા વિચારોનું સ્વરૂપ લે, કારણ કે આંતરિક જીવનમાં સ્વતંત્ર પરિવર્તનશીલતાની આ આવશ્યકતા અને વિગ્રહના ઊગમરૂપ જણાતી બાહ્ય અભિવ્યકિતની માગણીને આ ખ્યાલ સંતોષે છે. આ અરાજકતાપ્રેરક ખ્યાલ આવશ્યકપણે સામાજિક વ્યવસ્થાથી વિપરીત હશે. જીવનનાં નિશ્ચિત માળખાંઓને અનુકૂળ જે શિક્ષણ પ્રથા છે તે દ્વારા જ રાજ્ય આ અરાજકતાની સાથે લડાઈ ખેલી શકશે. આ શિક્ષણ લોકોને એક મન, સ્થિરભાવ, અભિપ્રાય અને લાગણીવાળા બનાવવા અને તાલીમ આપવા વાણી અને વિચારના સ્વાતંત્ર્યને દાબીને જેમ વસ્તુઓના જૂના નિમ્ન તાર્કિક ક્ષેત્રમાં બનતું હતું તેમ અભિરુચિ, અભિયોગ્યતા અને વિચારોના નિશ્ચિત માળખામાં નાગરિકને પ્રયુકત કરી યંત્રવત્ કરી દેશે. પરંતુ તાર્કિક સમાજમાં આ ઉપાય સ્વ-વિરોધી અને બિનઅસરકારક નીવડશે અને જો અસરકારક નીવડે તો જે અનિષ્ટની સાથે એ લડવા તત્પર બને છે તે કરતાં વધુ બદતર લેખાશે. બીજી તરફ જો આરંભથી જ તર્કના સ્વાતંત્ર્યને નકારી કાઢવામાં આવે તો તાર્કિક સમાજના આદર્શનો અને તાર્કિક યુગનો એ અંત આવ્યો લેખાય. સંકુચિત અને નિશ્ચિત ક્ષેત્ર સિવાય મનુષ્યના માનસ, માનસિક સંકલ્પ અને માનસિક અંતરતત્ત્વનો ઉપયોગ અટકાવી દેતા અને તેનો વિકાસ દાબી દેતા એ પ્રાણીની જેમ અને જંતુ માફક અપરિવર્તનશીલ ઉપજાતિ બની જશે.

સમાજવાદી રાજ્યનો આ કેન્દ્રીય દોષ છે. અપર્યાપ્તપણાનો આક્ષેપ

સાબિત કરી તેને નવીન આદર્શના વિકાસ પહેલાં રદબાતલ કરવામાં આવશે. વ્યકિતના જીવન પર રાજ્ય સંગઠનનું જોર એવી કક્ષાએ પહોંચ્યું છે જ્યાં એ અસહ્ય થવા લાગ્યું છે. એ હાલમાં છે એ ચાલુ રહેશે—ગણ્યાગાંઠ્યા માણસો દ્વારા વ્યકિતના જીવનનો રાજ્યવહીવટ—અને એ દેખાડે છે તેમ સામાન્ય સંકલ્પ અને તર્ક દ્વારા રાજ્ય રહેશે નહિ, જો પ્રત્યક્ષ રીતે બિનલોકશાહી અથવા કૃત્રિમ લોકશાહી બની જશે તો આ જુઠ્ઠાણા દ્વારા રાજકીય અરાજકતાનો ખ્યાલ તેના અસ્તિત્વ પર આક્રમણ કરશે. પરંતુ સમાજવાદી રાજ્ય ખરેખર લોકશાહી રાજ્ય, સંમત થતી બહુમતીના મુકત તાર્કિક સંકલ્પની ખરેખર અભિવ્યકિત બને તો પણ તેની અંતરતમ મુશ્કેલી દૂર થઈ શકે તેમ નથી. એ પ્રકારનો કોઈ પણ ખરો વિકાસ ખરેખર મુશ્કેલ બની જશે અને તેનો આભાસ કેવળ કાલ્પનિક રહેવાનો છે. કારણ કે સમષ્ટિવાદ જીવનને તેના મૂળભૂત સિદ્ધાંતો, તેના મુખ્ય પ્રવાહો અને લાખોની મુકત તાર્કિક સંકલ્પની સંમતિને નિર્યંત્રિત કરે છે એ સ્વ-વિરોધ છે. સંગઠિત રાજ્યની ગમે તે પૂર્ણતા હોય પરંતુ લઘુમતી કે બહુમતીના સંકલ્પ દ્વારા વ્યકિતગત સ્વાતંત્ર્યનું દમન કે તેના પર થતો જુલ્મ તેમ રહેવાનો જ અને તેના સિદ્ધાંતને દુષિત બનાવતી એ કેન્દ્રવર્તી ત્રુટિ રહેશે, અને અમુક તત્ત્વ તો અગણિત રીતે બદતર હશે. કારણ કે જીવનના સંપૂર્ણ યાંત્રીકરણ દ્વારા જ જીવનનું સર્વાંગી વૈજ્ઞાનિક સંચાલન શકય બની શકે. રાજ્યના ખ્યાલની આંતરિક ત્રુટિ અને તેનો વ્યવહાર એ આ યાંત્રીકરણની વૃત્તિ છે. બૌદ્ધિક અરાજકતાલક્ષી ખ્યાલ અને આધ્યાત્મિક વિચારકની આંતરસૂઝ આ ત્રુટિ પર ભાર દેવા લાગ્યા જ છે અને જેમ જેમ વ્યવહારમાં રાજ્યનો ખ્યાલ આ ત્રુટિની આજુબાજુ વધુ પૂર્ણ વમળોમાં ફેરવાય છે તેમ તેનું દબાણ વ્યાપકતાથી વધતું જાય છે. જ્યારે તર્ક જીવનને નિયંત્રિત કરવા તરફ વળે છે અને તેને અમુક પ્રકારના તાર્કિક માળખામાં ગોઠવી દેવા જીવનની નૈસર્ગિક વૃત્તિઓને દાબી દેવા શ્રમ ઉઠાવે છે એ તર્કની ખરેખર મૂળભૂત ત્રુટિ છે.

તર્ક યાંત્રિક સ્વરૂપવાળો છે અને નિશ્ચિત વૈશ્વિક ટેવોના ચીલામાં હમેશ અક્ષરપણે રહે છે તેથી એ ભૌતિક વિશ્વની યાંત્રિક વ્યવસ્થા સાથે સફળ રીતે વહેવાર કરે છે પરંતુ જીવન તેથી જુદું છે. આથી વિરુદ્ધ જીવન ગતિશીલ, પ્રગતિશીલ અને ઉત્ક્રાંતિ કરતું બળ છે. એ બળ જીવંત તત્ત્વોના અનંત આત્માની વધતી જતી અભિવ્યકિત છે, અને એ જેમ જેમ પ્રગતિ કરે છે તેમ પોતાની સૂક્ષ્મ પરિવર્તનો, જરૂરિયાતો અને વૈવિધ્યો વિશે વધુ ને વધુ સભાન બને છે. જીવનની પ્રગતિ એ જે અસંખ્ય વસ્તુઓ પરસ્પર વિરુદ્ધ અને વારંવાર નિરપેક્ષ વિરોધ અને નિષેધયુકત જણાય છે તેમને એકસૂત્રિત કરવી અને તેમનો

વિકાસ સાધવામાં રહી છે. આ વિરોધોમાં અમુક સિદ્ધાંત અથવા એકતાનો સ્થિર આધાર શોધવો જરૂરી છે. સંઘર્ષ અને મથામણના આધાર પર નહિ પરંતુ સંવાદિતાના આધારે ઉચ્ચતર અને વધુ વ્યાપક વિકાસ શક્ય બનાવે એવા સમન્વયની વ્યવહારુ સમતુલા શોધવી જરૂરી છે. જો પ્રાણતત્ત્વ અને જીવન એ ધૂંધળા, દુઃખદાયક, અસ્પષ્ટ ગતિ અને પ્રકૃતિ દ્વારા જડતત્ત્વના સુપ્ત અને જૈવિક મન તત્ત્વના અજ્ઞાન સાથે થયેલ સમજૂતી કે તડજોડમાંથી બહાર નીકળવા અને ઊગરવા ઇચ્છતું હોય તો તેની સક્રિય પ્રાણતત્ત્વની ઉત્ક્રાંતિ માટે આ માનવજાતિનું સામાન્ય ધ્યેય હોવું જોઈએ. જ્યારે ઉચ્ચતમ અને સૌથી સંપૂર્ણ આધ્યાત્મિક સત્તા તરીકે આત્મ સ્વરૂપને શોધે અને તેનાં જીવન-મૂલ્યોનું આત્માનાં મૂલ્યોમાં પ્રગતિશીલ ઉચ્ચ રૂપાંતર કરવાથી જ આ કાર્ય યથાર્થ રીતે થઈ શકે તેમ છે. કારણ કે એમ કરવાથી જ તેઓ સર્વે તેમનું આધ્યાત્મિક સત્ય શોધશે અને એ સત્યમાં પરસ્પર સત્ય એ એવું સત્ય છે જેનાં અપ્રગટ પાસાંઓ તરીકે અન્ય સત્ય રહે છે. અન્ય સત્યો આકર્ષક આવરણ કે અંધકારમય વિકૃતિઓ છે જેમાં પોતાનો યોગ્ય અધિકાર અને પરસ્પર ઉચિત સંબંધ શોધી શકે છે. આ શોધવાનું કાર્ય તર્ક કરી શકે નહિ. તર્કનું કાર્ય મધ્યવર્તી સાધન જેવું છે. બુદ્ધિ દ્વારા આ જીવનને સમજવું, નિરીક્ષણ કરવું, જે માર્ગે એ જવા માગે છે તેની દિશા શોધવી અને એ માર્ગના આત્મ-વિકાસના નિયમો શોધવાનું છે. એ પોતાના વ્યવસાયનું કાર્ય કરવા ટૂંકજીવી નિશ્ચિત દૃષ્ટિબિંદુઓ અખત્યાર કરવા વશ થાય છે. આમાંનું કોઈ પણ દૃષ્ટિબિંદુ એકાંગી સત્ય કરતાં વધુ નથી અને વ્યવસ્થાઓ સર્જવા માટે આમાંનું કોઈ પણ સત્ય વસ્તુઓના સર્વાંગી સત્યની ખરેખર આખરી અભિવ્યક્તિ બની શકે નહિ. વસ્તુઓનું સર્વાંગી સત્ય એ તર્કનું નહિ પરંતુ આત્માનું સત્ય છે.

વિચારના પ્રદેશમાં એમ હોઈ શકે. કારણ કે તર્કને આગેકૂચ કરવાની આદત નથી. એ કોઈ પણ જાતની કનડગત વિના વિરોધી દૃષ્ટિબિંદુઓ અને વ્યવસ્થાઓના સહઅસ્તિત્વને આવકારે છે, તેમની તુલના કરે છે, સમન્વય શોધે છે, ઘણી વિવિધ રીતે સંકલન કરે છે, તેમાં સતત પરિવર્તન, વિકાસ અને તેમની ઉન્નતિ શોધે છે. પ્રત્યેક અવસરે તુરતજના વહેવારુ પરિણામોનો ખ્યાલ કર્યા વિના એ વર્તન કરવા સ્વતંત્ર છે. પરંતુ જ્યારે જીવનને સંચાલિત કરવા તર્ક પ્રયાસ કરે છે ત્યારે અમુક દૃષ્ટિકોણને સ્થિર નિશ્ચિત કરવા અને તેની વ્યવસ્થા સ્પષ્ટ બનાવવા વશ થાય છે. પ્રત્યેક પરિવર્તન શંકાશીલ જણાય છે કે બની જાય છે. એ મુશ્કેલ અને જોખમી જણાય છે, ન જોઈ શકાય એવાં પરિણામો વિનાશક માલૂમ પડે છે. બીજી તરફ દૃષ્ટિબિંદુઓ, સિદ્ધાંતો અને વ્યવસ્થાઓનો સંઘર્ષ એ સંવાદિત વિકાસના આધાર તરફ લઈ જતા નથી

પરંતુ કલહ અને ક્રાંતિ તરફ લઈ જાય છે. સ્થિરતાને પ્રાપ્ત કરવા તર્ક યાંત્રિક પ્રક્રિયા હાથ ધરે છે અને વસ્તુઓના પ્રવાહીરૂપ વચ્ચે રહીને વહેવાર કરે છે. આ યાંત્રિક પ્રક્રિયા ભૌતિક પ્રકૃતિના નિયમ કે ધર્મ સાથે અનુરૂપ અને સુસંવાદિત છે તેથી ભૌતિક બળો સાથે વહેવાર કરવામાં પર્યાપ્ત સિદ્ધાંત છે. પરંતુ જાગૃત જીવન સાથે વહેવાર કરવામાં એ કદી યથાર્થ રીતે સફળ થઈ શકે નહિ કારણ કે જીવનના સર્વોત્તમ ધર્મ અને તેના નિયમથી વિરુદ્ધ છે. સમાજની તાર્કિક વ્યવસ્થા એ નિમ્ન તાર્કિક સમાજોની સાપેક્ષ સ્થગિત સ્થિતિ, ધીમી નિમ્ન જાગૃત કે અર્ધજાગૃત ઉત્ક્રાંતિ અને જે સમાજો અર્ધતાર્કિક અવસ્થાએ છે તેથી સરખામણીમાં આગેકૂચ અને પ્રગતિ દર્શાવે છે, પરંતુ એ તાર્કિક પ્રક્રિયા તેની પોતાની પદ્ધતિઓ દ્વારા પૂર્ણતાને કદી પ્રાપ્ત કરી શકશે નહિ, કારણ કે તર્ક એ જીવનનો પ્રથમ સિદ્ધાંત નથી તેમ એ તેનો આખરી, ઉત્તમ અને પર્યાપ્ત સિદ્ધાંત બની શકે નહિ.

અલબત્ત, સમૂહલક્ષી વિચારસરણીનો અંત આવતાં જે અરાજકતાલક્ષી વિચાર રજૂ થાય છે એ આ કરતાં વધુ સફળ રીતે સંતોષકારક સામાજિક સિદ્ધાંત શોધી શકે કે નહિ એ પ્રશ્ન રહે છે. કારણ કે જીવનને તાર્કિક રીતે સંગઠિત કરવાના એક કાર્યદક્ષ સાધનરૂપ યાંત્રિક પ્રક્રિયાનો એ ત્યાગ કરે તો પછી એ કયા આધાર પર બાંધકામ કરશે અને કયા દ્રવ્યથી એ સર્જન કરશે? અરાજકતાલક્ષી વિરોધ સામે એમ કહેવામાં આવે કે સમૂહલક્ષી તબક્કો કદાચ આખરી અને ઉત્તમ ન હોય તો પણ સામાજિક પ્રગતિમાં છેક અનિવાર્ય તબક્કો છે. કારણ કે વ્યક્તિમાં રહેલા પ્રાણાત્મા, મન કે જીવનની આત્મ-અભિવ્યક્તિ અને સ્વતંત્ર વિકાસ પર ભાર દેવા જતાં વ્યક્તિલક્ષી સિદ્ધાંત માનસિક અને પ્રાણલક્ષી અંતરતત્ત્વના અહંકારનું અતિશય મહત્ત્વ દર્શાવે છે અને જે અન્ય સાથેની એકતાના આધારે જ સંપૂર્ણ આત્મ-વિકાસ અને નિરુપદ્રવી સ્વાતંત્ર્ય સ્થાપી શકાય છે તે એકતાની પ્રતીતિને રોકે છે. સમૂહલક્ષી સિદ્ધાંત છેક એવી એકતા પર ભાર મૂકે છે જે એકાંગી અહંકારના જીવનને મહત્તર જૂથ-અહંના જીવનને નિમ્નવર્તી બનાવે છે અને તેની ફરજ વ્યક્તિની જીવનની રોજિંદી ટેવો અને મનોવૃત્તિ પર અન્ય માણસો સાથેના જીવન એકત્વની અનિવાર્યતાની છાપ મારે છે. પછીથી જ્યારે વ્યક્તિ ફરી પોતના સ્વાતંત્ર્યની માગણી કરે છે અને અમુક વખતે એમ કરવું એ તેના માટે આવશ્યક છે ત્યારે એ પોતાના ભિન્ન અહંકારી જીવનના આધાર પર નહિ પરંતુ આ એકતાના આધારે તેની માગણી મૂર્ત કરવાની તેણે તાલીમ લીધી હશે. સામાજિક જીવનના સામુદાયિક સિદ્ધાંત તરફ માનવ સમાજની ગતિમાં પ્રકૃતિનો આ આશય હશે. સમૂહલક્ષી સિદ્ધાંત એકતા અને સુસંવાદિત સામાન્ય અસ્તિત્વના આધારે

વ્યકિતના મુકત વિકાસ માટે તેના પોતાના આધિપત્ય ધરાવતા સિદ્ધાંતમાં સ્થાન કરી આપવા સુધારો કરે તો આખરે તે આ ધ્યેયને મૂર્તિમંત કરી શકે. પરંતુ એટલું કરવા માટે તેને સ્વયં આધ્યાત્મિક બનવું પડે અને તેના પ્રેરણાદાયી સિદ્ધાંતના અંતરતમ આત્માનું રૂપાંતર કરવું જોઈએ. તે આ કાર્ય તર્કયુકત બુદ્ધિને આધારે અને જીવનના યાંત્રિક રીતે વૈજ્ઞાનિક આયોજન દ્વારા કરી શકે નહિ.

જોકે અરાજકતાલક્ષી વિચારે હજુ સુધી કોઈ નિશ્ચિત રૂપ શોધ્યું નથી છતાં જેમ જેમ વ્યકિત પર સમાજનું દબાણ વધે છે તેમ જ એ સપ્રમાણ પોતાનો વિકાસ કરી શકે. કારણ કે એ દબાણમાં એવું કંઈક છે જે માનવ પૂર્ણતાના અનિવાર્ય તત્ત્વ પર જુલ્મ કરે છે. સ્થૂળ પ્રાણલક્ષી કે આક્રમક અરાજકતાલક્ષી સિદ્ધાંત જે સામાજિક સિદ્ધાંત સામે બળજબરીથી પ્રત્યાઘાત કરે છે અથવા અહંકારી કે સ્થૂળ પ્રાણલક્ષી અર્થમાં "પોતાના જીવન જીવવાનો" મનુષ્યના અધિકારનો દાવો રજૂ કરે છે તેને આપણે વધુ પડતું મહત્ત્વ આપવું જોઈએ નહિ. પરંતુ ઉચ્ચતર બૌદ્ધિક અરાજકતાલક્ષી વિચાર છે જે તેના ધ્યેય અને સૂત્રની દૃષ્ટિએ મનુષ્યના દિવ્ય તત્ત્વ અને સ્વભાવને શોધી કાઢે છે અને તેના અંતિમ તાર્કિક નિર્ણયો તરફ લઈ જાય છે. સામાજિક સિદ્ધાંતની અતિશયોકિત થાય છે તેના વિરોધ અને વિગ્રહ કરવામાં અરાજકતાના પુરસ્કર્તા મનુષ્ય દ્વારા મનુષ્યનો સર્વ વહીવટ દબાણ અને દમન દ્વારા થાય છે એ જે શુભનો નૈસર્ગિક સિદ્ધાંત સામાન્ય સંજોગોમાં માનવજાતિની પૂર્ણતા માટે વૃદ્ધિ પામશે અને જળવાશે તેની એ વિકૃતિ બની જશે અને અનિષ્ટ, ઉલ્લંઘન અને દમન લેખાશે. સામાજિક સિદ્ધાંતને અંગે જ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે અને તેના જીવનના નૈસર્ગિક સિદ્ધાંતમાંથી અકુદરતી અને કૃત્રિમ સિદ્ધાંત તરફ મનુષ્યની જે પડતી થઈ છે તે માટે સામાજિક સિદ્ધાંતને જવાબદાર લેખવામાં આવે છે.

આ એકપક્ષી વિચારની મૂળભૂત મર્યાદા અને અતિશયોકિત બહુ દેખીતી છે. એકાંગી અંતરતત્ત્વ તરીકે મનુષ્ય ખરેખર જીવતો નથી તેમ તે એકાંગી સ્વાતંત્ર્ય દ્વારા વૃદ્ધિ પામી શકતો નથી. અન્ય સાથેના તેના સંબંધોથી તે વૃદ્ધિ પામે છે અને તેનું સ્વાતંત્ર્ય તેના ભાઈભાંડુઓનાં સ્વાતંત્ર્ય સાથે પ્રગતિશીલ આત્મ-સંવાદિતા સાધે તેવું હોવું જોઈએ. તેથી સામાજિક સિદ્ધાંતે જે સ્વરૂપ ધારણ કર્યું છે તેને દૂર રાખીએ તો અન્ય કોઈ નહિ તો વ્યકિતને ઉચ્ચતર પૂર્ણતા પ્રત્યે વિકાસ પામવાના પ્રસંગરૂપે સંબંધોના ક્ષેત્ર તરીકે સમાજની જરૂરિયાત દ્વારા પૂર્ણ રીતે તેને વાજબી ઠરાવી શકાય છે. આપણી સંસ્કૃતિમાં જૂની માન્યતા પ્રચલિત છે કે મનુષ્ય મૂળભૂત રીતે નિર્દોષ અને પૂર્ણ હતો. મુકત અને નૈસર્ગિક જીવનના સંવાદિત સુખ તરીકે માનવજાતિની પ્રથમ આદર્શ

અવસ્થાનો ખ્યાલ જેમાં કોઈ સામાજિક નિયમ કે દબાણ અસ્તિત્વમાં નહોતાં કારણ કે એ કોઈ જરૂરી નહોતાં એ મહાભારત જેટલો જૂનો ખ્યાલ છે. પરંતુ મનુષ્ય આ નૈસર્ગિક પૂર્ણતામાંથી નીચે ઊતર્યો છે તેની આ સિદ્ધાંત પણ પ્રતીતિ કરે છે. મનુષ્યના જીવનમાં સામાજિક સિદ્ધાંતની વ્યવસ્થાના પ્રવેશથી પડતી થઈ છે એમ નથી પરંતુ પડતી થઈ તેથી ફરજ અને દબાણને મૂર્ત કરતી વહીવટી પદ્ધતિ અને સામાજિક સિદ્ધાંતને દાખલ કરવા પડયા. તેથી વિરુદ્ધ જો આપણે મનુષ્યની ઉત્ક્રાંતિને પૂર્ણતામાંથી પડતી લેખીએ નહિ પરંતુ તેના અંતરતત્ત્વના નિમ્ન તાર્કિક દરજ્જામાંથી વિકાસ, ક્રમિક આરોહણ લેખીએ તો એટલું સ્પષ્ટ છે કે તેના નિમ્ન તાર્કિક અહંકારની પ્રાણલક્ષી અને ભૌતિક સહજવૃત્તિઓ પર કેવળ સામાજિક દબાણ, સામાજિક જીવનના નિયમો અને જરૂરિયાતોને વશ થવાથી જ વ્યાપક સ્તર પર આ વૃદ્ધિ સંભવિત બની શકે. કારણ કે તેમના આરંભના સ્થૂળ અને અપરિપક્વ સ્વરૂપમાં રહેલી નિમ્ન તાર્કિક સહજવૃત્તિઓ સ્વૈચ્છિક રીતે આવશ્યકતા અને દબાણ વિના પોતાના દોષોને દૂર કરતી નથી. પરંતુ પોતાનાથી ભિન્ન કાયદાની રચનાથી જ એ થઈ શકે તેમ છે. આ કાયદો તેમને આખરે પોતાની આંતર સૃષ્ટિમાં તેમના શુદ્ધિકરણ અને સત્યસુધારણા માટે ઉચ્ચતર કાયદો રચવા શીખવે છે. સામાજિક દબાણ કે ફરજનો સિદ્ધાંત કદાચ કોઈ વખત કે હમેશ ઉચિત રીતે ઉપયોગમાં લાવી શકાયો નહિ હોય કારણ કે એ મનુષ્યની અપૂર્ણતાનો સિદ્ધાંત છે એ સ્વયં અપૂર્ણ છે અને તેની પદ્ધતિ અને પરિણામમાં હમેશ અપૂર્ણ રહેવો જોઈએ. પરંતુ મનુષ્યની ઉત્ક્રાંતિના આરંભના તબક્કાઓમાં એ સ્પષ્ટ રીતે અનિવાર્ય હતું અને જ્યાં સુધી તેની જરૂરિયાતનાં કારણોમાંથી બહાર નીકળી મનુષ્યે આગળ વિકાસ કર્યો નથી ત્યાં સુધી જીવનના રાજ્યવિહોણા અરાજકતાલક્ષી સિદ્ધાંત માટે ખરેખર તૈયાર થયેલો કહેવાય નહિ.

પરંતુ સાથે સાથે એ સ્પષ્ટ છે કે જેમ જેમ આંતરિક નિયમ એ બાહ્ય નિયમની જગ્યા લેશે તેમ મનુષ્ય તેની નૈસર્ગિક અને યથાર્થ પૂર્ણતા નજીક વધુ પહોંચશે. અને પૂર્ણ સામાજિક રાજ્ય તેને કહેવાય જેમાં રાજ્ય વહીવટી દબાણ લુપ્તપ્રાય થયું હોય અને મનુષ્ય તેનાં ભાઈભાંડુઓ સાથે મુક્ત સંમતિ અને સહકારથી રહી શકે. પરંતુ ક્યાં સાધનો દ્વારા આ મહાન અને ભગીરથ સિદ્ધિ માટે મનુષ્યને તૈયારી કરી શકાય ? બૌદ્ધિક મુક્તવાદ મનુષ્યની બે શક્તિઓ પર આધાર રાખે છે તેમાંની એક શક્તિ એ મનુષ્યની બુદ્ધિની સંસ્કારિતા છે જ્યારે મનુષ્યનું મન સંસ્કારી બને છે ત્યારે પોતાને માટે સ્વાતંત્ર્યના દાવાની માગણી કરશે પરંતુ અન્ય મનુષ્યોમાં પણ એ જ અધિકારની સમાન રીતે પ્રતીતિ કરશે. યથાર્થ, સ્વશોધિત અને શુદ્ધ માનવ સ્વભાવના આધારે ન્યાયી

સમાનતા સ્વયં સર્જાશે. જો વ્યકિતનું જીવન વિશેષ એકાંતવાસમાં અન્ય માણસોના જીવન સાથે કેવળ જરૂરી સંપર્કની અલ્પ સંખ્યામાં જ જીવવામાં આવે તો મનુષ્યની માનસિક શકિતઓમાં ગણનાપાત્ર પરિવર્તન આવે અને પ્રગતિ માટે તેને કદાચ પર્યાપ્ત લેખવામાં આવે. વસ્તુત્વ: આપણું અસ્તિત્વ આપણી આજુબાજુની વસ્તુઓના અસ્તિત્વ સાથે અંતર્ગત રીતે વણાયેલું છે અને સર્વ સામાન્ય જીવન, કાર્ય, પુરુષાર્થ અને અભીપ્સા રહ્યાં છે જે વિના માનવજાતિ તેની પૂર્ણ અવધિ અને વ્યાપકતાને પ્રાપ્ત કરી શકે નહિ. સહસંબંધને નિશ્ચિત પ્રાપ્ત કરવા અને સંઘર્ષ તથા કલહને નિવારવા આવા સતત સંપર્કમાં બુદ્ધિની સંસ્કારિતા સિવાય બીજી શકિતની જરૂર રહે છે. મુકતવાદી વિચાર નૈસર્ગિક માનવ સહાનુભૂતિમાં આ શકિતને શોધે છે. જો નૈસર્ગિક માનવ સહાનુભૂતિને યોગ્ય પરિબળોમાં મુકત ક્ષેત્ર આપવામાં આવે તો એ નૈસર્ગિક સહકાર નિશ્ચિતપણે આપશે એવો વિશ્વાસ રાખી શકાય. અમેરિકાના કવિ જેને ભ્રાતૃભાવ કે ભ્રાતૃપ્રેમ કહે છે તેની માગણી કરાય છે. પ્રખ્યાત ક્રાંતિકારી સૂત્રનું ત્રીજું અને તદ્દન અવગણાયેલ પદ તે બંધુત્વનો સિદ્ધાંત છે. વહીવટી બળ અને સામાજિક દબાણ દ્વારા નહિ પરંતુ સહજ સહકાર પર આધારિત મુકત સમાનતા એ ઉત્તમ રાજ્યવિહોણો મુકિતલક્ષી આદર્શ છે.

આ વિકાસ કાં તો આપણને સહકારી સામ્યવાદ અથવા જેને સમૂહવાદ કહેવાય એ તરફ દોરી જાય. સહકારી સામ્યવાદમાં એકત્રિત જીવન જીવવામાં આવે છે અને બધાની મિલ્કત અને બધાનો શ્રમ એ સર્વના ફાયદા અને કલ્યાણ માટે રહ્યાં છે. સમૂહવાદ એ વ્યકિતની સંમતિ દ્વારા સામાજિક જીવનની તરફેણ કરે છે. આવા સમાજમાં તેની વ્યકિતમત્તાની ન્યાયી સ્વતંત્રતાની પ્રતીતિ થતી હશે પરંતુ મનુષ્યનાં શ્રમ અને પ્રાપ્તિઓનો વધારો તે નૈસર્ગિક સહકારી પ્રવેગ દ્વારા સામાન્ય ક્ષેમ માટે વાપરવામાં આવશે અને સમાજનો સભ્ય કોઈ આનાકાની વિના તેને વાપરવા દેશે. મુકિતલક્ષી સિદ્ધાંતની ઉગ્ર વલણ ધરાવતી શાખા સામ્યવાદ સાથે થતી કોઈ પણ સમજૂતીને નકારી કાઢે છે. રશિયાના આદર્શ તરીકે રાજ્યવિહોણા સામ્યવાદને અંતિમ લક્ષ્ય તરીકે માનવામાં આવે છે તે અર્વાચીન જીવન દ્વારા સર્જાયેલી વિશાળ અને જટિલ કક્ષાએ કેવી રીતે પ્રયોજિત થઈ શકશે તે વિચારવું મુશ્કેલ છે. અને મુકત સમૂહવાદ અમુક પ્રકારના વહીવટી બળ અને સામાજિક દબાણ વિના કેવી રીતે જાળવવામાં કે સ્થાપવામાં આવી શકે તે ખરેખર સ્પષ્ટ નથી અથવા આવો સમૂહવાદ આખરે એક તરફ કઠોર જૂથવાદથી અથવા બીજી તરફ મથામણ, અંધાધૂંધી અને ભંગાણમાંથી કેવી રીતે દૂર રહી શકશે એ સમજી શકાતું નથી. કારણ કે પોતાના સામાજિક વિચારને ઘડવામાં તાર્કિક માનસ મનુષ્યમાં રહેલા નિમ્ન તાર્કિક તત્ત્વની

પર્યાપ્ત બોધ હોતું નથી. મનુષ્યમાં પ્રાણલક્ષી અહંકાર સાથે તેના સ્વભાવનો સક્રિય અને અસરકારક અંશ સંકળાયેલ છે. આ પ્રાણલક્ષી અહંકાર તેનો સતત-પણે જળવાતો મુખ્ય હેતુ છે અને આદર્શલક્ષી તર્કની બધી ગણતરીને એ અંતે પાછી વાળે છે, તેની વિસ્તૃત રચનાઓને ઉથલાવી નાખે છે અથવા તેની પોતાની જરૂરિયાત અને હેતુ સાથે ઓતપ્રોત થઈ શકે એવો કેવળ અલ્પ જીવને જ તે સ્વીકારે છે. જો આ પ્રાણલક્ષી અહંકારના સમર્થ તત્ત્વને તેનામાં રહેલા અહંકારના બળને વધારે પડતો અંધારામાં રાખવામાં આવે, તેની શક્તિને મંદ પાડી દેવાય, નાસીપાસ કરાય, અતિશય તર્કયુક્ત બનાવવામાં આવે અને તેની અભિવ્યક્તિને રોકી દેવાય તો મનુષ્યનું જીવન કૃત્રિમ, ભારેખમ, શક્તિહીન, નીરસ, યાંત્રિક અને શુષ્ક બની જાય છે. અને બીજી તરફ જો તેને દાબી દેવામાં આવે નહિ તો આખરે પોતાની વૃત્તિને સ્થાપે, મનુષ્યનું તાર્કિક પાસું જે આયોજન કરે છે તેને અસ્થિર કરી મૂકે કારણ કે તેની અંદર એવી શક્તિઓ રહી છે જેનો ઉચિત સંતોષ કે રૂપાંતરિત કરવાનો આખરી માર્ગ કયા પ્રકારનો છે તેને તર્ક શોધી શકતો નથી. જો તર્ક એ ગૂઢ રહસ્ય હોય અને વિશ્વનો તે ઉચ્ચ નિયમ હોય અથવા મનોમય મનુષ્ય મનોવૃત્તિથી મર્યાદિત હોય તો તર્કની શક્તિ દ્વારા પ્રાણીમાંથી વારસામાં મળેલી નિમ્ન તાર્કિક પ્રકૃતિના પ્રભુત્વમાંથી ઉત્ક્રાંતિ સાધી શકશે. ત્યારે એ નિશ્ચિત રીતે તેના ઉત્તમ માનવ આત્મતત્ત્વમાં પૂર્ણ તાર્કિક અને સહાનુભૂતિભર્યા અંતરતત્ત્વ તરીકે સર્વાંગી સુવ્યવસ્થિત અને સ્વસ્થ વ્યક્તિ તરીકે, ભારતીય દર્શનમાં જેને સાત્ત્વિક માનવ કહેવાયો છે તેના જેવું જીવન જીવી શકે છે. તેની અંત-શક્તિઓનો એ શ્રેષ્ઠ વિકાસ છે અને તે એની સિદ્ધિ છે. પરંતુ તેનું સ્વરૂપ સંક્રાન્તિને આધીન છે. નિસર્ગની ઉત્ક્રાંતિમાં તાર્કિક અંતરતત્ત્વ કેવળ મધ્યપદ છે. તાર્કિક સંતોષ તેને નિમ્ન કક્ષાના જીવનની પકડમાંથી સહીસલામત બહાર કાઢી શકે નહિ તેમ તેને ઊર્ધ્વકક્ષાના આકર્ષણમાંથી મુક્ત કરી શકે તેમ નથી. જો એમ ન હોત તો બૌદ્ધિક વિરોધનો આદર્શ માનવ જીવનની સુયોગ્ય પૂર્ણતાના સિદ્ધાંત તરીકે વધુ વ્યવહારુ અને સ્વીકૃત હોત. પરંતુ મનુષ્યનો સામાન્ય સ્વભાવ જેવો છે તેને લીધે આખરે વધુ ઉચ્ચ ધ્યેય તરફ આગેકૂચ કરવા આપણને ફરજ પડે છે.

આધ્યાત્મિક અથવા અધ્યાત્મરૂપ મુક્તવિદ્રોહ સાચા ઉકેલની નજીક આવે અથવા છેક દૂરથી તેને સ્પર્શતો જણાય. વર્તમાન સમયમાં એ સિદ્ધાંત અભિવ્યક્ત થાય છે તેમાં ઘણી અતિશયોક્તિ અને અપૂર્ણતા રહ્યાં છે. એ સિદ્ધાંતના દ્રષ્ટાઓ વારંવાર પ્રાણલક્ષી જીવનને નકારી કાઢી અશક્ય વિરક્તિ દર્શાવે છે જે પ્રાણલક્ષી તત્ત્વને પરિવર્તિત અને શુદ્ધ બનાવવાને બદલે તેનું

દમન કરે છે અને તેને મારી પણ નાખે છે. જીવન સ્વયં દુર્બળ બની જાય છે અથવા કઠોર તપથી જીવનનાં મૂળિયાંઓ તદ્દન સુકાઈ જાય છે. વિદ્રોહના ઉચ્ચ ભાવાવેશથી દોરાઈ જઈને આ પયગંબરી આત્માઓ તેની પ્રાણલક્ષી અતિશયોક્તિઓને કારણે સંસ્કૃતિને નિષ્ફળ કહીને નકારી કાઢે છે. પરંતુ તેઓ તેના વિરોધમાં અન્ય અતિશયોક્તિઓને રજૂ કરે છે જે ખરેખર સંસ્કૃતિના અમુક તીવ્ર દોષ અને કુરૂપતાઓને દૂર કરશે પરંતુ ઘણી યથાર્થ અને મૂલ્યવાન સિદ્ધિઓમાંથી પણ આપણે વંચિત રહીશું. પરંતુ વધુ પડતા તાર્કિક વિચાર અને એકતરફી પ્રેરણાની અતિશયોક્તિઓને દૂર રાખીએ, કોઈ "વાદ" આત્મતત્ત્વનાં સત્ય જે બધાં વિભાજનોથી પર જાય છે તેની અશક્યતાને દૂર રાખીએ તો સંરક્ષણાત્મક હેતુ-બળની શોધ અને યથાર્થ રસ્તો જે બહાર નીકળે છે તેની અહીંયાં નજીક રહેતા જણાઈએ છીએ. ઉકેલ એ તર્કમાં રહ્યો નથી પરંતુ માનવ આત્મામાં અને તેની આધ્યાત્મિક વૃત્તિઓમાં રહ્યો છે. આધ્યાત્મિક આંતરિક સ્વાતંત્ર્ય જ પૂર્ણ માનવ વ્યવસ્થાને સર્જી શકે તેમ છે. બૌદ્ધિક સંસ્કાર અને પ્રતિભાથી વધુ મહાન આધ્યાત્મિક સંસ્કાર જ માણસના પ્રાણલક્ષી સ્વભાવને પ્રકાશિત કરી શકે અને તેની સ્વાર્થી વૃત્તિઓ, વિરોધ અને વિસંવાદિતાઓ પર સંવાદિતા લાદી શકે. વધુ હાર્દિક અને ગૂઢ પ્રકારનો ભ્રાતૃભાવ, પ્રેમનો નિયમ જે હજુ સુધી શોધાયો નથી એ જ સંપૂર્ણ સામાજિક ઉત્ક્રાંતિ માટે નિશ્ચિત આધાર સંભવિત છે. અન્ય કોઈ પણ મૂલ્ય કે સિદ્ધાંત તેની જગ્યા લઈ શકે નહિ. પરંતુ આ ભ્રાતૃભાવ અને પ્રેમ પ્રાણલક્ષી સહજ-વૃત્તિઓ કે તર્ક દ્વારા જ્યાં વિરોધી તાર્કિક પ્રક્રિયાઓ અને અન્ય વિસંવાદી સહજવૃત્તિઓનો સામનો કરવો પડે અંતરાયથી મૂંઝાય અને ધ્યેયચ્યુતિ કરે એવા માર્ગે આગળ ધપશે નહિ. તે મનુષ્યના નૈસર્ગિક હૃદયમાં પણ સ્થાન લેશે નહિ કારણ કે ત્યાં તેની સાથે યુદ્ધ કરવા અન્ય ઘણી વાસનાઓ રહી છે. તેણે આત્મામાં તેનાં મૂળિયાંઓ શોધવાં જોઈએ. ભ્રાતૃભાવની લાગણીમાં સામાન્ય રીતે પ્રાણલક્ષી અને માનસિક સમજૂતી રહ્યાં છે, તેનાથી ભિન્ન એકતાની આંતરિક અનુભૂતિની અભિવ્યક્તિ જેમાં છે અને જેનું પ્રેરકબળ વધુ ટકાઉ અને સ્વસ્થ છે એવા આધ્યાત્મિક ભ્રાતૃભાવ પર પ્રેમ સ્થાપવો જોઈએ. આધ્યાત્મિક ભ્રાતૃભાવ આપણા અંતરતત્ત્વનું ગૂઢ સત્ય છે. કારણ કે તો જ અહંકાર અદૃશ્ય થઈ શકે અને દરેક મનુષ્યમાં રહેલા વિશિષ્ટ દિવ્ય તત્ત્વનો યથાર્થ વ્યક્તિવાદ જાતિમાં રહેલા એવા સમાન દિવ્ય તત્ત્વના યથાર્થ સામ્યવાદ પર સ્થપાઈ શકે. પ્રત્યેક વ્યક્તિમાં રહેતા સાર્વત્રિક દિવ્ય તત્ત્વ, અંતરતમ અંતરતત્ત્વ અને આત્મા જેનું વૈવિધ્યપૂર્ણ એકતાનું મૂળ સ્વરૂપ સાર્વત્રિક જીવન, નિસર્ગ અને અસ્તિત્વમાં વ્યક્તિગત જીવન અને નિસર્ગની પૂર્ણતા સાકાર કરે છે.

આ ઉકેલ વિરુદ્ધ એવો વાંધો ઉઠાવવામાં આવે કે વધુ યોગ્ય માનવ સમાજની પરિપૂર્ણતાનું કાર્ય જાતિની ભવિષ્યની ઉત્ક્રાંતિની કોઈ સુદૂર તવારીખ પર મુલતવી રાખે છે. કારણ કે તેનો અર્થ એવો થાય કે તર્ક દ્વારા શોધાયેલી કોઈ પણ પ્રક્રિયા કે કામગીરી વ્યક્તિ કે સામુદાયિક માનવને પૂર્ણ બનાવી શકે નહિ. માનવ સ્વભાવમાં આંતરિક પરિવર્તનની આવશ્યકતા જણાય છે. અમુક ગણ્યાગાંઠ્યા માણસો સિવાય આ પરિવર્તનને અમલમાં મૂકવું મુશ્કેલ છે. આ નિશ્ચિત નથી, પરંતુ કોઈ પણ સંજોગોમાં જો આ ખરેખર ઉકેલ ન હોય તો કોઈ ઉકેલ જ નથી. જો આ માર્ગ ન હોય તો માનવજાતિ માટે કોઈ રસ્તો નથી. ત્યારે જેમ માનવ ઉત્ક્રાંતિએ પ્રાણીકક્ષાથી પર ગતિ કરી છે તેમ પાર્થિવ ઉત્ક્રાંતિ માનવકક્ષાથી પર જશે અને આધ્યાત્મિક પરિવર્તન માટે શક્તિમાન ઉચ્ચતર જાતિનું આગમન અનિવાર્ય છે. દિવ્યતા સમીપ હોય એવા જીવનના સ્વરૂપનો ઉદ્ભવ થવો જોઈએ. આ પૂર્ણતા તાત્કાલિક સંભવિત ન હોય તો પરિવર્તનની શરૂઆત જ સંભવે નહિ એ નિર્ણયમાં કોઈ તાર્કિક અનિવાર્યતા રહી નથી. જોકે આ આરોહણનાં ઉત્તુંગ શિખરો આરંભમાં કેવળ ગણ્યાગાંઠ્યા સાહસિક સ્થાપકો જ સિદ્ધ કરે અને જાતિના બધા સભ્યોને માટે આગળ ધપતાં ઘણો સમય લાગે છતાં આ ઊંચાઈએ સતત આરોહણ અને માર્ગદર્શનનો આરંભ, આધ્યાત્મિક આદર્શ પ્રત્યે માનવજાતિની નિર્ણાયક અભિમુખતા તદ્દન અસંભવિત નથી. અને જેમ તર્ક અને તે કરતાં પણ તર્કનો વિકાસ, તેનું બંધારણ અને સુપ્ત શક્તિઓએ માનવજાતિના જીવનમાં પરિવર્તન આણ્યું છે તેમ આ પ્રારંભ એવા પ્રભાવનું અવતરણ હશે જે માનવજાતિના સમગ્ર જીવનના નવનિર્ધાર અને સંસ્કારને એકદમ પરિવર્તિત કરશે અને નિત્ય વ્યાપક બનાવી દેશે.

આધ્યાત્મિક જીવન અને ધ્યેય

આધ્યાત્મિકતા પર આધારિત સામાન્ય માનવ સમાજ જેનો આરંભ અને અંત નિમ્ન પ્રકૃતિથી થાય છે તેનાથી બે હાર્દિક મુદ્દાઓ પરત્વે જુદો પડશે. સામાન્ય માનવ સમાજ અભિરુચિઓના સંભવિત વિરોધ અને વૈવિધ્યથી બદલાયેલી ટોળાવૃત્તિથી, અહંકારના સમૂહ અને સંઘર્ષ, વિચારો, વલણો અને સિદ્ધાંતોનાં મિલન, સંમિશ્રણ અને વિસંવાદિતામાંથી શરૂઆત કરે છે. તે સૌ પ્રથમ નજીક જણાતાં હિતોની અનુકૂળતાભરી વ્યવસ્થા યોજે છે. આ કામચલાઉ વ્યવસ્થા અભિપ્રેત કરારોની શ્રેણી, સામૂહિક જીવનની રૂઢિઓ બની જતા નૈસર્ગિક કે આવશ્યક સમાયોજન પર આધારિત છે. અને આ કરારો જેમ જેમ વિકાસ પામે છે તેમ માનવ સમાજ તેને સામાજિક નિયમનું નામ આપે છે. જે હિતો સંઘર્ષ તરફ દોરી જાય છે એ વિરુદ્ધ મંડળ અને પરસ્પર સહકારનાં હિતોને સ્થાપી માનવ સમાજ ગુણકારી સહાનુભૂતિ અને ટેવોને ઉત્તેજિત કરે છે અથવા સર્જે છે જે તેના નિયમ, રૂઢિ અને કરારના યાંત્રિક સ્વરૂપને માનસિક ટેકો અને અનુમતિ આપે છે. આ રીતે માનવ સમાજ મનુષ્યના શારીરિક, પ્રાણલક્ષી અને માનસિક જીવન, ટૂંકમાં સંસ્કૃતિના વિકાસ અને ફાયદાઓ દ્વારા કાર્યદક્ષતા, ઉચ્ચતર સંતોષ અને તુષ્ટિ સર્જીને અંતરતત્ત્વના ટેવયુક્ત માર્ગો અને સામાજિક સંસ્થાઓના સમુદાયને યથાર્થ ઠરાવે છે. આવી સિદ્ધિઓ સામે ખરેખર ઘણી નુકસાની વેઠી લેવાની છે પરંતુ સંસ્કૃતિની ચૂકવવાની કિંમત તરીકે તેને સ્વીકારવાની છે.

સામાન્ય સમાજ મનુષ્યને હાર્દિક રીતે શારીરિક, પ્રાણલક્ષી અને માનસિક અંતરતત્ત્વ તરીકે લેખે છે અને તે સાથે વર્તાવ કરે છે. કારણ કે તે સમાજ સંબંધ જાળવવા પ્રાણ મન અને શરીર એ અસ્તિત્વનાં ત્રણ તત્ત્વોનો ઓછોવત્તો અધિકારી છે. તે માનસિક વૃદ્ધિ અને કાર્યદક્ષતા, બૌદ્ધિક, સૌન્દર્યાત્મક અને નૈતિક સભ્યતા અને સંસ્કારનો વિકાસ કરે છે. તે માનવ જીવનની

પ્રાણલક્ષી બાજુ વિકસાવે છે અને આર્થિક કાર્યદક્ષતા અને પ્રાણલક્ષી આનંદ-પ્રમોદની હમેશ વૃદ્ધિ પામતી વ્યવસ્થા સર્જે છે. અને જેમ જેમ સંસ્કૃતિ વિકાસ પામે છે તેમ આ વ્યવસ્થા વધુ ને વધુ સમૃદ્ધ, જટિલ અને તોતિંગ બને છે. પ્રાણલક્ષી અને માનસિક અતિવૃદ્ધિથી ઉત્સાહભંગ થઈ શારીરિક અને પશુમાનવનો નૈસર્ગિક જેમ શારીરિક સભ્યતા અને સંસ્કારની વ્યવસ્થા એ ટેવો અને ઉપાયોનું વિરાટકાય વિજ્ઞાન છે અને આ ઉપાયો સામાજિક વ્યવસ્થા માટે આવશ્યક જીવનનાં કૃત્રિમ સ્વરૂપોને શક્ય હોય એ અંશે સુધારવા અને જે અનિષ્ટોને તેણે સર્જ્યાં છે તેને દોષમુક્ત કરવા યોજાયાં છે. આમ છતાં આખરે સમાજ તેના પોતાના જ વિકાસથી મૃતઃપ્રાય થાય છે, એમ અનુભવ દર્શાવે છે. સમાજની એ વ્યવસ્થામાં કોઈ મૂળગત દોષ રહ્યો છે તેની એ ખરી નિશાની છે. તેનો મનુષ્યનો ખ્યાલ અને વિકાસની તેની પદ્ધતિ માનવ અંતર-તત્ત્વની સમગ્ર સત્તા અને એ સત્તા જીવનના જે ધ્યેયને લાદે છે તેની સાથે અનુરૂપ નથી તેની નિશ્ચિત સાબિતી છે.

તેથી માનવ સંસ્કૃતિની પ્રક્રિયામાં કોઈ ભાગમાં મૂળગત દોષ રહ્યો છે, પરંતુ તેનું સ્થાન ક્યાં છે અને ક્યા નિમિત્તે નિષ્ફળતાના નિત્ય ચક્રમાંથી આપણે બહાર નીકળીશું? જીવનના આપણા સાંસ્કૃતિક વિકાસનો અંત શક્તિના પૂર્ણ વપરાશમાં પરિણમે છે અને આ માર્ગે સતત આગેકૂચ કરવા પોતાનો ટેકો અને પોતાની સંમતિ આપવા નિસર્ગ ઘસીને ના પાડી દે છે. પોતાના ઉચ્ચતર લાભ માટે માનવ વ્યવસ્થાની સમતુલાને ખલેલ પહોંચાડી આપણી સભ્ય મનોવૃત્તિ આખરે શોધી કાઢે છે કે જે તત્ત્વે તેને પોષણ આપ્યું તેનો તેણે પૂરો વપરાશ કરી નાખ્યો છે અને પછીથી નાશ કર્યો છે અને આમ સ્વસ્થ પ્રવૃત્તિ અને ઉત્પાદન શક્તિને ગુમાવી છે. એમ જોવા મળ્યું છે કે સંસ્કૃતિએ પોતે ઉકેલી શકે એ કરતાં વધુ સમસ્યાઓને સર્જી છે. તેણે વધુ પડતી જરૂરિયાતો અને ઇચ્છાઓને બેવડાવી છે. પરંતુ તેની પાસે આ ઇચ્છાઓના સંતોષને જાળવી રાખવા પર્યાપ્ત પ્રાણલક્ષી સામર્થ્ય નથી. તેણે દાવાઓ અને કૃત્રિમ સહજવૃત્તિઓનું વન વિકસાવ્યું છે જેની વચ્ચે રહીને જીવન પોતાનો માર્ગ ગુમાવે છે અને પોતાના ધ્યેયની એ પ્રતીતિ કરી શકતું નથી. વધુ વિકસિત વિચારવંત વ્યક્તિઓ સંસ્કૃતિને નિષ્ફળતા ઘોષિત કરી આરંભ કરે છે. અને સમાજને એમ લાગે છે કે આ વિચારવંત વ્યક્તિઓ ઉચિત કરે છે. પરંતુ જે ઉકેલ સૂચવાયો છે તે કાં તો એકદમ રોકાઈ જવા કે પછી પીછેહઠ કરવા જણાવે છે જેનો અર્થ આખરે વધુ ગૂંચવાડો, જડતા અને સડો થાય અથવા "નિસર્ગ"નું પ્રત્યાગમન છે. નિસર્ગમાં પાછા વળવું અશક્ય છે, અથવા એ કેવળ સામાજિક ઊથલપાથલ અને પતન દ્વારા જ આવી શકે. અથવા કૃત્રિમ

ઈલાજોને અંતિમ હદે જઈ ઉપાય શોધવા પણ પ્રયાસ થાય છે. વધુ ને વધુ વૈજ્ઞાનિક, યાંત્રિક સાધનો, જીવનનું વધુ વૈજ્ઞાનિક સંગઠન દ્વારા આ શોધ થાય છે જેનો અર્થ એ છે કે જીવનની જગ્યા આગગાડી લેશે, જટિલ નિસર્ગની જગ્યા આપખુદી તાર્કિક બુદ્ધિ લેશે અને યાંત્રિક પ્રવિધિથી મનુષ્યનું રક્ષણ થશે. રોગને તેની પરાકાષ્ઠાએ ખેંચી જવો એ તેના ઈલાજનો ઉત્તમ માર્ગ છે આમ વારંવાર કહેવાય છે.

આથી વિરુદ્ધ યોગ્ય દરવાજાનાં બારણાં ઠોકીને તક ઝડપી એમ સૂચવવામાં આવે કે આપણી બધી વ્યવસ્થાઓની મૂળગત ત્રુટિ એ સમાજે જે તત્ત્વની અવગણના કરી છે તેનો જ દોષયુકત વિકાસ છે. એ તત્ત્વ મનુષ્યના યથાર્થ અંતરતત્ત્વ એવા આત્માની આધ્યાત્મિકતા છે. તંદુરસ્ત શરીર, પ્રબલ પ્રાણલક્ષીતા, સક્રિય અને સ્પષ્ટ મન અને તેમના કાર્ય અને આનંદપ્રમોદ માટેનું ક્ષેત્ર પ્રાપ્ત કરવાથી મનુષ્ય અમુક અંતર સુધી જ જાય છે. પછી એ થાકી જાય છે અને પોતાનાં કર્તવ્ય તથા પોતાની પ્રગતિના સંતોષકારક ધ્યેય અને યથાર્થ આત્મ-શોધની ખામીથી કંટાળે છે. આ ત્રણ વસ્તુઓ સંપૂર્ણ માનવતાને ઘડતાં નથી. તેઓ અંતિમ ધ્યેયનાં સાધનો છે અને એ સ્વયં સાધ્ય બનાવી શકાય તેમ નથી. આમાં સુવ્યવસ્થિત નૈતિક ધોરણથી સંચાલિત સમૃદ્ધ સંવેગયુકત જીવનનો ઉમેરો કરીએ અને છતાં અમુક વસ્તુનો ગુણપ્રભાવ રહી જાય છે, આ વસ્તુઓના ભાવાર્થ તરીકે ઉત્તમ શુભ છે તેને એ સ્વયં સિદ્ધ કરી શકતા નથી અને પોતાની હદ વટાવે નહિ ત્યાં સુધી તેને શોધી શકતા નથી. આમાં ધાર્મિક વ્યવસ્થા, વ્યાપક માન્યતા, ઉત્સાહ અને ધર્મનિષ્ઠા ઉમેરીએ અને છતાં સામાજિક મુકિતનાં સાધનો તમે શોધી શકતા નથી. માનવ સમાજે આ બધી વસ્તુઓને વિકસાવી છે. પરંતુ તેમાંથી કોઈએ તેને ભ્રમ, પરેશાની અને પતનમાંથી તેને મુકત કર્યો નથી. યુરોપની પ્રાચીન બૌદ્ધિક સંસ્કૃતિઓનો વિધ્વંસક સંશય અને શંકાશીલ નપુંસકતામાં અંત આવ્યો અને એશિયાના ધર્મનિષ્ઠોનો અંત જડતા અને પતનમાં આવ્યો. આધુનિક સમાજે જીવન અને પ્રગતિનો નવીન સિદ્ધાંત શોધી કાઢયો છે પરંતુ તેણે કદી તે પ્રગતિનું ધ્યેય શોધ્યું નથી. જે ધ્યેય તેણે શોધ્યું છે તે વધુ જ્ઞાન, વધુ સગવડ, એશઆરામ, વધુ આનંદ, સામાજિક આર્થિકતાની વધુ ઉચ્ચ જટિલતા અને વધુ ને વધુ વિરાટકાય સમૃદ્ધ જીવન તે સિવાય અન્ય નથી. પરંતુ આ વસ્તુઓ જ્યાં ભૂતકાળની વસ્તુઓ દોરી જતી હતી ત્યાં જ દોરી જશે કારણ કે વિશાળ સ્તર પર એ એક જ છે. એ વર્તુળ અવસ્થામાં કોઈ જગ્યાએ લઈ જતી નથી એમ કહી શકાય. તે જન્મ, વૃદ્ધિ, ક્ષય અને મૃત્યુના ચક્રમાંથી છૂટી શકતા નથી. પોતાની જાતને સતત સુધારવી એ જે અમરતાનો સિદ્ધાંત છે એ લક્ષણ દ્વારા આત્મ-વિસ્તારનું રહસ્ય ખરેખર

શોધી શકતા નથી, પરંતુ પ્રયોગોની શૃંખલા જે ભ્રાંતિ ઉપજાવે છે અને જે પ્રત્યેક પ્રયોગનો નિરાશામાં અંત આવે છે એ દ્વારા એ આત્મ-વિસ્તારનો ક્ષણિક આભાસ અનુભવે છે. આધુનિક પ્રગતિનું આવું સ્વરૂપ રહ્યું છે. અંતરાભિમુખ બનવાની આધુનિક યુગે તાજેતરમાં શરૂઆત કરી છે એ ઉચ્ચતર આત્મલક્ષીતામાં વધુ ઉજ્જવળ આશા જણાય છે. કારણ કે આ અભિમુખતાથી આત્મામાં મનુષ્યનું યથાર્થ સત્ય રહ્યું છે એ શોધી શકશે. આત્મલક્ષી યુગ આપણને ત્યાં લઈ જશે એ ખરેખર નિશ્ચિત નથી પરંતુ જો તેનો યોગ્ય ઉપયોગ થાય તો એ તે દિશા તરફ વળી વધુ આંતરિક ગતિ ખીલવવાની શક્યતા દર્શાવે છે.

આ તો જૂની શોધ છે અને તે ધર્મના નામે જૂના સમાજોનું સંચાલન કરતી હતી એમ કહેવામાં આવશે, પરંતુ એ કેવળ આભાસ હતો. શોધ થઈ હતી એ સાચું પરંતુ તે કેવળ વ્યક્તિના જીવન માટે થઈ હતી અને તેના અંગે પણ તેની પરિપૂર્ણતા માટે પૃથ્વીથી પર દૃષ્ટિ કરી અને જીવનના બોજામાંથી મુક્તિ મેળવવા કે એકાંતિક મોક્ષની તેની તૈયારીની જગ્યા માટે જ પૃથ્વીને પસંદ કરી. પોતાના અંતરતત્ત્વની નિયમની શોધ માટે સાધન તરીકે માનવ સમાજે કદી આત્માની શોધનો કબજો લીધો નહોતો, અથવા પાર્થિવ જીવનની પૂર્ણતાના ઉચિત માર્ગ તરીકે આત્માના યથાર્થ સ્વરૂપનાં જ્ઞાન, જરૂરિયાત અને તની સિદ્ધિ પર કબ્જો લીધો નહોતો. જો આપણે પ્રાચીન ધર્મોને તેમના વ્યા તગત પાસાને દૂર રાખી તેમના સામાજિક પાસા તરફ જોઈએ તો જણાશે કે સમાજે ધર્મના તદ્દન અનાધ્યાત્મિક અથવા છેક તેમના ઓછા આધ્યાત્મિક ભાગોનો ઉપયોગ કર્યો હતો. તેણે રૂઢિઓ અને સંસ્થાઓના સમુદાયને ભવ્ય, શેહ પમાડનાર અને ભવિષ્યમાં શાશ્વત સંમતિ આપવા તેમનો ઉપયોગ કર્યો. તેણે માનવ પ્રશ્નોત્તરી સામે પ્રાચીન ધર્મોનો રહસ્યના આવરણ તરીકે અને સુધારો દાખલ કરનાર વ્યક્તિ સામે અંધકારના રક્ષણાત્મક સાધન તરીકે ઉપયોગ કર્યો. ધર્મમાં જે અંશે તેણે માનવ મુક્તિ અને પૂર્ણતાનાં સાધનો નિહાળ્યાં એ અંશે તુરત જ યાંત્રિક સ્વરૂપ આપવા સામાજિક અને ધાર્મિક કામગીરીનાં ચક્રો પર માનવ-આત્માને બાંધી દેવા અને આધ્યાત્મિક સ્વાતંત્ર્યની જગ્યાએ સત્તાશીલ ધૂસરી અને લોખંડી કારાગૃહ લાદવા ધર્મનો કબજો લીધો. મનુષ્યના ધાર્મિક જીવન પર તેણે દેવળ, પુરોહિતવર્ગ અને ક્રિયાકાંડોના વિશાળ સમૂહનું ભારણ લાદ્યું અને સંપ્રદાયો તથા હઠાગ્રહી માન્યતાઓના નામ તળે સંરક્ષણાત્મક શ્વાનોરૂપી છાલકાએ ગોઠવ્યા. માણસો જેમ પાર્થિવ જગતમાં મરણશીલ ન્યાયાધીશ દ્વારા દેહાંત દંડ કે દુન્યવી શિક્ષાના દુઃખથી ડરીને સમાજના કાયદાઓને તાબે થાય છે અને સ્વીકારે છે તેમ ઊર્ધ્વ જગતના શાશ્વત ન્યાયાધીશ દ્વારા શાશ્વત નર્કના અપરાધના દુઃખથી ડરી આ હઠાગ્રહી માન્યતાઓને સ્વીકારી તાબે થવું

પડે છે. માનવજાતિનું પુનર્નિમાણ કરવામાં નિષ્ફળતાનું મુખ્ય કારણ ધર્મનું આ ખોટું સામાજિકરણ છે.

ધર્મના બહારના સહાયકો, સ્વરૂપો અને કામગીરી દ્વારા તેનું અસ્તિત્વ તદ્દન ઔપચારિક બનાવી આધ્યાત્મિક તત્ત્વનું ઉચ્છેદન કરી નાખીને તે ધર્મ માટે પ્રાણઘાતક નીવડયું છે. ધર્મના પ્રાચીન સામાજિક ઉપયોગનું જુઠ્ઠાણું તેનાં પરિણામો દ્વારા દર્શાવવામાં આવ્યું છે. એક કરતાં વધુ વખત ઇતિહાસમાં ઉત્તમ ધાર્મિક ઉત્સાહ અને ધર્મનિષ્ઠા અંધકારગ્રસ્ત અજ્ઞાન સાથે સંકળાયેલા જણાયા છે. માનવજીવનની સમુદાયની દીર્ઘ નીરસતા અને તેનાં ગંદવાડ, જુલમ, અન્યાય અને ક્રૂરતાભર્યો રાજવહીવટ, તદ્દન સામાન્ય, મંદ અને રોજિંદા અસ્તિત્વવાળું જે ભાગ્યે જ સપાટી પરના બૌદ્ધિક, અર્ધચૈતસિક પ્રકાશના સ્પર્શથી ઓપ મેળવે છે તેની સાથે આ ઉત્સાહ અને ધર્મનિષ્ઠા સાથે રહેતા ઇતિહાસના વિવિધ યુગોમાં જણાય છે. આ બધાનો અંત એ આવ્યો કે સૌ પ્રથમ સ્થાપિત ધર્મ વિરુદ્ધ વ્યાપક વિગ્રહ જાગ્યો અને ધર્મ એ મોટા પાયા પર જુઠ્ઠાણું, અનિષ્ટ અને અજ્ઞાનનું કેન્દ્ર છે એમ ફેલાવા લાગ્યું. જ્યારે સામાજિક અને ધાર્મિક વ્યવસ્થા ક્રિયાકાંડો અને સ્વરૂપોનું સાવધાનીભર્યું ચોકકસ નિરીક્ષણ થાય અને જેનું અનુચિત મહત્ત્વ જળવવાથી તેમનું યથાર્થ ધાર્મિક મૂલ્ય અને ઔચિત્ય ગુમાવે ત્યારે ધર્મની પડતીની બીજી નિશાની છે. પછી એ જે ધર્મનો નિયમ અને તેનું શ્રેષ્ઠ ધ્યેય બને છે, અને વ્યકિત તથા જાતિનો આધ્યાત્મિક વિકાસ પૃષ્ઠ ભૂમિમાં ચાલ્યો જાય છે. અને જ્યારે વ્યકિત પોતાના આધ્યાત્મિક વિકાસ માટે અવકાશ શોધવા સમાજને છોડી જવા પ્રેરાય છે ત્યારે તેની નિષ્ફળતાની મહાન નિશાની જણાય છે. જ્યારે તેને એમ લાગે છે કે જીર્ણ થયેલ શરીર, પ્રાણ અને મનની હકૂમત નીચે માનવ જીવનને સોંપાયું છે અને અજ્ઞાનના અમુક નિયમથી શાસ્ત્ર અને દેવળનાં સ્વરૂપો અને માળખાંઓના બંધનથી આધ્યાત્મિક સ્વાતંત્ર્યની જગ્યા લેવાઈ ગઈ છે ત્યારે વ્યકિત કોઈ મઠમાં, જંગલ, ઉજાડ પ્રદેશ, ગુફાઓમાં અને પર્વતના શિખર પર જઈ આત્મા-વિકાસ શોધવા આ બધાનો ત્યાગ કરવા તત્પર બને છે. જ્યારે જીવન અને આત્મતત્ત્વ વચ્ચે આવું વિભાજન હોય ત્યારે માનવ જીવન પર અપરાધની શિક્ષા પસાર થાય છે. કાં તો જીવનને તેના વર્તુળમાં જ છોડી દેવાય છે અથવા વ્યર્થ, અસત્ અને કિંમત વિનાનું કહી વગોવાય છે અને જે ક્રાન્તિથી એ કોઈ ધ્યેયને પહોંચી વળે છે એ પાર્થિવ ધ્યેયોના મૂલ્યમાં આંતરિક ક્રાન્તિ ગુમાવી બેસે છે. કારણ કે મનુષ્યના આત્મા એ ઉત્તુંગ શિખરોએ આરોહણ કરવા જહેમત ઉઠાવવાની છે. જ્યારે એ પુરુષાર્થની તીવ્રતા ગુમાવે છે ત્યારે જાતિ સ્થિર, નિષ્ક્રિય બને છે અથવા આત્મા જીવનનો નકાર કરે ત્યાં અંતરતત્ત્વનું

આત્મ-સ્થાપન તો સંભવી શકે છે. આધ્યાત્મિકતાના વિપુલ પ્રચારથી ઘણા સંતો અને સંન્યાસીઓ પાકે પરંતુ જ્યાં સુધી જીવનના આધ્યાત્મિક પરિવર્તન કે આદર્શના પ્રકાશથી આગેકૂચ કરવા જાતિ, સમાજ અને રાષ્ટ્ર દોરાય નહિ ત્યાં સુધી તેનો અંત સંકુચિતતા, નિર્બળતા અને નિષ્ક્રિયતામાં આવે છે. અથવા જાતિને છૂટકારાનો દમ ખેંચવા બુદ્ધિ તરફ વળવું પડે છે. અમુક આશા કે નવીન આદર્શ માટે આધ્યાત્મિક સત્યના પુનર્આલેખન અને માનવ જીવનનું આધ્યાત્મિક પરિવર્તન કરવાનો નવીન અને તાજો પ્રયાસ કરવા ફરીને બુદ્ધિવાદના યુગ પ્રતિ પહોંચવા તેને બુદ્ધિ તરફ વળવું પડે છે.

સમાજમાં યથાર્થ અને પૂર્ણ સામાજિક ધ્યેય મનુષ્યને મન, પ્રાણ અને શરીર તરીકે લેખશે નહિ પરંતુ ઊર્ધ્વ સ્વર્ગમાં નહિ, પૃથ્વી પર દિવ્ય પૂર્ણતાના અવતરણ રૂપ આત્મા તરીકે લેખશે. જો શારીરિક, પ્રાણલક્ષી અને માનસિક સ્વરૂપના જગતમાં કોઈ દિવ્ય કાર્ય જ ન કરવાનું હોત તો એ પરિપૂર્ણતાનું કાર્ય છોડયું ન હોત. તેથી એ પ્રાણ, મન અને શરીરને સ્વયં સાધ્ય, પોતાના સંતોષ માટે પર્યાપ્ત, આત્માને પોતાના શુદ્ધ પ્રદેશમાં ઊડી જવા આ પાર્થિવ સભ્યોને રોગિષ્ઠ અને ત્યજવાલાયક લેખતું નથી પરંતુ એ આત્માનાં સૌ પ્રથમ સાધનો છે. અલબત્ત, જે દિવ્ય હેતુનો કબજો પ્રાપ્ત થયો નથી. તેનાં આ અપૂર્ણ સાધનો છે. સમાજમાં આધ્યાત્મિક ધ્યેય આ સાધનોના નિર્માણમાં માન્યતા ધરાવશે અને એ સાધનો આત્મવિશ્વાસ કેળવતા થાય તેમાં મદદરૂપ બનશે. પરંતુ એ જ કારણને લીધે એ સાધનોની નિમ્નતર કે નિમ્નતમ સંભવિતતાઓમાં જ નહિ માને તેમની સર્વોચ્ચ સંભવિતતાઓમાં વિશ્વાસ ધરાવશે. આ દૃષ્ટિબિંદુએથી જોતાં આ સાધનોનું નિર્માણ આત્માનાં દૃશ્ય અને પ્રત્યક્ષ સભ્યો સ્વયં બને, તેના આવિર્ભાવનાં સરળ સાધનો અને સ્વયં પ્રજ્વલિત, આધ્યાત્મિક, વધુ ને વધુ સભાન અને સંપૂર્ણ બનવાનું છે. કારણ કે માનવ આત્માના સત્યને તેના હાર્દમાં પૂર્ણ દિવ્ય તત્ત્વ તરીકે સ્વીકારે છે તેથી ભલે નિસર્ગમાં આ શક્યતાનો ખુલ્લો વિરોધ થાય તેની અંતિમ નિશ્ચિતતાને હસીને હાંકી કાઢવામાં આવે તો પણ અને આ સાથે પણ જરૂરી પાર્થિવ આરંભબિંદુ તરીકે લેખી તેના સમગ્ર અંતરતત્ત્વને દિવ્ય બનવાની સંભવિતતાને તે આવકારશે. અને જેમ એ મનુષ્યની વ્યક્તિ તરીકે પ્રતીતિ કરશે તેમ અનંત તત્ત્વના આત્મ-સ્વરૂપ તરીકે સામુદાયિક માનવને લેખી વિવિધલક્ષી સંબંધો અને વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓની દિવ્ય પૂર્ણતા માટે પૃથ્વી પર બહોળી રીતે મૂર્તિમંત થતા સામૂહિક આત્માની એ પ્રતીતિ કરશે. તેથી મનુષ્યના જીવનના જે જુદા જુદા ભાગો તેના અંતરતત્ત્વના ભાગો સાથે અનુરૂપ હોય છે તે બધાને એ પવિત્ર લેખશે. તેની ઉત્ક્રાંતિના શારીરિક, પ્રાણલક્ષી, સક્રિય, સંવેગલક્ષી, સૌંદર્યાત્મક, નૈતિક, બૌદ્ધિક

અને ચૈત્ય પુરુષનાં પાસાંઓને દિવ્ય જીવનની વૃદ્ધિનાં સાધનો તરીકે જોશે. પૃથ્વી પર રહેતા મનુષ્યમાં સભાન અનંત તત્ત્વ, દિવ્ય સત્તા, આત્માની જટિલ અભિવ્યક્તિના સાધન તરીકે જાણે કે નિમ્નાતાઓ તરીકે તેમની પ્રતીતિ કરશે. મનુષ્યની આંતર સૃષ્ટિમાં એ ઈશ્વર સાથે તાદાત્મ્ય ધરાવે છે તેથી મનુષ્યમાં સંભવિત દૈવી પ્રકૃતિની માન્યતા એ એક જ તેનો સંપ્રદાય અને હઠાગ્રહ રહેશે.

પરંતુ આ પણ એક ઉન્નતિકારક હઠાગ્રહને મનુષ્યના નૈસર્ગિક અંતરતત્ત્વના નિમ્ન સભ્યો પર બાહ્ય દબાણ દ્વારા લાદવા પ્રયાસ કરશે નહિ. કારણ કે એ નિગ્રહ છે. પ્રકૃતિનું દમન દ્વારા થતું આકુંચન છે. એ દમન અનિષ્ટને બાહ્ય રીતે દાબી દે પરંતુ એ શુભની યથાર્થ અને સ્વસ્થ વૃદ્ધિ તરફ દોરી જતું નથી. તે પોતાની અંદરથી જ પોતાના આંતરિક સભ્યોને દૈવી પ્રકૃતિમાં વિકાસ પામવા પ્રકાશ અને પ્રેરણા તરીકે મુક્તપણે દિવ્યરૂપ ધારણ કરવા આ સિદ્ધાંત અને આદર્શને આગળ ધરશે. એ વ્યક્તિમાં કે સમાજમાં કેદખાનામાં પૂરી તેનું દમન કે તેને નિર્બળ બનાવશે નહિ પરંતુ મુક્ત હવા અને સર્વોત્તમ પ્રકાશને દાખલ થવા દેવા પ્રયાસ કરશે. આધ્યાત્મિક સમાજનો નિયમ એ વ્યાપક સ્વતંત્રતા હશે અને સ્વાતંત્ર્યની વૃદ્ધિ એ યથાર્થ આધ્યાત્મીકરણની સંભવિતતા પ્રત્યે માનવ સમાજના વિકાસની નિશાની હશે. આધ્યાત્મીકરણનો આ અર્થ લઈએ તો ગુલામોનો સમાજ જેમાં સત્તા, આધિપત્ય, રૂઢિ, અંધશ્રદ્ધાના ગુલામો બધી જાતના લદાયેલા નિયમોના ગુલામો જે આ નિયમોને અનુરૂપ રહેવા કરતાં તેનાથી દબાયેલા રહે છે. અને આંતરિક રીતે તેમની પોતાની નિર્બળતા, અજ્ઞાન અને વાસનાઓના ગુલામો જેની નિકૃષ્ટ અસરમાંથી સુરક્ષિત રહેવા અન્ય અને બાહ્ય ગુલામીને ઝંખે છે. આ પ્રયત્ન કદી સફળ થઈ શકે નહિ. વધુ ઉચ્ચ સ્વાતંત્ર્ય માટે લાયક બનવા પ્રથમ તેમણે તેમનાં બંધનોને તોડી નાખવાં જોઈએ. મનુષ્યે તેની ઉચ્ચ પ્રગતિની દિશામાં ઘણા બોજા ઉપાડવાના નથી એમ નથી. પરંતુ તેનાં સ્વરૂપ અને અભીપ્સાના સર્વોત્તમ આંતરિક નિયમનું જે પ્રતિનિધિત્વ કરે છે એવા બંધનને એ આવકારે છે અને એ વધુ પૂર્ણ હોય તેમ એ ઉચિત છે. તે મનુષ્યને સંપૂર્ણ મદદરૂપ બનશે. બાકીનાં બંધનો ભારે કિંમત ચૂકવીને સારાં પરિણામોને મેળવે છે અને પ્રગતિને વેગ આપે એ કરતાં વધુ અવરોધ પહોંચાડે છે.

મનુષ્ય જેમ તેના અંતરતત્ત્વમાં વૃદ્ધિ પામે તેમ તેના સર્વે આંતરિક સભ્યો આંતરિક સામર્થ્યમાં વિકાસ પામે અને તેમની સુપ્ત શક્તિઓને શોધી કાઢવા તેને શક્ય એટલો સ્વતંત્ર અવકાશ મળવો જોઈએ તેની આધ્યાત્મિક ધ્યેય પ્રતીતિ કરશે. તેમના સ્વાતંત્ર્યમાં તેઓ ભૂલ કરશે કારણ કે ઘણી ભૂલો પછી અનુભવ પ્રાપ્ત થાય છે પરંતુ દરેક ભૂલમાં રહેતા દિવ્ય અંશને જેમ

જેમ તેમનો અનુભવ વધુ ઊંડો અને વ્યાપક બનશે તેમ તેમ તેની હાજરી, તેના અગત્ય અને નિયમને શોધી કાઢી દૂર કરશે. આમ જે રીતે જૂના ધર્મોએ વ્યર્થ રીતે, અજ્ઞાનથી, અનુચિત હઠાગ્રહ અને ઉદ્ધતાઈથી કર્યું છે તેમ યથાર્થ આધ્યાત્મિકતા, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન પર કોઈ બંધન મૂકશે નહિ અથવા કોઈ હઠાગ્રહી ધાર્મિક કે પછી ખાત્રી પામેલ આધ્યાત્મિક સત્યોનાં કથનો સાથે તેમના નિર્ણયો અનુરૂપ બનાવવા દબાણ નહિ લાવે. મનુષ્યના અંતરતત્ત્વના પ્રત્યેક અંશને તેનો પોતાનો 'ધર્મ' હોય છે જેને તેણે અનુસરવો જોઈએ અને અંત સુધી તે અનુસરશે. તેના પર તમને અનુકૂળ જણાય તે બંધનો મૂકો. વિજ્ઞાન, વિચાર અને તત્ત્વજ્ઞાનનો ધર્મ કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ, પૂર્વનિર્ધારિત મંતવ્ય વિના વિચારના નિયમ અને નિરીક્ષણ જેનો ફરજિયાત નિર્દેશ કરે છે તે સિવાય કોઈ પણ પ્રથમ આધાર વિધાન સ્વીકાર્યા વિના બુદ્ધિ દ્વારા અનાસક્ત રીતે સત્ય શોધવાનું છે. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન તેમના અવલોકનો અને નિર્ણયો ધાર્મિક હઠાગ્રહી સિદ્ધાંત, નૈતિક નિયમ કે સૌંદર્યદર્શી પૂર્વગ્રહના ચાલુ સાંપ્રત વિચારો સાથે એકરૂપ બનાવવા બંધાતા નથી. જો તેમની પ્રવૃત્તિને છૂટો દોર આપવામાં આવે તો આખરે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સત્યની સાથે શુભ, સૌન્દર્ય અને ઈશ્વરની એકતા શોધશે અને કોઈ હઠાગ્રહી ધર્મ કે સ્વરૂપલક્ષી નીતિશાસ્ત્ર કે કોઈ સંકુચિત સૌંદર્યાત્મક ખ્યાલ આપણને આપી શકે તે કરતાં તેમને વધુ ઉચ્ચતર અર્થનું પ્રદાન કરશે. પરંતુ હાલ પૂરતું જો તેમને લાગે અને જો વસ્તુઓનું તેમનું નિષ્ઠાવાન અવલોકન એવું નિર્દેશન કરે તો ઈશ્વર, શુભતત્ત્વ અને સૌન્દર્યતત્ત્વને નકારી કાઢવા પણ તેમને મુક્ત રહેવા દેવા જોઈએ. કારણ કે આ બધા નિષેધો જે વસ્તુઓને નકારી કાઢે છે તેના વ્યાપક સત્ય તરફ આખરે વર્તુળાકારે ફરી પાછા વળશે. વારંવાર આપણે જોઈએ છીએ કે સમાજ અને વ્યક્તિ બન્નેમાં રહેલો નિરીશ્વરવાદ વધુ ઊંડા ધાર્મિક અને આધ્યાત્મિક સત્ય તરફ જતો અનિવાર્ય માર્ગ છે. અમુક વખતે ઈશ્વરને શોધવા ઈશ્વરનો નકાર કરવો પડે છે. સર્વ ઉત્સુક અને ગંભીર સંશયવાદ અને નિષેધનો અંત અનિવાર્ય રીતે નિર્ણયમાં આવે છે.

કલામાં આ જ નિયમ જળવાય છે. મનુષ્યનું સૌંદર્યાત્મક અંતરતત્ત્વ એ રીતે તેની દિવ્ય સંભવિતતાઓ પ્રત્યે તેના પોતાના આલેખમાં આરોહણ કરે છે. સૌન્દર્યાત્મક અંતરતત્ત્વનું ઉચ્ચતમ ધ્યેય સૌન્દર્ય દ્વારા દિવ્ય તત્ત્વને શોધવાનું છે. ઉચ્ચતમ કલા સૂચક અને અર્થઘટક સ્વરૂપના પ્રેરણાદાયી ઉપયોગ દ્વારા આત્માના દ્વારોને પ્રગટ કરે છે. પરંતુ આ ઉચ્ચતમ કાર્ય વ્યાપક અને નિષ્ઠાથી કરે એ માટે તેણે મનુષ્ય, નિસર્ગ અને જીવનનો સૌ પ્રથમ તે તત્ત્વોની ખાતર તેમના વાસ્તવિક સત્ય અને સૌન્દર્યરૂપે અભ્યાસ અને તેમનું આલેખન કરવાં જોઈએ.

કારણ કે આ પ્રથમ દર્શને લાગણી જણાય છે તેની પાછળ જીવન, મનુષ્ય અને નિસર્ગમાં જણાતું સૌન્દર્યનું દિવ્ય તત્ત્વ હમેશ રહ્યું હોય છે અને તેમના યોગ્ય રૂપાંતર દ્વારા જેને પ્રથમ આવરણથી ઢાંકેલા છે તેને પ્રગટ કરવામાં આવે છે. જે એવી હઠાગ્રહી માન્યતા છે કે કાં તો કલા ધાર્મિક હોવી જોઈએ અથવા એ હોવી જ ન જોઈએ એ જેમ કલા નીતિશાસ્ત્ર કે ઉપયોગિતા, વૈજ્ઞાનિક સત્ય કે તાત્ત્વિક વિચારોને ગૌણ બનવી જોઈએ એ દાવો ખોટો છે તેમ એ માન્યતા પણ જુઠ્ઠી છે. કલા આ બધી વસ્તુઓનો તત્ત્વો કે અંશો તરીકે ઉપયોગ કરે પરંતુ તેને તેનો પોતાનો સ્વધર્મ છે, હાર્દરૂપ નિયમ છે અને પોતાના અંતર-તત્ત્વના અંતર્ગત નિયમના બંધનથી જે પોતાને અનુકૂળ જણાતા નૈસર્ગિક માર્ગને અનુસરીને જ સૌથી વધુ વ્યાપક આધ્યાત્મિકતાને પ્રાપ્ત કરશે.

મનુષ્યની નિમ્ન પ્રવૃત્તિના સંબંધમાં પણ આપણને પ્રથમ દૃષ્ટિએ સ્વાભાવિકપણે લાગે કે ફરજિયાત દબાણ એ જ એક ઉપાય છે છતાં આધ્યાત્મિક ધ્યેય બહારથી મનુષ્યના સક્રિય અને પ્રાણલક્ષી અંતરતત્ત્વના દમન કરવા કરતાં આંતરિક વિકાસ અને મુક્ત આત્મ-તંત્રની શોધ કરશે. સર્વ અનુભવ એમ દર્શાવે છે કે જ્યાં સુધી મનુષ્યને અનુચિત ક્રિયા અને ભૂલમાંથી મુક્તિ અંતર-તત્ત્વમાંથી જ મળે નહિ ત્યાં સુધી જ્ઞાનમાં ભૂલ કરવાની અને કર્તવ્યમાં ઠોકર ખાવાની અમુક અંશે સ્વતંત્રતા આપવી જોઈએ. એ વિના તેનો વિકાસ થતો નથી. સમાજ પોતાને ખાતર સક્રિય અને પ્રાણલક્ષી મનુષ્યનું દમન કરે છે પરંતુ દમન દુષ્ટાત્માને ફક્ત સાંકળથી બાંધે છે અને વધુમાં વધુ કર્તવ્યના તેના સ્વરૂપને કઠોર અને સભ્ય વર્તનમાં ફેરવે છે. એ તેને દૂર કરતું નથી અને તે કરી શકે નહિ. સક્રિય અને પ્રાણલક્ષી અંતરતત્ત્વનો યથાર્થ ગુણ, જીવન પુરુષ, ઉચ્ચતર નિયમને પોતાની અંદરથી તેની પ્રવૃત્તિ માટે આત્માને શોધીને જ પ્રગટ થઈ શકે. તેનું વ્યક્તિને પ્રદાન કરવું, તેને પ્રજ્વલિત કરવું અને તેનું રૂપાંતર કરવું – તેના સંવેગનો નાશ કરવો નહિ – એ તેના પુનર્જીવનનાં યથાર્થ આધ્યાત્મિક સાધન છે.

આમ આધ્યાત્મિકતા મનુષ્યની વ્યક્તિમત્તાના નિમ્ન સભ્યોની સ્વતંત્રતાનો આદર કરશે પરંતુ એ તેમના પર જ છોડી દેશે નહિ. એ તેમની સમક્ષ તેમનામાં રહેલા આત્માના સત્યને રજૂ કરશે. તેમના પોતાના કર્તવ્યના ક્ષેત્રોમાં પરિચિત બનાવીને તેમની પ્રવૃત્તિને પ્રજ્વલિત કરે તેવા પ્રકાશને રજૂ કરી તેમના પોતાના સ્વાતંત્ર્યનો ઉચ્ચતમ નિયમ તેમને દર્શાવે છે. ઉદાહરણ તરીકે જડતત્ત્વનો નિષેધ કરી કે ભૌતિક જીવન પ્રત્યે નરી ઘૃણા બતાવી વૈજ્ઞાનિક ભૌતિકવાદમાંથી તે છટકી જશે નહિ પરંતુ સંશયાત્મક મનના વિધાયક અને નિષેધક નિર્ણયોમાં ઊંડા જઈ ત્યાં જ એ દિવ્ય તત્ત્વને બતાવશે. જો એ આ

કરી શકે નહિ તો એ પોતે જ અસંસ્કારી, દોષયુક્ત અને એકપક્ષી પ્રકાશવાળું સાબિત થાય છે. તે જીવનનો નિષેધ કરીને મનુષ્યની પ્રાણલક્ષી શક્તિનો ધ્વંસ કરવા પ્રયત્ન નહિ કરે પરંતુ એ તેના પોતાના રૂપાંતરના સિદ્ધાંત તરીકે જીવનમાં રહેલા સ્વયં દિવ્ય તત્ત્વને પ્રગટ કરશે. જો તે આ કરી શકે નહિ તો સર્જનનો ભાવાર્થ અને અવતારના રહસ્યનો સંપૂર્ણ તાગ તેણે હજુ મેળવ્યો નથી એ તેના કારણભૂત છે.

આમ જોતાં જીવનની પૂર્ણતા અને વ્યક્તિ તથા જાતિના અંતરતત્ત્વને સિદ્ધ કરવા આધ્યાત્મિક ધ્યેય પ્રયાસ કરશે. જીવનની આ પૂર્ણતા આત્માનાં ઉત્તુંગ શિખરોની આધારશિલા રહેશે. અંતે આ આધારશિલા અને શિખરો એક જ દ્રવ્યની તાદાત્મ્યતા ધારણ કરશે. આધ્યાત્મિક ધ્યેય શરીરની તિરસ્કાર-જન્ય અવગણના કરશે નહિ. પ્રાણલક્ષી અંતરતત્ત્વનું તપશ્ચર્યા દ્વારા દમન, આધ્યાત્મિક જીવનના નિયમ તરીકે અસ્વચ્છતા, ગંદકી કે તદ્દન શુષ્કતાનો આશ્રય લેશે નહિ. કલા અને સૌન્દર્યનો ધર્મચુસ્ત કે સદાચારથી પ્રેરાયેલા નિષેધથી જીવનના સૌન્દર્યાત્મક આનંદને કચડી નાખશે નહિ. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનને દુર્બળ, ઉપેક્ષાત્મક અથવા ગેરરસ્તે દોરનારા બૌદ્ધિક પુરુષાર્થ લેખી તેમની અવગણના નહિ કરે. આમ છતાં તેની વિરોધી અતિશય પ્રવૃત્તિ સામે આ અતિશય દાવાઓની ટૂંકજીવી ઉપયોગિતાને નકારી કાઢવી જોઈએ નહિ. બધી વસ્તુઓ અન્ય સર્વ તત્ત્વ સાથે સંબંધ રાખશે. પરંતુ બધામાં એક સાથે તેમનું ઉચ્ચતમ ધ્યેય અને અર્થ રહેવા પામશે. તેઓ જે છે અને જેની શોધ કરે છે એ સર્વાત્મા તત્ત્વની સર્વતોમુખી અભિવ્યક્તિ સિદ્ધ થશે. સમાજમાં તેનું ધ્યેય યથાર્થ આંતરિક દૈવી સત્તાનું સ્થાપન, આધિપત્ય ધરાવતાં દેવળ કે પુરોહિતવર્ગની કૃત્રિમ દૈવી સત્તા નહિ પરંતુ અંતરતત્ત્વમાં સ્થાપિત ઉપાસક, પ્રણેતા અને અધિપતિનું સામ્રાજ્ય સ્થાપવાનું હશે. મનુષ્યમાં પ્રકાશ, સામર્થ્ય, સૌન્દર્ય, શુભ, આનંદ અને અમરતા તરીકે અંતર સ્વરૂપમાં રહેતી દિવ્યતાને તેની સમક્ષ પ્રગટ કરશે અને ઈશ્વરનું સામ્રાજ્ય જે સૌ પ્રથમ આપણી અંદર શોધાયું છે તેની બાહ્ય જીવનમાં રચના કરશે. તે તેના અંતરતત્ત્વની પ્રત્યેક દિશામાં, સર્વભાવ દ્વારા* દિવ્ય તત્ત્વની શોધ કરવાનો માર્ગ મનુષ્યને દર્શાવશે. તે શોધીને અને તેમાં જીવન જીવીને, એ પછી વિવિધ રીતે જીવાતું હોય પરંતુ તેના અંતરતત્ત્વની શાશ્વત સત્તા, આત્મા અને દિવ્યતામાં તે જીવે છે અને કર્તવ્ય કરે છે. તે જે વર્તન કરે અને જીવન જીવે એ ઈશ્વરમાં રહીને જ જીવશે અને કર્તવ્ય કરશે.+

---

* ગીતા

+ ગીતા અધ્યાય છઠ્ઠો, (૩૧) सर्वथा वर्तमानोऽपि स योगीमयि वर्तते ।

પ્રકરણ બાવીસમું

આધ્યાત્મિક રૂપાંતરની આવશ્યકતા

આપણું સામાન્ય જીવન, વ્યકિતનું કે પછી સમાજનું, એકબીજાની પૂરક એવી બે શકિતઓની સમતુલા વડે જ ખરી રીતે નિયંત્રિત થતું રહે છે. એ બે શકિતઓ છે જીવનશકિત અને વિચારશકિત. પહેલી શકિત આપણા જીવનના મૂળમાં તેમ જ જીવનના વ્યવહાર પાછળ કામ કરતી મુખ્ય શકિતમાં પ્રથમથી જ એક સંકલ્પ રૂપે, જીવન-સંકલ્પ તરીકે રહેલી છે. બીજી શકિત મનમાં રહેલા વિચારમાંથી જન્મતા સંકલ્પ રૂપે—ચિત્ત-સંકલ્પ તરીકે કામ કરે છે. માનવ એ મનોમય પ્રાણી છે, પરંતુ એનું આ મન હજી એક અપૂર્ણ એવું માધ્યમ છે. એવા માધ્યમનો આશ્રય લઈ પેલો ચિત્ત-સંકલ્પ આપણા જીવનતત્ત્વને બને તેટલું સંસ્કારવા પ્રયત્નશીલ રહે છે, આ જીવનશકિતને બને તેટલી સજ્ઞાન રીતના વ્યવહારના પાયા ઉપર મૂકી આપવા, જીવનને એક સજ્ઞાન એવી કાર્યપદ્ધતિ મેળવી આપવા પ્રયત્ન કરે છે. સામાન્ય રીતે તો આપણું જીવન આપણા પ્રાણ અને શરીરની અંદર જ કેન્દ્રિત બનીને રહે છે, પ્રાણ અને શરીરની ઝંખનાઓ અને જરૂરિયાતોમાં જ તેનો બધો વ્યવહાર સમાઈ જાય છે. આપણો પ્રાણ, આપણું શરીર પોતાની હસ્તી, વૃદ્ધિ, વિસ્તાર, આનંદ ઝંખે છે, સર્વ પ્રકારની શકિત, સંપત્તિ તેને જોઈએ છે, ઠાઠમાઠ, પ્રવૃત્તિઓ, આત્મવિસ્તાર તેને ગમે છે. અને આ રીતની પ્રાણ અને દેહની પ્રવૃત્તિઓમાં જ સામાન્ય જીવનનો બધો વ્યવહાર ચાલ્યા કરે છે. આ જીવન-શકિતનો તમે પ્રાથમિક વ્યવહાર જોશો, એની પ્રાથમિક કાર્યપદ્ધતિનું અવલોકન કરશો તો જણાશે કે એ વ્યવહાર અને કાર્યપદ્ધતિ પાછળ એક પ્રકારની સહજ-વૃત્તિ કામ કરતી હોય છે, એ વ્યવહાર અને કાર્યપદ્ધતિ સમગ્રપણે યા તો મોટે ભાગે અવચેતન રીતનાં હોય છે, એમાં કોઈ એક ભવ્ય એવી સ્વયંગતિ હોય છે. કુદરતમાં આપણે માનવથી હેઠળની ઠેઠ પ્રાણી સુધીની સૃષ્ટિ જોઈશું તો તેમાં આપણને એક જાતની આસાયેશ, સહજતા, મનોહર એવી સમધારણતા,

સૌન્દર્ય, સ્વ-તૃપ્તિ, પ્રાણ-બલનું, પ્રાણ-શક્તિનું પ્રાચુર્ય જોવા મળે છે. કુદરતની આ પ્રાણી સુધીની સૃષ્ટિ આ અવસ્થામાં હોવાનું કારણ એ છે કે આ અવમાનવ સૃષ્ટિ કુદરતની સાહજિક અને સ્વયંગતિક પ્રેરણાને જ સંપૂર્ણ રીતે આધીન રહીને જીવતી હોય છે. આપણા વિચારકો જીવનની વર્તમાન સ્થિતિથી અસંતુષ્ટ બનીને તેના ઇલાજ તરીકે જ્યારે કુદરતમય જીવનની હિમાયત કરે છે ત્યારે તેમના મનમાં ઝાંખું ઝાંખું આ રીતનું સત્ય તથા માનવના સામાન્ય જીવનથી ઘણું ભિન્ન એવું અને જીવનતત્ત્વની દૃષ્ટિએ ઘણા હલકા પ્રકારનું કહેવાય તેવું જીવન જ રમી રહેલું હોય છે. આ રીતનું કોઈ તત્ત્વ ખુદ માનવની પ્રકૃતિમાં જ રહેલું છે કે નહિ તેને શોધવાનો આ યુગમાં માણસ પ્રયત્ન કરી રહેલો છે. એ ખોજની પ્રવૃત્તિમાંથી આપણી નૈતિક દૃષ્ટિમાં, સામાજિક ભાવનાઓમાં, વ્યક્તિના આત્મવિકાસની રીતમાં અનેક ક્રાંતિકારક વિચારોનો જન્મ થયેલો છે. આ પ્રયત્નોનું છેલ્લામાં છેલ્લું સ્વરૂપ આપણને નિત્શેમાં, આ જર્મન ફિલસૂફની વિલક્ષણ પ્રેરણાવાળી પ્રાણમય તત્ત્વદૃષ્ટિમાં જોવા મળે છે. પરંતુ આ બધી વિચારસરણીઓમાં એક સામાન્ય ભૂલ રહી ગયેલી છે, માનવનું સાચું સ્વરૂપ શું, માનવનો, માનવજીવનનો સાચો ધર્મ શો એ વાત કોઈને સમજાયેલી નથી.

નિત્શે કહે છે કે આપણી અત્યારની અતિશય અપૂર્ણ એવી માનવતામાંથી આપણે એક પરમ માનવનું સર્જન કરવું જોઈએ, એ જ માનવ જીવનનું સાચું કર્તવ્ય છે એ વાત તદ્દન સાચી છે. 'આપણા સત્ય સ્વરૂપે આપણે બની રહીએ', 'આપણી જાતનું અતિક્રમણ કરીએ' આ રીતનાં તેનાં જીવનસૂત્રો ખરેખર ઉત્તમ જ છે. આ સૂત્રોમાંથી એ ધ્વનિ ફલિત થાય છે કે માનવને હજી પોતાનું સાચું સ્વરૂપ મળ્યું નથી, પોતાની સાચી પ્રકૃતિ હાથ લાગી નથી, અને આ વસ્તુઓ—નિજ સ્વરૂપ, નિજ પ્રકૃતિનું સાચું જ્ઞાન માનવને જો મળી શકે તો જ તે સફળ રીતે અને સાહજિક રીતે પોતાનું જીવન વ્યતીત કરી શકે છે. પણ તો હવે ખરો પ્રશ્ન એ ઊભો થાય છે કે આપણું સાચું સ્વરૂપ શું છે, આપણી સાચી પ્રકૃતિ શી છે? એ વસ્તુ કઈ છે કે જે પોતે આપણી અંદર આવીને વૃદ્ધિ પામી રહેલી છે, પરંતુ આપણે પોતે હજી તેમાં પહોંચેલા નથી. એ વસ્તુ છે દિવ્યતા. આપણું શુદ્ધ સ્વરૂપ, આપણી સાચી પ્રકૃતિ મૂળે એક દિવ્ય, દૈવી, સ્વર્ગીય, અપાર્થિવ વસ્તુ છે. એ દિવ્ય તત્ત્વનો સાક્ષાત્કાર કરવા માટે, એક રૂપ બની રહેવા માટે માનવ, આ તર્કબુદ્ધિવાળું, સજ્ઞાન સંકલ્પવાળું માનવ પ્રાણી પ્રયત્ન કરી રહેલું છે. તો હવે પ્રશ્ન એ રહે છે કે આ દિવ્યતા કેવી રીતે મેળવી શકાય? એનું બીજ શું છે, શેમાં છે? એવી કઈ અવસ્થા છે કે જેમાં એક વાર પહોંચ્યા પછી પરમ માનવને તેમાંથી

પાછા પડવાનું નહિ રહેશે, આ નીચી કોટિના અપૂર્ણ માનવ જીવનમાં તેનો અધઃપાત નહિ થાય? આ અવસ્થા તે શું બુદ્ધિની અવસ્થા છે? હિંદના દર્શનશાસ્ત્રોએ બુદ્ધિની જ્ઞાન અને સંકલ્પના દ્વિવિધ સ્વરૂપવાળી એક ભૂમિકા વર્ણવી છે. પરમ માનવ શું આ બૌદ્ધિક ભૂમિકામાં હમેશાં રહેશે? એ બુદ્ધિ જ શું તેની દિવ્યતાની જનક બનશે? પરંતુ અત્યારે માનવમાં બુદ્ધિ જે રીતે કામ કરતી દેખાય છે તે જોતાં આ બનવું કાંઈ બહુ સંભવિત નથી લાગતું. અત્યારની માનવ બુદ્ધિ તો એક ખૂબ જ વ્યગ્ર દશામાં પડેલી છે, એના પોતામાં જ ભાગલા પડેલા છે. પોતાની હરેક સિદ્ધિ વિષે તેને શંકા થઈ ગઈ છે. બેશક, અમુક હદ સુધી તેણે ખરેખર અદ્‌ભુત સર્જનશક્તિ તેમ જ કાર્યદક્ષતા બતાવેલી છે, પરંતુ તેનો છેવટનો અંજામ તો કોઈ ભવ્ય નિષ્ફળતામાં જ આવેલો છે. આપણી નિમ્ન પ્રકૃતિ સાથે તો તેનો ઝગડો હમેશાં ચાલુ જ રહેલો છે, અને છતાં એ પ્રકૃતિની જ તે પાછી દાસ બનીને રહે છે. જીવનમાં બુદ્ધિને હમેશાં આ નિમ્ન પ્રકૃતિનો આધાર લઈને જ કામ કરવાનું રહે છે. આવી બુદ્ધિમાં ધારો કે દિવ્યતાનું બીજ છુપાયેલું હોય તોપણ એ બુદ્ધિ પોતે તો દિવ્યતાનું બીજ નથી જ દેખાતી. પરમ માનવને હમેશાં સ્થિર ટકી રહેવા માટે આપણે જે સુદૃઢ અને દિવ્ય અવસ્થા માગીએ છીએ તે આપણને બુદ્ધિમાંથી તો નથી જ મળવાની ત્યારે? એ દિવ્ય અવસ્થા આપણને બુદ્ધિથી પર રહેલા એક તત્ત્વમાં, આત્મતત્ત્વમાં મળશે. આ આત્મતત્ત્વ જ દિવ્યતાનું ગુહ્ય બીજ છે, બિચારી બુદ્ધિ નહિ. આપણામાં રહેલું આ આત્મતત્ત્વ અત્યારે તો આપણી નિમ્ન પ્રકૃતિ હેઠળ ઢંકાઈ ગયેલું છે, પરંતુ એક દિવસે મનથી ઉપરની ભૂમિકામાં આપણને એનો એક તેજોમય સ્વરૂપમાં સાક્ષાત્કાર થશે, આપણી નિમ્ન પ્રકૃતિનાં પડળોમાંથી એને આપણે મુક્ત કરી લઈશું, અને એ વિશાળ તેજોમય ભૂમિકા ઉપર માનવને માટેના દિવ્ય જીવનનો પાયો બરાબર સુદૃઢપણે માંડી શકાશે.

આપણે પરમ માનવની વાત કરીએ છીએ ત્યારે એ વસ્તુ તો નિઃશંક કહેવા માગીએ છીએ કે એ પરમ માનવનું તત્ત્વ આપણી અત્યારની પ્રકૃતિ કરતાં તો કોઈ ઘણી જ ભિન્ન, ઘણી જ ઉચ્ચ કોટિની વસ્તુ છે. પણ આપણા સામાન્ય માનવને માટે આ કથન તો ભાગ્યે જ રુચિકર નીવડે તેવું હોય છે. જગતમાં પોતાના કરતાં કોઈ ઘણી ઘણી ઉચ્ચ વસ્તુ આવેલી છે એ વાત સામાન્ય માનવને તો બહુ જ આઘાત આપનારી નીવડે છે. આ વળી શું? મારા કરતાં વળી કોઈ ઉચ્ચ, પરમ ઉચ્ચ વસ્તુ? છટ! સામાન્ય માણસનો અહંકાર આમ ધૂણી ઊઠે છે, આ પરમ તત્ત્વ તરફ તેને આમ તિરસ્કાર પ્રગટે છે. દુનિયાના પ્રાકૃત માણસને તમે તેની પ્રાકૃતતાનો ત્યાગ કરવાનું કહો તો

તે તેને લેશ પણ રુચે એવું નથી હોતું. પ્રાકૃત જીવનની ચક્રવત્ ઘરડમાંથી બહાર આવવાની વાત, અશક્ય એવાં ઉચ્ચ ઉચ્ચ શિખરો ચડવાની વાત તેને બહુ પ્રસન્ન કરતી નથી. વળી માણસને જગતમાં પોતા કરતાં કોઈ બીજું ઉચ્ચતર પ્રાણી પૃથ્વી ઉપર પ્રગટ થાય, તેને પાછળ મૂકી દઈ તેનાથી ખૂબ ખૂબ આગળ ચાલ્યું જાય, એના પરમ સામર્થ્ય વડે માનવ ઉપર તે શાસન કરે એ કલ્પના તો બહુ જ ઓછી પ્રસન્નતા પ્રેરે છે. પરંતુ પ્રાકૃત માણસની આ અપ્રસન્નતા બિનપાયાદાર છે. સાચી પરમ માનવતા આ પ્રમાણેની નથી હોતી. બેશક, પરમ માનવ એ માનવ કરતાં ઘણી આગળ વધેલી અવસ્થા છે જ, તેમ જ માનવ ઉપર તે પોતાનું શાસન પણ સ્થાપિત કરશે જ. પરંતુ તેની પાછળ કોઈ સત્તા કે મદનો ભાવ નહિ હોય. આ પરમ માનવ તો માનવને તેનાથી ઉપર આવેલી કોઈ એક પરમ વસ્તુ પ્રત્યે ખુલ્લો કરી આપવા માગે છે, એને એની પૂર્ણતામાં પહોંચાડવા માગે છે. અને માનવની પૂર્ણતા તે આ ઊર્ધ્વ સ્થિતિમાં જ છે, માનવમાં રહેલી બુદ્ધિની ભૂમિકામાં નહિ. અહીં એક બીજી વસ્તુ પણ ધ્યાનમાં રાખવાની છે કે આપણે જેને માનવનું સ્વાભાવિક સ્વરૂપ, સ્વાભાવિક—સમધારણ માનવતા ગણીએ છીએ તે વસ્તુ તો વસ્તુતઃ પ્રકૃતિની અંદર એક ઘણી જ અસમધારણ અનૈસર્ગિક વસ્તુ છે. જગતમાં માનવના જેવી કે માનવની જોડની અનૈસર્ગિક અસમધારણ વસ્તુ બીજી કોઈ નથી, આજનો માનવ એ તો કુદરતના એક તુક્કા જેવો, ઝડપથી બની આવેલા તુક્કા જેવો છે, કુદરતમાં એકાએક થઈ આવેલો ચમત્કાર છે. હા, એ વાત ખરી કે આ અસમધારણતા એ કોઈ અનિષ્ટ વસ્તુ છે, યા તો અપૂર્ણ વસ્તુ છે એમ પણ નથી. આવી અસમધારણતા એ પણ એક સંપૂર્ણ ચીજ હોઈ શકે છે, અને કુદરત તેમાંથી એક વિશેષ પૂર્ણતાના સર્જન માટે પણ પ્રયત્ન કરી રહી હોય છે. પરંતુ આ બૃહત્ પૂર્ણતા મેળવવા માટે માનવે પોતાની જાતને પૂરેપૂરી સમધારણ કરી લેવાની રહે છે, પોતાના જીવનને જીવનની ભૂમિકા ઉપર, જીવનની પોતાની શક્તિ દ્વારા જીવન તરીકે બરાબર સુયોજિત કરવાનું રહે છે. માનવ એક અસમધારણ પ્રાણી છે. પોતાની સમધારણતા —પોતાની નૈસર્ગિક મૂળ આત્માવસ્થા તેણે હજી મેળવવાની છે. હા, માનવ એમ માની શકે છે કે પોતે પૂરેપૂરો સમધારણ માનવ છે, પોતાના જેવાં બીજાં માણસોમાં તે હોય છે ત્યારે તેને એમ લાગી શકે છે કે પોતે એક ઘણી સમધારણ વ્યક્તિ છે. પરંતુ આ દેખીતી સમધારણતા તો એક કામચલાઉ અવસ્થા છે. માણસ વનસ્પતિ કે પશુ કરતાં ખૂબ ખૂબ મહાન છે, પણ વનસ્પતિ કે પશુમાં જે પોતપોતાની રીતની પૂર્ણતા છે તે પૂર્ણતા હજી માનવમાં આવેલી નથી. બેશક, આ અપૂર્ણતા માટે આપણે અફસોસ કરવાનો તો નથી

જ. ઊલટું, આ અપૂર્ણતા પોતે જ આપણા માટે એક ઘણી પ્રેરક અને સહાયક વસ્તુ છે. એ અપૂર્ણતા માનવનો એક એવો ખાસ અધિકાર છે જે વનસ્પતિ કે પશુને નથી. માનવને માટે તો આ એક ખાસ વરદાન છે. એ અપૂર્ણતાને લીધે તો માનવ પોતે છે ત્યાંથી આગળ જવા ગતિશીલ બને છે. એ અપૂર્ણતાને કારણે તો આપણે આત્મવિકાસ તરફ, આત્માતિક્રમણ તરફ ગતિ કરીએ છીએ, આપણે માટે પરમ વિકાસનો એક વિરાટ પ્રદેશ ખુલ્લો બને છે. માણસને તેની ઉચ્ચમાં ઉચ્ચ અવસ્થાએ અત્યારે જોઈશું તો તે પશુ-પ્રકૃતિમાંથી ઉપર ચડી આવેલો જાણે કે અર્ધ-દેવ જેવો જણાશે. અત્યારે આખી પ્રકૃતિમાં બીજાં પ્રાણીઓ કરતાં તે ઘણો અસમધારણ છે. પરંતુ તેની આ અસમધારણતા પણ એક ભવ્ય પ્રકારની વસ્તુ છે. પણ હજી તેણે ઘણું આગળ વધવાનું છે. માણસનું અંતિમ લક્ષ્ય તો પૂર્ણ દેવ બનવાનું છે. અને એ અવસ્થા તેની અત્યારની અવસ્થા કરતાં તો ઘણી ઘણી મહાન છે. એ પૂર્ણ દેવની અવસ્થા અત્યારની અવસ્થા કરતાં એટલી બધી તો ભિન્ન છે કે માનવને એ પોતાને માટે કોઈ અસ્વાભાવિક અવસ્થા જ લાગે. અત્યારે પશુ કરતાં માનવ જેટલો આગળ વધેલો લાગે છે તેટલો જ ફેર તેની અત્યારની અને ભાવિ પૂર્ણતાની અવસ્થા વચ્ચે રહેલો છે. અને આ પૂર્ણતાની મહાન કક્ષામાં પહોંચવાનો માર્ગ પણ ઘણો લાંબો છે, ખૂબ મહેનત માગી લેનારો છે. તો પણ એ દીર્ઘ વિષમ સાધનાને અંતે માણસ માટે લાભ પણ એટલો જ મહાન નિર્માયેલો છે. આ પરમ સાધનાને અંતે માનવજાતિને માટે એક ભવ્ય ઉન્નત ચેતના સિદ્ધ થશે, માનવનો એક મહા વિજય થશે. માનવને એક દિવ્ય સામ્રાજ્ય મળશે. અને એ મહા વિજયની સરખામણીમાં માનવે આજ લગી મનના ક્ષેત્રમાં તેમ જ બાહ્ય પ્રકૃતિ ઉપર જે કાંઈ વિજયો મેળવ્યા છે તે તો માત્ર એક અછડતી ઝાંખી જેવા, દરિદ્ર આરંભો જેવા જ લાગશે.

તો હવે આપણે એ વિચારીએ કે માણસની અંદર આ જે અપૂર્ણતા રહેલી છે તે કયા કારણમાંથી, માનવમાં રહેલી કઈ ખામીમાંથી આવે છે. આ ખામીનું સૂચન તો અમે આ પૂર્વે કરી ગયા છીએ. આ પહેલાંનાં પ્રકરણોમાં સામાન્ય રીતે આ જ વસ્તુ ચર્ચાઈ છે. પણ એ વસ્તુને હવે ફરીથી વધુ ચોક્કસ રીતે અને સંક્ષેપથી કહેવાની જરૂર છે. આપણે જોઈએ છીએ કે આપણને માણસ પ્રથમ દૃષ્ટિએ બેવડી પ્રકૃતિનો બનેલો દેખાય છે. એનામાં એક પશુ પ્રકૃતિ છે, બીજી એક અર્ધ-દિવ્ય પ્રકૃતિ છે. માનવનો પ્રાણ અને શરીર તે પશુ પ્રકૃતિનાં છે, તેની બુદ્ધિ ઇ. એ અર્ધ-દિવ્ય પ્રકૃતિનાં છે. પ્રાણ-શરીરની પશુ પ્રકૃતિ તેમાં રહેલી સહજવૃત્તિઓ, શીઘ્રવૃત્તિઓ, ઇચ્છાઓ, તેના સ્વતઃ આરંભો અને સ્વતઃ યોજાતી કાર્યપદ્ધતિ પ્રમાણે કામ કરતી રહે છે.

માનવમાંની અર્ધ-દિવ્ય પ્રકૃતિ તે સજ્ઞાન ચૈતન્યની બનેલી છે. એ ચૈતન્ય માનવમાં બુદ્ધિ રૂપે, નૈતિક ભાવ, રસવૃત્તિ રૂપે કામ કરે છે. એમાં રહેલી ઊર્મિઓ પાછળ બુદ્ધિ કામ કરતી હોય છે, તેના કર્મ પાછળ બુદ્ધિનું પીઠબળ હોય છે. આ ચૈતન્ય પોતાના કર્મનો નિયમ શોધી શકે છે, એ નિયમનો સજ્ઞાન રીતે ઉપયોગ કરી શકે છે, નિયમને સુધારી શકે છે. આ ચૈતન્યમાં એક એવું ચિંતનાત્મક મન છે જે પ્રકૃતિને સમજી શકે છે, અહીં એક એવી સંકલ્પશક્તિ છે જે પ્રકૃતિને કામમાં લે છે, પ્રકૃતિને વધુ ઉન્નત કરે છે, પૂર્ણ કરે છે, અહીં એક એવી ઇન્દ્રિય છે જે બુદ્ધિમાન રીતે પ્રકૃતિનો આનંદ માણે છે. આપણામાંનો પશુમય અંશ પોતાના પ્રાણની સંપત્તિમાં અને પ્રાણના આનંદમાં વિશેષ ને વિશેષ વૃદ્ધિ ઝંખે છે. આપણો અર્ધ-દિવ્ય અંશ પણ વૃદ્ધિ માગે છે, સંપત્તિ માગે છે, આનંદ માગે છે. પણ એ અંશ પ્રાણ અને શરીરની શક્તિઓ દ્વારા નહિ પણ મનની શક્તિઓ દ્વારા કામ કરવું વિશેષ પસંદ કરે છે. એ જે કંઈ વસ્તુઓ મેળવવા કે માણવા માગે છે તે બુદ્ધિપૂર્વક, રસાત્મક રીતે, નીતિમય રીતે કરવા માગે છે. વળી આ અર્ધ-દિવ્ય પ્રકૃતિને પ્રાણ અને શરીરના વિષયો નહિ, પણ બુદ્ધિના, નીતિમય અને કલાત્મક રીતના વિષયો મેળવવા અને માણવા વિશેષ ગમે છે. પ્રાણ અને શરીરની વસ્તુઓને તો માત્ર એક પાયા રૂપે, આરંભ પૂરનું, પ્રાથમિક જરૂરિયાત કે અવસ્થા રૂપે, એક ઊભા રહેવાના સ્થાન તરીકે જ કામમાં લે છે. વળી એ ઊર્ધ્વ પ્રકૃતિને બાહ્ય જીવનની વૃદ્ધિ કરતાંયે વિશેષ તો જીવનનાં સત્ય શુભ અને સુંદર તત્ત્વોની વૃદ્ધિ જ ખપે છે. બાહ્ય જીવનને તો તે આપણા માનવ જીવનની સુરક્ષિતતા, આરામ અને ગૌરવને માટે જેટલું જરૂરી હોય તેટલું જ સ્વીકારે છે. આમ મનુષ્યનું મનુષ્યત્વ તે આ ઊર્ધ્વ અર્ધ-દિવ્ય પ્રકૃતિનું જીવન છે. આ અવચેતન રૂપની પાર્થિવ જડ પ્રકૃતિમાં માનવની જે અજોડ વિશેષતા છે, તેની જે અસમધારણતા–અપ્રાકૃતતા છે તે આ રીતની છે.

આ ઊર્ધ્વ પ્રકૃતિનો માનવમાં ઉદય થવો એ તેનામાં એક નવી શક્તિના વિકાસનું સૂચક છે. આ નવી શક્તિને આપણે એક નવીન આત્મ-શક્તિ કહીશું. (અને એ રીતે વિચારતાં તો સાથે સાથે આપણે શરીર અને પ્રાણને પણ એક આત્મ-શક્તિ રૂપે જ ગણીશું.) અને હવે, માણસે પોતામાં આ નૂતન આત્મ-શક્તિ ખીલવી છે તો તેમાંથી સ્વાભાવિક રીતે જ તેના માથે એક જવાબદારી પણ ઊભી થાય છે. એ જવાબદારી તે એ કે માનવે હવે તો જગતને આ ઊર્ધ્વ ભૂમિકામાંથી જ નિહાળવાનું રહેશે, જગતમાંની તમામ ચીજોને એ ઊર્ધ્વ દૃષ્ટિથી જ મૂલવવાની રહેશે. એટલું જ નહિ, તેણે પોતાની આખીયે પ્રકૃતિને આ ઊર્ધ્વ શક્તિના કાબૂ હેઠળ મૂકી દેવી પડશે, પોતાની જાતને

એક રીતે આ ઊર્ધ્વ તત્ત્વના ઘાટમાં જ ઢાળી દેવાની રહેશે, અને વળી તેનાથી બને ત્યાં સુધી, પોતાની આસપાસનો જીવનને પણ આ બૃહત્ સત્ય અને બૃહત્ ધર્મનો જ કોઈક આકાર આપવાનો રહેશે, માણસ આ કાર્ય કરે એમાં જ એનો સાચો સ્વધર્મ છે, એના જીવનનો સાચો નિયમ, સાચી પદ્ધતિ આ જ છે. પોતાની પૂર્ણતાનો અને સાચા સુખનો આ જ માર્ગ છે. માણસથી આ જો બની શક્યું તો એને માટે એક ઘોર નિષ્ફળતા સરજાયેલી છે. પોતાની પ્રકૃતિનું તેમ જ પોતાનું સારુંયે લક્ષ્ય તે ચૂકી જશે. એણે ફરીથી એકડે એકથી શરૂઆત કરવી પડશે, પોતાને માટેનો સાચો માર્ગ શોધવો પડશે, જીવનમાં એક નવો પલટો સફળતાથી સાધવો પડશે, રૂપાંતર માટેની એક અનિવાર્ય સ્થિતિમાં પહોંચવું પડશે. અને માણસની નિષ્ફળતા તે અહીં જ બનેલી છે. આ જે વસ્તુ તેણે કરવી જ જોઈએ તે તેનાથી થઈ શકી નથી. હા, એણે કાંઈક તો કર્યું છે, યાત્રાની અમુક મજલ તો કાપી છે. પોતાના પ્રાણ અને શરીરે ઉપર માનવ બુદ્ધિની, નીતિની, રસવૃત્તિની કાંઈક ઝૂંસરી તો મૂકી શક્યો છે. પોતાને માટે માનવ પશુ તરીકેનું જીવન ગાળવું યા તો એવી અવસ્થામાં જ સંતુષ્ટ રહેવું એ તેણે અશક્ય તો કરી મૂક્યું છે. પણ બસ, અહીં જ તે અટકી ગયો છે. પોતાના જીવનનું સત્ય, શિવ અને સુંદરમાં રૂપાંતર માનવથી સધાયું નથી. એ સિદ્ધિ તો હજી પહેલાંના જેટલી જ દૂર છે. આ પરમ રૂપાંતરની કોઈ અર્ધીપર્ધી સ્થિતિમાં તે પહોંચે છે (અને આ અલ્પ સિદ્ધિ પણ માનવજાતિમાં માત્ર અમુક વર્ગ કે અમુક વ્યક્તિઓ જ પામી શકે છે, અને આખી માનવજાતિના જીવન ઉપર તો તેની આડકતરી અસર જ પહોંચે છે,) ત્યાં તો તે પાછો નીચે સરકી પડે છે. માનવના જીવનમાં પાછી એક વ્યાપક શીથિલતા આવવા લાગે છે યા તો એ અધૂરી સિદ્ધિમાંથી તે કોઈ બીજી ચોંકાવી મૂકે તેવી ઊથલપાથલમાં ઝડપાઈ જાય છે. બેશક એ ભીષણ ઊથલપાથલમાંથી માનવજાતિ કાંઈક નવા લાભ પણ મેળવે છે, પણ સાથે સાથે કેટલુંક ગંભીર નુકસાન પણ તે ભોગવે જ છે. આમ માનવ હજી પોતાના જીવનમાં કોઈ મહા પ્રસ્થાન કરી શક્યો નથી, રૂપાંતરની કોઈ અનિવાર્ય અવસ્થામાં પહોંચેલો નથી.

માનવની આ એક મુખ્ય નિષ્ફળતા છે. પોતાના જીવન પ્રવાહને તે તેની પ્રાકૃત અવસ્થામાંથી ઊંચે, ઊર્ધ્વમાં ચડાવી શક્યો નથી, તેના જીવનના કેન્દ્ર ભાગમાં જે એક અંતર્ગત સંકલ્પબળ રહેલું છે, તેના કર્મની મુખ્ય શક્તિની પાછળ જે એક નૈસર્ગિક બળ અને દૃઢ શ્રદ્ધા રહેલી છે તેને તે ઊપલી દિશા તરફ વાળી શક્યો નથી. આ છે માનવની નિષ્ફળતા, તેમ જ એ સારીયે નિષ્ફળતાનું મૂળ પણ આ જ છે. માનવના જીવનમાં રહેતો કેન્દ્રસ્થ સંકલ્પ હજી પ્રાણમાં અને શરીરમાં જ સ્થિર રહેલો છે. પ્રાણ અને શરીરના

આનંદો તરફ જ માનવની ગતિ વળે છે. બેશક, માનવમાં રહેલી શીધ્રવૃત્તિઓ ઉપર ઊર્ધ્વ શક્તિઓનો પ્રકાશ પડેલો છે ખરો, એ વૃત્તિઓ કંઈક કાબૂમાં પણ આવેલી છે ખરી. પણ આથી વિશેષ પ્રગતિ માનવની થયેલી નથી. આ વૃત્તિઓ પ્રકાશિત થઈ છે, બહુ જ અલ્પ અંશે, પરંતુ તેમનું રૂપાંતર હજી થયેલું નથી. એ સંયમિત થયેલી છે, પણ તે બરાબર કબજે બનીને ઊર્ધ્વ ભૂમિકામાં મુકાયેલી નથી. ઊર્ધ્વ જીવન એ હજી પણ નીચેના જીવન ઉપર એક ઉપરથી લદાયેલી વસ્તુ છે. આપણા સામાન્ય નિત્ય જીવનમાં એ એક કાયમની દખલગીરી જેવું છે. આ ઊર્ધ્વ જીવન આપણા સામાન્ય જીવનમાં સતત પોતાની દખલ, પોતાનો ઘોંચપરોણો કર્યે જ જાય છે. એ આપણા જીવનને ઠપકો આપતું રહે છે, એ આપણને ઉત્સાહ પ્રેરે છે, તો નિરુત્સાહિત પણ કરે છે, આપણને તે પ્રવચનો આપે છે, આપણા જીવનને તે આધુંપાછું કરે છે, વગેસજે કરે છે. એ ઊર્ધ્વતા નીચેના આ જીવનને ઊંચે પણ ઉઠાવે છે, પણ અફસોસ કે નીચે પડતું મૂકવાને જ. એ ઊર્ધ્વ જીવનમાં હજી નીચેના જીવનનું રૂપાંતર કરવાની શક્તિ નથી આવી. જીવનમાં કોઈ એક કીમિયો કરી દેવો, એક નવ-સર્જન કરી આપવું, એ શક્તિ તેનામાં નથી. ખરી વાત તો એ છે કે ઊર્ધ્વ જીવનને પૂરી સમજ જ દેખાતી નથી. આ બધી ધમાલ, જહેમત આપણને ક્યાં લઈ જવા માટે છે તેની તેને કશી ગમ જણાતી નથી. કદીક એને એમ લાગે છે કે આ પૃથ્વી ઉપર જ શક્ય તેટલું ઉત્તમ જીવન રચાય છે એ જ ઇષ્ટ છે. પરંતુ એ જીવન કેવું હશે તે નક્કી કરી શકતું નથી. અથવા તો કદીક એને એમ પણ થાય છે કે ના, ના, આપણે કોઈ બીજી દુનિયા માટેના જ મુસાફરો છીએ, કોઈ ધાર્મિક પ્રકારનું જીવન ગાળીને, યા તો પછી કોઈ યશસ્વી રીતે મૃત્યુ પામીને, આ જગતની આધિવ્યાધિમાંથી મુક્ત થઈ આપણે કોઈ અન્ય ઊર્ધ્વ લોકમાં ચાલ્યા જવાનું છે. અને આમ આ બે પ્રકારનાં જીવન—નીચેનું પ્રાકૃત જીવન અને ઊર્ધ્વનું અર્ધ-દિવ્ય જીવન એકબીજાને મૂંઝવતાં આ જગતમાં કાયમનાં ભેગાં ફસાઈ પડેલાં છે. કોઈ કજોડાનાં ધણી-ધણિયાણી પેઠે એકબીજાને એ બેઉ સતત હેરાન કરે છે, કનડે છે, એકબીજાનું કર્યું-કરાવ્યું ધૂળ મેળવે છે. પણ એમાં વળી એક ખૂબી એ પણ છે કે એ બે વચ્ચે આમ બારમો ચંદ્ર હોવા છતાં પાછાં તે અર્ધાંપર્ધાં પરસ્પરના પ્રેમમાં પણ છે, અથવા કંઈ નહિ તો એકબીજા માટે એ બેઉ જરૂરનાં તો છે જ. અને આમ આ બે પોતા વચ્ચે મેળ સ્થાપી શકતાં નથી, તેમ જ છૂટાં પણ થઈ શકતાં નથી. એક કોઈ અતૂટ પાશમાં એ એવાં તો બંધાઈ ગયેલાં છે કે મૃત્યુ સિવાય એમને કોઈ છૂટકબારી છે જ નહિ. આમ માણસ પોતામાં રહેલી આ બેવડી પ્રકૃતિની જટિલ સમસ્યાનો, મહામુશ્કેલીનો ઉકેલ

સાધી શક્યો નથી, અને એ નિષ્ફળતામાંથી જ માનવ મનની સારીયે બેચેની, અસંતોષ, આશાભંગ, થાક, ગ્લાનિ, નિરાશાવાદ ઉત્પન્ન થયેલાં છે.

આ નિષ્ફળતાનું કારણ તે ઊર્ધ્વ શક્તિની મર્યાદિતતામાં છે એ વાત અમે ઉપર જણાવી ગયા છીએ. એ શક્તિ એક મધ્યગામિની—વચલા ગાળાની શક્તિ છે, અને એ વચલી શક્તિના રૂપ મુજબ પ્રાણ અને શરીરનું રૂપાંતર કરવું કદાચ શક્ય નથી, પરંતુ આ રીતનું રૂપાંતર સાધવાનો હેતુ કુદરતે આપણામાં રાખ્યો હોય એમ તો નથી જ. કોઈ અહીં કદાચ કહેશે કે ના, ના, જગતમાંની બધી વ્યક્તિઓ જ્યારે આવું કાંઈક રૂપાંતર સિદ્ધ કરી લેશે, એક સંપૂર્ણ એવું નૈતિક યા તો કલાપ્રધાન, યા તો બૌદ્ધિક જીવન ગાળવા લાગશે, સત્ય શિવ અને સુંદરના કોઈ આદર્શ મુજબ પોતાનું જીવન રચી લેશે ત્યારે, વ્યક્તિએ આમ જે જે કાંઈ સિદ્ધ કર્યું હશે તે બધું આખી માનવજાતિ પણ એક દિવસ સિદ્ધ કરી શકશે, અથવા તો તેણે તે કરવું જ જોઈશે. કારણ, અત્યારે અસાધારણ અપવાદ રૂપ દેખાતી વ્યક્તિ ભાવિ માનવજાતિની જ એક પૂર્વછાયા, પુરોગામી જેવી છે. પરંતુ આ વિધાનની સામે આપણે પૂછી શકીએ છીએ કે આ રીતના પ્રયત્નોનું સાચું પરિણામ કેટલું આવેલું છે. આવી રીતે બુદ્ધિમય, નીતિમય કે કલાપ્રધાન જીવન ગાળનારા માણસોએ પોતાનામાંના માત્ર એક જ તત્ત્વને સક્રિય થવા દીધેલું છે, પોતાના જીવનને એકપક્ષી અને મર્યાદિત બનાવી મૂકેલું છે, અને જીવનનાં બીજાં તત્ત્વો, પ્રાણ તેમ જ દેહને તેમણે દરિદ્ર કરી નાખેલાં છે. અથવા તો આ લોકે આ બે પ્રકારના જીવન વચ્ચે કોઈ એક સમાધાન ઉપજાવી લઈને જીવતા હોય છે. એક બાજુએ તેઓ ઊર્ધ્વ જીવનને ખૂબ જ મહત્ત્વનું સ્થાન આપે છે, અને બીજી બાજુ નીચેના જીવનને તેના પોતાના જ ક્ષેત્રમાં છૂટું ચરી ખાવા દે છે. માત્ર પેલી ઊર્ધ્વ શક્તિ યા શક્તિઓ એ નીચલા જીવનની પ્રવૃત્તિ ઉપર થોડીઘણી કડક દૃષ્ટિ રાખતી રહે છે, યા તેમના ઉપર થોડોઘણો ઉદાર જાપ્તો ટકાવી રાખે છે. આમ આ નીચેના જીવનનું સ્વરૂપ જેમનું તેમ જ રહે છે, તેની વૃત્તિઓ અને માગણીઓમાં કશો ફેર પડતો નથી. નીચેના જીવન ઉપર ઊર્ધ્વ જીવનની સવારી તો થઈ ગઈ છે, પણ નીચેના જીવનનું કશું રૂપાંતર થયેલું નથી.

ખરી વાત એ છે કે જીવન કદી પૂરેપૂરું બુદ્ધિમય બની શકે તેમ નથી, તેને તમે નીતિની, કલાની યા તો વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ મુજબ કદી પૂરેપૂરું ઘડી શકવાના નથી. પ્રકૃતિનું પરમ રૂપાંતર સાધવાનો જથ મનને ભાગે જઈ શકે તેમ નથી. મન એ માટે, એ રીતે સરજાયેલું નથી. આપણને એમ લાગતું હોય કે મન આ રૂપાંતર કરી શકે છે તો તે એક ભ્રાંતિ જ છે, આપણી બુદ્ધિને, કલાને કે નીતિને થયેલો આભાસ છે. તમે જીવનને, પ્રાણતત્ત્વને કબજે

રાખી શકે છે, કચડી શકે છે પણ તેમ છતાં એ પોતાનો હક તો જતો કરતું નથી જ. અમુક માણસો અથવા તો સમાજનો અમુક વર્ગ પ્રાણ ઉપર થોડો-એક વખત આ કાબૂ જમાવી શકે છે, અને સમાજ ઉપર એ કાબૂના આભાસ જેવું કાંઈ સ્થાપી શકે છે, પરંતુ છેવટે તો પ્રાણતત્ત્વ બુદ્ધિના સકંજામાંથી છટકી જ જાય છે. બુદ્ધિની અંદરનાં કેટલાંક બળવાન તત્ત્વોને તે પોતાના પક્ષમાં મેળવી લે છે,—અને બુદ્ધિમાં એવાં દ્રોહી તત્ત્વો પણ હમેશાં હોય છે જ—અને ફરી પાછું પોતાની વૃત્તિઓનું સામ્રાજ્ય જમાવી લે છે, પોતે ગુમાવેલી ભૂમિ પાછી છતી લે છે. અથવા જો તે આમ નથી કરી શકતું, તો પછી એ પોતે જ ક્ષીણ બની જાય છે, અને એ રીતે પોતે ક્ષીણ બની સમાજને પણ ક્ષીણ કરી નાખે છે, જીવનની સનાતન આશાને હતાશ કરી નાખે છે, અને એ રીતે તે પોતાનું વેર વાળે છે. અને આ દુર્દશા એટલી તો વધી જાય છે કે, માનવજાતિને જ્યારે આ વાતનું ભાન થાય છે ત્યારે પ્રાણતત્ત્વને કબજે રાખવાનો પ્રયત્ન પડતો મૂકી, ઊલટું એ જ પ્રાણની સેવામાં તે બુદ્ધિને મૂકી દેવાનો નિશ્ચય કરે છે, પ્રાણને એક ઉચ્ચ પ્રકારના છતાં તરંગમય આદર્શનો ગુલામ બનાવવાને બદલે તેને તેના ક્ષેત્રમાં જ પ્રકાશ પહોંચાડવા પ્રયત્ન કરે છે.

યુરોપમાં હમણાં છેલ્લે છેલ્લે જે ભૌતિકવાદનો યુગ આવી ગયો તે આ પ્રમાણેનો કાળ હતો. એ ગાળામાં માનવની બુદ્ધિએ પ્રાણતત્ત્વ અને જડતત્ત્વનો સંપૂર્ણ અભ્યાસ કરી લેવાનો નિશ્ચય કર્યો. એ બે તત્ત્વને જ જીવનનાં મુખ્ય તત્ત્વ તરીકે સ્વીકારી મનને તેમણે આ બંનેના કાર્ય માટેના એક હથિયાર તરીકે જ સ્થાન આપ્યું, અને પોતાના સમસ્ત જ્ઞાનને પ્રાણમય અને સ્થૂલ જીવનનો પ્રચંડ વિસ્તાર સાધવા માટે કામે લગાડી દીધું. જીવનની વ્યવહારુ સિદ્ધિઓ માટે, જીવનની કાર્યક્ષમતા, સુખસગવડો વધારવા માટે બુદ્ધિ પ્રયોજાવા લાગી. પ્રાણમાં રહેલી સર્જનની, સંપત્તિની અને આનંદની ભૂખને કોઈ ભવ્ય પાયા ઉપર તૃપ્ત કરવાને માનવની બુદ્ધિ સક્રિય બની રહી. માનવજાતિમાં આ જે ભૌતિકવાદનો, વ્યાપારનો, અર્થશાસ્ત્રનો એક યુગ આવી ગયો તેનું સ્વરૂપ આ પ્રમાણે હતું. આ યુગમાં બિચારી નીતિનું સિંહાસન તો સાવ ડગમગી જ ગયું. નીતિ પોતાને વિષેનો આત્મ-વિશ્વાસ ગુમાવવા લાગી, પોતાને વિષે તેને વધુ ને વધુ શંકાઓ થવા લાગી, અને પોતાનો મહાન દુર્ગ પણ પ્રાણતત્ત્વના હાથમાં સોંપી દેવાની તેને ઇચ્છા થવા લાગી; હવે માનવમાં રહેલી રસાત્મકતા અને બુદ્ધિશક્તિને એક ઝળકતા બાહ્ય અલંકાર તરીકેનું જ સ્થાન મળવા લાગ્યું. પ્રાણમય માનવના શાનદાર કોટના બટન-હોલમાંના માત્ર એક સુંદર વિરલ ફૂલ તરીકે બુદ્ધિ અને કલા શોભવા લાગ્યાં. અને બિચારી તર્કશક્તિ, એ તો પ્રાણ અને જડતત્ત્વના મહેલમાં એક દમામદાર દાસી બનીને ઘૂમવા લાગી.

આ બધાને પરિણામે પ્રાણમય જીવનનો એક રાક્ષસી વિકાસ થઈ રહ્યો અને એનો અંત પણ હવે રાક્ષસી રીતે, રાક્ષસના જીવનનો અંત જે રીતે આવે છે તે જ રીતે આવી રહેલો છે. જગતમાંના આ પ્રાણમય રાક્ષસે એક વિશ્વયુદ્ધ જન્માવીને જાણે કે પોતાની જ ચિતા પ્રગટાવી લીધી છે. અને આમ ન થાય તો બીજું થાય પણ શું? જગતની મહાન 'સંસ્કારી' પ્રજાઓ, 'કાર્યદક્ષ' પ્રજાઓ જ્યાં આખી દુનિયાનો કબજો લેવા, ભોગવટો કરવા નીકળી પડે, જગતની સંપત્તિને, બજારોને, ખાલી પડેલા પ્રદેશોને પોતાને કબજે લેવા કમર કસી લે, પોતાના વેપારનો બેહદ અનિષ્ટતાની કોટિએ પહોંચી જતો વિસ્તાર સાધવા માગે, પોતાના સામ્રાજ્યને વધુમાં વધુ વિશાળ અને પ્રબળ કરવા તૈયાર થઈ જાય તો પછી તેમાંથી એક વિશ્વયુદ્ધ ન જન્મે તો બીજું શું જન્મે? જગતમાં થઈ ગયેલા આ મહા યુદ્ધનો અર્થ આ જ છે, આ તત્ત્વોએ એ યુદ્ધને જન્મ આપેલો છે એ યુદ્ધ પૂર્વે યુરોપના સર્વ દેશોની રાજનીતિ, તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકરણ ગુપ્ત કે પ્રગટ રીતે આ જ હેતુપૂર્વક કામ કરતાં હતાં. આ યુગમાં આ પ્રજાઓના મનમાં જે કોઈ ઉમદા ભાવના જન્મેલી છે તો તે આ મૃત્યુના ભીષણ ચાબખા પડવા માંડયા ત્યાર પછી જ બનેલું છે. પરસ્પર વિનાશનો એક ઘોર પડછાયો જ્યારે પોતાની સમક્ષ આવીને ખડો થયો ત્યારે જ યુરોપની આંખ ઊઘડી, અને તે કોઈ શુદ્ધ ઉમદા ભાવ તરફ ગતિ કરવા લાગ્યું. અને તોપણ આ જાગૃતિ પૂરેપૂરી સંપૂર્ણ તો નહોતી જ, તેમ જ હરેક સ્થળે તેમાં સચ્ચાઈ પણ ન હતી. છતાંયે એ જાગૃતિ તો હતી જ. ખુદ જર્મનીમાં પણ, એક વેળા પ્રાણમય જીવનનો પ્રખર પુરસ્કાર કરનાર એ દેશમાં પણ આ જાગૃતિ આવી હતી. અને એ રીતે માનવ માટે એક ઉજ્જ્વલ આશાનાં ચિહ્ન દેખાવા લાગ્યાં. પણ વળી પાછું એ પ્રાણમય તત્ત્વનું મોજું, કાંઈ નહિ તો તત્કાળ પૂરતું, એક નવા રૂપે ધસી આવી રહેલું છે. એ નૂતન આશા પાછી અંધકારમાં અને વમળમાં ગરક થઈ રહી છે. હવે તો માત્ર શ્રદ્ધાની આંખ હોય તો જ આપણે જોઈ શકીએ તેમ છીએ કે આ અંધકારના પેટાળમાં એક નવી સૃષ્ટિનું સર્જન રચાઈ રહેલું છે.

આ અપૂર્ણ એવી જાગૃતિનું પહેલું એક પરિણામ એ આવવાનો સંભવ જણાતો હતો કે હવે માનવજાતિ પોતાના વ્યક્તિગત જીવનમાં, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય જીવનમાં બુદ્ધિનો તથા નૈતિક ભાવનાનો વધુ સારી રીતે અને વધુ પ્રમાણમાં પ્રયોગ કરવાનો સંકલ્પ કરશે અને પાછા કોઈ જૂના આદર્શ મુજબ જીવન ગાળવા પ્રયત્ન કરશે. આવો પ્રયત્ન એક પ્રથમ પગથિયા તરીકે થાય તેમાં કાંઈ જ ખોટું નથી. પરંતુ તેમાંથી આપણા પ્રશ્નનું સાચું તેમ જ છેવટનું નિરાકરણ નથી જ આવવાનું. આપણા પ્રયત્નો જો આટલેથી જ અટકી

જશે, તો પછી આપણા ધ્યેયને પહોંચવાની વાત દૂર જ ઠેલાશે. આ પ્રશ્નનું ખરું નિરાકરણ તો, અમે જણાવી ગયા તે મુજબ, માનવ જ્યારે પોતાના સત્ય સ્વરૂપમાં પહોંચશે, પોતાના ઉત્તમોત્તમ સ્વરૂપને અને પ્રકૃતિને પ્રાપ્ત કરશે—અને આ સ્વરૂપ ઉત્તમોત્તમ છે એટલે જ તે સત્ય સ્વરૂપ પણ છે—ત્યારે જ આવી બનશે. પરંતુ આપણું આ ઉત્તમ સ્વરૂપ આપણાથી હજી ગુપ્ત છે, આપણને તે મળેલું નથી, એ હજી મેળવવાનું છે. નિત્શેએ ગાયેલી પ્રાણની પ્રબળ અને જ્ઞાનમય સંકલ્પશક્તિ કરતાં આ કોઈ જુદી જ વસ્તુ છે. એ એક આધ્યાત્મિક રીતનું સ્વરૂપ છે, આધ્યાત્મિક રીતની પ્રકૃતિ છે. આપણી વર્તમાન મનોમય ચેતનાને પણ એ આધ્યાત્મિક ચેતના જરૂર પોતાના કામમાં લેશે. પરંતુ એ મનોમય ચેતના આધ્યાત્મિક બની ગયેલી હશે. અને એક આધ્યાત્મિક આદર્શના બળે એ આધ્યાત્મિક ચેતના આપણી પ્રાણમય અને શરીરની પ્રકૃતિના લક્ષ્યને તેમ જ તેના કાર્યને એક નવું રૂપ આપી દેશે. માનવ માટેની ઊંચામાં ઊંચી સિદ્ધિ આ પ્રમાણેની છે, અને આપણે કોઈ અલ્પ પ્રકારની સિદ્ધિમાં સંતુષ્ટ ન રહેતાં આપણી ઉત્તમોત્તમ સિદ્ધિ તરફ ગતિ કરીએ તેમાં જ આપણી સલામતી રહેલી છે. આ ઉત્તમોત્તમની આરાધના કરવી એમાં કદાચ આપણને જોખમ રહેલું લાગશે, (અને આ પણ નિત્શેનું જ સૂત્ર છે—'જોખમાં જીવો') પરંતુ એ જોખમનો માર્ગ લેવાથી જ આપણને વિજય મળશે, સલામતી મળશે. કોઈ હલકા અલ્પ આદર્શનું અનુસરણ કરવામાં આપણને સલામતી દેખાઈ શકે છે, એ વસ્તુ આપણને વધુ તર્કસંગત, આરામભરેલી, સરળ લાગે એ બનવા જોગ છે. પરંતુ આવી હલકી સાધનાનો અંત હમેશાં કરુણ હોય છે. એને અંતે આપણા માટે કોઈ નિષ્ફળતા રાહ જોતી ઊભેલી હોય છે. અથવા જો આવું કોઈ પરિણામ નથી આવતું તો આપણે કશી પ્રગતિ કર્યા વિના એકના એક કૂંડાળામાં જ ભમ્યા કરીએ છીએ, નીચેની ખીણમાં ગબડી જઈએ છીએ, કે પછી કોઈ બંધિયાર કળણમાં જ ખૂંતી જઈએ છીએ. આપણો સાચો અને કુદરતી માર્ગ તો શિખરો તરફ જ જાય છે.

એટલે આપણી ખોજ આપણે હવે આ પરમ આદર્શ તરફ વાળવાની છે, આપણા પરમ ઉત્તમોત્તમ સત્યને પામવા માટે આપણે કટિબદ્ધ થવાનું છે. બેશક, આ ખોજ કાંઈ આપણાથી જ શરૂ થાય છે એમ નથી. માનવજાતિ ઠેઠ પ્રાચીન કાળથી આ જ ગુપ્ત સત્યને આરાધતી આવેલી છે. જોકે આખી માનવજાતિને આ તત્ત્વની ઝાંખી પૂરેપૂરી નથી રહેલી, તેમ જ એનું અનુસરણ પણ માનવજાતિએ ઢીલી ઢીલી રીતે જ કરેલું છે. માનવ આ તત્ત્વને માત્ર પોતાના સ્થૂલ મન વડે જ સમજેલો છે, એ તત્ત્વના રહસ્યગર્ભ સુધી માનવ પહોંચેલો નથી. અને છતાં એ તત્ત્વનું અનુસરણ કરવામાં જ માનવનો મોક્ષ

રહેલો છે, વ્યક્તિગત રીતે તેમ જ સામાજિક રીતે પણ. પૃથ્વી ઉપર પ્રભુનું સામ્રાજ્ય એ આપણી સમક્ષનો આદર્શ છે; મન પ્રાણ અને શરીર ઉપર આત્માનું શાસન એ ગુપ્ત રહસ્ય આપણે સિદ્ધ કરવાનું છે. એશિયાની પ્રજાઓએ આ ગુહ્ય વસ્તુની પકડ કદી જતી કરી નથી, કોઈ નાનકડા વિજય માટે અધીરા બની આ તત્ત્વને તેમણે કદી નકારેલું નથી. કાળના પ્રવાહમાં આ પ્રજાઓ ટકી રહી છે, અને જાણે કે કોઈ અમર પ્રજા હોય તેમ એક નવી ઊંચા તરફ તે બધી આજે માથું ઊંચું કરી શકી છે તેનું કારણ આ છે. એશિયાની આ અવદશા એક નિદ્રાવસ્થા છે, મૃત્યુ નથી. હા, યુરોપની પ્રજાઓ શરીર અને બુદ્ધિનો આકાર લઈ જીવનનાં જે જે ક્ષેત્રોમાં સફળ નીવડી છે તેમાં એશિયાની પ્રજાઓ અમુક વખત સુધી નિષ્ફળ નીવડી છે એ વાત સાચી છે. પરંતુ યુરોપને મળેલી સફળતા, અમુક વખત સુધી તે ભલે ખાસ સંપૂર્ણ દેખાતી હોય તો પણ, છેવટે તો તે એક આપત્તિ રૂપ જ બની રહેલી છે. એમ છતાં, એશિયા માટે તો આપણે એ વસ્તુ સ્વીકારવાની જ છે કે તે જીવનમાં નિષ્ફળ નીવડયું છે, હા, એશિયા ધૂળમાં રગદોળાઈ રહેલું છે. એ ધૂળ, એશિયાના એક અર્વાચીન કવિએ કહ્યા મુજબ એક મહા પવિત્ર વસ્તુ હોઈ શકે છે—જોકે એ પવિત્રતા એ પણ એક શંકાસ્પદ વસ્તુ જ છે—પણ ધૂળ એ કાંઈ માણસને રહેવા માટેની સાચી જગા નથી, ધૂળમાં લાંબા થઈને પડી રહેવું એ કાંઈ માનવ તરીકેની સાચી વૃત્તિ નથી. એશિયાની આ નિષ્ફળતા માટે દિલાસો લેતાં કેટલાક કહે છે કે આ પરિણામ તો એશિયા આધ્યાત્મિકતાનું અનુસરણ કરતું રહેલું છે એમાંથી આવેલું છે. પણ આમ કહેવાનો અર્થ તો જાણે એ થયો કે આત્મા અ કોઈ દુર્બળ વસ્તુ છે અથવા તો દુર્બળતાને તે જન્મ આપી શકે છે. ખરી વાત તો એ છે કે એશિયાએ પૂરતા પ્રમાણમાં આધ્યાત્મિકતાનું અનુસરણ કરેલું નથી, આધ્યાત્મિકતાને—આત્માને પોતાના જીવનનું પૂર્ણ સ્વામિત્વ કેવી રીતે સોંપવું એ જ્ઞાન તેણે મેળવ્યું નથી એ કારણે જ તેને નિષ્ફળતા વરેલી છે. એશિયાના માનસે જીવન અને આત્મા વચ્ચે એક ખાડો ઊભો કરી દીધેલો છે, એક ભેદ પાડી દીધેલો છે, અથવા તો તેણે આ બે વચ્ચે એક સમાધાન ગોઠવી લીધું છે, અને એ સમાધાન ઉપર રચાયેલી સામાજિક-ધાર્મિક પ્રકારની વિચારસરણીને જ છેવટની અંતિમ વસ્તુ તરીકે સ્વીકારી લીધેલી છે. પરંતુ આ રીતનું સમાધાન એ તો ભારે આપત્તિ રૂપ છે. જગતના અન્ય સર્વ પુકારો કરતાં આત્માના પુકારને તો આપણે ઠેઠ અંત સુધી સદાય અનુસરવાનો છે, આપણે પૂર્ણ આત્મતત્ત્વમાં પહોંચીને જ અટકી શકીએ છીએ. અને એ અંતમાં પહોંચતાં આપણે જોઈશું કે અહીં તો આપણે જીવનથી છૂટાછેડા નથી કરી નાખતા, જીવનનો ત્યાગ કરી દેતા નથી, યા તો જીવન

સાથે કોઈ સમાધાનમાં પણ ઊતરતા નથી. અહીં તો હવે આપણે સારાયે જીવન ઉપર આત્મા વડે વિજય મેળવીએ છીએ. આમ થતાં જગત ઉપર પૂર્ણતાના સાધકોનું શાસન સ્થપાશે, અને હિંદુ ધર્મના રૂપક મુજબ, આ પરમ કાર્ય સિદ્ધ કરવાને જગતમાં પ્રભુનો છેલ્લો અવતાર આવશે.

આ જ સત્ય આપણે ધ્યાનમાં રાખવાનું છે. આપણે જગત ઉપર, જીવન ઉપર આત્માનો પૂર્ણ વિજય મેળવવાનો છે. એ જ આપણો આદર્શ છે. બેશક, આ માર્ગે જતાં ભૂલો થઈ શકે છે, પરંતુ એવી ભૂલો પણ, તમે આ મુખ્ય માર્ગ મૂકી દઈ કોક બીજે રસ્તે ચડી જાઓ તેના કરતાં તો વધારે લાભદાયક નીવડે છે. આ અધ્યાત્મને માર્ગે જતાં પણ શી ભૂલ થાય તેમ છે તે જોઈએ. આપણે આપણી પ્રાણ અને શરીરની દ્વિવિધ પ્રકૃતિ ઉપર બુદ્ધિ-પ્રધાન, નૈતિક યા તો કળાત્મક પ્રકારનું જીવન, યા તો આ ત્રણે પ્રકારનું જીવન જે રીતે લાદી શકીએ છીએ, યા તો તેમનું કિંચિત્ આધિપત્ય સ્થાપીને કે તે બે વચ્ચે સમાધાન સાધીને સંતોષ માની શકીએ છીએ તેવી જ રીતે મન પ્રાણ અને શરીરની ત્રિવિધ પ્રકૃતિ ઉપર આધ્યાત્મિક પ્રકારનું જીવન પણ લાદી શકીએ છીએ, આધ્યાત્મિક વિચારો અને ભાવનાઓની કોઈક શકિત, યા તો તેમની સરસાઈ સ્થાપી શકીએ છીએ. પણ સાચી આધ્યાત્મિકતા આ પ્રમાણેની નથી. અહીં તો આપણે જીવન ઉપર આધ્યાત્મિકતાનો કોઈ સર્વોચ્ચ વિજય મેળવી લેવા ઇચ્છીએ છીએ. અને એ માટે ઉપરની રીતે પ્રયત્ન કરવા જતાં આપણે આપણા પ્રાણમય અને શારીરિક જીવનને દરિદ્ર, દુર્બળ, બનાવી દઈએ છીએ, અરે, ખુદ મનને પણ આપણે કચડી નાખીએ છીએ. અથવા તો પછી નીચેના જીવન સાથે એક સમાધાન કરી લઈને એ નિમ્ન પ્રકૃતિને તેના ક્ષેત્રમાં ચરી ખાવાની રજા આપી દઈએ છીએ. માત્ર એ કાર્યમાં નિમ્ન પ્રકૃતિ પાસે આપણે માત્ર એક શરત કરાવીએ છીએ કે, તું તારે યથેચ્છ વિચરી શકે છે, પણ એમ કરતી વેળા તારે આ આધ્યાત્મિક જીવનનાં અવારનવાર ગુણગાન ગાવાં જોઈશે, અમુક પ્રમાણમાં એ જીવનનો પ્રભાવ તારે થોડોઘણો સ્વીકારવો પડશે, અને મોઢે મોઢે માત્ર એટલું બોલતા રહેવું પડશે કે જગતમાં આધ્યાત્મિકતા એ જ છેવટની અવસ્થા છે, માનવ પ્રાણી માટેની એ જ અંતિમ ગતિ છે. ભૂતકાળમાં માનવ સમાજ વધુમાં વધુ માત્ર આટલું જ કરી શક્યો છે. બેશક, માનવની મહા યાત્રામાં આવી એક અવસ્થા પણ આવી જાય છે, પરંતુ એ અવસ્થામાં જ જો પુરાઈ રહીશું તો પછી આપણી યાત્રાનું સાચું લક્ષ્ય એમનું એમ જ અસિદ્ધ રહી જશે. અને એ લક્ષ્ય માટે તો આપણે આટલી બધી મહેનત આદરેલી છે. આપણે એવી માનવજાતિ નથી માગતા કે જે આધ્યાત્મિકતાનો કિંચિત્ સ્પર્શ પામીને એના સામાન્ય જીવનમાં જ

રચેલીપચેલી રહે, એને માટે સ્વાભાવિક ગણાતી જીવન ઘરડમાં જ સદા ફર્યા કરતી રહે. આપણે તો એવી માનવજાતિ માગીએ છીએ કે જે આધ્યાત્મિકતા પ્રત્યે પોતાના સારાયે અંતઃકરણથી ઝંખના કરતી હશે. એ આધ્યાત્મિકતા અત્યારે તેને માટે ભલે એક અસાધારણ—અસ્વાભાવિક વસ્તુ જેવી લાગે પરંતુ એક દિવસે માનવજાતિનું સારુંયે જીવન આધ્યાત્મિકતાની એ ઉચ્ચ ભૂમિમાં પહોંચી ત્યાં સ્થિર થઈ જશે. માનવે જે પૂર્ણતા મેળવવાની છે, જે રૂપાંતર સિદ્ધ કરવાનું છે તે માટેનો માર્ગ આ પ્રમાણેનો ઊંચા સીધા ચઢાણનો બનેલો છે.

અને આ રૂપાંતર કઈ રીતે સિદ્ધ થશે ? એ માટે આપણે આપણા જીવનનું કેન્દ્ર છે ત્યાંથી હઠાવીને તેને ઊર્ધ્વ ચેતનામાં મૂકી આપવું રહેશે, આપણા જીવનની ચાલક શક્તિ અત્યારે છે તેને બદલે કોઈક બીજી કરવી પડશે. અને આ તો માનવ જીવન માટે એક ભવ્ય આરોહણ, એક પ્રચંડ ફાળ જેવું બની રહેશે. કુદરતે પશુના પ્રાણમય મનમાંથી આપણી માનવ બુદ્ધિમાંના હજી અપૂર્ણ એવા ચિંતનશીલ મનમાં એક વાર જે મહા ઠેક લીધી હતી તેના કરતાં પણ આ એક ઘણી મોટી ઠેક બની રહેશે. આપણા જીવનના કેન્દ્ર રૂપે અત્યારે પ્રાણ અને શરીરમાં રહેતી જે સંકલ્પશક્તિ કામ કરે છે તેને બદલે ત્યાં એક આધ્યાત્મિક રૂપની સંકલ્પશક્તિ કામ કરતી થવી જોઈએ. બેશક, અત્યારે આપણને આ આધ્યાત્મિક સંકલ્પશક્તિ વિરલ પ્રસંગે, આછા ઈશારા રૂપે, એક ઝાંખી રૂપે જ જોવા મળે છે. આપણને એના સ્વરૂપ વિષે ભાગ્યે જ કંઈ સમજાય છે. એ હમણાં તો આપણી સમક્ષ મનોમય વિચારનો વેશ પહેરીને, ઘણી ઘણી દુર્બળ બનીને આવે છે. પરંતુ એ શક્તિનું મૂળ રૂપ તો પરમ અતિમાનસ પ્રકારનું છે. એમાં રહેલી આ અતિમાનસ શક્તિને અને સત્યને આપણે કોઈ રીતે શોધી લેવાનાં છે. આપણા જીવનનું પ્રદાન બળ આપણે હવે પ્રકૃતિની નિમ્ન દશાની પ્રાણમય પ્રેરણામાંથી મેળવવાનું નથી. એ પ્રાણમય પ્રેરણા તો આપણા જીવનમાં બરાબર સિદ્ધ થઈ ગયેલી છે. એના આક્રમણને વળગી રહીશું તો એ તો આપણા અહંકારની આસપાસનાં એનાં પુરાણાં ચક્કરોમાં જ સદાની માફક આપણને ફેરવ્યા કરશે. એટલે એ પ્રાણમય પ્રેરણાને સ્થાને આપણે આધ્યાત્મિક શક્તિની સ્થાપના કરવાની છે. આ આધ્યાત્મિક શક્તિ વિષે આપણે કદી કદી સાંભળીએ છીએ, બોલીએ છીએ, પરંતુ તેનું અંતરતમ તત્ત્વ હજી આપણને અજ્ઞાત જ રહેલું છે. એ શક્તિ હજી તો આપણી અંદરનાં ઊંડાણોમાં જ બેઠેલી છે. આપણા અહંકારમાંથી આપણે બહાર નીકળીએ, આપણા સાચા વ્યક્તિત્વનું આપણે જ્ઞાન મેળવીએ એની રાહ તે જોઈ રહેલી છે. આપણું સાચું વ્યક્તિત્વ તો એક વિશ્વરૂપ તત્ત્વનું બનેલું છે. અને આ વિશ્વરૂપતામાં પહોંચતાં આપણે જગતનાં પ્રાણી માત્ર સાથે એકરૂપ થઈ શકીશું. એટલે આપણે કરવાનું એ

છે કે આપણા જીવન-સંકલ્પને તથા જીવન-શક્તિને આપણા પ્રાણમય સ્વરૂપ-માંથી હઠાવીને આપણા આત્મ-સ્વરૂપમાં મૂકી આપીએ, પ્રાણના કરણાત્મક સત્યમાંથી નીકળી આત્માના આપણા મૂળ સત્યમાં પહોંચીએ, આત્માની એ ઉચ્ચ ભૂમિકા સુધી આપણું પ્રાણસ્વરૂપ આપણે ઊંચું લઈ જઈએ. આપણી પ્રકૃતિ આ ગૂઢ તત્ત્વને પામવાને માટે પ્રયત્ન કરી રહેલી છે. અત્યાર સુધીમાં આપણે પ્રાણમાંના સંકલ્પને તથા શક્તિને મનની ભૂમિકા સુધી જ પહોંચાડવાનો અર્ધોપર્ધો સફળ પ્રયત્ન કરેલો છે. મનોમય ચેતના મેળવવી, વિચારની શક્તિને આધારે જ જીવન ગાળવું, એ જ આપણો અત્યાર સુધીનો ભારેમાં ભારે, ઉચ્ચમાં ઉચ્ચ પુરુષાર્થ રહેલો છે. પરંતુ આપણામાં રહેતો મનોમય વિચાર એ તો હમેશાં એક વચલા ગાળાની વસ્તુ, કરણ રૂપ વસ્તુ જ રહેલી છે. પોતાના કાર્ય માટેની ભૂમિકા મેળવવા માટે તેણે હમેશાં કોઈ અન્ય વસ્તુનો જ આશ્રય લેવો પડે છે, અને તેથી અમુક વખત સુધી તે પોતાની અલગ તૃપ્તિ માટે પ્રયત્ન કરી શકે છે છતાં તેટલા માત્રથી તે તૃપ્ત થઈને હમેશાં બેસી રહી શકે તેમ નથી. એટલે કાં તો તેણે પ્રાણ કે શરીરના જીવન તરફ બાહ્ય દિશામાં અને નીચેની દિશામાં ખેંચવાનું રહે છે અથવા તો આત્માની ભૂમિકા પ્રત્યે આંતર દિશામાં અને ઉપરની દિશામાં ઊર્ધ્વ ગતિ કરવાની રહે છે.

આપણા તત્ત્વવિચારમાં, કળામાં, આચરણમાં, જીવનમાં આપણે હમેશાં બે પ્રકારની વૃત્તિઓ વચ્ચે, આદર્શ અને વ્યવહાર વચ્ચે ખેંચાતા રહીએ છીએ તેનું કારણ આ જ છે. આ બેમાંથી વ્યવહારની દૃષ્ટિ, વાસ્તવલક્ષી દૃષ્ટિ વધુ સાચી છે, વધારે નક્કર પાયા ઉપર ઊભેલી છે એમ સમજતાં આપણને સહેજ પણ મુશ્કેલી પડતી નથી. વ્યવહારુ દૃષ્ટિ ઈન્દ્રિયોને દેખાય તેવી, સિદ્ધ થઈ ગયેલી, ચોક્કસ રૂપ લીધેલી વાસ્તવિકતાનો આધાર લે છે અને તેથી એ દૃષ્ટિમાં વધારે સત્ય છે એમ આપણને લાગે છે, આદર્શવાદ આપણને આથી ઊલટો લાગે છે. આદર્શવાદની દૃષ્ટિ અવાસ્તવિક છે, તરંગમય છે, સત્ત્વરહિત, આકારરહિત વસ્તુ છે એ સમજવામાં પણ આપણને કંઈ મુશ્કેલી પડતી નથી. આદર્શ તો હમેશાં જગતમાં સિદ્ધ ન થયેલા સત્યને સાકાર કરવાનો પ્રયત્ન કરે છે, એટલે એની વસ્તુ આપણને જીવતી હકીકત રૂપ નથી દેખાતી, એ તો એક કેવળ શબ્દોની કે વિચારોની જ દુનિયા લાગે છે. અને આમ સમજવામાં અમુક હદ સુધી આપણે કદાચ સાચા પણ હોઈ શકીએ છીએ. આપણા સ્થૂલ જીવનની હકીકતોમાં આદર્શ તો બિચારો એક અજાણ્યા મુસાફર જેવો છે. એ આપણને એક નરી વાસ્તવિક વસ્તુ જ લાગે છે. એવા આદર્શે જગતમાં એક સાચી વસ્તુ તરીકે સ્વીકારવું હોય તો કાં તો તેણે આપણા બાહ્ય જીવનની અપૂર્ણતાઓ સાથે કોઈ સમાધાન સાધી લઈને જીવવાનું રહે

છે અથવા તો પોતે જે એક વિશેષ મહાન અને વિશુદ્ધ સત્યની શોધ આદરેલી છે તેને તેણે સિદ્ધ કરી લેવાનું રહે છે અને આપણી બાહ્ય પ્રવૃત્તિઓ ઉપર જડી આપવાનું રહે છે. આમ થઈ ન શકે ત્યાં સુધી એ બિચારાએ ત્રિશંકુની માફક બે દુનિયાઓની વચ્ચે અધ્ધર ઝૂલવાનું જ રહે છે. ઉપરનો ઊર્ધ્વ પ્રકાશ કે નીચેનો પાતાળ અંધકાર બેમાંથી એકે ઉપર તેનો વિજયધ્વજ હજી ફરકેલો નથી. જીવનની હકીકતો સાથે સમાધાન કરી લઈ તેની પરાધીનતા સ્વીકારી લેવી એ બહુ સહેલું છે, આધ્યાત્મિક સત્યને શોધી કાઢવું અને તે અનુસાર આપણા વ્યવહારુ જીવનનું રૂપાંતર કરવું એ મહા કઠણ છે. પરંતુ માણસે જો પોતાનું સાચું સ્વરૂપ જાણવું હશે અને સિદ્ધ કરવું હશે તો તેણે આ કઠિન વસ્તુ જ કરવાની રહે છે. આપણે આદર્શનું સેવન કરીએ એ ખરેખર માનવ તરીકેનું આપણું ઉત્તમમાં ઉત્તમ કાર્ય છે. પરંતુ એ આદર્શ મનોમય રીતના હોય છે ત્યાં સુધી તેમાં કશી અસરકારકતા આવતી નથી. એ અસરકારકતા મેળવવા માટે તો આપણા આદર્શે એક આધ્યાત્મિક વાસ્તવવાદનું રૂપ લેવું પડશે. એ આધ્યાત્મિક વાસ્તવવાદ આત્માના ઊર્ધ્વ સત્યને બરાબર પકડી લઈ આવશે અને આપણી આ ઇન્દ્રિયોની, પ્રાણ અને શરીરની પ્રકૃતિની બનેલી નીચલી વાસ્તવિકતાને ઉપાડીને તે ઊર્ધ્વ સત્યના હાથમાં મૂકી આપશે.

આમ આપણા જીવન-સંકલ્પને અને જીવન-શક્તિને આપણે ઊર્ધ્વમાં મૂકી આપવાનાં છે. આપણી પૂર્ણતા સિદ્ધ કરવાનું સાધન આ જ છે. અને એ સાધનનો—આપણા જીવન-સંકલ્પ અને જીવનશક્તિના ઊર્ધ્વ ઉત્થાપનનો જ આપણે સદા આશ્રય લેવાનો છે. આ જીવન-સંકલ્પે, આ જીવન-શક્તિએ હવે એ પસંદ કરી લેવાનું રહે છે કે તે આપણા પ્રાણમય અંશના કાબૂમાં રહેવા માગે છે કે આત્માની આણ સ્વીકારવા માગે છે. પ્રકૃતિ પોતે પ્રાણના વર્તુળની અંદર પુરાઈ રહી શકે છે, ત્યાં એક જાતની પૂર્ણતા રચી શકે છે, પરંતુ એ પૂર્ણતા એક અટકી પડેલા વિકાસની પૂર્ણતા છે, પોતાની મર્યાદામાં સંતુષ્ટ રહેતા વિકાસની પૂર્ણતા છે. વનસ્પતિમાં અને પ્રાણીમાં કુદરત આ સ્થિતિ નભાવી લઈ શકે છે, કારણ કે ત્યાં શરીર અને પ્રાણ એ કુદરતના હાથમાં એક કરણ રૂપ છે તેમ જ તેનાં લક્ષ્ય રૂપે પણ છે, અહીં પ્રાણ અને શરીરને કુદરત તેમને પોતાને ખાતર જ ટકાવી રાખવા માગે છે. આ પ્રાણ અને શરીર પોતાથી આગળ ક્યાંય દૃષ્ટિ દોડાવતાં નથી, તેઓ સ્વ-પર્યાપ્ત, સ્વ-સંતુષ્ટ છે. પરંતુ માનવમાં આવીને કુદરત આમ કરી શકતી નથી. કારણ અહીં તો તે શરીર અને પ્રાણનો પાયો મૂકીને ક્યાંય આગળ વધી ગયેલી છે. માનવમાં કુદરતે મનને વિકસાવેલું છે, આ મન તે પ્રાણનો પોતાનો જ, આત્માના પ્રકાશની દિશા તરફ જવા માટેનો ઊર્ધ્વ વિકાસ છે. પ્રાણ અને

શરીર અહીં હવે લક્ષ્ય રૂપે ન રહેતાં કરણ રૂપ બની ગયાં છે. અને તેથી શરીરના જીવનના અંધાર ચક્રમાં જ માનવ અટવાયા કરે તેમાં તેની પૂર્ણતા રહેલી નથી, તેમ જ આથી આગળ વધી તે મનના સહેજ વિશાળ વર્તુળમાં આંટા માર્યા કરે તેમાં પણ માનવની પૂર્ણતા નથી. કારણ કે પ્રાણ અને શરીરની માફક મન પણ એક કરણ જ છે. એ પણ પોતાથી ઉપર આવેલી કોઈ એક વસ્તુ પ્રત્યે ગતિ કરી રહેલું છે. બેશક, એ કોઈક વસ્તુની શક્તિ અત્યારે પણ માનવમાં કામ તો કરી રહેલી જ છે, પરંતુ એ વસ્તુનું બૃહત્ સત્ય હજી મનની વર્તમાન બુદ્ધિને માટે બહુ ઉપરની વસ્તુ છે, એક અતિચૈતન્યનું, અતિમાનસનું સત્ય છે. આમ માનવ આ નિત્યપૂર્ણ એવા આત્માનો પોતામાં આવિર્ભાવ કરે એમાં જ તેની પૂર્ણતા સમાયેલી છે.

વનસ્પતિમાં અને પ્રાણી જીવનમાં પણ એક પ્રકારની પૂર્ણતા તો છે જ. પણ એ એક નિમ્ન કોટિની પૂર્ણતા છે. અહીં કુદરતમાં પ્રત્યેક પ્રાણી પોતામાં આવી રહેલા પ્રાણ-સત્યને સહજ ભાવે, આપોઆપ અને અજ્ઞાન રીતે અનુસરે છે, અને એમાંથી આ પૂર્ણતા પ્રગટતી હોય છે. આધ્યાત્મિક જીવનની પૂર્ણતા એ પ્રાણી જીવનની પૂર્ણતા કરતાં જુદા પ્રકારની, એક ઉચ્ચતર કોટિની પૂર્ણતા છે. માનવ જ્યારે પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરે છે, પોતાની સાચી પ્રકૃતિ મેળવી લે છે ત્યારે તેને પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. એ સાક્ષાત્કારના સત્યને આધ્યાત્મિક બનેલો માનવ સહજ રીતે જ અનુસરવા લાગે છે અને એમાંથી તેની પૂર્ણતા સરજાય છે. આધ્યાત્મિક માનવના વ્યવહારમાં રહેલી આ સહજતા તે પ્રાણીના જેવી સહજવૃત્તિમાંથી આવતી સહજતા નહિ હોય, અવચેતન રૂપની નહિ હોય. એ સહજતા તેની અંતઃપ્રેરણામાંથી આવતી હશે, તે પૂરેપૂરી અને સમગ્ર રીતે સજ્ઞાન રીતની હશે. માનવ અહીં હવે આધ્યાત્મિક પ્રકાશના સહજતત્ત્વને આનંદપૂર્વક અનુસરવા લાગશે. એક સુગઠિત અને સમગ્ર એવા ઉચ્ચમાં ઉચ્ચ સત્યની શક્તિને, એક પરમ વિશાળ સૌન્દર્યની, શુભની, આનંદ, પ્રેમ અને એકત્વની શક્તિને તે આનંદપૂર્વક વશ થઈ રહેશે. અને આ રીતે જીવનમાં કામ કરતી આ શક્તિ, જીવનમાં સર્વત્ર બને છે તે મુજબ, વૃદ્ધિ, સમૃદ્ધિ અને આનંદ માટે પ્રવૃત્ત થતી રહેશે. પરંતુ આ વૃદ્ધિ તે એક દિવ્ય પ્રકારનો આવિર્ભાવ હશે, આ સમૃદ્ધિ અને આનંદ આધ્યાત્મિક પ્રકારનાં હશે, પદાર્થોમાં રહેલા આત્મતત્ત્વનાં હશે. આ આધ્યાત્મિક આનંદ આપણા જીવનમાંના મનોમય, પ્રાણમય અને શારીરિક સંકેતોનો ઉપયોગ તો કરશે, પરંતુ તેમને આધારે જ તે બંધાયેલો નહિ રહેશે. અને તેથી આ પૂર્ણતા તે કાંઈ અટકી પડેલા વિકાસની મર્યાદિત રૂપની પૂર્ણતા નહિ હોય. એકનાં એક રૂપોનું અને એકની એક ક્રિયાઓનું ફરી ફરીને

પુનરાવર્તન કરવા ઉપર એનો આધાર નહિ રહે. એ પ્રચલિત રૂપો કે ક્રિયાઓને પડતાં મૂકી નવાં રૂપો, નવી ક્રિયાઓમાં ગતિ કરી શકશે, અને તેમાં તેને કશી આપત્તિ કે મુસીબત નહિ પડે. આ હવે એક અમર્યાદિત, નિઃસીમ પ્રકારની પૂર્ણતા હશે. એનાં રૂપોમાં અનંત પ્રકારની વિવિધતા સાધી શકાશે. આત્માની ગતિઓ અગણિત અને અનંત હોઈ તેનાં રૂપો પણ એવાં જ અગણિત અને અનંત હોઈ શકે છે. પરંતુ એ સર્વ વિવિધતાઓમાં પણ તે પૂર્ણતા તો બરોબર એની એ જ રહેશે. તે એકરૂપ હશે અને છતાં અનેકાનેક રીતે અનંતરૂપ હશે.

આ રીતની આધ્યાત્મિક પૂર્ણતા મનોમય વિચાર દ્વારા પ્રાપ્ત નહિ થઈ શકે. મન સામાન્ય જીવન સાથે જે રીતે કામ લે છે તે જ રીતે આત્મતત્ત્વ સાથે કામ લઈને આ પૂર્ણતામાં નહિ પહોંચી શકશે. સામન્ય રીતે એવું બને છે કે માણસ આત્મતત્ત્વમાંના કેન્દ્રસ્થ સંકલ્પને પોતાના મનમાંના વિચાર વડે ઝડપી લે છે અને પછી એ ઊર્ધ્વ શક્તિ પાસે પોતાની બુદ્ધિના ખ્યાલો મુજબ સભાન રીતે નવાં પ્રસ્થાન કરાવવા, નવી કાર્યપદ્ધતિ અજમાવવા કોશિશ કરે છે પરંતુ માનવના મનમાંનો આ વિચાર તો બિચારો એક બહુ જ નાનકડી મર્યાદિત વસ્તુ છે. એનામાં નથી પ્રકાશ, નથી શક્તિ. આધ્યાત્મિક પૂર્ણતાના સર્જનનો મહા ચમત્કાર એનાથી થઈ શકવાનો નથી. આ આત્મતત્ત્વને વળી આપણે કોઈ ચોક્કસ મનોમય વિચાર સાથે યા તો સાંપ્રદાયિક ધર્મભાવના સાથે પણ જોડી દેવાનો પ્રયત્ન કરીએ, કોઈ બૌદ્ધિક સત્ય સાથે, કોઈ કલાત્મક ધોરણ સાથે, નૈતિક નિયમાવલિ સાથે કે વ્યવહારુ જીવ સાથે, પ્રાણ અને શરીરની જીવન-રીતિ સાથે, કે ધર્મ અને વિધિનિષેધોની અમુક યોજના સાથે સાંકળી લેવા માગીએ છીએ અને એથી ભિન્ન પ્રકારના કોઈ પણ વ્યવહારને આપણે એક મહા વિપત્તિ રૂપ, સ્ખલન રૂપ, આધ્યાત્મિક જીવનના ત્યાગ રૂપ ગણીએ છીએ. પરંતુ આ રીતે પણ આ આધ્યાત્મિક પૂર્ણતામાં આપણે પહોંચી શકવાના નથી. એશિયાની પ્રજાઓએ આ પ્રમાણેની જ ભૂલ કરેલી છે, અને એ પ્રજાઓનો વિકાસ અટકી ગયો, તેમનું અધઃપતન થયું તેનું આ જ કારણ છે. મન દ્વારા આત્માનું સંચાલન કરવા પ્રયત્ન કરવો એ તો એક ઊર્ધ્વ તત્ત્વને એક નીચેના તત્ત્વ તાબામાં મૂકી દેવા જેવું છે, વિશ્વમાં નિજ-રૂપનો આવિર્ભાવ કરી રહેલા આત્મતત્ત્વને મન અને પ્રાણની પ્રકૃતિ સાથેના એક કામચલાઉ અને અપૂર્ણ સમાધાનમાં પૂરી રાખવા જેવું છે અને તેથી જ આત્મા એક દિવસે મન અને પ્રાણનાં રૂપોને ભેદી, તોડીફોડીને બહાર નીકળી આવે છે, ત્યાંથી ઊડતો ઊડતો જ્ઞાન અને પ્રકાશથી ઝળહળતાં આકાશી શિખરો ઉપર પહોંચી જાય છે, અને એ પ્રકાશ અને અગ્નિના ધામમાંથી મન પ્રાણના જગત ઉપર પાછો

નીચે ઊતરે છે અને તેમને પોતાના સ્વરૂપમાં એક નવું રૂપ આપે છે, તેમનું રૂપાંતર સાધે છે. માનવનો આત્મા આમ જ્યારે ઊર્ધ્વમાં પહોંચી ત્યાંથી પાછો નીચેની પ્રકૃતિ ઉપર પૂર્ણ પ્રકાશ સાથે અવતરશે ત્યારે જ માનવને સાચી સ્વતંત્રતા મળશે, સાચી પૂર્ણતા મળશે.

આ રીતે આપણે જોયું કે મન અને બુદ્ધિ તે આપણા જીવનની મુખ્ય ચાવી રૂપ શકિત નથી. માનવનું મન અને બુદ્ધિ અર્ધસત્યો અને અનિશ્ચિત વસ્તુઓનું માત્ર એક કૂંડાળું જ રચી શકે છે, અને એ સાવ અસંતોષકારક વર્તુળમાં જ તે ચક્કર લગાવ્યા કરે છે. પરંતુ આ મન અને પ્રાણની અંદર, આપણા બૌદ્ધિક, કલાત્મક નૈતિક સ્વરૂપની અંદર, આપણી ઊર્મિઓ, પ્રાણ અને શરીરની અંદર એક મહાશકિત ગુપ્તપણે નિવાસ કરી રહેલી છે. એ શકિત તાદાત્મ્ય દ્વારા તેમ જ સહજજ્ઞાનની રીતે જોઈ શકે છે, અને પોતાના દર્શન-માંથી માનવની બુદ્ધિ, નીતિ ઈ. જેટલું કાંઈ ધારણ કરી શકે તેટલું સત્ય તેમને મોકલી આપે છે, તેઓ ધારણ કરી શકે તેટલી સુનિશ્ચિતતા અને સ્થિ-રતા તેમને આપે છે. આપણે હમણાં હમણાં આ તત્ત્વની એક આછી ઝાંખી થવા લાગી છે. આપણને દેખાવા લાગ્યું છે કે આપણા તમામ વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનની પાછળ, આપણી સર્વ અન્ય પ્રવૃત્તિઓની પાછળ કોઈ એક મહા ગુપ્ત તત્ત્વ આવી રહેલું છે. પરંતુ આ શકિત હજી પોતાને ખાતર પ્રવૃત્ત થતી નથી. એને મન અને શરીરને અર્થે જ કામ કરવું પડે છે. એ પોતાના સ્વયંભૂ પ્રકાશ મુજબ કામ કરતી નથી, પરંતુ મન અને શરીરનાં રૂપોની અંદર રહીને તેણે કામ કરવાનું રહે છે. અને આમ થતું રહેશે ત્યાં સુધી આપણને આ આત્મતત્ત્વના લાધેલા જ્ઞાનનો બહુ ઝાઝો ઉપયોગ આપણે કરી શકીશું નહિ, આપણી અંદર આવેલા આ આંતર દેવતાનો શુદ્ધ લાભ પામી શકીશું નહિ. માણસે એક દિવસ હિંમત કરીને કહેવું પડશે કે તેણે પોતામાં આજ લગી જે કાંઈ વિકાસ સાધ્યો છે તેનાથી હવે તેનું કામ ચાલી શકે તેમ નથી. અને આ વિકાસમાં તેની બુદ્ધિને પણ આપણે ગણી લેવી પડશે. બેશક, એ બુદ્ધિ માટે માનવ જે ગર્વ લે છે તે એક સાચો ગર્વ છે અને સાથે સાથે મિથ્યા ગર્વ પણ છે. એ બુદ્ધિથી પણ તેણે આગળ વધવાનું છે, અને પોતામાં રહેલા બૃહત્ પ્રકાશને તેણે ખુલ્લો કરવાનો છે, શોધી કાઢવાનો છે, મુકત કરવાનો છે. આ આત્મતત્ત્વની સાધનાને જ તેણે જીવનની પ્રધાન વ્યાપક પ્રવૃત્તિ કરી લેવાની છે. આમ જ્યારે થશે ત્યારે જ માનવ માટે આધ્યાત્મિક પરમ માનવતામાં પહોંચવાનો માર્ગ ખુલ્લો થશે. એ માર્ગ ખૂલી ગયા પછી માનવનું તત્ત્વજ્ઞાન, તેની કળા, તેનું વિજ્ઞાન, નીતિશાસ્ત્ર, સામાજિક જીવન, પ્રાણની પ્રવૃત્તિઓ હવે કેવળ મન અને પ્રાણની પ્રવૃત્તિ જ નહિ રહે, એ બધું

પોતપોતાને ખાતર, એકના એક જ વર્તુળમાં ચાલ્યા નહિ કરે. આ બધી પ્રવૃત્તિઓ હવે મન અને પ્રાણની પાછળ રહેલા મહાન સત્યને શોધી લેવાના સાધન રૂપ બની રહેશે, એ મહા સત્યની શક્તિને અહીં આપણા માનવ જીવનમાં નીચે લઈ આવવાના સાધન રૂપ બની રહેશે. આમ થશે ત્યારે આપણે આપણા સ્વરૂપમાં પહોંચવાના સાચા માર્ગ ઉપર પગલાં ભરવા લાગીશું, પૂર્ણતા માટેનો આપણો સાચો નિયમ પામી શકીશું, અને આપણા સાચા સ્વરૂપમાં અને આપણી દિવ્ય પ્રકૃતિમાં આપણું સાચું અને સંતોષપૂર્ણ જીવન ગાળવા લાગીશું.

આધ્યાત્મિક યુગના આગમન માટેની શરતો

આ પછી ત્યારે જીવનનું એક આધ્યાત્મિક પરિવર્તન માગીએ છીએ. માનવ અત્યારે પોતાના જીવનની રચના મનોમય તથા પ્રાણમય રીતે કરી રહેલો છે તેને સ્થાને હવે આધ્યાત્મિક રીતે આખું જીવન રચાવું જોઈએ. આ વસ્તુ કેવી રીતે બની શકે તે હવે વિચારવાનું છે. આ પરિવર્તન આખીયે માનવ સમષ્ટિમાં સંપૂર્ણપણે સિદ્ધ થઈ શકે તે પૂર્વે તે વ્યક્તિની અંદર તથા અનેક વ્યક્તિઓમાં સિદ્ધ થવાની જરૂર રહે છે. માનવતામાં રહેલું આત્મતત્ત્વ પોતાનો જે આવિષ્કાર કરે છે, પોતે આકાર લે છે તથા વિકાસ કરે છે એ આખી ક્રિયા તે વ્યક્તિરૂપ માનવની અંદર જ આવીને કરે છે. આ આત્મતત્ત્વ માનવજાતિના મન આગળ જ્યારે પોતાના એક નવા આત્મસર્જનની વાત રજૂ કરે છે, તે માટે એક તક ઊભી કરી આપે છે ત્યારે તે કાર્ય તે વ્યક્તિ દ્વારા જ—પ્રગતિ કરતી, નવા ઘાટ ધારણ કરતી વ્યક્તિ દ્વારા જ સાધે છે. હા, માનવજાતિના સામુદાયિક ચિત્તમાં પણ અમુક વસ્તુઓ તો હોય છે જ, પણ ત્યાં તે અવચેતન રૂપે પડેલી હોય છે. અને તે ત્યાં જો સચેતન રૂપની હોય છે તોપણ તે બહુ જ અવ્યવસ્થિત અને અતંત્ર અવસ્થામાં પડેલી હોય છે. માનવજાતિને પોતાના અવચેતનમાં પડી રહેલી આ વસ્તુઓનું સ્પષ્ટ જ્ઞાન થાય છે, તથા તેનું તે જીવનમાં સર્જન કરે છે તે વ્યક્તિના મનને માર્ગે જ માત્ર શક્ય બને છે. અમુક વિચારકો, ઈતિહાસલેખકો, સમાજશાસ્ત્રીઓ વ્યક્તિને એકદમ ગૌણ કરી નાખીને તેને સમુદાયની અંદર, સમષ્ટિમાં ઓગાળી નાખવા માગે છે, અથવા તો તેઓ એમ જ માને છે કે વ્યક્તિ તે આખી માનવતાના દેહનો ફક્ત એક કોષ છે, સમષ્ટિનો એક માત્ર અણુ જ છે. પરંતુ આ લોકોને માનવતામાં કામ કરવાની પ્રકૃતિની પદ્ધતિના સત્યની એક અલ્પ પ્રકાશિત બાજુનું જ દર્શન થયેલું છે. માનવ તે પ્રકૃતિનાં અન્ય જડ સર્જનો જેવું યા તો પશુ જેવું સર્જન નથી. માનવમાં પ્રકૃતિ તેનાં બીજાં સર્જનો કરતાં

એક વધુ ને વધુ સજ્ઞાન રીતનો વિકાસ નિપજાવવા માગે છે. અને તેથી જ માનવની અંદર વ્યકિતત્વનો આટલો બધો વિકાસ થયેલો છે. માનવને માટે પોતાનું વ્યકિતત્વ એક પરમ મહત્ત્વની, અનિવાર્ય વસ્તુ છે. બેશક, જગતમાં જે વસ્તુ પ્રથમ વ્યકિતમાં પ્રગટ થઈને પછી સારાયે માનવ સમૂહને ગતિમાં પ્રેરે છે તે વિશ્વરૂપ માનસમાં તો પહેલેથી જ વિદ્યમાન હોય છે. વ્યકિત તો એ વસ્તુને આવિર્ભાવ આપવા માટેનું, તેની શોધ મેળવવા માટેનું, તેનો વિકાસ કરવા માટેનું એક કરણ જ છે. પરંતુ આ કરણ એવું છે કે જેના વિના પ્રકૃતિ કદી ચલાવી શકે તેમ નથી. વળી વ્યકિત તે માત્ર અવચેતન પ્રકૃતિનું, તેમ જ આખા સમુદાયને પ્રેરતી કોઈ સાહજિક પ્રેરણાનું જ માત્ર કરણ નથી. આ પ્રકૃતિ, માનવનાં સર્વ સર્જનોનું વિધાન કરનાર આ શકિત પણ જેનું કરણ રહેલી છે એવા આત્મ-તત્ત્વનું કરણ માનવ છે, અને તે પણ એક વધારે સીધી રીતનું કરણ છે. આમ હોવાને લીધે જ જગતમાં જે જે મહા ફેરફારો બને છે તે બધા પ્રથમ તો કોઈ એક વ્યકિતના અથવા અમુક જ વ્યકિતઓના મન તથા આત્મામાં જ પ્રથમ સાકાર બને છે, ત્યાં તે સ્પષ્ટ અને અસરકારક એવી શકિત ધારણ કરે છે, જગતને ઘાટ આપવાની સીધી શકિત મેળવે છે. આમ વ્યકિતમાં તત્ત્વ સાકાર થાય તે પછી તેને સમૂહ અનુસરે છે. આમાં કમનસીબી માત્ર એ છે કે વ્યકિતને મળેલા દર્શનનું અનુસરણ માનવસમૂહ બહુ જ અપૂર્ણ રીતે કરે છે. એ અનુસરણ કઢંગું હોય છે, અવ્યવસ્થિત હોય છે. અને છેવટે જ્યાં વ્યકિતમાં સર્જાયેલી એ વસ્તુ સામાન્ય રીતે નિષ્ફળ જ થઈ જાય છે યા તો વિકૃત બની જાય છે. આવું ન બનતું હોય તો માનવજાતિ પોતાના વિકાસપંથે ક્યારનીયે ખૂબ ખૂબ આગળ વધી ગઈ હોત, તેની ફતેહનો ડંકો વાગી ગયો હોત. પણ જગતમાં હજી એ ઘટના બની નથી. આજ લગી માનવજાતિ પડતી—આખડતી ચાલી રહી છે, એણે જો કદી ઝડપ કરી દોટ મૂકી છે તો તેમાં પાછી થોડી જ વારમાં તે થાકીને અટકી પડી છે. માનવજાતિ અત્યાર સુધી તો આવી જ પ્રગતિ કરવાની શકિત બતાવી શકી છે.

એટલે આપણે જે પરિવર્તન વિચારી રહ્યા છીએ તેને સિદ્ધ થવા માટે જગતમાં એક સાથે બે વસ્તુઓ સિદ્ધ થવાની, બે શરતો પૂરી પડવાની જરૂર રહે છે. અને એ ઘટના બહુ દુર્ઘટ લાગે છે. આ બે શરતોમાંની પહેલી શરત એ છે કે જગતમાં એવી એક વ્યકિત કે વધુ વ્યકિતઓ ઊભી થવી જોઈશે કે જેમને પોતે આત્મસ્વરૂપ છે એ રીતનું જ્ઞાન થઈ ગયેલું હોય. આ વ્યકિત કે વ્યકિતઓએ એ આત્મસ્વરૂપમાં પોતાનો વિકાસ સાધ્યો હશે, એ રૂપમાં તેમણે પોતાનું નવસર્જન કરી લીધેલું હશે, અને પોતે આ સિદ્ધિ મેળવ્યા પછી પોતાનું આ દર્શન તથા તેમાં રહેલી શકિત માનવ સમુદાયને આપી શકે તેવા સમર્થ હશે.

આમ એક બાજુએ જગતમાં આવા સિદ્ધપુરુષો થવા જોઈએ તો બીજી બાજુ આ સિદ્ધ વ્યકિત કે વ્યકિતઓના દર્શનને ઝીલી શકે, તેને બરાબર પચાવી શકે, તેનું અનુસરણ કરી તેને સિદ્ધ કરવા સુધીનો પુરુષાર્થ ખેડવા તૈયાર હોય તેવો એક માનવ સમુદાય, એક સમાજ, એક સમૂહ-માનસ હોવું જોઈશે. અથવા કાંઈ નહિ તો સમૂહજીવન રચી શકે તેવી થોડીએક વ્યકિતઓ તો જગતમાં હોવી જ જોઈશે, સમૂહ-આત્મા રચાવાની એક શકયતા તો હોવી જ જોઈશે. આવો સમુદાય, આવી વ્યકિતઓ પોતામાં રહેલી સ્વાભાવિક અપૂર્ણતાઓને કારણે યા તો પૂરતી તૈયારીના અભાવે રસ્તામાં જ અટકી નહિ પડે, યા તો પોતે છેવટનું પરિવર્તન પામી શકે તે પહેલાં જ તે પાછાં પગલાં કરવા નહિ લાગે. હજી સુધી આવી બેવડી પરિસ્થિતિ જગતમાં કદી એકીસાથે બની આવેલી નથી, જોકે તાત્કાલિક ઉત્સાહને કારણે, આવી પરિસ્થિતિ ઊભી થઈ ગયેલી હોવાનો આભાસ કદી કદી બનેલો છે ખરો. બેશક, એ વાત તો નિઃસંશય છે કે એક દિવસ તો આ બંને પ્રકારની પરિસ્થિતિ જગતમાં એકીસાથે રચાશે જ. પરંતુ એ સિદ્ધિ માટેની જમીન તૈયાર થાય તે પહેલાં માનવજાતિએ તે માટે કેટલાયે પ્રયત્નો કરવા પડશે, સામુદાયિક માનવના અવચેતન માનસમાં આધ્યાત્મિક અનુભૂતિના કેટલાય થર એક પછી એક જામવા દેવા પડશે. આમ માનવજાતિ માટે આ એક મહા કષ્ટસાધ્ય આરોહણ છે. આ સાધનાની અસર તો આપણી પ્રકૃતિનાં છેક મૂળ સુધી પહોંચી જનારી છે. અને તેથી જ આવા મહા પુરુષાર્થમાં માનવજાતિને માટે સફળતાના સંભવો કરતાં નિષ્ફળતાની અનેકવિધ શકયતાઓ વિશેષ રહે છે. એવું બને છે કે આવી મહા પ્રવૃત્તિનો આરંભ કરનાર વ્યકિત પોતે જ અપૂર્ણ હોય છે, પોતાને લાધેલું દર્શન પોતાની ચેતનામાં સિદ્ધ થાય ત્યાં સુધી તેણે રાહ જોયેલી નથી હોતી. વળી જે થોડીએક વ્યકિતઓ આવી પ્રવૃત્તિના નેતાપદે હોય છે તેમણે પણ આ દર્શન સંપૂર્ણ પચાવેલું નથી હોતું, પોતામાં એ તત્ત્વને આકાર લેવા દીધેલો નથી હોતો. અને આવા નેતાઓ પછી જ્યારે પોતાના અનેકાનેક ભાવિ અનુયાયીઓને પોતાની આધ્યાત્મિકતા સોંપી જાય છે ત્યારે તેમાંના આત્મતત્ત્વની શકિત કેટલીયે ક્ષીણ થઈ ગયેલી હોય છે. વળી એમ પણ બને છે કે સમાજ પોતે પણ આધ્યાત્મિક જીવન માટે તૈયાર નથી હોતો. સમાજની બુદ્ધિ, તેનો પ્રાણ, પ્રકૃતિ, નૈતિક અવસ્થા આધ્યાત્મિકતાને ઝીલી શકે તેવાં પકવ થયેલાં હોતાં નથી. અને આવી અપકવ દશામાં સમાજ જો આધ્યાત્મિક આદર્શનો પૂરેપૂરો સ્વીકાર કરવા તૈયાર થઈ જાય છે તો પરિણામે આદર્શ પોતે જ હલકો પડવા માંડે છે, એ આદર્શમાં વિકૃતિ આવવા લાગે છે, અને છેવટે એમાંનું આત્મતત્ત્વ કાં તો વિદાય થઈ જાય છે યા તો ક્ષીણ થઈ જાય છે. આમ સમાજની અપૂર્ણ તૈયારીમાંથી આવું કોઈ

પણ પરિણામ અથવા તો આ બધાંયે પરિણામો આવી શકે છે. અને એ બધાનો નિષ્કર્ષ એ થાય છે કે, ભૂતકાળમાં ઘણી વાર બન્યું છે તેમ, માનવજાતિએ આ દિશામાં થોડીઘણી પ્રગતિ કરી હોય, તેનામાં કંઈક મહત્ત્વનું પરિવર્તન પણ સધાયું હોય છતાં એ પરિવર્તન નિશ્ચયાત્મક પ્રકારનું હોતું નથી. માનવજાતિ આવું એક છેવટનું નિશ્ચયાત્મક પરિવર્તન સાધશે ત્યારે જ તે દિવ્યતામાં નવસર્જન પામી શકશે.

તો આપણે હવે એ જોઈએ કે આવું પરિવર્તન સાધવા માટે સમાજે કઈ અવસ્થામાં પહોંચવું જોઈએ, માનવના સામાન્ય મને કેટલી તૈયારી કરવી જોઈએ. આ આપણે જાણી લઈએ તો પછી સમાજમાં કે વ્યક્તિમાં એ વસ્તુ એકદમ સિદ્ધ ન થઈ શકી હોય તોપણ એ પરિવર્તન માટે અત્યાર સુધી થઈ શકેલી તૈયારી કરતાં વધુ પાકી તૈયારી કરી શકાય. આ આધ્યાત્મિક સર્જન માટેની તૈયારી એ જ માનવના વિકાસમાં સૌથી મોટું તત્ત્વ છે. માનવનું સામાન્ય મન અથવા તો સમાજ આવા પરિવર્તન માટે તૈયાર નથી હોતો, સુપાત્ર નથી હોતો એ જ તેના વિકાસમાં મોટામાં મોટું વિઘ્ન હોય છે, એટલે સૌથી પહેલી અગત્યની વસ્તુ એ છે કે આ સામાન્ય મન તૈયાર થઈ જવું જોઈએ. આ મન જો એક વાર તૈયાર થઈ જાય તો પછી સમાજની પરિસ્થિતિ, સમાજને ચલાવનારા નિયમો સિદ્ધાંતો આધ્યાત્મિક પરિવર્તનની વિરુદ્ધમાં હશે, અથવા તો અત્યારે છે તે પ્રમાણે લગભગ આખોય માનવ સમુદાય માત્ર પ્રાણની ભૂમિકામાં રહેતો હશે, સમાજમાં માત્ર બાહ્ય રીતના, કે આર્થિક કે પછી જડવાદની રીતના સિદ્ધાંતો જ પ્રવર્તતા હશે તોપણ માનવની પ્રગતિ માટે આશા રહે છે. માનવનું સામાન્ય મન જો આ ઊર્ધ્વ ભૂમિકાના વિચારોનો સ્વીકાર કરી શકશે, માનવનું હૃદય આ વિચારોમાંથી જન્મતી અભીપ્સાઓના ધબકારથી જો ધબકતું થશે તો પછી થોડા જ સમયમાં આ દિશામાં પ્રગતિ થવા લાગશે. આવી પ્રગતિનું પહેલું લક્ષણ એ હશે કે માણસ આત્માભિમુખ બનવા લાગશે, તેનામાં આધ્યાત્મિકતાની ભાવના જાગૃત થશે. આત્મતત્ત્વ, અંતરાત્મા, તેની શક્તિઓ, શક્યતાઓ, તેનો વિકાસ, અભિવ્યક્તિ એ બધી વસ્તુઓ વિષે માનવ સભાન બનશે. આવા આધ્યાત્મિક જીવન માટે એક સત્ય અને સૌંદર્યની ભરેલી, પોતાના વિકાસને સહાયક નીવડે તેવી પરિસ્થિતિ જગતમાં રચાય એ માગણી તેનામાં જાગશે. એ જોશે કે એવી પરિસ્થિતિનું સર્જન માનવના આંતર વિકાસ માટે સૌથી પહેલી તેમ જ છેલ્લી જરૂરની વસ્તુ છે. માનવજાતિના ચિત્તમાં તેમ જ તેની સામાજિક પ્રવૃત્તિઓમાં આત્માભિમુખતાના યુગના આગમન પૂર્વેનાં ચિહ્નો આ પ્રમાણેનાં છે, અને માનવજાતિ આધ્યાત્મિક પરિવર્તન પામે તે પૂર્વે આ લક્ષણો તેનામાં પ્રગટ

થવાં જોઈએ.

આધ્યાત્મિકતા અંગેના આ બધા વિચારો પ્રથમ તો માનવજાતિના તત્ત્વજ્ઞાનમાં, માનસશાસ્ત્રમાં પ્રગટ થવાનો સંભવ રહે છે. માનવજાતિની કળાઓ, કવિતા, ચિત્ર, શિલ્પ અને સંગીતમાં તેમની અભિવ્યક્તિ થવા લાગશે, નીતિના મુખ્ય અંશો ઉપર તેમનો પ્રભાવ દેખાશે. જગતના વિચારકો સામાજિક વિષયોમાં પણ આ આધ્યાત્મિક સિદ્ધાંતોને લાગુ પાડવાનો પ્રયત્ન કરશે, જોકે એમ કરવું જરા જોખમભરેલું તો છે જ. આ વિચારો રાજકારણ અને અર્થશાસ્ત્રના પ્રદેશમાં પણ પ્રયોજાશે, જોકે એ પ્રદેશ તો ઘણી પ્રકાશવિમુખ અને જડ સામગ્રીથી ભરેલો છે, કેવલ અતિશય સ્થૂલ રીતનો ઉપયોગિતાવાદ જ એમાં તો કામ આવે છે. આ પ્રદેશો ઉપયોગિતાવાદ સિવાય બીજી હરેક પદ્ધતિનો સખત વિરોધ જ કરતા રહે છે. વળી સાયન્સ અથવા તો કાંઈ નહિ તો સંશોધનના પ્રદેશમાં અણધારેલાં નવાં પ્રસ્થાનો થવાં લાગશે. કારણ, આ ક્ષેત્રમાં જ્યારે કદી કોઈ મહા સફળ વસ્તુઓ હાથ લાગી છે ત્યારે ત્યારે એ ક્ષેત્રના રૂઢિપરસ્ત લોકો એ વસ્તુઓને વિજ્ઞાન તરીકે સ્વીકારવાનો ઇનકાર કરતા જ રહેલા છે. અને એમ આ નવીન શોધખોળો માનવજાતિની જ્ઞાનયાત્રામાં નવા જ આરંભો બનેલી છે. આવી રીતે હવે એવી એવી શોધખોળો થવા લાગશે કે જે આત્મા અને જડતત્ત્વ વચ્ચે રહેલી દીવાલોને પાતળી બનાવી દેશે. ચિત્તશાસ્ત્ર તથા અંતરાત્માના ક્ષેત્રમાં પણ ચોક્કસ જ્ઞાનનો વિસ્તાર કરવાના પ્રયત્નો થશે. એ પ્રયોગો કરનારની દૃષ્ટિ સમક્ષ એક વસ્તુ એ પણ રહેશે કે આ પ્રદેશોમાં પણ સ્થૂલ તત્ત્વના પ્રદેશ કરતાં જુદા એવા પોતાના આગવા નિયમો હોય છે. એ નિયમો ભલે બાહ્ય ઇન્દ્રિયોની પકડમાં ન આવતા હોય, તેમ જ અનેક રીતે તે મુલાયમ અને સૂક્ષ્મ હોય તોપણ તે કંઈ નિયમો તરીકે મટી જતા નથી. ધર્મના ક્ષેત્રમાં પણ એવા પ્રયત્નો થશે કે જેને લીધે એ ક્ષેત્રમાં જામી રહેલી ભૂતકાળની નિષ્પ્રાણ સામગ્રીને ફેંકી દેવામાં અને ઠેઠ આત્મતત્ત્વના મૂળમાં પહોંચી ધર્મની શક્તિને પાછી સજીવન કરવામાં આવશે. આધ્યાત્મિક દિશામાં આમ માનવજાતિ જેમ જેમ અગ્રસર થતી જશે તેમ તેમ આવી રીતનાં ચિહ્નો દેખાવા લાગશે. બેશક, એમ તો નહિ જ કહેવાય કે જગતનું ભાવિ આ રીતે જ વિકાસ પામશે, પણ આ રીતની અનેક શક્યતાઓ ઊભી થવી જ જોઈએ એટલું તો ખરું જ. આપણે એટલું તો અવશ્ય કહી શકીએ કે માનવજાતિ પોતાના વિકાસ માટે એક નવો પુરુષાર્થ કરશે. એ પુરુષાર્થની ગતિ કદાચ ઘણી વિશાળ રહેશે, એમાં એક વિશેષ સુરાજ્ય એવી બુદ્ધિ કામ કરશે, અને એ બુદ્ધિ અત્યારે જે સત્ય પોતાનો પુકાર સાંભળવા માગી રહ્યું છે તેને માત્ર અનુભવી શકે તેવી જ નહિ પણ સમજી શકે તેવી પણ હશે. આવાં કેટલાંક લક્ષણો

આપણે અત્યારે પણ જગતમાં જોઈ શકીએ છીએ. બેશક, એ બધાં હજી અલ્પ પ્રમાણમાં જ, ક્યાંક ક્યાંક જ દેખાય છે, તેમના ઉદય વિષે આપણને પાકી ખાતરી થઈ જાય તેવાં તે નથી. આ બધા બાલ-પ્રયત્નો જે તત્ત્વને માટે થઈ રહેલા છે તે માનવજાતિને પૂરેપૂરું હસ્તગત થઈ જવું જોઈશે. અને ત્યાર પછી જ તે તત્ત્વ દ્વારા માનવ જીવનની નવરચનાનું કાર્ય સફળતાપૂર્વક હાથ લઈ શકાશે. માનવજાતિ આ તત્ત્વમાં ન પહોંચે, તેને મેળવી ન લે ત્યાં સુધી તેણે માત્ર પોતાની જાતને અંદરથી તૈયાર કરતા રહેવાનું છે. અને આવી આંતરિક તૈયારી માટે તૈયાર ન હોય તેવાઓએ જીવનને બદલવાના કોઈ ને કોઈ પ્રયોગો કરતા રહેવાનું જ માત્ર રહેશે. માનવનું આખુંય જીવન સમાજ રૂપી એક વિશાળ અને કઠંગા યંત્ર હેઠળ ચગદાઈ રહેલું છે. માનવજીવનને બહારથી સુધારવા નીકળનારા લોકોના પ્રયત્નો બહુ બહુ તો આ યંત્રની નાની મોટી વિગતો પરત્વેના જ હોય છે. એ વિગતોને બદલવા માટે માણસ ભલે ગમે તેવાં ક્રાંતિકારક કે મૂલોત્પાદક આંદોલનો ઉપાડે પણ એ બધાનું પરિણામ શંકાસ્પદ જ રહેતું હોય છે.

માનવજાતિમાં આત્મભિમુખતા પ્રગટ થાય તોપણ તેટલા માત્રથી તે આધ્યાત્મિકતા પ્રાપ્ત કરી શકશે એમ માનવાનું નથી. આત્માભિમુખ વૃત્તિ જાગૃત થવી એમાં જ બધું આવી જતું નથી. આધ્યાત્મિકતા પ્રત્યેનું એ તો માત્ર પહેલું પગથિયું જ છે. આત્માભિમુખતા એ આધ્યાત્મિકતા નથી. આધ્યાત્મિકતામાં પહોંચવા માટે માનવે આ પછી પણ ઘણું કરવાનું રહે છે. આ અંતિમ સત્ય માટેની ખોજ, માનવના સાચા સ્વરૂપની ખોજ અનેક તબક્કે પૂરી થાય છે. ઉપનિષદમાં વરુણપુત્ર ભૃગુની કથામાં આવે છે તે મુજબના નૈસર્ગિક વિકાસના માર્ગે પણ માનવજાતિ સરળ ભાવે જીવનના પરમ સત્યમાં પહોંચી શકે છે. બ્રહ્મની શોધમાં નીકળેલા ભૃગુને પ્રથમ તો એમ જણાયું કે આ દેખાતી સ્થૂલ સૃષ્ટિ, જડતત્ત્વ એ જ જગતની અંતિમ વાસ્તવિકતા છે. માનવનું જે સ્થૂલ સ્વરૂપ છે, જે બાહ્ય પુરુષ છે તે જ આપણું એકમાત્ર સ્વરૂપ છે, એ જ આત્મા છે. તે પછી તેને એમ જણાયું કે, નહિ, જડતત્ત્વ નહિ પણ જગતમાં જે પ્રાણતત્ત્વ છે તે જ પરમ વાસ્તવિકતા છે. માનવનું પ્રાણમય સ્વરૂપ તે જ આપણું સાચું સ્વરૂપ, આપણો આત્મા છે. ત્રીજે પગથિયે તેને મન તથા માનવનું મનોમય સ્વરૂપ એ અંતિમ સત્ય રૂપે દેખાયું. આ બધું તેને ઉપરછલ્લી આત્માભિમુખતામાંથી દેખાયું હતું. એ પછી તે એ ઉપરછલ્લી દૃષ્ટિમાંથી નીકળી અતિમનસની ઋતચેતનાને માર્ગે, શરીર પ્રાણ અને મન જેના માત્ર બાહ્ય કોષો છે તે પરમ શાશ્વત તત્ત્વમાં, આનંદમય અને નિત્ય સર્જનશીલ વાસ્તવિકતામાં પહોંચ્યો. પણ આ

વરુણપુત્ર ભૃગુએ જે ખંતથી અને મુલાયમ રીતે પોતાની સાધના કરી તેવી રીતે માનવજાતિ પણ સાધના કરશે જ એવું ન પણ બને. એની ખોજ કોઈ પણ ભૂમિકા આગળ અટકી જઈ શકે છે. માનવજાતિના ભાગ્યમાં જો એ નિર્માયું હશે કે તેનો વિકાસ હવે સંપૂર્ણ થઈ તે પૂર્ણ સત્યને પ્રાપ્ત કરે તો જ માનવનો આત્મા સત્ય વિષેની હરેક અધૂરી માન્યતાનું ચોકઠું બંધાઈને તૈયાર થાય કે તરત જ તેને તોડીને આગળ વધતો જશે, માનવના ચિત્તને તે આગળ ને આગળ વધવાની ફરજ પાડી તેને વધુ ને વધુ વિશાળ સત્યમાં પહોંચાડતો જશે અને છેવટે તેને પરમ વિશાળ, પરમ તેજોમય સત્યમાં મૂકી આપશે. જગતમાં અત્યારે કાંઈક આવું જ બની રહેલું છે. પણ તે ક્રિયા બહુ જ બાહ્ય રીતની અને સપાટી પરની છે. લગભગ આખીયે ઓગણીસમી સદી દરમિયાન માનવજાતિ જીવન વિષેના એક સ્થૂલ બાહ્ય દર્શનમાં જ બંધાઈ રહેલી હતી. એ દર્શને માનવને બાહ્ય જીવનની એક ભીષણ બેડીમાં જકડી દીધો હતો. માનવના ઉપર બાહ્ય જીવનનો આવો અસહ્ય ભાર કદી લદાયો ન હતો. એ સ્થૂલ દર્શનમાંથી છૂટવાના પ્રયત્નો પછી શરૂ થયા. જીવનને, જીવનના વ્યવહારને એક યંત્ર રૂપે જોવાની દૃષ્ટિને બદલે જગત પાછળની જીવતી વાસ્તવિકતાને પામવાનો પ્રયત્ન આરંભાયો અને પરિણામે માનવજાતિ એક ઉપરછલ્લા પ્રાણવાદમાં પહોંચી. એ પ્રાણવાદની થોડીક શરૂઆત તો આ પૂર્વે પણ થઈ ચૂકી હતી. અને પછી થોડા જ વખતમાં આ સ્થૂલવાદ અને પ્રાણવાદ એક-બીજાની સાથે પ્રચંડ અથડાઅથડીમાં આવી ગયા. એ સંઘર્ષમાંથી વિશ્વયુદ્ધની ચિતા પ્રગટી અને તેની ભડભડતી જ્વાલાઓમાં એ બંને વાદ હોમાઈ ગયા. પ્રાણવાદની ભરતી માનવજાતિને મુક્તિમાં પહોંચાડી શકી નહિ. આ પ્રાણવાદે તો માત્ર અત્યાર સુધીમાં સરજાયેલી યંત્રસામગ્રીને જ વધારે આવેશપૂર્વક કામમાં લઈ લીધી, તેણે એક વધુ વેગપૂર્વક, વધુ તીવ્ર ભાવે જીવન માણવાનો પ્રયત્ન આદર્યો. જીવનમાં કાંઈ કરી લેવાનો, સફળ થવાનો, જીવનની શક્તિને વિસ્તારવાનો, જીવનમાં એક પ્રચંડ કાર્યક્ષમતા લાવવાનો રાક્ષસી સંકલ્પ તેણે કર્યો. આ પ્રાણવાદ હતો તે કરતાં જો ઓછો ઉપરછલ્લો, ઓછો બાહ્ય હોત, તેનામાં વધારે સાચી આત્માભિમુખતા હોત તોપણ તેથી તેના પરિણામમાં કાંઈ ફેર ન પડત. કારણ પ્રાણનો હરેક વ્યવહાર જ આ પ્રમાણેનો હોય છે. પ્રાણની ગતિ હમેશાં જીવનના ઉપભોગ તરફ વળેલી રહે છે. કર્મ કરવું, વૃદ્ધિ પામવી, પ્રાણશક્તિ વધારવી, જીવન પાછળની સાહજિક પ્રેરણા સમજવી અને સમજીને તેનો ઉપયોગ કરવો, એ પ્રેરણાને પૂરી કરવી એ જ પ્રાણની પ્રવૃત્તિ છે. બેશક, આ બધી વસ્તુઓ પોતે કંઈ ખરાબ નથી. પ્રાણની આ વૃત્તિઓને સાચી રીતે અનુસરવામાં આવે, તેનો સાચો ઉપયોગ થાય, એટલે કે તેમને માત્ર તેમના પ્રાણમય સ્વરૂપમાં

જ પુરાયેલી ન રહેવા દેતાં તેમનાથી પર રહેલી કોઈ વસ્તુ તરફ જો તેમને લઈ જવામાં આવે, અને માનવની ભીતરમાં પ્રાણ કરતાં પણ જે એક વિશેષ ઉચ્ચ તત્ત્વ છે તે દ્વારા જો તેમનું નિયમન કરવામાં આવે તો આ બધીયે વૃત્તિઓ બહુ જ ઉત્તમ કામ આપી શકે છે. આપણે એ યાદ રાખવાનું છે કે જીવન-શક્તિ એ માત્ર એક કરણ છે, માનવ જીવનનું એ લક્ષ્ય નથી. વિકાસક્રમની ઊર્ધ્વ ગતિમાં આત્માના હાથમાં આવેલું એ અંતર્મુખ એવું પહેલું મહાન અતિ-દૈહિક કરણ છે, સર્વ કર્મનો તેમ જ સર્વ સાધનાનો એ પાયો છે. પરંતુ આ જીવન-શક્તિ પાસે, પ્રાણ-શક્તિ પાસે જો પોતા કરતાં બીજી કોઈ વસ્તુનું દર્શન જ નથી હોતું, પોતાની બરાબર ગોઠવેલી માગણીઓ અને વૃત્તિઓ સિવાય તેણે બીજા કોઈની આરાધના જ કરવાની નથી હોતી તો તે થોડા જ વખતમાં એક વિના ડ્રાઈવરે એન્જિનને ચલાવતી વરાળ-શક્તિ જેવી થઈ જાય છે, અથવા તો એમ કહો કે તે એક એવું એન્જિન બની જાય છે કે જે પોતાના ડ્રાઈવરની પાસે પોતાનું ધાર્યું કરાવે છે. એ ડ્રાઈવર તેનો નિયંતા ન રહેતાં તેનો દાસ બની જાય છે. એવી પ્રાણ-શક્તિ બુદ્ધિને પોતાનો દાસ બનાવી દઈને, આ સ્થૂલ જગતનાં પ્રાકૃતિક બળોમાં એક ઘણી ઊંચાઈએ પહોંચેલા યા તો વિશાળ પાયા પર મંડાયેલા આસુરી તત્ત્વનો અદમ્ય આવેગ જ ઉમેરી આપે છે. અથવા તો તે કોઈ પાતાળના ભડભડતા રાક્ષસી તત્ત્વને પણ લઈ આવે છે. એ આવેગથી પ્રેરાઈ માણસ કોઈ અસીમ અણુથક સર્જનમાં લાગી જાય છે, પોતાની સંપત્તિને વધારવી, બીજાની સંપત્તિને પચાવી પાડવી એ જ તેની પ્રવૃત્તિ બની રહે છે. આ શક્તિનો સ્વભાવ જ એવો છે કે તે અતિશયતામાં સરી ગયા વિના રહી શકતી નથી, અને પરિણામે છેવટે જતાં તે પોતાને માટે કોઈ ઉગ્ર, પ્રચંડ, 'વિરાટ' પ્રકારનો વિનાશ નોતરે છે. કારણ કે એ શક્તિ પાસે પ્રકાશ નથી, આત્માનું સત્ય નથી, એને દેવોની સંમતિ નથી તેમ જ તેની પાસે દેવોનો શાંત અને શાશ્વત એવો સંકલ્પ તથા જ્ઞાન નથી.

પ્રાણની આ અંતર્મુખતાથી ઉપર મનની તથા અંતરાત્માની પણ અંતર્મુખતા હોવાની શક્યતા રહેલી છે. આત્માએ અત્યાર સુધીમાં જે કર્મમય જીવનનું રૂપ લીધું છે એ કર્મમય જીવનનો આધાર લઈ આ અંતર્મુખતા પોતાનું કામ કરે છે, પણ એ જીવનમાં તે સુધારો કરે છે. એ અંતર્મુખતા પ્રથમ દૃષ્ટિએ તો જાણે એક અત્યંત મનોમય પ્રકારની વ્યવહારુતા જેવી જ લાગે છે, પણ આગળ જતાં તે એક વિશેષ ઉચ્ચ દૃષ્ટિમાં પહોંચી શકે છે અને ત્યાંથી તે જુએ છે કે માનવ એ તો આત્મા છે, અને એ આત્મા વ્યક્તિ રૂપે તેમ જ સમષ્ટિ રૂપે પ્રાણ અને શરીરની અંદર, એક નિત્ય વિકસતા રહેતા મનોમય જીવન દ્વારા

વિકાસ પામી રહેલો છે. આ બૃહત્ દૃષ્ટિમાંથી માનવને સમજાશે કે માનવ જીવન-ની ઉન્નતિ માત્ર સ્થૂલ ભૌતિક રીતની કાર્યક્ષમતા સિદ્ધ કરવાથી જ નહિ થાય, અથવા તો પ્રાણ-વૃત્તિઓની તૃપ્તિ અર્થે બુદ્ધિની મદદ દ્વારા સ્થૂલ પ્રકૃતિની શક્તિઓ ઉપર કાબૂ મેળવી પોતાના પ્રાણને તથા બીજી ક્રિયા-શક્તિઓને વિવિધ સંકુલ પ્રકારે ગતિમાં મૂકવાથી પણ તે નહિ થાય. આ રીતે તો માત્ર અત્યારની જે જીવનપદ્ધતિ છે તેને જ એક વધુ તીવ્ર રૂપ આપી શકાશે, એ જીવનની મૂલ ગતિમાં કશો ફેર નહિ થાય. માનવ પોતાના જીવનની ખરી ઉન્નતિ તો મન અને અંતરાત્માની બૃહત્તામાં પહોંચીને જ મેળવી શકશે, પોતાની વિશાળ પૃષ્ઠસ્થ પ્રકૃતિને તથા તેની શક્તિઓને શોધીને તથા તેમને બાહ્ય જીવનમાં સંગઠિત રૂપે સક્રિય કરીને જ માનવ પોતાના જીવનને ઉન્નત કરી શકશે. આ ઊર્ધ્વ જ્ઞાનમાં પહોંચતાં માનવને સમજાશે કે જીવન એ તો એક એવી ઘટના, એવી પરિસ્થિતિ છે કે જેમાં પોતે જ્ઞાનમાં રહેલો આનંદ અને શક્તિ માણી શકે છે, સૌન્દર્યમાં રહેલો આનંદ અને શક્તિ માણી શકે છે, કેવલ સ્થૂલ પ્રકૃતિને જ નહિ પણ પ્રાણ તથા મનની પ્રકૃતિને પણ વશમાં લેતી માનવ સંકલ્પશક્તિમાં રહેલો આનંદ અને શક્તિ માણી શકે છે. આ ઊર્ધ્વ દૃષ્ટિ વળી પ્રકૃતિની ગૂઢ છતાં હજી કોઈની કલ્પનામાં ન આવી હોય તેવી મનઃશક્તિઓને તથા પ્રાણશક્તિઓને શોધી કાઢશે અને માણસને શરીરના બદ્ધ જીવનની મર્યાદાઓ-માંથી મુક્ત કરવાને તેમનો ઉપયોગ કરી શકશે. એ ઊર્ધ્વ દૃષ્ટિ દ્વારા માનવ અંતરાત્માની ભૂમિ ઉપર નવા સંબંધો સરજી શકશે, વિચારને વ્યવહારમાં સિદ્ધ કરવા માટેનું એક પરમ બળ મેળવી શકશે, સ્થળનું અંતર તથા ભેદોને જીતવા માટે એવાં આંતરિક સૂક્ષ્મ સાધનો શોધી શકશે કે જેની સમક્ષ સ્થૂલ વિજ્ઞાનની છેલ્લામાં છેલ્લી મહા અદ્‌ભુત સિદ્ધિઓ પણ તદ્દન ઝાંખી પડી જશે. આ પ્રકારના વિકાસની કલ્પના કરવી અત્યારના માનવસમુદાય માટે તો મહા મુશ્કેલ જ છે. પણ એ બધી વસ્તુઓની શક્યતાનાં આછાં સૂચનો અને ઝાંખીઓ તો આપણને મળવા લાગ્યાં જ છે. વળી આ સિદ્ધિઓ તરફ આપણને લઈ જાય તેવા વિચારો ધરાવનાર માણસો પણ જગતમાં અત્યારે હયાત છે. અને એવા પુરુષો આ પ્રદેશમાં પહોંચવા માટે માનવજાતિના અત્યારે અજાણ્યા એવા અગ્રગામી નેતાઓ પણ કદાચ હોઈ શકે છે. પ્રભાવના અસ્પષ્ટ કોલાહલોની પાછળ આ પ્રમાણેનો પ્રકાશ ક્ષિતિજની હેઠળ હજી છુપાઈ રહેલો હોય અને પોતાના પૂર્ણ પ્રકાશને પ્રગટ કરવાની રાહમાં બેઠો હોય તો તે વસ્તુ સાવ અશક્ય તો નથી જ.

માનવના ચિત્તમાં, તેની જીવનદૃષ્ટિમાં, જીવન સાધનામાં જો આ પ્રકારનું આત્માભિમુખ પરિવર્તન થઈ આવે અને આખાયે માનવસમૂહના મન ઉપર

જો એ દૃષ્ટિ બરાબર પકડી લઈ લે તો તો તેમાંથી સારાયે માનવ જીવનમાં એક મહા ગંભીર ક્રાંતિ થઈને ઊભી રહે એ વાત તદ્દન સ્પષ્ટ છે. એવો પલટો થતાં વાર જ માનવના જીવનમાં એક નવો રણકાર, નવી હવા જાગૃત થશે, માનવમાં એક વધુ ઉદાત્ત ભાવ જન્મશે, તેની ક્ષિતિજો વિશાળ બનશે, તેનાં લક્ષ્યો વધુ મહાન બનશે. એ આંતર દૃષ્ટિમાંથી એક એવું નવીન વિજ્ઞાન સહેલાઈથી ઊભું થશે કે જે આપણને અત્યારે સ્થૂલ જગતની શક્તિઓ ઉપર જે ક્રામચલાઉ અને યંત્રવત્ બેસમજ કાબૂ છે તેને બદલે એક સાચો કાબૂ મેળવી આપશે. એ વિજ્ઞાન આપણને કદાચ અન્ય સૃષ્ટિઓનાં દ્વાર પણ ખોલી આપશે. આ આત્માભિમુખ દૃષ્ટિ આપણને કળા અને સૌન્દર્યના ક્ષેત્રમાં પણ એવી સિદ્ધિઓ અપાવશે કે જેની આગળ આજ લગીની મહાન સિદ્ધિઓ ઝાંખી પડી જશે. અને એ મહા સિદ્ધિઓ જગતમાં અત્યારે પણ જે ઉપયોગિતાવાદી અ-સૌન્દર્યની, વિરૂપતાની નિર્દય ચૂડ જામેલી છે તેમાંથી જગતને મુક્ત કરી આપશે. એ આંતરિક દૃષ્ટિ માનવનાં મનોની વચ્ચે એક વધુ નિકટ, વધુ મુક્ત એવો વિનિમય ઊભો કરી આપશે, અને આપણે આશા રાખીએ કે માનવનાં હૃદયો અને જીવન વચ્ચે પણ એક વધુ પ્રેમળ વિનિમય રચી આપશે. અને આ આત્માભિમુખ પરિવર્તનની સિદ્ધિઓ માત્ર આટલેથી જ નહિ અટકી જાય. અહીં સૂચવેલી સિદ્ધિઓ તો માત્ર આરંભની સિદ્ધિઓ જેવી જ રહે અને તેથી પણ વિશેષ મહાન સિદ્ધિઓ તેમાંથી જન્મે એ પણ પૂરું સંભવિત છે. હા, આ મનોમય અને આંતરાત્મિક આત્માભિમુખતાનાં પણ ભયસ્થાનો હોઈ શકે છે. અને પ્રાણની આત્માભિમુખતા કરતાં આવાં ભયસ્થાનો વધારે મોટાં હોવાનો પણ સંભવ છે. કારણ કે એ આત્માભિમુખતાની કર્મ-શક્તિઓ પણ ઘણી જ વિશેષ હોવાની. પરંતુ આ મન અને અંતરાત્માની અભિમુખતામાં એક વસ્તુ રહેલી છે જે પેલી પ્રાણની આત્માભિમુખતામાં સહેલાઈથી હોતી નથી. એ વસ્તુ છે વિવેકદૃષ્ટિ, સારાસાર દૃષ્ટિ. એ દૃષ્ટિ માનવને રક્ષણની મજબૂત વાડ રચી આપે છે, એક સમર્થ મુક્તિદાયક પ્રકાશ મેળવી આપે છે.

જગતમાં માનવ મહા મુશ્કેલીપૂર્વક જડતત્ત્વમાંથી આત્મા તરફ ઊંચે ગતિ કરી રહેલો છે. તેના વિકાસક્રમમાં આવી એક અવસ્થા આવે એ કદાચ જરૂરનું જ હશે. માનવજાતિને આધ્યાત્મિક બનાવવાના ભૂતકાળમાં થયેલા પ્રયત્નો બધા નિષ્ફળ નીવડેલા છે, અને તેનું મુખ્ય કારણ એ હતું કે એ પ્રયત્નો કરનારાઓએ આ સ્થૂલ મનુષ્યને કોઈ ઝડપી ચમત્કાર કરી એકદમ આધ્યાત્મિક બનાવી દેવાની કોશિશ કરી હતી. આવો ચમત્કાર પણ થઈ શકે છે, છતાં એ પ્રયત્નો કરવામાં જો માનવના આરોહણમાં આવનારાં વચલાં પગથિયાંને ઠેકી જવામાં આવે, માનવજાતિ એ વચલી અવસ્થાઓનો અનુભવ લીધા વિનાની

રહી જાય અને પરિણામે એ અવસ્થાઓ ઉપર તે પ્રભુત્વ મેળવી ન શકે તો આવું આધ્યાત્મિક રૂપાંતર સ્થાયી રૂપનું ન પણ બને. આવો પ્રયત્ન અમુક વ્યક્તિઓ પૂરતો સફળ પણ થઈ શકે છે. હિંદના તત્ત્વદ્રષ્ટાઓ કહે છે તે મુજબ, પૂર્વજન્મમાં જેની તૈયારી થઈ હશે તેવા લોકો એકદમ આધ્યાત્મિક થઈ શકે, પરંતુ આખો માનવસમૂહ તો આવી રીતે આધ્યાત્મિક નહિ જ બની શકે. આવો પ્રયત્ન જ્યારે અમુક ગણીગાંઠી વ્યક્તિઓથી આગળ વધે છે ત્યારે પછી આત્મા તરફથી રચાતો બળવાન ચમત્કાર મંદ બનવા લાગે છે. આવા નવા ધર્મમાં કોઈ આંતરિક શક્તિ દ્વારા માનવનું પરિવર્તન કરવાની શક્તિ તો હોતી નથી, એટલે પછી તે બાહ્ય તંત્ર દ્વારા જગતનો ઉદ્ધાર કરવાની કોશિશ કરે છે. એ ધર્મ પોતાના અનુયાયીઓનું, પોતે ઉપજાવેલા તંત્રનું બાહ્ય યાંત્રિક રીતે સંચાલન કરવાની ક્રિયામાં જ અટવાઈ જાય છે. પરિણામે તેની પાછળનો આત્મા ચાલ્યો જાય છે અને તે થોડા જ વખતમાં નાશ પામી જાય છે, યા તો ધીરે ધીરે જીર્ણ થઈ જાય છે. સ્થૂલ મનુષ્યને મુખ્યત્વે તેના સ્થૂલ મન દ્વારા અથવા તો કેવળ એકલા સ્થૂલ મન દ્વારા ઉન્નત કરવાના માનવજાતિએ જે જે પ્રયત્નો પ્રાણ, બુદ્ધિ, મન કે આધ્યાત્મિકતાની ભૂમિ પરથી કરેલા છે તે બધાની દશા આવી જ થતી રહેલી છે. આવી પ્રવૃત્તિ પોતે જે તંત્ર ઊભું કરે છે તે તંત્રની અંદર જ તે ઝડપાઈ જાય છે, એ તંત્રની તે ગુલામ બની જાય છે, શિકાર બની જાય છે. આપણી સ્થૂલ પ્રકૃતિ પોતે જ એક યંત્ર રૂપ છે. તેને સુધારવા માટે આવા જે જે ઉગ્ર પ્રયત્નો કરવામાં આવે છે તેનો બદલો તે આવી રીતે લે છે. તે જાણે છે કે તેના ઉદ્ધારકો તેના સ્થૂલ યાંત્રિક નિયમોને એક પછી એક નમતું આપવાના છે, અને એ સમાધાન વૃત્તિનો આશ્રય લઈ તેમના પર ચડી બેસવાની તે રાહ જોતી થંભે છે. એટલે માનવજાતિને જો આધ્યાત્મિક બનાવવી હશે તો પ્રથમ તો આ આખાય માનવસમુદાયે સ્થૂલજીવી યા તો પ્રાણમય મનુષ્ય મટી જવું જોઈશે, અને સાચા મનોમય પુરુષ, ચૈત્ય પુરુષ બની રહેવું જોઈશે. બેશક, આખોયે માનવ-સમુદાય આવી સામુદાયિક પ્રગતિ કે રૂપાંતર સાધી શકશે કે નહિ એ સવાલ થઈ શકે છે. પરંતુ એ વાત તો સ્પષ્ટ જ છે કે જો માનવજાતિ અંતરાત્માની ચૈત્ય ભૂમિકામાં નહિ પહોંચી શકે તો પછી તેને સમગ્ર રૂપે આધ્યાત્મિક કરવાની ભાવના તે એક મિથ્યા સ્વપ્ન જ છે.

આ દૃષ્ટિએ જોઈએ તો માનવ સંસ્કૃતિના ચક્રે ભૂતકાળમાં તેમ જ વર્તમાનમાં જે રીતે ગતિ કરેલી છે તે એક ઘણી સંતોષકારક, ઘણી ઉત્તમ બીના છે, ભાવિને માટે તે એક મોટી આશાસ્પદ નિશાની છે. આપણે જોઈએ છીએ કે મનુષ્ય જડતત્ત્વના વિજ્ઞાનનો નક્કર પાયો સિદ્ધ કરીને જડતત્ત્વ

અને આત્મતત્ત્વ વચ્ચે આવેલી બીજી ઊર્ધ્વ શક્તિઓનો ક્રમે ક્રમે તાગ લેવા લાગ્યો છે. આજના યુગમાં માનવ બુદ્ધિએ જડતત્ત્વથી જ પોતાની જ્ઞાન-પ્રવૃત્તિનો આરંભ કર્યો છે. જડતત્ત્વ એ જ જગતની એકમાત્ર વાસ્તવિકતા છે, એ જ પરમ શાશ્વત તત્ત્વ છે; એ જ બ્રહ્મ છે, એમ અન્નં બ્રહ્મ ની દૃષ્ટિ સ્વીકારી તેણે જીવન અને જગત સાથે વિરાટ પાયા ઉપર કામ લેવા માંડ્યું અને એ રીતે જડવાદની જે જે શક્યતાઓ હતી તે બધી તેણે પૂરેપૂરી અજમાવી લીધી. એ પછી માનવ બુદ્ધિએ જોયું કે જગતના પાયામાં તો જડ-તત્ત્વ નહિ પણ એક વિકસમાન એવું પ્રાણતત્ત્વ સર્વત્ર ધબકી રહેલું છે. આ જડતત્ત્વ તો પ્રાણતત્ત્વમાંથી જન્મેલું છે. અને એ રીતે પછી પ્રાણતત્ત્વને જ જગતની આદિમ વાસ્તવિકતા માનીને, એ જ પરમ શાશ્વત તત્ત્વ છે એમ પ્રાણં બ્રહ્મ ની દૃષ્ટિ સ્વીકારી તેણે જીવન સાથે કામ લેવા માંડ્યું. અને આ પ્રાણવાદની જે કંઈ શક્યતાઓ છે તેનો પણ જગત સંપૂર્ણ તાગ લઈ શકત. પરંતુ હવે માનવની બુદ્ધિ આગળ એક ત્રીજી દૃષ્ટિ પ્રગટ થઈ રહી છે, તેનામાં બીજ રૂપ લઈ રહી છે. માનવને એ જણાવા લાગ્યું છે કે આપણામાં રહેલા સપાટી ઉપરના મન કરતાં ભિન્ન એવું એક બીજું આંતર મન પણ છે. આ બાહ્ય મન કરતાં તે એક ઘણી મોટી વસ્તુ છે, એનામાં પોતાના સ્વરૂપને શોધવાની તથા પોતાને વ્યક્ત કરવાની એક ઘણી મોટી શક્તિ રહેલી છે. એ આંતર મન જીવનની એક મહાશક્તિ છે. આ દૃષ્ટિમાં સ્થિર થઈને, મન એ જ જગતનું આદિ તત્ત્વ છે, એ જ પરમ શાશ્વત તત્ત્વ છે, એમ મનો બ્રહ્મ ની દૃષ્ટિના પાયા ઉપર આપણે આપણા જીવનની સર્વ શક્યતાઓને અજમાવી શકીએ છીએ, આપણો જીવનવ્યવહાર ઘડી શકીએ છીએ. અને એવો પ્રયત્ન ઘણાં સમૃદ્ધ પરિણામોનો જનક બની શકે છે. આ ત્રણે દૃષ્ટિ-ઓને જો માનવજાતિ એક પછી એક ઝડપપૂર્વક સ્વીકારતી થઈ જાય, તેમ જ એ દરેક દૃષ્ટિની ભૂમિકા પરની શક્યતાઓને જો ઝડપથી અજમાવવા લાગે તો તેને ઘણો જ લાભ થવાનો સંભવ રહે છે. કારણ માનવ જો આવા વેગથી આગળ વધી શકે તો એનો અર્થ એ થાય કે આપણી અવચેતન પ્રકૃતિમાં એક જાતની તૈયારી થઈ ચૂકેલી છે અને આપણે હવે આ પ્રત્યેક દૃષ્ટિની ભૂમિકામાં સેંકડો વર્ષો લગી પુરાઈ રહેવું નહિ પડે.

આમ છતાં આવો આત્માભિમુખતાનો યુગ માનવજાતિ માટે એક સાહસ તો હશે જ, અનેક સંકટો અને અનેક અનિશ્ચિતતાઓથી ભરેલું. અને આખી માનવજાતિ જ્યારે જ્યારે કોઈ મહા સાહસ આદરે છે ત્યારે તે આવાં જ હોય છે. સંભવ છે કે માનવજાતિને પોતાનું સ્વરૂપ શોધવા માટેના આવા સાહસમાં સફળતા મળે તે પૂર્વે તેણે કેટલુંયે ભટકવાનું રહે, અથવા તો એમ

પણ બને કે એને આ શોધમાં સફળતા ન લાધે અને પાછા એના એ ચક્રમાં તેણે ફરીથી પાછા આંટા મારવાના રહે.

માનવને પોતાના સ્વરૂપનું સાચું રહસ્ય તો માત્ર એક જ રીતે જડી શકે તેમ છે. માનવ વિકાસની ત્રીજી કક્ષામાં પહોંચે, એટલે કે માનવજાતિમાં મનોમય આત્માભિમુખતાનો યુગ આરંભાય તે સમયે માનવજાતિનો ખુદ મનને વિષેનો જ ખ્યાલ બદલાઈ જવો જોઈએ. એ વેળા માનવને એ જ્ઞાન થવું જોઈએ કે મન એ આત્માને માટે પ્રવૃત્તિની એક મુખ્ય નહિ પણ ગૌણ શક્તિ છે તથા આત્મા એ જ વિશ્વનું મહા શાશ્વત, આદિમ તત્ત્વ છે, અને અનેક નામો દ્વારા તેનું વર્ણન થઈને તેની અભિવ્યક્તિ થયેલી છે અને સાથે સાથે ગોપન પણ થયેલું છે, છતાં જગતની એકમાત્ર વાસ્તવિકતા તે જ છે, ત્વમ્ આત્મા ઇતિ. આ દૃષ્ટિમાં જ્યારે માનવજાતિ પહોંચશે ત્યારે જ તેની ખરી સાધના શરૂ થશે. તે વેળા જીવન તથા જગત એ પરમ આત્મતત્ત્વે પોતાની પ્રાપ્તિ માટે, પોતાની અભિવ્યક્તિ માટે આદરેલી પ્રવૃત્તિ છે એ રીતે જીવન તથા જગતનો બધી બાજુએથી અભ્યાસ થશે, એ રીતનું જ્ઞાન માનવજાતિ મેળવશે, અને જીવન તથા જગત સાથે આ રીતે માનવજાતિ કામ લેશે. આમ થશે ત્યારે જ માનવજાતિમાં આધ્યાત્મિક યુગનાં મંડાણ શક્ય બનશે. આ આધ્યાત્મિક યુગ કેવો હશે ? આ વિષયની બરાબર ચર્ચા કરવા માટે તો—અને ચર્ચા કરવી હોય તો બરાબર જ કરવી જોઈએ, અધૂરી ચર્ચાનો સાર નથી—આવા નિબંધોનો બીજો એક કે પછી બે ગ્રંથ લખવા પડે. આ એક એવો વિષય છે કે જે વિષે અત્યારે જગતમાં બહુ ઓછું જ્ઞાન છે, અને જે છે તે પણ તદ્દન બાલ-દશાનું જ્ઞાન છે. અત્યારે તો આ વિષયમાં માત્ર એટલું જ કહીશું કે આવો આધ્યાત્મિક સમાજ પોતાની પ્રવૃત્તિનો આરંભ જગતનાં ત્રણ સત્યોથી કરશે અને એ સત્યોને જીવનમાં સિદ્ધ કરવા પ્રયત્ન કરશે. એ ત્રણ સત્યો તે પ્રભુ, સ્વતંત્રતા, એકતા. વિશ્વની સારીય પ્રકૃતિ, આ ત્રણ સત્યોને તેમનાથી ઊલટાં તત્ત્વો દ્વારા છુપાવવાનો જાણે એક પ્રયત્ન ન હોય તેવું લાગે છે. અને તેથી એ સત્યો સામાન્ય માનવજાતિ માટે તો ખાલી શબ્દો જેવાં, માત્ર સ્વપ્ન જેવાં જ છે. આ ત્રણે તત્ત્વો—પ્રભુ, સ્વતંત્રતા, એકતા મૂળે તો એક જ વસ્તુ છે. તમને પ્રભુનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી સ્વતંત્રતા કે એકતા એ શું છે તે તમે સમજી શકવાના નથી. તમારું જે ઉત્તમોત્તમ સ્વરૂપ છે, તેમ જ પ્રાણી માત્રનું પણ જે ઉત્તમોત્તમ સ્વરૂપ છે તે તો પ્રભુ છે. એ પ્રભુને તમે પ્રાપ્ત નહિ કરો ત્યાં સુધી તમને સ્વતંત્રતા અને એકતા પ્રાપ્ત થવાની નથી. આપણે પ્રભુને બાકી રાખીને, સ્વતંત્રતા અને એકતા નામે ઓળખાતી જે વસ્તુની આરાધના કરીએ છીએ તે તો માત્ર આપણી પરાધીનતાના તથા ભેદમયતાના જ વંધ્ય પ્રયત્નો

છે. આ રીતે તો આપણી આ પરાધીનતા અને ભેદમયતા પોતાના જ કેન્દ્રની આસપાસ ગુલાંટો ખાતી રહીને પોતાની જાતમાંથી નાસી છૂટવાની મહેનત કરે છે. માણસ જ્યારે પ્રભુને જોઈ શકશે, તેને પ્રાપ્ત કરી શકશે, ત્યારે જ તેને સાચી સ્વતંત્રતા શું છે તે સમજાશે, ત્યારે જ તેને સાચી એકતા સિદ્ધ થશે, ન અન્યથા. પ્રભુ પોતે તો માનવ તેને જાણી લે એની જ રાહ જોતા બેઠેલા છે. પણ ગંમત એ છે કે માનવ પ્રભુને શોધવા માટે પ્રભુને મૂકી બીજે ફાંફાં મારી રહેલો છે, પ્રભુની પ્રતિમાઓ રચી રહેલો છે. માનવને એ ખબર નથી કે પોતાની આ બધી પ્રવૃત્તિ દ્વારા તેને પ્રભુનો નહિ પરંતુ તેના પોતાના મનોમય અહંનો, પ્રાણમય અહંનો જ ભેટો થતો રહે છે, એ પોતે આ બે જાતના અહંની પ્રતિમાઓ રચવામાં જ સફળ બને છે, અને એ અહંની જ તે આરાધના કરતો રહે છે. આ અહંકારના ચણિયારામાંથી માનવ જ્યારે નીકળી જશે, માનવની આ અહંકારની આરાધના જ્યારે બંધ થશે, ત્યારે જ તેને પોતાના આંતરિક તેમ જ બાહ્ય જીવનમાં આધ્યાત્મિકતા સિદ્ધ કરવાની ખરી તક પહેલી વાર મળશે. બેશક, આધ્યાત્મિકતાની સાધના માત્ર આટલામાં જ પૂરી થતી નથી, તોપણ આટલું પણ જો માનવ કરી શકે તો તેને માટે તે સાધનાના આરંભ રૂપે તો બનશે જ. એમાંથી આધ્યાત્મિકતામાં દાખલ થવાનું માણસને કોઈ આંધળું ખોડીબારું નહિ પણ એક સાચો દરવાજો મળી આવશે.

આધ્યાત્મિક રૂપ બનેલો સમાજ તેની આધ્યાત્મિક વ્યક્તિઓની માફક અહંકારમાં નહિ પરંતુ આત્મામાં સ્થિર થશે, તે એક સામુદાયિક અહંકાર રૂપે નહિ પરંતુ સામુદાયિક આત્મા રૂપે જીવન ગાળશે. અહંપ્રધાન દૃષ્ટિમાંથી આ રીતે મુક્ત રહેવું એ આધ્યાત્મિક સમાજનું સૌથી પ્રથમ અને અત્યંત આગળ પડતું લક્ષણ હશે. પણ અહંકારનું આ નિર્મૂલન કેવી રીતે સધાશે? એ માટે અત્યારે જે રીતની દૃષ્ટિ પ્રવર્તે છે તે મુજબનો માર્ગ નહિ લેવામાં આવે. અત્યારે તો એમ સૂચવવામાં આવે છે કે વ્યક્તિ પોતાની અંગત સંકલ્પશક્તિને સમાજની સંકલ્પશક્તિને ચરણે ધરી દે, પોતાની અભીપ્સાઓને સમાજનાં સામુદાયિક લક્ષ્યોમાં ભેળવી દે, પોતાના મહામૂલા વ્યક્તિત્વને સમાજના સામુદાયિક અહંકારની વેદી ઉપર બલિદાન કરી દે એ જ વ્યક્તિને માટે ઉત્તમોત્તમ જીવનમાર્ગ છે. આ કાર્ય કરવા માટે વ્યક્તિને સમજાવીને તૈયાર કરી શકાય અથવા તે સમજે નહિ તો તેના ઉપર પૂરું દબાણ પણ કરી શકાય એવી પણ હિમાયત કરવામાં આવે છે. અને આ દૃષ્ટિને અનુસરીને આજના માનવને, પ્રાચીન કાળના નરમેધના બલિની પેઠે, સામુદાયિક અહંકારની એક વિરાટ અને જુગુપ્સિત પ્રતિમા આગળ તેના આત્માનો વધ કરવા માટે હાંકી જવામાં આવી રહ્યો છે. આધ્યાત્મિક સમાજમાં વ્યક્તિને અહંમાંથી

મુક્ત કરવા માટે આ પ્રમાણેની પદ્ધતિ અખત્યાર નહિ કરવામાં આવે. કારણ આ અત્યારે સ્વીકારાયેલી પદ્ધતિમાં એક નાનકડા અહંકારનું બલિદાન લઈ તેને સ્થાને એક ઘણા વિશેષ મહાન અહંકારને સ્થાપિત કરવામાં આવે છે. અને વ્યક્તિના અહંકાર કરતાં આ સામુદાયિક અહંકારમાં કોઈ વિશેષ ગુણ રહેલા છે કે તે વિશેષ ઉત્તમ છે તેવું લેશ પણ નથી. એ અહંકારની મહત્તા માત્ર તેના કદમાં જ છે. એ સામુદાયિક અહંકાર સમાજના સર્વ માણસોના એકત્રિત બનેલા અહંકારનું જ એક રૂપ છે. અને વ્યક્તિના અહંકાર કરતાં તે ઘણી વાર તો એક વિશેષ કલંકિત, વિશેષ કદરૂપું, વિશેષ જંગલી એવું નૂત છે. એવા દેવની ઉપાસના કદી ન થઈ શકે. આધ્યાત્મિક માનવ પોતાના અહંકારનું વિસર્જન કરીને જે આત્મતત્ત્વ શોધવા માગે છે તે તો એક નિરાળી વસ્તુ જ છે. એ આત્મતત્ત્વ સર્વ કોઈની અંદર એક જ રૂપે રહેલું છે, તેમ જ પ્રત્યેક વ્યક્તિની અંદર તે તેના પૂર્ણ રૂપે તેમ જ પૂરેપુરું આવેલું છે. એ આત્મતત્ત્વમાં રહીને આધ્યાત્મિક માનવ તે તત્ત્વની પૂર્ણતામાં વિકાસ પામવાને પ્રયત્ન કરે છે. અને આ વિકાસમાં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે આ કાર્ય તે વ્યક્તિ તરીકે ટકી રહીને કરે છે. જોકે આ સાધના કરતાં તેની પ્રકૃતિ એક સર્વવ્યાપી વિશ્વરૂપતામાં તો પહોંચે જ છે તેમ જ તેની વ્યાપકતા સજ્ઞાન રીતની હોય છે. હિંદનાં પ્રાચીન શાસ્ત્રોમાં કહ્યું છે કે વિષ્ણુ પરમાત્મા બીજા યુગ ત્રેતામાં—શક્તિના યુગમાં રાજાની અંદર અવતરે છે, ત્રીજા દ્વાપરમાં–સમતુલાના યુગમાં તે કાયદો રચનાર, શાસ્ત્રકાર તરીકે અવતરે છે, અને સત્ય યુગમાં તે યજ્ઞ રૂપે, એટલે કે પોતે સર્જેલા પ્રાણીઓના હૃદયમાં પ્રગટ થતા કર્મના સ્વામી રૂપે અવતરે છે. આ રીતે આપણે કોઈ દૂર સુદૂરના સ્વર્ગમાં નહિ, પરંતુ અહીં આપણા પોતામાં પ્રભુને પ્રાપ્ત કરીશું, આપણી પોતાની અંદર પ્રભુનું રાજ્ય સ્થાપિત થશે અને એના પરિણામે સત્યયુગમાં સત્યના, આધ્યાત્મિકતાના યુગમાં સમાજની જે અવસ્થા વિકાસ પામશે તે આ આંતરિક સિદ્ધિનું જ એક ફળ હશે, તે સિદ્ધિની જ એક બાહ્ય આકૃતિ હશે.

આ રીતે જે સમાજ આધ્યાત્મિકતામાં હજી માત્ર મંગલાચરણ જ કરતો હશે તે પણ માનવમાં રહેલા દિવ્ય સ્વરૂપની શોધ કરવાની અને તે સ્વરૂપને પોતામાં પ્રગટ કરવું એ વસ્તુને જ પોતાની સર્વ પ્રવૃત્તિનું લક્ષ્ય બનાવશે. એવા સમાજની કેળવણી, તેની વિદ્યાઓ, તેનું વિજ્ઞાન, તેની નીતિ, કળા, તેનું અર્થતંત્ર તેમ જ રાજતંત્ર એ બધાં આ લક્ષ્ય પ્રત્યે જ અભિમુખ થયેલાં હશે. પ્રાચીન વેદકાળમાં સમાજના ઉપલા વર્ગોની સાંસ્કૃતિક કેળવણી અમુક અંશે આવી જ આધ્યાત્મિક દૃષ્ટિથી થતી હતી. આજના યુગમાં હવે આખીયે પ્રજાની કેળવણી આ પ્રમાણેની થશે. એ કેળવણી પોતાના ક્ષેત્રમાં જ્ઞાનમાત્રનો

સમાવેશ તો કરશે જ, પરંતુ તેનું સારુંયે વલણ, તેનું સમગ્ર લક્ષ્ય, તેની પાછળની વ્યાપક ભાવના તે આત્મતત્ત્વનો વિકાસ કરવો, આત્મતત્ત્વને પ્રાપ્ત કરવું એ જ રહેશે. માત્ર દુન્યવી રીતની કાર્યક્ષમતા મેળવવા માટે જ તે પ્રયત્ન નહિ કરે. એ કેળવણી ભૌતિક વિજ્ઞાનનો, મનોવિજ્ઞાનનો અભ્યાસ કરશે, પરંતુ તે અભ્યાસ માત્ર જગતની તથા પ્રકૃતિની ક્રિયા પ્રક્રિયાઓને જાણવા માટે તથા તે જ્ઞાનને જીવનના સ્થૂલ હેતુઓ અર્થે પ્રયોજવા માટે જ નહિ કરે. આ વિજ્ઞાન દ્વારા કેળવણી જગતના સર્વ પદાર્થોની અંદર, ઉપર, હેઠળ તથા તે દ્વારા પ્રગટ થઈ રહેલા પરમાત્માને જાણવા પ્રયત્ન કરશે, જગતમાં પોતાના ઉપર બુરખાઓ ધારણ કરીને અને એ બુરખાઓ પાછળ છુપાઈને કામ કરતા આત્માને, એ આત્માની ગતિરીતિને જાણવા પ્રયત્ન કરશે. એ કેળવણી નીતિશાસ્ત્ર મારફતે સમાજના પ્રચલિત નિયમોની પૂર્તિ કરનાર અથવા તો તેમાં થોડો વધુ સુધારો કરી આપનાર કોઈ આચારનિયમની સ્થાપના કરવા નહિ ઇચ્છે. અત્યારના સમાજના નિયમો તો આ બેપગા માનવસમુદાયે ઉપજાવેલા માત્ર ટોળાના નિયમો છે, અને ઘણું ખરું તો એ બેઢંગા અને અજ્ઞાનભરેલા જ હોય છે. એવા નિયમોની આસપાસ જ ગતિ ન કરતાં આ નીતિશાસ્ત્ર માનવમાં રહેલી દિવ્ય પ્રકૃતિને વિકસાવવાનાં સાધનો શોધવાનો પ્રયત્ન કરશે. એ કેળવણી કળા મારફતે આંતર કે બાહ્ય જગતનાં ચિત્રો રજૂ કરવાની જ દૃષ્ટિ નહિ રાખે. પરંતુ કળાને તે વસ્તુઓના બાહ્ય દેખાવોની પાછળ જઈને જોઈ શકતી એક રહસ્યગ્રાહી અને સર્જક દૃષ્ટિવાળી વસ્તુ બતાવશે અને એવી કળા મારફતે સૌન્દર્ય અને સત્યનો આવિર્ભાવ કરાવશે. આ જગતના આપણને દૃશ્ય તેમ જ અદૃશ્ય પદાર્થો તે એ જ સૌન્દર્ય અને સત્યનાં સ્વરૂપો છે, તેનાં અવગુંઠનો યા તો પ્રતીકો અને રહસ્યપૂર્ણ આકારો છે.

આધ્યાત્મિક બનેલો સમાજ પોતાની સમાજવિદ્યામાં વ્યક્તિને, સંતથી માંડીને તે ગુનાખોર સુધીની સર્વ વ્યક્તિઓને સમાજજીવનના વિવિધ પ્રશ્નો રૂપે નહિ નિહાળે અને એમ ગણીને તે બધાંને કોઈ ખૂબીપૂર્વક રચેલા તંત્રમાંથી પસાર કરી દઈ આખા સમાજ માટે ગોઠવેલા કોઈ એક બીબામાં ઢાળીને હરેકને એકસરખા સપાટ કરી નાખવાનો પ્રયત્ન નહિ કરે, યા તો પછી એ તંત્રયંત્રમાં તેમને પીસીને નિષ્પ્રાણ કરી દેવા નહિ માગે. આધ્યાત્મિક સમાજની સમાજવિદ્યા વ્યક્તિને આત્મા રૂપે જોશે. એ જોશે કે આ અનેકવિધ કક્ષાઓના આત્મામાંથી કેટલાક અવિદ્યાની જાળમાં સપડાઈ ગયેલા છે અને તેથી દુઃખી દુઃખી થઈ રહેલા છે, તો કેટલાક પોતાના નૈસર્ગિક વિકાસને માર્ગે આગળ જઈ રહેલા છે, તો વળી કેટલાક વિકાસ પામીને પુષ્ટ બનેલા છે. એ સમાજવિદ્યા આ દુઃખી આત્માઓને તેમની દુર્દશામાંથી છોડાવવાનો પ્રયત્ન કરશે, વિકસી રહેલા

આત્માઓને તેમના વિકાસ-પથે પ્રોત્સાહન આપશે, અને વિકસી ચૂકેલા આત્માઓ પાસેથી હજી અવિકસિત રહેલા બાલ આત્માઓ માટે તે શક્તિ તથા સહાય મેળવશે. આધ્યાત્મિક સમાજનું અર્થશાસ્ત્ર માત્ર વસ્તુઓના ઉત્પાદન માટેનું જ એક પ્રચંડ તંત્ર ઊભું કરવા પ્રયત્ન નહિ કરે, પછી તે ભલે સ્પર્ધારૂપનું હો કે સહકારરૂપનું હો. એ અર્થશાસ્ત્ર માનવોને અમુકને જ નહિ પરંતુ સર્વ કોઈને, દરેક વ્યક્તિને માટે શક્ય હોય તેટલા વધુમાં વધુ પ્રમાણમાં—પોતપોતાની પ્રકૃતિને અનુસરતો કામનો આનંદ આપવા પ્રયત્ન કરશે, દરેકને પોતાનો આંતર વિકાસ સાધવા માટે જોઈએ તેટલી ફુરસદ આપશે, હરેકને માટે તે એક સાદું છતાં સમૃદ્ધ અને સુંદર એવું જીવન રચી આપશે. આ આધ્યાત્મિક સમાજનું રાજકારણ જગતનાં રાષ્ટ્રોને તેમના આંતરિક વ્યવહારની રીતે જોતાં તે માનવ દ્વારા સંચાલિત તથા શસ્ત્રસજ્જ થતાં રાજ્યરૂપી પ્રચણ્ડ મહાયંત્રો જ હોય તેમ નહિ ગણે. એ સમાજમાં માનવ આ મહાયંત્રને જ પોતાનો ભગવાન સમજી, પોતાનું જ એક વિરાટ સ્વરૂપ સમજી તેની પૂજા નહિ કરે. એ રાજ્યતંત્રને અખંડ રાખવા માટે, તેને સમર્થ બનાવવા માટે, નિત્ય વધુ ને વધુ વિશાળ, વધુ સંકુલ અને વધુ ભારેખમ બનાવવા માટે, એ તંત્રમાં એક યંત્ર જેવી કાર્યક્ષમતા અને સમગ્રતા નિપજાવવા માટે, માનવ તેને પોકાર થતાંવેંત જ એ રાજ્ય-ભગવાનની વેદી ઉપર બીજાઓને, વધેરી નાખીને, તેમ જ એ વેદી ઉપર પોતાની જાતનો પણ વધ કરી દઈને સંતુષ્ટ નહિ રહેશે. વળી આ આધ્યાત્મિક રાજકારણ આ રાષ્ટ્રોને તેમના પરસ્પરના સંબંધોમાં એકબીજાને ઉપદ્રવ કરતાં અભદ્ર તંત્રો રૂપે જ નહિ નભાવી રાખે, શાંતિના કાળમાં તેમની મારફતે એકબીજા ઉપર ઝેરી વાયુઓ નહિ છોડાવે અને યુદ્ધના કાળમાં તેમની પાસે એકબીજાનાં લશ્કરો ઉપર તેમ જ કરોડો નિઃશસ્ત્ર માનવો ઉપર ધગધગતા ગોળા નહિ વરસાવે, અત્યારનાં રણક્ષેત્રો ઉપર ભમતી શત્રુની ટૅન્કો પેઠે આ રાજ્યોને તે સામા પક્ષના સંહાર માટે નહિ ધકેલે. એ રાજકારણ માનવને આ રીતે રાજ્યતંત્રોને ટકાવી રાખવાના એક સાધન રૂપે જ નહિ ગણતાં હરેક પ્રજાને તે એક સમૂહ-આત્માઓ રૂપે ગણશે. એ એમ સમજશે કે જગતની દરેક પ્રજા પાછળ એક ગુપ્ત દિવ્યતા રહેલી છે, અને પોતાના માનવ સમુદાયોની અંદર તેણે એ દિવ્યતાને શોધવાની છે. વ્યક્તિની માફક આ રાષ્ટ્રરૂપ સમૂહ-આત્માઓએ પણ પોતપોતાની પ્રકૃતિને માર્ગે વિકાસ સાધવાનો છે અને એ વિકાસ દ્વારા પરસ્પરને સહાય કરવાની છે, માનવતાના એક સર્વસમાન કાર્યની અંદર આખીયે માનવજાતિને સહાય કરવાની છે. અને આખીયે માનવતા માટેનું આ સમાન એવું કાર્ય કયું હશે ? એ કાર્ય એટલે કે માનવજાતિએ વ્યક્તિમાં તેમ જ સમષ્ટિમાં રહેલા દિવ્ય તત્ત્વને શોધવાનું છે, અને સર્વ માનવોના આંતર જીવનમાં તેમ જ બાહ્ય કર્મમાં અને પ્રકૃતિમાં એ

દિવ્ય તત્ત્વની જે જે કાંઈ શક્યતાઓ રહેલી હોય, મહાનમાં મહાન, વિશાળમાં વિશાળ, સમૃદ્ધમાં સમૃદ્ધ, ગહનમાં ગહન શક્યતાઓ હોય, તે બધીને માનવની આધ્યાત્મિક ભૂમિકામાં, મનની, પ્રાણની ભૂમિકામાં તેમ જ ઠેઠ સ્થૂલ જીવનની ભૂમિકામાં સિદ્ધ કરવાની છે.

પ્રત્યેક માનવ અને પ્રત્યેક રાષ્ટ્રમાં પરમાત્મા વસેલા છે. અને સર્વ મનુષ્યો તથા સર્વ રાષ્ટ્રોએ આ પરમાત્મામાં—આંતર દિવ્યતામાં પોતાનો વિકાસ સાધવાનો છે. એ દિવ્યતા કોઈ માનવથી બહારનો વિચાર કે નિયમ નથી અને તેને બહારથી લાવીને માનવો ઉપર કે રાષ્ટ્રો ઉપર લાદવાની નથી. અને તેથી માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિકતાનો યુગ સ્થાપિત થશે ત્યારે તે વખતની માનવતામાં એક વૃદ્ધિમાન થતી આંતર સ્વતંત્રતાના નિયમને જ સૌથી વધુ માનવંતું સ્થાન મળશે. હા, એ વાત ખરી છે કે જ્યાં સુધી માનવ આત્મજ્ઞાનમાં ઠીક ઠીક પહોંચ્યો નથી, આત્મજ્ઞાન તરફ તેણે પોતાનું મુખ બરાબર ગોઠવ્યું નથી ત્યાં સુધી બાહ્ય દબાણના નિયમમાંથી તે કદી છૂટી શકે તેમ નથી. એમ છૂટવા માટે તે જો કાંઈ પ્રયત્નો કરશે તો તે પ્રયત્નો નકામા જ નીવડવાના છે. જ્યાં લગી માનવ આત્મજ્ઞાનમાં પહોંચ્યો નથી ત્યાં સુધી તે બીજાઓનો ગુલામ છે, અને હમેશાં રહેવાનો પણ છે જ. આવો અનાત્મજ્ઞ માણસ પોતાના કુટુંબનો ગુલામ હોય છે, પોતાની જ્ઞાતિનો અને ટોળીનો ગુલામ હોય છે, પોતાના સંપ્રદાયનો અને સમાજનો ગુલામ હોય છે, પોતાના દેશનો ગુલામ હોય છે. અજ્ઞ માણસ માટે આવી ગુલામી સિવાય બીજી કોઈ અવસ્થા શક્ય નથી, અને આ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર વગેરે પણ તેના ઉપર પોતાનું કઢંગું અને સમજરહિત દબાણ મૂક્યા વિના રહી શક્વાનાં નથી. કારણ કે માનવ પોતે તેમ જ આ બધાં—જ્ઞાતિ, કુટુંબ, સમાજ, સંપ્રદાય, રાષ્ટ્ર એ સર્વે પોતે જ પોતાના અહંકારનાં, પોતાની નિમ્ન પ્રકૃતિનાં દાસ છે. બેશક, આ બધાં બાહ્ય દબાણોમાંથી હઠી જવાનો આપણા અંતરાત્માને અધિકાર છે જ. પરંતુ તે અધિકારને સ્થાપિત કરવા માટે આપણે આત્મતત્ત્વના દબાણનો અનુભવ કરવો પડશે, તેને આધીન બનવું પડશે, એ માટે આપણે આપણી નિમ્ન પ્રકૃતિને આપણામાં રહેલા દિવ્ય પુરુષની રાજીખુશીથી દાસ બનાવવી પડશે, એ પ્રભુનું તેને એક સજ્ઞાન અને પ્રકાશિત કરણ બનાવવી પડશે, અથવા આ પ્રભુનો તે ઉન્નત થયેલો અંશ હશે છતાં તેને પ્રભુને આપમેળે આધીન રહેનાર અંશ બનાવવી પડશે. પ્રભુની ભેરુ અને ભાગીદાર બનાવવી પડશે. આ દિવ્યતાને આપણે આધીન બની રહીએ એ આપણી સ્વતંત્રતા માટેની આવશ્યક શરત છે. કારણ, આધ્યાત્મિક સ્વતંત્રતાનો અર્થ એ નથી કે આપણે અહંકારના માર્ગે જગતમાં કેવળ આપણા અલગ મન અને પ્રાણની જ સ્થાપના કરતા રહીએ. સાચી આધ્યાત્મિક સ્વતંત્રતા તો એ છે કે

આપણે આપણી અંદર, આપણી ઇન્દ્રિયોમાં તેમજ આપણી આસપાસનાં સર્વમાં આવી રહેલા દિવ્ય સત્યને જ કેવલ આધીન બની રહીએ. પરંતુ આમ હોવા છતાં આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે આપણા સ્વરૂપના જે જે નૈસર્ગિક અંશો છે તે સર્વની સ્વતંત્રતાને પ્રભુ બહુ જ માનપૂર્વક જાળવે છે, એ સર્વ અંશોને પોતપોતાની પ્રકૃતિ મુજબ વિકસવાને પ્રભુ અવકાશ આપે છે. અને એ રીતે આપણી પ્રકૃતિના સર્વ અંશો પોતાનો વિલોપ કરીને નહિ પણ પોતા માટેનો નૈસર્ગિક વિકાસ સાધીને પોતામાં પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે. આપણી પ્રકૃતિના અંશોને એ વસ્તુ સમજાવા લાગે છે કે આ દિવ્ય તત્ત્વ એ જ તેમનું ઉત્તમોત્તમ સ્વરૂપ છે, તેમને મળતો પ્રકાશ અને શકિત એ દિવ્ય તત્ત્વમાંથી જ આવે છે. અને એ જ્ઞાન થયા પછી આ અંશોમાં પ્રભુને અર્થે અભીપ્સા જાગે છે, પ્રભુનો તેઓ સ્વીકાર કરે છે અને રાજીખુશીથી અનન્ય અને સંપૂર્ણભાવે પ્રભુને શરણે જાય છે. આમ આ આખો સંબંધ એક સ્વેચ્છાની, સ્વપસંદગીની ક્રિયા હોય છે. એટલે આપણે આધ્યાત્મિક જીવનમાં ગયા નથી હોતા ત્યારે પણ આપણને એ વાત દેખાઈ આવે છે કે આપણને જ્યારે શકય તેટલી વધુમાં વધુ વિશાળ સ્વતંત્રતા મળેલી હોય છે ત્યારે જ આપણો વધુમાં વધુ તંદુરસ્ત, સાચો અને જીવંત એવો વિકાસ થાય છે, ત્યારે જ આપણું કર્મ વિશેષમાં વિશેષ તંદુરસ્ત, સાચું અને જીવંત બની રહે છે. આથી ઊલટું આપણે એ પણ જોઈએ છીએ કે આપણા ઉપર જ્યારે કોઈ દબાણ બેહદનું થઈ જાય છે ત્યારે તેને લીધે આપણું જીવન ધીરે ધીરે ક્ષીણ થતું રહે છે, અથવા તો તે એક અવું ત્રાસ રૂપ બની જાય છે કે તેની સામે આપણી પ્રકૃતિ ગમે તેવું બંડ કરી ઊઠે છે, અથવા તો એવું બંડ કરી એ ત્રાસને નાબૂદ કરી નાખે છે. અને આ ઉપરથી જ આપણા પ્રાચીન તત્ત્વજ્ઞાન તથા ધર્મોએ કહેલું છે કે માણસને જ્યારે પોતાના આધ્યાત્મિક સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે એ જ્ઞાન થતાં વેંત જ, અથવા ઘણી વાર તો માણસ નિજ રૂપની ખોજ આદરે છે તેમાંથી જ, તેનો મુકિતનો આરંભ થઈ જાય છે, બાહ્ય જગતના નિયમની ચુડમાંથી તે છૂટે છે અને સ્વતંત્રતાની ભૂમિમાં તે પ્રવેશે છે.

માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિકતાનો યુગ આવશે ત્યારે તેને આ સત્યનું જ્ઞાન થશે. એ યુગ યંત્રો મારફતે માનવને સંપૂર્ણ કરવાનો પ્રયત્ન નહિ કરે અથવા તો તેનાં અંગઉપાંગોને દોરીથી બાંધી રાખીને તેને સીધો રાખવા નહિ માગે. એ યુગમાંની માનવજાતિ પોતાના સમાજના સભ્યોને એમ નહિ કહેશે કે આ પોલીસનો માણસ, કે સરકારી અમલદાર કે લશ્કરી માણસ એ જ તારું ઉત્તમોત્તમ સ્વરૂપ છે, અથવા તો એથી આગળ વધીને તે એમ નહિ કહેશે કે આ સમાજવાદી નોકરશાહી કે મજદૂરોની સોવિયેત એ જ

તારી અંતિમમાં અંતિમ ઉચ્ચ અવસ્થા છે. એ આધ્યાત્મિક યુગ માનવમાં રહેલા આત્માનું દિવ્ય આંતરિક દબાણ જાગૃત કરશે અને એ રસ્તે માનવ જીવનમાંથી બાહ્ય દબાણના તત્ત્વને બનતી ઝડપે અને બની શકે તેટલા પ્રમાણમાં ઘટાડી નાખવા પ્રયત્ન કરશે. આ ધ્યેયને સિદ્ધ કરવા તે જે કાંઈ તેવારી રૂપ સાધનો વાપરશે તે બધાનું લક્ષ્ય પણ આ જ રીતનું હશે. એ યુગને જો કોઈ દબાણ વાપરવાની જરૂર પડશે તો છેવટના ઈલાજ તરીકે તે આધ્યાત્મિક દબાણ વાપરશે, જોકે સમાજની સાથે કામ લેવામાં તે માત્ર આ જ એક સાધન તો નહિ વાપરે પરંતુ તેનું મુખ્ય સાધન તો આ જ હશે. આવું દબાણ આધ્યાત્મિક બનેલી વ્યક્તિ પણ પોતાની આસપાસના માણસો ઉપર વાપરી શકે છે, તો પછી આધ્યાત્મિક બનેલો આખો સમાજ તો તે કરતાં પણ ઘણી વિશેષ અસરકારક રીતે વાપરી શકે છે. આ આધ્યાત્મિક દબાણ એક એવી વસ્તુ છે કે આપણી પ્રકૃતિ અંદરની બાજુથી તેનો ગમે તેટલો વિરોધ કરતી રહે તેમ જ બહારની બાજુથી તેનો ગમે તેટલો ઈનકાર પુકારતી રહે તોપણ તે આપણામાં પ્રકાશનું દબાણ જાગૃત કરી આપે છે, આપણી પ્રકૃતિના માર્ગે થઈને દિવ્ય તત્ત્વમાં વિકાસ પામવાની ઈચ્છા અને શકિતને જગવી આપે છે. આમ સંપૂર્ણ રીતે આધ્યાત્મિક બનેલો સમાજ એક એવો સમાજ હશે કે જેમાં સર્વ માનવો પોતાના ગહન અંતરાત્મામાં પૂરેપૂરા સ્વતંત્ર હશે, કારણ એ સ્વતંત્રતા માટેની ભૂમિકા તેમનામાં બરાબર રચાઈ ગઈ હશે. આપણા આધ્યાત્મિક અરાજકતાવાદીઓ જે સૃષ્ટિનું સ્વપ્ન સેવી રહેલા છે તે સ્વપ્ન જગતમાં આ યુગમાં સિદ્ધ થયેલું હશે. એ આધ્યાત્મિક યુગમાં પ્રત્યેક માનવ એ પોતાનો નિયમ, પોતાનો ધર્મ બની રહેશે એમ નહિ પરંતુ એ પોતે જ સ્વયમેવ ધર્મ બની રહેશે, દિવ્ય ધર્મ બની રહેશે. કારણ એ યુગનો માનવ, જો સંપૂર્ણ રીતે નહિ તો મોટા પ્રમાણમાં, પોતાનાં અલગ હિતો અને હેતુઓ માટે જીવનાર એક અહંકાર જ નહિ, પરંતુ પરમાત્મામાં જીવી રહેલો એક જીવાત્મા બની રહેલો હશે. એ માનવનું જીવન અહંકારમાંથી મુકત બનેલી એવી તેની દિવ્ય પ્રકૃતિના ધર્મને અનુસરીને વ્યતીત થશે.

પરંતુ આ રીતના આધ્યાત્મિક વિકાસનો અર્થ એવો નહિ થાય કે આગ્રોવે માનવ સમાજ તૂટીને વેરણછેરણ થઈ જશે, અને બધી વ્યકિતઓ પોતપોતાની અલગ અલગ પ્રવૃત્તિમાં રચેલીપચેલી રહેશે. કારણ, આત્મતત્ત્વનું ત્રીજું તત્ત્વ તે એકતા છે. આધ્યાત્મિક જીવન એ કોઈ આકાર વિનાની નહિ પણ સજ્ઞાન અને વૈવિધ્યમય એકતામાંથી જન્મનારું પુષ્પ છે. દરેક માનવે પોતાના અલગ સ્વરૂપને માર્ગે પોતામાં રહેલા પરમાત્મામાં પહોંચવાનું છે અને તેથી વ્યકિત જેમ જેમ વિકાસ પામતી જાય છે તેમ તેમ તેને અમુક પ્રમાણમાં વધુ

ને વધુ સ્વતંત્રતા મળતી રહે એ જરૂરનું છે. અને આમ વધતાં વધતાં માણસને જ્યારે પૂર્ણ સ્વતંત્રતા મળી શકશે ત્યારે સમજવું કે જગતમાં પૂર્ણ જીવન સ્થપાયું છે. પૂર્ણ સ્વતંત્રતા એ પૂર્ણ જીવનનો સંકેત છે, પૂર્ણ જીવન માટેની આવશ્યક ભૂમિકા છે. વળી વ્યક્તિને જ્યારે છેવટે આ રીતે પોતાની અંદર પરમાત્માનું દર્શન થાય છે ત્યારે તેને એ પણ દેખાવા લાગે છે કે એ પરમાત્મા તો બીજાઓમાં પણ એટલા જ રહેલા છે, સર્વ માનવોમાં તે એક જ આત્મા રૂપે રહેલા છે. અને આમાંથી પણ એ વસ્તુ ફલિત બને છે કે વ્યક્તિ બીજાઓની સાથે વધુ ને વધુ વિકસતી જતી આંતરિક એકતા પ્રાપ્ત કરે તે પણ તેના જીવનમાં એક જરૂરની વસ્તુ બની રહે છે. પૂર્ણ સ્વતંત્રતાની માફક પૂર્ણ એકતા એ પણ પૂર્ણ જીવનનો સંકેત છે, પૂર્ણ જીવન માટેની આવશ્યક ભૂમિકા છે. આમ વ્યક્તિ પોતાની અંદર પરમાત્માને જોશે અને પામશે એટલું જ નહિ પણ સર્વ કોઈની અંદર પણ તે પરમાત્માને જોશે અને પામશે, વ્યક્તિ પોતાની અંગત મુક્તિ કે પૂર્ણતા મેળવવાનો પ્રયત્ન કરશે એટલું જ નહિ પણ બીજાઓની મુક્તિ અને પૂર્ણતા મેળવવા માટે પણ તે પ્રયત્નશીલ રહેશે. આપણે જે પ્રભુને શોધી રહ્યા છીએ તે જો હરેક વ્યક્તિની અંદર રહેનાર એક અલગ અલગ દેવતા જ હોત, સર્વમાં રહેલા તે એકમાત્ર પરમાત્મા ન હોત, અથવા તો આપણે જો કેવળ પોતાને ખાતર જ પ્રભુને મેળવવા નીકળ્યા હોત તો તેનું પરિણામ કોઈ પ્રચંડ અહંકાર રૂપે આવીને ઊભું રહ્યું હોત. એ અહંકાર કોઈ ગેથેના જેવો ઑલિમ્પિયન અહંકાર જ બની રહે. અથવા તો નિત્શેએ કલ્પેલો તેવો કોઈ રાક્ષસી અહંકાર બની રહે, અથવા તો એ હાથીદાંતના મિનારા જેવું યા તો સ્ટાઈલાઈટિઝના* થાંભલા જેવું એક એકલવાયું આત્મજ્ઞાન જ બની રહે યા તો કોઈ સંન્યાસી માનસ જ બની રહે. પરંતુ જે માણસ સર્વ માનવોમાં પ્રભુને નિહાળે છે તે તો સર્વ માનવોમાં રહેલા પ્રભુની સેવા પણ બહુ જ પ્રેમપૂર્વક મોકળા મને કરવા લાગશે. એટલે કે આવો માનવ માત્ર પોતાની એકલાની જ સ્વતંત્રતા માટે નહિ, પણ પ્રાણીમાત્રની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરશે, તે માત્ર પોતાની પૂર્ણતાની જ નહિ, પરંતુ સર્વ કોઈની પૂર્ણતા માટેની સાધના કરશે. આવી વ્યક્તિને પોતાનું વ્યક્તિત્વ જ્યારે વિશાળમાં વિશાળ વિશ્વરૂપ બનેલું જણાશે ત્યારે જ તે પૂર્ણ બન્યું છે એમ તે અનુભવશે, પોતાનું જીવન તેને જ્યારે વિશ્વરૂપ જીવન સાથે એકરૂપ થઈ ગયેલું જણાશે ત્યારે જ તેને પોતાના જીવનની પૂર્ણતા લાધેલી જણાશે. આવી વ્યક્તિ માત્ર

---

* આ સેન્ટ સિમિઑન સ્ટાઈલાઈટિઝ (આશરે ઈ. સ. ૩૯૦-૪૫૯) એક થાંભલા ઉપર ત્રીસ વરસ લગી રહ્યો હતો એમ કહેવાય છે.

પોતાને ખાતર યા તો રાજ્ય કે પછી સમાજને ખાતર જીવન નહિ ગાળે, પોતાના વ્યક્તિગત અહંકાર કે પછી સામુદાયિક અહંકારને ખાતર જ તે નહિ જીવે. એ વ્યક્તિ તો આ અહંકારથી પણ એક ઘણી મહાન એવી વસ્તુને ખાતર, પોતામાં રહેલા પ્રભુને ખાતર, વિશ્વમાં વસેલા પરમાત્માને ખાતર જીવન જીવતી હશે.

માનવનું સામાન્ય મન જ્યારે આ સત્યોને સમજવા લાગશે, આ પ્રમાણેની આત્મતત્ત્વની—પ્રભુ, સ્વતંત્રતા અને એકતાની ત્રિવિધ કિંવા ત્રિરૂપ ભાવનાથી તે પ્રેરિત થવા માંડશે યા તો પ્રેરાવાની તેને ઇચ્છા થશે ત્યારે જગતમાં આધ્યાત્મિક યુગના મંડાણ માટેની તૈયારી થયેલી ગણાશે. આપણે અત્યારે માનવના જે સામાજિક વિકાસચક્રનો વિચાર કરી રહ્યા છીએ તે વિકાસચક્ર એ આધ્યાત્મિક યુગનું આગમન થતાં પોતાનાં અર્ધાપર્ધાં પુનરાવર્તનોમાંથી નીકળી જઈને પોતાના લક્ષ્યની દિશામાં એક સીધી ઊંચી રેખામાં ગતિ કરવા લાગશે. આ વિષયનો વિચાર શરૂ કરતી વેળા આપણે એમ માનીને ચાલ્યા હતા કે માનવ સમાજના વિકાસચક્રનો આરંભ એક પ્રતીકાત્મક યુગથી શરૂ થયો હતો. એ યુગમાં માનવને સારાયે જીવન પાછળ એક મહાન વાસ્તવિકતાનો ધબકાર દેખાતો હતો અને એ મહા સત્યને તે પ્રતીકો દ્વારા પામવાનો પ્રયત્ન કરતો હતો. એવા યુગથી આરંભ કરીને માનવ હવે એક એવા યુગમાં પહોંચશે કે જ્યારે તેણે એ પરમ વાસ્તવિકતાને પ્રાપ્ત કરી લીધી હશે. તે વખતે હવે માનવ કોઈ પ્રતીકને આધારે, કોઈ ગુણધર્મની શક્તિને આધારે, રૂઢિના બળે કે પછી વ્યક્તિની બુદ્ધિની શક્તિના કે એ બુદ્ધિના સંકલ્પની શક્તિને આધારે જીવન નહિ ગાળે. તે કાળમાં માનવ આપણી ઉચ્ચમાં ઉચ્ચ પ્રકૃતિમાં પહોંચીને રહેવા લાગ્યો હશે. અને એ પ્રકૃતિ તે પેલી પરમ વાસ્તવિકતાની પરમાત્માની જ પ્રકૃતિ હશે, અને એ પરમ વાસ્તવિકતા પૃથ્વી પરના જીવનની પરિસ્થિતિમાં—એ પરિસ્થિતિ બેશક અત્યારના જેવી ન પણ હોય—આવીને મૂર્ત થયેલી હશે. જગતના ધર્મોએ આ જ વસ્તુને થોડીઘણી પ્રેરણા મારફતે જોઈ હતી, જોકે એ ધર્મોનું દર્શન ઘણે ભાગે એક અંધારા કાચમાંથી થયેલું દર્શન જ લાગે છે. એ ધર્મોએ આ વસ્તુને પૃથ્વી ઉપર આવનાર પ્રભુના રાજ્ય તરીકે વર્ણવી છે. પ્રભુનું આ રાજ્ય તે માનવોના આત્મામાં રહેલું પ્રભુનું રાજ્ય છે. અને એ રાજ્ય માનવની અંદરમાં રહેલું છે એટલે તે માનવ પ્રજાઓના બાહ્ય જીવનમાં પણ સ્થાપિત થવાનું છે. કારણ માનવનું બાહ્ય જીવન તે તેના અંતરાત્માની શક્તિનું જ સ્થૂલ ભૂમિકા ઉપર થયેલું પ્રાગટ્ય છે.

પ્રકરણ ચોવીસમું

આધ્યાત્મિક યુગનું આગમન અને પ્રગતિ

સમાજના વિકાસચક્રનો છેલ્લો ખંડ તે આત્માભિમુખતાનો—અંતર્મુખતાનો યુગ હોય છે. એ આત્માભિમુખતામાંથી પછી માનવજાતિએ આધ્યાત્મિક સમાજની દિશામાં ગતિ કરવાની રહે છે, આધ્યાત્મિક સમાજ રૂપે બનવાનું રહે છે, અને એમાંથી વિકાસચક્રની એક વધુ ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચવાનું રહે છે. પરંતુ આવું પરિણામ સિદ્ધ થવા માટે માનવજાતિના વ્યાપક મન ઉપર માનવ જીવનમાં થનારા આ રીતના પલટાને પુષ્ટિદાયક એવા અમુક વિચારો બરાબર જડાઈ જાય એટલું જ બસ નહિ થશે. આ નવા વિચારો માનવજાતિના તત્ત્વવિચાર, કળા, નીતિશાસ્ત્ર, રાજકીય આદર્શો, સામાજિક પ્રવૃત્તિઓ એ સર્વની પાછળના સામાન્ય પ્રેરક હેતુઓમાં વ્યાપી રહે તેટલું પણ બસ નહિ થાય, અથવા માનવની વિચારો તથા લાગણીઓની આંતરિક ક્રિયામાં પણ તે ઠીક ઠીક ઊંડાણમાં પ્રવેશ કરે તે પણ પૂરતું નહિ ગણાય. વળી, પૃથ્વી ઉપર પ્રભુનું શાસન સ્થપાય, આધ્યાત્મિકતા, સ્વતંત્રતા અને એકતાનું ચક્ર પ્રવર્તિત બને, જગતમાં કેવળ બાહ્ય અને યાંત્રિક સમાનતા અને સહકાર જ નહિ, પણ એક સાચી અને આંતરિક સમતા અને સંવાદિતા રચાય એ રીતની ભાવના ચોક્કસપણે જીવનનો આદર્શ બની રહે તે પણ પૂરતું નહિ થાય. વળી આ આદર્શ શક્ય છે, ઈષ્ટ છે, એને મેળવવા અને સાધવા માણસજાતિએ પ્રયત્ન કરવો જ જોઈએ એ રીતે સક્રિય ભાવે આદર્શનું સેવન થાય તથા માનવમનની એ એક પ્રધાન સંચાલક પ્રવૃત્તિ બની રહે તેટલું પણ બસ નથી. બેશક, માનવજાતિના અત્યારના આદર્શોને જોતાં તેમાં આવો આદર્શ અને આટલી વસ્તુઓ પ્રવિષ્ટ થાય તો એ પણ દેખીતી રીતે જ એક ઘણું મહાન, ઘણું વિરાટ પગલું બની રહેશે. આટલી પ્રગતિ માનવ સમાજને એક વધુ ઉચ્ચ સ્વરૂપમાં એક પ્રાણવંત નવ-જન્મ મેળવી આપવા માટેનો એક જરૂરી આરંભ બની શકે છે, એ માટેની અનિવાર્ય એવી માનસિક પરિસ્થિતિ બની શકે છે. પરંતુ જગતમાં વ્યક્ત

બનેલા આત્મતત્ત્વને માનવજીવનમાં તથા સંસ્થાઓમાં કાંઈક અંશે દાખલ કરવા માટે આવો આદર્શ એકલો પોતે તો એક ઢીલોપોચો પ્રયત્ન જ જન્માવી શકશે. અને એવો પ્રયત્ન જો બળવાન સ્વરૂપ ધારણ કરશે તોપણ તેને મળનારી સફળતા તે અર્ધીપર્ધી તેમ જ કામચલાઉ રીતની હશે. ભૂતકાળમાં માનવજાતિ આ દિશામાં માત્ર આટલું જ—આવા ઢીલાપોચા અથવા તો બળવાન પણ અલ્પ સફળ પ્રયત્નો જ કરી શકી છે. આટલી નાનકડી વસ્તુને પણ સંપૂર્ણ રીતે અમલમાં લાવવાનો પ્રયત્ન માનવજાતિએ કદી કર્યો નથી. આ દિશામાં જે કાંઈ થયેલું છે તે માત્ર ધાર્મિક સંઘો અથવા તો અમુક સમૂહોના મર્યાદિત ક્ષેત્રમાં જ થયેલું છે. ત્યાં પણ એ પ્રયત્નોની પાછળ એવી તો ગંભીર ઊણપો રહી ગયેલી છે, એવી તો મૂળની મર્યાદાઓ રહી ગયેલી છે કે જેથી એ પ્રયોગ લગભગ નિર્માલ્ય જેવો જ રહેલો છે, માનવ જીવન ઉપર તે કશી અસર પાડી શક્યો નથી. એટલે અત્યારે પણ આપણે જો આદર્શનો માત્ર સ્વીકાર કરીને અટકી જઈએ તથા માનવ જીવન ઉપર તેની એક સાધારણ વ્યાપક અસર પડવા કરતાં વિશેષ કાંઈ સિદ્ધ ન થાય તો પછી ભવિષ્યમાં પણ માનવજાતિ માત્ર આટલી નાનકડી વસ્તુ કરવાનો જ પ્રયત્ન કરશે. પણ આપણે આટલું કરીને બેસી નહિ રહી શકીએ. આથી પણ કાંઈક વિશેષ કરવાનું રહે છે. આ માટે માનવજાતિમાં એક વ્યાપક આધ્યાત્મિક જાગૃતિ આવે, એક આધ્યાત્મિક અભીપ્સા જાગૃત થાય એ રીતની એક વિશાળ પ્રેરણા જન્મવી જોઈએ, તેમ જ એ પ્રેરણા કરતાં પણ એક વધારે મહાન શક્તિ માનવજાતિને મળવી જોઈએ કે જે આ આદર્શને સાકાર કરી શકે. અત્યારની માનવ વ્યક્તિનું એક આધ્યાત્મિક કોટિની વ્યક્તિ રૂપે સક્રિયપણે નવસર્જન થઈ જવું જોઈએ.

એકલા આદર્શનું માનવજાતિએ શું કર્યું છે એ વાત આપણને અજાણી નથી. મોટે ભાગે તો માનવજાતિ આદર્શ માટે અભીપ્સા સેવીને જ સંતુષ્ટ રહે છે. એ અભીપ્સા ઘણે ભાગે અભીપ્સા રૂપે જ અટકી જાય છે. જીવન ઉપર તેનો પ્રભાવ માણસ માત્ર અંશત: પડવા દે છે, એ આદર્શ સારાયે જીવનને ઘડે તેમ કદી થવા દેવામાં આવતું નથી. આદર્શનો જીવન ઉપર માત્ર થોડોઘણો રંગ લાગે એટલું જ માણસો થવા દે છે. ઘણી વાર તો જીવનમાં આદર્શના સાચા આત્માથી તદ્દન ઊલટી વસ્તુઓને ટકાવી રાખવાને કે તેમના પર ઢાંકપિછોડો કરવા માટે જ આદર્શનો ઉપયોગ કરવામાં આવે છે. પોતે આદર્શને સાકાર કરવા માગે છે એવી માન્યતાપૂર્વક અને તેમાંયે આ માન્યતાને બહુ અછડતી રીતે જ સેવીને માણસો સંસ્થાઓ ઊભી કરે છે અને આપણે આવો આદર્શ ધરાવીએ છીએ, એ આદર્શ ધરાવતી સંસ્થાઓ હેઠળ રહીએ છીએ એટલું જ બસ ગણી લેવામાં આવે છે. વળી, ઘણી વાર તો આદર્શ ધારણ કરવો એ

વસ્તુને જ આદર્શ અનુસાર જીવન ન ગાળવાના બહાના રૂપે લગભગ બનાવી દેવામાં આવે છે. આદર્શ માટે આપણે તો સંસ્થાઓ ઊભી કરી છે ને ? એ હકીકત જ માણસોને એટલી બધી પ્રર્યાપ્ત લાગે છે કે પછી જે ભાવનાને લઈને સંસ્થા બનાવવામાં આવેલી હોય છે તેને જીવનમાં સિદ્ધ કરવા માટે કશો આગ્રહ રાખવાની જરૂર જ ગણાતી નથી. પરંતુ આધ્યાત્મિકતા એ તો એક નરી આંતરિક આત્મગત વસ્તુ છે. તેનું તમે એક બાહ્ય યંત્ર બનાવી શકતા નથી. એને તમે જો તમારી આંતર ચેતનામાં એક જીવતી વસ્તુ નહિ બનાવી શકો અને તમારું બાહ્ય જીવન જો આ આંતર જીવનના જ એક ઉદ્ગમ રૂપ ન બની શકે તો પછી એ આધ્યાત્મિકતા આધ્યાત્મિકતા રહેતી જ નથી. એનાં તમે ભલે પ્રતીકો ઊભાં કરો, તેનાં જુદાં જુદાં રૂપો રચો, પરંપરાઓ ઊભી કરો, તેના વિચારો નિપજાવો પણ એટલાથી કામ નહિ સરી શકે. આધ્યાત્મિક પ્રતીક પાછળ જે વસ્તુ રહેલી છે તેને તમે જો આત્માની અંદર સાક્ષાત્ નહિ કરી શકો તો એ પ્રતીક પછી અર્થ વિનાની ચબરખી બની જાય છે. તમે ઊભી કરેલી આધ્યાત્મિક પરંપરા તેની પાછળની ભાવનાને ખોઈ બેસી શકે છે યા તો પોતામાંથી તે ભાવનાને હાંકી પણ કાઢી શકે છે અને પોતે એક જૂઠાણું બની શકે છે. આધ્યાત્મિક એવું રૂપ આધ્યાત્મિક તત્ત્વને ઝીલતો એક કામચલાઉ ઢાળ બની શકે છે, અને તેમાં થઈને આધ્યાત્મિક જીવનનો પ્રવાહ વહી શકે છે. પરંતુ એ રૂપ છેવટે તો એક મર્યાદિત વસ્તુ હોય છે અને તે એક સમયે કારગાર જેવું બની શકે છે અને તેમાંની આધ્યાત્મિકતા નિષ્પ્રાણ બની જઈને છેવટે નાશ પામી જાય છે. આધ્યાત્મિક વિચાર એ એક શક્તિ છે, પરંતુ એ વિચાર આંતરિક તેમ જ બાહ્ય બંને રીતે જ્યારે સર્જનાત્મક બની શકે છે ત્યારે જ તે શક્તિ રૂપે રહે છે. જગતના વ્યવહારનો એક સિદ્ધાંત એ છે કે આપણે જે સર્જીએ તે સત્ય. એ સિદ્ધાંતને આપણે હવે અહીં વિશાળ અને મહાન રૂપ આપવાનું છે, અને તે પ્રથમ તો આ અર્થમાં કે આપણે પોતામાં જે કાંઈ સર્જીએ, અર્થાત્, પોતે જે કાંઈ બનીએ તે જ સત્ય છે. બેશક, આત્માનાં ઊર્ધ્વ સ્વર્ગીય ધામોમાં આપણાથી સ્વતંત્ર એવું આધ્યાત્મિક સત્ય શાશ્વત રૂપે આવી રહેલું છે. પરંતુ એ સત્ય જીવનમાં સાકાર ન થાય ત્યાં સુધી તે માનવજાતિને માટે કશા કામનું હોતું નથી, તે પૃથ્વી ઉપરનું, જીવનનું સત્ય નથી બની શકતું. પરમાત્માની દિવ્ય પૂર્ણતા આપણાથી ઉપર ઊર્ધ્વમાં તો હમેશાં વિરાજમાન છે જ. પરંતુ માણસ પોતાની ચેતનામાં અને કર્મમાં દિવ્ય બને અને આંતર તેમ જ બાહ્ય ઉભય રીતે દિવ્ય જીવન ગાળતો થાય એનું જ નામ આધ્યાત્મિકતા છે. આધ્યાત્મિકતાનો આના કરતાં કોઈ પણ હળવોઅર્થ કરવામાં આવે તો તે બધી વ્યર્થ આળપંપાળ છે, છળપ્રપંચ છે.

આ પ્રકારનું આધ્યાત્મિક જીવન રચવું હોય તો તે પ્રત્યેક માણસના જીવનમાં વ્યક્તિગત પરિવર્તન લાવીને જ રચી શકાય. આત્માભિમુખ ધર્મોએ આ વસ્તુ સ્વીકારેલી છે. જગતમાં રહેલો સમષ્ટિગત આત્મા એ તો એક અર્ધ-અવચેતન રૂપ ભૂમિકા છે કે જેમાંથી વ્યક્તિગત જીવન ઉદ્‌ભવ પામે છે. આ અર્ધ-અવચેતન રૂપ સમષ્ટિગત આત્માએ જો કોઈ ચોક્કસ ચૈતસિક આકાર ધારણ કરવો હશે અથવા તો કોઈ નવી રીતના સામુદાયિક જીવન રૂપે બનવું હશે તો તે વસ્તુ તેનામાં આવી રહેલી વ્યક્તિઓના વિકાસને અમુક ઘાટ આપીને જ કરી શકાશે. સમુદાયમાં રહેલી તેની અંગ રૂપ વ્યક્તિઓમાં જે પ્રકારની ભાવના અને જીવન હશે તે પ્રમાણેની ભાવના જ સમુદાયમાં સિદ્ધ થઈ શકશે, તેમ જ એ પ્રમાણેની જ જીવનની સાચી શક્તિ તેનામાં આવશે. પોતાની વ્યક્તિઓના આધારે નહિ પણ પોતાની સંસ્થાઓના આધારે જીવતો સમાજ એ આધ્યાત્મિક સમાજ નથી હોતો, એ તો એક યંત્ર હોય છે. તેનું જીવન એક સંચાની પેદાશ જેવું બની જાય છે, તે એક જીવંત વિકાસવાળી વસ્તુ રહેતી નથી. અને તેથી જ, જગતમાં આધ્યાત્મિક યુગનું મંડાણ થવાની પૂર્વે તેમાં ઊર્ધ્વ જીવનની અભીપ્સાવાળી અનેક વ્યક્તિઓ વધુ ને વધુ સંખ્યામાં પ્રગટ થવી જોઈએ. આવી વ્યક્તિઓને માટે હવે માનવના સામાન્ય રીતના બૌદ્ધિક, પ્રાણિક અને દૈહિક જીવનમાંથી સંતોષ ચાલ્યો ગયો હશે. તેઓને જણાવા માંડયું હશે કે આટલા વિકાસ કરતાં પણ એક વધુ મહાન વિકાસ એ જ માનવ જીવનનું સાચું લક્ષ્ય છે. અને આવો બૃહત વિકાસ પોતાની અંદર સિદ્ધ કરવાને તેઓ પ્રયત્ન કરશે, એ વિકાસ પ્રત્યે બીજાઓને લઈ જવા તેઓ મથશે, માનવજાતિ એ વસ્તુને પોતાના ધ્યેય તરીકે સ્વીકારતી થાય એ માટેના તેમના પ્રયત્નો રહેશે. આમ જગતની આ અસિદ્ધ શક્યતાના પ્રતિનિધિ રૂપે રહીને તેઓ કાર્ય કરતા રહેશે અને આ પુરુષોને તેમના કાર્યમાં જેટલી સફળતા મળશે, આ વિકાસને તેઓ જેટલી હદ સુધી આગળ વધારી શકશે તેટલા પ્રમાણમાં એ અસિદ્ધ શક્યતા ભાવિમાં એક સિદ્ધ વાસ્તવિકતા રૂપે બની રહેશે.

ભૂતકાળમાં જ્યારે જ્યારે આધ્યાત્મિકતાની કોઈ મોટી ભરતી ચડી આવેલી છે ત્યારે ત્યારે તેના પરિણામ રૂપે સામાન્ય રીતે કોઈએક ખાસ પ્રકારનો નવો ધર્મ ઉદય પામેલો છે. આવો નવો ધર્મ પછી પોતે એક નવી વિશ્વવ્યાપક વસ્તુ છે એમ જાહેર કરીને આખી માનવજાતિ ઉપર પોતાને સ્થાપિત કરવાનો પ્રયત્ન આદરે છે. પરંતુ આધ્યાત્મિક ભરતીઓનું આ પ્રમાણે આવતું પરિણામ હમેશાં એક અકાળેનું તેમ જ ખોટું પરિણામ જ હોય છે અને એવા પરિણામે કોઈ ગહન અને ગંભીર વસ્તુને સિદ્ધ કરવાને બદલે ઊલટી એની સિદ્ધિને અટકાવેલી હોય છે. માનવજાતિમાં જ્યારે આધ્યાત્મિક યુગ બેસશે ત્યારે એનું લક્ષ્ય પણ આત્માભિમુખ ધર્મોના તાત્ત્વિક

લક્ષ્ય પ્રમાણેનું જ રહેશે. આધ્યાત્મિક યુગ પણ માનવને માટે એક નવ-જન્મની, નવચેતનાની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરશે, માનવના ઊર્ધ્વ વિકાસને માટે, આપણાં અંગપ્રત્યંગમાં આત્માના અવતરણ માટે, જીવનના એક આધ્યાત્મિક રીતના પુનઃસંગઠન માટે યત્નશીલ બનશે. પરંતુ આ લક્ષ્યની સાધના જો કોઈએક ધાર્મિક પ્રવૃત્તિનાં આપણને જાણીતાં એવાં જૂનાં સાધનો અને અપૂર્ણ સામગ્રીની અંદર જ પુરાઈ રહેશે તો એમાં વળી પાછી નિષ્ફળતા જ નિપજવાનો સંભવ રહે છે. આનું કારણ આ પ્રમાણે હોય છે. જ્યારે કોઈ ધાર્મિક પ્રકારની પ્રવૃત્તિ ઊભી થાય છે ત્યારે સામાન્ય રીતે તેને લીધે સમાજમાં એક આધ્યાત્મિક ઉત્તેજનાનું તથા અભીપ્સાનું મોજું ઊભું થાય છે. એ મોજું અનેક વ્યક્તિઓ ઉપર ફરી વળે છે અને પરિણામે સમાજ એક અલ્પકાલીન ઉન્નત સ્થિતિમાં પહોંચે છે. લોકોની પ્રકૃતિમાં કંઈક આધ્યાત્મિક, કંઈક નૈતિક તથા કંઈક સાંપ્રદાયિક પ્રકારનું તત્ત્વ સર્જાય છે. પણ આ મોજાની અસર એક બે પેઢી સુધી અથવા બહુ બહુ તો થોડીઘણી પેઢીઓ સુધી ટકીને ઓસરવા લાગે છે. એની અંદરની વસ્તુ અદૃશ્ય થઈને માત્ર બહારનો આકાર ટકી રહે છે. આવી પ્રવૃત્તિના મૂળમાં જો કોઈ મહાન આધ્યાત્મિક વ્યક્તિ રહેલી હોય છે અને તેની આસપાસ જો કોઈ મહા પ્રબળ આંદોલન ઊભું થયેલું હોય છે તો એ પ્રવૃત્તિ પોતાની પાછળ એક કેન્દ્રરૂપ પ્રભાવ, એક આંતર સાધના મૂકી જઈ શકે છે અને એમાંથી પાછાં નવાં મોજાં ઊભાં થઈ શકે છે. પણ આ પ્રવૃત્તિ જેમ જેમ પોતાના મૂળમાંથી દૂર ને દૂર જતી જશે તેમ તેમ એ મોજાંઓનું બળ તથા સ્થાયીપણું હમેશાં ઓછું ને ઓછું થવા લાગશે. કારણ કે આવી પ્રવૃત્તિના આદિ પુરુષના ચાલી ગયા પછી તેના ભક્તોને એકત્ર સંગઠિત રાખવા માટે તથા બહારના પ્રાકૃત સમાજથી તેમની વિશેષતા ખાસ ટકાવી રાખવા માટે એ પ્રવૃત્તિમાં એક સંરક્ષક મનોવૃત્તિ ઊભી થાય છે. એ પ્રવૃત્તિ પોતાને એક ધાર્મિક સંઘનું, ધર્મસંસ્થાનું રૂપ આપે છે, એના અનુયાયીઓની ચડતી ઊતરતી કક્ષાની શ્રેણીઓ રચાય છે, એમાં પછી પ્રગતિ વિનાનો અમુક જ આકારવાળો એક નૈતિક વ્યવહાર ઊભો થાય છે. અમુક ચોક્કસ પ્રકારના દૃઢ સિદ્ધાંતો બંધાય છે. દંભી આડંબરો, ક્રિયાકાંડો, પવિત્રતાના ઘેબાસવાળા વહેમો ઊભા થાય છે અને માનવજાતિના મોજને માટે એમ એક મોટું તોતિંગ તંત્ર ખડું થાય છે. આ બધાને પરિણામે એ પ્રવૃત્તિમાં આધ્યાત્મિકતા વધુ ને વધુ ગૌણ થતી જાય છે અને બૌદ્ધિક માન્યતાઓ, આચારવિચારનાં બાહ્ય રૂપો, બાહ્ય ક્રિયાકાંડો મુખ્ય સ્થાને આવી રહે છે. ઉચ્ચ હેતુઓનું સ્થાન નીચા હેતુઓ લઈ લે છે, અને આખી પ્રવૃત્તિના મૂળ આત્મા રૂપી વસ્તુ ગૌણ થઈ જઈને બાહ્ય પ્રકારની સહાયક ચીજો, સાધનો અને આકસ્મિક વસ્તુઓ જ મુખ્ય બની રહે છે. આ પ્રવૃત્તિના આરંભમાં સારાયે

જીવનને આધ્યાત્મિક સ્વરૂપ આપવાને માટે જે એક સહજ રીતનો અને પ્રબળ પ્રયત્ન આરંભાયેલો હોય છે તે હવે અટકી જાય છે અને તેને સ્થાને આધ્યાત્મિક ભાવનાના સ્પર્શવાળી નીતિરીતિ અને માન્યતાઓનું એક જડ ચોકઠું આવીને ઊભું રહે છે. અને છેવટે જતાં તો આ કાંઈક રાહત રૂપ એવો આધ્યાત્મિક ભાવનાનો સ્પર્શ પણ ઊડી જઈને તેને સ્થાને માત્ર એક બાહ્ય તંત્ર જ હસ્તીમાં રહે છે. એક જીવંત તત્ત્વને ધારણ કરવાને બંધાયેલું મંદિર હવે એ મૃતાત્માની કબર રૂપ બની જાય છે. ધર્મની મૂળ ભાવનાને બદલે હવે ધર્મસંસ્થા પોતે મુખ્ય આસન પચાવી પાડે છે. એ સંસ્થાએ ઊભી કરેલી માન્યતાઓને, તેનાં ક્રિયાકાંડોને અને સંઘશાસનોને તમે મૌખિક રીતે સ્વીકારો એટલી જ વસ્તુ માત્ર માગવામાં આવે છે. અને હવે આ નિશ્ચિત થયેલી માન્યતાઓ અને શાસનોની પાળમાં રહ્યાં રહ્યાં આધ્યાત્મિક જીવન ગાળવાનો પ્રયત્ન માત્ર અમુક ગણ્યાગાંઠયા માણસો જ કરે છે. એ ધર્મના મોટા ભાગના અનુયાયીઓ તો આટલા નાના સરખા પ્રયત્ન પ્રત્યે પણ દૃષ્ટિ કરતા નથી. એ આમવર્ગ તો એક ઊંડા આંતર જીવનના પુકારને સ્થાને કાં તો એક ખૂબ સાવધાનતાવાળી અથવા તો તે પુકાર પ્રત્યે તદ્દન ઉપેક્ષાથી ભરેલી એક ધર્મવૃત્તિ ધારણ કરીને સંતોષ માની લે છે. છેવટે જતાં આપણે જોઈએ છીએ કે આ ધર્મના ઉદય પાછળની મૂળ ભાવના એ તો હવે રેતીથી ગૂંગળાઈ ગયેલા એક પાતળા શીણ જલપ્રવાહ જેવી બની ગઈ હોય છે. એમાં હવે બહુ બહુ તો રૂઢ પ્રણાલિકાઓના શુષ્ક રેતાળ પટમાં કદી કદી કોઈ રેલ ચડી આવે છે અને એ પ્રવૃત્તિને કાળ ભગવાનની મૃત્યુપોથીમાં એક સ્મરણ રૂપે સચવાઈ રહેલી વસ્તુ બની જતાં અટકાવી રાખે છે.

કોઈ અમુક ધાર્મિક માન્યતા તથા સ્વરૂપ આખા જગતમાં વ્યાપક બનવા માટે, આખા જગત ઉપર પોતાને લાદવા માટે મહત્ત્વાકાંક્ષા ધરાવે તે વસ્તુ જ માનવ પ્રકૃતિમાં રહેલા વિવિધતાના તત્ત્વથી વિરુદ્ધ જનારી છે, તથા કંઈ નહિ તો આત્માના એક મૂળ લક્ષણથી તો ઊલટી જ છે. આત્માનો સ્વભાવ તો એક વિશાળ આંતર મુક્તિનો અને વિશાળ એકતાનો બનેલો છે. અને જગતના પ્રત્યેક માનવને આપણે તેની પોતાની પ્રકૃતિના માર્ગે થઈને આ વિસ્તૃત આંતર મુક્તિ તથા વિશાળ એકતામાં વિકસવા દેવાનો છે. વળી, આ માન્યતાપ્રધાન ધર્મોનું એક બીજું સામાન્ય વલણ એ હોય છે કે તેમની દૃષ્ટિ એક બીજી દુનિયા તરફ, મરણોત્તર સૃષ્ટિ તરફ જ વળેલી રહે છે, અને પૃથ્વીના જીવનનું નવસર્જન કરવાની વાત તેમને માટે એક ગૌણ વસ્તુ જ બની રહે છે. આવા ધર્મોને અનિવાર્યપણે મળતી નિષ્ફળતાનું એક કારણ આ પણ છે. આ ધર્મો શરૂ થયેલા હોય છે ત્યારે તો તેમનામાં એવી આશા રહેલી

હોય છે કે અમે અત્યારે વર્તમાનમાં જ આખી માનવજાતિને નવજીવન આપી દઈશું. પણ આ આશા જેમ જેમ નબળી પડતી જાય છે તેમ તેમ તેમનામાં આ પરલોકપરાયણ દૃષ્ટિ વધુ ને વધુ વધતી જાય છે. એટલે જગતમાં આધ્યાત્મિક યુગનું આગમન થાય તે પૂર્વે અનેક નવી નવી આધ્યાત્મિક ભરતીઓ આવે, અને દરેક ભરતી પોતપોતાની ખાસ પ્રબળ ભાવનાઓ અને સાધનાઓ લઈને આવે એ વસ્તુ જરૂરી તો છે જ, પરંતુ આ સૌ આધ્યાત્મિક પ્રવૃત્તિઓના હકદાવા ગૌણ થઈ જઈ માનવજાતિના સામાન્ય મનમાં તેમ જ તેના આધ્યાત્મિક નેતાઓના મનમાં એ વાત બરાબર સ્વીકાર પામી જવી જોઈએ કે આ બધી ભાવનાઓ અને સાધનાઓ યથાર્થ છે છતાં તેમાંથી એકેમાં સંપૂર્ણ સત્ય સમાયેલું નથી, એ બધાં જ છેવટે તો એક સાધન માત્ર છે, અને માનવજાતિએ જે એકમાત્ર વસ્તુ સિદ્ધ કરવાની છે તે તો કોઈ બીજી જ છે. આ પરમ સાધન વસ્તુ તે માનવના સારાયે જીવનની લગામ આત્માના હાથમાં મૂકી આપવી એ છે. આપણી સર્વ પ્રવૃત્તિઓમાં આ જ વસ્તુને સૌથી પ્રથમ સ્થાન મળવું જોઈએ. માનવ આરોહણ પામીને સ્વર્ગમાં જઈને બેસે એમાં જગતના પ્રશ્નનો ઉકેલ નથી. માનવ અહીં પૃથ્વી ઉપર જ આત્મામાં આરોહણ પામે અને એ આત્મતત્ત્વ માનવની સામાન્ય માનવતામાં નીચે આવી અવતરણ પામે તથા પૃથ્વીની આ પ્રકૃતિ એક રૂપાંતર પ્રાપ્ત કરે : જીવનના પ્રશ્નનો ખરો ઉકેલ આ છે. કોઈ મરણોત્તર મોક્ષ નહિ, પરંતુ આ પ્રકારનું આત્મતત્ત્વ અહીં આ જીવનમાં જ પ્રાપ્ત કરવું, પોતામાં અવતારવું એ છે માનવજાતિનો નવ જન્મ. માનવજાતિને માટે તેના દીર્ઘ કાળના અંધકારમય અને દર્દમય જીવનપથને અંતે આ રીતની સિદ્ધિનું સુવર્ણ શિખર આવી રહેલું છે. અને એ સિદ્ધિની રાહમાં માનવજાતિ બેઠેલી છે.

આ રીતે જોતાં, આધ્યાત્મિક વિકાસ એ જ માનવજાતિનું અંતિમ ભાવિ છે અને તેથી માનવજાતિને માટે સૌથી જરૂરની વસ્તુ તે આધ્યાત્મિક વિકાસ જ છે એવું જેઓ સ્વીકારતા હશે તે લોકો જ માનવજાતિના ભાવિને સિદ્ધ કરવામાં વધુમાં વધુ સહાય રૂપ થઈ પડશે. આપણે જોઈએ છીએ કે પહેલાં પશુ અવસ્થામાં રહેનારો માનવ હવે એક મનોમય મનુષ્ય રૂપે ઘણે ભાગે પલટાઈ ગયો છે, અને એવી માનવજાતિના અગ્ર ભાગમાં એક ઘણી ઉચ્ચ મનઃશક્તિવાળા માનવો અત્યારે આવી રહેલા છે. આ જ પ્રમાણે હવે હમણાં અથવા તો ભવિષ્યમાં અત્યારની માનવજાતિનો એક આધ્યાત્મિક પ્રકારના મનુષ્યમાં વિકાસ થાય કે પરિવર્તન થાય — આ વસ્તુને પુષ્ટિ આપવા માટે આપણે કયાં રૂપકો કે વાદોનો આશ્રય લઈએ એ વાત બહુ અગત્યની નથી —એ વસ્તુ માનવજાતિને માટે બનવી જરૂરની છે. મનુષ્યના સર્જન પાછળનો

પ્રકૃતિનો હેતુ પણ નિઃસંશય આ પ્રમાણેનો જ છે. માનવજાતિનો આ રીતનો વિકાસ વા પરિવર્તન સાધવું એ પેલી અગ્રણી વ્યક્તિઓનો આદર્શ રહેશે અને એ જ તેમની પ્રવૃત્તિ રહેશે. આ આધ્યાત્મિકતાના સર્જક પુરુષો લોકો કેવી માન્યતાઓ સેવે છે યા કયાં ધાર્મિક રૂપોનો આશ્રય લે છે એ બાબત તરફ બહુ ધ્યાન નહિ આપે. લોકોને જે માન્યતાઓ કે રૂપો તરફ સ્વાભાવિક રીતે આકર્ષણ થતું હશે તેમાં તેઓ કશી બાધા નહિ રાખે. આ આધ્યાત્મિક સર્જકો એક જ વસ્તુને મૂળ મહત્ત્વની ગણશે કે લોકોના અંતઃકરણમાં આવા આધ્યાત્મિક પરિવર્તન પ્રત્યે શ્રદ્ધા છે કે નહિ, એવું પરિવર્તન જીવનમાં સિદ્ધ કરવાનો પ્રયત્ન થાય છે કે નહિ, અને લોકો પાસે જે કાંઈ જ્ઞાન હોય — એ જ્ઞાનને કેવા પ્રકારના અભિપ્રાયનું રૂપ આપવામાં આવે છે તે વસ્તુ બહુ મહત્ત્વની નથી — તે જ્ઞાનને આ પ્રકારના આધ્યાત્મિક જીવન રૂપે પલટી શકાય છે કે નહિ. આ આધ્યાત્મિક નેતાઓ ખાસ કરીને એવું માનવાની ભૂલ તો કદી નહિ કરે કે માણસોમાં આ આધ્યાત્મિક પરિવર્તન યંત્રો દ્વારા અથવા તો બાહ્ય સંસ્થાઓ દ્વારા લાવી શકાશે. આધ્યાત્મિકતાને તો હરેક વ્યક્તિએ પોતાના જીવનમાં આંતરિક રીતે જીવવાની છે. એ સિવાય તે માનવજાતિને માટે જીવતું સત્ય બની શકવાની નથી. આ વસ્તુ આ નેતાઓ બરાબર જાણતા હશે અને તે કદી તેમના ખ્યાલ બહાર ચાલી જશે નહિ. આ પુરુષો પૂર્વ અને પશ્ચિમ એ બંનેએ વિકસાવેલી જીવનદૃષ્ટિઓના અંતર્ગત રહસ્યનો સ્વીકાર કરશે. પૂર્વ પોતાની દૃષ્ટિને અંતર્મુખ કરીને કહે છે કે માણસે પોતાના જીવનની ભાવિ સિદ્ધિ અને મુક્તિનું રહસ્ય પોતાની અંદર જઈને શોધવાનું છે. આ વાત સ્વીકારવા સાથે તેઓ પશ્ચિમનો સાચો દૃષ્ટિકોણ પણ, તેને એક થોડોસરખો બીજો ઝોક આપીને સ્વીકારશે કે જીવન પોતે પણ એક સાચી મહત્ત્વની વસ્તુ છે, તથા આપણને જે કાંઈ ઉત્તમોત્તમ જ્ઞાન હોય તથા આપણે જે કાંઈ ઉત્તમોત્તમ સિદ્ધિ મેળવી શકીએ તેમ હોઈએ, તે આખાયે જીવનમાં લાગુ પડે તેવાં હોવાં જોઈએ, જીવન માટે તે એક સર્વસામાન્ય નિયમ રૂપે બની રહેવાં જોઈએ. આખો સમાજ એક અંધારી શ્યામ ભૂમિકા જેવો જ રહે અને થોડીએક આધ્યાત્મિક વ્યક્તિઓ તેના ઉપર તેજોમય સ્વરૂપે વિચરતી રહે, અથવા તો સમાજ એ જાણે સજ્જડ વાડોની અંદર પુરાઈ રહેલું અને જમીનની અંદર જકડાઈ ગયેલું મૂળ હોય એવી સ્થિતિમાં જ રહે અને તેમાંથી એક ત્યાગપ્રધાન આધ્યાત્મિકતાનું ઠીક ઠીક વિરલ અને વાંઝિયું એવું ફૂલ ખીલતું રહે એવી સ્થિતિમાં તે સમાજને કદી નહિ પહોંચવા દે. વળી આ આધ્યાત્મિક પુરુષો એવો સિદ્ધાંત પણ નહિ સ્વીકારે કે જગતમાં મોટા ભાગના લોકોને ભાગે તો જીવનની નીચલી કક્ષા ઉપર જીવવાનું જ નિર્માયેલું છે અને ઉપરની મુક્ત હવામાં અને

પ્રકાશમાં તો થોડીક વ્યક્તિઓ જ પહોંચી શકે તેમ છે. આ પૃથ્વી ઉપર એવા મહાત્માઓ પણ થયેલા છે કે જેમણે સારીયે પૃથ્વીના જીવનનું નવસર્જન કરવાનો પ્રયત્ન કર્યો છે અને આવી પ્રવૃત્તિ ભૂતકાળમાં અનેક વાર નિષ્ફળ નીવડેલી છે એમ જાણવા છતાં માનવજીવનના નવસર્જન માટેની પોતાની શ્રદ્ધાને વળગી રહેલા છે. આવું જ દૃષ્ટિબિંદુ ધારણ કરીને આ આધ્યાત્મિક નેતાઓ પણ કામ કરશે. જગતમાં જ્યારે જ્યારે મહાન અને વિકટ કાર્યો આરંભાય છે ત્યારે ત્યારે તેમાં શરૂઆતમાં તો અનેક નિષ્ફળતાઓ સાંપડે જ છે. પરંતુ પછીથી એક સમય એવો આવે છે ખરો કે જ્યારે ભૂતકાળમાં મળેલી નિષ્ફળતાઓનો પણ લાભ ઉઠાવી શકાય છે અને આજ લગી ખૂલવાની ના પાડતા દરવાજા ખૂલી જાય છે. આપણે માનવની અનેક અભીપ્સાઓ તથા પ્રયત્નો અંગે અગાઉથી જ એમ કહેતા રહીએ છીએ કે એ વસ્તુ બનવી અશક્ય છે. એ જ રીતે આ આધ્યાત્મિક નવસર્જનની બાબતમાં પણ આગળથી જાહેર કરી દેવું કે અ કદી બની શકવાનું નથી એ એક અજ્ઞાન તથા અશક્તિનું લક્ષણ છે. સાધકની સાધનાનું ધ્યેયસૂત્ર તો, હરેક નવા ક્ષેત્રના સંશોધકનું હોય છે તે મુજબ, એ જ હોય કે, ज्ञानं वै विन्दते चरन् (Solvitur ambulando)—ચાલતાં ચાલતાં જડી આવશે. કામને હાથ લઈશું કે તેમાંની મુશ્કેલી ઊકલી જશે, આ વિષયમાં કાર્યનો સાચો આરંભ થઈ જાય એ જ મહત્ત્વની વસ્તુ છે. બાકીનું બીજું કાળ ભગવાન પોતે સંભાળી લેશે. એ કાં તો એમની પોતાની રીતે વસ્તુને એકાએક સિદ્ધ કરી આપશે અથવા તો લાંબા કાળને અંતે ધીરજભરી મહેનતને પરિણામે સિદ્ધ થશે.

આ જે કાર્ય છે તે તો અખિલ માનવજીવન જેટલું વિશાળ છે, અને તેથી જે વ્યક્તિઓ આ માર્ગમાં અગ્રણી બનનાર હશે તેઓ સારાયે માનવ-જીવનને પોતાના ક્ષેત્ર તરીકે સ્વીકારી લેશે. આ આદિસર્જકો અમુક વસ્તુ પોતાના ક્ષેત્રથી બહારની છે, પોતાને માટે પરકીય છે એમ કદી પણ નહિ ગણે. કારણ કે આધ્યાત્મિકતાએ તો માનવજીવનના એકેએક અંશને પોતાના હાથમાં લેવાનો છે. જીવનની માત્ર બૌદ્ધિક, રસાત્મક કે નૈતિક પ્રવૃત્તિઓને જ નહિ, પરંતુ માનવના ક્રિયામય, પ્રાણિક તથા શારીરિક જીવનને પણ હાથ ધરવાનું છે. અને તેથી આ અગ્રણીઓ જીવનની આ સર્વ વિવિધ પ્રવૃત્તિઓ પાછળની ભાવનાને બદલવા માટે તથા તેમના બાહ્ય રૂપમાં પરિવર્તન લાવવા માટે ખૂબ જ આગ્રહ રાખશે છતાં આમાંની એકે પ્રવૃત્તિ પ્રત્યે તેમને તિરસ્કાર કે ધૃણા નહિ હોય. આપણી પ્રકૃતિની હરેક શક્તિમાંથી તેનું પોતાનું પરિવર્તન થવાને માટેનાં સાચાં સાધનોની શોધ તેઓ આદરશે. તેઓ જાણતા હોય છે કે વસ્તુ માત્રની અંદર પરમાત્મા ગુપ્ત રીતે રહેલા છે, અને તેથી તેમને એ કાબ્દા

રહેશે કે આત્મા પોતાના સ્વરૂપનું શોધન કરવા માટે હરેક વસ્તુને સાધન બનાવી શકે છે તથા હરેક વસ્તુને દિવ્ય જીવન માટેના કરણ રૂપે પલટી શકાય છે. વળી તેઓ જોશે કે આ વિષયમાં સૌથી જરૂરી વસ્તુ તો માનવના સામાન્ય મનને આધ્યાત્મિક મન રૂપે પલટી નાખવું એ છે. અને એ આધ્યાત્મિક મનને પાછું તેની વધુ ને વધુ ઉચ્ચ આધ્યાત્મિક ભૂમિકાઓ પ્રત્યે ખોલી આપવાનું રહે છે તથા તેને તેની વધુ ને વધુ પૂર્ણ ક્રિયામાં મૂકી આપવાનું રહે છે. કારણ કે માનવમાં પાકો આધ્યાત્મિક પલટો આવી શકે તે પૂર્વે પ્રથમ તો તેની આ લથડતી બુદ્ધિને એક ચોક્કસ અને પ્રકાશમય સ્વરૂપની સહજપ્રજ્ઞા રૂપે પલટવાની રહે છે તેમ જ એ સહજપ્રજ્ઞાને વિકસાવીને પાછી તેનાથી ઊર્ધ્વના પ્રદેશમાં, અધિમનસ અને અતિમનસ કિંવા પરમ જ્ઞાનમાં પહોંચાડવાની રહે છે. માણસમાં રહેલી અચોક્કસ અને લથડતી મનોમય સંકલ્પશક્તિએ ઊંચે ચડતાં ચડતાં એક ખાતરીભરી સહજપ્રજ્ઞાની સંકલ્પશક્તિમાં તથા તેથીયે ઊર્ધ્વ પ્રકારની દિવ્ય અને પરમજ્ઞાનિક (gnostic) સંકલ્પશક્તિમાં પહોંચવાનું રહે છે. આ આધ્યાત્મિક પરિવર્તન પામતા પહેલાં આપણી પ્રાણમય પ્રકૃતિમાં રહેલી લાગણીઓને, કઠોર અહંકારો અને ક્રન્દન કરતી કામનાઓને આપણે અંતરાત્માના માધુર્ય દ્વારા, હૃદયની પાછળ—હૃદયે ગુહાયામ્ રહેતા આત્માના અગ્નિ અને પ્રકાશ દ્વારા જાણે કોઈએક કીમિયાની રીતે બદલવાનાં રહે છે. એવી જ રીતે આપણી બીજી ઇન્દ્રિયોએ પણ ઉપરથી આવતા એક શાસક પ્રકાશ અને શક્તિના દબાણ હેઠળ આવા જ પ્રકારનું એક પરિવર્તન પામવાનું રહે છે.. આ આધ્યાત્મિક યાત્રાના નેતાઓ ભૂતકાળની સાધનાઓએ આ દિશામાં આજ લગી જે જે જ્ઞાન તથા સાધનો વિકસાવેલાં છે તેનાથી પોતાનો આરંભ કરશે તેમ જ એ જ્ઞાન તથા સાધનોને ઉપયોગમાં પણ લેશે, પરંતુ આ જ્ઞાન તથા સાધનોને તે છે તેવાં ને તેવાં જ ન સ્વીકારી લેતાં તેમાં જરૂરી એવા ઊંડા ફેરફારો કરી લેશે. વળી તેઓ અત્યારે જે કંઈ જ્ઞાનનો વિષય બનેલું છે તેટલામાં જ પોતાને સીમિત નહિ રાખે અથવા તો સાધનાની બંધાઈ ગયેલી તેમ જ પ્રાણહીન બની ગયેલી પદ્ધતિઓને કે પછી અમુક પરિણામોના સમૂહને જ વળગીને બેસી નહિ રહેશે. આ નેતાઓ આત્મા જે પદ્ધતિથી પ્રકૃતિની અંદર કામ કરે છે તે રીતે કામ કરશે. આત્મા જ્યારે એક મહાન્ ભાવિ પ્રત્યે ગતિ આદરે છે ત્યારે તે આપણા ભૂતકાળની સિદ્ધિઓનો પણ ઉપયોગ કરી લે છે. એ જોતાં આપણને ખબર પડે છે કે આત્મા તો માનવ મનમાં જણાયેલી વસ્તુનું ફરી ફરીને સતત શોધન કરતો રહે છે, તેને નવા નવા ઘાટ આપતો રહે છે, તેના વધુ ને વધુ વિશાળ સમન્વય રચતો રહે છે. વળી તેને અત્યાર સુધીમાં શોધાયા વિના રહેલું તથા બરાબર સુસ્થિર ન કરાયેલું એવું કોઈ વિશાળતાનું સર્જક

મહા સત્ય જડી આવતાં તે મનના વધુ ઊંડા ભાગોમાં પહોંચે છે અને ત્યાં પણ તેને એક નવીન એવો મહા પ્રચંડ ઘાટ આપે છે. પ્રકૃતિ સાથે કામ લેવાની આત્માની પદ્ધતિ આવી છે.

આવી સાધના એકલી વ્યકિત માટે પણ એક મહા કઠણ અને પરમ પુરુષાર્થ માગી લેનારી પ્રવૃત્તિ બની રહેશે, અને સમસ્ત માનવજાતિ માટે તો તે એથી પણ મહા વિકટ સાધના બનશે. એ પણ સંભવી શકે છે કે એક વાર શરૂ થયા પછી આ સાધના તેની પહેલી નિશ્ચયાત્મક મંજિલે પહોંચી જવા માટે પૂરતી ઝડપથી આગળ ન પણ વધી શકે. માનવજાતિના જીવનમાં આધ્યાત્મિકતા કોઈ પ્રકારનો સ્થાયી એવો જન્મ પ્રાપ્ત કરે તે પહેલાં માનવજાતિએ અનેક સૈકાંઓ સુધી લાંબી તપશ્ચર્યા કરવી પડે એ પણ બનવા જોગ છે. પરંતુ આમ અનિવાર્યપણે થવું જ જોઈએ એવું પણ નથી. પ્રકૃતિમાં થતાં પરિવર્તનો પાછળનો સિદ્ધાંત તો એવો દેખાય છે કે પ્રથમ તો પ્રકૃતિ ગુપ્ત રીતે લાંબા કાળ સુધી તૈયારી કરતી રહે છે અને પછી પોતે તૈયાર કરેલાં તત્ત્વોને ઝડપથી એકત્ર કરીને તેમને વેગપૂર્વક નીચે લાવી આપે છે. એમાંથી માનવને નવ જન્મ મળે છે, માનવ જીવનમાં એક ઝડપી પલટો આવે છે, એક રૂપાંતર સધાય છે. અને આ ઘટનાઓના સર્જનની કોઈ તેજોમય ક્ષણોમાં તો તે ઘટના કોઈ ચમત્કાર જેવી જ લાગે છે. હા, માનવ ચેતનાનું જ્યારે પ્રથમ વાર એક નિશ્ચયાત્મક પરિવર્તન સધાશે ત્યારે પણ એ વાત તો નક્કી છે કે આખીયે માનવજાતિ આ ભૂમિકા સુધી તો નહિ જ પહોંચી શકશે. એ વેળા પણ માનવજાતિમાં એવા ભેદ તો રહેશે જ કે જેમાં અમુક માણસો આ ઊર્ધ્વ આધ્યાત્મિક ભૂમિકા ઉપરથી જે પ્રકાશ મનોમય ભૂમિકામાં ઊતરતો હશે તેટલા પ્રકાશમાં જ માત્ર રહી શકે તેવા હશે. અને એ મનોમય ભૂમિકામાં રહેનારા માણસોની નીચે પણ હજી એક એવો મોટો માનવસમુદાય હશે કે જે ઉપરની ભૂમિકામાં પ્રકાશની અસર હેઠળ આવેલો તો હશે પરંતુ એ પ્રકાશમાં રહેવા માટે તૈયાર નહિ હોય. પરંતુ આટલું થશે તે પણ એક રૂપાંતર તો હશે જ. જીવનમાં અત્યાર લગી જે કાંઈ સિદ્ધ થયેલું છે તેનાથી ઘણી ઘણી આગળની કક્ષાનો એ એક આરંભ થશે. પરંતુ એ ભાવિ સમાજમાં આવી જે શ્રેણીઓ બંધાશે તેનો અર્થ એ નહિ થાય કે અત્યારના પ્રાણિક જીવનમાં થાય છે તે મુજબ તે વખતે વિશેષ વિકાસ પામેલી વ્યકિતઓ ઓછા વિકાસવાળી વ્યકિતઓ ઉપર અહંકારપૂર્વક પોતાની સત્તા જમાવતી રહેશે. એ વેળાએ તો માનવજાતિના આ ગુરુબંધુઓ પોતાના અન્ય નાના ભાઈઓના આ દિશામાં માર્ગદર્શક બની રહેશે, એમને એક વધુ મોટી આધ્યાત્મિક ભૂમિકા ઉપર, વધુ વિશાળ ક્ષિતિજો તરફ લઈ જવા માટે તેઓ સતત કાર્ય કરતા રહેશે. વળી, આ સિદ્ધ ચેતનાવાળા

નેતાઓ માટે પણ આધ્યાત્મિકતાની પ્રથમ ભૂમિકાઓ ઉપરનું આ આરોહણ તે તેમની દિવ્ય યાત્રાની છેલ્લી મંજિલ જ નહિ હોય, એમાં જ એમની સાધનાનું છેલ્લું શિખર નહિ આવી જાય કે જે પછી તેમણે પૃથ્વી ઉપર કશું જ મેળવવાનું બાકી નહિ રહ્યું હોય. કારણ કે અતિમનસના પ્રદેશમાં પણ વેદના ઋષિઓએ કહી છે તેવી વધુ ઊર્ધ્વ ભૂમિકાઓ હશે. આધ્યાત્મિક જીવન એક અખંડ આરોહણ છે એમ કહેતાં આ કવિઓએ કહ્યું છે—

...ब्रह्माणस्त्वा शतक्रतो उद्वंशमिव येमिरे । ऋ. १.१०.१

यत्सानोः सानुमारुहत् भूरि अस्पष्ट कर्तवम् ॥ १.१०.२

'શબ્દથી પૂજા કરનારા બ્રાહ્મણો, હે શતક્રતો—શત શક્તિવાળા દેવ, વાંસની સીડી પેઠે તારા ઉપર ચડે છે. અને ગિરિનો ચડનાર જેમ જેમ એક શિખરથી બીજા શિખરે ચડતો જાય છે તેમ તેમ જે જે કર્તવ્ય બાકી છે તે બધું સ્પષ્ટ બને છે.'

પરંતુ આ બાબતમાં એક વાર પાયો બરાબર નંખાઈ જાય તો તે પછી બાકીની વસ્તુઓ ક્રમે ક્રમે વધતા જતા આત્મ-આવિર્ભાવની રીતે વિકાસ પામતી રહે છે, અને આત્માને પોતાના માર્ગ વિષે પૂરી નિશ્ચિતતા મળી જાય છે. અને પછી વેદના ઋષિ કહે છે તે મુજબ—

अभ्यवस्थाः प्रजायन्ते
प्र वनेर्वनिश्चिकेत ।
उपस्थे मातुर्विचष्टे ॥ ऋ. ५.१९.१

'અવસ્થાઓ એક પછી એક જન્મતી જાય છે, આવરણો એક પછી એક જ્ઞાનથી સચેત થતાં જાય છે, માતાના ખોળામાં આત્મા દૃષ્ટિવાળો બને છે.'

માનવીની દૃષ્ટિ સમક્ષ કાંઈ નહિ તો આટલી તો ઊંચામાં ઊંચી આશા રહેલી છે જ, આ રીતના ભાવિની સંભવિતતા તો પડેલી છે જ. માનવના મનની અત્યાર સુધીમાં થયેલી પ્રગતિ જોતાં ભૂતકાળની આ શક્યતા ફરી પાછી પ્રગટ થાય એ રીતનાં ચિહ્નો દેખાઈ પણ રહેલાં લાગે છે. પૃથ્વી ઉપર અત્યારે જન્મ પામી રહેલો પ્રકાશ જો વધતો જશે, પોતાની અંદર તેમ જ જગતની અંદર આ શક્યતાને સિદ્ધ કરવા આગતી વ્યક્તિઓની સંખ્યા જો વધતી રહેશે અને એ વ્યક્તિઓ જો સાચા માર્ગની સમીપ વધુ ને વધુ પહોંચતી જશે તો પછી પરમાત્મા પોતે પણ જગતની સમીપ વિશેષ ને વિશેષ ગતિ કરવા લાગશે. એ પરમાત્મતત્ત્વ માનવમાં પણ વસેલું તો છે જ, પણ ત્યાં તે એક નિગૂઢ દિવ્યતા રૂપે રહેલું છે, માનવમાં તે હજી એક વિકસી રહેલો પ્રકાશ અને શક્તિ છે. એ પરમ તત્ત્વ તેનાં ઉપરનાં ધામોમાંથી, આપણને હજી અદૃશ્ય અને અકલ્પ્ય રહેલા પરમાત્માના અવતાર તરીકે વધારે સંપૂર્ણ રીતે

માનવજાતિના આત્માની અંદર નીચે અવતરશે, તથા જે મહા વ્યકિતઓમાં પેલો વિકસતો પ્રકાશ અને શકિત સૌથી વિશેષ પ્રખર રીતે રહેલાં હશે તે વ્યકિતઓની અંદર પણ અવતરશે. અને તે વેળાએ જગતમાં એક મહાન પરિવર્તન સિદ્ધ થશે. એ પરિવર્તન માનવના જીવનને તેની વર્તમાન મર્યાદાઓમાંથી નીકળીને ઉપરના પેલા વધુ વિશાળ, વધુ વિશુદ્ધ ભિતિજ પ્રદેશો તરફ પહોંચવા માટે તૈયાર કરી આપશે. એ વેળાએ પૃથ્વી ઉપરનું વિકાસચક્ર ઊર્ધ્વની દિશામાં એક મહા ચંક્રમણ સિદ્ધ કરશે, અને માનવજાતિ દિવ્યતા પ્રત્યેની જગતની ગતિમાં એક દ્યોતક એવું કદમ ભરશે. પૃથ્વી ઉપર પશુની પ્રકૃતિમાંથી એક ચિંતનશીલ અને અભીપ્સાયુકત માનવનો જન્મ થયેલો છે, અને એ જન્મ તે આ દિવ્યતા પ્રત્યે જવા માટેની જ એક પડદા પાછળ જઈ રહેલી ગુપ્ત તૈયારી હતી તેમ જ એમાં એક દૂર સુદૂરના ભાવિનું અભયવચન હતું એ વાત ત્યારે આપણને સમજાશે.

પરિશિષ્ટ

ક્રમ

મનુષ્ય શું ગુલામ છે કે સ્વતંત્ર ? (Man-Slave or Free ?)
'કર્મયોગિન્', ૨૬ જૂન, ૧૯૦૯

વ્યકિતની મહાનતા (Greatness of Individual)
'કર્મયોગિન્', ૨૪ જુલાઈ, ૧૯૦૯

સમર્પણનો સિદ્ધાંત (Doctrine of Sacrifice)
'કર્મયોગિન્,' ૨૪ જુલાઈ, ૧૯૦૯

સત્તા જે ઉત્કર્ષ સાધે છે (The Power That Uplifts)
'કર્મયોગિન્', ૨૧ ઑગસ્ટ ૧૯૦૯

ફ્રેન્ચ ક્રાંતિ (The French Revolution)
'કર્મયોગિન્' માટે લખાયો પરંતુ અપ્રકટ

નેપોલીઅન (Napoleon)
'કર્મયોગિન્' માટે લખાયો પરંતુ અપ્રકટ

કોઈ પણ વૈકલ્પિક સંયોગમાં (In Either Case)
'કર્મયોગિન્', ૨૬ માર્ચ, ૧૯૧૦

આપણો આદર્શ (Our Ideal)
'આર્ય', ૧૫ ઑગસ્ટ, ૧૯૧૫

સંરક્ષણ અને પ્રગતિ (Conservation and Progress)
'આર્ય', ૧૫ મે, ૧૯૧૬

રૂઢિચુસ્ત મન અને પૂર્વીય પ્રગતિ
(Conservative Mind & Eastern Progress)
'આર્ય', ૧૫ જુલાઈ, ૧૯૧૬

આદર્શો વિષે (On Ideals)
'આર્ય', ૧૫ ઑગસ્ટ, ૧૯૧૬

મનુષ્ય શું ગુલામ છે કે સ્વતંત્ર ?

મનુષ્યો જે યોગના એકપક્ષી અભ્યાસ માટે જગતના કાં તો શારીરિક અથવા માનસિક સંપર્કથી દૂર થઈ એકાંતવાસ સેવે છે તેણે આ વિજ્ઞાનના ભૂલભરેલા ખ્યાલને સર્જ્યો છે કે યોગ કંઈક રહસ્યમય, દુરોગામી અને અયથાર્થ ક્રિયા છે. યોગના અભ્યાસ અંગે ગુપ્ત રહસ્ય જાળવવામાં આવે છે જે ગોપનીયતા માનવ ઉત્ક્રાંતિના ભૂતપૂર્વ તબક્કાઓમાં જરૂરી છે તેણે આ ભૂલને કાયમ કરી દીધી છે. જે માણસો આ પ્રક્રિયાઓમાં પારંગત હોય છે, ગુપ્ત મંડળો રચે છે અને આ રહસ્ય અંગે જે વ્યક્તિઓ પ્રારંભિક લાયકાત ધરાવે છે તેમને જ સલાહ-સૂચનો આપવાનું મર્યાદિત રાખે છે, એ હકીકત અનિવાર્યપણે બાહ્ય જગતના માનસમાં ગુહ્યવિદ્યાની છાપ ઉપજાવે છે. વસ્તુત: યોગ અંગે એવું કશું અંતર્ગત રીતે છૂપું, ગૂઢ કે રહસ્યમય નથી. માનવ મનોવ્યાપારના નિયમો, શરીર પર રહેતા મનની શક્તિઓનું અમુક જ્ઞાન અને મનથી પર અંતરાત્માના જ્ઞાન પર યોગ આધારિત છે. આ જ્ઞાન અને શક્તિનું ભાન સામાન્ય રીતે માણસોને હોતું નથી અને ગુપ્ત સંશોધકો એમ માને છે કે માણસો આ શક્તિઓને ઉપયોગમાં લેવા ઉચિત તાલીમ મેળવે નહિ ત્યાં સુધી તેમને પ્રગટ કરવામાં ઘણું જોખમ રહ્યું છે. જેમ અમુક વ્યક્તિઓએ સમ્મોહન વિદ્યા અને વશીકરણ વિદ્યાને શોધી કાઢી હોય અને અંતિમ શક્યતાઓને ચકાસી જોઈ હોય, પરંતુ સ્વાર્થ અને ગુનાવૃત્તિ સંતોષવા સમ્મોહન શક્તિનો અજ્ઞાન અને વિકૃતિથી ગેરઉપયોગ કે દુરુપયોગ થાય એ શક્યતાથી જગત સમક્ષ પોતાની શોધનું રહસ્ય ખુલ્લું કરતાં સંકોચ પામે છે, એમ આપણી અંદર રહેલા આ ઉચ્ચતર બળોનું જ્ઞાન યોગીઓએ ગુપ્ત રીતે જાળવી રાખ્યું છે અને જ્યારે નવો આરંભ કરતા સાધકની યોગની સાધના માટે શારીરિક તથા નૈતિક પાત્રતા અને તેની ભૂતપૂર્વ આધ્યાત્મિક તાલીમ વિશે તેમને ખાત્રી હોય ત્યારે જ આ રહસ્યને પ્રગટ કરે છે. તેથી યોગની આંતરિક અનુભૂતિ અંગે કડક ગુપ્તતા જાળવવાનો અભ્યાસી માટે સ્થાપિત નિયમ થયો. અને પ્રગતિ પામેલા યોગી માટે શક્ય હોય ત્યાં સુધી પોતાની જાતને અપ્રગટ

રાખવાની પ્રથા ઘડાઈ. આ નિયમ કે પ્રથા હોવા છતાં યોગના અભ્યાસના શારીરિક, નૈતિક કે બૌદ્ધિક પાસાંઓની છણાવટ કરતા ગ્રંથો અને કૃતિઓ પ્રકાશિત થવામાં બાધા આવી નથી. સાથે સાથે જે મહાન આત્માઓએ સામાન્ય કાળજીપૂર્વક વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા નહિ પરંતુ ઈશ્વરના વિશેષ અનુગ્રહ અને તેમના પોતાના સામર્થ્યથી પોતાની યોગની સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે તેમને પોતાની જાતને પ્રગટ કરવામાં અને તેમના માનવજાતિ પ્રત્યેના ઊંડા પ્રેમથી ખેંચાઈ પોતાની શકિત અને સામર્થ્યનું જગતને પ્રદાન કરવામાં એ બાધારૂપ નીવડયા નથી. બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, મહમ્મદ, ચૈતન્ય એ આવા મહાત્માઓ હતા. રામકૃષ્ણ અને વિવેકાનંદ પણ એ કોટિના હતા. હજુ પણ એવો રૂઢિગત ખ્યાલ પ્રવર્તે છે કે જે વ્યકિતઓએ યોગની દીક્ષા લીધી નથી તેમની સમક્ષ યોગની અનુભૂતિઓ પ્રગટ ન કરવી જોઈએ. પરંતુ નવા યુગના પ્રભાતને આપણે જોઈએ છીએ જેમાં જૂના કાયદાઓને સુધારવા જરૂરી છે. પશ્ચિમના જગતે યોગનાં રહસ્યોને શોધવાનો આરંભ કયારનોય કરી દીધો છે. યુરોપના વૈજ્ઞાનિકો સમક્ષ તેમાંના અમુક નિયમો ભલે પછી ઝાંખી કે અપૂર્ણપણે પ્રગટ થયા છે. અન્ય નિયમો અધ્યાત્મવાદ, ખ્રિસ્તી વિજ્ઞાન, દીર્ઘદૃષ્ટિ, ઈન્દ્રિયાતીત વિચાર પ્રદાન અને ગુહ્યવિદ્યાનાં અન્ય આધુનિક સ્વરૂપો એ મનુષ્યો જાણે કે અંધકારમાં શોધ કરતા હોય અને જે સત્યો પોતે ન સમજતા હોય ત્યાં અથડાઈને આકસ્મિક રીતે શોધાઈ રહ્યા છે. ભારત પોતાનું જ્ઞાન પોતાની પાસે રાખે નહિ પરંતુ જગતમાં તેને ફેલાવવું જોઈએ એ સમય લગભગ આવી ગયો છે. માનવજાતિ સમક્ષ યોગને પ્રગટ કરવો જોઈએ કારણ કે તે વિના માનવજાતિ માનવ ઉત્ક્રાંતિમાં હવે પછીનું પગલું ભરી શકશે નહિ.

વિજ્ઞાન દ્વારા માનવજાતિના મનોવિજ્ઞાનને હજુ સુધી શોધાયું નથી. સઘળું સર્જન તેના હાર્દમાં એક જ છે અને તદ્દન એક જ નિયમથી નહિ છતાં સામ્ય ધરાવતા નિયમોથી આગળ ધપે છે. તેથી જો આપણે બાહ્ય ભૌતિક જગતમાં એમ જોઈએ કે બધી ઘટનાઓ એક જ કારણરૂપ દ્રવ્યમાંથી આગળ ધપે છે અને તેમાં તેમને ઉતારી શકાય છે, તો એ સત્ય ચૈતસિક જગતમાં પણ જળવાઈ રહે તેમ છે. યુરોપની વૈજ્ઞાનિક બુદ્ધિ દ્વારા ભૌતિક જગતની એકતા સ્વીકારાઈ છે અને જર્મનીમાં નાસ્તિકવાદ અને ભૌતિકવાદના ઉચ્ચ પંડાઓએ નિશ્ચિત સૂરે ભૌતિકતત્ત્વમાં "एकमेवाद्वितीयम्" તત્ત્વનો ઉદ્‌ઘોષ કર્યો છે. આમ કરવામાં હજારો વર્ષ અગાઉ યોગવિદ્યાના ભારતીય નિષ્ણાતોએ જે શોધ કરી છે તેમનું તેમણે પુનઃકથન કર્યું છે. પરંતુ સ્થૂળ ભૌતિક તત્ત્વમાં સંશોધન કરવા જેમ યુરોપના વૈજ્ઞાનિકોએ નિશ્ચિત અને ચોક્કસ પદ્ધતિઓનું નિર્માણ કર્યું છે તેમ ઈન્દ્રિયાતીત ઘટનાઓમાં સંશોધન કરવા માટે એવી નિશ્ચિત પદ્ધતિ

રજૂ કરી નથી. મનના કાર્યનો જે તદ્દન બાહ્ય આવિર્ભાવ છે તેનું જ તેઓ કેવળ નિરીક્ષણ કરી શકે છે. પરંતુ આ બાહ્ય આવિષ્કારોમાં, બાહ્ય વિષયોના કાર્યમાં મન એટલું બધું ઓતપ્રોત થઈ ગયું હોય છે અને તેમના પર એટલું બધું આધારિત રહેતું જણાય છે કે તેના કાર્યોના મૂળ સ્રોતો અને તેની કામગીરીની કોઈ નિયમિતતાને શોધી કાઢવી નિરીક્ષકને માટે ઘણું મુશ્કેલીભર્યું છે. તેથી યુરોપના વૈજ્ઞાનિકો એવા નિર્ણય પર આવ્યા છે કે ઇન્દ્રિયાતીત ઘટનાઓના કારણ તરીકે બાહ્ય વિષયોનાં ઉદ્દીપનો રહ્યાં છે અને જ્યારે એમ જણાય કે મન પોતાના બળ દ્વારા પોતાના દ્રવ્ય પર કાર્ય કરે છે ત્યારે મન ફક્ત બાહ્ય વિષયોમાંથી પ્રાપ્ત કરેલા અનુભવોને કેવળ એકઠા કરે છે, સાથે જૂથ રચે છે અને તેમનું સમ્માર્જન કરે છે. તેમના મત અનુસાર મનનું સ્વરૂપ જ એ પ્રકારનું છે કે અનુવંશ દ્વારા સંક્રાન્તિ પામતા ભૂતકાળના દ્રવ્યનું તે સર્જન છે. મનનું સાતત્ય એવું રહ્યું છે કે જંગલી માનવના પ્રારંભિક માનસમાંથી વીસમી સદીના સભ્ય માનવ સુધી આપણે દૃઢપણે વિકાસ પામ્યા છીએ. આ ભૌતિકવાદી સિદ્ધાંતોના સહજ પરિણામરૂપે મનના વિવિધલક્ષી બનાવોને સમજાવવા કોઈ યથાર્થ ચૈતસિક કેન્દ્ર શોધવાનું વિજ્ઞાન માટે મુશ્કેલ બન્યું છે અને તેથી વિચારના ભૌતિક સાધન જેવા મગજને ફક્ત એક જ યથાર્થ કેન્દ્ર તરીકે નિશ્ચિત કર્યું છે. આ ભૌતિકવાદી તત્ત્વજ્ઞાનમાંથી એવા અમુક સિદ્ધાંતો ફલિત થયા છે જે માનવજાતિના નૈતિક ભવિષ્ય માટે ઘણા ખતરનાક છે. પ્રથમ એવો સિદ્ધાંત ફલિત થાય છે કે મનુષ્ય એ ભૌતિકતત્ત્વનું સર્જન અને તેનો ગુલામ છે. મનુષ્ય ભૌતિક તત્ત્વને તાબે થઈને જ ભૌતિક તત્ત્વ પર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે. બીજો સિદ્ધાંત એ છે કે મન સ્વયં સ્થૂળ જડતત્ત્વનું સ્વરૂપ છે અને ઇન્દ્રિયોથી સ્વતંત્ર અને તેનો અધિષ્ઠાતા નથી. ત્રીજો સિદ્ધાંત એ છે કે વાસ્તવમાં સ્વતંત્ર સંકલ્પ જેવું કશું નથી કારણ કે આપણી બધી પ્રવૃત્તિઓ અનુવંશ અને વાતાવરણનાં બે મોટાં બળો દ્વારા નિર્મિત થાય છે. આપણે આપણી પ્રકૃતિના ગુલામ છીએ અને જ્યાં તેના આધિપત્યમાંથી મુક્તિનો અનુભવ કરીએ છીએ તેનું કારણ આપણા વાતાવરણના આપણે હજુ કનિષ્ઠ ગુલામો છીએ અને આપણી આજુબાજુનાં પરિબળો દ્વારા આપણા પાસે ચાલાકીથી કામ કઢાવવામાં આવે છે.

ભૌતિકવાદના આ ખતરનાક અને જુઠ્ઠા સિદ્ધાંતો જે મનુષ્યના ભવિષ્યની બરબાદી કરે છે અને તેની ઉત્ક્રાંતિમાં અવરોધ મૂકે છે તેમાંથી યોગ આપણને છુટકારાનાં સાધનો આપે છે. તેથી વિરુદ્ધ જડતત્ત્વમાંથી મનુષ્યના સ્વાતંત્ર્યને તે સ્થાપે છે, અને એ સ્વાતંત્ર્ય સ્થાપવાનાં સાધનો મનુષ્યને આપે છે. યોગીઓની પ્રથમ મહાન અને મૂળભૂત શોધ એ મન અને હૃદયની અનુભૂતિ-

ઓને પૃથક્કરણ કરવાનાં સાધનો છે. યોગ દ્વારા વ્યક્તિ મનનું એકાંતીકરણ સૂક્ષ્મદર્શીયંત્ર દ્વારા મનની કામગીરી નિહાળી શકે, આંતરિક અવયવ, અંતઃકરણના વિવિધ ભાગોના પ્રત્યેક કાર્યને એકબીજાથી ભિન્ન પાડી શકે છે. પ્રત્યેક માનસિક અને નૈતિક કાર્યને છૂટા પાડે છે, અન્ય કાર્યો અને મનઃશક્તિઓ સાથેના સંબંધો તેમ જ તેની એકાંગી કામગીરીઓને ચકાસી જુએ છે અને જેમ ભૌતિક પૃથક્કરણ તદ્દન પ્રાથમિક તત્ત્વ પર આવી પહોંચે છે જેમાંથી બીજું બધું સર્જાય છે અને આગળ ધપે છે તેમ એ મનના કામગીરીના સૂક્ષ્મ અને સૂક્ષ્મતર ઊગમોને તેમાં ઊંડા જઈ શોધી કાઢે છે. યોગ મીમાંસાનું પૃથક્કરણ પ્રાથમિક આધ્યાત્મિક તત્ત્વ પર આવી પહોંચે છે જેમાંથી બીજું બધું સર્જાય છે. ચૈતસિક કેન્દ્રની નિશ્ચિત જગ્યા શોધવી અને જે કેન્દ્રની આજુબાજુ ઇન્દ્રિયાતીત ઘટનાઓ એકઠી થાય છે તેનું સ્પષ્ટ રેખાંકન કરવા એ શક્તિમાન છે. આ રીતે એ વ્યક્તિનાં મૂળ નિશ્ચિત આલેખે છે. આ પૃથક્કરણની પ્રક્રિયામાં તેની પ્રથમ શોધ એ છે કે બાહ્ય વિષયોમાંથી મન તદ્દન એકાંગી બની શકે છે અને સ્વયં આપમેળે કામ કરી શકે છે. એ સાચું છે કે આ તથ્ય આપણને બહુ દૂર લઈ જતું નથી કારણ કે કદાચ એવું બને કે ભૂતકાળના અનુભવોની ધારણાથી સંગૃહિત થયેલા દ્રવ્યનો એ ઉપયોગ કરે છે. પરંતુ એ પછી બીજી શોધ એ છે કે વિષયોમાંથી એ જેમ પોતાને દૂર ખેંચે છે તેમ એ વિજયી અને સ્વતંત્ર વિરક્તિથી વધુ ઝડપી સ્પષ્ટતા, વધુ સામર્થ્ય અને ગતિથી મન કામ કરી શકે છે. મન પોતાના સ્વરૂપની અંદર ઇન્દ્રિયોને સમાવી તેનાથી પર જઈ શકે છે અને જ્યારે તે બાહ્ય ઘટનાઓ સાથે સંકળાયેલ છે ત્યારે તેનાથી તદ્દન અનભિજ્ઞ હોય એવી હકીકતોનો સમૂહ લાવીને મૂકે છે. સ્વાભાવિક રીતે વિજ્ઞાન આ બધાને પડકારશે અને ચિત્તભ્રાંતિ ઠરાવશે. તેનો ઉત્તર એ છે કે આ બનાવો પરસ્પર નિયમિત, સરળ અને બુદ્ધિગમ્ય નિયમો દ્વારા સંબંધિત છે અને ભૌતિક જગત પર કાર્ય કરતા વિચારથી સ્વતંત્ર તેમનું પોતાનું જગત તેઓ રચે છે. અહીં પણ વિજ્ઞાન પાસે એવો સંભવિત ઉત્તર છે કે આ ધારેલું જગત કેવળ ભૌતિક જગતના મગજની કલ્પનામય પ્રતિક્રિયા છે અને આ સૂક્ષ્મ ઘટનાઓની નિશ્ચિતતા અને બિનઅપેક્ષિત પરિબળો અને આપણી પોતાની ઇચ્છાશક્તિ અને કલ્પના તેમની સ્વતંત્રતામાં જે દલીલો તારવવામાં આવે છે તેની વિરુદ્ધ વિજ્ઞાન અચેતન મજ્જાકીય પ્રવૃત્તિ અથવા આપણે કહીએ તો અચેતન કલ્પનાની પ્રવૃત્તિનો નિષેધ કરશે. ચોથી શોધ એ છે કે મન એ બાહ્ય જડતત્ત્વથી કેવળ સ્વતંત્ર જ નથી પરંતુ તેનો માલિક છે. મન એ બાહ્ય ઉદ્દીપનોને માત્ર નકારી શકે કે નિયંત્રિત કરી શકે નહિ પરંતુ ગુરુત્વાકર્ષણ જેવા દેખાતા સાર્વત્રિક

ભૌતિક નિયમોનું ઉલ્લંઘન કરી શકે છે અને જેને નિસર્ગના નિયમો કહેવાય છે તેને શૂન્યવત્ કરે છે. આ પ્રકૃતિના નિયમો ખરેખર ભૌતિક પ્રકૃતિના જ નિયમો છે અને ચૈતસિક તથા ઈન્દ્રિયાતીત નિયમોથી ઊતરતા છે. એ તેમને તાબે રહે છે કારણ કે ભૌતિક તત્ત્વ એ મનની ઊપજ છે, મન એ ભૌતિક તત્ત્વની ઊપજ નથી. આ યોગની નિર્ણાયક શોધ છે અને ભૌતિકવાદનો એ પૂર્ણ અને અંતિમ નકાર છે. પછીથી આપણી ભીતરમાં અતુલનીય બળ, અતુલનીય બુદ્ધિ, નિર્બળતાની કે અજ્ઞાનની શકયતાથી અને શોકની કોઈ પણ સંભવિતતાથી પર અતુલનીય આનંદ રહ્યા છે તેની સર્વોપરી અંતઃપ્રતીતિ થાય છે. આ અમાપ આનંદને આપણા અંતરતત્ત્વના સંપર્કમાં લાવી શકીએ છીએ અને અસંભવિત તો નહિ પરંતુ વિકટ પરિસ્થિતિમાં તેનો ટેવયુકત ઉપયોગ કરી અને માણી શકીએ છીએ. ઉપનિષદોમાં આને બ્રહ્મ કહેવામાં આવે છે. આ બ્રહ્મ આદિતત્ત્વ છે જેમાંથી બધી વસ્તુ ઉત્પન્ન થાય છે, જેમાં એ નિવાસ કરે છે અને તેમાં જ પાછા વળે છે. આ ઈશ્વર છે અને ઈશ્વર સાથેનું સાયુજ્ય એ યોગનું ઉત્તમ ધ્યેય છે. એ સાયુજ્ય જ્ઞાન, કર્મ અને આનંદ તત્ત્વો માટે પ્રવૃત્તિશીલ છે.

વ્યક્તિની મહાનતા

મનુષ્યોની પ્રત્યેક સામૂહિક પ્રવૃત્તિઓ અને બધી ચળવળોમાં કાલાત્મા પોતાની જાતને અભિવ્યકત કરે છે. કાલાત્માને યુરોપમાં "Zeitgeist" અને ભારતમાં કાલ કહેવામાં આવે છે, એ નામો જ સૂક્ષ્મ રીતે મહત્ત્વનાં છે. કાલી સર્વેની માતા અને સર્વેની સંહારક છે, કાલી માનવતાના હાર્દમાં ગુપ્ત રીતે શકિત સ્વરૂપે કાર્ય કરે છે. મનુષ્યો, સંસ્થાઓ અને ચળવળોના સતત પ્રવાહમાં એ પોતાની જાતને પ્રગટ કરે છે. મહાકાલ ભીતર રહેલો આત્મા છે જેની શકિત બહાર જઈ કાલીમાં પ્રવેશ કરે છે. પ્રવેશીને જગતની પ્રગતિને તથા રાષ્ટ્રોના ભાગ્યને ઘડે છે. મહાકાલનું પ્રેરકબળ એવું છે જે સ્વયં કાલચક્રમાં પરિપૂર્ણ થાય છે. અને એક વખત ગતિ શરૂ થાય અને અંદર રહેલા આત્માના પ્રેરકબળની હાજરી હોય તો સમયચક્ર અને કાલી તેના પર અધિકાર જમાવે છે, તૈયારી કરે છે, પરિપકવ બનાવીને પરિપૂર્ણ કરે છે. જ્યારે કાલ, સમયમાં રહેતો ઈશ્વર, નિશ્ચિત દિશામાં ગતિશીલ રહે છે ત્યારે જગતનાં બધાં બળો આદેશ અનુસાર હેતુને પહોંચી વળવા સ્થાપિત પ્રવાહ ઓળંગવાનું આવાહન આપવામાં છે. જે સભાન રીતે મદદ કરે છે, તેને આગળ વધારે છે, પરંતુ જે તેમાં અંતરાયો મૂકે છે તે હજુ આ આગળ વધવાની ક્રિયાને વધુ વેગ આપે છે, અને તોફાને ચડેલા સમુદ્ર પરના તરંગો માફક ઘડીક ચડતું, ઘડીક ઊતરતું, ઘડીક વિજય અને વૃદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચતું અને ઘડીકમાં હાર અને નિરુત્સાહના પાત્રમાં નમતું જણાય છે. આમ ગુપ્ત ઊગમસ્થાનમાં રહેલું પ્રેરકબળ પૂર્વ-નિર્ધારિત પરિપૂર્ણતા તરફ આગળ ધપે છે. મનુષ્ય આ આગેકૂચમાં સહાયભૂત થાય કે મનુષ્ય તેનો પ્રતિકાર કરે પરંતુ કાલભૈરવ પોતાનું કાર્ય કરે છે, ભાર સહન કરે છે, આકાર આપે છે અને વસ્તુઓનું બંધારણ ઘડે છે. જ્યારે શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રના મહાન અને સ્મરણીય દર્શનમાં પોતાના જગતસ્વરૂપને પ્રગટ કરે છે. ત્યારે પોતાને સમયના સંહારક તરીકે ઉદ્ઘોષિત કરે છે, એ આ માનવજાતિના સૂક્ષ્મ પ્રત્યક્ષનું સૂચક છે. જ્યારે અર્જુન પોતાનું ધનુષ મૂકી દે છે અને કંપે છે, જ્યારે એ કહે છે કે, "આ આપણે જે કરીએ છીએ

એ પાપ છે અને માણસો અને ભાઈભાંડુઓની મહાન હત્યા છે, હું વિરમું છું." ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનને તેનો બુદ્ધિદોષ બતાવી સમજાવે છે અને તેની કલ્પનાશક્તિ પર વસ્તુઓના સત્યને આલેખવા ગીતાના અગ્યારમા અધ્યાયમાં વર્ણવેલા પ્રતિભાશીલ દર્શનથી આગળ ધપે છે, સામર્થ્યવાન શ્લોકો આ મુજબ છે:

कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धो
लोकान् समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ।।
तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून् भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ।।

"લોકોનો નાશ કરનારો અતિ ઉગ્ર મહાકાલ હું છું અને આ સમયે આ રાષ્ટ્રોનો સંહાર કરવા પ્રવૃત્ત થયેલો છું. તારા માર્યા વિના પણ દરેક સેનામાં રહેલા જે યોદ્ધાઓ છે તે બધા રહેશે નહિ, તે માટે તું ઊભો થા, શત્રુઓને જીતીને યશ મેળવ અને ધનધાન્યથી પૂર્ણ રાજ્યને ભોગવ. પહેલેથી જ મેં આ બધા મારેલા છે. માટે તું નિમિત્ત માત્ર થા."

કાળની ધીમી પ્રક્રિયા માફક શ્રીકૃષ્ણ પોતાની જાતને પ્રગટ કરે છે એમ નથી. જે કાર્ય દશકાઓથી કાળજીપૂર્વક તૈયાર થયું છે તેને એક ઘડીમાં કાલભૈરવ પરિપૂર્ણ કરવા માગે છે તે માટે શ્રીકૃષ્ણ અર્જુન સમક્ષ વિશ્વદર્શન રૂપ પ્રગટ થાય છે. અનિવાર્ય રીતે બધા કુરુક્ષેત્રના વિનાશ તરફ ગતિ કરી રહ્યા છે. મનુષ્યોએ એ જાણ્યું નહિ. જે માણસોએ આફતને દૂર રાખવા શક્ય બધું કર્યું હોત તેમણે પોતાની પ્રવૃત્તિ કે નિવૃત્તિથી તેના આગમનને સહાય કરી. જે માણસોને તેનું ઝાંખું દર્શન હતું તેમણે વિધાતાના ચક્રને રોકવા નિરર્થક પ્રયાસ કર્યો. શ્રીકૃષ્ણ પરિણામોને લક્ષમાં લીધા વિના જે પોતાનું કર્તવ્ય કરે છે એવા નિષ્કામ કર્મયોગીની માફક નિરર્થક એલચીપદું કરવા હસ્તિનાપુર ગયા. પરંતુ કાલભૈરવે એ બધું માથે ઉપાડયું. પરંતુ જેમ નદીઓ દરિયા તરફ દોડે છે, પતંગિયાં બળતા દીવા તરફ ઊડે છે તેમ ભારતીય જગતમાં રાજાઓનાં કુળોની ભવ્યતા, શક્તિ અને તેમની ઉદ્ધતાઈ, તેનાં શસ્ત્રો, રથો અને તેનાં પ્રચંડ સૈન્યો સંહારકનાં શક્તિશાળી જડબાંઓમાં અને તેના ભીંસી નાખતા દાંતો વચ્ચે કચરાઈ મરવા દોટ મૂકે છે. એમ અમુક સમય પછી જ માણસો જુએ છે. શાશ્વત તત્ત્વની લીલામાં એવી ગતિઓ છે જે ભયાનક છે, તેમ એવી

ગતિઓ છે જે મધુર અને સૌન્દર્યમય હોય છે. વૃંદાવનનું નૃત્ય કુરુક્ષેત્રના સંહારક નૃત્ય વિના પૂર્ણ નથી. કારણ કે પ્રત્યેક ગતિ જગતની મહાન સંવાદિત પ્રવૃત્તિ જે ગેરસંમતિમાંથી કષ્ટને રૂપાંતરિત કરી ઉત્ક્રાંતિની પરિપૂર્ણતા તરફ અને પાપમાંથી શિવમ્, શાન્તમ્, શુદ્ધમ્ અને આનંદમ્ તરફ દોરી જાય છે.

કાલભૈરવના હેતુનો કોણ પ્રતિકાર કરી શકે ? એ સમયમાં સેંકડોની સંખ્યામાં ભારતમાં શૂરવીર માણસો, મહાન દાર્શનિકો, યોગીઓ, સૂક્ષ્મ બુદ્ધિવાળા રાજનીતિજ્ઞો, નેતાઓ, વિચાર અને કર્તવ્યના અધિપતિઓ હતા અને શકિતશાળી બૌદ્ધિક સંસ્કૃતિનો વિકાસ તેની પરાકાષ્ઠાએ હતો. આમાંના કેટલાક માણસો જો ડાબેરીની અપેક્ષાએ જમણેરી થયા હોત તો કોઈને કદાચ એમ જણાય કે સમગ્ર વિનાશ રોકી શકયા હોત. આ મુજબ જ્યારે અર્જુને ધનુષને ફેંકી દીધું ત્યારે વિચાર્યું હતું. અર્જુન પાંડવોની સમગ્ર આશાના પ્રતીકરૂપ હતો. અને તેના વિના પાંડવોનો વિજય કેવળ સ્વપ્ન અને લડવું એ ગાંડપણ જણાતું હતું. છતાં કાળભૈરવ આ વ્યકિત સમજ સૌથી સમર્થની તદ્દન નિઃસહાયતા અને ભગવાનના આદેશની નિશ્ચિત પરિપૂર્ણતા જાહેર કરે છે. " જો તું નહિ હો તો પણ વિરુદ્ધમાં જે સૈનિકો વ્યૂહરચનામાં ગોઠવાયા છે એ યુદ્ધના વીરો જીવશે નહિ." કારણ કે આ મનુષ્યો કેવળ ભૌતિક શરીરમાં જીવે છે. જે સર્વના અધિષ્ઠાતા અને પરિપાલક છે તેમાં આ મનુષ્યોનાં શરીર નિધન પામે છે. જેમનું ઈશ્વર રક્ષણ કરે છે તેમને કોણ મારી શકશે? જેમને ઈશ્વરે મારી નાખ્યા છે તેમનું કોણ રક્ષણ કરશે ? જે મનુષ્ય અન્યને હણે છે એ જે તત્ત્વ ગુપ્તપણે આવૃત્ત છે એ આ તરફ મૂર્તિમંત થતા તત્ત્વનું સાધન અને નિમિત્ત છે. કુરુક્ષેત્રમાં જે પ્રચંડ હત્યાકાંડ થયો તેનું સત્ય એ આ જગતમાં થતી સર્વે વસ્તુનું સત્ય છે. ઈશ્વરની લીલાના અંગભૂત સર્જન, રક્ષણ અને સંહાર એ ત્રણે વિશે આ સાર્વત્રિક સત્ય છે.

આ શિક્ષણ અને ઉપદેશની મહાનતા એ મહાન મનુષ્યો માટે છે. જે વ્યકિતઓને શકિતશાળી ફેરફારો લાવવા સવિશેષ નિયુકત કરવામાં આવે છે તે વ્યકિતઓને અંતરતત્ત્વમાં કાલભૈરવની સંપૂર્ણ શકિત હોય છે. કાલી તેમનામાં પ્રવેશ કરે છે, અને જ્યારે કાલી મનુષ્યમાં પ્રવેશ કરે છે ત્યારે એ તર્કબદ્ધતા અને સંભવિતતા માટે જરા પણ કાળજી રાખતું નથી. જેમ બાળક દડાને ફેરવે છે તેમ હળવાશથી તારાઓને તેમની ભ્રમણકક્ષામાં ફેરવે એવી એ પ્રકૃતિની શકિત છે, અને એ શકિત માટે કશું અસંભવિત નથી. જે અસંભવિત છે તેને અસ્તિત્વમાં લાવવા કાલી ઘણી આતુર અને કુશળ એવી ઘટનઘટનાપટીયસી છે. દેવાત્મશક્તિ સ્વગુણૈઃ નિગૂઢા એ તેની પોતાની કામગીરીના પર્યાયોમાં પ્રચ્છન્ન દિવ્ય આત્માની શકિત છે અને જે પ્રયોજનને પાર પાડવા તેની નિયુકિત થઈ છે એ માટે

તેને સમય સિવાય કોઈની જરૂર નથી. એ સમયમાં ગતિ કરે છે અને સ્વયં ગતિ જ પોતાને પરિપૂર્ણ કરે છે, તેના સાધનોને સર્જે છે અને તેના સાધ્યોને સિદ્ધ કરે છે. એ અમુક વ્યકિતને છોડીને કોઈ એક મનુષ્યમાં ક્રિયાશીલ છે તે કોઈ અકસ્માત નથી. તે મનુષ્યની પસંદગી કરવામાં આવી છે કારણ કે એ સંભવિત પાત્ર અને સાધન છે અને તેને પસંદ કરી લીધા પછી કાલી જ્યાં સુધી પ્રયોજન પરિપૂર્ણ થતું નથી ત્યાં સુધી તેનો ત્યાગ કરતી નથી તેમ એ મનુષ્ય પોતાનો ત્યાગ કરે એવું બનવા દેતી નથી. તેથી શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે :

यदहंकारमाश्रित्य न योत्स्य इति मन्यसे ।
मिथ्यैष व्यवसायस्ते प्रकृतिस्त्वां नियोक्ष्यति ।।

" જે વિચાર તું કરે છે અને અહંકારનો આશ્રય લઈ એમ કહે છે 'હું નહિ લડું' એ આ તારો નિર્ણય મિથ્યા છે. પ્રકૃતિ તને તારા કાર્યમાં જોડશે."

જ્યારે મનુષ્ય પોતાના કાર્યને ત્યજી દેતો જણાય છે ત્યારે તેનો અર્થ કેવળ એટલો થાય છે કે તેનું કાર્ય પૂરું થયું છે અને કાલી તેને છોડી અન્યને એ કામ સોંપે છે. જ્યારે મનુષ્ય મહાન કાર્ય પાર પાડીને નાશ પામે છે ત્યારે આંતરિક શકિતનો તેણે અહંકારને સંતોષવા માટે ગેરઉપયોગ કર્યો છે અને પરિણામે સ્વયં શકિત ભાંગીને ભુક્કા થઈ જાય છે. આમ નેપોલીઅનની બાબતમાં બન્યું હતું. અમુક સાધનોનો સંગ્રહ કરવામાં આવે છે, અમુકને ઊંચકીને ફેંકી ધૂળધાણી કરવામાં આવે છે પરંતુ એ સર્વે સાધનો મનુષ્ય પોતાના સામર્થ્યથી મહાન બનાવોને નિર્ધારિત કરે છે એમ નથી પરંતુ તેમને જે શકિત નિર્ધારિત કરે છે એ શકિતનાં સવિશેષ ઘડેલાં સાધનો બની તેમની શુશ્રૂષા કરે છે, તેમ કરવામાં મહાન મનુષ્યોની મહાનતા રહી છે. અન્ય કોઈ મનુષ્ય કરતાં મીરાબોએ ફ્રેન્ચ ક્રાંતિને સર્જવામાં સહાય કરી. જ્યારે રાજાશાહીના ટેકેદાર બનીને ક્રાંતિ સામે રહેવાનું અને પ્રયાસ કરવાનું સમયના ચક્રને પાછું મૂકવાનું નિર્ધાર્યું ત્યારે શું ફ્રાન્સની ઉત્તમોત્તમ શકિતને પોતાના માર્ગમાંથી ચ્યુત કરવા ફ્રાન્સની ક્રાંતિ રોકાઈ ગઈ? કાલીએ મીરાબો પર પોતાનો પગ મૂકયો અને એ અદૃશ્ય થઈ ગયો. ક્રાંતિ આગેકૂચ કરતી ગઈ કારણ કે ક્રાંતિ કાલભૈરવનું પ્રગટીકરણ હતું. ક્રાંતિ ઈશ્વરનો સંકલ્પ હતો.

એ હમેશ એમ બને છે. જે મનુષ્યોએ એનું અભિમાન કર્યું કે મહાન બનાવો એ તેમનું કાર્ય હતું કારણ કે એ કાર્યોમાં આરંભમાં તેમનો હાથ રહ્યો હતો એ સમયના ગર્તમાં ઊંડે ચાલ્યા જાય છે, બીજા માણસો આ લોકોની આબરૂને તોડી પાડીને આગળ વધે છે. જેમને કાલી સ્વયં ગૌરવપૂર્વક આગળ ધપાવે છે અને જે ભાગ્યવિધાતા સાથે કોઈ શરત કરતા નથી તેઓ જ બાકી રહે છે અને જીવે છે. વ્યકિતઓની મહાનતા એ અંદર રહેતી શાશ્વત શકિતની મહાનતા છે.

સમર્પણનો સિદ્ધાંત

આત્મ-સમર્પણની પ્રકૃતિદત્ત શકિત બધાં રાષ્ટ્રો અને બધી વ્યકિતઓને સામાન્ય હોતી નથી. એ જૂજ અને મૂલ્યવાન છે, માનવજાતિના નૈતિક વિકાસનું ખીલેલ પુષ્પ છે. એ સ્વાર્થી પ્રાણી અવસ્થામાંથી નિઃસ્વાર્થી દિવ્ય અવસ્થા પ્રતિ જે ધીમો ધીમો વિકાસ અને ધીમું આરોહણ થયું તેનો પુરાવો છે. મનુષ્યનો અન્ય ગમે તે પાયો હોય પરંતુ જે મનુષ્ય આત્મબલિદાન કે સમર્પણ કરવા શકિતમાન છે તેણે પોતાનામાં રહેલા પ્રાણીને છોડી દીધું છે. ભવિષ્યની ઉચ્ચતર માનવજાતિની સામગ્રીને તેણે પોતાની અંદર ધારણ કરી છે. જે રાષ્ટ્ર આત્મસમર્પણના રાષ્ટ્રીય કર્તવ્ય માટે શકિતશાળી છે એ પોતાના ભવિષ્યને સુરક્ષિત રાખે છે.

અનૈચ્છિક રીતે અથવા સ્વાર્થ સ્વરૂપોથી આવૃત્ત આત્મ-સમર્પણ એ જોકે આપણા અસ્તિત્વની શરત છે. તેનો માનવજાતિમાં ધીમે ધીમે વિકાસ થાય છે. આરંભમાં જે બલિદાનો કરવામાં આવે છે એ સ્વાર્થયુકત હોય છે. તેમાં પોતાના વિકાસ માટે અન્યનું બલિદાન લેવામાં આવે છે. માતા જે પોતાના બાળક માટે પોતાના જીવનનું બલિદાન આપવા તૈયાર થાય છે એ પ્રાણીસ્વરૂપ વાત્સલ્ય-પ્રેમની સહજવૃત્તિથી અને પોતાની પ્રેયસી માટે પુરુષ પોતાના જીવનનું બલિદાન આપવા તૈયાર થાય છે. એ રક્ષણ આપવાની સહજવૃત્તિથી પ્રથમ ડગલું આગળ વધવામાં આવે છે. આ સહજવૃત્તિની વૃદ્ધિ આત્મતત્ત્વની વિભાવનાના મહદ્ રૂપની સંજ્ઞા છે. જ્યાં સુધી આત્મતત્ત્વને પોતાનાં શરીર અને તેની ઇચ્છાઓ સાથે એકરૂપ કરી દેવામાં આવે છે ત્યાં સુધી જીવની અવસ્થા અપ્રગતિશીલ અને પ્રાણી જેવી છે. જ્યારે આત્મતત્ત્વ વિસ્તૃત બને છે અને તેમાં પ્રેયસી તથા બાળકોને સમાવવામાં આવે છે ત્યારે તેનો વિકાસ શકય બને છે. આ મનુષ્યની પ્રથમ અવસ્થા છે. પરંતુ તેમાં પોતાના ઇન્દ્રિયજન્ય આનંદ, સામર્થ્ય, પ્રતિષ્ઠા અને એશઆરામ માટે પત્ની તથા બાળકોને માલિકીનાં સાધનો તથા ખ્યાદા તરીકે લેખવામાં આવ્યાં હોય ત્યાં સુધી મનુષ્યમાં રહેલું પ્રાણીતત્ત્વ ચાલુ રહે છે. એ રીતે જોયેલું કુટુંબ પણ સંસ્કૃતિની આધારશીલા બને છે.

કારણ કે એવું કુટુંબ સામાજિક જીવનને શક્ય બનાવે છે. પરંતુ જ્યાં સુધી શારીરિક જીવન કરતાં કૌટુંબિક જીવન એટલું બધું વહાલું ન થાય કે મનુષ્ય કુટુંબ માટે બલિદાન આપવા તૈયાર થાય. કુટુંબના રક્ષણ અને કલ્યાણ માટે તેનું જીવન કે તેનાં સુખસગવડનો ભોગ આપે ત્યાં સુધી માણસમાં રહેલા પરમાત્મતત્ત્વના યથાર્થ વિકાસનો આરંભ થતો નથી. કુટુંબ માટે પોતાની સુખસગવડનો ત્યાગ કરવો એ અવસ્થા મોટાભાગના માણસોએ સિદ્ધ કરી છે. ઘરની સહીસલામતી અને પત્નીના સન્માન માટે પોતાના જીવનનું બલિદાન આપવું એ શક્તિ દ્વારા બતાવ્યું છે. અલબત્ત, એ વ્યાપક લોકસમુદાયમાં સિદ્ધ થયું નથી. કુટુંબથી પરસમુદાય આવે છે અને આત્મતત્ત્વના વિસ્તારનું પછીનું પગલું શરીરમાં આત્મતત્ત્વનું એકરૂપ થવું અને ત્યાર બાદ કુટુંબનું આત્મતત્ત્વ સમુદાયના આત્મતત્ત્વ સાથે એકરૂપ થવાનો માર્ગ કરી આપે છે, ત્યારે જોવા મળે છે. પોતાના કુટુંબ કરતાં મનુષ્ય પર સમુદાયનો વધુ દાવો છે. એ સત્યની પ્રતીતિ કરવી એ સામાજિક સંયોગના વિકાસની પ્રથમ શરત છે. પિતૃસત્તાક કુટુંબમાંથી આદિવાસી જાતનો વિકાસ અને આપણો ગ્રામસમુદાય જેના ભાગરૂપે છે એવા જાતિય અને વર્ગીય સંસ્થાઓની પૂર્ણતાને એ અનુરૂપ હોય એમ જોવા મળે છે. અહીં ફરીથી વર્ગ અને જાતિના વ્યાપક હિતને ખાતર કૌટુંબિક હિતનું બલિદાન આપવા તૈયાર રહેવું એ સામુદાયિક જીવનની પ્રથમ શરત હોવી જોઈએ અને સમુદાયની સલામતી માટે પોતાના જીવનની આહુતિ આપવી એ દિવ્ય કર્તવ્ય છે જે સામુદાયિક ખ્યાલમાં વિસ્તૃત થતી પૂર્ણાહુતિને સંજ્ઞા દ્વારા દર્શાવે છે. એ પછીનું વિસ્તૃતિકરણ એ રાષ્ટ્રમાં આત્મતત્ત્વનો વિસ્તાર છે. રાષ્ટ્રની ઉત્ક્રાંતિ હાલ માનવજાતિ માટે ઘણી મહત્ત્વની વૃદ્ધિ છે, કારણ કે મનુષ્યનું, કુટુંબનું અને વર્ગનું સ્વાર્થીપણું ભૂતકાળમાં પોતાનાં ઊંડાં મૂળિયાં ધરાવે છે. એ સ્વાર્થવૃત્તિએ બૃહત્તર રાષ્ટ્રીય આત્મતત્ત્વમાં વિલીન થતાં શીખવું જોઈએ જેથી માનવજાતિમાં રહેતો ઈશ્વર વિકાસ પામે. તેથી રાષ્ટ્રવાદ એ યુગધર્મ છે અને ઈશ્વર આપણી સહુની માતૃશક્તિમાં આપણી સમક્ષ સ્વયં પ્રગટ થાય છે. રાષ્ટ્રીયતા રચવાનો પ્રથમ પ્રયાસ ગ્રીકનગર, સેમીટીક કે મોંગોલ રાજાશાહી, કેલ્ટીક વંશપરંપરા અને આર્યોનાં કુલ કે જાતિમાં જોવા મળે છે. એ આ સર્વે વિચારોનું મિશ્રણ હતું જેણે મધ્યયુગી રાષ્ટ્રની રચના કરી અને અર્વાચીન લોકોના માનસની ઉત્ક્રાંતિ કરી. અહીંયાં પણ સ્વાર્થ, કૌટુંબિક હિત, વર્ગના હિતનું વ્યાપક રાષ્ટ્રીય હિત જે રાષ્ટ્રમાં માનવજાતિની પરિપૂર્ણતાનું વિશિષ્ટ પરિબળ અને એક શરત છે તેનું બલિદાન અપાય છે અને રાષ્ટ્રના કલ્યાણ અને તેની સહીસલામતી માટે હના થવું એ વ્યાપક રાષ્ટ્રીય અસ્મિતાની પરિપૂર્ણતાનું ઉત્તમ કર્તવ્ય છે. હજુ ઉચ્ચતર પરિપૂર્ણતા લાવવા કેવળ ઘણીબાંધી વ્યક્તિઓએ

પોતાની તૈયારી દર્શાવી છે અને સર્વ માનવતાને સમાવવા આત્મતત્ત્વના વિસ્તાર માટે એ તૈયાર થઈ છે. માનવતાલક્ષી આદર્શો માટે અમુક વ્યક્તિઓથી આત્મ-વિલોપન કરવાની દિશામાં આગળ પગલાં લેવાયાં છે. પરંતુ માનવતાના વધુ વ્યાપક હિત માટે રાષ્ટ્રનાં હિતોનું બલિદાન કરવા વિશાળ માનવસમુદાય સામૂહિક રીતે હજુ શક્તિશાળી નથી. ઈશ્વર તૈયારી કરે છે પરંતુ ઈશ્વર તેની ઋતુના આગમન પહેલાં ફળને પરિપક્વ બનાવવાની ઉતાવળ કરતો નથી. એવો સમય આવશે જ્યારે આ પણ સંભવિત થશે પરંતુ હજુ સુધી એ સમય આવ્યો નથી. યોગ્ય તબક્કો ઓળંગ્યા વિના માનવજાતિ માટે એ શુભ અને ઉચિત નથી અને નિમ્ન પ્રકારની તાદાત્મ્યતા પ્રાપ્ત થઈ જાય એ અયોગ્ય છે. કારણ કે જે તબક્કો છોડી દેવાયો છે તેને પ્રાપ્ત કરવા પીછેહઠ કરવાની જરૂરિયાત ઊભી થાય. જ્યાં સુધી પાછળ રહી ગયેલી વણજીતાયેલી મહત્ત્વની હકૂમતો હોય ત્યાં સુધી આગેકૂચ કરવામાં કોઈ મહાન પ્રાપ્તિ થતી નથી. માનવજાતિની આગેકૂચ એ સ્થિર અને નિશ્ચયી પ્રગતિ છે.

રાષ્ટ્રીય અસ્મિતાનો અર્થ કદાચ એવો લેવાય કે એ સામૂહિક સ્વાર્થ-વૃત્તિ છે તેથી વિશેષ નથી. જો દેશની સહીસલામતી અને મહત્તા કાયમ રહેશે તો મારો પૈસો, આબરૂ કે દરજ્જો સુરક્ષિત રહેશે તેથી હું કદાચ મારી સંપત્તિ અને એશઆરામનું દેશને ખાતર બલિદાન આપું. જો રાષ્ટ્રની સહીસલામતી હશે તો મારાં ઘરબાર સુરક્ષિત રહેશે તેથી દેશ માટે આ ઉપરાંત હું વધુ બલિદાન આપવા તૈયાર રહું. રાષ્ટ્રની મહત્તા, સંપત્તિ અને સમૃદ્ધિ એ મારો વર્ગ અને મારી જાતિની મહત્તા, સંપત્તિ અને સમૃદ્ધિ બનવાનાં છે તેથી દેશને માટે આથી ઘણું વધારે બલિદાન કરવા તૈયાર થઉં, અથવા રાષ્ટ્રની મહાનતા સુરક્ષિત રાખવા હું મારું સર્વસ્વ સમર્પી દેવા તૈયાર થઉં કારણ કે તેમ કરવામાં દેશનું ગૌરવ છે અને મારો દેશ સર્વોપરી અને ચક્રવર્તી બને એ જોવાની મારી ઇચ્છા હોય. સ્વાર્થવૃત્તિમાંથી મનુષ્યને મુક્ત કરી વ્યાપક જીવનમાં મદદરૂપ થતાં અને એ તરફ દોરી જતાં આ સર્વે સ્વાર્થવૃત્તિનાં સ્વરૂપો છે. શાહીવાદ અને મૂડીવાદના ક્રાપો અર્વાચીન રાષ્ટ્રોને કોરી રહ્યા છે એ આ દબાણને આભારી છે. પરંતુ એ રાષ્ટ્રની સમૃદ્ધિ અને વિકાસને દુષિત કરતાં અભિમાન, ઘૃણા અને અન્યાયનાં ઊગમસ્થાનો છે. ગ્રીક પ્રજાએ આવી વસ્તુઓની તીવ્ર સંવેદના દ્વારા પોતાના ગુણોને સ્પષ્ટ રીતે જુદા પાડવા પ્રયાસ કર્યો અને એ વિનાશક પ્રગતિ દ્વારા સમૃદ્ધિમાંથી ઘૃણા, માનહાનિ અને બેફામ વર્તન તરફ અને માન-હાનિ તથા બેફામ વર્તન દ્વારા મોહાંધતા તરફ દોરાય છે. આ મોહાંધપણું મનુષ્યો અને રાષ્ટ્રોનો નાશ કરવા માટે ઈશ્વરનું સાધન બને છે. આ અનિષ્ટને પાર પાડવાનો એક જ ઉપાય છે અને એ રાષ્ટ્રને સામાન્ય માનવજાતિ ન લેખતાં

આવશ્યક એકમ લેખવું.

રાષ્ટ્રના જીવનના બે તબક્કાઓ છે, પ્રથમ જ્યારે એ પોતાની રચના કરે છે અથવા પોતાની નવરચના કરે છે. બીજો તબક્કો જ્યારે એનું ઘડતર, સંગઠન થયું છે અને શક્તિશાળી બન્યું છે. પ્રથમ તબક્કામાં વ્યક્તિના જીવન પર રાષ્ટ્રવાદ વાજબીપણે પોતાની મહાન માગણીઓ મૂકે છે. બીજા તબક્કામાં રાષ્ટ્રે પોતાની માગણીઓ ઘટાડી નાખવી જોઈએ. તેણે સંતુષ્ટ થઈ જેમ કુટુંબમાં વ્યક્તિ પોતાને જાળવે છે, વર્ગમાં કુટુંબ, રાષ્ટ્રમાં વર્ગ પોતાને જાળવે છે, તેમાં પોતાનો વિનાકારણ વિનાશ નોતરીને નહિ પરંતુ વધુ વ્યાપક હિતની પ્રતીતિ કરીને, તેમ ભિન્ન રુચિવાળા રાષ્ટ્રકુટુંબમાં પોતાને જાળવવું જોઈએ. જે રાષ્ટ્ર પોતાના સ્વતંત્ર અસ્તિત્વને મૂર્તિમંત કરવા પુરુષાર્થ કરે છે, માટે વધુ વ્યાપક હિતને ભવિષ્યના આદર્શ તરીકે અને વિશાળ મન તથા ઉદાત્ત રાષ્ટ્રાભિમાન માટે જરૂરી ઉચ્ચતર પ્રેરણા તરીકે જ જોવાના છે. વધુ વ્યાપક હિત માટે રાષ્ટ્રનું બલિદાન સંભવિત નથી કારણ કે ઉચ્ચતર શુભ માટે પોતાનાં હિતોનું બલિદાન આપવા પ્રથમ રાષ્ટ્રનું અસ્તિત્વ હોવું આવશ્યક છે.

આપણે હાલમાં પ્રથમ ઘડતરના તબક્કામાં છીએ અને આ તબક્કામાં રાષ્ટ્રવાદની માગણી અનિવાર્ય છે. રાષ્ટ્રનું નિર્માણ કરવાના ઉત્તમ ધ્યેય ખાતર વ્યક્તિ, કુટુંબ અને વર્ગ બલિદાનો આપે તો જ આવા વિષમ સંયોગોમાં રાષ્ટ્રવાદ પોતાના અસ્તિત્વની પ્રથમ શરત સુરક્ષિત રાખી શકે. અભિનવ રાષ્ટ્રવાદનું પ્રત્યેક કાર્ય આત્મ-સમર્પણ, બલિદાન અને કષ્ટ વેઠવા માટેની હાકલ છે. સ્વદેશી, મધ્યસ્થીગીરી, રાષ્ટ્રીય કેળવણી આવી હાકલો હતી. બધાથી ચડિયાતી સવિનય ભંગની ચળવળ એ આવી રાષ્ટ્રની હાકલ હતી. વ્યક્તિ અને કુટુંબની રાષ્ટ્રના હિત માટે આહુતિ આપવા વ્યાપક તત્પરતા ન જાગે તો આમાંની કોઈ પણ વસ્તુ સિદ્ધ થઈ શકતી નથી. આજકાલ નવો પડકાર આકાર લેતો જણાય છે. એ પોતાના અધિકારો અને પૂર્વગ્રહોનું બલિદાન કરવાનો ઉચ્ચ વર્ગોને કરાતો પડકાર છે. જેમ નીચલા વર્ગનું જીવનધોરણ ઊંચું લાવવા જાપાનના ઉચ્ચ લશ્કરી અધિકારીવર્ગ સમુરાઈએ કર્યું તેવો એ પડકાર છે. જો રાષ્ટ્રીય ભારતને સર્જવું હશે તો નિઃસંકોચ આત્મ-બલિદાનની સામાન્ય ભાવનાને ફેલાવવી એ અનિવાર્ય ભૂમિકા છે. આપણે જે પ્રવૃત્તિ આરંભી છે તેના સ્વરૂપમાંથી જ આ સત્ય દેખાય છે તેમ નથી પરંતુ તાજેતરમાં બલિદાનનું પ્રત્યેક કર્તવ્ય વ્યક્તિગત બાબતમાં નક્કી કરતાં અગાઉ ઈતિહાસ અને અનુભવની કસોટીને સંઘર્ષમાં લેવાનું સૂચવાયું છે તે પરથી પણ જણાય છે. જેમ રાષ્ટ્રવાદી પક્ષે આદર્શો પ્રેરિત કરી કષ્ટ વેઠવાની તૈયારી દર્શાવી રાષ્ટ્રના હૃદયને પોતાની તરફેણમાં લીધું છે તેમ ઈતિહાસ અને અનુભવનો નિર્દેશ કરી

તેણે બુદ્ધિને પૂરેપૂરી સમજાવી છે. પ્રત્યેક વ્યક્તિગત બાબતમાં આપણે સમગ્ર પ્રશ્નનું પુનરાવલોકન કરવું જોઈએ એ માગણી અતિશય અને અસંભવિત છે. બલિદાનની જરૂરિયાત અને ઉપયોગિતા વિશે આપણે સામાન્ય રીતે સમજેલા હોઈએ અને વ્યક્તિગત પડકારને અનુભવીએ એ પૂરતું છે. જે લોકોનું ઘડતર થઈ ગયું છે, મુક્ત અને સમૃદ્ધ થયું છે તેમના સંયોગો પરથી જે લોકો ગુલામ, દુઃખી અને મથામણ કરી રહ્યા છે તેમના વિશે દલીલ કરી શકીએ નહિ એ યાદ રાખવું જોઈએ. પ્રથમ, વ્યક્તિ આત્મ-સમર્પણ કે બલિદાનનાં કાર્યો વારંવાર પાર પાડે એવી તેની પાસે માગણી કરવામાં આવતી નથી. પરંતુ જે રાષ્ટ્ર દ્વારા નિયમિત મંગાય છે અને આવશ્યક બાબતમાં સવિશેષ સમર્પણ કરવાની સામાન્ય તૈયારીની અપેક્ષા વ્યક્તિ પાસે રાખવામાં આવે છે. બીજું, આવશ્યકતા એ સતત પરિમાણ છે. આવા સંયોગોમાં હિંમત અને આત્મ-પ્રતિકારના પ્રત્યેક વ્યક્તિગત કર્તવ્ય માટે પર્યાપ્ત મૂલ્યની માગણી કરવી એ પણ વાજબી સિદ્ધાંત નથી. જે પરાધીન રાષ્ટ્રની વ્યક્તિઓ જેમને તેમની સ્વતંત્રતાની કિંમત ચૂકવવાનું કહેવામાં આવ્યું છે — એ કર્મવિધાતાને એમ કહે કે, "પ્રત્યેક વ્યક્તિગત બલિદાનના વળતરરૂપે તમે મને આટલું આપશો અને અમારે અગાઉથી તમારી શરતો જાણી લેવી જોઈએ. જ્યાં સુધી અમારા કષ્ટના મૂલ્યની છેલ્લી પાઈ બાકી હશે ત્યાં સુધી અમે તમારો વિશ્વાસ કરશું નહિ" તો એ ખરેખર આશ્ચર્યજનક લેખાશે. આવા મનુષ્યો કે આવા જુસ્સાથી પરાધીન રાષ્ટ્રો મુક્ત થયાં નથી.

સત્તા જે ઉત્કર્ષ સાધે છે

ઈટલીની ક્રાંતિમાં જે મહાન અગ્રગણ્ય કર્મવીરો હતા તેમાંના બે ઈટલીના નવસર્જન માટે અત્યંત અનિવાર્ય જણાય એવા મેઝીનિ અને કાવૂર હતા. આ બેમાંથી નિઃશંકપણે મેઝીનિ વધુ મહાન હતા. કાવૂર આયોજક અને રાજનીતિજ્ઞ હતા ત્યારે મેઝીનિ પયગંબર અને સર્જક હતા. બધા દેશો અને જુદા જુદા યુગોમાં માનવસમુદાયને જે મહાન અને શાશ્વત વિચારો સક્રિય બનાવે છે તેમાં મેઝીનિ ગરકાવ અને વ્યસ્ત હતા. કાવૂર આધુનિક ઈટલીના તત્કાલીન જરૂરિયાતો અને તેના સંજોગો સાથે સંકળાયેલા હતા. એક તીક્ષ્ણ મગજ ધરાવતા હતા ત્યારે બીજાનો આત્મા શક્તિશાળી હતો. કાવૂર ઈટલીના નાગરિક છે, મેઝીનિ સમગ્ર માનવજાતિના નાગરિક છે. કાવૂર અમુક યુગના માનવ હતા, મેઝીનિ શાશ્વતીના સભ્ય છે, પરંતુ જો કાવૂર ન હોત તો મેઝીનિના કાર્ય પર તરત જ સફળતાનો કળશ ન ચડયો હોત. અને જો મેઝીનિ ન હોત તો કાવૂરનું કાર્ય પણ અસંભવિત બની જાત. સમગ્ર માનવજાતિના આત્માને મેઝીનિએ સુગ્રથિત કર્યો. ભૂતકાળના ખ્યાલને અને તેની ભવિષ્યની પ્રેરણાને ઈટલીના રંગે વણી લીધા અને મરેલાને જીવનદાન આપ્યું. તેના શબ્દોની સંજીવની શુષ્ક અસ્થિમાં માંસચરબી લાવી દેતાં અને વગડાઉ ઝેરી ફૂલો ગુલાબમાં ફેરવાઈ જતાં. મેઝીનિએ સમગ્ર ઈટલીમાં લાંચરુશવત, જુલ્મ, નૈતિક અધઃપતન, સ્વાર્થ અને નીતિમત્તાનાં ધોરણોની ગેરહાજરી નિહાળ્યાં. ઈટલી તદ્દન વિભાજિત અને એકતા વિનાનો દેશ જણાયો. મેઝીનિએ ઈટલીની પ્રજાને મહાન આશા, પ્રેરણા, ઉચ્ચ આધ્યાત્મિકતા અને બૌદ્ધિક સંવેગનું પ્રદાન કર્યું. ભૂણાત્મક પંડિતાઈ અને ગેરરસ્તે દોરનારી વિગતને દૂર રાખી એ સર્વે વસ્તુના હાર્દ પ્રત્યે પ્રત્યક્ષ ખેંચી ગયા. એક કે બે જરૂરિયાતોને વળગીને, જીવન અને મરણનો આદર્શ અને જીવવા તથા મરવા માટે અનિવાર્ય બળ આપ્યાં. આ બધું મેઝીનિએ કર્યું અને એ પર્યાપ્ત હતું. ઈટલીની જૂની રાજનીતિજ્ઞતા, વ્યવહાર-દક્ષતા, મુત્સદ્દીગીરીને કાવૂરે સજીવન કરી અને એકતા તથા સ્વાતંત્ર્યના મહાન આદર્શની સેવામાં મૂકયા, મેઝીનિએ એકતા અને સ્વાતંત્ર્યની લાખો માણસની

અતિપ્રભુત્વ ધરાવતી કામના ખીલવવામાં ખંતથી કામ કર્યું. આમ છતાં ઈટલીના આ બે મુક્તિદાતા અને પ્રેમી એકબીજાને કદી સમજી શક્યા નહિ. અપ્રમાણિક ખટપટી તરીકે કાવૂરને મેઝીનિએ અવગણી કાઢયો. કાવૂર એ મેકિયાવેલીની રાજનીતિનો અનુયાયી છે એવું મેઝીનિ માનતા. એથી વિરુદ્ધ કાવૂર મેઝીનિની એવી નિંદા કરતા કે મેઝીનિ અંધશ્રદ્ધાળુ અને ભયાનક ઝઘડાખોર વ્યક્તિ છે. આ જાતની સતત નિંદા અને ગેરસમજૂતી માટે ઉપરછલ્લાં અને દેખીતાં કારણો આપવાં એ સહેલું છે અને રાજાશાહીનો પક્ષકર્તા, વ્યવહારુ રાજનીતિજ્ઞ અને આદર્શ રાજ્યનો અને લોકશાહીનો પક્ષકર્તા એકબીજાને ન સમજે અને એકબીજાનો વિશ્વાસ રાખે નહિ, અણગમો વ્યક્ત કરે એમ કહેવું મુશ્કેલ નથી. પરંતુ તેનું વધુ સૂક્ષ્મ કારણ છે.

૧

ઈટલીના યુવકોનાં હૃદય અને કલ્પનામાંથી જે એક વસ્તુને મેઝીનિ દૂર કરવા અને યુવકોને મુક્ત કરવા પ્રયાસ કરતા હતા તેને મેકિયાવેલીનો સિદ્ધાંત એવો એક જ શબ્દ મેઝીનિએ સૂચવ્યો અને આ સિદ્ધાંતનો મેઝીનિ તિરસ્કાર કરતા હતા. જે મેકિયાવેલીનીતિને અનુસરે છે તે મનુષ્ય કલ્પના વિનાનો શુદ્ધ બુદ્ધિવાળો છે. એ મહાન વિષયો પ્રત્યે બૌદ્ધિક રીતે મૃતઃપ્રાય નથી પરંતુ એ મહાન વિષયોને પોતાનો આદર્શ બનાવતો નથી. સઘન હેતુઓનાં દૃષ્ટિબિંદુઓ તે તરફ જુએ છે અને માનવ લુચ્ચાઈ જે સૂચવે છે અને અનૈતિક બળ દ્વારા જેને ગતિશીલ કરાય તેનાં પ્રત્યેક સાધનોને ઉપયોગમાં લાવવા તૈયાર છે. મેઝીનિના આગમન પહેલાં ઈટલીની રાષ્ટ્રભક્તિ આ મેકિયાવેલીનીતિના ઢાંચામાં રચાયેલી હતી. જીવનશૈલી રચવાનો ઈટલીનો પ્રથમ પ્રયાસ જે ચળવળમાં મૂર્ત થયો હતો એરી કાર્બોનેરી ચળવળમાં આ નીતિ સંપૂર્ણ ઓતપ્રોત હતી. આ નિકૃષ્ટ અને બિનઅસરકારક સ્તરમાંથી મેઝીનિએ દેશનું ઉત્થાન કર્યું અને પુનર્સર્જનને વાજબી ઠરાવી શકે તે માટેનું જ સામર્થ્ય આપ્યું, આંતરિક આત્મતત્ત્વનું બળ આપ્યું, આજુબાજુના સંયોગો અને તુરતજના હેતુઓને અવગણવાની શક્તિનું પ્રદાન કર્યું. આદર્શની તમન્નાથી દોરાઈ જઈને-જે બળને તે સર્જે છે તેની વધતી જતી ગતિ અને પ્રેરણા પર વિશ્વાસ રાખીને, અશક્યતા અને અસંભવિતતાના વિચારો પ્રત્યે ઘૃણા દર્શાવી અને પ્રતિકૂળ સંજોગો અને નસીબ વિરુદ્ધ જે પાસાઓ નંખાઈ ગયા છે તેની વેદી પર જીવન, જીવનનું સુખ અને જીવનનાં સાધનોને હોમી દેવાનું બળ આપ્યું છે. અંતરતત્ત્વમાં રહેલું આધ્યાત્મિક બળ કેવળ ભવિષ્યને સર્જતું નથી પરંતુ ભવિષ્ય માટે જે દ્રવ્યો અને સાધનો જરૂરી છે તેને પણ સર્જે છે. આધ્યાત્મિક બળ તેમના પરિમાણ કે સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવતાં સાંપ્રત સાધનો પૂરતું જ

મર્યાદિત નથી. આધ્યાત્મિક બળ દુષિત સાધનને સુયોગ્ય સાધનના સ્વરૂપમાં, અપર્યાપ્ત સાધનોને વિપુલ સાધનોમાં પરિવર્તિત કરી શકે છે.

આ મહાન સત્યની ઊંડી ચેતનાને આધુનિક ઈટલીને સર્જવાનું મેઝીનિને સામર્થ્ય આપ્યું. મેઝીનિની આંખો ઈટલીના બાહ્ય કે આંતરિક સંજોગો કરતાં વિશેષ રાષ્ટ્રનાં મન અને હૃદય પર હમેશ સ્થિર થઈ હતી. એ રાજનીતિજ્ઞ પુરુષ નહોતા પરંતુ રાજનીતિજ્ઞની વેધકદૃષ્ટિ કરતાં વધુ તેમનામાં હતું. તેમનું ક્ષુલ્લક, સ્થાનિક અને અનિવાર્ય રીતે નિષ્ફળ બળવાની શૃંખલાનું આયોજન સાધારણ વ્યાવહારિક મનુષ્યને રાજકીય ડહાપણ અને સામાન્ય સમજનો તદ્દન નિષેધ જણાય. અમુક આકસ્મિક ખૂનખાર જંગોથી આ દેશના સ્વાતંત્ર્યને યથાર્થ ઠરાવી શકાય એ ખ્યાલમાં ખરેખર માનવામાં આવે તો એ અમુક જંગલી મગજના ખ્યાલ જેટલો વ્યર્થ છે. આમ છતાં એક મૂળગામી ભેદ રહ્યો છે. પોતાના વિશે મેઝીનિ પૂર્ણ રીતે સભાન હતા. રાષ્ટ્રના હૃદય પર મેઝીનિની આંખ મંડાયેલી હતી અને ઈટલીના રોગના વૈદ્યની જેમ મેઝીનિનું કાર્ય અંતિમ અને પૂર્ણ પરિણામ લાવવાનું નહોતું પરંતુ પૂર્ણ રોગમુક્તિ અને પુનરુત્થાન માટે સાનુકૂળ પરિબળો સર્જવાનું હતું. અમુક સમય સુધી બળના સંપુટને સર્જી શકાય નહિ ત્યાં સુધી અંતિમ સફળતા સંભવિત નથી, એ મેઝીનિ પૂરી રીતે જાણતા હતા. આ બળના સંપુટને સત્તાની રૂએ એકઠું કરી શકાય એમ નથી એ પણ મેઝીનિ જાણતા હતા. પરંતુ મેઝીનિ એ વિશે પણ સભાન હતા કે તેની પ્રવૃત્તિની ભીતરમાં મહાન આધ્યાત્મિક અને નૈતિક સામર્થ્ય વિના અને અભીપ્સાને ઉદ્દીપ્ત કર્યા વિના આ બળ સંપુટ વિજય પામી શકે તેમ નથી. આ સામર્થ્ય અને બળને સર્જવા મેઝીનિએ પ્રયાસ કર્યો. મેઝીનિનાં લખાણોમાં અને "યંગ-ઈટલી" જે વિચારોનું મુખપત્ર હતું એ પ્રભાવશાળી અને ઉન્નતિકારક વિચારોની પ્રસિદ્ધિ દ્વારા તેમણે આધ્યાત્મિક બળનું સર્જન કર્યું.

પરંતુ નૈતિક બળ કેવળ વિચારો દ્વારા જ દૃઢીકૃત થતું નથી, તેનું કર્તવ્યના કાર્યગૃહમાં જ ઘડતરકામ અને તેની રચના કરી શકાય. ઈટલીના નિશ્ચેષ્ટ હૃદય અને જડ અંગઉપાંગોમાં મેઝીનિએ કર્તવ્યની, સામર્થ્ય, હિમત અને પ્રવૃત્તિ આરંભની આદતને પુનર્સર્જિત કરવા પ્રયાસ કર્યો. અને આ સાથે પૂર્ણ આત્મ-બલિદાન અને આત્મ-નિષેધ, મુશ્કેલીઓ, પરાજય પ્રત્યે લોહરૂપ કઠોરતા, દેખીતી અસંભવિતતા અને ધૂણા કેળવવાની ઉદાત્ત રોમની પ્રજા જેવો ઉત્સાહ અને ખંત સ્થાપવા મેઝીનિએ પ્રયાસ કર્યો. આ હેતુ માટે જે યોજનાઓને તેણે વ્યવહારમાં મૂકી તેની વ્યર્થતા જ પોતાનાં સંભવિત લખાણો કરતાં વધુ હિત-કર્તા હતી અને જ્યારે અન્યની અને ક્યારેક ક્ષુલ્લક છતાં અસંભવિત પ્રયાસો આદરતા જે યુવાન અને ખમીરવંતી પ્રજા લોહીયાળ બનતી જોઈને પોતાનું

હૃદય દ્રવી ઊઠતું ત્યારે પ્રત્યેક નિરાશાજનક સંજોગ એ શ્રદ્ધા અને પ્રજ્ઞાના સહારાથી અડગ રહ્યા. કારણ કે મેઝીનિમાં એ અતિમાનવનું સામર્થ્ય હતું. મેઝીનિને ઈટલીનો ઉત્કર્ષ સાધવા મંજૂરી મળી હતી. ઈટલી ઝડપથી મહત્તર યુરોપની એક સત્તા બને એ જો ઈશ્વરનો સંકલ્પ હોત તો ઈટલીને મુકત કરવાની તેને મંજૂરી મળી હોત. કાવૂરે ઈટલીની સ્વતંત્રતા માટે જે સાધનો વાપર્યાં તેથી ભિન્ન માર્ગ મેઝીનિએ હાથ ધર્યો હોત. કદાચ તે માર્ગના પાલનમાં વધુ સમય પસાર થયો હોત. અને માનવ જીવનની વધુ ખૂનખાર અને લોહીયાળ બરબાદી થઈ હોત. પરંતુ કાવૂરની જેમ સેવોય અને નીસનાં પરગણાંઓને લાંચરૂપે ફ્રાંસના હાથમાં સોંપી તેની બજારમાં ઈટલીની સ્વતંત્રતાને મેઝીનિએ વહેંચી નાખી ન હોત. સદીઓ સુધી દેશને જીવંતપણે ટકાવી શકે એવી આધ્યાત્મિક અને નૈતિક બળથી સભર દિવ્ય સંપત્તિ પ્રદાન કરી હોત. યુરોપની બૌદ્ધિક, રાજકીય અને આધ્યાત્મિક નેતાગીરી ઈટલી લે એવું તેનું ભવ્ય સ્વપ્ન મેઝીનિએ પરિપૂર્ણ કર્યું હોત.

૨

આ કાર્ય કાવૂર ઊતરતી કોટિનો મનુષ્ય હતો તેથી કાવૂરને સોંપાયું હતું. મેઝીનિએ કાવૂરના ખ્યાલોમાં મેકિયાવેલીની વિચારસરણીને પુનર્સર્જિત થતી અને પોતાના નૈતિક કાર્યને છિન્નભિન્ન થતું જોયું. કાવૂરની ભૂલ હતી પરંતુ એ તદ્દન ખોટો નહોતો. કાવૂરનો સ્વભાવ અને તેની પદ્ધતિઓ મુખ્યત્વે મેકિયાવેલીની વિચારસરણીને અનુસરતા હતા. ઈટલીની પ્રજાના ચારિત્ર્યમાં મેકિયાવેલીની વિચારસરણીના પ્રતિનિધિરૂપ લક્ષણો પુનર્જીવિત કર્યાં અને તેને સફળ રીતે પ્રગટ કર્યાં, કાર્બોનરીની જેમ કાવૂરે પરિબળોને ચકાસી જોયાં, પ્રત્યક્ષ ભૌતિક અભિરુચિઓને ઉચ્ચ સ્થાન આપ્યું. તદ્દન અસંભવિત તો નહિ પરંતુ મહાન વિષયોને આદર્યા. તેણે ઉદાત્ત સાધનો તો નહિ પરંતુ જુસ્સાપૂર્વક હિંમતવાળાં સાધનોનો સહારો લીધો. તે કાવાદાવા રમ્યો, બનાવોને ઠીલમાં મૂકવા પ્રયાસો કર્યા અને જે પરિબળો પરિવર્તનશીલતા માટે અશકિતમાન હતાં તેને પરિવર્તનશીલ બનાવ્યાં. કાર્બોનરીથી વિરુદ્ધ ભૌતિક બલિદાનો આપવામાં બાકી ન રાખી. કાવૂર કેવળ મહાન રાજનીતિજ્ઞ ન હતો પરંતુ ઈટલીના સ્વાતંત્ર્ય અને તેની એકતાને બિરદાવવાનું એ શીખ્યો હતો. આ સ્વાતંત્ર્ય અને એકતા એ કાવૂરને માટે માત્ર રાષ્ટ્રીય હિતો ન હતાં પરંતુ ઊંડા વ્યસ્ત કરી મૂકે એવા આદર્શો હતા. મનુષ્ય પોતાની પત્ની અને બાળક માટે જે કામના સેવે છે તે કરતાં વધુ મહાન કામના આ અભીપ્સાઓ માટે સેવી અને મુકત રાજ્યમાં મુકત દેવળના તેના ઉદ્દામવાદી આદર્શમાં ભાવનાત્મક જુસ્સો તેણે રેડયો હતો. આ કામના અને જુસ્સો કાવૂર અને

મેકિયાવેલીની વિચારસરણી અનુસરતા શુદ્ધ કાર્બોનરીના પ્રણેતા વચ્ચે જે ભાવનાત્મક ભેદ રહ્યો છે તેનું માપ કાઢી બતાવે છે. આ જુસ્સો અને કામનાએ બધી વસ્તુઓને એક જ ઢાળિયામાં નાખી ભગીરથ પ્રયાસ કરવાનું તેને બળ આપ્યું. આમ મેઝીનિના સંદેશની આંશિક પ્રેરણા કાવૂરમાં હતી અને મેઝીનિએ જે બળને જન્મ આપ્યો તેનો કાવૂરે ઉપયોગ કર્યો, એ બળ વિના કાવૂર નિઃસહાય બની ગયો હોત. કાવૂરે ઈટલીને બચાવ્યું ન હતું. પુનઃસર્જિત ઈટલીનું બળ કાવૂરના આત્મા દ્વારા કાર્ય કરતું હતું, તેણે ઈટલીને બચાવ્યું હતું.

ઈતિહાસ વારંવાર વિકૃત રજૂઆત કરે છે અને ઈતિહાસમાં આપણે એમ વાંચીએ છીએ કે ક્રાંતિનો ઉત્તરાર્ધ સમગ્રપણે કાવૂરના કાવાદાવાથી સંચાલિત હતો. પરંતુ હવે એ વાતનો સ્વીકાર થયો છે કે સૌથી મહત્ત્વની બાબતોમાં કાવૂરે એક આયોજન કર્યું હોય અને રાષ્ટ્રોના મહાન ભાગ્યવિધાતાએ તદ્દન જુદું જ આયોજન કરી રાખ્યું હોય. પરંતુ પોતાના કરતાં બનાવો વધુ વિચક્ષણ છે તેની પ્રતીતિ અને રાજનીતિજ્ઞપણાની મહાન બક્ષિસ કાવૂરમાં હતી. પોતાનાં આયોજનોની સફળતા માટે આસક્તિ છોડીને પોતે પરિસ્થિતિના જે ફાયદાઓની કલ્પના ન કરી હોય તેનાં દર્શન અને ઉપયોગ કરવાની તેનામાં બક્ષિસ હતી. મેઝીનિ જે સિદ્ધાંતવાદી અને અંધશ્રદ્ધાળુ હતો તેમાં આ શક્તિની તદ્દન ગેરહાજરી હતી. આમ છતાં ઈટલીની લાક્ષણિકતા અને રાજકીય કર્તવ્યમાં કાવૂરની સફળતા વિસ્તૃત પામી, તેણે લાંબા સમય સુધી ગુલામીમાં સબડતા રાષ્ટ્રના નિમ્ન ગુણધર્મોને પ્રગટ કર્યા અને જે પીછેહઠ, ઊંડો રોગ અને વિકૃતિઓ ઈટલીને તેની મહત્તાની પરિપૂર્ણતામાંથી વંચિત રાખે છે તે માટે એ જવાબદાર છે. રાષ્ટ્રીય રોગના મેઝીનિના ચડિયાતા નિદાનથી અને મેઝીનિના રૂપમાં રહેલા વૈદ્યની નિર્દયતાએ વ્યાધિને તેનાં કારણો શોધીને વધાર્યો અને વિસ્તૃત કર્યો હોત. આમ છતાં મેઝીનિએ મૂળગામી ઈલાજ કર્યો હોત.

૩

ઈટલીના નાગરિકોએ જે સાધનો વાપર્યાં તેને ભારતમાં વાપરી શકાય તેમ નથી કારણ કે ભારતના સંજોગો જુદા છે. પરંતુ રાષ્ટ્રોની મહાનતા, ચડતી, પડતી અને પુનઉત્થાનને નિયંત્રિત કરતા સામાન્ય મનોવૈજ્ઞાનિક કાયદાઓ હમેશ એક જ રહેવા પામે છે. ભારતમાં આપણે જે સ્વાતંત્ર્ય માટે લડીએ છીએ એ સંજોગોની દૃષ્ટિએ ઈટલીની સ્વાતંત્ર્યની ચળવળથી ભિન્ન છે. જે સાધનો વાપરવાનાં છે એ પણ ખરેખર જુદાં છે, પરંતુ સિદ્ધાંત એક જ છે. ભારતમાં ઓગણીસમી સદીનું જૂની રાષ્ટ્રભક્તિ અપ્રમાણિક, નિર્બળ, નિકૃષ્ટ, છેતરામણી અને સંદિગ્ધતાયુક્ત અને ગૌણ ભૌતિક હેતુઓ સાથે સંબંધિત હતી. એ રાષ્ટ્રભક્તિમાં પ્રેરણા, સત્ય કે રાજનીતિજ્ઞતા નહોતી. દેશમાં મહાન

આધ્યાત્મિક બળ જાગૃત કરીને રાષ્ટ્રવાદે મેઝીનિનું આંશિક કાર્ય કર્યું હતું. નવી પ્રજાને ઊંડી શ્રદ્ધા અને શકિતના મહાન આદર્શોનું તેણે પ્રદાન કર્યું હતું. આશા અને અભીપ્સા, વિશાળ ક્ષિતિજો બતાવી, મેઝીનિની જેમ તેણે પ્રેમ, સામર્થ્ય, આત્મ-બલિદાન, પરાજયની ભીતરમાં સાતત્ય, અસ્ખલિત અને નિર્ભય પ્રયાસ, વ્યકિતગત અને સંગઠિત કર્તવ્યની ટેવ, સ્વાશ્રય અને નિર્ભીક ખંતની કક્ષાએ રાષ્ટ્રના નૈતિક સંજોગ સુધારવા મેઝીનિની જેમ તેણે પ્રયાસ કર્યો છે. પરંતુ ઉગ્ર હિંસાની જૂની પદ્ધતિઓનો ત્યાગ કર્યો, અને તેની જગ્યાએ આત્મ સહાય અને શાંત વિગ્રહની પદ્ધતિઓ મૂકી.

એ કાર્ય હજુ સુધી પૂર્ણ થયું નથી અને જ્યારે એ કાર્ય પૂરું થશે ત્યારે જ દેશમાં સામર્થ્ય પ્રગટવાની સંભવિતતા છે, અને ભૂતકાળમાં જે અધિકારી દ્વારા સત્તાની રાજ્યધૂંસરી પ્રવર્તી છે એ ભવિષ્યના પ્રતિનિધિ તરીકે તેની પ્રતીતિ કરશે અને તેની તરફેણમાં ધીમે ધીમે સત્તાઓનો ત્યાગ કરશે. આપણી એવી આશા છે કે જેમ કાર્યનો પ્રારંભ થયો છે તેમ રાષ્ટ્રવાદના જુસ્સામાં એ કાર્ય ચાલુ રહેશે અને ભારતના કેવળ રાજકીય સંજોગો જ નહિ બદલાય પરંતુ તેના ઊંડા રોગનો ઇલાજ થશે અને જે કાર્ય મેઝીનિ ઈટલી માટે સિદ્ધ કરી શકયા નહિ તે ભારતના વિપુલ નૈતિક અને આધ્યાત્મિક ખજાનાની પૂર્ણ જાગૃતિ ભારત માટે સિદ્ધ કરશે અને જે નવા જગતના જન્મની પ્રક્રિયા પૃથ્વીના સ્વરૂપને બદલાવી રહી છે તેની પ્રથમ હરોળમાં અગ્રગણ્ય સ્થાન આપશે.

ફ્રેંચ ક્રાંતિ

ફ્રેંચ ક્રાંતિની મહાનતા તેણે જે પરિણામ લાવ્યાં તેમાં નથી પરંતુ તેણે જે વિચાર્યું અને તેનું જે સ્વરૂપ હતું તેમાં રહી છે. તેનું કાર્ય મુખ્યત્વે વિનાશક હતું. તેણે ઘણી બાબતો માટે તૈયારી કરી પરંતુ તેણે કશું સ્થાપન કાર્ય કર્યું નહિ. નેપોલીઅનની રચનાત્મક પ્રવૃત્તિએ પણ ૧૭૮૯ના વિચારો જગત જ્યાં સુધી તેને વધુ સારી રીતે સમજી અને તેમને ખરેખર પરિપૂર્ણ કરી શકે ત્યાં સુધી નિરાંત કરવા માત્ર અર્ધદગ્ધ નિવાસ બાંધ્યો. વિચારો સ્વયં તદ્દન નવીન નહોતા. એ વિચારો ખ્રિસ્તી ધર્મમાં હતા અને ખ્રિસ્તી ધર્મ અગાઉ એ વિચારો બુદ્ધધર્મમાં હતા. પરંતુ ૧૭૮૯માં એ વિચારો સૌ પ્રથમ દેવળ અને બાઈબલમાંથી પ્રગટ થયા અને સરકાર તથા સમાજને પુનર્રચિત કરવા પ્રયાસ કર્યો. આ પ્રયાસ અસફળ હતો, પરંતુ તેની નિષ્ફળતાએ પણ યુરોપની બાહ્ય આકૃતિને ફેરવી નાખી. અને સામર્થ્ય, ઉત્સાહ, વિચારને ગ્રહણ કરવાની નિષ્ઠા અને તેને પ્રયોજિત કરવા માટે કાળજી એ આ અસર ઉપજાવવા મુખ્યત્વે કારણભૂત હતા. નિષ્ફળતાનું કારણ જ્ઞાનની ત્રુટિ અને કલ્પનાની અતિશયતા હતાં. પાયાના વિચારો, વ્યક્તિત્વના પ્રકારો અને જે વસ્તુઓને સ્થાપવાની હતી તેનું જ્ઞાન હતું, પરંતુ વ્યવહારમાં વિચારોનો કોઈ અનુભવ નહોતો. એ સમય સુધી યુરોપનો સમાજ સ્વતંત્રતાથી નહિ પરંતુ દમન અને બંધનમાં દબાયેલો હતો. તેમાં સમાનતાથી વિરુદ્ધ અસમાનતા હતી. ભ્રાતૃભાવ નહોતો પરંતુ સ્વાર્થી બળ અને હિંસા હતાં. એ વખતે જગત આ વ્યવહાર માટે તૈયાર નહોતું, એ અત્યારે પણ તૈયાર નથી. સ્વાતંત્ર્ય, સમાનતા અને ભ્રાતૃભાવ એ માનવજાતનાં લક્ષ્યો છે અને એ લક્ષ્યથી આપણે હજુ ઘણા દૂર છીએ. પરંતુ આ લક્ષ્યને આપણે મહદ્ અંશે સિદ્ધ કરવાનો પ્રયાસ આદરવાનો સમય આવી પહોંચ્યો છે. અને પ્રથમ જરૂરિયાત આ ભ્રાતૃભાવની શિસ્તની અને તેના સંગઠનની છે. કારણ કે ભ્રાતૃભાવના અંતરતત્ત્વ અને ટેવ વિના સ્વાતંત્ર્ય કે સમાનતા લાંબા ગાળા સુધી સ્થાપી શકાય નહિ. આ વ્યાવહારિક સિદ્ધાંત અંગે ફ્રેંચ લોકો અજ્ઞાત હતા. તેમણે સ્વાતંત્ર્યને આધાર, ભ્રાતૃભાવને તેના પર ચડિયાતી બાંધણી કરી તેના શિરોબિંદુ દ્વારા ત્રિકોણ રચ્યું. તેમની કલ્પનામાં

ગ્રીસ અને રોમને અગ્રગણ્ય સ્થાન મળવાથી તેઓ સ્વાતંત્ર્યના વિચારથી સંભ્રમ થઈ ગયા હતા અને કેવળ ઔપચારિકપણે જ ખ્રિસ્તી અને એશિયાઈ ભ્રાતૃભાવના સિદ્ધાંતને આવકાર્યો. તેમના જ્ઞાન મુજબ તેમણે તેમની રચના કરી પરંતુ આ ત્રિકોણ સ્થિર રહે એ માટે તેને ઊલટો કરવાનો છે.

* * *

કાલીએ જે વિનાશક કાર્ય કર્યું તે પર આંધળી રીતે નિર્દયપણે ક્રૂર નિધન-નૃત્ય કર્યું એ વસ્તુતઃ ફ્રેન્ચ ક્રાંતિનું કાર્ય હતું. આ કાર્યમાં કાલીએ યાતુધનીને મદદ માટે આમંત્રણ આપ્યું અને રાક્ષસીને આવાહન કર્યું. વિનાશનો આનંદ, કતલનો વિકરાળ ક્રોધ, સાર્વત્રિક તત્ત્વમાં રુદ્રતત્ત્વ જે ભૂતતત્ત્વનો ઉપયોગ કરે છે, જે ગુનેગાર, મનુષ્યમાં રહેતા પ્રાણીના અધિષ્ઠાતા, પિશાચસમૂહના અધ્યક્ષ, પશુપતિ, પ્રમથનાથ છે. રાક્ષસી એ સ્વચ્છંદી, અહંકારી મુક્ત આત્મ-સ્થાપનની શક્તિ જે તેની સર્વ શુભ અને અશુભ સહજવૃત્તિઓના સંતોષ પર આગ્રહ રાખે છે અને બધા વિરોધીનો વિકરાળ સ્વરૂપે ધ્વંસ કરી નાખે છે. યાતુધની અને રાક્ષસીએ ફ્રાંસ પર બુલંદ ચીત્કાર—અવાજ કર્યા, સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવનો જ્વલંત મંત્રમાં મૃત્યુના કડક અને ભયંકર વિકલ્પનો ઉમેરો કર્યો. આ મૃત્યુ અસુરનું અને જે કોઈ ઈશ્વરની ઉત્ક્રાંતિનો વિરોધ કરે છે તેનું થવાનું છે એવો તેનો અર્થ છે. આ બે ભયાનક શક્તિઓથી કાલીએ પોતાનું કાર્ય પાર પાડ્યું. વિકરાળ ક્રૂરતા અને કામનાના અંધકાર આવરણથી કાલીએ પોતાનું દિવ્ય જ્ઞાન ઢાંકી દીધું, ઘોહીને તેણે દારુ તરીકે પીધું, પરંપરા અને રૂઢિને ત્યજીને સમગ્ર યુરોપ પર તાંડવ નૃત્ય કર્યું અને સમગ્ર ખંડ યુદ્ધ-વિલાપ અને મૃત્યુના વિષાદથી વ્યસ્ત થઈ ગયો. સમગ્ર ખંડ કાલીના ધુંકાર અને અટ્ટહાસ્યથી વ્યાપી ગયો. જ્યારે તેણી મહાદેવ, રાષ્ટ્રવાદના સિદ્ધાંત સ્વરૂપે ઈશ્વરને કચડે છે એમ તેણીને જણાયું ત્યારે જ તેણીએ પોતાની જાતને યાદ કરી, ત્યારે જ શક્તિશાળી રાક્ષસ નેપોલીઅનને ફેંકી દીધો અને ભ્રાતૃભાવને સહીસલામત અને વ્યાપકપણે વ્યવસ્થિત રીતે જે રાષ્ટ્રીયતાના બાહ્ય કોચલામાં સ્વસ્થ રીતે પોતાનું કાર્ય સ્થિર કર્યું.

ક્રાંતિના જે કર્મવીરો હતા એ દૃષ્ટિએ પણ ક્રાંતિ મહાન હતી. દૃઢ સામર્થ્ય, કામના, જગત પરની ઘાતકી માગણી અને તેની ગજાવર પ્રેરણા અને ગતિ આ કર્મવીરોની સંપત્તિ હતી. આમાંની ચાર મહાન વ્યક્તિઓ દ્વારા મુખ્યત્વે આ ક્રાંતિ ક્રિયાશીલ બની. મીરાબો, ડાન્ટન, રોબ્સપીઅર અને નેપોલીઅન એ ચાર વ્યક્તિઓ દ્વારા ક્રાંતિ મૂર્તિમંત બની, મીરાબોએ આરંભ કર્યો, ડાન્ટને પ્રેરણા આપી રોબ્સપીઅરે કતલ કરી અને નેપોલીઅને ક્રાંતિને પરિપૂર્ણ કરી. આમાંના પ્રથમ ત્રણ અમુક ક્ષણ સુધી રહ્યા, વિશાળ સમુદાયમાં એ વિશિષ્ટ મનુષ્યો હતા,

તેમણે પોતાનું કાર્ય કર્યું અને વિદાય લીધી. એ કાર્યની ગતિ ઝડપી હતી અને જો તેઓ જીવ્યા હોત તો તેમની ઉપયોગિતા ઘટી ગઈ હોત અને ભવિષ્યને હાનિ પહોંચી હોત. પોતાનું કાર્ય પૂરું થાય તે જ શણે વ્યક્તિ રજા લે અને માતાજીના સ્વાગતને એ વધુ પડતું ન સમજે, જે એ પ્રકારની મુક્તિ મેળવે એ નસીબદાર છે અથવા ગેરીબાલ્ડીની જેમ જે ગ્રહણ કરી લે છે એ ડાહ્યા માણસો છે. જે નેપોલીઅન કે મેઝીનિ પોતાની નિયુકત મહાનતાની મંજૂરીનો વધુ પડતો ઉપયોગ કરે તેમનું જીવન પણ તદ્દન સુખી હોતું નથી.

• • •

મીરાબોએ નૂતન યુગની સવારની સંધ્યા પર શાસન કર્યું. લોકોની કુલીનશાહી અદાલત, સિદ્ધાંતોના અનૈતિક નિષ્ણાત, બાદશાહી લોકહિતચિંતક, એવો એ મનુષ્ય હતો જેમાં ચિંતન તોફાની સ્વરૂપ ધારણ કરતું હતું. ડહાપણ એ હિમતયુકત, દૃઢ અને બેપરવાઈ હતું. એમ જોતાં મીરાબો એ બે યુગોનું મિલન હતું, તેનામાં ભૂતકાળનો જુસ્સો હતો કેવળ ઔપચારિક સંયમ નહોતો, વિચારો પ્રત્યે કોઈ સ્થિર અનુરાગ નહોતો, પરંતુ ભવિષ્ય અંગે અવિચારી જુસ્સો, અદમ્ય પ્રતિભા અને તરવરાટ હતાં. કુલીન વ્યકિતની તેમાં અદબ છે. આ અદબનાં મૂળ રીતભાતમાં રહ્યાં છે અને તે તેની પોતાની પરંપરાની પવિત્રતાને માન આપે છે અને એ અદબ રૂઢિચુસ્તની અદબ છે. લોકચિંતકનો આદર થાય છે, તેનાં મૂળ વિચારોમાં છે અને તેના પોતાના સિદ્ધાંતોની પવિત્રતાને માન આપે છે. એ ઉદ્દામવાદીનો આદર-સત્કાર છે. મીરાબો રૂઢિચુસ્ત કે ઉદ્દામવાદી બેમાંથી એક પણ નહોતો. એ શુદ્ધ અહંવાદી હતો. એ નિત્ય રાક્ષસી સ્વરૂપ હતો. ન્યાય અને સ્વતંત્રતાની ખાતર તેણે ન્યાય અને સ્વતંત્રતાને ચાહ્યાં ન હતાં પરંતુ મીરાબોની ખાતર તેને ચાહ્યાં હતાં. જો તેની કારકિર્દી નસીબદાર હોત અને તેની આકાંક્ષાઓ અને કામનાઓને સંતોષવા જૂનું શાસન પૂરતું વ્યાપક હોત તો ૧૭૮૯ની ક્રાંતિએ મીરાબોને બીજી બાજુ જોયો હોત. પરંતુ મીરાબોનું હૃદય અને મન અસંતુષ્ટ હતાં તેથી ફ્રેંચ ક્રાંતિનો વિજય થયો. તેથી મનુષ્ય અને શણને ઈશ્વર તૈયાર કરે છે અને પોતાના સમર્થ સાધનોને દિવ્ય નિષ્પક્ષપણાથી શુભ અને અશુભ તત્ત્વોનો ઉપયોગ કરે છે. મનુષ્ય વિના શણ એ ગુમાવેલી તક છે અને શણ વિના મનુષ્ય એ બિનકાર્યક્ષમ શકિત છે. વ્યકિત અને સમય બન્નેના મિલન દ્વારા રાષ્ટ્રોનું ભાવિ પલટાય છે અને જે ઉપરછલ્લી દૃષ્ટિએ અકસ્માત જણાય પરંતુ એ વાસ્તવમાં જગતનું પાસું બદલાવી નાખે છે.

• • •

એવો સમય જોવા મળે છે જ્યારે યુગના કે ચળવળના સ્વભાવને અમુક

એક વ્યક્તિ પોતાના વ્યક્તિત્વમાં સંગ્રહિત કરે છે અને તેના માત્ર સાક્ષીપણાથી તેની પરિપૂર્ણતાની ખાત્રી આપે છે. કઈ નિશ્ચિત સેવાઓને કારણે ક્રાંતિની સફળતા માટે ડાન્ટનનું અસ્તિત્વ આવશ્યક બની ગયું તે આલેખવું મુશ્કેલ છે. અમુક વસ્તુઓ ડાન્ટને કરી અને અન્ય કોઈ વ્યક્તિએ કરી ન હોત. આ વસ્તુઓએ વિધિ પર દબાણ લાવ્યું. અમુક વસ્તુઓ જે ડાન્ટને કરી તેનાથી ફ્રાંસની પ્રજામાં દૃઢતા અને હિમત પેદા થયાં અને પ્રજા તેની પાછળ ગાંડી થઈ—આ શબ્દો અને કર્તવ્યો યુગો દરમ્યાન ગુંજે છે. એ એવી રીતે જીવે છે અને એટલા અમર છે કે એ સ્વયં રાજકીય ઊથલપાથલની અવજ્ઞા કરે છે અને નિત્ય વિસ્મરણની હકીકતને ખોટી પાડવાનો આગ્રહ રાખે છે. પ્રારબ્ધની અધિષ્ઠાત્રી દેવી છે અને માનવ-આત્માની અમરતા અને સર્વશક્તિપણાથી એ વસ્તુઓ સભર છે. કોઈને એમ લાગે કે અજાત કલ્પ અને જગતોમાં ફરીથી એની પુનરાવૃત્તિ થશે. જે શક્તિમાંથી તેનો જન્મ થયો તેને કેવળ ઉત્તમ ક્ષણોમાં અને ભાગ્યે જ અમુક કર્તવ્યોમાં વ્યક્ત કરી. ડાન્ટનની વિસ્મયકારક વક્તૃત્વછટામાં તેનું સામર્થ્ય નિશ્ચેષ્ટ, પ્રમાદી અને વેરવિખેર પડયું હતું. તેને લાગણી અને વાક્યરચનાઓ યુક્ત વક્તૃત્વથી સંતોષ હતો, પરંતુ જ્યારે જ્યારે એ સામર્થ્યમાં આંદોલન થયાં ત્યારે તેણે બનાવોમાં નિરંકુશ ફેરફાર કર્યો અને ફ્રેન્ચ રાષ્ટ્રની ચેતનાની આરપાર વીંધાય એવો પ્રાથમિક પાયાના બળનો આઘાત પહોંચાડયો. ડાન્ટન જીવ્યા, ફર્યા, બોલ્યા, લાગણી અનુભવી અને પ્રવૃત્તિ કરી ત્યારે તેણે પોતે જે શક્તિનો ઉપયોગ કર્યો નહિ તેનો લાખો માણસોમાં સંચાર કર્યો. જે વિચારોને તેણે વાચા આપી ન હતી તેણે ઘણાંના મનને પકડી લીધાં અને એ વિચાર જાણે કે પોતાના જ છે એવું જણાયું. જે કર્તવ્યો ડાન્ટને પોતે વધુ સારી રીતે બજાવ્યાં હોત તેને અન્ય લોકોએ ખરાબ રીતે બજાવ્યાં. ડાન્ટનને સંતોષ હતો. ડાન્ટન પ્રતિભાશાળી અને વૈભવશાળી હતો. તેનામાં વ્યક્તિગત આકાંક્ષા તદ્દન ગેરહાજર હતી. પોતાના સામર્થ્યથી ક્રાંતિને વિજયી જોવામાં સંતોષ માનતો હતો. એ વિજય અન્યના કર્તવ્ય દ્વારા પ્રાપ્ત થાય એમ એ ઈચ્છતો હતો. ડાન્ટનની પડતીએ ફ્રાંસની ચળવળમાંથી વિજય પામતા જુલ્મીની તાકાતને દૂર કરી, નાશ કરવા અને વિજય મેળવવાની પ્રેરણાને દૂર કરી. થોડો સમય જે ગતિ પ્રાપ્ત થઈ હતી તે ચાલુ રહી પછીથી તેમાં અવરોધ પેદા થયો, અને એ અંભી ગઈ. પ્રત્યેક મહાન પ્રવૃત્તિના પ્રવાહને તેના કેન્દ્ર તરીકે માનવ-આત્માની આવશ્યકતા રહે છે. અન્ય વ્યક્તિઓ અને વસ્તુઓ પર કાર્ય કરવા અને આગળ વધવા માટે સાર્વત્રિક વ્યક્તિત્વનું મૂર્તિમંત કેન્દ્રબિંદુ હોવું આવશ્યક છે. ડાન્ટન આવું એક કેન્દ્રબિંદુ હતો. તેની રોજિંદી લાગણીઓ, પ્રેરણાઓ અને વિચારોએ તેના ઉત્તેજક ઉત્કટ આવેશને સમતુલા આપી અને સુપ્ત

ધૂધવાતી અંધાધૂંધીને સ્થિરતા બક્ષી. ડાન્ટન ક્રાંતિનું મૂર્તિમંત વ્યક્તિત્વ હતો. એ તેના હૃદયરૂપ હતો. રોબ્સપાયર એ કેવળ તેમાં હાથરૂપ હતો. એ ઇતિહાસ પાશ્ચાત્ય લેખકથી આલેખાયો હોવાને કારણે બનાવો પર વધુ ભાર મૂકે છે, વાણીને બહુ ઓછું મહત્ત્વ આપે છે, પરંતુ એ ઇતિહાસ આલેખનમાં આત્માના અગત્યને આંકવામાં આવતું નથી. એ ડાન્ટન જેવી વ્યક્તિની પ્રશંસા કરી શકે નહિ. કેવળ ઋષિનાં ચક્ષુ જ સમૂહમાંથી આવી વ્યક્તિને ચૂંટી કાઢે અને તેના મૂળ સ્રોતમાં વિપુલ આંદોલનના ઊગમને શોધી કાઢી શકે છે.

* * *

કોઈ વ્યક્તિ મીરાબો અને ડાન્ટનની પ્રકૃત્તિદત્ત વિશિષ્ટ શક્તિ વિશે યોગ્ય બોલી શકે. નેપોલીઅનની આવી શક્તિ વિશે બોલવું ઉપરછલ્લું છે. પરંતુ રોબ્સપાયરની પ્રકૃત્તિદત્ત અદ્‌ભુત શક્તિ વિશે કોઈ યોગ્ય રીતે બોલી શકે નહિ. તેનામાં આ શક્તિ શૂન્યવત્ હતી. તેની બુદ્ધિ તીક્ષ્ણ હતી અને માહિતીપૂર્ણ હતી પરંતુ એ પ્રેરણા અને સ્ફૂરણાવિહીન હતી. તેનું વ્યક્તિત્વ અસર પાડી શકે તેવું ન હતું. તો પછી તેને વિપુલ બળ અને પ્રભાવ શી રીતે પ્રાપ્ત થયાં? એ તેની મનુષ્યમાં નિશ્ચિત માન્યતા અને શ્રદ્ધા હતાં જેને લીધે આ શક્ય બન્યું. એ ક્રાંતિમાં માનતો હતો. અમુક વિચારો અંગે માન્યતા હતી. તેને આત્મવિશ્વાસ હતો અને લોકોના પ્રવક્તા અને કાર્યપાલક તરીકે એ ફરજ બજાવી શકશે એમાં તેને વિશ્વાસ હતો. એ વિચારોના જે દુશ્મનો હતા તે દુશ્મનોનો નાશ કરવો અને તેને સાધ્ય ગણવામાં એ પોતાનું ધર્મકાર્ય માનતો હતો. અને એ જેમાં માન્યતા ધરાવતો હતો પછી એ માન્યતા અભિપ્રેત હોય પરંતુ તેમાં એ અડગ અને અદમ્ય રહેતો હતો અને ચુસ્ત વફાદારીથી તેનું એ પાલન કરતો. મીરાબો, ડાન્ટન, નેપોલીઅન એ સર્વે નિત્યની નિરાશા વેઠવા સશક્ત હતા અને પોતાને માર પડયો છે, સમય પ્રતિકૂળ છે અને વિધિ રૂઠી છે તેની પ્રતીતિ કરી શકે એમ હતા. રોબ્સપાયર આમાંનું કશું ધરાવતો નહોતો. એ ખમચાતો, ભયમાં પોતાનું મુખ સંતાડી દેતો પરંતુ એ ફરીથી બનાવોમાં પ્રવૃત્તિશીલ બનવા, ફુદકો મારવા, પછીની તક ઝડપવા પ્રયાસ કરતો હતો રોબ્સપાયરમાં અખૂટ શ્રદ્ધાનું બળ હતું. આવા માણસો જે નિષ્ઠાવાન અને સિદ્ધાંતપ્રિય હોય છે એ જ દયા, આઘાત વિના, રાહ જોયા વિના કે પાછા વળ્યા વિના હિંસા આચરી શકે. યાતુધનીએ પોતાના હેતુ માટે રોબ્સપાયરનો કબજો લીધો. રોબ્સ-પાયર એવો ધારાશાસ્ત્રી હતો જે ગુનેગારને મૃત્યુદંડ આપી સિદ્ધાંતની તિલાંજલી આપી ન્યાયાધીશપણાને ઠોકરે મારે એવો એ નિષ્ઠાવાન હતો, પરંતુ પોતાના કે કોઈ પણ યુગનો પ્રચંડ રાજકીય જલ્લાદ બન્યો. આપણે જેમ અગાઉ કહ્યું કે જ્યારે ફ્રેન્ચ ક્રાંતિમાં ખૂનખાર જંગ થયો ત્યારે જો ડાન્ટન તેનું સદેહ

વ્યકિતત્વ હોય તો રોબ્સપાયર એ તેમાં હાથરૂપ હતો. પરંતુ સ્વાભાવિક રીતે રોબ્સપાયર આ મર્યાદાને ઓળખી શક્યો નહિ. જે કાર્યો માટે એ અયોગ્ય હતો તે અંગે એ વિચારવાની, નિયમો અને વ્યવસ્થા રચવાની આકાંક્ષા સેવતો હતો. જ્યારે ડાન્ટને એવી માગણી કરી કે જુલ્મનો અંત આવવો જોઈએ, અને કરુણાએ તેની જગ્યા લેવી જોઈએ ત્યારે રોબ્સપાયરે ડાન્ટનની માગણીમાં પોતાનો લોહીયાળ માર્ગ છોડી દેવાનો આદેશ અનુસર્યો હોવો જોઈએ. પરંતુ રોબ્સપાયર અંધશ્રદ્ધાથી સભર હતો અને તેણે આ આદેશને સાંભળ્યો નહિ. કાલ્વીના કાર્યનો ડાન્ટને વિરોધ કર્યો તેથી એ મૃત્યુ પામ્યો પરંતુ તેના શકિતશાળી સૂક્ષ્મ આત્માનો વિજય થયો અને દેશ પર તેનો આખરી વિચાર લાદ્યો. જુલ્મનો અંત આવ્યો. કરુણાએ તેની જગ્યા લીધી. આમ છતાં ઈતિહાસમાં રોબ્સપાયરનું આદરણીય સ્થાન છે. ઉપર્યુકત ચાર મુખ્ય વ્યકિતઓ, મીરાબો, ડાન્ટન, રોબ્સપાયર અને નેપોલીઅનમાં એ સિદ્ધાંત અને અંતરાત્મા-યુકત વ્યકિત હતી. જેને એ સદ્‌ગુણ સમજતો હતો તે માર્ગમાંથી એ કદી ચલિત થયો નહિ.

* * *

અન્યનાં જે કર્તવ્યો હતાં તેને નેપોલીઅને માથે ચડાવ્યાં. મીરાબોએ વિનાશનો આરંભ કર્યો, નેપોલીઅને એ જ આત્મ-વિરોધી જુસ્સામાં રચનાત્મક અને સંગઠન કાર્ય શરૂ કર્યું. નેપોલીઅન રાક્ષસ હતો. ઈતિહાસમાં એ ભયંકર અહંકારી મનુષ્ય હતો. સ્વાતંત્ર્યનો અધિષ્ઠાતા, સમાનતાનો શાહી રક્ષક અને મહાન સિદ્ધાંતોનો અનૈતિક આયોજક હતો. ડાન્ટનની જેમ અમુક વખત સુધી તેણે પોતાના વિચારો અને ચારિત્ર્ય મુજબ બનાવોને આકાર આપ્યો. ડાન્ટન છ્વ્યા ત્યાં સુધી રાજકારણે વિકૃત લોકશાહી તરફ ગતિ કરી અને યુદ્ધ એ સ્વદેશભકિતયુકત વીરત્વમાં પરિણમ્યું. એ મૃત્યુ પામ્યા બાદ નેપોલીઅને બનાવોને આકાર આપ્યો અને રાજકારણ પ્રથમ નાગરિકોના શાસન તરફ પછી લશ્કરી સરમુખત્યારશાહી તરફ વળ્યું અને યુદ્ધ ગણતંત્રના વિજયના સંગઠન તરફ આગળ વધ્યું. રોબ્સપાયરની જેમ નેપોલીઅન વિનાશનો કાર્યપાલક હાથ હતો પરંતુ રોબ્સપાયરથી વિરુદ્ધ એ સર્જન અને રચનાનો પણ કાર્યપાલક હાથ હતો. નેપોલીઅનના વ્યકિતત્વમાં કાલ્વીના ભયાનક ક્રોધે આત્મ-કેન્દ્રિત સંગઠિત વિચાર અને પ્રવૃત્તિથી પૂર્ણ અને સશકત રૂપ ધારણ કર્યું હતું. આમ છતાં એ ક્રોધી, અધીરો, ભયાનક, હિંસક, ક્રૂર અને વિનાશક હશે.

નેપોલીઅન

બધા વિવેચકોના ઉચિત અભિપ્રાયો માટે નેપોલીઅનનું નામ રણક્ષેત્ર બની ગયું છે અને તેમની વિચિત્રતા, ખાસિયતો અને રાજકીય અભિપ્રાયો મુજબ મનુષ્યોએ કોર્સિકન પર પ્રેમ વરસાવ્યો કે તિરસ્કાર કર્યો, પ્રશસ્તિ કરી કે તેનો દોષ કાઢયો. નેપોલીઅનનો દોષ કાઢવો એ મોન્ટ બ્લેન્કની નિંદા કરવા જેવું કે કંચનજંગા પર કાદવ ફેંકવા જેવું છે. આ ઘટનાને સમજવાની છે અને તે અંગે જ્ઞાન મેળવવાનું છે. તેની માત્ર નિંદા કરવાની કે પ્રશસ્તિ કરવાની નથી. આપણે નેપોલીઅનની પ્રશસ્તિ કરવી જોઈએ પરંતુ એ મન દ્વારા નીતિશાસ્ત્રીઓ તરીકે નહિ, બોનાપાર્ટના પ્રશંસકો અને ટીકાકારો દ્વારા એ તથ્યની પર્યાપ્ત પ્રતીતિ થઈ નથી કે બોનાપાર્ટ મનુષ્ય હતો જ નહિ, એ સમર્થ બળ હતું. એ બળ કયા પ્રકારનું હતું તેની કેવળ ગણના કરવાની છે. અમુક મનુષ્યો એવા હોય છે જે પ્રત્યક્ષપણે અતિમાનવ હોય છે, મહાન આત્માઓ હોય છે જે માનવ શરીરનો કેવળ ઉપયોગ કરે છે. યુરોપના લોકો તેમને અતિમાનવ કહે છે. આપણે તેમને વિભૂતિઓ કહીએ છીએ. એ નિસર્ગનો આવિર્ભાવ છે. દિવ્ય શક્તિ પર અધિષ્ઠાતા તરીકે પોતાના હેતુને મૂર્તિમંત કરવા આત્મતત્ત્વ રહ્યું છે તેનો એ આવિર્ભાવ છે. આ આત્મતત્ત્વ એ સર્વશક્તિમાન સત્તાનું પ્રગટીકરણ છે. એ માનવ સામર્થ્ય અને નિર્બળતાને સ્વીકારે છે પરંતુ તેનાથી બંધાઈ જતું નથી. એ નીતિમત્તાથી પર હોય છે અને સાધારણ રીતે પ્રેરકબુદ્ધિ વિનાના હોય છે. એ પોતાના સ્વભાવ મુજબ પ્રવૃત્તિ કરતા હોય છે, કારણ કે એ પ્રાણીમાંથી દિવ્ય તત્ત્વ પ્રતિ ઊર્ધ્વમાં પોતાની નિમ્ન પ્રકૃતિ વિરુદ્ધ વિકાસ કરતા હોતા નથી પરંતુ એ અંતરતત્ત્વો સ્વયં પૂર્ણ હોય છે અને પોતાના સ્વરૂપથી સંતુષ્ટ હોય છે. તેમાંના જે તદ્દન પવિત્ર હોય છે, તેઓ પણ સામાન્ય કાયદો અને રૂઢિ પ્રત્યે ધૃણા રાખતા હોય છે અને કોઈ પણ પ્રકારના સંકોચ વગર સહેલાઈથી તેમનું ઉલ્લંઘન કરે છે. જેમ ઈશુ ખ્રિસ્તે એક પ્રસંગ કરતાં વધુ પ્રસંગોએ કર્યું હતું. એ દારુ પીતા, સબ્બાથનું ઉલ્લંઘન કરતા, લુટારુઓ અને વેશ્યાઓ સાથે ફરતા. બુદ્ધે પણ એમ કર્યું જ્યારે

તેમણે પતિ, પિતા અને નાગરિક તરીકેની તેમની સ્વસ્વીકૃત ફરજોને ત્યાગી. પોતાની મૃત માતાને સંતોષવા આચાર અને રૂઢિને તથા પવિત્ર નિયમને શંકરાચાર્યે કચડી નાખ્યા અને તેનું ઉલ્લંઘન કર્યું. આપણા સાહિત્યમાં તેમને દેવો કે સિદ્ધ, મહાત્મા કે અસાધારણ વ્યક્તિ કહીને વર્ણવાયા છે. વાલ્મીકિએ રાવણને દસ માથાવાળો રાક્ષસ આલેખ્યો છે પરંતુ કલ્પનાના જગતમાં, સૂક્ષ્મ સ્તરમાં આ તેની પ્રતિભા છે અને માનવ પરિભાષામાં એ અતિમાનવ કે વિભૂતિ હતો, નેપોલીઅનના અંતરતત્ત્વોની જ કક્ષાનો એક સભ્ય હતો.

* * *

રાક્ષસ એ ઉત્તમ અને સાંગોપાંગ વ્યક્તિવાદી છે. એ જીવનને પોતાની સરળ આત્મ-પરિપૂર્ણતા અને આત્મ-સ્થાપન માટે નિર્માયું હોય એમ માને છે. એ માનવતામાં જરૂરી તત્ત્વ છે અને વિશેષ કરીને ક્રાંતિઓમાં ઉપયોગી રહે છે. સાધારણ રીતે મનુષ્યમાં તેનો શુદ્ધ પ્રકાર ભૂતકાળની બાબત છે હવે એ અન્ય તત્ત્વો સાથે મિશ્રિત બનીને આવે છે. પરંતુ નેપોલીઅન શુદ્ધ પ્રકારનો રાક્ષસ હતો. પોતાનાં સામર્થ્ય અને પોતાની સિદ્ધિમાં અપરિમેય હતો. સત્તા અને માલિકીની પ્રચંડ ભૂખ સાથે તે જગતમાં જન્મ્યો અને રાવણની જેમ પોતાની અતિપ્રાકૃતિક ભૂલ સંતોષવા માટે સમગ્ર પૃથ્વીને ગળી જવા તેણે પ્રયાસ કર્યો. વિચારો, પુરુષો, સ્ત્રીઓ, પ્રતિષ્ઠા, ખિતાબો, લશ્કરો, રાજ્યો જે કોઈ તેની આગેકૂચ ગતિ કરતા જીવનમાં મળ્યા તેમને તેણે પોતાના માની લીધા અને પોતાની માલિકીના હક્ક માટે તે પ્રમાણિક નહોતો. તેનો સ્વભાવ એ જ તેનો અધિકાર હતો તેની આવશ્યકતા, જરૂરિયાત એ તેની સાર્થકતા હતી. "અન્ય માણસો આ વસ્તુઓ આચરવાનો અધિકાર ધરાવતા હોય નહિ પરંતુ હું નેપોલીઅન છું" એવા શબ્દો દ્વારા એ વલણને વ્યક્ત કરી શકાય.

* * *

રાક્ષસ પરોપકારી વ્યક્તિ નથી. જો પોતાને સંતોષતાં એ બીજાને સંતોષી શકે તો તેમાં તેને આનંદ મળે છે, પરંતુ એ તેનો હેતુ હોતો નથી. જો પોતાને સંતોષવા જતાં બીજાને કચડી નાખવા પડતા હોય તો એ કોઈ પણ જાતના સંકોચ વિના કરે છે. એ શું બળવાન માણસ, કાર્યક્ષમ શાસક કે સમર્થ વ્યક્તિ નથી? રાક્ષસમાં કામ હોય છે, તેમાં પ્રેમ હોતો નથી. પ્રેમ શું છે એ નેપોલીઅન જાણતો નહોતો. માલિકીની ભાવનામાં જ કરુણા હોય છે, એવી કરુણા જ તેમાં હતી. જોસેફાઈન તેના સ્વભાવને સંતોષતી તેથી નેપોલીઅન જોસેફાઈનને ચાહતો હતો. ફ્રાંસને એ ચાહતો હતો કારણ કે ફ્રાન્સ પર એ માલિકી ધરાવતો હતો. એ તેની માતાને ચાહતો હતો કારણ કે એ તેને અનુકૂળ રહેતી હતી. એ પોતાના સૈનિકોને ચાહતો હતો કારણ કે એ પોતાનાં માન-આબરૂ માટે જરૂરી

હતા. પરંતુ આ જરૂરિયાતથી પર તેનો પ્રેમ આગળ વધ્યો ન હતો. એ આત્મ-સંતોષ હતો અને તેમાં આત્મ-શરણાગતિનું કોઈ તત્ત્વ ન હતું. જે કોઈ પોતાનો વિરોધ કરે છે તેને રાક્ષસ મારી નાખે છે અને પોતે જે હિંસા કરે છે તેને કોઈ હદ નથી, તેમાં તે નિર્દય હોય છે. પરંતુ એ કદી ઘાતકી હોતો નથી. નેપોલીઅનના સ્વભાવમાં નીરોના સ્વભાવનો અંશ ન હતો, તેમ છતાં પોતાની પ્રતિષ્ઠાની વેદી પર સમગ્ર સૈન્યને કોઈ પણ જાતના સંકોચ વિના હોમી દીધું હતું. તેણે હોફરને ગોળીએ દીધો અને ઇંધીનનું ખૂન કર્યું. તો પછી રાક્ષસમાં એવું શું છે જે તેને અનિવાર્ય કરી મૂકે છે ? એ સ્વયં વ્યક્તિમત્તા છે, એ બળ છે, એ સામર્થ્યયુક્ત છે. એ ઈશ્વરની દ્વિતીય શક્તિ છે. એ ક્રોધ, બળ, ભવ્યતા, ધસમસતી અધીરાઈ, અપૂર્વ હિંમત વજ્રરૂપ છે. એ બલરામ, પહોવાહ અને રુદ્ર છે. એ રીતે આપણે તેનો અભ્યાસ અને તેની પ્રશંસા કરીએ.

* * *

પરંતુ વિભૂતિ જોકે પોતાના માર્ગમાં આત્મ-સંતોષ અને આનંદ માણે છે છતાં એ માટે પોતે પોતાનું આગમન-આવકારતો નથી. એ કાર્ય કરવા, તેના માર્ગમાં મનુષ્યને મદદ કરવા અને તેની ઉત્ક્રાંતિમાં જગતને સહાય કરવા એ આગમન કરે છે. નેપોલીઅન એ વિભૂતિઓમાં સૌથી વધુ સામર્થ્યયુક્ત વિભૂતિ હતી, એ સૌથી વધુ વર્ચસ્વ ધરાવતી હતી. આમાંના અમુક એવા હોય છે જે પોતાની જાતમાંથી પાછા ખસે છે. પોતાની જાતને પોતાના કાર્યમાં પરોવવા પોતાના વ્યક્તિત્વના બળનું દમન કરે છે. આમાંના શેક્સપીઅર, વૉશિંગ્ટન અને વિક્ટર ઈમાન્યુઅલ હતા. આમાંના અન્ય સિકંદર, સીઝર, નેપોલીઅન અને ગટે હતા જે પોતાના સિદ્ધ કરેલા કાર્યમાં અને પોતાના વ્યક્તિત્વમાં દેખીતી રીતે અતિમાનવ હતા. સર્વે અર્વાચીન વ્યક્તિઓમાં તેમના વ્યાવહારિક સામર્થ્યમાં નેપોલીઅન સૌથી મહાન હતો. જોકે ચારિત્ર્યમાં નહિ છતાં સામર્થ્યમાં એ મહાભારતના ભીષ્મને મળતા આવે છે. યુદ્ધ, રાજકારણ, રાજ્યતંત્ર, વિધાન અને યુદ્ધ પર અપ્રતિકારક વિશ્વવ્યાપક પ્રભુત્વ હતું. વિરાટ સમુદાયને કાબૂમાં રાખવાની તથા સવિસ્તર માહિતી પૂરી પાડવાની એવી જ વિસ્મયકારક શક્તિ હતી. તેનામાં એવું લોહ મસ્તિષ્ક હતું જેથી તેને કથાથી થાક લાગતો નહિ, કોઈ પણ દોષ વિનાની યાદશક્તિ જે કશું ગુમાવતી નથી. તેનામાં એવી વેધકદૃષ્ટિ જે સર્વને તેની યોગ્ય જગ્યાએ અને સાહજિક ચોકસતાથી મૂકે છે. જાણે કે પોતાના ખભા પર કોકેશ્યસ પર્વતને માણસ લઈ જતો હોય અને એટલા વજન સાથે પૂરપાટ દોડતા એન્જિન સામે સફળ રીતે દોડવાની શરત લગાવતો હોય અને આમ છતાં પ્રત્યેક પગલાંને સાવચેતી અને અગમચેતીથી મૂકતો હોય, ક્યાંય ભૂલ કરતો નથી તેના જેવું છે. આવા કાર્ય માટે માનવ

શરીરનું જે કોઈ તત્ત્વ શક્તિમાન છે એ સ્વતઃપણે આપણી પ્રગતિ માટે આશીર્વાદરૂપ છે જે આપણું નેપોલીઅન પ્રત્યેનું ઋણ અપર્યાપ્ત રહેશે.

* * *

બોનાપાર્ટનું કાર્ય સમગ્ર રીતે પ્રશંસનીય હતું, અમુક સમય માટે તેણે ફ્રાન્સમાંથી મુકિત લીધી પરંતુ એ સમયે લોકશાહી સ્વાતંત્ર્ય માટે ફ્રાન્સ તૈયાર ન હતું. અમુક સમય સુધી ક્રાંતિના સેનાનીના શાસન હેઠળ તેને શિસ્ત શીખવાની હતી જે ફ્રેન્ચ લોકસભા વિજયમાં હરખાયેલી હતી અને પરાજયમાં નિષ્ફળતાથી સંધાતી એવી સંસ્થા દ્વારા એ કાર્ય પાર પાડી શકયો નહોત. જેટલે અંશે પૃથ્વી ફ્રેન્ચ ક્રાંતિને સહન કરી શકે તેટલે અંશે ફ્રેન્ચ ક્રાંતિ તેને આયોજિત કરવાની હતી અને તે પણ સામાન્ય જીવનના વ્યાપની ટૂંકી મર્યાદામાં તેનું સંગઠન અને રચના કરવાનાં હતાં. તેનું તેને સંરક્ષણ પણ કરવાનું હતું. યુરોપ પર ફ્રાંસનું આક્રમણ આત્મ-રક્ષણ માટે જરૂરી હતું કારણ કે યુરોપ આ ક્રાંતિ માટે સહાનુભૂતિ ધરાવતું ન હતું. ક્રાંતિનો હેતુ અંધાધૂંધી કે અરાજકતા સર્જવાનો ન હતો પરંતુ ભૂતકાળ કરતાં વધુ શકિતશાળી પુનર્સંગઠન સર્જવાનો હેતુ હતો. જે પુનર્સંગઠન એકત્રિત યુરોપને જીતી શકે એ પાઠ યુરોપને ભણાવવાનો હતો. આ કાર્ય અસરકારક રીતે નેપોલીઅને પાર પાડયું. એમ કહેવાય છે કે નેપોલીઅનની પરદેશનીતિ નિષ્ફળ નીવડી કારણ કે ફ્રાંસને તેને જણાયું હતું તે કરતાં તેને નાનું બનાવી મૂકયું એ સાચું છે. પરંતુ ફ્રાંસને ભૌગોલિક દૃષ્ટિએ સંગઠિત કરવાનું નેપોલીઅનનું મુખ્ય કાર્ય ન હતું. એ ફ્રાન્સ માટે જગતમાં રહ્યો ન હતો પરંતુ માનવજાતિ માટે રહ્યો અને પોતાની નિષ્ફળતામાં પણ તેણે ઈશ્વરના હેતુની સેવા કરી અને ભવિષ્ય માટે તૈયારી કરી રાખી. યુરોપની સમતુલાને અભિનવ સંમિશ્રણો તૈયાર કરવા ખલેલ પહોંચાડવાની હતી અને તેની વિચાટકાર કાર્યવાહીએ તેમાં જીવલેણ પરિવર્તનો આણ્યાં. ઈટલી, જર્મની અને પોલૅન્ડમાં તેણે રાષ્ટ્રિયતાનો જુસ્સો ઉપસ્થિત કર્યો અને મહાન રાજયોની રચના પ્રત્યેનું વલણ તેણે પ્રસ્થાપિત કર્યું; અને તત્કાલીન ભવિષ્ય એ બૃહદ્ રાજય અને રાષ્ટ્રવાદની સંવાદિત પરિપૂર્ણતા હતું. આ રાજકીય અને સામાજિક પુનર્સંગઠનની જરૂરિયાત સ્વીકારવા યુરોપને તેણે ફરજ પાડી.

ઈંગ્લૅન્ડ, જર્મન અને રશિયા વચ્ચે નેપોલીઅનને ઉથલાવી પાડવાનું પુણ્ય વહેંચાયું હતું. નેપોલીઅનને ઉથલાવી પાડવો જરૂરી હતું કારણ કે તેણે ભૂતકાળનો વિનાશ કર્યો, અને ભવિષ્યની તૈયારી કરી છતાં તેણે વર્તમાનનો ગેરઉપયોગ કર્યો. હિંસક કામગીરીમાંથી વર્તમાનને બચાવવાનું કાર્ય એ તેના દુશ્મનોનું હતું અને આ ગુણને લીધે આ ત્રણે દેશો તુરત જ મહાન વિકાસ કરી શકયા અને ઓગણીસમી સદી પર એ દેશો કબૂ જમાવી શકયા. ઈંગ્લૅન્ડ

અને જર્મની આ વિકાસની ટોચે પહોંચ્યાં કારણ કે તેમણે સરકાર તરીકે નહિ પરંતુ રાષ્ટ્ર તરીકે સહૃદયપણે કર્તવ્ય કર્યું. રશિયામાં સરકારે કર્તવ્ય કર્યું પરંતુ એ લોકોની સહાય દ્વારા કર્યું. બીજી બાજુ જે દેશો નેપોલીઅન પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતા હતા, જેવા કે ઈટલી, આયર્લૅન્ડ, પોલૅન્ડ અથવા જે દેશો જુઠ્ઠી રીતે અથવા નિર્બળતાથી વર્ત્યા, જેવા કે સ્પેઈન અને ઓસ્ટ્રિયા-તેમનું પતન થયું. તેમને દુઃખ વેઠવું પડયું, ભયામણ સહન કરવી પડી અને જ્યારે તેઓ અંશતઃ સફળદાયક હતા ત્યારે તેઓ પોતાની પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શક્યા નથી. પરંતુ હવે પુણ્ય ખલાસ થવા આવ્યું છે. જે ભવિષ્ય સાથે વિજેતા રાષ્ટ્રોએ ટૂંકજીવી સમાધાન કર્યું અને જે ભવિષ્યની નેપોલીઅને સેવા કરી તથા પ્રારંભિક પ્રવૃત્તિઓને તૈયારી કરી તે માલિકીની માગણી કરે છે અને એ દબાણ હેઠળ ઝડપી અને પૂર્ણ રીતે પોતાની જાતને પુનર્સંગઠિત કરી શકશે તેમને વીસમી સદી વારસામાં પ્રાપ્ત થશે. જે તેમનો નકાર કરશે એનો નાશ થશે. જે રાષ્ટ્રોનું વર્તમાન સમયમાં પ્રભુત્વ છે અને માલિક છે તેમને પ્રથમ દરખાસ્ત કરવામાં આવે છે. અમુક સમય માટે અન્ય રાષ્ટ્રને તેમાંથી દૂર રખાય છે. એ કારણને લીધે હાલમાં ઇંગ્લૅન્ડ, જર્મની અને રશિયામાં સમાજવાદ વેગવંતો છે. પરંતુ આ બધા દેશોમાં તેની સામે હઠાગ્રહી અને અનૈતિક વિરોધ થયો છે. વીસમી સદીના પ્રારંભના દશકાઓ ભવિષ્યનાં પરિબળો માટે પસંદ કરાયેલા રાષ્ટ્રોની વરણી કરશે.

* * *

રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યના પ્રશ્નો રહેવા પામે છે. એ બધાં રાષ્ટ્રો સમક્ષ મૂકવામાં આવે છે. પરંતુ મુખ્યત્વે ઇંગ્લૅન્ડ સમક્ષ એ રજૂ થાય છે. એ પ્રશ્ન આયર્લૅન્ડ, ઈજિપ્ત અને ભારત પર ઇંગ્લૅન્ડના સામ્રાજ્ય સમક્ષ રજૂ કરવામાં આવે છે. રાષ્ટ્રવાદ અને સામ્રાજ્યના સંઘર્ષાત્મક દાવાઓમાં સંવાદિતા સર્જવાની ઇંગ્લૅન્ડને ઉત્તમ તક રહી છે. રાષ્ટ્રવાદ સામે લડવામાં ઇંગ્લૅન્ડ પોતાની ભવિષ્યની તક વિરુદ્ધ લડી રહ્યું છે. અને તેના પાલક તથા રક્ષક આત્માઓએ ભારતીય રાષ્ટ્રવાદ પર ટૂંકજીવી વિજયથી બહુ કરવાનું છે. જે પીછેહઠને કારણે નેપોલીઅન ઊભલી પડયો એ જાતની પીછેહઠ ઇંગ્લૅન્ડ માટે જીવલેણ અને ભયાનક પુરવાર થશે. પોતાના સામ્રાજ્યને ટકાવવા માટે ભારતની સરમુખત્યારી માલિકી અનિવાર્ય છે એ ઇંગ્લૅન્ડનો ભ્રમ તેને વિઘ્નરૂપ નીવડશે. જો નેપોલીઅનની જેમ ઇંગ્લૅન્ડ એમ માને કે એશિયા અને જગત પર તેનો વિજય અનિવાર્ય છે તો એ તેનો ભ્રમ છે. પોતાની સામ્રાજ્યલક્ષી આત્મ-પરિપૂર્ણતા માટે એ જરૂરી નથી. કારણ કે ભારત વિના રોમ કરતાં વધુ મહાન સામ્રાજ્ય તેની માલિકી હેઠળ તેને પ્રાપ્ત થશે. ઇંગ્લૅન્ડને ભારતમાં યથાર્થ દરજ્જે એ ટ્રસ્ટી

અને ટૂંકજીવી પાલકનો છે. તેને ભારત પર માલિક તરીકે વર્તવાનું નથી પરંતુ મૈત્રીના આધારે પોતાના વિશ્વાસ અને હક્કને તેના સગીર મિત્રને હસ્તગત કરવાની નીતિ એ જ કુશળ અને વિવેકયુકત નીતિ ઇંગ્લૅન્ડે અપનાવવી ઉચિત છે. જે મહાન ભારતીય સામ્રાજયની તક અંગે નેપોલીઅને સ્વપ્ન સેવ્યું એ તક નેપોલીઅનને આપવામાં આવી નથી પરંતુ ઇંગ્લૅન્ડને આપવામાં આવી છે. પરંતુ એ તક બેધારી તલવાર જેવી છે જેનો એ ગેરઉપયોગ થવા પામે તો પકડનાર તરફ જ એ વળશે અને તેનો નાશ કરશે.

કોઈ પણ વૈકલ્પિક સંયોગમાં

માનવજાતિની બે ગતિ છે: એક ઊર્ધ્વ અને બીજી નિમ્ન અને બન્નેનો પ્રતિકાર થઈ શકે તેવો નથી. ક્ષણભર એવું લાગે કે નિમ્ન ગતિનું આકુંચન થયું છે અને ઈશ્વરે અને ભાગ્યવિધાતાએ જે પ્રયોજનને તિરસ્કાર્યું છે તે પ્રત્યે આસક્તિ સેવતા સંવેદનશીલ મનુષ્યો આ ઊર્ધ્વ આરોહણથી આનંદ માણે છે. ધર્મ, ખ્યાલ અને રાષ્ટ્રનો આવેશમય કે ભવ્ય ઉદય મુખ્ય બળથી થોડા વખત માટે પાછા પડે અને ઉગ્ર અને અનંત ક્રમથી ચક્ર અલ્પ પરિમાણ કે અંતર પાછું ફેરવાય. પરંતુ ઈશ્વર છેતરાતો નથી અને હિંસા દ્વારા ઈશ્વર પર વિજય મેળવી શકાતો નથી. જ્યારે ઈશ્વર સ્વયં સારથિ હોય છે ત્યાં વિજય નિશ્ચિત હોય છે અને જો એ પીછેહઠ કરતો જણાય તો એ જે ક્ષેત્ર ઉપયોગી અને ફાયદાકારક નથી તેને એ ત્યજી દે છે અને સંઘર્ષને અન્ય બાટી લીધેલી જગ્યા જ્યાં વિજય પૂર્વનિશ્ચિત છે ત્યાં બદલે છે. ઘણી વખત એ વિરોધીઓને જે પ્રદેશ જીતી લેવાયો છે અને જેમાં તેનું સામ્રાજ્ય છે તેમાંથી જ પોતાને દૂર કરવા ફરજ પાડે છે અને તેમને તેમાં વ્યસ્ત રાખે છે તેનું કારણ એ છે કે જે જગ્યા તેમના માટે નિત્ય અને હમેશની નિર્માણ થઈ નથી એ સ્થિતિએ તેઓ નિર્બળ બને અને થાકી જાય અને તેમના વિજયથી જ નિર્ણાયક પરાજય પામે.

સંકુચિત મન ઝીણવટભરી વિગતો પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને કહે છે કે "અહીં આપણે નિષ્ફળ ગયા છીએ અને ત્યાં આપણે જીત્યા છીએ" અને શંકાસ્પદ સફળતા જો પરાજયોની યાદીની તુલનાએ ઓછી હોય અને તુલા સમતુલિત રહેતી હોય તો તેથી એ નિરાશ થશે અને પોતાના પ્રયોજનનો નાશ નોતરશે. આમ સર્વ ક્ષુદ્રતાઓ અને ગૌણ બાબતો પર અનિવાર્ય વલણનો મહાન નિર્ઝર વિજય મેળવે છે. એ પ્રત્યે મનુષ્યો પોતાની નજર ખુલ્લી રાખતા નથી અને બનાવોને સમજવામાં એ ભૂલ ખાય છે અને પોતાની જાતને છેતરે છે. અને અમુક વખત સુધી પરાજય પૂર્વનિર્ધારિત છે ત્યાં તેમની શ્રદ્ધાની ઊણપ જે આપત્તિ અંગે તેઓ ચિંતા સેવતા હતા તે તરફ તેમને ઘસડી જાય છે. શ્રદ્ધાનાં ચક્ષુ અને જ્ઞાનનાં ચક્ષુ એ બન્ને એક નથી. શ્રદ્ધા વ્યાપકતામાં દિવ્ય તત્ત્વને પ્રસરાવે

છે ત્યારે જ્ઞાન તેને ભેદ પાડીને સ્પષ્ટરીતે જાણે છે. શ્રદ્ધા અને જ્ઞાન એક છે અને પ્રેમીની પ્રજ્ઞા દ્રષ્ટાની પ્રજ્ઞા દ્વારા વાજબી દર્શાવાય છે અને તેનું તેને અનુમોદન મળે છે. શ્રદ્ધા ઈશ્વર માટે યુદ્ધ કરે છે ત્યારે જ્ઞાન પરિપૂર્ણતા માટે રાહ જુએ છે અને જ્યાં સુધી જ્ઞાન રોકાય છે ત્યાં સુધી શ્રદ્ધા આવશ્યક છે. કારણ કે અટલ શ્રદ્ધા કે પ્રેરણાદાયી પ્રજ્ઞા વિના કોઈ મહાન પ્રયોજન સિદ્ધ થઈ શકતું નથી.

તેથી આપણે વસ્તુઓના મહત્ત્વના એક તરફ જોવું જોઈએ અને આ જણે જે સૂક્ષ્મ બનાવો બની રહ્યા તેમને આ પ્રકાશમાં અર્થઘટિત કરવા જોઈએ. વસ્તુઓની મહાનવૃત્તિ ઊર્ધ્વગામી છે કે અધોગામી છે? જો એ અધોગામી હોય તો પણ આપણે પુરુષાર્થ કરવો જોઈએ કારણ કે જે મનુષ્ય યોગ્ય પ્રયોજનને તે નિષ્ફળ થાય છે તેથી તિરસ્કારે છે એ અધમ છે અને એ વર્તમાન તથા ભવિષ્યમાં માનવજાતિને જખમી બનાવે છે. જે મહાન પ્રયોજનોને અંત સુધી હિંમતપૂર્વક લડીને પાર પાડવામાં આવે છે તેમને હિંમત અને યાતનાથી પવિત્ર બનાવવામાં આવે છે અને તેમનું પુનરુત્થાન અને આખરી વિજય અનિવાર્ય છે. જે પ્રયોજનોને કેવળ ડરપોક લોકોનો ટેકો મળે છે અને લુચ્ચાઈથી તેમને ત્યજી દેવાય છે એ ભવિષ્યના ગ્રંથોમાંથી ભૂંસાઈ જાય છે. ફ્રાન્સ અને ઈટલીમાં નાગરિક સ્વાતંત્ર્યની મધ્યયુગી ચળવળ નિષ્ફળ ગઈ અને તેણે ટયુટનની આપખુદશાહીને સ્થાન આપ્યું, પરંતુ ફ્રેન્ચ ક્રાંતિમાં એ સોગણા સામર્થ્યથી પુનર્જીવિત થઈ અને આત્માઓનો પાર્થિવ સ્તર પ્રત્યેનો આવેશમય ધસારો અને પ્રવાહ સો સો વર્ષ સુધી ઝઝૂમ્યાં અને એક વખત જે સામંતશાહી વિજયી હતી તેને ભાંગીને ભુક્કા કરી નાખી. પરંતુ આપણને ખાત્રી મળી છે એ મુજબ જો ગતિ ઊર્ધ્વગામી હોય તો આપણે સંપૂર્ણ વિશ્વાસથી આગળ ધપીએ અને તેના ગૌણ ભાગોમાં પીછેહઠ મળે છતાં વિજયના ખરા માર્ગમાં એ કેવળ તાલીમરૂપ સ્તંભો છે એમ માનીને આગેકૂચ કરવાની છે.

ખંતથી કામ આગળ ધપાવવાનો અર્થ એવો થતો નથી કે જે પદ્ધતિઓ નિરર્થક પુરવાર થઈ છે અથવા ટૂંક વખત પૂરતી ફળદાયી હોય પરંતુ ઈશ્વરે પોતાની મંજૂરી ખેંચી લીધી હોય તેમાં આગળ ધપવું અને મથામણ કરવી. આપણે એ યાદ રાખવું જોઈએ કે આધુનિક રાજ્યશાસ્ત્રની વ્યાપક પ્રવૃત્તિઓમાં હજુ આપણું રાષ્ટ્ર તાલીમ પામ્યું નથી. કેવળ આપણા સૈનિકોને નહિ પરંતુ આપણા સેનાપતિઓને અને આપણા લશ્કરી દાવપેચમાં બનાવોની તાલીમની જરૂર છે અને તેમને સંપૂર્ણ બનાવવા અનુભવની પ્રજ્ઞા જરૂરી છે. પ્રચંડ ઉત્સાહ, ઉગ્ર આવેશ, આત્મ-બલિદાન, બૌદ્ધિક શક્તિ, વિચારની સમૃદ્ધિ, તેની સૂક્ષ્મતા, અણધાર્યા બનાવોને પહોંચી વળવા સાધનોની વિપુલતા, એ

બધું આપણને પુષ્કળ આપવામાં આવ્યું છે, પરંતુ મહાન લડાઈઓમાં કાબેલ અને નિષ્ણાતનો સંપૂર્ણ અનુભવ મહાન રાજકીય બાબતો અને રાષ્ટ્રીય ભાગ્ય ઘડનારી પરિસ્થિતિઓનો વાસ્તવિક ગાઢ પરિચય મેળવીને જે સૂક્ષ્મ રાજકીય પ્રતિભા અને બુદ્ધિ પ્રાપ્ત થાય છે, તેની તુલનાએ આપણે હજુ અપરિપક્વ અને શિષ્ય-અવસ્થામાં છીએ. પરંતુ ઈશ્વર સ્વયં આપણા માલિક અને શિક્ષક છે. અને પોતે પસંદ કરેલા રાષ્ટ્રને એ દોષ રહિત તાલીમ અને સંપૂર્ણ શક્તિ આપશે, માત્ર આપણે શીખવા માટે આપણો માર્ગ બદલવા અને આપણી ભૂલોની કબૂલાત કરવા તૈયાર રહેવું જોઈએ. તો જ આપણે સ્થિરપણે ગતિ કરી શકીશું, સ્થિરપણે આવેગશીલ રીતે ચ્યુત થયા વિના કે માર્ગમાં પડયા વિના આપણા ધ્યેય પ્રત્યે ગતિ કરી શકીશું અને બધાં વિઘ્નોને ઓળંગીને આપણી વિજય પતાકા ફેરવી શકીશું.

વધુમાં આપણી અંદર નબળાઈઓ છે જે હજુ પુષ્કળ પ્રમાણમાં પ્રવર્તી રહી છે અને આપણે હજુ તેને સુધારી નથી અને નિર્દય રીતે નિર્દય શસ્ત્ર-ક્રિયા કરીને આપણા હૃદયમાંથી તેને નિર્મૂળ કરવાની આપણી પ્રથમ ફરજ છે. જો બૌદ્ધિક સુસજ્જતા ત્રુટિવાળી હોય તો આધ્યાત્મિક સુસજ્જતા પણ સંપૂર્ણતાથી વેગળી રહેવાની છે. આપણા નેતાઓ અને આપણા અનુયાયીઓ ઊંડી અને સૂક્ષ્મ સાધના, આપણા વિકાસના સેનાપતિ અને દિવ્ય ગુરુ અને સાથે વધુ પ્રત્યક્ષ મેળાપ, આંતરિક આરોહણ, વિચાર અને કર્તવ્યની પાછળ રહેતા ભવ્ય અને વધુ આવેશજનક સામર્થ્યની જરૂર છે. અનુભવો દ્વારા આપણને હવે ગળે ઊતર્યું છે કે યુરોપીય ઉત્સાહના અવ્યવસ્થિત અને ઊતરતા સામર્થ્ય દ્વારા આપણે જીતી શકીશું નહિ. ભારતની આધ્યાત્મિકતા, ભારતની સાધના, તપસ્યા, જ્ઞાન અને શક્તિએ આપણને મુકત અને મહાન બનાવવા જોઈએ. આના ઊતરતા અંગ્રેજી પર્યાયો જેવા કે શિસ્ત, તત્ત્વજ્ઞાન અને બળ દ્વારા પૂર્વની આ મહાન વસ્તુઓને દુષિત રીતે આલેખવામાં આવી છે. તપસ્યા એ શિસ્ત કરતાં વધુ અર્થવાહી છે જે દિવ્ય શક્તિસર્જક, પોષક અને સંહારક છે તેનાં આધ્યાત્મિક સાધનો દ્વારા આપણી જાતને આપણે મૂર્તિમંત કરીએ છીએ તેને તપસ્યા કહેવાય છે. જ્ઞાન એ તત્ત્વજ્ઞાન કરતાં વધુ અર્થવાહી છે. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ જેને આધ્યાત્મિક દૃષ્ટિ કહી તે દ્વારા પ્રત્યક્ષ અને પ્રેરણાદાયી જ્ઞાન એ આ જ્ઞાન છે. શક્તિ એ બળ કરતાં વધુ અર્થવાહી છે. જે સાર્વત્રિક શક્તિ તારાઓને ગતિશીલ કરે છે, તે વ્યકિતગત સ્વરૂપ કરે છે. ભારતના ઉદયમાં પૂર્વે વિજય પ્રાપ્ત કરવો જોઈએ. રાજકીય નેતાની પાછળ યોગીએ ઊભા રહેવું જોઈએ અથવા તેના વ્યકિતત્વમાં તેણે પ્રગટ થવું જોઈએ. એક જ શરીરમાં રામદાસ અને શિવાજી જન્મવા જોઈએ. મેઝિની અને

કાવૂરનું સંમિશ્રણ થવું જોઈએ. બુદ્ધિ અને આત્મતત્ત્વ, શક્તિ અને શુદ્ધિનો વિચ્છેદ યુરોપની ક્રાંતિને મદદ કરશે. પરંતુ યુરોપીય શક્તિથી આપણને વિજય મળી શકશે નહિ.

ગત સદીની ચળવળો નિષ્ફળ નીવડી કારણ કે એ વધુ પડતી બૌદ્ધિક હતી અને તેમની પાછળ પ્રજ્ઞાયુક્ત હૃદય નહોતું. રાષ્ટ્રવાદે આ ત્રુટિને પૂરવા પ્રયાસ કર્યો છે. તે વધુ ઝડપી અને વધુ વિવેકયુક્ત બૌદ્ધિક સ્થિરભાવમાં અને અભીપ્સામાં ભારતીય છે પરંતુ વ્યવહાર અને વાસ્તવિકતામાં તે યુરોપીય છે. તેને બુદ્ધિની સહાય મળી છે. પોતાની સ્પષ્ટતા, સૂક્ષ્મતા, ચતુરાઈમાં આનંદ માણ્યો છે. પરંતુ તેને પર્યાપ્તપણે પ્રેરણાદાથી પ્રજ્ઞાવસ્થાનો ટેકો મળ્યો નથી. તે કલ્પનાવિહારો અને આદર્શવાદ સાથે વધુ આસકત છે. પરંતુ સૂક્ષ્મ સત્યને જાણવા અને ઈશ્વરના સંકલ્પનું અધ્યયન કરવા તે શીખ્યું નથી. એ આગ્રહી અને ચુસ્ત સંવેગોથી દોરાય છે. પરંતુ કોઈ પણ વાસનાયુક્ત લાગણી કરતાં વધુ મહાન અને વધુ આવેશમય એવી શુદ્ધ શક્તિ અને શુદ્ધ સંકલ્પબળમાં એ દોષયુક્ત છે. કાં તો રાષ્ટ્રવાદ પોતાની જાતને શુદ્ધ બનાવશે, વધુ પુણ્યશાળી સત્યને શીખશે અને દિવ્ય પ્રેરકબળને ધારણ કરશે અથવા તેના જૂના શરીરનો સદંતર ત્યાગ કરે અને નવા શરીરને પ્રાપ્ત કરવું પડશે. બનાવનું દબાણ એવું છે કે તેને નવું શરીર પ્રાપ્ત કરવાની ફરજ પડશે. પરંતુ કોઈ પણ વૈકલ્પિક પરિસ્થિતિમાં પરાજય એ તેનો અંત હોઈ શકે નહિ. તેનો અંત એ વિજય જ હોઈ શકે.

છેલ્લા દોઢ વર્ષમાં જે બનાવો બન્યા તેમાં દિવ્ય ગુરુનો આપણને એવું કહેતો અવાજ સંભળાયો: "તમારા પાસે જે હોય તેનો ત્યાગ કરો, મારા સંકલ્પને અનુસરો, તમારી જાતને ઓળખો, તમારી જાતને શુદ્ધ બનાવો અને તમારી કલ્પનાને અનુસરવાનું બંધ કરો." જેના પાસે કાન છે તેને સાંભળવા દો. આત્મ-સાયુજ્ય વિના, આંતરિક પ્રકાશ વિના જ્ઞાન મળી શકશે નહિ. સફળતા તરફ દોરી જનાર વ્યવહારુ માર્ગોને પણ જ્ઞાન કહી શકાય નહિ, અવિદ્યાના પ્રકાશમાં જે કોઈ પગલું લેવાયું છે એ નિષ્ફળ જશે અને જ્યાં સુધી સત્યને ગ્રહણ કરવામાં આવે નહિ ત્યાં સુધી આમ બનશે. દક્ષિણેશ્વરમાં જે કાર્યનો આરંભ થયો તે હજુ પરિપૂર્ણ થવાને વાર છે. તે હજુ સમજાયું પણ નથી. વિવેકાનંદે જે ગ્રહણ કર્યું અને જેનો વિકાસ કરવા પુરુષાર્થ કર્યો તે હજુ મૂર્તિમંત થયું નથી. વિજય ગોસ્વામીએ ભવિષ્યનું સત્ય પોતાની પાસે ગુપ્ત રાખ્યું તે હજુ સુધી તેના શિષ્ય-વૃંદમાં સંપૂર્ણ પ્રગટ થયું નથી. અલ્પભીન્નતાયુક્ત અનુભૂતિ તૈયારી કરે છે. વધુ સઘન શક્તિ પ્રગટ થાય છે. પરંતુ કોઈ જાણતું નથી કે એ ક્યાં અને ક્યારે આવે છે.

આપણો આદર્શ

આપણે માનવજાતિની સતત પ્રગતિમાં માનીએ છીએ અને તે પ્રગતિ એ જીવનમાં કોઈ ખ્યાલની કામગીરી છે જે અમુક વખતે બાહ્ય સપાટી પર પોતાની જાતને પ્રગટ કરે છે. અને બીજે વખતે ભૂગર્ભમાં ગતિ કરે છે અને બાહ્ય પરિબળો અને અભિરુચિઓના આવરણની ભીતરમાં પ્રવૃત્તિ કરે છે એમ આપણે વિચારીએ છીએ. જ્યારે સપાટીથી નીચે ઉતરાણ થાય છે ત્યારે બાહ્ય પીછેહઠ, શિથિલ ઉત્ક્રાંતિના તબક્કાઓમાંથી માનવજાતિ પસાર થાય છે. અંધકાર અને સંધ્યાનો લાંબો સમય પસાર કરવો રહેશે. જે દરમ્યાન ભીતરમાં રહેલો ગુપ્ત ખ્યાલ કોઈ સૂક્ષ્મ ધ્યેયની જાગૃતિ વિના મુખ્યત્વે વ્યક્તિગત, રાજકીય અને આર્થિક અભિરુચિના દબાણથી પોતાના એક અંશની પરિપૂર્ણતા સાધે છે. જ્યારે ફરીથી આ ખ્યાલ સપાટી પર પાછો વળે છે ત્યારે માનવજાતિને તેની ઉષા, ભવ્ય વસંત ઋતુ, જ્વલંત અને ઝડપી ખિલવણીનો કાળ પ્રાપ્ત થાય છે. અને તેની ઊંડાઈ, શક્તિ, સત્ય અને સ્વયં પ્રભાવિત સામર્થ્યને અનુલક્ષીને જે વિચારનું સ્વરૂપ ઉદ્‌ભવે છે, તે મુજબ આપણા દુન્યવી વહેવારોમાં દેવોનો જે સમય છે તે દરમ્યાન હરણફાળ ભરવામાં આવે છે તેની મહત્તા પંકાય છે.

વિચાર અને ખ્યાલ એ કેવળ સુંદર પુષ્પ છે અને જીવનનું શણગાર પૂરતું ધરેણું છે તથા માનવ કર્તવ્યના કાર્યવાહક તરીકે રાજકીય, આર્થિક અને વ્યક્તિગત હિતો મહત્ત્વનાં છે એવું 'વ્યાવહારિક' મનુષ્ય માનવા પ્રેરાય છે પરંતુ એમ ધારવું તેના કરતાં વધુ એકેય ભૂલ નથી. આ જગત એ પ્રાણ, પ્રવૃત્તિ અને વિકાસ પામતા જીવંત એકમનું જગત છે એવી આપણે પ્રતીતિ કરીએ છીએ. પરંતુ જે જીવન કેવળ પ્રાણતત્ત્વ અને ભૌતિક બળોથી દોરાવા પ્રયાસ કરે છે એ ધીમો, આંધળો અને ભૂલ કરતો વિકાસ છે. વનસ્પતિ અને પ્રાણીમય અસ્તિત્વ સાથે મનુષ્ય એકરૂપ થાય તેનો એ પ્રયાસ છે. પાર્થિવ જગત એ જડ અને પ્રાણતત્ત્વનું જગત છે. પરંતુ મનુષ્ય વનસ્પતિ કે પ્રાણી જેવો નથી. ઉચ્ચતર હેતુઓ માટે ઉચ્ચતર ઇરાદાઓ દ્વારા અને વધુ દિવ્ય

સાધન સ્વરૂપથી પ્રાણીમય ભૂમિકાનો ઉપયોગ કરવો અને અહીં સાકાર કરવાનું, આધ્યાત્મિક માનવ અને વિચારક તરીકે તેનું કાર્ય છે.

તેથી મનુષ્યનો સ્વભાવ જ એવો છે કે જ્યારે એ બાહ્ય સ્તરના આત્મ-તત્ત્વ વિષે અજ્ઞાત છે છતાં આ ખ્યાલની કામગીરીને એ સહાયરૂપ રહે છે. વ્યવહારુ માનવી જે ખ્યાલના અથવા જેની ઘૃણા કરે છે તેની સેવા કરતો હોય છે જ્યારે શાર્લમાન અસ્તવ્યસ્ત યુરોપને પોતાની તલવારથી આકાર આપતો હતો, યુદ્ધ ખેલતો હતો ત્યારે એ માનવજાતિના ખ્યાલ અને આધ્યાત્મિક વિકાસ માટે માનવ જીવનના સામંત અને કૅથોલિક અર્ધઘટનો જેટલા ઉપયોગી હતા તેના શાસનની વસ્તુત: તૈયારી કરતો હતો. પરંતુ જ્યારે ખ્યાલ ઉદ્‌ભવ પામે છે અને જીવનને માર્ગદર્શન આપે છે. ત્યારે મનુષ્ય પૂર્ણ માનવતા પ્રતિ વિકાસ કરે છે, પોતાના પથ ઉપર મોટું ડગ ભરે છે અને પોતાના ભાગ્ય અને લક્ષ્યમાં પ્રકૃતિના વિકાસને અંકુશમાં લાવવાની શરૂઆત કરે છે અથવા જે તત્ત્વ તેને સંચાલિત કરે છે અને અંકુશમાં લાવે છે તેની સાથે સભાન મન અને આત્મતત્ત્વ તરીકે છેક સહાય કરે છે.

આમ જોતાં માનવજાતિની પ્રગતિ ક્રમિક અંધકાર અને પ્રકાશના લયની સંયુક્ત સતત ક્રાંતિ છે. પરંતુ જે તત્ત્વ ઉત્ક્રાંતિ પામી રહ્યું છે તેને ઉછેરવામાં દિવસ અને રાત, પ્રકાશ અને અંધકાર બન્નેએ સહાય કરી છે. પૃથ્વીના બધા ભાગો માટે આ યુગો એક સમાન રહ્યા નથી. સંસ્કૃતિના વર્તમાન ચક્રના ઐતિહાસિક યુગોમાં આ ગતિ મહદ્ અંશે બે ખંડો એશિયા અને યુરોપમાં સંપૂર્ણ કેન્દ્રિત થઈ છે. અને ત્યાં વારંવાર એવું જોવામાં આવે છે કે જ્યારે એશિયાની પ્રજા પ્રકાશના યુગોમાંથી પસાર થતી હતી ત્યારે યુરોપની પ્રજા અંધાધૂંધીના કાળમાંથી આગળ ધપતી હતી, અને બીજી તરફ, એશિયાની પ્રજાની શિથિલતા અને આરામની રાત્રીઓ હતી તેને અનુરૂપ યુરોપમાં તેની પ્રજાની માનસિક સામર્થ્ય અને પ્રાણલક્ષી પ્રવૃત્તિના ઉજ્જવળ દિવસો હતા.

પરંતુ મૂળભૂત તફાવત એ છે કે એશિયાએ ક્ષેત્ર તરીકે પ્રધાનપણે (એક પક્ષી નહિ) મનુષ્યની આધ્યાત્મિક અનુભૂતિ અને પ્રગતિની સેવા કરી છે. યુરોપ મનુષ્યની માનસિક અને પ્રાણલક્ષી કામગીરીનું હુન્નરકેન્દ્ર રહ્યું છે, જેમ જેમ આ ચક્રમાં પ્રગતિ થઈ તેમ તેમ પૂર્વીય ખંડે, અમુક વખતે સક્રિય અને નવીન વિકાસને પહોંચી વળતા અને વળી કોઈ વખત રૂઢિચુસ્ત અને નિષ્ક્રિય તથા શાંત એવા આધ્યાત્મિક શક્તિના સંરક્ષણ ભંડારમાં પોતાનું વધુ ને વધુ પરિવર્તન કર્યું છે. ઇતિહાસમાં ત્રણ કે ચાર વખત યુરોપ પર આ શક્તિનો ઘોષ વધ્યો હતો, પરંતુ પ્રત્યેક વખતે યુરોપે પ્રેરણાના આધ્યાત્મિક હાર્દનો અંશત: કે પૂર્ણ પ્રતિકાર કર્યો છે અને તાજી બૌદ્ધિક અને ભૌતિક

પ્રવૃત્તિ અને પ્રગતિ માટે આ પ્રેરકબળનો ઉપયોગ કર્યો.

પાયથાગોરાસથી માંડીને પ્લેટો અને નવ-પ્લેટો ચિંતકો સુધીના ગ્રીક ચિંતકોના વિચારોમાં ઈજિપ્ત, ચાલ્ડીઆ અને ભારતની પ્રજાનું શુદ્ધિકરણ થયું એ પ્રથમ પ્રયત્ન હતો. ગ્રીસ અને રોમની પ્રખર બૌદ્ધિક અને બિનઆધ્યાત્મિક સંસ્કૃતિ એ તેનું પરિણામ હતું. પરંતુ તેણે બીજા પ્રયત્ન માટે માર્ગ કરી આપ્યો. બૌદ્ધ ધર્મ અને વૈષ્ણવ ધર્મનું સેમિટિક સ્વભાવમાં રૂપાંતરિત થઈ યુરોપમાં પ્રવેશ પામ્યા અને ખ્રિસ્તી ધર્મનું સ્વરૂપ લીધું. ખ્રિસ્તી ધર્મ યુરોપના મનને વિરક્ત ભાવ અને આધ્યાત્મિક ભાવથી રંગવા પ્રયાસ કર્યો. દેવળના ગ્રીક પાદરીઓના મનમાં જે ધર્મશાસ્ત્રીય વિકૃતિ હતી, અને ખ્રિસ્તી આત્મતત્ત્વ તથા ગ્રીક અને રોમના બૌદ્ધિક લક્ષણ બન્નેથી તદ્દન વિરુદ્ધ એવો તેના ગુણ અને દુર્ગુણની દૃષ્ટિએ જર્મનીની બર્બરતાનું યુરોપમાં જે અચાનક આગમન અને પૂર વધ્યું તેથી ખ્રિસ્તી ધર્મના પ્રચારકો મૂંઝાઈ ગયા હતા.

ભૂમધ્ય દેશોની વૃદ્ધિ, એશિયાના સંસ્કારનું નોંધપાત્ર એકમાત્ર ઉદાહરણ છે જે ખ્રીસ્તોના શાંતિમય આક્રમણથી વિરુદ્ધ ભૌતિક અને રાજકીય આક્રમણની યુરોપીય પદ્ધતિનો ઉપયોગ કરે છે, એવા સ્પેઈન અને ભૂમધ્યના દક્ષિણકાંઠાના દેશો પર ઈસ્લામ ધર્મનું આક્રમણ આવો ત્રીજો પ્રયાસ છે. ગ્રીક સંસ્કૃતિથી પ્રભાવિત થયેલા ખ્રિસ્તી ધર્મના મિલનને લીધે યુરોપીય માનસમાં સામંતશાહી અને કૅથોલિક તથા અર્વાચીન વિચાર અને વિજ્ઞાનની પુનર્જાગૃતિ પરિણમ્યાં.

પૂર્વીય અને મુખ્યત્વે ભારતીય વિચારનો પ્રથમ જર્મન તત્ત્વજ્ઞાનના આવરણ દ્વારા અને પછી કેલ્ટીક, સ્કેન્ડીનેવીઆ અને સ્લેવોનીક આદર્શવાદ, રહસ્યવાદ, ધાર્મિક પ્રભાવ અને યુરોપ તથા અમેરિકામાં બુદ્ધ ધર્મ, થિયૉસોફી, વેદાન્ત દર્શન, બહાઈ ધર્મ અને અન્ય પૌર્વાત્ય અસરોનો પ્રત્યક્ષ અને ખુલ્લો પ્રવેશ એ ચોથો અને છેલ્લો પ્રયત્ન છે. એ પ્રયત્ન ધીમા અને આરંભના તબક્કામાં છે.

બીજી તરફ યુરોપના એશિયા પ્રત્યે બે પ્રત્યાઘાતો છે. પ્રથમ હેલેનીક ઉગ્રતા સાથે સિકંદરનું આક્રમણ જેણે પશ્ચિમ એશિયામાં અમુક વખત સુધી પગદંડો જમાવ્યો, પડઘાઓ સર્જ્યા, ભારતમાં પ્રત્યાઘાતો ઉત્પન્ન થયા અને મધ્યયુગી યુરોપ પર મુસ્લિમ સંસ્કાર પ્રભાવિત કરી પાછું ફર્યું. બીજું, પૂર્વની નૈતિક, સૌન્દર્યલક્ષી અને આધ્યાત્મિક સંસ્કૃતિ પર વાણિજ્ય, રાજકીય અને વૈજ્ઞાનિક યુરોપનું આધુનિક ઉગ્ર આક્રમણ થયું.

આ પરસ્પર આંતર સંક્રમણ થયું, તેનાં લક્ષણોમાં પ્રથમ લક્ષણ એ છે કે બન્ને આક્રમણો સાથોસાથ થયાં અને બીજું તેમના વિરોધના હદ ઉપરનો અતિરેકનો પ્રત્યેક બાબતમાં તેમણે પ્રતિકાર કર્યો છે. ભૌતિક અને બૌદ્ધિક યુરોપે

જગતના આધ્યાત્મિક જીવનના હૃદય સમા એશિયાના એશિયા જેવા ભારતને જોયું. પ્રજા અને જાતિના વ્યાવહારિક અને માનસિક જીવનની સર્વ યથાર્થ પ્રગતિને દૂર રાખી પ્રચંડ પ્રયોગની આખરી તીવ્ર વેદનામાં સદીઓ સુધી સમગ્ર રાષ્ટ્રની વિભાવનાએ શુદ્ધ આધ્યાત્મિક અસ્તિત્વ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પૌર્વાત્ય વિભાવનાના પ્રવેશતા વહેલે યુરોપમાં એવા યુગનો આરંભ નિહાળ્યો જેમાં ધર્મ, દર્શન અને મનોવિજ્ઞાનનો નિષેધ કરવામાં આવ્યો. પશ્ચિમમાં ધર્મને સંવેગાત્મક ભ્રાંતિ, દર્શન કે તત્ત્વજ્ઞાન જે મનનું શુદ્ધ હાર્દ છે તેને શુષ્ક વિચાર-ગૂંચણી તરીકે લેખાયા અને ભૌતિક પ્રકૃતિના નિયમોનો તથા મનુષ્યના શારીરિક, સામાજિક, આર્થિક અને રાજકીય અસ્તિત્વનો અભ્યાસ કરવામા અને તેની આધારશીલા પર ઉચ્ચતર સંસ્કૃતિનું ચણતર કરવામાં મનુષ્યની સમગ્ર બૌદ્ધિક શક્તિ સમર્પી દેવાને એ કૃતનિશ્ચયી થયું જણાયું.

એ પ્રચંડ પુરુષાર્થ પૂરો થયો છે. તેની પોતાની નાદારી તેણે હજુ ખુલ્લી રીતે વ્યક્ત કરી નથી પરંતુ એ ખરેખર નાદાર છે. જેને તે પુરુષાર્થને જન્મ આપ્યો એ પુરુષાર્થ બિન-નૈસર્ગિક હતો અને મહાકાય પરિવર્તન અવ્યવસ્થિત બની ડૂબવામાં છે. બીજી તરફ ભારતીય પુરુષાર્થમાં જે અતિરેક પામેલી આધ્યાત્મિકતા છે તેણે પણ નાદારી નોંધાવી છે. વ્યક્તિઓ તે દ્વારા કેટલું ઊર્ધ્વ આરોહણ કરી શકે છે એ આપણે જોયું પરંતુ આપણે કોઈ જાતિ ઈશ્વરને શોધવામાં પોતાની આતુરતામાં માનવજાતિમાં રહેલા પોતાના આશયને અવગણી અવગતિ કરે છે એ પણ જોયું છે. યુરોપીય અને ભારતીય પુરુષાર્થો બન્ને પ્રશંસનીય હતા, ભારતીય પુરુષાર્થમાં સંપૂર્ણ આધ્યાત્મિક નિષ્ઠા અને નમ્રતા ત્યારે યુરોપીય પુરુષાર્થમાં ચુસ્ત બૌદ્ધિક પ્રામાણિકતા અને સત્ય માટેનો ખંત જણાતો હતો. બન્નેએ ચમત્કારો સિદ્ધ કર્યા છે, પરંતુ અંતે માનવ આત્માના પ્રચંડકાય સ્વરૂપ અને માનવબુદ્ધિના અતિ મેધાવીરૂપ સામે ઈશ્વર અને પ્રકૃતિ અતિ સામર્થ્યવાન છે. અંતે ઈશ્વર અને પ્રકૃતિની શક્તિની પ્રચંડતા પુરવાર થાય છે.

માનવજાતિની વ્યક્તિગત તેમ જ સમાજલક્ષી જે શક્યતાઓ રહી છે તેના વધુ શિષ્ટ, તંદુરસ્ત અને સર્વાંગી વિકાસમાં માનવજાતિની મુક્તિ રહી છે. માનવ અસ્તિત્વની આધ્યાત્મિક ધ્યેયની પ્રતીતિમાં યુરોપની સહીસલામતી શોધવાની છે નહિ તો આત્મવિહોણા સંગઠન અને તેના પોતાના તેજ વિનાના જ્ઞાનના ભારથી એ કચડાઈ જશે. ભૌતિક ફલક અને માનસિક પરિબળો જેમાં તે ધ્યેયને ક્રિયાશીલ બનાવાય તેની પ્રતીતિ કરવામાં એશિયાની સહીસલામતી છે નહિ તો નિરાશાના કીચડમાં એ સરી પડશે અને જીવનની હકીકતો સાથે વહેવાર કરવામાં અને ઝડપી પરિવર્તનના ઝાટકાઓ સહન કરવામાં શારીરિક અને માનસિક રીતે બિનકાર્યક્ષમ પુરવાર થશે. સ્વરૂપોની ફેરબદલી જરૂરી નથી

પરંતુ પુનર્જીવન આપનાર પ્રેરકબળોનો આંતર વિનિમય અને સંવાદિત તથા આનંદદાયી સંમિશ્રણની આવશ્યકતા છે.

જાતિના ઇતિહાસમાં આવી કટોકટી સમયે માનવ પુરુષાર્થમાં બે મહાન વહેણોના પરસ્પર આંતરવિનિમય અને જોડાણ એ માનવજાતિની આશા માટે પૂર્ણ આશાસ્પદ છે. પરંતુ એ સંભવિત ભયજનક છે. ઉચ્ચતર જ્ઞાન પર આધારિત અભિનવ અને વધુ સારા જીવનો ઉદ્ભવ, આપણા સમક્ષ નવી શક્તિઓ અને શક્યતાઓની શોધ અને વ્યક્તિ, સમાજ અને જાતિ ઉકેલે એવી સમસ્યાનો ન્યાયી ખ્યાલ મળે એ મહત્ત્વની આશા છે. ભૌતિક વિજ્ઞાનના વિકાસથી માનવજાતિના સભ્યો એકબીજાથી નજીક આવ્યા છે અને શુભ અને અશુભ ગમે તે હોય પણ તેનું બાહ્યસ્વરૂપ એ હવેથી એકરૂપ છે. તેના જુદા જુદા ભાગો એ હવે સ્વતંત્રપણે અને એકબીજાથી સ્વતંત્ર વિકાસ પામતા નથી. વિજ્ઞાનના વિકાસ અને વહેવારથી અને આંતરિક જીવનથી માનવજાતિ વાસ્તવિકતામાં અને આંતરિક એકતા દ્વારા એક બને એ સાથે સાથે શક્યતા પ્રગટ થાય છે.

જગતની પ્રક્રિયાને સંચાલિત કરતા અને અસ્તિત્વના ઘટકરૂપે સત્ય અને નિયમની શોધ માટે જે ધગશ છે, મનુષ્યના આદર્શો, સંસ્થાઓ અને સંગઠનોની શક્તિઓ અને જીવનને વિકસાવવાનો પ્રયાસ અને જ્ઞાન, નિયમ, સત્ય અને એવો વિશ્વાસ કે આ માર્ગે માનવ પ્રગતિ અને સંપૂર્ણતા પ્રાપ્ત થશે એવા ખ્યાલથી યુરોપની જાગૃતિનું સંચાલન થાય છે.

આ ખ્યાલ તદ્દન વાજબી છે અને આપણે તેને સંપૂર્ણ સ્વીકારીએ છીએ, પરંતુ તેનું પ્રયોજન ભૂલભરેલું છે. કારણ કે જે સત્ય અને નિયમ શોધી કાઢવાનાં છે એ ભૌતિક જગતનાં નથી, જોકે એ જરૂરી છે, એ સત્ય અને નિયમ માનસિક અને શારીરિક જગતનાં પણ નથી જોકે એ અનિવાર્ય છે, પરંતુ એ સત્ય અને નિયમ આત્મતત્ત્વનાં છે કારણ કે બધું તેના પર નિર્ભર છે. કારણ કે વસ્તુઓની આત્મતત્ત્વની શક્તિ અને સામર્થ્ય એવાં છે જે તેનાં સ્વરૂપો અને પ્રક્રિયાઓમાં સ્વયં અભિવ્યક્ત થાય છે.

પૂર્વ જે પશ્ચિમને સંદેશો આપે છે એ સાચો સંદેશો છે : "મનુષ્ય પોતાની જાતને શોધીને જ પોતાની જાતને બચાવી શકશે" અને "મનુષ્ય સમગ્ર જગતને મેળવે અને પોતાના આત્માને સમાવે તો તેને શો લાભ મળશે ?" પશ્ચિમના જગતે આ સંદેશો સાંભળ્યો છે અને આત્માના સત્ય અને નિયમને અને ભૌતિકથી વધુ ચડિયાતી આંતરિક સત્તાને સાબિત કરતા પુરાવાઓને એ શોધે છે. ભય એ છે કે પશ્ચિમમાં યાંત્રિકતા અને અતિશય બુદ્ધિમત્તા માટે હોંશ અને ખંત હોવાથી એ બાહ્ય અને જુઠ્ઠા જીવવાદની અસર નીચે એ વીંટળાઈ જાય. આવા જીવવાદના સિદ્ધાંતો અન્યારે ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં

સર્જાતા જોઈએ છીએ. જર્મનીમાં આલોચનાત્મક અને તાત્ત્વિક સિદ્ધાંતો નિરપેક્ષ તત્ત્વને એકપક્ષી રીતે આલેખિત કરે છે. ઇંગ્લૅન્ડ અને અમેરિકા યાંત્રિક બુદ્ધિ-પ્રતિભાના પ્રતિનિધિઓ છે. આવા બૌદ્ધિક અને અનાધ્યાત્મિક સિદ્ધાંતો અપૂર્ણ એવા જીવવાદને સર્જે છે.

જે ખ્યાલથી એશિયાની પ્રજ્વલિત પ્રતિભા સંચાલિત થઈ છે એ એવા જ્ઞાનનો બન્યો છે કે આત્મતત્ત્વનું સત્ય એ જ કેવળ યથાર્થ સત્ય છે, એ એવી માન્યતા છે કે મનુષ્યનું મનોવૈજ્ઞાનિક જીવન એ આત્મતત્ત્વના જીવનને પ્રાપ્ત કરવાનું એક સાધન છે અને એ ઉત્તમ ધ્યેય સાથે તેના નિયમોને જાણવાના અને આચરવાના છે. મહાન પુરુષાર્થ માટે અનુકૂળ અને યોગ્ય બંધારણમાં માણસના બાહ્ય જીવન અને સમાજની સંસ્થાઓને આકાર આપવાનો પ્રયાસ કરવાનો છે.

આ ખ્યાલ પણ તદ્દન વાજબી અને ન્યાયી છે અને આપણે તેને સંપૂર્ણ સ્વીકારીએ છીએ. પરંતુ તેના પ્રયોજન કાર્યમાં અને સવિશેષ ભારતમાં આત્મ-તત્ત્વ અને તેનાં સાધનો વચ્ચેના વિચ્છેદના માર્ગ તરફ એ ચ્યુત થયું છે, અને જાતિના માનસિક અને બાહ્ય જીવનની સંકુચિતતા અને તેનું અવમૂલ્યન સર્જાયાં છે. આ સાધનકારી જીવનના સૌથી વ્યાપક અને સમૃદ્ધ વિકાસથી જ આધ્યાત્મિક તત્ત્વની પૂર્ણ પ્રાપ્તિ થઈ શકે અને તેનો નિશ્ચિત આધાર લઈ શકાય. પૂર્વના પ્રાચીન મનીષીઓએ આ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને તેનું તેઓ આચરણ કરતા હતા. જ્ઞાનમાં એ ઝાંખું પડી ગયું અને તેમના અનુગામીઓએ તેમને આચરણમાં ગુમાવ્યું.

જે સંદેશ પશ્ચિમ પૂર્વને આપે છે એ સાચો સંદેશો છે. મનુષ્ય પણ ઈશ્વર છે અને તેના વિકસિત માનવ સ્વરૂપ દ્વારા એ દેવતત્ત્વને પહોંચે છે. જીવન પણ દિવ્ય છે. તેનો પ્રગતિશીલ વિસ્તાર એ બ્રહ્મની આત્મ-અભિવ્યક્તિ છે અને જીવનનો નકાર કરવો એ આપણામાં રહેતા દેવતત્ત્વનો ક્ષય કરવા જેવું છે. પશ્ચિમમાંથી આ સત્ય પૂર્વમાં પાછું વળે છે. પૂર્વ પાસે જે સત્ય ઉચ્ચ સત્યની ભાષામાં હયાત છે એ પાછું વળે છે. અને એ જ્ઞાન પ્રાચીન છે. પૂર્વ એ સંદેશ પ્રત્યે જાગૃત થાય છે. ભય એ છે કે એશિયા તેના પોતાના નિયમ અને પોતાની પ્રકૃતિને ભૂલી જઈ યુરોપના સ્વરૂપને સ્વીકારે કાં તો પશ્ચિમનું આંધળું અનુકરણ કરે અથવા જે વિકૃતિઓ એશિયા પર આક્રમણ કરે છે અને જે તેની પાસે તદ્દન નિમ્ન સ્વરૂપે છે તેનું ભયાનક જોડાણ કરે તોપણ એ ભીતિકારક છે.

તેથી વિચારની સમસ્યા યોગ્ય ખ્યાલ અને સંવાદિતાના યોગ્ય માર્ગ શોધી કાઢવાની છે. એ સમસ્યા આત્મતત્ત્વના પ્રાચીન અને શાશ્વત આધ્યાત્મિક

સત્યને પુનઃઆલેખિત કરવાની છે જેથી એ માનસિક અને શારીરિક જીવનનું પુનઃઆલિંગન તેમાં સાંગોપાંગ પ્રવેશ, તેના પર વર્ચસ્વ અને તેનું રૂપાંતર કરશે. વિચારની સમસ્યા મનોવૈજ્ઞાનિક આત્મ-શિસ્ત અને આત્મ-વિકાસની ઘણી પ્રચંડ અને મહત્ત્વની પદ્ધતિઓ કેળવવી જેથી મનુષ્યની માનસિક અને તેના ચૈતસિક જીવન તેની પોતાની સમૃદ્ધ, તેના સામર્થ્ય અને જટિલતાના વધુમાં વધુ શક્ય વિસ્તારથી આધ્યાત્મિક જીવનને વ્યક્ત કરે અને એવાં સાધનો અને પ્રેરકબળોને શોધવાં જેથી તેનું બાહ્ય જીવન, તેનો સમાજ અને તેની સંસ્થાઓ આત્મ-તત્ત્વના સત્યમાં પ્રગતિશીલ રીતે પુનઃઘડતર કરે અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય તથા સામાજિક એકતાની વધુમાં વધુ શક્ય સંવાદિતા તરફ વિકાસ સાધે.

આ આપણો આદર્શ અને આપણું સંશોધન છે. આ જ ધ્યેયથી પ્રેરાઈને જગતમાં ઘણી પ્રવૃત્તિઓ થઈ છે પરંતુ જે કોઈ સંપ્રદાય, મતમતાંતર કે વર્તમાન તાત્ત્વિક વ્યવસ્થાને વળગી રહ્યા વિના સંશોધનની પરિવર્તનશીલતામાં સંકોચાયા વિના સમસ્યાને તેની સમગ્ર જટિલતામાં ખુલ્લી રીતે આવકારે એવા વિચારના પુરુષાર્થ માટે અવકાશ છે.

આમાં વિશ્વમાં આત્મ અભિવ્યક્તિનો મૂળભૂત નિયમ અને અસ્તિત્વની ભીતરમાં રહેતા સત્ય માટે શોધખોળનો પ્રયાસ અભિપ્રેત છે. એ કાર્ય પરમ તત્ત્વચિંતન અને ધાર્મિક વિચારનું છે. એ પ્રયાસમાં મનુષ્યનું શુદ્ધિકરણ અને પોતાની જાતને સંપૂર્ણ બનાવવાનું કાર્ય સમાયેલું છે. શિસ્ત સ્થાપવાની મનોવૈજ્ઞાનિક પદ્ધતિઓને સંવાદિત અને સુસજ્જ બનાવવાથી મનુષ્ય આ પ્રયાસ પાર પાડે છે. યુરોપમાં મનોવિજ્ઞાનનો જે અર્થ લેવામાં આવે છે એ મનોવૈજ્ઞાનિક પદ્ધતિ નથી પરંતુ ભારતમાં જેને યોગ કહેવામાં આવે છે એ વ્યવહારુ અને સૂક્ષ્મ મનોવિજ્ઞાન છે અને મનુષ્યના સામાજિક અને સમૂહલક્ષી જીવનની સમસ્યાઓને આપણા વિચારો પ્રયોજિત કરવાના છે એ દૃષ્ટિએ આ સમજવાનું છે.

આધ્યાત્મિક અનુભૂતિ પર આધારિત તાત્ત્વિક અને ધાર્મિક વિચાર એ આવા પ્રયાસનો પાયો અને આરંભ હોવા જોઈએ. કારણ કે તાત્ત્વિક અને ધાર્મિક વિચાર જ આભાસ અને પ્રક્રિયાઓની ભીતર જઈ વસ્તુઓના સત્યમાં પહોંચે છે. જે બાહ્ય હકીકત અને આભાસમય છે, તેની ભીતરમાં ઊંડી ગતિ કરવાનો પ્રયાસ અને સામાન્યીકરણ કરવા મનુષ્ય હમેશ વિચાર કરવાનો છે કારણ કે તેની જાગૃત ચેતનાનો એ આદેશાત્મક નિયમ છે. મનુષ્ય હમેશ પોતાના સામાન્યીકરણને ધર્મમાં પરિવર્તિત કરશે પછી એ કેવળ પ્રત્યક્ષવાદ કે નાસ્તિકતાનો ધર્મ હોય કે ભૌતિક નિયમનો ધર્મ હોય. દર્શન કે તત્ત્વજ્ઞાન એ વસ્તુઓના મૂળભૂત સત્યની બૌદ્ધિક શોધખોળ છે. ધર્મ એ મનુષ્યના આત્મામાં સત્યને

સક્રિય બનાવવાનો પ્રયાસ છે. એ એકબીજા માટે જરૂરી છે. જે ધર્મ તાત્ત્વિક સત્યની અભિવ્યક્તિ નથી. એ વહેમ અને અંધશ્રદ્ધાળુપણામાં પરિણમે છે અને જે તત્ત્વજ્ઞાન ધાર્મિક આત્મતત્ત્વની સાથે સ્વયં પરિવર્તનશીલ થતું નથી એ શુષ્ક પ્રકાશ છે કારણ કે તેનું આચરણ કરી શકાતું નથી અને ધર્મ કે તત્ત્વજ્ઞાનમાંથી કોઈ પણ એકને જ્યાં સુધી આત્મતત્ત્વ પ્રતિ આરોહણ ન કરે અને જીવનના ફલકમાં પ્રવેશે નહિ ત્યાં સુધી તેને પરમ મૂલ્ય પ્રાપ્ત થતું નથી.

ત્યારે આપણો આદર્શ કયો થશે? કેવળ હિત અને અભિરુચિના બાહ્ય સાહચર્યથી નહિ પરંતુ આંતરિક તાદાત્મ્યતાથી માનવજાતિની એકતા, કેવળ પ્રાણીમય અને આર્થિક જીવનમાંથી અથવા કેવળ બૌદ્ધિક અને સૌંદર્યાત્મક જીવનમાંથી મનુષ્યનું પુનરુત્થાન કરવું અને તેને આધ્યાત્મિક અસ્તિત્વની પ્રતિભામાં લાવવો. શારીરિક ચોકઠાં અને માનસિક સાધનમાં આત્મતત્ત્વની શક્તિ રેડવી જેથી મનુષ્ય પોતાના મનુષ્યત્વને સાચા અતિમનુષ્યત્વમાં વિકસાવે અને જેમ પ્રાણીમય સ્થિતિમાંથી વર્તમાન માનવ સ્થિતિનો વિકાસ થયો એ આપણે વિજ્ઞાન કહે છે તેમ વર્તમાન માનવ સ્થિતિથી અતિમાનવ કક્ષા આગળ ધપશે. આ ત્રણ ધ્યેયો એક છે, કારણ કે મનુષ્યની એકતા અને મનુષ્યની આત્મપરાત્પરતા આત્મતત્ત્વમાં જીવવાથી જ સિદ્ધ થકાય.

સંરક્ષણ અને પ્રગતિ

માનવજાતિ સ્વાભાવિક રીતે અંતિમ ધ્રુવો પ્રમાણે વિચારે છે અથવા ધાગડધીંગડ અને તડજોડથી સમન્વયિત છે. એમ કરવામાં એ નિયમનનો આંધળો આદરભાવ રાખે છે કે એક જ વિચારના ઉત્સાહને પોતે તાબે થાય છે. મનુષ્ય હમેશ કર્તવ્યની યોગ્ય સપ્રમાણતા અને દર્શનનું સત્ય ગુમાવે છે કારણે કે અન્ય સજીવ અસ્તિત્વની જેમ પોતાની પ્રકૃતિને અનુરૂપ જોવું, અનુભવવું અને તેના જેવા થવાને બદલે પોતાની બુદ્ધિ દ્વારા નક્કી કરેલા ધોરણથી એ હમેશ વસ્તુઓને માપવા પ્રયાસ કરે છે. પરંતુ તેની બુદ્ધિના સ્વરૂપને કારણે તફાવત પાડવો અને ભેદ દર્શાવવો એ સહેલું કાર્ય છે. પરંતુ તેની બુદ્ધિના સ્વરૂપને કારણે તફાવત પાડવો અને ભેદ દર્શાવવો એ સહેલું કાર્ય છે; એકત્રિત કરવું એ મુશ્કેલ છે. જ્યારે તે સંમિશ્રણ કરે છે ત્યારે એ જુઠ્ઠાપણું અને કૃત્રિમતા તરફ ઢળે છે. એક જ વિચારનો પીછો કરવો અને તેનાં તાર્કિક પરિણામોને શોધવામાં તથા એક જ દૃષ્ટિબિંદુએ વસ્તુઓને નિહાળવામાં બુદ્ધિને સરળતા રહે છે. પરંતુ કર્તવ્યમાં જુદા જુદા વિચારોને સંવાદિત કરવા અને વિવિધ દૃષ્ટિબિંદુઓથી હકીકતોને જોવું એ તેના નૈસર્ગિક ઇરણથી વિરુદ્ધનું છે. તેથી એ કામ તે બેડોળ રીતે, યોગ્ય ગૌરવ અને લાવણ્ય વિના અને પ્રભુત્વના અભાવથી થાય છે. મહદ્ અંશે એ સંવાદ કરતાં વિસંવાદી શંભુમેળો થાય છે. પૃથક્કરણ કરવામાં માનવ મન પ્રબળ અને ઝડપી હોય છે. ક્રમથી સંપૂર્ણપણે એ સમન્વય કરે છે અને સમન્વયના કાર્યમાં એ નિરાંત કે સ્વસ્થતા અનુભવતું નથી. બુદ્ધિ વિભાજન કરે છે, વિરોધ કરે છે અને સર્જેલા વિરોધો વચ્ચે રહેવા પામીને એક પક્ષ કે અન્ય પક્ષના સહેતુક તરફદાર છે. પરંતુ વિવેકયુક્ત, નિષ્પક્ષરીતે અને અમુક સમગ્રતાથી વિચાર કરવો એ સરેરાશ માનવ માટે ધૂણા અને કંટાળાજનક છે.

આ બધી અશક્તિઓથી બધા માનવ કર્તવ્ય અને વિચારથી પીડાય છે કારણ કે બુદ્ધિ તીક્ષ્ણ અને માર્મિક વિચારથી આકર્ષાઈ ફસાય છે. આ તીક્ષ્ણ વિચારથી તેના આનુષંગિક પ્રશ્નો, અનિવાર્ય સહચારી વિચારો, કાર્યક્ષેત્રમાં

રહેતાં વિરોધી બળો પ્રતિ ઉચિત ધ્યાન આપ્યા વિના આકર્ષાઈને અનુસરે છે. અથવા આ સર્વને બુદ્ધિ કેવળ શત્રુ તરીકે લેખે છે, શુદ્ધ જુઠ્ઠાણા અને અનિષ્ટની છાપ ઊભી કરે છે અને તેને વત્તેઓછે અંશે ઉગ્રતાથી અસ્તિત્વમાંથી કાઢી નાખે છે. પછી એ જે વિચારોને મૂર્તિમંત કરવા પ્રયાસ કરે છે તેનું આકલન કરે છે. એ કાં તો તે ભૂતકાળની ધારણાઓ અને અધિકારોનો તેમાં ઉમેરો કરે છે અથવા નૂતન પ્રકાશને પ્રવેશવા દેવા સંપૂર્ણપણે આ બધાનો ત્યાગ કરે છે. ભવિષ્યની સિદ્ધિઓના હિતમાં તેના ભૂતકાળના કાર્યનો નકાર કરે છે. અને અભિનવ સ્પષ્ટતા તથા એ તાજું પુષ્ટ આદરે છે. પરંતુ એમ કરવામાં પસ્તાવો, પીછેહઠ, પુનરાવહન કરવાનો સમય આવે છે. દેશનિકાલ કરેલા દેવોને પુનઃસત્તારૂઢ કરવા પ્રયાસ કરવાનો છે. પ્રાણવિહોણા ઓળા અને ભૂત જેને જીવનના જુઠ્ઠા અને ટૂંકજીવી આભાસનું અગત્ય આપે છે તેને પણ એ સ્થાન આપે છે. અને બુદ્ધિ પોતાનું ધ્યેય હાંસલ કરે તે માર્ગમાં શંકાઓ, દ્વિધા, સંકોચ, ધીમી તથા સંભાળપૂર્વક આગેકૂચ તથા કરેલા સુધારા-પણાની પૂર્વનિર્ધારિત ધારણાઓ રહી છે. પરંતુ માનવ સુધારણાનું કાર્ય એ સાધારણ રીતે દંભી અને ઘાગડઘીગડ કરનારું હોય છે. એ જૂના સુતરાઉ કાપડ પર નવીન મખમલનો કટકો સીવે છે અથવા જૂના મખમલ પર નવીન સુતરાઉ કાપડના કટકાને સીવે છે અને આમ દુઃખકારક હાથકારીગરીનાં કામની પ્રશંસા કરે છે અને તેની સાવચેતીભરી આગેકૂચ એ કલ્પના, ઢોંગ અને મૃતઃપ્રાય રૂઢિઓનો સમૂહ બની ગયો હોય છે. પ્રાણતત્ત્વને માટે સહન કરવા આ જુઠ્ઠાણું અત્યંત ભારરૂપ થઈ પડે છે, અને ભૂતકાળની અચળ વિધિઓમાંથી માનવજાતિના આત્માને મુક્ત કરવા ઉગ્ર ક્રાંતિ કરવી આવશ્યક જણાય છે. આપણી પ્રગતિ આ જાતની છે. અજ્ઞાન અને લગભગ અંધ લેખાય એવા મનુષ્યની આગેકૂચ છે. પણ અર્ધ-પ્રાણી, અર્ધ-દેવ, પ્રકાશથી આકર્ષાયેલ આત્મતત્ત્વ પોતાની ભૂલો દ્વારા વ્યાકુળ જંગલમાંથી ઠેબા ખાતાં ખાતાં હમેશ આગળ ધપતી કૂચ કરે છે.

રૂઢિચુસ્તતા અને પ્રગતિ વચ્ચે આપણે જે વિરોધ સર્જીએ છીએ તેમાં માનવ મનોવૃત્તિનું આ લક્ષણ દેખા દે છે. વિશ્વમાં કોઈ પણ વસ્તુ ખરેખર સ્થિર રહી શકે નહિ કારણ કે સઘળું સમયના ભીંબામાં છે અને સમયનું હાર્દ એ આગેકૂચ કરતી ગતિ છે. જગતની ગતિ એ સીધી લીટીમાં નથી એ સાચું છે. ચક્ર અને શંકુ આકારે આ ગતિ થતી હોય છે. આમ છતાં એ એક જ કેન્દ્રની આજુબાજુ ફરતું નથી, પરંતુ આગેકૂચ કરતા કેન્દ્રની આજુબાજુ ગતિ કરે છે અને તેથી તેના જૂના રસ્તા પર જ ચોક્કસપણે એ કદી પાછું વળતું નથી અને એ ખરેખર કદી પાછું વળતું નથી. સ્થિર રહેવાની બાબતમાં સ્થિર

રહેવું અશક્ય છે, એ ભ્રમ અને કલ્પના છે. કેવળ આત્મતત્ત્વ કાયમ છે. વસ્તુઓના આત્મા અને શરીર એ શાશ્વત ગતિમાં રહે છે. અને આ ગતિમાં ભૂત, વર્તમાન અને ભવિષ્યની ત્રણ નિર્ધારક શક્તિઓ રહી છે. વર્તમાન એ સમાંતર અને સતત રીતે પરિવર્તનશીલ લીટી છે. મૂર્તિમંત અનંતતા જે ઉત્તેજન આપે છે અને પાછળ જઈ સમતુલા જાળવે છે અને વિશાળ અમૂર્ત અનંતતા જે આકર્ષે છે અને પીછેહઠ કરે છે એ બે વચ્ચે કોઈ જાતના વ્યાપ વિના સતતપણે વર્તમાન સમકક્ષ ગતિમાં ચલિત થાય છે.

ભૂતકાળ એ પીછેહઠ માટે ધક્કો અને પ્રગતિ માટેનું બળ છે. વર્તમાનને સર્જવામાં એ સર્વસ્વ છે· અને ભવિષ્યને સર્જવામાં એ બળનો મોટો ભાગ રહ્યો છે. કારણ કે ભૂતકાળ એ મૃત:પ્રાય નથી, તેનાં સ્વરૂપો ગયાં છે અને તે જવાં જ જોઈએ, નહિ તો વર્તમાન અસ્તિત્વમાં ન આવ્યો હોત; પરંતુ તેનો આત્મા, તેનું બળ અને તેનું હાર્દ વર્તમાનમાં પ્રચ્છન્ન રીતે રહે છે અને સતતપણે એકત્રિત થઈને, વૃદ્ધિ પામીને અને ઊંડાણમાં જઈને ભવિષ્યમાં રહેવાનું ચાલુ રાખશે. દરેક માનવી પોતાની જાતને જાળવી રાખે છે અને પોતાની પાછળ પોતની જાતિનો સમગ્ર ભૂતકાળ, માનવજાતિનો અને પોતાનો ભૂતકાળ જાળવે છે. કુળ, માનવજાતિ અને પોતાની જાતિ એ ત્રણે વસ્તુ તેના આરંભ-બિંદુનું નિર્ધારણ કરે છે, તેની જીવનની પ્રગતિમાં તેની પાછળ ગતિશીલ રહે છે. ભૂતકાળના મહાકાય સંરક્ષણમાં એવું સામર્થ્ય અને બળ રહ્યાં છે કે તેની અમૂર્ત અનંતતાઓના ઊંડાણોમાં એ કૂદકો મારી શકે છે. પરંતુ એ ધક્કો પણ છે કારણ કે અમુક અંશે અજ્ઞાન તત્ત્વથી ડરીને મનુષ્ય જે માળખાંઓ અંગે એ નિશ્ચિત છે તે સ્વરૂપો અને માળખાંઓને વળગી રહે છે. જૂની આધારશીલાઓ તેને ઊભવા માટે સલામત જણાય છે, જૂના આસક્તિના વિષયોની આજુબાજુ તેની તૃષ્ણાઓના તીવ્ર છેડાઓ વીંટાળાયેલા રહે છે તેથી તેને ભૂતકાળનાં સ્વરૂપો વધુ ગમે છે પરનુ તેથી વધુ તો એ છે કે ભૂતકાળ પોતાનો કાબૂ અને અંકુશ વ્યક્તિ પર જમાવી રાખે છે જેથી તેના અનિશ્ચિત માર્ગમાં તે અંકુશમાં રહે અને તેની પ્રગતિ એ વિચ્છેદન ન બની જાય એની કાળજી રાખે છે.

ભવિષ્ય અવિરુદ્ધપણે આકર્ષે છે તેમ આપણને પાછા પણ કાઢે છે. આ પ્રત્યાઘાત આંશિક રીતે અજ્ઞાત તત્ત્વમાંથી આપણો પોતાનો કુદરતી પીછેહઠમાં રહ્યો છે કારણ કે આ અજ્ઞાતતત્ત્વમાં પ્રત્યેક પગલું જીવન અને મૃત્યુ વચ્ચેનો જુગાર છે. આપણે જે કોઈ નિર્ણય લઈએ છીએ એ આપણો હવે જે છીએ અને જે નામ અને રૂપને આપણે વળગેલા છીએ તેની મહત્તર પરિપૂર્ણતા અથવા તો તેના નાશનો સંકેત તેમાં રહ્યો છે. પરંતુ તે સંકેત સ્વયં ભવિષ્યમાં પણ રહ્યો

છે, કારણ કે ભવિષ્યને સંચાલિત કરતા તેમને પરિપૂર્ણ કરતી અને અવરોધક બળથી આપણને આકર્ષતી શક્તિઓ જ માત્ર નથી પરંતુ અન્ય શક્તિઓ રહી છે જેના પર વિજય મેળવવાનો છે. આ શક્તિઓ સહજતાથી શરણે આવે એવી નથી. ભવિષ્ય એ બેમનવાળું વિચિત્ર સમસ્યાત્મક પ્રાણી છે. એ એવી શક્તિ છે જે આપણને કંઈક આપે છે અને ફરીથી લઈ લે છે, સ્વાર્પણ કરે છે અને તીવ્ર વિરોધ કરે છે, એ આપણને સિંહાસને બેસાડવા યત્ન કરે છે અને કાપી નાખવા પણ પ્રયાસ કરે છે. પરંતુ વિજય મેળવવા પ્રયાસ થવો જોઈએ અને જુગારને આવકારવો જોઈએ. ભવિષ્ય આપણને જીવન અને મૃત્યુની જે તક આપે છે તેનો આપણે પુરતો સામનો કરવાનો છે અને તેથી આપણે ચિંતાગ્રસ્ત થવાનું નથી કારણ કે આપણાં પુરાણાં નામ અને રૂપોનો સતત રીતે મૃત્યુઘંટ વગાડીને જ આપણે મહત્તર અને અભિનવ સ્વરૂપો અને નામોમાં ધનિષ્ઠ રીતે રહી શકશું. આપણે આગળ જવું જ જોઈએ, કારણ કે જો આપણે નહિ જઈએ તો આપણી કાલ્પનિક નિષ્ક્રિયતા હોવા છતાં કાળ આપણને આગળ ધકેલશે. અને બધી બાબતોમાં આ અત્યંત કરુણાજનક અને ભયાનક ગતિ છે, કારણ કે મૃત:પ્રાય ભૂતને વળગી રહી આપણી જાતને જીવતી બચાવવા ભૂતકાળના અંશોને ઓગાળવાના પ્રયત્ન ચાલુ હોવા છતાં આપણને ભવિષ્યના ગર્તમાં ધકેલી દેવામાં આવે એ કરતાં વધુ કરુણાજનક પરિસ્થિતિ કઈ હોઈ શકે? અને જે વસ્તુ તેના સ્વરૂપમાં જ સક્રિય અને ગતિશીલ છે તેના પર નિષ્ક્રિયતા લાદવી એ કરતાં વધુ શું ભયાનક હોઈ શકે? ગંભીર અને બદસ્વરૂપ વધતી જતી પરિસ્થિતિ એ જ આનો સંકેત છે. જીવંત અને સ્વયં પુન:સર્જિત સ્ફૂર્તિદાયક માનવીના પુરુષાર્થની જગ્યાએ કોહાઈ ગયેલા મૃતદેહના ચાલુ રહેતા પ્રયાસ જેવું છે. તેથી તેમને ભવિષ્યનો કશો ભય નથી, જે ભવિષ્યના પડકાર અને તેના જુગારને આવકારે છે એ સૌથી મહાન આત્માઓ છે. આ મહાન આત્માઓને જગતને દોરતી શક્તિ અથવા ઈશ્વરમાં ઉદાત્ત વિશ્વાસ, અનંત સાથે કુસ્તી કરવાની અને અસંભવિતને મૂર્તિમંત કરવાની માનવ આત્માની ઉચ્ચ શક્તિ અને હિંમત ધરાવતાં હોય છે. મહાન સુધારકો અને અવતાર તથા પયગંબરોના ગુણ તરીકે અંતિમ વિધિમાં મનીષી અને યોદ્ધા સમાન વિશ્વાસ હોય છે એ આ મહાન આત્માઓનો ગુણ છે.

જો આપણે કાળજીપૂર્વક વિચારીએ તો આપણે જોઈશું કે ભૂતકાળ એ ખરેખર સંરક્ષણનો ગંજાવર પુરવઠો છે. પરંતુ એ સંરક્ષણ નિષ્ક્રિય નથી પરંતુ તેની વિરુદ્ધ નવીન આકાર અને પ્રરિવર્તન માટેનું દ્રવ્ય પ્રદાન કરે છે, વર્તમાન સતત ફેરફાર છે અને ભૂતકાળ જેની કામના સેવે છે અને જેના પર દબાણ લાવે છે અને અભિનવ વાસ્તવિકતાને મૂર્તિમંત કરે છે. ભવિષ્ય એ

અભિનવ સાકારપણાનું એવું બળ છે જે ખરેખર વાસ્તવિક નથી પરંતુ એ તરફ ભૂતકાળ ગતિ કરતું હતું અને જેને ખાતર એ જીવ્યું. જ્યારે આપણને એવી પ્રતીતિ થાય છે કે આ ત્રણ વચ્ચે કોઈ ખરેખર વિરોધ નથી. એ એક જ ગતિના ત્રણ ભાગો છે. વિષ્ણુ, બ્રહ્મા અને મહેશ્વરની ત્રિપુટી છે. અને આ ત્રિપુટી એક જ દેવને અખંડ કર્તવ્યથી સંતોષે છે. આમ છતાં વિરોધ અને વિભાજનની ઘેલછામાં માનવજાતને વિવિધ ભાગોમાં ગોઠવે છે અને તેમના વચ્ચે કલહ સર્જે છે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યના પક્ષકારો અને આ ત્રણે બળો વચ્ચે સમન્વયના તરફેણકર્તાઓ અને હિમાયતીઓને જગ્યા આપે છે. આ ત્રણ પક્ષકારો વચ્ચેનાં ઘર્ષણ અને મથામણનો કુદરત ઠીક ઠીક લાભ ઉઠાવે છે. અને આપણી હાલની તામસિક અજ્ઞાન અને હઠાગ્રહી અહમ્‌ની સ્થિતિમાં કુદરતની આ પદ્ધતિ જરૂરી છે. આમ છતાં ઉચ્ચતર જ્ઞાનના દૃષ્ટિકોણથી એ દયાજનક અજ્ઞાનમાં ચાલતું ઘર્ષણ છે.

જે ભવિષ્યકાળના પક્ષકર્તાઓ છે એ પોતાની જાતને પ્રગતિજૂથ તરીકે ઓળખાવે છે. એ પ્રકાશનાં બાળકો છે અમ માને છે અને ભૂતકાળને અનિષ્ટ, અશ્લિલ, સ્ખલનોના સમૂહ અને ઘોર અજ્ઞાન તરીકે લેખી તેનો ત્યાગ કરે છે. તેઓ એમ માને છે કે તેમનો મત જ શુભ, સત્યનિષ્ઠ અને પ્રકાશમય છે. આવું સત્ય, શુભ કે આવો પ્રકાશ એ કદાચ પછીની પ્રજા દોષ અને અનિષ્ટ ગણીને તેનો ત્યાગ કરે એવું બને. વર્તમાનકાળના હિમાયતી અને પક્ષકર્તાઓ સર્વે પ્રગતિને ઘૃણાની દૃષ્ટિએ જુએ છે. અનિષ્ટ અને દોષ, વિનાશ અને ક્ષયમાં આરોગ્ય અને અવિવેકી ધૂબકો મારવામાં આવ્યો છે. તેમના મતાનુસાર વર્તમાનકાળ એ માનવજાતિની પરાકાષ્ઠા માટે છે. ભૂતનો "વર્તમાન"કાળ એ અગાઉની પેઢી માટે હતો અને ભવિષ્યકાળ જેને તેઓ ધિક્કારે છે એ આ પ્રગતિશીલ આત્માઓ જો એ સમયે પુનઃ અવતાર લેશે તો તેમના માટે છે. આ માનવીઓ એ વખતે કોઈ અન્ય ભવિષ્યકાળને લક્ષ્યમાં રાખીને જેમ વર્તમાનના હિતમાં તેના પર આક્રમણ કરે છે તેમ તેનો એ જ જુસ્સો અને લાગણીથી બચાવ કરશે. ભૂતકાળના પક્ષકારો બે પ્રકારના હોય છે. પ્રથમ પ્રકારના પક્ષકાર વર્તમાનના દોષોને કબૂલે છે પરંતુ ઉચ્ચ, પૂર્ણ, નિર્દોષ અને પ્રશંસનીય ભૂતકાળના સિદ્ધાંતોની હજુ પ્રશંસા કરે છે એ અંશે તેને ટેકો આપે છે. ભૂતકાળને સામૂહિક જાતિના સુવર્ણયુગ તરીકે લેખે છે, અને કદાચ એ અમુક અંશે ઊતરતી કક્ષાનું હોય છતાં પ્રગતિની અધમતા સામે નિત્ય રક્ષણ સમાન છે. જો એ કોઈ ફેરફારને સ્વીકારતા હોય તો ભૂતકાળની દિશામાં એ ફેરફારને થતો ઇચ્છે છે. બીજા પ્રકારના પક્ષકારો વર્તમાનને તદ્દન હલકો, તિરસ્કૃત, ભયાનક, દુર્ગુણી અને પાપી લેખે છે. પૂર્વજોનાં જ્ઞાન અને ડહાપણને

ફરી મેળવવા ભૂતકાળને એ માનવજાતિની આશાના સ્વરૂપ તરીકે ચીતરે છે. વિચાર અને શ્રદ્ધાના પ્રખર બુદ્ધિજીવીઓ અને નેતાઓ બાળકોના આવા ઝઘડાઓને સત્યનું સ્વયં અભિવ્યક્ત, સામર્થ્ય અને પ્રકાશ કલ્પે છે એવા સંવેગાત્મક ઉત્સાહ કે ધાર્મિક ખંત અને વિશેષ કે ગતિશીલ શબ્દ તથા નોંધપાત્ર ખ્યાલની શક્તિનો ટેકો આપે છે.

પક્ષાપક્ષીઓના નેતા સાથે સંકળાયેલ મહાન સરળતાને સાચો વિચાર ત્યજી શકે છે. આ મહાન દિવ્ય કાર્યને સમગ્ર રીતે તેની વિગતોને આપખુદી રીતે નિશ્ચિત કર્યા વિના તેની વ્યાપકતામાં દિવ્ય આશય અને ધ્યેયને જાણવા તે પ્રયત્ન કરશે. ભૂતકાળને તેનાં સ્વરૂપો સાથે સાંકળ્યા વિના તેના મહાન અને પ્રગલ્ભ અર્થ સમજવા તે પ્રયાસ કરશે. કારણ કે એ જાણે છે કે સ્વરૂપો બદલાય છે અને કેવળ અમૂર્ત રહેવા પામે છે. ભૂતકાળનો ફરીથી પુનરુચ્ચાર થઈ શકતો નથી, પરંતુ તેનું હાર્દ, તેની શક્તિ, તેનો શુભ આત્મા અને મહત્તર આત્મપરિપૂર્ણતાનો સામૂહિક પ્રવેગ જળવાઈ રહે છે. એ બન્નેનું શુભાશુભ જોશે. વર્તમાનની ખરેખર થયેલી પ્રાપ્તિઓને તે એક સોપાન અને તબક્કા પૂરતા સ્વીકારશે, તેથી વધુ તેને અગત્ય આપશે નહિ. તેની ત્રુટિઓને તે સૂક્ષ્મ રીતે નિહાળશે, આત્મ-સંતુષ્ટ શુભની પ્રાપ્તિ કરી છે તેને અવગણશે નહિ અને દિવ્ય તત્ત્વ કેવળ વર્તમાન જાણે જ નહિ, આગામી પેઢીમાં પણ નહિ પરંતુ તેથી પર તે શું મૂર્તિમંત કરવા પ્રયાસ કરી રહ્યું છે તેને સમજવા ભવિષ્યને પારખશે. અને એ માટે એ બોલશે, પ્રયત્ન કરશે અને જરૂર પડશે તો યુદ્ધ કરશે. એ જાણે છે કે યુદ્ધ સિવાય તેથી પર જ્યારે તે પ્રકાશમાં આવે છે ત્યારે જે સત્યને તેણે ગ્રહણ કર્યું છે એ દોષગ્રસ્ત અને મર્યાદિત જણાશે. માનવજાતિ સાથે વહેવાર કરવામાં એક પદ્ધતિરૂપ પ્રકૃતિ યુદ્ધનો ઉપયોગ કરે છે, એમ હોવા છતાં એ તેની મર્યાદા અચૂકપણે જોશે. વૃદ્ધિ પામતા સત્ય અને શુભ પ્રતિ માનવ જીવનની ગતિ અને તેનો શ્રમ જે દ્વારા સુદૂર જણાતા દિવ્ય આદર્શની પ્રતિમા પડછાયાની જેમ વધે છે, તેમાં પોતાની ભૂલો અને જે પરિબળોની સામે તે યુદ્ધ કરે છે તે જરૂરી બળ છે, એ તથ્ય જાણીને કોઈ અહંકાર અને પૂર્વધારણા વિના કર્તવ્ય કરશે.

રૂઢિચુસ્ત મન અને પૂર્વીય પ્રગતિ

મનુષ્યોના મનમાં નવીન ક્રાંતિકારી વિચારનું આગમન માનવ જીવન અને સમાજમાં મહાન આગામી ફેરફારની નિશાની છે. આવા નવીન વિચાર સાથે યુદ્ધ થાય, જૂનો વિચાર થોડા સમય સુધી પ્રતિકાર કરે અને તેને વિજય મળે પરંતુ વિચારો કે સ્થિરભાવો અથવા સમાજની સંસ્થાઓ અને ટેવો જ્યારે તેમનો આરંભ થયો ત્યારે તેમના જેવાં સ્વરૂપો હતાં તેવાં કદી રહેવા પામ્યાં નથી એ આ વિગ્રહનું પરિણામ છે. આ અંગે સભાનતા કેળવાય કે નહિ તો પણ નવીન વિચાર આગેકૂચ કરે છે અને પાછી પાની કરવી એ આવા ફેરફારને માટે અસંભવિત છે. કાં તો નવીન સ્વરૂપો જૂની સંસ્થાઓની જગ્યા લે અથવા જૂનાં માળખાંઓ સાતત્યનાં પાસાંને જાળવી ભીતરમાંથી મૂળભૂત રીતે ફેરફાર પામ્યાં હોય, અથવા આ માળખાંઓ વધુ માત્રામાં સ્થિર, ચુસ્ત, જીર્ણ અને આત્માની વધતી જતી પડતી સૂચવે તેવી પરિસ્થિતિયુકત થઈ ગયાં હોય. પરિણામે આવાં જૂનાં માળખાંઓની ખરી શકિત ઘટી જાય અને ભવિષ્યમાં વધુ પૂર્ણ વિનાશ પામે અને તદ્દન લુપ્તપ્રાય થાય એ નિશ્ચિતપણે દર્શાવે છે. જો ભવિષ્યનાં પરિબળો સાથે મુકતપણે સમાધાન કરતાં શીખે નહિ તો ભૂતકાળ વધુમાં વધુ તો અર્ધદગ્ધ જીવન મેળવે અથવા દુઃખવિહીન શાંત મૃત્યુને ભેટે.

સમગ્ર માનવ-ઇતિહાસમાં એ જોઈ શકાય તેમ છે અને બધા યુગો અને વાતાવરણમાં પૂરી રીતે દાખલાઓને આપણે પસંદ કરી શકીએ. છતાં આ કાયદાને રૂઢિચુસ્ત મન સ્વીકારવાની ના પાડે છે. મહાન ભયાનક પરિવર્તનો અને ઝડપી ક્રાંતિની તુલનાત્મક જૂજતા ન જોવાથી તેનું રક્ષણ થાય છે. પ્રકૃતિ પોતાના ફેરફારોની પ્રક્રિયાઓ પર જે બુરખો ફેંકે છે તેથી તે આંધળું બને છે. આ સંદર્ભમાં જો આપણે યુરોપના ઇતિહાસ પર ઊડતી નજર ફેંકીએ તો અમુક મહત્ત્વનાં સીમાચિહ્નો આપણું ધ્યાન ખેંચશે. ઍથેન્સની લોકશાહીનો વિકાસ અને અંત, રોમના ગણતંત્રમાંથી તેની સામ્રાજ્ય તરફ ગતિ, રોમનાં ખંડિયેરોમાંથી સામંત યુરોપનો ઉદ્ભવ, યુરોપનો ખ્રિસ્ત અંગિકાર, ધર્મસુધારણા અને જ્ઞાનોદયની સાથે નવા સમાજના સ્થાપનની તૈયારી, ફ્રેન્ચ ક્રાંતિ, વર્તમાન સ્પર્ધાની

જગ્યાએ સંગઠિત સહકારનો ફેલાવો અને સમાજવાદી રાજ્ય તરફની ઝડપી ગતિ અને તેનાં ઉજ્જવળ સીમાચિહ્નો છે. યુરોપના ઇતિહાસનું આપણું દૃષ્ટિબિંદુ મુખ્યત્વે રાજકીય છે તેથી વિચાર અને સમાજના સતત ફેરફારોને એ રીતે આપણે જોતા નથી, પરંતુ પરિવર્તનનાં બે મહાન ચક્રો આપણે જોઈ શકીએ છીએ. એક એ કે પ્રાચીન જાતિઓ જેનો પાષાણ યુગમાંથી ગ્રીસ અને રોમના જગતના સાંસ્કૃતિક સમાજ તરફ ગતિ અને બીજું અર્ધજંગલી અવસ્થામાંથી અને સામંત ખ્રિસ્તી જગત પરિસ્થિતિમાંથી બૌદ્ધિક, ભૌતિક અને અર્વાચીન સમયના સભ્ય સમાજનો ફેરફાર છે.

આથી વિરુદ્ધ પૂર્વમાં મહાન ક્રાંતિઓ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક રહેવા પામી છે. જોકે રાજકીય અને સામાજિક ફેરફારો યથાર્થ અને ધ્યાન ખેંચે એવા છે, એ કદાચ યુરોપ કરતાં ઓછા ગંભીર હોય, પરંતુ એ અંધારામાં જાય છે અને તેનું અનિરીક્ષણ થયું હોવાનો સંભવ છે. આ ઉપરાંત જે રીતે જૂનાં નામો અને સૂત્રો જળવાયાં છે અને સાહજિક ખંત અને આદરભાવથી તેના ફેલાવાની ધીમી પણ સૂક્ષ્મ પ્રક્રિયા જોતાં એમ લાગે છે કે લોકો તેની પાછળનો મર્મ ભૂલી જાય છે અને એ કેવળ પવિત્ર કલ્પના જ રહેવા પામે છે. આમ જાપાને કુલીનશાહી અને સામંત રાજ્યતંત્ર લાવવા ફેરફાર કર્યો અને એ માટે તેના ઢાંકણ તરીકે પવિત્ર મિકાડોને રાખ્યા અને ફરીથી સમાજના મધ્યયુગી સ્વરૂપમાંથી આધુનિકતાના ઘોડાપૂરને ગંભીર આઘાત અનુભવ્યા વિના સુસાધ્ય કરવા આધુનિક સમયમાં તેને લાવવામાં આવ્યા છે. ભારતમાં ચાર વર્ણ અંગે જૂના આશય અને પ્રેરકબળના છૂટાછવાયા મિશ્ર અંશો હજુ જળવાઈ રહ્યા છે છતાં આધ્યાત્મિક આદર્શવાદ, સામાજિક પ્રકાર, નૈતિક શિસ્ત અને આર્થિક કાર્ય-ફાળવણી પર આધારિત સમાજની પ્રાચીન ચતુર્વર્ણ વ્યવસ્થાની પરંપરાગત કલ્પના તદ્દન જ્ઞાતિની અસ્તવ્યસ્ત અવસ્થા અને જટિલ તથા વિપરિત સ્થિતિને ઢાંકવા અને યથાર્થ ઠરાવવા અત્યારે પણ પ્રયોજિત કરાય છે. એ વ્યવસ્થા યથાર્થ રીતે તો જન્મ, અધિકાર, સ્થાનિક રૂઢિ અને ધાર્મિક આચારપાલન પર સ્થાપિત થઈ છે, સમાજના એક પ્રકારમાંથી બીજો પ્રકાર જે માનસિક પ્રેરકબળો અને વાસ્તવિક સંસ્થાઓની દૃષ્ટિએ તદ્દન વિરુદ્ધ છે તે તરફના બાહ્યસૂત્રોના કોઈ દૃશ્ય ફેરફાર વિના વિકાસ થયો છે, એ માનવજાતિના સામાજિક ઇતિહાસમાં અત્યંત કુતૂહલપ્રેરક ઘટના છે અને હજુ તેમાં બૌદ્ધિક સંશોધન થવું ઘટે છે.

વસ્તુઓને બાહ્ય સપાટી પરથી ગ્રહણ કરવા અને બાહ્ય આકર્ષક રીતે દેખાય છે તેની જ પ્રશંસા કરવા આપણાં મન ટેવાયેલાં છે. પ્રકૃતિની સૂક્ષ્મ પ્રક્રિયાઓ અને છદ્મવેશના નિયમોને આપણે ગુમાવીએ છીએ. મહાન ક્રાંતિઓનાં પ્રેરકબળો, આવશ્યકતાઓ અને પ્રક્રિયાઓને તથા નોંધપાત્ર ફેરફારોને અમુક

હદ સુધી આપણે જોઈ અને તેની તપાસ કરી શકીએ છીએ. આ સર્વેની ગણના કરી અભિનવ ખ્યાલોની બાહ્ય પ્રાપ્તિને ખરેખર રોકયા વિના જે ટૂંકા ગાળાના પ્રત્યાઘાતોએ તેમાં ફેરફાર આણ્યો તેમને યોગ્ય જગ્યાએ મૂકી શકીએ. ઉદાહરણ તરીકે રોમની અલ્પજન સત્તાશાહીનું સ્યુલાન દ્વારા પુનઃસ્થાપન અને સુધારણા, ઇંગ્લૅન્ડમાં સ્ટુઅર્ટ દ્વારા પુનઃસ્થાપન અથવા બોરબોન્સે ફ્રાન્સમાં કરેલું રાજાશાહીનું પુંનરાગમન, એ ખરેખર વાસ્તવિક પુનઃસ્થાપનો નહોતાં પરંતુ અપૂરતાં પ્રદાનો અને દબાણપૂર્વકના વિકાસથી જ્વાળને તત્કાળ ઉતારી પાડવામાં સાધનરૂપ હતાં. આ સુધારણાએ ભૂતકાળ તરફ ગતિ કરી નહિ પરંતુ અનિવાર્ય જણાતી ક્રાંતિનાં સ્વરૂપ અને ગતિના પ્રમાણને નિર્ધારિત કરે છે. સદીઓ દરમ્યાન બધાં વિઘ્નોની સામે ઝઝૂમતા અને કાર્ય કરતા વિચારની પ્રક્રિયાની પ્રશંસા કરવી એ વધુ મુશ્કેલ હોવા છતાં હજુ સંભવિત છે. આપણે ઉદાહરણ તરીકે હવે ગ્રહણ કરી શકીએ છીએ કે ફ્રેન્ચ ક્રાંતિનાં મંડાણ રુસો, મિરાબો અથવા ચૌદમા લ્યુઈની મોટી ભૂલોમાં જોવાનાં નથી, પરંતુ કેપે અને વેલોઈના પ્રયાસોને તપાસીએ અને તેમની પ્રવૃત્તિઓમાં જોવાનાં છે. ફ્રાન્સમાં કાલ્વિન સંપ્રદાયની સુધારણાના પ્રયાસની નિષ્ફળતા અને તેરમા અને ચૌદમા લ્યુઈનાં રાજ્યશાસનોમાં પૈસાદારોના ઉમદા પદસ્થાન પર રચાયેલી રાજાશાહી પદ્ધતિના સંપૂર્ણ વિજય દ્વારા ક્રાંતિનો પ્રચંડ વિસ્ફોટ અને વિજય નિર્ધારિત થયાં છે. એ દ્વિવિધ વિજયથી ફ્રાન્સમાં રાજાશાહીનું નિર્માણ થયું અને તેનો નાશ, દેવળની પડતી, ધર્મ કે રાજકારણમાં મુકત હેતુને વફાદારીપૂર્વક દોરવામાં અમીરો નિષ્ફળ ગયા અને કુલીનશાહી લુપ્તપ્રાય થઈ.

પરંતુ માણસો સાથે વહેવાર કરવામાં તેઓ બદલાયા છે એ અંગેની તેમની સભાનતા વિના બદલી કુદરતની પોતાની પાસે વધુ સૂક્ષ્મ અને પ્રચ્છન્ન ગતિઓ છે. પૂર્વના વિશાળ અને વ્યાપક જૂથોમાં પ્રકૃતિએ આ પદ્ધતિ મુખ્યત્વે અપનાવી છે, તેથી પશ્ચિમની તુલનાએ પૂર્વમાં મનની રૂઢિયુક્ત ટેવ વધુ બલવત્તર છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પરિવર્તન અને ફેરફારના માનવ–નિયમ દ્વારા મનુષ્ય અને તેની સામાજિક સંસ્થાઓ કાં તો પ્રગતિ કરે અથવા અવનતિ પામે પરંતુ સમયના આક્રમણ સામે પોતાની જાતને કોઈ પણ સંજોગમાં તદ્દન અફર અને સ્થિર રાખી શકે નહિ. એવી માન્યતામાંથી પૂર્વનું જગત મુકત છે, તેના દૂરના પૂર્વજો અને પ્રપિતામહના વિચારોને અચલપણે વફાદાર છે, તેમનો ધર્મ, તેમની પરંપરા, સંસ્થાઓ, તેમના સામાજિક આદર્શોને એવી રીતે વળગી રહ્યું છે કે તેણે વિચારમાં અને રોજિંદા જીવનમાં દિવ્ય કે પ્રાણી-સ્વરૂપ સ્થગિત સ્થિતિ જાળવી રાખી છે એવી ભ્રાંતિને એ પોષી શકે છે. બુદ્ધ ધર્મ અને સિદ્ધાંત આવ્યો અને ગયો અને હિંદુ ધર્મ હજુ વેદધર્મના સિદ્ધાંતને અને

તેના આર્ય પૂર્વજો જે સિદ્ધાંતનું પાલન કરતા હતા તેને વળગી રહ્યો છે એવો દાવો કરે છે. હિંદુઓ પોતાના ધર્મને સનાતન ધર્મ કે આર્ય ધર્મ તરીકે ઓળખાવે છે. જ્યારે આપણે નજીકથી જોઈએ છીએ ત્યારે જ ભ્રાંતિના વિસ્તારને નિહાળી શકીએ છીએ. ભલે બુદ્ધ મૂર્તિરૂપે ભારતની બહાર ગયા છે પરંતુ બુદ્ધધર્મ રહ્યો છે. રાષ્ટ્રીય ધર્મના આત્મતત્ત્વ પર બુદ્ધધર્મે તેની પ્રચંડ છાપ પાડી છે. આ વિકાસના અને જોડાણના અંતર્ભાગમાં તેની સાથે સંબંધિત તાંત્રિક ક્રિયાઓ પર આ બુદ્ધધર્મ અને રાષ્ટ્રીય ધર્મ વચ્ચેનાં સ્વરૂપોનું નિર્માણ-કાર્ય છોડી દેવામાં આવે છે. તેણે જેનો નાશ કર્યો છે તેને કોઈએ પુનઃ-સ્થાપિત કર્યું નથી. તેણે જેને જીવિત રાખ્યું છે તેનો નાશ કોઈએ કર્યો નથી. વસ્તુતઃ જેમ યુરોપમાં ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય તથા વહીવટી ફેરફારો અંગે દ્વિવિધ ચક્ર જોવામાં આવે છે તેમ વૈદિક કાળથી બુદ્ધકાલીન ભારત અને ફરીથી એ વખતના ચિતકોથી શરૂ કરીને યુરોપના વિસ્ફોટના કાળ સુધી ભારતના ઐતિહાસિક વિકાસમાં દ્વિવિધ ચક્ર જોવા મળે છે. પરંતુ આપણે પૂર્વમાં અચલ રૂપની કલ્પના જાળવી શકયા છીએ તેનું કારણ એ છે કે નવીન વસ્તુઓ માટે જૂનાં નામો, નવી પદ્ધતિઓ માટે જૂનાં સૂત્રો અને નવી સંસ્થાઓ માટે જૂનાં આવરણો જાળવ્યાં છે અને જે ફેરફાર થતો હતો એ હમેશ આંતરિક હતો, બાહ્યરૂપે શાંત અને સરળ હતું તેથી અફરપણાની પ્રતિમા સર્જાઈ અને જળવાઈ રહી. આ ઉપરાંત એવો ભેદ પણ છે કે યુરોપીય માનવ રૂઢિ-ચુસ્ત હોવા છતાં માનવસમાજમાં પરિવર્તનનો નિયમ શીખ્યો છે. એ જાણે છે કે તેણે ગતિ અને વિકાસ કરવાં જોઈએ. માત્ર નિશ્ચિત દિશા અને યથાર્થ સ્થાન વિશે પ્રગતિવાદી સાથે તેને તકરાર છે, ત્યારે પૂર્વીય અથવા ભારતીય રૂઢિચુસ્ત હજુ એવી કલ્પના કરે છે કે નૈતિક તત્ત્વનો યથાર્થ નિયમ સ્થિરતા છે, કાળના વહેણ પર જાણે કે એ યોગનું આસન કરે છે અને પોતાની આંખો બંધ રાખે છે અને નદીના કાંઠાઓને જોવાની ટેવ નથી તેથી એ વિચારે છે કે સામે આવતા વહેણને પણ ચલિત થતાં અટકાવી શકે છે.

જેમ ઝડપી પ્રગતિને તેનાં દુર્ગુણો અને ભયસ્થાનો છે તેમ રૂઢિચુસ્ત સિદ્ધાંતને તેના ફાયદાઓ છે. મૂળભૂત સાતત્યની જાળવણી કરવામાં એ મદદરૂપ રહે છે. સંસ્કૃતિઓના દીર્ઘાયુષ્યમાં અને માનવજાતિના ભૂતકાળમાં જે મૂલ્યવાન છે તેને દૃઢ બનાવવામાં સહાયકર્તા રહે છે. તેથી ભારતમાં જો ધર્મે તેના સ્વરૂપ અને તેની પ્રકૃતિને ધરખમ બદલાવ્યાં હોય છતાં ધાર્મિક અંતરતત્ત્વ ખરેખર શાશ્વત રહ્યું છે. ધાર્મિક શિસ્તનો સિદ્ધાંત જે આરંભકાળમાં હતો એ જ હાલ રહ્યો છે. મૂળભૂત આધ્યાત્મિક સત્યોને જાળવી રખાયાં છે અને તેમનાં આંતરિક દ્રવ્યોને વધુ સમૃદ્ધ બનાવવામાં આવ્યાં છે. આ મૂળભૂત સ્વરૂપોમાં જે ફેરફાર થયા છે

તે હાર્દ અને પરિવર્તનને વેદના બીજમાં શોધી શકાય છે. બીજી તરફ મનની આ ટેવથી જે બાબતો એક સમયે મૂલ્યવાન હતી એવી માહિતીઓની વૃદ્ધિ અને વધારાને એકઠી કરવમાં આવે છે પરંતુ હવે સમય પસાર થતાં તેમની ગુણવત્તા ઘટી ગઈ છે, મૃતઃપ્રાય થયા છે એ એવા રિવાજો થઈ ગયા છે, જેને જીવતા ધબકતા સત્ય સાથે કશો મેળ નથી, તેની સમજૂતી કે તેનું અગત્ય અદૃશ્ય થયાં છે. આ દુર્ગંધવાળા ભૂતકાળના કચરાને કોઈ પવિત્ર હાથ સ્પર્શ કરવા રાજી નથી અને છતાં રાષ્ટ્રીય જીવનનાં વહેણોને ગૂંગળાવી નાખે છે અને તેના પાણીને દૂષિત કરે છે. અને જો શુદ્ધિકરણની કોઈ પ્રક્રિયા સફળ નહિ થાય તો સામાજિક વાતાવરણ નાદુરસ્ત બનશે જેમાં લાંબું ટકી રહેવું એ વિસર્જનનું કારણ બની રહેશે.

જગતનો હાલનો યુગ પ્રચંડ ફેરફાર અને પરિવર્તનનો યુગ છે. કેવળ એક જ વિચાર નહિ પરંતુ ઘણા ક્રાંતિકારી વિચારો માનવજાતિના મનમાં ક્રિયાશીલ છે અને તેને બદલાવવા તેના જીવનને વ્યગ્ર કરી રહ્યા છે. અને જોકે ચળવળનું કેન્દ્ર પ્રગતિશીલ યુરોપમાં છે. છતાં વિચારના સાગરનું આ મંથન અને જૂના વિચારો અને જૂની સંસ્થાઓને તોડવાનું આ કાર્ય ચાલે છે એ તરફ પૂર્વ ઝડપભેર ખેંચાયું છે. આધુનિક જગતની એકતામાં કોઈ પણ રાષ્ટ્ર કે સમાજ માનસિક રીતે લાંબા વખત સુધી એકલવાયું રહી શકે નહિ. અર્વાચીન અકળ કોયડાનો પૂર્વ અને ખાસ કરીને ભારત દ્વારા કયો જવાબ આપશે તેના પર માનવજાતિના ભવિષ્યનો આધાર છે એમ કહેવાય, કારણ કે એશિયાના ખ્યાલના વાહી તરીકે ભારત છે અને તે પ્રગલ્ભ આધ્યાત્મિક રહસ્યોનું સંરક્ષક છે. યુગનો ઘણો ઉગ્ર પ્રશ્ન એ છે કે પશ્ચિમના આધુનિક આર્થિક અને ભૌતિક મન દ્વારા માનવજાતિની ભવિષ્યની પ્રગતિ સંચાલિત થશે કે પછી વધુ ઉદાત્ત વ્યવહારવાદ, આધ્યાત્મિક સંસ્કાર અને જ્ઞાનથી દોરાશે? પોતાનું આધ્યાત્મિક રૂપાંતર કરવામાં પશ્ચિમનું જગત કદી સફળ થયું નહિ અને તાજેતરમાં રાજકીય અને આર્થિક આદર્શો અને જરૂરિયાતોથી એકપક્ષી રીતે તેના બાહ્ય કલેવરનું સંચાલન કરવામાં રોકાઈ ગયું છે. પશ્ચિમમાં જે ધાર્મિક મનની પુનઃજાગૃતિ અને હજુ વેધક કે પ્રજ્વલિત આધ્યાત્મિક અને ચૈતસિક જિજ્ઞાસા અને શોધખોળ ન કહેવાય છતાં વ્યાપક સંશોધનનો જુવાળ દેખાય છે, છતાં અન્ય દૃષ્ટિબિંદુ જાણતું નથી અને અન્ય પદ્ધતિનો તેને મહાવરો નથી તેથી રાજકીય અને આર્થિક ચિંતન કરતાં પ્રાણી તરીકે યાંત્રિક પદ્ધતિઓ દ્વારા પોતાના પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે. અને આ પાર્થિવ જગતની વસ્તુઓ અને બાબતો સાથે જ એ કાર્ય કરે છે. બીજી તરફ જોકે પૂર્વે પોતાની આધ્યાત્મિકતાને મૃતઃપ્રાય સ્વરૂપોમાં લાંબા સમય સુધી નિદ્રાધીન થવા દીધી છે, જ્યારે એ

ખરેખર નિષ્ક્રિય અને મંદ છે છતાં અગાધ જાગૃતિ વખતે પૂર્વ હમેશ જાગૃત રહ્યું છે અને તેની આધ્યાત્મિક શકિત જાળવી રાખી છે. ભૂતકાળનું આધ્યાત્મિક વ્યવહારુ જ્ઞાન અને પશ્ચિમના નજીકના સંપર્કથી જે વ્યવસ્થા શકિત અને વૈધક દર્શન પ્રાપ્ત થયું છે અને એશિયાનો પશ્ચિમ પર જે પ્રકાશ પ્રગટ થયો છે, જેનાં સ્વરૂપો હજુ સ્થિર, નિર્બળ, અફર નથી પરંતુ નવા રૂપે પરિવર્તનશીલ, અસરકારક અને સક્રિય રહ્યાં છે એવા પૂર્વ ભાગ પર જગતની આશા રહી છે.

ભારત પૌર્વાત્ય ભાગનું હૃદય છે. અને જેમ જેમ સમગ્ર પશ્ચિમ અને સમગ્ર પૂર્વ પરિવર્તન પામી રહ્યાં છે અને યુરોપ દ્વારા જે પ્રશ્નો તેના પર લદાઈ રહ્યા છે એ દૃષ્ટિએ ભારત ફેરફાર પામવાનું દૂર રાખી શકે નહિ. અભિનવ પૂર્વ, પ્રગતિશીલ અને રૂઢિચુસ્ત આદર્શો અને વૃત્તિઓની ખંતપૂર્વક મથામણ અથવા સંમિશ્રણનું અનિવાર્ય પરિણામ અને તેની ફલશ્રુતિ રહેવું જોઈએ. તેથી જો આ દેશમાં રૂઢિચુસ્ત માણસ પર્યાપ્ત રીતે રૂપાંતરની આવશ્યકતા પ્રત્યે ખુલ્લું બને અને અભિમુખ થાય તો પુનઃજાગૃત ભારત દ્વારા સર્જાતી સંસ્કૃતિ અને સંસ્કાર જગતની ભવિષ્યની સંસ્કૃતિમાં ભવ્ય ફેરફાર લાવી શકે. પરંતુ જો એ મૃતઃપ્રાય કલ્પનાઓમાં બંધાયેલ રહેશે, અથવા સોફિસ્ટ અને ભાષ્યકારોના માનસની જેમ વાસ્તવિક હકીકત અને સત્ય અને સુપ્ત શકિતઓ સાથે સંબંધ રાખવા કરતાં કાલ્પનિક વિચારો અને શબ્દો સાથે વહેવાર રાખશે અથવા જૂજ ફેરફાર સિવાય બધાનો ત્યાગ કરવા મથામણ કરતું રહેશે તો નવા અને ક્રાંતિકારી વિચારો મૂર્તિમંત અને સાકાર થવાના જ છે પરંતુ જે પાશ્ચાત્ય સામાજિક અને રાજકીય સુધારકનું માનસ મૌલિક વિચાર અને પ્રાણલક્ષી અનુભૂતિના પ્રકાશથી વંચિત છે તેના અપરિપકવ ચોકઠામાં ભવિષ્યનું ભારત આકાર લેશે. આવું ભારત યુરોપના વિચારો અને રૂપલક્ષી માળખાંઓનું પુનરુત્પાદન કરવા સિવાય બીજું કશું નહિ કરે અને આપણે સર્વે પશ્ચિમના ખચકાતા નકલ કરનારા બની જઈશું. આમ ના થાય તો એવું બને કે આ વિશાળ અને વ્યાપક જીવનનાં ઊંડાણોમાંથી નવીન આધ્યાત્મિક જાગૃતિનો ઉદ્‌ભવ થાય જેમાં પાર્થિવ જીવનના મહાન પ્રશ્નો અને આત્મા તથા તેના અતિપાર્થિવ ભાગ્યની સમસ્યાઓને સફળ રીતે આવરી લે. પશ્ચિમનું જગત પણ આધ્યાત્મિક ઝંખનાનો પુનરુત્થાન અને માનવજાતિની પૂર્ણતાની શોધ સાથે નિકટતાથી આ જાગૃતિ સાહચર્ય સાધશે. આ ત્રીજા અજ્ઞાત પરિમાણ અને બળની ખરેખર વ્યાપક પૂર્વમાં અત્યંત જરૂરિયાત છે. કારણ કે હાલમાં આપણી પાસે કેવળ બે અંતિમ લક્ષ્યબિંદુઓ છે. એક રૂઢિચુસ્ત અચલતા છે જે ભૂતકાળની પ્રજાઓના કારાગારમાં નિનક્રર્મજમ રીતે પુરાઈ રહી છે અને બીજું અંતિમ લક્ષ્ય પ્રગતિશીલ સામર્થ્ય છે. આ સામર્થ્ય નિનઅસરકારક અને આંધળું છે કારણ કે એ ઓગણીસમી

સદી યુરોપનું અનુકરણ કરે છે અને તેના દરજ્જામાં એ ઊતરતું રહે છે. આ પ્રગતિ અનિશ્ચિત, અસ્પષ્ટ તરતા જથ્થા વચ્ચે ગતિશીલ રહી છે. આનું પરિણામ સતત નિષ્ફળતા છે અને વ્યાપક, શકિતશાળી, નિશ્ચિત અને મૂળભૂત તત્ત્વ બહાર લાવવા અને ઉત્ક્રાંતિમાં સર્જવા શકિતમાન છે. આ યુગ આપણા સમક્ષ જીવનના મહાન પ્રશ્નો રજૂ કરે છે, તેના હાર્દ પાસે પહોંચવામાં અને ઝીણવટભરી માહિતી પ્રાપ્ત કરવામાં સંજોગોની આજુબાજુ વહેણમાં ફરે છે અને નિષ્ફળ બને છે. અમુક સર્જનની આવશ્યકતા છે. પરંતુ વેદના શબ્દોમાં જેમ માતા નવીન સર્જનને પોતાના અંતરતત્ત્વમાં ગુપ્ત જાળવી રાખે છે અને એ પિતાને એ સોંપી દેતી નહિ, જ્યારે એ તેની પ્રેરણા અને સુપ્ત શકિતમાં પુખ્ત બને ત્યારે એ સર્જનને અસ્તિત્વમાં જોઈ શકશું.

આદર્શો વિશે

આદર્શો એ એવાં સત્યો છે જે સ્વયં મનુષ્યો માટે જીવહારમાં મૂર્તિમંત થયાં નથી. એ અસ્તિત્વની ઉચ્ચતર કક્ષાની વાસ્તવિકતાઓ છે જે જડ તત્ત્વ અને પ્રાણતત્ત્વના આ નિમ્નતર સ્તર પર એવી કામગીરીના આપણા વર્તમાન ક્ષેત્રમાં હજુ હવે સાકાર અને પરિપૂર્ણ બનવાના છે. વ્યાવહારિક બુદ્ધિ અનુસાર આદર્શો એ સત્યો નથી કારણ કે વ્યાવહારિક બુદ્ધિ નિત્ય પરિવર્તનશીલ વર્તમાન પર પોતાની આધારશીલા ગોઠવે છે. આવી બુદ્ધિ આદર્શોને સત્તા કે વાસ્તવિકતા તરીકે લેખતી નથી. એ આદર્શોને વધુમાં વધુ ભવિષ્યના સત્યની સુપ્ત શક્તિ કે ક્ષમતા લેખાય અને વાસ્તવમાં સિદ્ધ સામર્થ્યની કામગીરી તરીકે તથ્યરૂપે દૃષ્ટિગોચર થાય છે અને કેવળ વસ્તુનિષ્ઠ બને છે. પરંતુ ભૌતિક વિશ્વમાં સામર્થ્યની પરિવર્તનશીલતામાંથી જે મન પાછું વાળવાની શક્તિ ધરાવે છે, પોતાની જ કામગીરીમાં કેદ થઈ જતી નથી અથવા તેના પૂરમાં તણાઈ જતી નથી પરંતુ તેમને જાળવે છે, વિકસિત કરે છે અને સંકલિત કરે છે એવી ચેતનાને તેમ જગત-સામર્થ્યના કેવળ સાક્ષી અને સાધન તરીકે રહેતો નથી પરંતુ જેના પર પ્રભાવશાળી ચેતના નિયંત્રણ ધરાવે છે અને તેનો ઉપયોગ કરે છે તેનું પ્રતિબિંબ પાડે છે, એવા આત્મતત્ત્વના આંતરિક દર્શન સમક્ષ જે આદર્શ સાક્ષીભૂત હોય છે એ તેની બાહ્ય ઇન્દ્રિયોને જે પરિવર્તનશીલ હકીકત દૃષ્ટિગોચર છે તે કરતાં ઉચ્ચતર સત્તા છે. વિચાર કે રૂપ-તત્ત્વ એ બાહ્ય હકીકતનું પ્રતિબિંબ નથી. એ બાહ્ય હકીકત પર હોય છે. વધુ સાચું તો એ છે કે હકીકત અથવા તથ્ય એ વિચાર કે રૂપતત્ત્વનું કેવળ આંશિક પ્રતિબિંબ છે અને હકીકત એ વિચાર કે રૂપતત્ત્વનું સર્જન છે.

આદર્શો એ ખરેખર અંતિમ સત્તા નથી કારણ કે કોઈ પણ આદર્શ સત્તાનું માનસિક ચિત્ર ઘડે છે એ તેનું ઘણું ઉચ્ચ અને હદબહારનું કાર્ય છે. આદર્શો એ સત્તાના પાસાંઓ છે જેને જગત-સામર્થ્યની કામગીરીના આધાર તરીકે જગત ચેતનાના ક્ષેત્રમાં ફેંકવામાં આવે છે. પરંતુ આ આદર્શો પ્રાથમિક છે ત્યારે વાસ્તવિક કામગીરી એ દ્વિતીયીક છે. આદર્શો એ સત્તાની વધુ નજીક છે અને

તેથી હમેશ વધુ સત્તામય, શકિતશાળી અને હકીકતો જે તેના આંશિક પ્રતિબિંબ છે તે કરતાં વધુ સંપૂર્ણ છે. એ સ્વયં સત્તાનાં પ્રતિબિંબો છે અને એ ફરીને આપણા અસ્તિત્વની વધુ નક્કર કામગીરીમાં પ્રતિબિંબિત થાય છે. આત્મ મૂર્તિમંત બનતા સામર્થ્યના બનાવથી જેટલે અંશે માનવ બુદ્ધિ પોતાના સ્વરૂપને મર્યાદિત કરે છે તે અંશે સર્જનાત્મક વિચાર કે રૂપતત્ત્વને ગ્રહણ કરવામાં નિષ્ફળ જાય છે. જ્યાં સુધી તે બાહ્ય હકીકતનું સર્જન કરતું નથી ત્યાં સુધી આપણે આમ થવું જોઈએ છીએ. પરંતુ આપણો આ ઈન્દ્રિયના ગુલામ તરીકે રહેતી ચેતનાનો ક્રમ એ વિશ્વનો યથાર્થ ક્રમ નથી. જગત અસ્તિત્વમાં આવે એ અગાઉ ઈશ્વરનું અસ્તિત્વ છે પરંતુ આપણે અનુભવ જેમાં ઈન્દ્રિયો સૌ પ્રથમ ક્રિયાશીલ બને છે અને પછી ચેતનાની સૂક્ષ્મ પ્રક્રિયાઓ કાર્ય કરે છે તેમાં જગત સૌ પ્રથમ જણાય છે અને તેમાંથી ઈશ્વરનો ઉદ્‌ભવ થતો હોય એમ જણાય છે. આ ક્રમિક સંવેદના એટલી બધી દૃઢ થઈ હોય છે કે ઈશ્વર યાંત્રિક, બહુતત્ત્વલક્ષી અને સર્વાત્મદર્શી સંકલ્પનાઓમાંથી મુક્ત થઈ દિવ્ય સત્તાના વધુ ઉચ્ચતર અને યથાર્થ રૂપતત્ત્વ પ્રત્યે અભિમુખ થવા માટે ભગીરથ પ્રયાસ કરવો પડે છે. જે તત્ત્વ આપણા માટે અંતિમ છે તે વસ્તુત: પ્રાથમિક સત્તા છે. તેથી એ જ રીતે રૂપતત્ત્વ કે વિચાર આપણને હકીકતમાંથી ઉદ્‌ભવતી જણાય છે એ વાસ્તવમાં તેના અનુગામી છે અને તેમાંથી હકીકત ઉદ્‌ભવે છે. તેથી આદર્શ અને વાસ્તવિકતા વચ્ચેનો આપણે જે લૌકિક ભેદ પાડીએ છીએ એ આપણી ઈન્દ્રિયજન્ય ભૂલ છે કારણ કે આપણે જેને યથાર્થ કે વાસ્તવ કહીએ છીએ એ ઘટનાની ભૂગર્ભમાં કામગીરી કરતી સામર્થ્ય ધરાવતી ઘટના માત્ર છે અને વાસ્તવમાં દેખાતી ઘટનાનું પૂર્વગામી છે તથા તે વધુ સત્તામય છે. સત્તામય તત્ત્વ, રૂપતત્ત્વ કે વિચાર અને ઘટના એ સર્જનાત્મક સત્તાનો યથાર્થ ક્રમ છે.

જ્યારે વસ્તુને શકિત કે સામર્થ્યમાં મૂર્તિમંત થતી જણાય છે ત્યારે જ વ્યવહારવાદી બુદ્ધિ તેના વિશે નિશ્ચિતતા અનુભવે છે. તેથી વ્યવહારવાદી બુદ્ધિને આદર્શ કે ભવિષ્યની દૂરગામી કલ્પના માટે અમુક ધૃણા છે કારણ કે તે હમેશ કાર્યપાલન અને ભૌતિક મૂર્તિમંતપણા તરફ લક્ષ્ય રાખે છે. પરંતુ શકિત કે સામર્થ્ય એ જ કેવળ ઈષ્ટદેવને પાત્ર યાદ નથી. જ્ઞાન એ સામર્થ્ય કે શકિતની મોટી બહેન છે. સામર્થ્ય અને ચેતના એ અંતરતત્ત્વનાં બે પાસાંઓ છે. વસ્તુઓની નિત્ય આધારશીલા અને તેમના ઉત્ક્રાંતિમય મૂર્તિમંતપણામાં બન્નેનો હિસ્સો છે. જેમ તથ્ય કે હકીકત એ શકિતમાં સાકરપણું છે તેમ રૂપતત્ત્વ કે વિચાર એ ચેતનામાં સત્યનું સાકારપણું છે. બન્ને પાસાંઓ અનિવાર્ય છે, બન્ને અંતર્ગત વાજબી છે, કોઈની અવગણના થાય કે તેમની પૂરક પ્રવૃત્તિની નિંદા થાય એ ઉચિત નથી. પૂર્ણતા પ્રાપ્ત કરવા બન્ને પાસાંઓ વચ્ચે સમતુલા

જાળવવી જરૂરી છે. આદર્શદર્શી અને કલ્પનાપ્રિય વિચારક માટે, વ્યવહારવાદી પ્રત્યે ધૃણા રાખવી અને વ્યવહારવાદી માટે આદર્શદર્શી અને પારલૌકિક કલ્પનાપ્રિય વ્યક્તિને ઉતારી પાડવી એ આપણી પરસ્પર ગેરસમજૂતી અને બૌદ્ધિક મર્યાદાથી આપણા અપૂર્ણ સ્વભાવ અને મનોવૃત્તિની ઉદ્ધતાઈ આપણી પૂર્ણતા માટેનાં બારણાં બંધ કરી દે છે. આનો અર્થ એ થાય કે જાણે દ્રષ્ટા અને જ્ઞાતા ઈશ્વર એ દિવ્ય સાક્ષી અને સર્જકરૂપ ઈશ્વરની અવગણના કરે છે. પરંતુ આ બન્ને એક જ છે અને આપણામાં જે વિભાજન છે એ માનવજાતે જેના પર હજુ વિજય પ્રાપ્ત કરવાનો છે એ એક મર્યાદા છે.

મનુષ્ય પોતાના કાર્યમાં મૂર્તિમંત કરે એ પહેલાં જાણવાને વધુ ને વધુ શક્તિમાન બને તે પ્રમાણમાં એ વધુ આગેકૂચ કરે છે. આ તો ખરેખર ઉત્ક્રાંતિની શ્રેણી છે. ભૌતિક કામગીરીથી તેની શરૂઆત થાય છે. પ્રકૃતિ એ કર્તૃત્વ શક્તિ છે. આ પ્રકૃતિ પોતાનાં કાર્યોથી આવૃત્ત થાય છે. જે તત્ત્વોને એ સર્જે છે તે આવરણ દ્વારા પણ એ સ્વયં ઢંકાય છે અને પોતાની બધી કામગીરીને ટેકો આપે છે અને જેનો એ ચેતનામાં ઊગમ છે તે ચેતનાને સ્વયં આવૃત્ત કરે છે. પ્રકૃતિનાં કાર્યોની સપાટી પર જ પ્રાણતત્ત્વ કંપનકારક રહે છે અને તેનું બળ ઉદ્ભવ પામે છે અને છેલ્લે મનમાં તેની અંતર્ભૂત ચેતના સ્વયં પ્રગટ થાય છે. આ રીતે મનુષ્ય પોતાની મનોવૃત્તિને ઈન્દ્રિયો દ્વારા જેને કલ્પી શકે છે તે હકીકતો પૂરતી સીમિત રાખે છે. એ મનોવૃત્તિ આ તત્ત્વોની ભીતરમાં અને તેથી પર જઈ શકે નહિ અને પોતાના ગ્રહણશીલ મન પર પડતા સંસ્કારોને જ જાણે છે. પ્રાણી કાર્યપાલક છે, એ સર્જનાત્મક નથી. જડતત્ત્વ અને પ્રાણતત્ત્વનું એ નિષ્ક્રિય સાધન છે. એ જડતત્ત્વ અને પ્રાણતત્ત્વ તરફ પ્રતિકાર કરવામાં અને તેનો ઉપયોગ કરવામાં વિચાર અને સંકલ્પની સહાય શોધતું નથી. પોતાની ઓછી વિકસિત દશામાં મનુષ્ય પણ સર્જનાત્મક નથી પરંતુ કાર્યપાલક નથી. પોતાના વર્તમાન સમય અને પોતાના વાતાવરણ પૂરતો પોતાનો ખ્યાલ મર્યાદિત કરે છે. જાણે કે દિનપ્રતિદિન જીવન જીવતો હોય તેમ એ કામ કરે છે. વિચારમાં જે એ બનવાનો છે તેમાં એ આગળ વધતો નથી અને તેની પાસે આદર્શો નથી. જેટલે અંશે મનુષ્ય તત્ત્વથી પર જાય છે અને પ્રકૃતિ વિશે આગાહી કરવા ઝંખે છે અને આખરે જે વિચાર તત્ત્વમાં સાકાર થતો નથી તે વિચારને ગ્રહણ કરી લે છે, અને પોતાની કાર્યવાહક પ્રવૃત્તિનું અધ્યક્ષપણું પોતે સંભાળે છે તેટલે અંશે એ સર્જનાત્મક અને પ્રેરણાદાયી રહે છે. આમ એ ગુલામીમાંથી પ્રભુત્વ તરફનો માર્ગ આરંભે છે.

આમ પ્રગતિ કરવામાં માનવજાતિ પોતાની વિશેષતાને અનુસરીને વર્ગોમાં વહેંચાઈ જાય છે. એ પોતાની જાતને વ્યવહારુ માનવી અને આદર્શવાદી વચ્ચે વિભાજિત કરે છે અને બે અંતિમ બિંદુઓ વચ્ચે અનેક તડજોડ કરે છે.

વસ્તુત: આ વિભાજન કૃત્રિમ છે. કારણ કે પ્રત્યેક મનુષ્ય જગતમાં જે કંઈ કરે છે એ વિચાર અને આદર્શોના બળની સહાયથી કાર્ય કરે છે. આદર્શો કાં તો પોતાના હોય અથવા એ બીજાના આદર્શો હોય. આ આદર્શોની તેણે પ્રતીતિ ન કરી હોય એમ બને પરંતુ જેની ગેરહાજરીમાં એક ડગલું પણ આગળ વધવાને માટે અશક્તિમાન હોય. જેમ આદર્શો તેના વ્યાપમાં લઘુ હોય તેમ તે જૂજ બનતાં જાય, તેની પ્રતીતિ ઘટતી જાય, તે ઉપર ઓછું લક્ષ અપાય, ઓછું કામ થાય અને પ્રગતિ હાંસલ થાય નહિ. બીજી તરફ જ્યારે આદર્શોના ક્ષિતિજો વધુ વિશાળ થાય, વધુ સામર્થ્યવાન બને, પ્રતીતિ વધુ થાય છે, જ્યારે વિવિધ આદર્શો ક્ષેત્રમાં પ્રવેશ પામે છે, તેનો સંઘર્ષ અને વિચાર તથા બળનો પરસ્પર વિનિમય થવા પામે ત્યારે જાતિ સર્જન અને પ્રવૃત્તિના મહાન યુગો તરફ આરોહણ કરે છે. અને જ્યારે આરોહણ પામતો આદર્શ ઉગ્ર અને સામર્થ્ય-યુક્ત હોય છે અને કોઈ બંધનની મર્યાદાનો અનાદર કરે છે અને તેને છતવા પ્રાણ અને જડતત્ત્વના હઠીલા અને આક્રમક દ્રવ્ય પર અસ્તિત્વની ઉચ્ચતર કક્ષાના પ્રચંડ અને વિરાટકાય બળને સ્વયં ફેંકે છે અને પરિણામે મહાન યુગો સર્જાય છે. અનેક સૈકાઓની સુપ્ત શક્તિઓને ગણ્યાગાંઠ્યા દાયકાઓના કાર્ય દ્વારા બહાર લાવીને જગતમાં આ મહાન યુગો પરિવર્તન લાવે છે.

તેથી જ્યારે અને જ્યાં કેવળ વ્યાવહારિક મનુષ્ય ફૂલેફાલે છે અને પોતાના વર્ચસ્વથી આદર્શવાદીને દૂર કાઢે છે અથવા નિરાશ કરે છે ત્યારે માનવજાતિ માટે દેશમાં કે તે યુગમાં ઓછામાં ઓછું કિંમતી કામ થાય છે. વધુમાં વધુ પાયાનું શ્રમ-કાર્ય, સંરક્ષણનું અમુક કાર્ય, ભાગ્યે જ પ્રત્યક્ષ થાય એવી ગતિ, ભવિષ્યના મહાન સ્ફોટની તૈયારી કરતી સર્જનાત્મક શક્તિઓનું કેટલુંક દમન થવા પામે છે. બીજી તરફ જ્યારે આદર્શવાદીની મુક્તિ થાય છે, દ્રષ્ટાને છૂટો દોર મળે છે, કાર્યવાહકને વધુ વેગ પ્રાપ્ત થાય છે ત્યારે જે વસ્તુને સ્વપ્ન કે દંતકથા કહીને ત્યજી દીધી હોત તેનો દશગણી શક્તિથી નવનિર્ધાર અને પુન:નિર્માણ થતું જુએ છે અને તેમની સિદ્ધિ નિહાળે છે. જે કાર્ય તેની સાધારણ શક્તિથી અસંભવિત જણાય અને આ માણસો પોતાની રીતે અલ્પ હતા તેમના દ્વારા આવું મહાન કાર્ય કેવી રીતે થયું એ આશ્ચર્યમાં આખું જગત ગરકાવ થઈ જાય છે. મહાન આદર્શવાદી અને વિચારને આવકારતા અને પ્રયોજિત કરતી મહાન કાર્યપાલક પ્રતિભાનું મિલન એ આગામી પ્રતીતિની નિશાની છે. જે અંશે આ મિલન મૂર્તિમંત બને અથવા પોતે જે વિચારને સેવે છે તેને કાર્યપાલક માનવી વત્તેઓછે અંશે પૂર્ણ રીતે અને ઊંડાણપૂર્વક ગ્રહણ કરે છે અને આદર્શવાદીએ પોતાના યુગની જાગૃતિ પર જે છાપ પાડી છે તેને સામર્થ્ય દ્વારા ચિરંતર બનાવવા શક્તિમાન બને છે તેટલે અંશે એ પ્રતીતિ વધુ સૂક્ષ્મ

અને વિસ્તૃત બને છે.

જ્યારે સમાન કારણ માટે આ બે ભિન્ન પ્રકારના માણસો કાર્ય કરે છે ત્યારે વારવાર એવું બને છે કે તેમના વિશેષ વિચારો, અકાલ્પા, અરુચિ અંગે ઉગ્ર ભેદ રહ્યો હોય છે અને એકબીજાને તિરસ્કારતા હોય છે. કારણ કે સાધારણ રીતે આદર્શવાદી વાસ્તવિક શકયતાઓથી પર પહોંચે એવી અગમચેતીઓ અને આશાઓથી સભર હોય છે, અથવા એ તુરત જ સાકાર બનવા નિર્મિત હોય અવા કાર્યને વટાવી જાય છે. બીજી તરફ કાર્યપાલક માનવી પોતે જે કાર્ય કરે છે તેનો સર્વ ભાવાર્થ અથવા જે દિવ્ય શકયતાઓ તેને મન મિથ્યા અને મોહજાળ છે તેને એ ગ્રહણ કરી શકતો નથી. આથી વિરુદ્ધ આદર્શવાદી માટે પોતાના મહાન પુરુષાર્થમાં એ દિવ્ય શકયતાઓ ઉત્તમ મૂલ્ય ધરાવે છે. પ્રત્યક્ષ પરિબળો અને વાસ્તવિક શકયતાઓથી જે વ્યવહારુ કાર્યકર્તા પોતાની જાતને મર્યાદિત કરે છે તેની દૃષ્ટિથી જે આદર્શવાદી આ કાર્યને શકય બનાવે છે તેને એ નિરર્થક સ્વપ્નકર્તા અને વ્યથિત અંધશ્રદ્ધાળુ લેખે છે. આદર્શવાદીની દૃષ્ટિએ વ્યવહારુ માનવી જે પોતાના વિચારની દિશામાં પ્રથમ સોપાનને સિદ્ધ કરે છે એ દિવ્ય કર્તવ્યને કનિષ્ઠ પંકિતના દુષિતકર્તા અને તેના દુશ્મન જેવા જ જણાય છે. કારણ કે વ્યવહારુ માનવી તત્કાલીન સંભવિત હોય તેને વધુ પડતું મહત્ત્વ આપી એ જે મહત્તર શકયતાઓને જોતા નથી તેને દૂર કરે છે અને વધુ વ્યાપક અને વધુ ઉદાત્ત સિદ્ધિને વારંવાર સાકાર થતી રોકે છે. એ કાવૂર અને મેઝીનિ વચ્ચેના અખાત જેવા તફાવત સમાન છે. કાવૂર આદર્શના પ્રણેતા છે તો મેઝીનિ મૂર્તિમંત થઈ શકે એવા વિચારના રાજનીતિજ્ઞ છે. રાજનીતિજ્ઞના હમેશ બનાવ દ્વારા સાર્થક ઠરાવાય છે ત્યારે આદર્શલક્ષીતાને બનાવની ક્ષતિઓમાં સૂક્ષ્મ અનુમોદન પ્રાપ્ત થાય છે. સિદ્ધહસ્ત હકીકતના આવરણ હેઠળ કાર્યવાહક માનવી જે આદર્શને પોતાની સફળતાઓ દ્વારા છુપાવે એ સફળતાઓ મહદ્ અંશે માનવ આત્માની દુઃખદ ઘટનાઓ છે. અને જ્યારે પુરુષાર્થની ઉત્કટતા અને દર્શનની પ્રતિભા સાથે સિદ્ધ હકીકતને સરખાવતાં તેને એમ જણાય છે કે આ સિદ્ધ થયેલી હકીકત નિરાત્મમય અને દીન છે ત્યારે અનુભવાતી નિરાશાઓ અને મહાન પ્રત્યાઘાતો માટે જવાબદાર બને છે.

આ બે વિરોધી બળો અને પુરકતત્ત્વોમાં સફળતા માટે કયું તત્ત્વ વધુ મૂળભૂત છે એ વિશે શંકા કરી શકાય તેમ નથી. મહાન પરિવર્તનોની વ્યવહારુ પ્રતીતિ માટે વિચારક અને આદર્શવાદી દ્વારા થતો વિપ્લવ અને સામાન્ય ચેતનાને ફળદ્રૂપ અને સમૃદ્ધ બનાવતી પ્રવૃત્તિ એ કેવળ મૂળભૂત નથી પરંતુ આદર્શવાદી જે તડજોડ કરતો નથી, તેનું આ સિદ્ધિમાં અનિવાર્ય સ્થાન છે. શકિતઓના સમુદાયમાં દૃઢ આદર્શવાદના સામર્થ્ય વિહોણી કોઈ પ્રવૃત્તિ મને બનાવો અને

નિષ્ફળતા તથા રૂંધાઈ જતી પ્રવૃત્તિ અથવા ક્ષુલ્લક અને મામૂલી પરિણામોમાં પરિણમતી પ્રવૃત્તિ તમે મને બનાવી છે એમ સમજવું. જે યુગ કે દેશમાં એવા વિચારશીલ રાજનીતિજ્ઞ કર્મવીરો હોય જે સમાધાન કરવા અને છૂટછાટ આપવા હમેશ તત્પર હોય એ યુગે કે દેશે જ્યાં સુધી શુદ્ધ અને દિવ્ય ઝરણાંઓમાં અવગાહન કર્યું નથી, અને માનવજાતિની પ્રગતિ માટે ઉત્તમ અગત્ય ધરાવે એવું કશું પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી કોઈ સિદ્ધિ મેળવી શકશે નહિ. આમ છતાં વિચારની અંધશ્રદ્ધાળુ વ્યકિત અને સાચા આદર્શવાદી વચ્ચે ભેદ રહ્યો છે. અંધશ્રદ્ધાળુ વ્યકિત એ કેવળ ભૌતિકવાદી, અન્ય મનુષ્યના વિચારને ગ્રહણ કરનાર કાર્યવાહક વ્યકિત છે. એ સ્વયં વિચારને ધરાવતો નથી. એ પોતાના સંકલ્પ દ્વારા પીડાય છે અને વિચારના સામર્થ્યથી ધકેલાય છે. એ તેનો સંકલ્પ ખરેખર પ્રકાશથી દીપ્તિમાન થયો નથી. એવી વ્યકિત સારું અને ખરાબ એવું બન્ને પ્રકારનું કાર્ય કરે છે અને તેનો મુખ્ય ઉપયોગ સમાધાન કરતી વ્યકિતને પામર અને અપરિપકવ પરિણામને થતી દ્વિધામાંથી રોકવાનો છે. પરંતુ તેનું અતિશય આચરણ પણ મહાન પ્રત્યાઘાતો લાવે છે. આવી અંધશ્રદ્ધાળુ વ્યકિત સ્વયં આદર્શ પર પોતાનું વલણ નિશ્ચિત કરવાને બદલે એ વિશેષ સાધનો અને સ્વરૂપો પર બધો ભાર મૂકે છે અને જ્યાં સુધી કાર્યના આદિમ સ્રોત જડવત્ ન બને અને નવીન ઉદ્દીપન પ્રત્યે પ્રતિક્રિયા કરવા માટે અશકિતમાન ન બને ત્યાં સુધી તેના પર વધુ પડતો કાર્યભાર ઠાલવે છે, પરંતુ ખરો આદર્શવાદી અક્ષરનો કે સ્વરૂપનો દાસ હોતો નથી. એ ખ્યાલને ચાહે છે અને ખ્યાલની ભીતરમાં રહેલા આત્મતત્ત્વની એ સેવા કરે છે.

જ્યારે મનુષ્ય પોતાના વ્યકિતત્વમાં આદર્શવાદી અને વ્યવહારવાદી, મૌલિક પ્રતિભાયુકત આત્મા અને કાર્યવાહક શકિતનો સમન્વય કરે છે ત્યારે એ પૂર્ણતાની સમીપ પહોંચે છે. મહાન કાર્યવાહક વ્યકિતત્વો સામાન્ય રીતે ગણનાપાત્ર આદર્શવાદી હોય છે, અમુક વ્યકિતઓએ ખરેખર આદર્શ કરતાં હેતુને સાકાર કર્યો છે. જે ખ્યાલે તેમની પ્રવૃત્તિને વેગ આપ્યો અને માર્ગદર્શન આપ્યું તેમાં તેમણે તેના પ્રેરણાદાયી અને મૌલિક પાસા કરતાં કાર્યવાહી પાસા તરફ તેમણે પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે. તેમણે સ્વયં વિચાર કરતાં તેની સાથે સંલગ્ન રુચિ, વાસના અને સંવેગને પોતાનાં પ્રેરકબળ તરીકે શોધ્યાં છે. અન્ય વ્યકિતઓએ સભાનપણે નૈતિક ધ્યેય અથવા એક જ મહાન વિચારને સાકાર કર્યો છે અને પોતાના જીવનમાં ક્રિયાન્વિત કરવા કામ ઉઠાવ્યો છે પરંતુ સિદ્ધિના અત્યંત અસાધારણ બળની પ્રકૃતિ દ્વારા જે મહાન કર્મવીરોને બક્ષિસ મળી છે તેઓ આ સક્રિય શકિતમાં જે વ્યવહારુ પ્રયોજન સાથે મૌલિક ખ્યાલની અમાપ ગતિ સંલગ્ન થઈ છે તેના ઋણી છે. તેઓ મહાન વહીવટી

વિચારકો અને મહાન વ્યવહારુ તથા કલ્પનાશીલ વ્યક્તિઓ હોય છે. નેપોલીઅન અને ઍલેક્ઝાંડર આવી વ્યક્તિઓ હતી. સિદ્ધાંતકારો અને કલ્પનાશીલ માણસો વિરુદ્ધ નેપોલીઅનને ઉત્કટ પૂર્વગ્રહ હતો છતાં એ પોતે પ્રચંડ કલ્પનાશીલ અને નિરુપાય અજાગૃત રીતે સિદ્ધાંતકાર હતો. તેનું સભર મગજ તેના વિરાટકાય સામર્થ્ય અને સિદ્ધિનું કારણ હતું. ઍલેક્ઝાંડરના અવ્યવસ્થિત છતાં વિપુલ વિચારો નગરો અને સંસ્કૃતિઓના વિજયના સ્વરૂપે બહાર આવ્યા. એ વિચારોએ ગ્રીસ અને એશિયા વચ્ચે સંકુચિત દીવાલો અને પૂર્વગ્રહના અંતરાયોને તોડી નાખ્યા અને સંસ્કૃતિ તથા આત્મ-વિનિમયનો યુગ સર્જ્યો.

પરંતુ માનવજાતિને જે અત્યંત જરૂરી છે એ સંમિશ્રણ આ મહાન વ્યક્તિત્વોમાં જોવા મળતું નથી. વિચારોથી દોરાતા કર્તવ્યનિષ્ઠ માણસ નહિ, આદર્શવાદી કે પ્રકૃતિની રહસ્યમય બાજુથી અર્ધજાગૃતપણે ઉચ્ચ સ્થિતિસ્થાન પામેલા વ્યવહારવાદી નહિ, પરંતુ એવા ઋષિ જે પોતાના દર્શનને વ્યવહારમાં મૂર્ત કરી શકે એવા ઋષિ માનવ શક્તિ અને જ્ઞાનનું ઉચ્ચતર પદ છે. કર્તવ્યનિષ્ઠ વ્યવહારવાદી પોતાની આધારશીલા પ્રકૃતિના તત્ત્વમાં લે છે. આ પ્રકૃતિમાંથી કાર્યવાહક બળ મેળવે છે અને તેથી જ્યારે એ અન્યને સફળતાપૂર્વક દોરે છે ત્યારે પણ એ દોરતો નથી પરંતુ પ્રકૃતિથી દોરાય છે. બીજી તરફ ઋષિ પોતાની આધારશીલા પુરુષતત્ત્વમાં લે છે. પુરુષતત્ત્વ જ્ઞાતા છે જે કાર્યવાહક બળને નિયંત્રિત કરે છે અને જે શક્તિનો ઉપયોગ કરે છે તેને એ ધારણ કરે છે. દિવ્ય ઋષિ-સંકલ્પ જે સર્જન કરે છે અને વિશ્વને નિયંત્રિત કરે છે એ પ્રકારને આ વ્યક્તિ વધુ નજીક આવતી જોવા મળે છે. પરંતુ આવું સંમિશ્રણ જવલ્લે જ જોવા મળે છે અને એ મુશ્કેલ હોય છે. કારણ કે આદર્શને ગ્રહણ કરવા માટે માનવ આત્માને દૃશ્યતમના જગતના નકાર, તેની પામરતા અને મર્યાદાઓમાંથી દૂર ખસવું પડે છે અને તેને લીધે સ્વભાવ તથા મનોવલણ જડતત્ત્વ અને જીવનના સઘન દૃશ્યતત્ત્વ પર કાર્યવાહક બનવામાં કૌશલ્યહીન થઈ જાય છે. આદર્શવાદી માટે પણ આદર્શવાદ મહાન ઊંડાઈ કે શક્તિશાળી હોતો નથી અને વાસ્તવિક જીવનના વાતાવરણ સાથે સહેલાઈથી પોતાની જાતને અનુકૂળ બનાવી શકે તો જ આદર્શવાદી ચિત્તને તમનું પ્રભુત્વ સાધારણ રીતે શક્ય છે.

જ્યાં સુધી આ મુશ્કેલીને દૂર કરી શકાય નહિ અને ઋષિ-સંકલ્પ મનુષ્યમાં વધુ ને વધુ દૃઢીભૂત બને નહિ અને જીવન પર સ્વામિત્વ પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી આદર્શને કાર્યાન્વિત બનવામાં ગેરફાયદો રહે છે. એવો આદર્શ હઠીલા જગત પર વારંવાર આક્રમણ અને અચાનક વિપ્લવો દ્વારા મૂક દબાણ લાવે છે. આને લીધે લાંબા ગાળામાં અલ્પ જ સિદ્ધ થાય છે અથવા મહાન

અને ત્વરિત પ્રયાસથી જે સિદ્ધિ હાંસલ કરવાની છે અને તે માટે પુરુષાર્થ કરવાનો છે તેની તુલનામાં તદ્દન દીન, કનિષ્ઠ અને કઠોર પ્રાપ્ત થાય છે. આમ છતાં વારંવાર સ્થિરતા અને પ્રત્યાઘાતના તબક્કા પછી વધુ આગળ ધપવામાં આવે છે. અને એવો વખત આવે છે જ્યારે પ્રચંડ પુરુષાર્થ અને પહેલના તબક્કાઓ જણાય છે. આ પ્રમાદી, સુસ્ત અને છૂટીછવાઈ પ્રવૃત્તિથી દેવોને કોઈ સંતોષ થતો નથી, ભૌતિક વ્યવહારુ જીવનની નીરસ દીવાલોને આદર્શ સતતપણે તોડે છે, તેના ક્ષેત્રમાં અગણિત પરિબળો અને શક્તિઓ સંઘર્ષમાં આવે છે, જગતના રંગમંચ પર અનેક વિચારો મળે છે અને એકબીજા સાથે કુસ્તી કરે છે અને સતત વિગ્રહ અને વીજળીના ચમકારાથી, પ્રકાશ અને બળના આક્રમણ અને બંડખોરીથી વિજયી રીતે પરિપૂર્ણ થતા આદર્શની શક્યતા, પયગંબરના આગમનની આશા અને અવતારની અપેક્ષા મનુષ્યોના વિચારો અને હૃદયનો કબજો જમાવે છે. જગત પર હવે આવો યુગ આવતો જણાય છે. પરંતુ આ આશા, અપેક્ષા અને શક્યતા કંઈ સાકાર બનાવે છે કે નહિ તેનો આધાર પોતાનાં શ્રદ્ધા, વિચાર અને જીવનને આ સ્પષ્ટ સુરેખ આદર્શની શુદ્ધિની ઊંચાઈએ પહોંચાડવાના પ્રયાસમાં ઉદય અને ઉત્થાન માટે આત્માને તૈયાર કરે છે કે નહિ તે પર છે. આપણા અર્ધાંધ કાર્યોની ભીતરમાં જે દિવ્ય અર્થ રહ્યો છે તેને પ્રગટ કરવા દિવ્ય ઋષિ-સંકલ્પ માનવ ચેતનામાં અવતરણ પામે છે અને દર્શનની સાથે ગૌરવશીલ સંકલ્પનું પ્રદાન કરવું—જે સંકલ્પ દર્શનને અનુરૂપ કાર્યને પ્રયોજિત કરે છે, આદર્શબળ છે, જે દર્શનને વફાદાર રહે છે અને કાર્ય પાર પાડે છે—એ જ પયગંબર અથવા અવતાર છે એ સિવાય તેનો કોઈ અન્ય અર્થ નથી.